આસન્નોપકારી, અશરણશરણ, પતિતપાવન,
દેવેન્દ્રવંદિત, સર્વજ્ઞભગવંત, શાસનપતિ, ચરમતીર્થંકર
પરમકૃપાળુ પરમાત્મા
મહાવીરદેવના ચરણોમાં
અનંત અનંત અનંતશઃ વંદનાવલિ.

રઘુનાથ શિરોમણીકૃતદીધિતિ સમન્વિત,
જગદીશતર્કાલંકારકૃત જાગદીશીટીકાસમન્વિત

# સિદ્ધાન્તલક્ષણ

ચન્દ્રશેખરીયા નામની સંસ્કૃત ટીકા અને ગુજરાતી વિવેચન સહિત

ભાગ-૨

: પ્રેરક :

પં. ચન્દ્રશેખરવિજયજી

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશક :**
**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન
૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,
રીલિફ રોડ, અમદાવાદ-૧
ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**પ્રેરક-પરિચય :**
સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**

આવૃત્તિ :
પ્રથમ સંસ્કરણ નકલ : ૧૦૦૦
તા. ૬-૧૦-૨૦૦૪, વિ. સં. ૨૦૬૦

**મૂલ્ય : રૂા. ૭૫-૦૦**

**ટાઈપસેટિંગ :**
**અરિહંત ગ્રાફિક્સ**
ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ.

***મુદ્રક :***
***નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ***
ઘીકાંટા, અમદાવાદ-૧.

સૌજન્ય

# શ્રી મહાવીરનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

ઝવેરી સડક,
નવસારી - ૩૯૬૪૪૫

પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબની પ્રેરણાને ઝીલીને હવે...

# દેશ વિદેશમાં પર્વાધિરાજ પર્યુષણની આરાધના કરાવવા માટે યુવાનોની સાથે તપોવનીઓ સુસજ્જ

**જૈન સંઘના અગ્રણી માનનીય ટ્રસ્ટીવર્યો !**

**આપના ગામ કે નગરમાં જો પર્વાધિરાજ પર્યુષણપર્વની આરાધના કરાવવા માટે પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો તે માટે**

## અમારા યુવાનો તથા તપોવની બાળકોને દર વર્ષે જરૂરથી બોલાવજો.

### આ યુવાનો તથા તપોવનીઓ આપના જૈન સંઘમાં

(૧) અષ્ટાહ્નિકા તથા કલ્પસૂત્રની પ્રતનું સુંદર વાંચન કરશે.

(૨) રાત્રે પરમાત્મભક્તિમાં બધાને રસતરબોળ કરી દેશે.

(૩) બન્ને ટાઈમના પ્રતિક્રમણ વિધિ-શુદ્ધિપૂર્વક કરાવશે.

(૪) શ્રીસંઘના ઉલ્લાસ પ્રમાણે રસપ્રદ વિવિધ પ્રવૃત્તિઓ કરાવશે.

**જો આપના સંઘમાં સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો જ નીચેના સરનામેથી ફોર્મ મંગાવીને ભરીને અમને મોકલી આપો.**

### નમ્ર સૂચન

આરાધના કરાવવા આવનારને ગાડીભાડું વગેરે શ્રી સંઘે બહુમાનરૂપે આપવાનું રહેશે.

### ફોર્મ ભરીને મોકલવાનું સરનામું

પર્યુષણ વિભાગ : સંચાલક શ્રી
શ્રીયુત લલિતભાઈ ધામી / રાજુભાઈ
C/o. તપોવન સંસ્કારપીઠ
મુ. અમીયાપુર, પોસ્ટ : સુઘડ
ગાંધીનગર - ૩૮૨૪૨૪.
ફોન : ૦૭૯-૩૨૭૬૨૭૩

# સિદ્ધાન્ત લક્ષણ ચન્દ્રશેખરીયા નામની ટીકા

**जागदीशी** – अत्र नव्याः,–"यथाश्रुतस्य' प्रागुक्तक्रमेण प्रतियोगिव्यधिकरणाभावस्याप्रसिद्धया 'वह्निमान् धूमा' दित्यादौ सर्वत्रासम्भवः स्यात् ।

अतो–यत्किञ्चित्स्वप्रतियोगित्वं यादृशसम्बन्धावच्छिन्नं तादृशसम्बन्धेन–स्वप्रतियोगितावच्छेदकावच्छिन्नसामान्यानधिकरणं यत् साधनाधिकरणं,–तन्निष्ठाभावस्य साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्न-प्रतियोगितानवच्छेदकत्वमेव लक्षणे ( साध्यतावच्छेदके ) प्रवेशनीयम्; –

तथा च सद्धेतुस्थल इव 'द्रव्यत्वाभाववान् सत्त्वा'दित्यत्रापि संयोगेन घटाद्यभाव एव प्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिव्यधिकरणः,

तदीयं ( हि ) घटनिष्ठप्रतियोगित्वं यादृशसंयोगसम्बन्धेनावच्छिन्नं तादृश-संयोगसम्बन्धसामान्येन साधनवतो द्रव्यस्य तदीयप्रतियोगितावच्छेदकावच्छिन्न-सामान्याधिकरणत्वमक्षतमेव ।

न चैवमपि तदीयस्य साध्यतावच्छेदकीभूतस्वरूपसम्बन्धावच्छिन्न प्रतियोगित्वस्याप्रसिद्धया न दोषसङ्गतिः, पूर्वक्षणवृत्तित्वादिविशिष्ट( स्य ) घटाद्यभावस्याभावे एव तत्प्रसिद्धेः"–इत्याहुः ।

---

**चन्द्रशेखरीया** : अत्र नव्याः यदि हि "स्वप्रतियोगितावच्छेदकावच्छिन्न-प्रतियोगि-सामान्यानधिकरण-हेत्वधिकरणवृतिरभावः" इत्येव उच्यते, तदा तु **वह्निमान् धूमात्** इत्यादि सर्वत्रैव अव्याप्तिः भवेत् । यतो यदि घटाभावो लक्षणघटकत्वेन गृह्यते तदापि पर्वते पटवृत्तित्वविशिष्टस्य घटाभावस्याभावो घटाभावप्रतियोगिस्वरूपो विद्यते एव । अतः "पर्वतः न प्रतियोगिसामान्यानधिकरणः" इत्यादि भवदुक्तरीत्यैव न कोऽपि अभावो लक्षणघटको भविष्यति । तथा चाव्याप्तिरेव । अतः तत्र परिष्कारः कर्तव्य एव । स चायम् – **यत्किंचित्स्वप्रतियोगिता यादृशसम्बन्धावच्छिन्ना, तादृशसम्बन्धेन स्वप्रतियोगितावच्छेदका-वच्छिन्नसामान्यानधिकरणं यत् हेत्वधिकरणं, तन्निष्ठाभावस्य साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रति-योगितानवच्छेदकत्वं साध्यतावच्छेदके इति** । अस्य अयमर्थः । योऽभावः लक्षणघटकत्वेन ग्रहीतुं इष्यते। तस्य कापि प्रतियोगिता ग्राह्या । सा यादृशसम्बन्धावच्छिन्ना भवति, तेन सम्बन्धेन तस्याभावस्य सर्वेषां प्रतियोगिनां सर्वप्रतियोगितावच्छेदकावच्छिन्नरूपाणां अनधिकरणं यत् हेत्वधिकरणं, तन्निष्ठस्य तादृशाभावस्य साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्ना या काऽपि प्रतियोगिता, तदनवच्छेदकं साध्यतावच्छेदकं इति । तथाच अव्याप्तिः न भवति । घटाभावस्य यत्किंचित्प्रतियोगिता घटनिष्ठा ग्राह्या, सा च संयोगावच्छिन्ना । तेन संयोगेन सम्बन्धेन घटाभावस्य सर्वेऽपि प्रतियोगिनः "घटाः पटवृत्तित्वविशिष्ट-घटाभावाभावश्च" हेत्वधिकरणे न वर्तन्ते। यतो घटाः संयोगेन पर्वते न सन्ति, विशिष्टघटाभावाभावश्च स्वरुपेणैव वर्तते । अतः तस्य संयोगेन कुत्रापि अर्वतमानत्वात् स पर्वतेऽपि नास्ति । इत्थं च संयोगेन सर्वप्रतियोग्यनधिकरणं हेत्वधिकरणं पर्वतः, तस्मिन् स

एव घटाभावः, तस्य या घटीया संयोगावच्छिन्ना प्रतियोगिता, तदनवच्छेदकं वह्नित्वं इति लक्षणसमन्वयः । **द्रव्यत्वाभाववान् सत्वात्** इति अत्र तु साध्याभावो न लक्षणघटको भवति । यतो द्रव्यत्वाभावाभावस्य प्रतियोगी द्रव्यत्वाभावो नित्यवृत्तित्वविशिष्टस्य द्रव्यत्वस्य अभावश्च । तत्र यदि द्रव्यत्वाभावीया प्रतियोगिता गृह्यते, तदा सा तु स्वरूपावच्छिन्ना, तेन स्वरूपसम्बन्धेन नित्यवृत्तित्वविशिष्टद्रव्यत्वस्याभावः प्रतियोगिस्वरूपो हेत्वधिकरणे घटादौ वर्तते एव इति हेत्वधिकरणं न द्रव्यत्वाभावाभावप्रतियोगिसामान्यानधिकरणं । यदि च विशिष्टद्रव्यत्वाभावनिष्ठा प्रतियोगिता गृह्यते तदा साऽपि स्वरूपावच्छिन्ना । तेन सम्बन्धेन हेत्वधिकरणे घटे विशिष्टद्रव्यत्वाभावो वर्तते । अतो न केनापि प्रकारेण द्रव्यत्वाभावाभावो लक्षणघटको भवति । तथा च पूर्वोक्तरीत्या घटाभावस्यैवात्रापि लक्षणघटकत्वात् लक्षणसमन्वयो भवति । एवं चातिव्याप्तिः दुर्वारा । **न च** लक्षणघटकस्य घटाभावस्य प्रतियोगिता न साध्यतावच्छेदकस्वरूपावच्छिन्नाऽपि तु संयोगावच्छिन्ना । तथा चात्र साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्न-प्रतियोगितायाः लक्षणघटकस्वरूपायाः अप्रसिद्धत्वात् लक्षणसमन्वयो न भवति इति नातिव्याप्तिरिति**वाच्यम्** यतो लक्षणघटकस्य या काऽपि प्रतियोगिताऽस्माभिर्विवक्षिता । अतो घटाभावस्य पटवृत्तित्वविशिष्टघटाभावा-भावात्मकप्रतियोगिनिष्ठा प्रतियोगिता साध्यतावच्छेदकस्वरूपावच्छिन्नैव, तत्प्रतियोगितानवच्छेदकं द्रव्यत्वाभावत्वं इति लक्षणघटनात् भवत्येवातिव्याप्तिः । एवं पूर्वक्षणवृतित्वविशिष्ट घटाभावस्याभावरूपे प्रतियोगिनि विद्यमाना प्रतियोगिताऽपि शक्यते ग्रहीतुं इति ध्येयम् । **नच** विशिष्टघटाभावाभावस्य विशिष्टघटस्वरूपत्वात् तन्निष्ठा प्रतियोगिता संयोगावच्छिन्नैव, न तु स्वरूपावच्छिन्ना । तथा च कथं सा लक्षणघटकत्वेन ग्रहीतुं शक्या इति **वाच्यम्** । तादृशविशिष्टघटाभावाभावस्य प्रतियोगितायाः स्वरूपावच्छिन्नत्वमेव स्वीकृतं इति न दोषः इति **वदन्ति** । एवं तावत् नवीनानामभिप्रायः प्रतिपादितः ।

**ચન્દ્રશેખરીયા : નવીનો :** પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન તમામે તમામ પ્રતિયોગીઓનું અનધિકરણ એવું હેત્વધિકરણ અને તેમાં રહેલો તે અભાવ....' એ રીતનું જ જો લક્ષણ માનીએ, તો તો તમે જેમ કહ્યું કે, ઘટાભાવાદિ એ સ્વાશ્રયપર્વતાદિવૃત્તિત્વવિશિષ્ટ તરીકે તો ગુણાદિમાં મળવાના નથી. એટલે એ ગુણાદિમાં વિશિષ્ટઘટાભાવાભાવ રૂપ પ્રતિયોગી જ રહી જાય. અને એ રીતે કોઈ પણ સ્થાને કોઈ પણ અભાવના તમામે તમામ પ્રતિયોગીના અનધિકરણ એવા હેત્વધિકરણમાં તે અભાવ.... એ મળે જ નહીં. અને તો પછી **વહ્નિમાન ધૂમાત્** સ્થળે પણ અવ્યાપ્તિ આવવાની જ. અહીં હેત્વધિકરણવૃત્તિ એવો અભાવ લેવાનો છે અને એ હેત્વધિકરણ એ તે અભાવના તમામ પ્રતિયોગીનું અનધિકરણ લેવાનું છે. એનો અર્થ એ કે અભાવ એ સ્વપ્રતિયોગી-અનધિકરણવૃત્તિ = પ્રતિયોગીવ્યધિકરણ લેવાનો છે. એટલે જ અહીં જાગદીશીમાં 'પ્રતિયોગીવ્યધિકરણાભાવની અપ્રસિદ્ધિ' એમ લખેલ છે. જેનો અર્થ તો એ જ કે, હેત્વધિકરણ એ સ્વવૃત્તિ-અભાવના તમામે તમામ પ્રતિયોગીઓનું અનધિકરણ બની શકતો જ નથી. માટે અવ્યાપ્તિ આવે. તે નિવારવા માટે એમ કહેવું પડશે કે, "અભાવની કોઈપણ એક પ્રતિયોગિતા લેવાની અને તે જેવા સંબંધથી અવચ્છિન્ન હોય તેવા સંબંધથી તે અભાવની પ્રતિયોગિતાના અવચ્છેદક ધર્મથી અવચ્છિન્ન પ્રતિયોગીઓ એ હેત્વધિકરણમાં ન રહેલા હોવા જોઈએ. જો એવું મળી જાય, તો એ અભાવ લક્ષણઘટક બને. અને તે અભાવની સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતાનો અનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક મળવો જોઈએ." આમ કરવાથી વાંધો ન આવે. કેમકે, હેત્વધિકરણપર્વતમાં સંયોગેન ઘટાભાવ છે. આ અભાવના પ્રતિયોગી ઘટ + સરોવર વૃત્તિત્વવિશિષ્ટ એવા ઘટાભાવનો અભાવ પણ છે. વિ.ઘટાભાવાભાવ એ ઘટાભાવ + ઘટાભાવાભાવાભાવનો

પ્રતિયોગી બને છે. અને તે વિ.ઘટાભાવાભાવ રૂપ પ્રતિયોગી પર્વતમાં રહેલો જ છે, કેમકે પર્વતમાં સરોવરવૃત્તિત્વવિશિષ્ટ એવો ઘટાભાવ નથી જ રહેતો. છતાંય આ ઘટાભાવનો પ્રતિયોગી ઘટ પણ છે. અને યત્કિંચિત્પ્રતિયોગિતા તરીકે આ ઘટમાં રહેલી પ્રતિયોગિતા લેવાય. અને એ સંયોગત્વવિશિષ્ટસંયોગાવચ્છિન્ન છે. તો એ સંયોગત્વાવચ્છિન્નસંયોગસંબંધથી તો તે ઘટાભાવીય-ઘટનિષ્ઠપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વાવચ્છિન્ન તમામે તમામ ઘટોનું અનધિકરણ હેત્વધિકરણ બને જ છે. અને એ ઘટાભાવના પ્રતિયોગી ભલેને વિશિ. ઘટાભાવાભાવ બને. પણ એ તો સંયોગસંબંધથી રહેતા જ નથી. એટલે સંયોગસંબંધથી તો પર્વતમાં ઘટાભાવના પ્રતિયોગીઓનો અભાવ જ છે. આમ ઘટાભાવ મળી ગયો અને તેની પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદક સંયોગાવચ્છિન્ન પણ છે. અને તે પ્રતિયોગિતાનો અનવચ્છેદક વહ્નિત્વ બની જતા લક્ષણ ઘટી જાય. (અહીં આ વિવક્ષામાં પદકૃત્ય કરતા નથી. યાદૃશસંબંધ-વગેરે શા માટે લખ્યું છે? એ જાતે સમજી લેવું અથવા તો આગળ આવશે.) આમ વહ્નિસાધ્યકસ્થલે અવ્યાપ્તિ દૂર કરવા માટે તો બધાએ આ વિવક્ષા માન્ય રાખવી જ પડવાની. અને આ અનુસારે પછી "**દ્રવ્યત્વાભાવવાન્ સત્વાત્**" ત્યાં પણ અતિવ્યાપ્તિ આવશે. ત્યાં "સંયોગેન ઘટાભાવ" જ લક્ષણઘટક બનશે. સત્તાધિકરણ એવા પર્વતમાં ઘટાભાવ છે. ઘટાભાવની સંયોગાવચ્છિન્ન એવી ઘટીયપ્રતિયોગિતા લઈએ તો એ સંયોગસંબંધથી ઘટાભાવના તમામ પ્રતિયોગીઓનું અનધિકરણ પર્વત બની જતા ઘટાભાવ જ લક્ષણઘટક બનતા અતિવ્યાપ્તિ આવવાની. અહીં, સાધ્યાભાવ લક્ષણઘટક બને કે નહીં ? એ વિચારીએ. દ્રવ્યત્વાભાવાભાવની પ્રતિયોગિતા દ્રવ્યત્વાભાવમાં છે અને નિત્યત્વવિશિષ્ટ દ્રવ્યત્વાભાવમાં પણ છે. આમાં દ્રવ્યત્વાભાવમાં રહેલી પ્રતિયોગિતા એ સ્વરૂપાવચ્છિન્ન છે. તો દ્રવ્યત્વાભાવાભાવનો પ્રતિયોગી દ્રવ્યત્વાભાવ એ ભલે સત્તાધિકરણ દ્રવ્યમાં ન મળે. પણ વિશિષ્ટદ્રવ્યત્વાભાવરૂપ પ્રતિયોગી તો ઘટદ્રવ્યમાં સ્વરૂપથી છે જ. એટલે અહીં દ્રવ્યત્વાભાવાભાવના તમામ પ્રતિયોગીઓનું સ્વરૂપથી અનધિકરણ એવું હેત્વધિકરણ ઘટાદિ બનતું નથી. માટે દ્રવ્યત્વાભાવાભાવ લક્ષણઘટક બની શકવાનો નથી. હવે જો દ્રવ્યત્વાભાવાભાવની વિશિષ્ટ દ્રવ્યત્વાભાવ નિષ્ઠ પ્રતિયોગિતા યત્કિંચિત તરીકે લો તો એ પણ સ્વરૂપાવચ્છિન્ન છે. અને એ જ સ્વરૂપથી તો હેત્વધિકરણ ઘટદ્રવ્યમાં વિશિષ્ટ દ્રવ્યત્વાભાવ રહેલો જ છે. આમ એ પ્રતિયોગિતા લો તો પણ દ્રવ્યત્વાભાવાભાવ લક્ષણઘટક બનતો નથી. ખ્યાલ રાખવો કે હેત્વધિકરણ ગુણાદિ બને ખરા, પણ તેઓમાં સાધ્યાભાવ=દ્રવ્યત્વાભાવાભાવ જ ન રહેતો હોવાથી એમને લઈ શકાયા નથી. કેમકે જે અભાવને લેવો હોય, તે હેત્વધિકરણવૃત્તિ જ લેવો પડે. અને દ્રવ્યત્વાભાવાભાવ=દ્રવ્યત્વ તો ગુણમાં રહેવાનું જ નથી. માટે તે ન લેવાય. અને ઘટાદિદ્રવ્યો જ લેવાય. પણ તેઓ બધા જ વિશિષ્ટદ્રવ્યત્વાભાવના અધિકરણ જ બનવાના. ઘટાદિમાં નિત્યત્વવિશિષ્ટદ્રવ્યત્વનો અભાવ અને આકાશાદિમાં અનિત્યત્વવિશિષ્ટદ્રવ્યત્વનો અભાવ જ મળવાનો. એટલે સાધ્યાભાવ લક્ષણઘટક ન બનતા અતિવ્યાપ્તિ બીજા અભાવને લઈને આવે જ છે. અહીં એ પણ ખ્યાલ રાખવો કે,"પહેલાં કોઈપણ એકાદ પ્રતિયોગિતા લેવાની કહી છે, પણ પછી તે પ્રતિયોગિતાના અવચ્છેદકસંબંધથી હેત્વધિકરણમાં જે પ્રતિયોગીઓનો અભાવ રાખવાનો છે, તે તો તમામે તમામ પ્રતિયોગીઓનો અભાવ લેવાનો છે." જેમકે, ધૂમાધિકરણ પર્વતમાં સંયોગથી ઘટો પણ નથી રહેતા અને વિશિષ્ટઘટાભાવાભાવ પણ નથી રહેતા. કેમકે વિશિષ્ટઘટાભાવાભાવ=ઘટાભાવપ્રતિયોગી એ સંયોગથી કશે રહેતું જ નથી. આ રીતે બધું વિચારવું.

**પ્રશ્ન :** તમે "દ્રવ્યત્વાભાવવાન્" સ્થાને ઘટાભાવને લક્ષણઘટક બનાવ્યો. પરંતુ એની ઘટનિષ્ઠા પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદકસંબંધ-સ્વરૂપાવચ્છિન્ન પ્રસિદ્ધ જ ન હોવાથી લક્ષણસમન્વય નહીં થાય. કેમકે લક્ષણઘટક

અભાવની સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતા જ લેવાની છે જે અહીં તો મળતી નથી.

**નવીનો :** પૂર્વક્ષણવૃત્તિત્વાદિવિશિષ્ટ એવા ઘટાભાવનો અભાવ એ પણ પોતે ઘટાભાવનો પ્રતિયોગી છે. અને એ સ્વરૂપથી જ રહે છે. એટલે આ **વિશિષ્ટ ઘટાભાવાભાવમાં**=ઘટાભાવપ્રતિયોગીમાં રહેલી પ્રતિયોગિતા એ સ્વરૂપાવચ્છિન્ન મળી જ જાય છે. અને તેનો અનવચ્છેદક દ્રવ્યત્વાભાવત્વ મળી જતાં લક્ષણ ઘટી જાય છે.

**પ્રશ્ન :** વિશિષ્ટઘટાભાવાભાવ એ જો વિશિષ્ટઘટ સ્વરૂપ જ હોય. તો પછી તેની પ્રતિયોગિતા તો સંયોગાવચ્છિન્ન જ બને ને ?

**નવીનો :** ના, એ પ્રતિયોગી સ્વરૂપથી જ રહેનારો મનાય છે. અને માટે વિશિષ્ટાભાવાભાવમાં રહેલી પ્રતિયોગિતા સ્વરૂપાવચ્છિન્ન જ બને. દ્રવ્યત્વાભાવાભાવના તો પ્રતિયોગીઓ "દ્રવ્યત્વાભાવ+વિ.દ્રવ્યત્વાભાવ +વિ.દ્રવ્યત્વાભાવાભાવાભાવ" એ બધાં સ્વરૂપથી જ રહેવાના છે. એટલે ત્યાં હેત્વધિકરણમાં સ્વરૂપથી વિ.દ્રવ્યત્વાભાવ મળી જતાં સાધ્યાભાવ લક્ષણઘટક ન બને. જ્યારે ઘટાભાવનો એક પ્રતિયોગી-ઘટ સંયોગથી અને બીજો પ્રતિયોગી વિ.ઘટાભાવાભાવ સ્વરૂપથી રહે છે. અને તેમાં ઘટીયપ્રતિયોગિતા લઈને ઘટાભાવ લક્ષણઘટક બની જાય. અને પછી વિ. ઘટાભાવાભાવની સ્વરૂપાવચ્છિન્ન પ્રતિયોગિતા મળી જાય. એટલે અતિવ્યાપ્તિ આવી શકે છે.

અહીં સ્પષ્ટતા ખાતર ફરી એકવાર અર્થ લખું છું.

"જે અભાવલક્ષણઘટક બનાવવો હોય, તે અભાવની કોઈપણ એક પ્રતિયોગિતા લેવાની અને તે યાદશસંબંધથી અવચ્છિન્ન હોય તાદશસંબંધથી આ અભાવના તમામે તમામ પ્રતિયોગીઓનું અનધિકરણ એવું હેત્વધિકરણ લેવાનું. તેમાં રહેલ તે અભાવની કોઈપણ પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્ન મળવી જોઈએ. અને તે પ્રતિયોગિતાનો અનવચ્છેદક સાધ્યતાવચ્છેદક ધર્મ બનવો જોઈએ." આ ઉપરનો સાર છે.

---

**जागदीशी"–स्वावच्छेदकसम्बन्धावच्छिन्न ( स्वनिरुपकाभाव ) प्रतियोगि-सामान्यानधिकरणीभूत-हेत्वधिकरण-वृत्त्यभाव-प्रतियोगितासामान्ये,–**

**'यत्सम्बन्धावच्छिन्नत्व-यद्धर्मावच्छिन्नत्वोभयाभाव' इत्यग्रिमलक्षणाभिप्रायेणेदं, संयोगेन घटाद्यभावस्यैव प्रतियोगिवैयधिकरण्य-सौलभ्या'दित्यपि–" वदन्ति ।**

---

**चन्द्रशेखरीया : अन्ये तु** अत्रैव ग्रन्थेऽग्रे अनन्तरमेव इदं लक्षणं निरूपयिष्यते । तथा हि स्वावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगि-सामान्यानधिकरणीभूत-हेत्वधिकरणवृत्यभावप्रतियोगितासामान्ये यत्साध्यतावच्छेदक-सम्बन्धावच्छिन्नत्व-यत्साध्यतावच्छेदकधर्मावच्छिन्नत्वोभयाभावः, तत्सम्बन्धतत्धर्मावच्छिन्नं साध्यं व्यापकं, तस्यैव व्याप्तिः हेतौ वर्तते । यथा **'वह्निमान् धूमात्'** इति अत्र घटाभावस्य घटनिष्ठा प्रतियोगिता स्वपदेन ग्राह्या । तदवच्छेदकः संयोगसम्बन्धः, तदवच्छिन्नाः ये प्रतियोगिनः सर्वेऽपि घटाः, तेषामनधिकरणं यत् हेत्वधिकरणं पर्वतः, तद्वृत्तिघटाभावस्य तादृशप्रतियोगितायां संयोगावच्छिन्नत्वस्य सत्वेऽपि वह्नित्वावच्छिन्नत्वाभावात् उभयाभावो मीलितः । अतो वह्नित्वावच्छिन्नो वह्निः संयोगेन धूमव्यापको भवति ।

**'द्रव्यत्वाभाववान् सत्वात्'** इति अत्र तु साध्याभावो न लक्षणघटकः । यतो द्रव्यत्वाभावाभावस्य द्रव्यत्वाभावनिष्ठायाः नित्यवृत्तित्वविशिष्टद्रव्यत्वाभावाभावाभावनिष्ठायाः वा प्रतियोगितायाः अवच्छेदकः सम्बन्धः स्वरूप एव । तेन सम्बन्धेन नित्यवृत्तित्वविशिष्ट-द्रव्यत्वस्याभावः प्रतियोगिरूपो हेत्वधिकरणे घटे वर्तते । यदि सत्ताधिकरणं गगनं गृह्यते । तदा तत्रापि अनित्यघटादिवृत्तित्वविशिष्टद्रव्यत्वस्याभावो द्रव्यत्वाभावाभावप्रतियोगिरूपो विद्यत एव इति अत्र किमपि हेत्वधिकरणं साध्याभावप्रतियोगिसामान्यानधिकरणं न भवति । अतो न साध्याभावो लक्षणघटकः । अतः अनन्तरोक्तप्रतिपादितरीत्या संयोगेन घटाभाव एव लक्षणघटको भवति । तदीयप्रतियोगितावच्छेदकसंयोगावच्छिन्नघटसामान्यानधिकरणं हेत्वधिकरणं पर्वतादिः, तन्निष्ठघटाभावस्य तादृशप्रतियोगितायां स्वरूपावच्छिन्नत्व-द्रव्यत्वाभावत्वावच्छिन्नत्वोभयाभावसत्वात् द्रव्यत्वाभावः स्वरूपसम्बन्धेन सत्ताव्यापको भवति, तथा चातिव्याप्तिः भवत्येव इति **प्रतिपादयन्ति** ।

"अग्रिमलक्षणानुसारेणात्र लक्षणघटकाभावप्रसिद्धिकरणं नोचितं" इति अभिप्रायेणैव अत्र जगदीशेन "वदन्ति" पदेनास्वरसः सूचितः । इत्थं च प्रतियोगितावच्छेदकावच्छिन्न-सामान्यानधिकरणत्वघटित लक्षणस्वीकारेऽत्रातिव्याप्तिः भवति इति पूर्वपक्षेण प्रतिपादितं । पूर्वपक्षस्याभिप्रायो नव्यादिकैः प्रकटीकृतः ।

अत्राह पूर्वपक्षं प्रति कश्चित् - एवं तर्हि यत्किञ्चित्प्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणं हेत्वधिकरणं इति तृतीयो विकल्प एव ग्राह्यः । द्रव्यत्वाभावाभावस्य द्रव्यत्वाभावनिष्ठा प्रतियोगिता यत्किञ्चित्प्रतियोगितापदेन गृह्यते, तदवच्छेदकं द्रव्यत्वाभावत्वं, तदवच्छिन्नः द्रव्यत्वाभावः एव, न तु नित्यादिवृत्तित्वविशिष्टरूप द्रव्यत्वस्याभावः, तस्य द्रव्यत्वाभावस्यानधिकरणमेव हेत्वधिकरणं घटादिः, तस्मिन् द्रव्यत्वाभावाभावः, तत्प्रतियोगितावच्छेदकमेव द्रव्यत्वाभावत्वं इति नातिव्याप्तिः-इति ।

**ચન્દ્રશેખરીયા :** અહીં કેટલાકો બીજી રીતે પણ અર્થસમન્વય કરે છે. તે આ પ્રમાણે : સ્વાવચ્છેદકસંબંધાવચ્છિન્ન તમામે તમામ પ્રતિયોગીઓનું અનધિકરણ એવું હેત્વધિકરણ લેવું અને તેમાં રહેલ એ અભાવની તમામે તમામ પ્રતિયોગિતાઓમાં યત્સંબંધાવચ્છિન્નત્વ-યદ્ધર્માવચ્છિન્નત્વોભયાભાવ મળે. તત્સંબંધાવચ્છિન્ન તદ્ધર્માવચ્છિન્ન એવો સાધ્ય વ્યાપક બને. અને તેની વ્યાપ્તિ હેતુમાં મળે. અહીં યત્સંબંધ=સાધ્યતાવચ્છેદકસંબંધ, યદ્ધર્મ=સાધ્યતાવચ્છેદક ધર્મ લેવો. આવી વિવક્ષા દીધિતિકાર આગળ કરવાના જ છે અને પૂર્વપક્ષ એ જ વિવક્ષાને પકડીને આ સ્થાને અતિવ્યાપ્તિ આપે છે. હવે તે શી રીતે આવે ? તે જોઈએ.

અહીં દ્રવ્યત્વાભાવાભાવ લઈએ તો તેની દ્રવ્યત્વાભાવમાં રહેલી પ્રતિયોગિતા એ જ સ્વ તરીકે લેવાશે અને તેનો અવચ્છેદકસંબંધ સ્વરૂપ છે. હવે સ્વરૂપ સંબંધથી આ દ્રવ્યત્વાભાવાભાવના તમામે તમામ પ્રતિયોગીઓનું અનધિકરણ હેત્વધિકરણ બનવું જોઈએ. પરંતુ નિત્યત્વવિશિષ્ટદ્રવ્યત્વાભાવ તો હેત્વધિકરણ ઘટાદિમાં રહે જ છે. અનિત્યત્વવિ.દ્રવ્યત્વનો અભાવ તો હેત્વધિકરણ આકાશાદિમાં રહે જ છે. એટલે અહીં, પ્રતિયોગિસામાન્યનું સ્વરૂપસંબંધથી અનધિકરણ જ મળતું નથી. માટે દ્રવ્યત્વાભાવાભાવ લેવાશે નહીં.' હવે સંયોગથી ઘટાભાવ લઈએ તો સ્વ=ઘટીયપ્રતિયોગિતા. તેનો અવચ્છેદક સંયોગ સંબંધ. અને ઘટાભાવના પ્રતિયોગી ઘટ+વિ.ઘટાભાવાભાવ એ બધા જ હેત્વધિકરણપર્વતમાં સંયોગથી અવિદ્યમાન જ છે. ઘટ સંયોગથી પર્વતમાં નથી અને વિ. ઘટાભાવાભાવ તો સંયોગથી રહેતો જ નથી. (સરોવરવૃત્તિત્વવિશિષ્ટ એવા ઘટાભાવનો

અભાવ) એટલે પ્રતિયોગીસામાન્યનું તાદૃશસંયોગથી અનધિકરણ હેત્વધિકરણ પર્વતાદિ મળે. અને તેમાં રહેલ આ ઘટાભાવની પ્રતિયોગિતામાં સ્વરૂપાવચ્છિન્નત્વ હોય, તો પણ દ્રવ્યત્વાભાવત્વાવચ્છિન્નત્વનો તો અભાવ જ છે. એટલે ઉભયાભાવ મળી જતા "સ્વરૂપેણ દ્રવ્યત્વાભાવ" એ સત્તાને વ્યાપક બની જાય છે. આ રીતે અતિવ્યાપ્તિ આવે છે. આમ જો "પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન-પ્રતિયોગીસામાન્યનું અનધિકરણ લેવાનું હોય." તો પછી "**દ્રવ્યત્વાભાવવાન્ સત્વાત્**" આ સ્થાને અતિવ્યાપ્તિ પૂર્વપક્ષે જે આપી. તે આ દીધિતિકાર વડે આગળ કહેવાનારી વિવક્ષાને લઈને જ આપી છે એમ જાણવું. અને તેથી તે અતિવ્યાપ્તિકથન સંગત બને છે. (અહીં એ કેટલાકોનો મત પૂરો થયો.)

આ લોકોની વાત ભલે એમ ઘટી જાય પણ જો આગળનું નિરૂપણ અહીં જ અતિવ્યાપ્ત બને. તો એ નિરૂપણ જ વ્યર્થ બની જાય. અને તેની અવતરણિકા રૂપ "**ન તુ**"વગેરે ત્યાંની શંકાઓ પણ નકામી બની જાય.

**પ્રશ્ન :** આ અતિવ્યાપ્તિ નિવારવા અમે ત્રીજો વિકલ્પ લેશું કે યત્કિંચિત્પ્રતિયોગિતાવચ્છેદક-અવચ્છિન્નસામાન્યનું અનધિકરણ એવું હેત્વધિકરણ.... લેવાનું. દ્રવ્યત્વાભાવાભાવની પ્રતિયોગિતા દ્રવ્યત્વાભાવમાં + નિત્યત્વવિશિષ્ટ-દ્રવ્યત્વાભાવના અભાવમાં પણ છે. પણ અમે તો યત્કિંચિત્ તરીકે દ્રવ્યત્વાભાવમાં રહેલી પ્રતિયોગિતા જ લેશું અને તેનો અવચ્છેદક દ્રવ્યત્વાભાવત્વ જ બને. અને તદવચ્છિન્ન તરીકે તો દ્રવ્યત્વાભાવ જ બને. અને તેનું અનધિકરણ તો ઘટાદિદ્રવ્યો બની જ જાય છે અને આમ સાધ્યાભાવ જ લક્ષણઘટક બની જતા અતિવ્યાપ્તિ ન આવે.

## दीधिति

**तृतीये - 'कपिसंयोगसामान्याभाववान्–**

**–आत्मत्वा'दित्यादावव्याप्तिः,**

**साध्याभावानां कपिसंयोगानां गुणानामधिकरणस्यात्मनस्तत्प्रतियोगिता-वच्छेदकगुणसामान्याभावत्वावछिन्नानधिकरणत्वात् ।**

**जागदीशी**- (तृतीये चाव्याप्तिं दर्शयति) **कपीति । प्राचां मते संयोगसामान्या-भावसाध्यकमात्मत्वं विरुद्धमतः, – 'कपिसंयोगसामान्याभाव' उक्तः, ।**

**वृक्षादावुत्पत्तिकालावच्छेदेन गुणसामान्याभावसत्त्वाद् वृक्षत्वादिकं हेतुं परित्यज्यात्मत्वं हेतुरुक्तः ।**

**चन्द्रशेखरीया :** पूर्वपक्षस्तु प्राह एवं यदि मन्यते । तदा **कपिसंयोगाभाववान् आत्मत्वात्** इति अत्राव्याप्तिः भवेत्। **ननु** संयोगाभाव एव कथं साध्यत्वेन नोक्तः इति चेत् प्राचां मते आत्मनि संयोगसामान्यस्यैव सत्वात् संयोगसामान्याभावस्यासत्वात् आत्मत्वहेतुः विरूद्धो भवेत्, संयोगसामान्याभावाभावस्यैव व्याप्यत्वात् तस्य । तथा च न तत्राव्याप्तिदानं संगतं भवेत् । अतः संयोगाभावसाध्यं परित्यज्य कपिसंयोगाभावः साध्यत्वेन

निरू पितः, आत्मन्यपि कपिसंयोगाभावस्य सत्वात् अयं सद्धेतुः भवति । एवं चात्राव्याप्तिदानं संगतं भवेत्। **न च** तथापि एतद्वृक्षत्वं परित्यज्य आत्मत्वहेतुः कथं प्रोक्तः इति **वाच्यम्** । एतद्वृक्षत्वे हेतौ अव्याप्तिः न भवति । यतः कपिसंयोगाभावाभावस्य प्रतियोगिनः कपिसंयोगाभावस्यैवाधिकरणं वृक्षः उत्पत्तिकालावच्छेदेन भवति । उत्पत्तिकाले वृक्षे गुणमात्रस्यैवाभावात् । तथा च वृक्षः प्रतियोगिसामान्यानधिकरणं न भवतीति न साध्याभावो लक्षणघटको भवतीति नाव्याप्तिसंभवो भवति । तस्मात् अव्याप्तिदानार्थमेव एतद्वृक्षत्वं परित्यज्यात्मत्वहेतुरूक्तः ।

**ચન્દ્રશેખરીયા : પૂર્વપક્ષ :** તો પછી **"કપિસંયોગાભાવવાન્ આત્મત્વાત્"** ત્યાં અવ્યાપ્તિ આવશે.

**પ્રશ્ન :** માત્ર સંયોગાભાવ જ સાધ્ય રાખો તો ? આત્મામાં તત્તદવચ્છેદેન બધા સંયોગોનો ચાલનીન્યાયથી અભાવ મળી જ જાય.

**પૂર્વપક્ષ :** ના, પ્રાચીનો સંયોગસામાન્યાભાવ આત્મામાં નથી માનતા. પરંતુ જ્યાં આત્મત્વ ત્યાં સંયોગસામાન્ય માને છે. એટલે એમના મતે તો આ આત્મત્વ હેતુ એ સંયોગસામાન્યાભાવનો વિરોધી જ બને છે. માટે કપિસંયોગાભાવને સાધ્ય બનાવેલ છે. જે પ્રાચીનોને પણ માન્ય બનવાથી અવ્યાપ્તિકથન સંગત બની શકે.

**પ્રશ્ન :** પણ એતદ્વૃક્ષત્વ જ હેતુ લો ને ?

**પૂર્વપક્ષ :** ના, એતદ્વૃક્ષમાં ઉત્પત્તિકાલાવચ્છેદેન કપિસંયોગાભાવાભાવપ્રતિયોગી કપિસંયોગાભાવ રહેલો જ છે. એટલે હેત્વધિકરણ એતદ્વૃક્ષ એ સાધ્યાભાવપ્રતિયોગીનું અધિકરણ (ઉત્પત્તિકાલમાં) બની જતાં સાધ્યાભાવ લક્ષણઘટક ન બનતા અવ્યાપ્તિ ન આવી શકે. એટલે અવ્યાપ્તિ લાવવા એતદ્વૃક્ષત્વ હેતુને છોડીને આત્મત્વ હેતુ લીધેલો છે.

---

**जागदीशी - यद्यपि-वृक्षादेः स्वसमवेतकपिसंयोगसामान्यस्वरूपाभावप्रतियोगिनः समवेतसामान्याभावस्य, द्रव्यमात्रसमवेताभावस्य चानधिकरणत्वाद्वृक्षत्वादेरपि हेतुतायामव्याप्तिः सम्भवत्येव, –**

---

**चन्द्रशेखरीया : न च** वृक्षत्वहेतावपि अव्याप्तिदानं संभवति । यतः कपिसंयोगः वृक्षे समवायेन वर्तते, अतः स 'समवेत' इत्युच्यते । तथा च कपिसंयोगाभावाभावः समवेताभावाभावरूपो द्रव्यमात्रसमवेताभावाभावरूपोऽपि च शक्यते वक्तुं । तस्य यत्किञ्चित्प्रतियोगितावच्छेदकसमवेता-भावत्वावच्छिन्नसमवेताभावात्मकस्य द्रव्यमात्रसमवेतत्वावच्छिन्नद्रव्यमात्रसमवेतात्मकस्य वा प्रतियोगिनः अनधिकरणमेव वृक्षः । वृक्षे उत्पत्तिकालेऽपि वृक्षत्वादिरूपस्य समवेतस्य द्रव्यमात्रसमवेतस्य वा सत्वात् तत्र समवेताभावो द्रव्यमात्रसमवेताभावो वा न वर्तत एव । तथा च तादृशप्रतियोगिसामान्यानधिकरणं एव वृक्षः, तस्मिन् समवेताभावाभावः कपिसंयोगाभावाभावरूपः, तत्प्रतियोगितायाः कपिसंयोगाभावनिष्ठायाः अवच्छेदकमेव कपिसंयोगाभावत्वमित्यव्याप्तिः भवत्येव इति **वाच्यम्** ।

**चन्द्रशेखरीया : પ્રશ્ન :** આ વાત બરાબર નથી. કેમકે કપિસંયોગાભાવાભાવ એ કપિસંયોગરૂપ છે. અને કપિસંયોગ એ 'સમવેત' ગણાય. એટલે 'સમવેતાભાવાભાવ' એમ અર્થ થાય અને તેનો પ્રતિયોગી સમવેતાભાવ બને. અને તેનું અનધિકરણ જ વૃક્ષ બને. કેમકે વૃક્ષમાં ઉત્પત્તિ કાળે પણ વૃક્ષત્વાદિજાતિઓ 'સમવેત' છે. એટલે વૃક્ષમાં સમવેતસામાન્યાભાવ મળવાનો જ નથી. આમ યત્કિંચિત્પ્રતિયોગિતાવચ્છેદકસમવેતાભાવત્વાવચ્છિન્ન સમવેતાભાવાભાવ મળે છે અને તેની કપિસંયોગાભાવનિષ્ઠ પ્રતિયોગિતાનો અવચ્છેદક કપિસંયોગાભાવત્વ બની જતા અવ્યાપ્તિ આવે જ છે. એટલે એતદ્વૃક્ષત્વ હેતુ લો તો ય અવ્યાપ્તિ આપી શકાય. તો શા માટે આ બીજો આત્મત્વ હેતુ લીધો ? અહીં સમવેતસામાન્યાભાવ કે દ્રવ્યમાત્રસમવેતાભાવ એ બે ય પ્રતિયોગી લઈ શકાય છે. બે યનું અનધિકરણ વૃક્ષાદિ બને છે.

---

**जागदीशी - तथाऽपि–सत्ता-द्रव्यत्वयोरेव समवेताभाव-द्रव्यमात्रसमवेताभावयोरभावत्वं, लाघवात्, न तु कपिसंयोगा( द्या )त्मकसमवेतमात्रस्य तथात्वं, गौरवादित्याशयः ।**

---

**चन्द्रशेखरीया :** समवेताभावाभावः समवेतरूपो द्रव्य-गुण-कर्मसु वर्तते । तत्रैकत्र सत्ता वर्तते । एवं च यदि समवेताभावाभावत्वं सर्वेषु समवेतेषु मन्यते, तदा अनन्तेषु समवेतेषु समवेताभावत्वकल्पनात् महद्गौरवम् । अतो लाघवात् समवेताभावाभावत्वं समवेताभावाभावसमव्यापकसत्तायामेव मन्यते । अर्थात् समवेताभावाभावो न समवेतरूपोऽपि तु सत्ताजातिरूप एव । एवं द्रव्यमात्रसमवेताभावाभावत्वं यदि द्रव्यमात्रसमवेतेषु गुण-कर्मादिषु सर्वेषु मन्यते, तदा पुनर्गौरवम्। अतो लाघवात् द्रव्यमात्रसमवेताभावाभावत्वं एकस्मिन्नेव द्रव्यमात्रसमवेतसमव्यापके द्रव्यत्वे मन्यते । इत्थं च कपिसंयोगाभावाभावो न समवेताभावाभावस्वरूपः, समवेताभावाभावस्य सत्तास्वरूपत्वात् । तथा च कपिसंयोगाभावाभावप्रतियोगी समवेताभावो न भवति, अपि तु कपिसंयोगाभाव एव । एवं च वृक्षः उत्पत्तिकालावच्छेदेन कपिसंयोगाभावसामान्यस्य अधिकरणमेव भवतीति साध्याभावस्य लक्षणाघटकत्वादव्याप्तिः न भवति ।

**चन्द्रशेखरीया : પૂર્વપક્ષ :** સમવેતાભાવાભાવ એ માત્ર દ્રવ્યગુણકર્મમાં જ રહે છે. કેમકે સમવેત="સમવાયથી વર્તમાન પદાર્થો" આ ત્રણમાં જ સમવાયથી રહે છે અને એ ત્રણમાં જ સત્તાજાતિ રહે છે. એટલે લાઘવથી સમવેતસામાન્યાભાવને સત્તાજાતિરૂપ જ માનેલ છે. કેમકે સત્તા એક જ હોવાથી આ અભાવ પણ એક જ માની શકાય. જો એ સમવેતાભાવાભાવ સમવેત રૂપ માનીએ તો સમવેત તરીકે તો સંયોગ, વિભાગ, ઘટત્વાદિ જાતિઓ વગેરે ઘણા હોવાથી સમવેતાભાવાભાવત્વ અનંતા પદાર્થોમાં માનવું પડે. એમાં ગૌરવ આવે. એ જ રીતે દ્રવ્યમાત્રસમવેતાભાવાભાવત્વ માત્ર દ્રવ્યમાં જ રહે. અને બધા દ્રવ્યોમાં દ્રવ્યત્વ રહે. એટલે આ બે સમવ્યાપક હોવાથી લાઘવથી દ્રવ્યમાત્રસમવેતાભાવાભાવને દ્રવ્યત્વરૂપ જ માનેલ છે. જો એને દ્રવ્યમાત્રસમવેતરૂપ માનીએ તો દ્રવ્યમાત્રસમવેત તરીકે તો સંયોગ-વિભાગાદિ અનંતા છે. તો અનંતાપદાર્થોમાં દ્રવ્યમાત્રસમવેતાભાવાભાવત્વ માનવા કરતા માત્ર દ્રવ્યત્વમાં માનવામાં લાઘવ છે. હવે આમ થવાથી સમવેતાભાવાભાવ એ કપિસંયોગાભાવાભાવ રૂપ નથી બનતો પણ સ્વતંત્ર સત્તારૂપ બને છે. અને તેથી કપિસંયોગાભાવાભાવનો પ્રતિયોગી કપિસંયોગાભાવ જ બને. સમવેતાભાવ ન બને. અને કપિસંયોગાભાવ તો

ઉત્પત્તિકાલાવચ્છેદેન વૃક્ષમાં મળી જાય. એટલે હેત્વધિકરણ એ સાધ્યાભાવપ્રતિયોગીનું અધિકરણ બની જતા સાધ્યાભાવ એ લક્ષણ ઘટક ન બને. પરિણામે બીજા અભાવ દ્વારા લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ આપી જ ન શકાય. માટે જ અમે આત્મત્વ હેતુ લીધેલો છે. કપિસંયોગાભાવાભાવમાં ગુણાભાવાભાવત્વ રહેલું જ છે. એટલે કપિસંયોગાભાવાભાવના યત્કિંચિત્પ્રતિયોગી તરીકે ગુણસામાન્યાભાવ પણ લેવાય. અને આત્મામાં પ્રતિયોગિતાવચ્છેદક-ગુણાભાવત્વાવચ્છિન્ન ગુણસામાન્યાભાવ રહેતો જ નથી. આત્મામાં તો જ્ઞાનાદિ ગુણો પડેલા જ છે. આમ યત્કિંચિત્પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નનું અનધિકરણ આત્મા બની જ જાય છે. અને તેમાં કપિસંયોગાભાવાભાવ=કપિસંયોગ છે જ. આમ સાધ્યાભાવ જ લક્ષણઘટક બની જતા અવ્યાપ્તિ આવે છે

---

**जागदीशी - गुणसामान्याभावस्य कपिसंयोग( स्वस्त्राभाव )प्रतियोगित्वमाविष्कर्तुं- 'गुणाना' मित्युक्तम् ।**

---

**चन्द्रशेखरीया :** अत्र दीधित्यां **"साध्याभावानां गुणानाम्"** - इति अत्र यत् **'गुणानाम्'** इत्युक्तम्, तत् तु "गुणाभावः संयोगसामान्याभावाभावप्रतियोगी भवति" इति प्रकटनार्थं उक्तं इति ज्ञेयम् । शेषं सुगमम् अत्रैव टीकायां विस्तरतो निरुपितमेव । तथा च आत्मत्वहेतौ एव अव्याप्तिः भवति । आत्मत्वाधिकरणे आत्मनि कपिसंयोगाभावाभावस्य गुणाभावाभावरूपस्य प्रतियोगी गुणाभावोऽपि भवति । तत्प्रतियोगितावच्छेदक-गुणाभावत्वावच्छिन्नगुणाभावस्यानधिकरणमेव हेत्वधिकरणं भवति, आत्मनि गुणसामान्याभावस्यासत्वात् । तथा च कपिसंयोगाभावाभाव-यत्किंचित्प्रतियोगितावच्छेदक-गुणाभावत्वावच्छिन्नगुणाभावानधिकरण-हेत्वधिकरणात्मवृत्ति-तादृशकपिसंयोगाभावाभावस्य कपिसंयोगाभावनिष्ठायाः प्रतियोगितायाः अवच्छेदकमेव साध्यतावच्छेदकं कपिसंयोगाभावत्वं इति अव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા :** અહીં દીધિતિમાં ગુણાનાં.... શબ્દ જે મુક્યો છે. એ "ગુણસામાન્યાભાવ પણ કપિસંયોગા-ભાવાભાવનો પ્રતિયોગી બની શકે છે" એ દર્શાવવા મુકેલો છે.

---

**जागदीशी - तत्प्रतियोगितेति । – कपिसंयोगीयप्रतियोगितावच्छेदकेत्यर्थः ।**

**न च गुणसामान्याभावस्याभावो द्रव्यत्वमेव, लाघवात्, न तु गुणो, गौरवादतः संयोगप्रतियोगित्वं न गुणसामान्यभावस्येति वाच्यम्;**

---

**चन्द्रशेखरीया : न च** यथा समवेताभावाभावः सत्तारूपः, द्रव्यमात्रसमवेताभावाभावश्च द्रव्यत्वरूपः, तथैव गुणसामान्याभावाभावो गुणस्वरुपः स्वसमव्यापकद्रव्यत्वरूप एव । इत्थं च कपिसंयोगाभावाभावस्य कपिसंयोगरूपस्य द्रव्यत्वात्मकात् गुणसामान्याभावाभावात् भिन्नत्वमेव इति न कपिसंयोगाभावाभावस्य प्रतियोगी गुणसामान्यभावोऽपि तु कपिसंयोगाभाव एव । तथा च कपिसंयोगाभावाभावयत्किंचित्प्रतियोगितायाः

कपिसंयोगाभावे एव निष्ठायाः अवच्छेदकं कपिसंयोगाभावत्वं । तदवच्छिन्नकपिसंयोगाभावस्याधिकरणमेवात्मा इति न साध्याभावो लक्षणघटकः इति नाव्याप्तिः इति **वाच्यम्** ।

**चन्द्रशेखरीया : प्रश्न :** વાહ !' જેમ સમવેતાભાવાભાવ સત્તારૂપ અને દ્રવ્યમાત્રસમવેતાભાવાભાવ એ દ્રવ્યત્વરૂપ માન્યો. તો એ રીતે ગુણસામાન્યાભાવાભાવ એ દ્રવ્યમાં જ રહેવાનો હોવાથી એને દ્રવ્યત્વસ્વરૂપ જ માની લો ને ? બે ય સમવ્યાપક છે. આમાં લાઘવ પણ છે કે અનંત ગુણોમાં ગુણાભાવાભાવત્વ માનવું ન પડે. માત્ર દ્રવ્યત્વમાં જ માનવું પડે. અને આમ માનીએ તો ગુણસામાન્યાભાવાભાવ=દ્રવ્યત્વ હોવાથી અને કપિસંયોગાભાવાભાવ એ કપિસંયોગ રૂપ હોવાથી બે ય જુદા ગણાય. અને તેથી કપિસંયોગાભાવાભાવનો પ્રતિયોગી ગુણાભાવ ન બને પરંતુ કપિસંયોગાભાવ જ બને. અને તેનું તો અધિકરણ જ આત્મા સરોવરાદ્યવચ્છેદેન બની જવાથી સાધ્યાભાવ લેવાય જ નહિ, માટે અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी- घटादावुत्पत्तिदशायां गुणसामान्याभावस्यैव सत्त्वेन, गुणसामान्याभावाभावस्य असत्वेन द्रव्यत्वस्य च सत्त्वेन द्रव्यत्वस्य तदभावत्वासम्भवात्,– अभावाभावस्य प्रतियोगित्वनियमाच्चेति भावः ।**

---

**चन्द्रशेखरीया :** यदि गुणसामान्याभावाभावो द्रव्यत्वरूपो मन्यते । तदातु घटादौ उत्पत्तिकाले द्रव्यत्वं विद्यते । अतो घटे उत्पत्तिकाले गुणसामान्याभावाभावो गुणरूपोऽपि विद्यमान एव युक्तः, तस्य द्रव्यत्वस्वरूपत्वात् । न च विद्यते । उत्पत्तिकाले घटे गुणसामान्याभावस्यैव सत्वात्। तस्मात् गुणसामान्याभावाभावो न द्रव्यत्वरूपोऽपि तु गुणसामान्यरूप एव, एवं च कपिसंयोगस्यापि गुणत्वात् गुणसामान्याभावाभावत्वं कपिसंयोगेऽपि वर्तते । कपिसंयोगश्च कपिसंयोगाभावाभावरुपः इति कपिसंयोगाभावाभावः गुणाभावाभावरुपो भवति । तथा च कपिसंयोगाभावाभावस्य यत्किंचित्प्रतियोगितायाः गुणाभावनिष्ठायाः अवच्छेदकं गुणाभावत्वं । तदवच्छिन्नस्य गुणाभावस्यानधिकरणं एव आत्मत्वाधिकरणं आत्मा, तस्मिन् स कपिसंयोगाभावाभावः । तत्प्रतियोगितायाः कपिसंयोगाभावनिष्ठायाः अवच्छेदकमेव साध्यतावच्छेदकमिति अव्याप्तिः भवत्येव । किञ्च गुणाभावाभावो यदि द्रव्यत्वरूपो मन्यते, तदा तु गुणे न स्वाभावाभावत्वं भवेत् । किन्तु द्रव्यत्वे एव गुणाभावाभावत्वं भवेत्। तथा च गुणे स्वाभावाभावात्मकं प्रतियोगित्वलक्षणं न घटेत । न चैतद् युक्तं । गुणेऽपि गुणाभावप्रतियोगित्वं सर्वेषामभिमतमेव । अतो गुणे प्रतियोगित्वरक्षणार्थमपि गुणाभावाभावो गुणस्वरूपः एव मन्तव्यः । एवं च कपिसंयोगाभावाभावः कपिसंयोगात्मकगुणरूपो गुणाभावाभावस्वरूपो भवति इति पूर्ववत् अव्याप्तिः दुर्वारा । न चैवं सति समवेताभावाभावो यदि सत्तारूपः, तदा समवेतपदार्थेऽपि स्वाभावाभावत्वात्मकं प्रतियोगित्वं न घटेत इति वाच्यम् । इष्टापत्तेः । नहि समवेतत्वेन समवेतपदार्थे प्रतियोगित्वमभिमतं । किन्तु घटत्वेन घटात्मके समवेते, रूपत्वेन रूपात्मके समवेतेचैव घटाभावाभावत्वरूपं रूपाभावाभावत्वरूपं च प्रतियोगित्वं इष्टं । तच्च प्रसिद्धमेव इति न दोषः । इत्थं च प्रतियोगितावच्छेकावच्छिन्नस्य यस्य कस्यचिदनधिकरणत्वघटिते,

तत्सामान्यानधिकरणत्वघटिते, यत्किंचित्प्रतियोगितावच्छेदकावच्छिन्नसामान्यानधिकरणत्वघटिते च विकल्पे भवन्ति ते ते दोषाः इति त्रयोऽपि विकल्पाः अयुक्ताः इति पूर्वपक्षः समाप्तः ।

**चन्द्रशेखरीया : पूर्वपक्ष :** જો ગુણસામાન્યાભાવાભાવ એ દ્રવ્યત્વરૂપ માનીએ તો વાંધો એ આવે કે ઘટાદિમાં ઉત્પત્તિ કાલે દ્રવ્યત્વ છે પણ ગુણસામાન્યાભાવાભાવ = ગુણ નથી. પરંતુ ગુણસામાન્યાભાવ છે. જો બે ય એક જ હોત તો, બે ય મળવા જોઈએ. પણ નથી મળતા. દ્રવ્યત્વ જ મળે છે. માટે ગુણાભાવાભાવ દ્રવ્યત્વરૂપ ન મનાય. બીજી વાત એ કે ગુણાભાવાભાવ જો દ્રવ્યત્વરૂપ માનો તો સ્વાભાવાભાવત્વરૂપ પ્રતિયોગિત્વ દ્રવ્યત્વમાં જ આવશે. ગુણમાં સ્વાભાવાભાવત્વ નહીં મળે. અને તો પછી એ પ્રતિયોગી તરીકે નહીં બની શકે. આ આપત્તિ નિવારવા માટે ગુણાભાવાભાવ દ્રવ્યત્વરૂપ ન મનાય. પણ ગુણ સ્વરૂપ જ મનાય. અને તેથી કપિસંયોગ પણ ગુણ હોવાથી કપિસંયોગાભાવાભાવ ગુણાભાવાભાવરૂપ ગણી શકાય. અને માટે ગુણાભાવ પણ પ્રતિયોગી તરીકે લેવાય. અને તેથી કપિસંયોગાભાવાભાવ-પ્રતિયોગીગુણાભાવાનધિકરણ હેત્વધિકરણ આત્મા મળી જતા સાધ્યાભાવ જ લક્ષણ ઘટક બને. આમ અવ્યાપ્તિ આવે.

**પ્રશ્ન :** તમે સમવેતાભાવાભાવને તો સત્તારૂપ માનેલ છે. તો પછી સમવેતપદાર્થમાં સ્વાભાવાભાવત્વ ન મળતા તેમાં પ્રતિયોગિત્વ નહીં ઘટે.

**પૂર્વપક્ષ :** એ અમને ઈષ્ટ છે. કેમકે સમવેતત્વાવચ્છિન્ન સમવેતમાં અમે પ્રતિયોગીત્વ માનતા જ નથી. પરંતુ ઘટત્વેન ઘટરૂપસમવેતમાં ઘટાભાવાભાવત્વરૂપ પ્રતિયોગીત્વ, રૂપત્વેન રૂપાત્મકસમવેતમાં રૂપાભાવાભાવત્વરૂપ પ્રતિયોગીત્વ જ માનીએ છીએ. અને એમાં તો કોઈ વાંધો જ નથી.

આમ, (૧) પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન યત્કિંચિત્પ્રતિયોગીનું અનધિકરણ (૨) પ્રતિ. અવચ્છેદકાવચ્છિન્ન તમામે તમામ પ્રતિયોગીઓનું અનધિકરણ (૩) યત્કિંચિત્પ્રતિયોગિતાવચ્છેદકથી અવચ્છિન્ન તમામ પ્રતિયોગીઓનું અનધિકરણ આ ત્રણેય વિકલ્પોમાં આપત્તિઓ આવે જ છે. માટે તમારું લક્ષણ યોગ્ય નથી. અહીં આ પૂર્વપક્ષ પૂરો થયો.

---

## दीधितिः

**मैवम्; –**

**यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणत्वं हेतुमतस्तदनवच्छेदकत्वस्योक्तत्वात् ॥१३॥**

---

**जागदीशी** – यादृशेति । तथा च गुणसामान्याभावनिष्ठप्रतियोगिताया अवच्छेदकं यद्गुणसामान्यभावत्वं हेतुमतस्तदवच्छिन्नानधिकरणत्वेऽपि,– कपिसंयोगाभावत्वस्य तादृशप्रतियोगितानवच्छेदकत्वात्तद्रूपेण साध्यतायामात्मत्वहेतौ नाव्याप्तिः ।

**चन्द्रशेखरीया :** अत्र समाधानं क्रियते । तृतीय: कल्प एव समादरणीय:, किन्तु एतावान् विशेष: यदुत यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नाधिकरणं हेत्वधिकरणं गृह्यते, तद्वृत्ति-अभावस्य तादृशप्रतियोगिताया: एव अनवच्छेदक: साध्यतावच्छेदको ग्राह्य: । इत्थं च कपिसंयोगाभावाभावस्य गुणाभावात्मक-प्रतियोगिनिष्ठप्रतियोगितावच्छेदकं गुणाभावत्वं तदवच्छिन्नानधिकरणं हेत्वधिकरणं गृहीतं, तदवृत्तिकपिसंयोगा-भावाभावस्य गुणाभावनिष्ठा एव प्रतियोगिता ग्राह्या, तदनवच्छेदकं च कपिसंयोगाभावत्वं इति लक्षणघटनात् नाव्याप्ति: ।

**चन्द्रशेखरीया :** **ઉત્તરપક્ષ :** અમે ત્રીજો વિકલ્પ જ લેશું. પણ એમાં વિશેષતા એ કે જેવા પ્રકારની પ્રતિયોગિતાના અવચ્છેદકથી અવચ્છિન્નનું અનધિકરણ હેત્વધિકરણ બને. એ હેત્વધિકરણમાં રહેલી તે જ પ્રતિયોગિતાનો અનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક લેવાનો. આશય એ કે તમે કપિસંયોગાભાવાભાવની પ્રતિયોગિતા ગુણાભાવમાં લઈને, તદવચ્છેદકગુણાભાવત્વાવચ્છિન્નગુણાભાવનું અનધિકરણ એવો હેત્વધિકરણ આત્મા લીધો. અને પછી ત્યાં રહેલ તે અભાવની પ્રતિયોગિતા હવે કપિસંયોગાભાવમાં લો છો. અને એટલે અવ્યાપ્તિ આવે છે. અમારું તો એમ કહેવું છે કે, આગળ જેવી પ્રતિયોગિતા લીધી, પછી પણ તે જ પ્રતિયોગિતા લેવાની. અને તેનો અનવચ્છેદક સાધ્યતાવચ્છેદક મળવો જોઈએ. આમ કપિસંયોગાભાવાભાવની ગુણસામાન્યાભાવનિષ્ઠ પ્રતિયોગિતાનું અવચ્છેદક ગુણાભાવત્વ અને તદવચ્છિન્ન ગુણાભાવનું અનધિકરણ આત્મા બન્યો. પણ હવે એમાં રહેલ કપિસંયોગાભાવાભાવની એ ગુણસામાન્યાભાવત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા જ લેવાની. અને તેનો અનવચ્છેદક તો કપિસંયોગાભાવત્વ બની જ જાય છે. એટલે કપિસંયોગ-અભાવત્વાવચ્છિન્ન કપિસંયોગાભાવ એ આત્મત્વ હેતુને વ્યાપક બની જાય છે માટે અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी** **-'द्रव्यत्वाभाववान् सत्त्वा' दित्यादौ तु द्रव्यत्वाभावत्वावच्छिन्नानधिकरणं यद्धेतुमत् तन्निष्ठाभावस्य तादृशप्रतियोगितावच्छेदकमेव द्रव्यत्वाभावत्वमतो नातिव्याप्तिरिति भाव: ।**

---

**चन्द्रशेखरीया :** **द्रव्यत्वाभाववान् सत्वात्** इति अत्र तु द्रव्यत्वाभावाभावस्य प्रतियोगी द्रव्यत्वाभाव:, तन्निष्ठप्रतियोगिता एवात्र गृह्यते, तदवच्छेदकं द्रव्यत्वाभावत्वं, तदवच्छिन्नस्य द्रव्यत्वाभावस्यानधिकरणं हेत्वधिकरणं घटादि:, तत्रैव द्रव्यत्वाभावाभावस्य विद्यमानत्वात् साध्याभाव एव लक्षणघटक: इति नातिव्याप्ति: ।

**चन्द्रशेखरीया :** 'द्रव्यत्वाभाववान् सत्वात्' અહીં, દ્રવ્યત્વાભાવાભાવની દ્રવ્યત્વાભાવમાં રહેલી પ્રતિયોગિતાનો અવચ્છેદક દ્રવ્યત્વાભાવત્વ બને. અને તદવચ્છિન્ન એવા દ્રવ્યત્વાભાવનું અનધિકરણ એવુ સત્તાધિકરણ ઘટાદિ બને. અને તે ઘટાદિમાં રહેલ દ્રવ્યત્વાભાવાભાવની તે જ દ્રવ્યત્વાભાવનિષ્ઠપ્રતિયોગિતાનો અવચ્છેદક દ્રવ્યત્વાભાવત્વ બને. એટલે અતિવ્યાપ્તિ ન આવે.

**जागदीशी**- (न च 'वह्निमान् तत्पर्वतत्वा' दित्यादौ तत्तद्वह्निसंयोगसम्बन्धेन साध्यतायामव्याप्तिः, तत्सम्बन्धावच्छिन्नघटाद्यभावप्रतियोगिनस्तेन सम्बन्धेनाधिकरणाप्रसिद्धेरिति वाच्यम्;–

---

**चन्द्रशेखरीया :** ननु **वह्निमान् तत्पर्वतत्वात्** इति यत्र तत्पर्वतीयवह्निसंयोगेन वह्निः साध्यः, तत्राव्याप्तिः भवति । तथाहि अत्रैव ग्रन्थेऽग्रे 'साध्यतावच्छेदकसम्बन्धेनैव प्रतियोग्यसमानाधिकरणं हेत्वधिकरणं ग्राह्यं' इति वक्ष्यते । अन्यथा समवायेन वह्नि-अभावप्रतियोगि-सामान्यस्य समवायेनानधिकरणं पर्वतो भवति । तथा च वह्न्यभावस्यैव लक्षणघटकत्वात् अव्याप्तिः भवेत् । साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोगि-अनधिकरणत्वविवक्षायां तु नाव्याप्तिः, साध्यतावच्छेदक-संयोगसम्बन्धेन वह्न्यात्मकप्रतियोगिनः अधिकरणं एव पर्वतो भवति इति न वह्न्यभावो लक्षणघटकः, तथा च अभावान्तरमादाय लक्षणसमन्वयः। एवं च अत्रापि यदि घटाभावो लक्षणघटकत्वेन गृह्यते, तदा तत्प्रतियोगिनः घटस्य साध्यतावच्छेदक-तत्पर्वतीयवह्निसंयोग-सम्बन्धेनाधिकरणमेवाप्रसिद्धम् । यतः तत्पर्वतीयवह्निसंयोगेन केवलं स एव वह्निः पर्वते वर्तते । अन्यः कोऽपि तेन सम्बन्धेन न कुत्रापि वर्तते । तथा च घटस्याधिकरणस्यैव तेन सम्बन्धेनाप्रसिद्धत्वात् साध्यतावच्छेदकसम्बन्धेन घटाधिकरणभिन्नं हेत्वधिकरणमपि न ग्रहीतुं शक्यम् । अनयैव रीत्या अन्येषामपि अभावानां लक्षणाघटकत्वात् लक्षणसमन्वयो न संभवति । इत्थं च अव्याप्तिः भवति इति **चेत्, न**

**चन्द्रशेखरीया : प्रश्न :** "**वह्निमान् तत्पर्वतत्वात्**" અહીં તત્પર્વતીયવહ્નિ-સંયોગસંબંધ જ જ્યાં સાધ્યતાવચ્છેદક છે ત્યાં અવ્યાપ્તિ આવશે. આગળ એમ કહેવાના છે કે, "સાધ્યતાવચ્છેદક સંબંધથી પ્રતિયોગીનું અનધિકરણ એવું હેત્વધિકરણ લેવાનું." જો આમ ન કહે તો **વહ્નિમાન્ ધૂમાત્** એ સ્થલે સમવાયથી વહ્ન્યભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક સમવાય છે અને તે સંબંધથી વહ્નિત્વાવચ્છિન્નવહ્નિનું અનધિકરણ હેત્વધિકરણ મળી જાય. અને તે વહ્ન્યભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક વહ્નિત્વ બની જાય. માટે અવ્યાપ્તિ આવે. માટે સાધ્યતાવચ્છેદક સં.થી જ પ્રતિયોગીનું અનધિકરણ લેવું પડે. એટલે અહીં ભલે સમવાયથી વહ્ન્યભાવ લીધો છતાંય સાધ્યતાવચ્છેદકસંયોગસંબંધથી તો વહ્નિનું અધિકરણ જ પર્વત બનવાથી સાધ્યાભાવ ન લેવાતા અવ્યાપ્તિ ન આવે. પણ એમ કરવાથી અહીં વાંધો આવશે. કેમકે તત્પર્વતત્વનું અધિકરણ તત્પર્વત છે. હવે તેમાં તત્પર્વતીયવહ્નિસંયોગસંબંધથી વહ્નિ તો રહેવાનો છે. એટલે વહ્નિ-અભાવ તો ન લેવાય. પણ બીજો કોઈ પણ અભાવ નહીં લેવાય. કેમકે ધારો કે ઘટાભાવ લો તો તેનો પ્રતિયોગી ઘટ બને. હવે સાધ્યતાવચ્છેદકતત્પર્વતીયવહ્નિસંયોગથી તે ઘટનું અનધિકરણ પર્વત બનવો જોઈએ. પરંતુ આ સંબંધથી તે ઘટ કયાંક રહેતો તો હોવો જોઈએ ને ? તો જ તાદૃશસંબંધથી ઘટાધિકરણભિન્ન =ઘટાનધિકરણ તરીકે પર્વત લઈ શકાય. અહીં ઘટાધિકરણ તે સંબંધથી પ્રસિદ્ધ જ ન હોવાથી ઘટાનધિકરણ પણ ન મળે. આમ કોઈપણ અભાવ ન લેવાતા અવ્યાપ્તિ આવશે.

**जागदीशी** - यत्प्रतियोगितावच्छेदकसम्बन्धावच्छिन्नाधिकरणतानिरूपितस्वरुपसम्बन्धेन- 'यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नाधिकरणतासामान्याभाववत्त्वं हेतुमतस्तेन सम्बन्धेन तादृशप्रतियोगितानवच्छेदकत्वस्य विवक्षितत्वात्,-

घटत्वावच्छिन्नाधिकरणतासामान्यस्यैव तत्तद्वह्निनिरुपितसंयोगसम्बन्धावच्छिन्नाधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेनाभावस्य हेतुमति पर्वते सत्त्वेन तादृशसम्बन्धेन घटाद्यभावस्यैव प्रतियोगिव्यधिकरणत्वसम्भवात्;

---

**चन्द्रशेखरीया :** यत्प्रतियोगितावच्छेदकसम्बन्धावच्छिन्नाधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेन यादृशप्रतियोगिता-वच्छेदकावच्छिन्नाधिकरणतासामान्यस्याभाववत्वं हेतुमतः, तेन सम्बन्धेन तादृशप्रतियोगितानवच्छेदकत्वं साध्यतावच्छेदके ग्राह्यम् इति विवक्षाकरणात् न कोऽपि दोषः। प्रथमं तावत् अस्य अर्थः क्रियते। कुत्रापि यत्सर्वनामपदप्रयोगः तत्सर्वनामपदप्रयोगं विना न भवति इति नियमः, अतो यत्र यत्सर्वनामपदप्रयोगः द्विः त्रिः वा क्रियते, तत्र तत्सर्वनामपदप्रयोगो द्विः त्रिः वा क्रियते एव। यच्च वस्तु यत्सर्वनामपदेन गृह्यते, तदेव वस्तु तत्सर्वनामपदेन गृह्यते। एवं यद् वस्तु तत्सर्वनामपदेन गृह्यते, तदेव वस्तु यत्सर्वनामपदेन गृह्यते इति अपि नियमः। अत्र यत्प्रतियोगिता.... इति अत्र 'यादृशप्रतियोगिता' इति अत्र यः यत्सर्वनामप्रयोगः कृतः, तत्र यादृशप्रतियोगितापदानुसारेणैव तादृशप्रतियोगितापदोपादानं कृतं इति तु स्पष्टम्। किन्तु यत्प्रतियोगितावच्छेदक... इति अत्र तु यत्पदेन किं वस्तु गृह्यते ? इति न ज्ञायते, तथापि पश्चात् 'तेन सम्बन्धेन' इति उक्तमेवास्ति, तत्र तत्सर्वनामपदेन सम्बन्धः गृहीतः, अतः यत्पदेनापि सम्बन्ध एव ग्रहीतुं युक्तः, तथा च अयम् अर्थःभवति। यः प्रतियोगितावच्छेदकः सम्बन्धः, तेनावच्छिन्नं यत् किमपि वस्तु, तदधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेन हेतुमति तादृशाधिकरणतासामान्यस्याभावो ग्राह्यः इति अन्वयः। तत्र अधिकरणता हेतुमति स्वरूपसम्बन्धेन वर्तते, अतः स्वरूपसम्बन्धः प्रतियोगितावच्छेदकसम्बन्धावच्छिन्नाधिकरणतानिरूपितः उच्यते। एवं यादृशप्रतियोगिता= यद्धर्मावच्छिन्नप्रतियोगिता, तदवच्छेदकश्च यो धर्मः, तदवच्छिन्नाः ये, तेषां अधिकरणानि यानि भवन्ति, तेषु विद्यमानानां सर्वासां अधिकरणतानां निरूक्तस्वरूपसम्बन्धेन हेतुमति अभावः वर्तते। प्रतियोगिता-अवच्छेदकेन तेन सम्बन्धेन तद्धर्मावच्छिन्नप्रतियोगितानवच्छेदकः साध्यतावच्छेदकः धर्मः ग्राह्यः इति। अत्रापि तेन सम्बन्धेन इति अस्य तद्धर्मावच्छिन्नप्रतियोगितायां अन्वयः कर्तव्यः। अवच्छिन्नत्वं च तृतीयार्थः। तथा च तत्सम्बन्धावच्छिन्ना-तद्धर्मावच्छिन्ना या प्रतियोगिता, तदनवच्छेदकः साध्यतावच्छेदकः इति भावार्थः। एवं च "**तत्पर्वतीयवह्निसंयोगेन वह्निमान् तत्पर्वतत्वात्**" इति अत्राव्याप्तिः। यतः तत्पर्वतीयवह्निसंयोगेन घटस्याधिकरणं मा भवतु प्रसिद्धं। तथापि तत्पर्वतीयवह्निसंयोगेन घटस्याभावः तु प्रसिद्धः एव।

एवं च तत्पर्वतीयवह्निसंयोगावच्छिन्नप्रतियोगिताकस्य घटस्याभावो लक्षणघटकत्वेन ग्राह्यः। तत्प्रतियोगितावच्छेदकः यत्सम्बन्धः तत्पर्वतीयवह्निसंयोगः, तदवच्छिन्नश्च वह्निरेव। तदधिकरणता तत्पर्वते हेतुमति स्वरुपेण वर्तते। अर्थात् तत्पर्वतीयवह्निसंयोगावच्छिन्नवह्नि-अधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेन

तादृशी अधिकरणता तत्पर्वते वर्तते । अथ तादृशघटाभावस्य घटत्वावच्छिन्ना घटनिष्ठा प्रतियोगिता यादृशप्रतियोगितापदेन गृह्यते । तदवच्छेदको धर्मः घटत्वं, तदवच्छिन्नाश्च घटाः न पर्वते वर्तन्ते, किन्तु भूतलादौ, अतः भूतले घटत्वावच्छिन्नघटाधिकरणता स्वरूपेण वर्तते । एतासां सर्वासां घटाधिकरणतानां तत्पर्वते तु तादृशस्वरूपेण अभाव एव वर्तते । यद्यपि घटत्वावच्छिन्नघटः कालिकेन तत्पर्वते वर्तते इति तत्पर्वते घटत्वावच्छिन्नघटाधिकरणता स्वरूपेण विद्यते एव । तथापि सा अधिकरणता कालिकावच्छिन्नघटाधिकरणतारूपा, न तु तत्पर्वतीयवह्निसंयोगावच्छिन्नाधिकरणतारूपा, अतः तत्पर्वतीयवह्निसंयोगावच्छिन्नाधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेन तु कालिकावच्छिन्नघटाधिकरणतानां पर्वते अभाव एव वर्तते । तथा च तत्पर्वतीयवह्निसंयोगावच्छिन्नायाः घटत्वावच्छिन्नायाः घटनिष्ठप्रतियोगितायाः अनवच्छेदकं एव वह्नित्वं इति **लक्षणघटनात् नाव्याप्तिः** ।

अत्र लक्षणे यदि सामान्यपदं नोच्यते तदा तु **संयोगेन वह्निमान् धूमात्** इति अत्र अव्याप्तिः भवेत् तथाहि । संयोगेन वह्नि-अभावस्य प्रतियोगिता वह्निनिष्ठा वर्तते । तत्प्रतियोगितावच्छेदकः संयोगसम्बन्धः, तदवच्छिन्नः वह्निः, तदधिकरणता धूमवति पर्वते वर्तते । तथा च पर्वते संयोगावच्छिन्नवह्नि-अधिकरणतानिरूपित-स्वरूपसम्बन्धेन तादृशी अधिकरणता वर्तते । अथ वह्न्यभावस्य वह्नित्वावच्छिन्ना प्रतियोगिता यादृशप्रतियोगितापदेन गृह्यते, तदवच्छेदकं वह्नित्वं, तदवच्छिन्नाः महानसीयवह्नि-पर्वतीयवह्नि चत्वरीयवह्नयः, तत्र महानसीयवह्नि-अधिकरणता महानसे वर्तते । तथा च निरुक्तस्वरू पसम्बन्धेन महानीसयवह्नि-अधिकरणतायाः अभावः एव पर्वते वर्तते । एवं च हेत्वधिकरणे वह्न्यभावमादाय अधिकरणापाऽभावः प्रसिद्धः । तथा च संयोगावच्छिन्नायाः वह्नित्वावच्छिन्नप्रतियोगितायाः अवच्छेदकं वह्नित्वं भवति इति अव्याप्तिः । सामान्यपदोपादाने तु नैष दोषः । वह्नित्वावच्छिन्नपर्वतीयवह्नि-अधिकरणता तु निरूक्तस्वरूपसम्बन्धेन पर्वते वर्तते एव । अतः पर्वते वह्नित्वावच्छिन्नाधिकरणतासामान्य-स्याभावः न वर्तते। तस्मात् घटाभावमादाय लक्षणसमन्वयः ।

एवं यदि यादृशप्रतियोगितापदं परित्यज्य यदभावप्रतियोगितापदं गृह्यते । तदा तु '**कपिसंयोगाभाववान् आत्मत्वात्**' इति अत्राव्याप्तिः भवेत् । कपिसंयोगाभावाभावप्रतियोगितायाः कपिसंयोगाभावनिष्ठायाः अवच्छेदकः स्वरूपसम्बन्धः, तेन सम्बन्धेन अवच्छिन्नस्य कपिसंयोगाभावस्याधिकरणता स्वरूपसम्बन्धेन आत्मनि वर्तते । किन्तु कपिसंयोगाभावाभावप्रतियोगितायाः गुणाभावनिष्ठायाः अवच्छेदको धर्मः गुणाभावत्वं, तदवच्छिन्नस्य गुणाभावस्य अधिकरणता न कपिसंयोगाभावाधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेन आत्मनि वर्तते। एवं च कपिसंयोगाभावाभावः लक्षणघटको भवति । तस्य तेन स्वरूपसम्बन्धेन अवच्छिन्ना या प्रतियोगिता कपिसंयोगाभावनिष्ठा, तदवच्छेदकं कपिसंयोगाभावत्वम् इति अव्याप्तिः । यादृशप्रतियोगितापदोपादाने तु न दोषः, यतः यादृशप्रतियोगितापदेन यदि गुणाभावत्वावच्छिन्ना एव प्रतियोगिता गृह्यते, तदा तादृशप्रतियोगिता-पदेन सा एव ग्रहीतुं शक्या । तस्याः अनवच्छेदकं एव कपिसंयोगाभावत्वं इति लक्षणघटनात् नाव्याप्तिः । यदि च यादृशप्रतियोगितापदेन कपिसंयोगाभावत्वावच्छिन्ना प्रतियोगिता गृह्येत, तदा तस्याः अवच्छेदकं कपिसंयोगाभावत्वं, तदवच्छिन्नः कपिसंयोगाभावः, तस्याः अधिकरणता स्वरूपसम्बन्धावच्छिन्नकपिसंयोगा-

भावाधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेन आत्मनि वर्तते एव। इति यादृशप्रतियोगितापदेन सा न ग्रहीतुं शक्या इति नाव्याप्तिः।

**'द्रव्यत्वाभाववान् सत्वात्'** इति अत्र तु द्रव्यत्वाभावाभावः एव गृह्यते, तत्प्रतियोगितावच्छेदकः स्वरूपसम्बन्धः, तदवच्छिन्नः द्रव्यत्वाभावः, तदधिकरणता तु न सत्ताधिकरणे घटादौ वर्तते। किन्तु स्वरूपसम्बन्धावच्छिन्नस्य जातित्वाभावस्याधिकरणता एव स्वरूपसम्बन्धेन घटादौ वर्तते। एवं द्रव्यत्वाभावाभावस्य द्रव्यत्वाभावत्वावच्छिन्ना प्रतियोगिता यादृशप्रतियोगितापदेन गृह्यते, तदवच्छेदकं द्रव्यत्वाभावत्वं, तदवच्छिन्नस्य द्रव्यत्वाभावस्याधिकरणता न निरूक्तस्वरूपसम्बन्धेन स्वरूपावच्छिन्नजाति-त्वाभावाधिकरणता निरूपितस्वरूपसम्बन्धात्मकेन घटादौ वर्तते इति अधिकरणतासामान्याभावो मीलितः। तथा च तादृशप्रतियोगितापदेन द्रव्यत्वाभावत्वावच्छिन्ना स्वरू पावच्छिन्ना एव प्रतियोगिता ग्रहीतुं शक्येत, तदवच्छेदकं द्रव्यत्वाभावत्वमिति नातिव्याप्तिः।

यद्यपि अत्र यत्प्रतियोगितावच्छेदकसम्बन्ध... इति उक्तं। तथापि स सम्बन्धः साध्यतावच्छेदकसम्बन्ध एव ग्राह्यः अन्यथा समवायेन वह्न्यभावस्य वह्निनिष्ठा या प्रतियोगिता, तदवच्छेदकः समवायसम्बन्धः, तेनावच्छिन्नः वह्निः न पर्वते वर्तते, अतः समवायावच्छिन्ना पर्वतत्वजातिः एव गृह्येत, तदधिकरणता स्वरूपेण पर्वते वर्तते। अथ वह्नित्वावच्छिन्नप्रतियोगितावच्छेदकम् वह्नित्वं, तदवच्छिन्नस्य वह्नेः अधिकरणता यद्यपि पर्वतेऽस्ति, तथापि साऽधिकरणता संयोगावच्छिन्नवह्नि-अधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेन पर्वते अस्ति। प्रतियोगितावच्छेदकसमवायावच्छिन्नपर्वतत्वाधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेन निरूक्तसम्बन्धात्मकेन तु तस्याः अधिकरणतायाः पर्वते अभाव एव वर्तते। इत्थं च समवायेन सम्बन्धेन वह्नित्वावच्छिन्ना प्रतियोगिता तादृशप्रतियोगितापदेन ग्रहीतुं शक्या। तदवच्छेदकमेव वह्नित्वं इति अव्याप्तिः भवेत्। अथवा वह्न्यभावप्रतियोगितावच्छेदकसमवायावच्छिन्नो यदि वह्निरेव गृह्येत, तदापि तस्याधिकरणता न पर्वतेऽपि तु वह्न्यवयवेष्वेव। तथा च तादृशाधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेन वह्नित्वावच्छिन्नवह्नि-अधिकरणताऽपि तत्रैव वह्न्यवयवेष्वेव वर्तते, न तु पर्वते इति एवमपि अव्याप्तिः भवत्येव। अतः प्रतियोगितावच्छेदकः सम्बन्धः साध्यतावच्छेदकसम्बन्धरूपो ग्राह्यः। अर्थात् साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकः एवाभावः लक्षणघटकत्वेन ग्राह्यः। तथा च न समवायावच्छिन्नप्रतियोगिताकोऽभावः लक्षणघटकत्वेन ग्रहीतुं शक्यः। तस्य साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिकत्वाभावात्। किन्तु संयोगेन घटादेरभावः एव गृह्यते। संयोगेन वह्नेरभावो यदि गृह्यते, तदा तु तादृशाधिकरणतासामान्यस्य अभावो न हेत्वधिकरणे भवति इति स न गृह्येत, अतः घटाभावमादायैव लक्षणसमन्वयात् नाव्याप्तिसंभवः। न चैतद् स्वमनीषिकाविजृम्भितमात्र-मेव। जागदीशीग्रन्थस्यैवात्र प्रमाणत्वात्। तथा हि जागदीश्यां "तत्पर्वतीयवह्निसंयोगेन वह्निमान् धूमात्" इति अत्र लक्षण-समन्वयप्रतिपादनार्थं इयं पङ्क्तिः लिखिता।

**'घटत्वावच्छिन्नाधिकरणतासामान्यस्यैव तत्तद्वह्निनिरूपितसंयोगसम्बन्धावच्छिन्नाधिकरणता-निरूपितस्वरूपसम्बन्धेनाभावस्य हेतुमति सत्वेन तादृशसम्बन्धेन घटाद्यभावस्यैव प्रतियोगिव्यधिकर-णत्वसंभवात्**-इति अत्र 'तत्तद्वह्निनिरूपितसंयोगसम्बन्धावच्छिन्न'.... इति अनेन

अभावप्रतियोगितावच्छेदक: सम्बन्ध: साध्यतावच्छेदक: एव गृहीत:, एवं "तादृशसम्बन्धेन" इति अस्य "तत्तद्वह्निनिरूपितसंयोग-सम्बन्धेन" इत्येवार्थ: गृहीत: । यदि च साध्यतावच्छेदकसम्बन्ध: एव प्रतियोगितावच्छेदकत्वेन ग्राह्य: इति नियमोऽत्र नाभविष्यत् तदा तु संयोगेनैव घटाभावमग्रहीष्यत् ग्रन्थकार:, यत: तेनैव लक्षणसमन्वयसंभवात् तत्तद्वह्निनिरूपितसंयोगेन गुरुभूतेन घटाभावस्य ग्रहणं निरर्थकं युक्तिरहितं च भवति । किन्तु गुरुभूतेनैव साध्यतावच्छेदकसम्बन्धेन घटस्याभावो गृहीत: । अतो ज्ञायते यत् अत्र प्रतियोगितावच्छेदकसम्बन्ध: साध्यतावच्छेदकसम्बन्धरूप: एव ग्राह्य:, न तु इतर: । इदमपि निरूपणं मनसि दृढमवधार्यमध्येतृभि: यदुत कुत्रापि स्थाने प्रथमं तु साध्यतावच्छेकसम्बन्धसाध्यतावच्छेदकधर्मावच्छिन्नप्रतियोगिताक: साध्याभाव एव ग्राह्य:, यदि स निरुक्तप्रकारेण लक्षणघटको भवेत् तदाऽव्यभिचारिणि हेतौ अव्याप्ति: भवेत् । यदि स लक्षणघटको न भवेत् तदा तु कस्यापि अभावस्य कामपि प्रतियोगितां यादृशप्रतियोगितापदेन गृहीत्वा लक्षणसमन्वय: कर्तव्य: । यदि च व्यभिचारिणि हेतौ साध्याभावो लक्षणघटको भवेत्, तदा तु तत्रातिव्याप्ति: न भवेत्, यदि न भवेत् स साध्याभाव: लक्षणघटक:, तदा तु अन्यां प्रतियोगितामादाय लक्षणसमन्वयात् अतिव्याप्ति: भवेत् इति ।

**ચન્દ્રશેખરીયા : ઉત્તરપક્ષ :** આ આપત્તિ દૂર કરવા અમે નવી વિવક્ષા કરશું. યત્પ્રતિયોગિતાવચ્છેદકસંબંધ... પ્રતિયોગિતાનવચ્છેદકત્વ લેવાનું છે. આનો અર્થ આ પ્રમાણે કરવો.

य: प्रतियोगितावच्छेदकसम्बन्ध:, तेन सम्बन्धेनावच्छिन्नस्य यस्याधिकरणता हेतुमति येन स्वरूपसम्बन्धेन वर्तते, स स्वरूपसम्बन्ध: तादृशाधिकरणतानिरूपितस्वरूपसम्बन्धो भवति । अथ च योऽभाव: लक्षणघटकत्वेन गृहीत:, तस्य यादृशप्रतियोगिता=यद्धर्मावच्छिन्ना प्रतियोगिता ग्राह्या, तदवच्छेदको य: धर्म:, तेनावच्छिन्नस्य या: अधिकरणता:, तासां सर्वासामधिकरणतानां अनन्तरोक्तस्वरूपसम्बन्धेन अभावो हेतुमति ग्राह्य: । यदि स अभावो विद्यते । तदा प्रतियोगितावच्छेदकेन तेन सम्बन्धेन (જે સૌથી પ્રથમ યત્ શબ્દથી લીધો તે) अवच्छिन्नाया: तादृशप्रतियोगिताया:=तद्धर्मावच्छिन्नप्रतियोगिताया: अनवच्छेदकं साध्यतावच्छेदकं यदि भवति । तदा लक्षणसमन्वयो ज्ञेय:।

આમાં, ધ્યાનમાં રાખવાની બાબતો એ કે (i) યત્પ્રતિયોગિતાવચ્છેદક સંબંધ..." એમાં યત્ શબ્દ પ્રતિયોગિતા સાથે નથી જોડવાનો પરંતુ સંબંધ સાથે જોડવાનો છે. અને પછી **"તેન સંબંધેન તાદૃશપ્રતિયોગિતા"**...માં 'તેન સંબંધેન' તરીકે ઉપર યત્ પદથી જે સંબંધ લીધો હોય તે લેવાનો. અને "તત્સંબંધાવચ્છિન્ના તાદૃશપ્રતિયોગિતા" એ પ્રમાણે "તેન સંબંધેન" એ ત્રીજી વિભક્તિનો અર્થ કરવાનો. (ii) યાદૃશપ્રતિયોગિતા=તે અભાવની પ્રતિયોગિતા ઘણા બધા ધર્મોથી અવચ્છિન્ન બની શકતી હોય છે. અહીં કોઈપણ એક ધર્મથી અવચ્છિન્ન એ પ્રતિયોગિતા લઈ શકાય. સાચું કે ખોટું જે સ્થાન હોય ત્યાં સૌ પ્રથમ સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્ન પ્રતિયોગિતા જ લેવાની. અને એ લેવાથી જો અધિકરણતાસામાન્યાભાવ મળી જાય. તો સાચા સ્થાને અવ્યાપ્તિ ગણાય. જો ન મળે તો પછી બીજી કોઈપણ પ્રતિયોગિતા લઈને લક્ષણ ઘટાવી શકાય. ખોટા સ્થાને તે તાદૃશાધિકરણતાસામાન્યાભાવ મળવો જ જોઈએ. તો અતિવ્યાપ્તિ ન આવે. જો ન મળે તો પછી બીજી કોઈપણ પ્રતિયોગિતા લઈને લક્ષણ ઘટી જતા અતિવ્યાપ્તિ આવે. એટલે કોઈપણ સ્થળે પહેલા તો સાધ્યતાવચ્છેદક-સંબંધ-ધર્માવચ્છિન્નપ્રતિયોગિતાક સાધ્યાભાવ લઈને જ વિચારણા કરવાની.

(iii) અધિકરણતાસામાન્યનો અભાવ લેવાનો છે. એ ખ્યાલમાં રાખવું.

હવે પહેલા **વહ્નિમાન્ તત્પર્વતત્વાત્** એ સ્થળે અવ્યાપ્તિ દૂર કરીએ. પહેલા તત્પર્વતીયવહ્નિસંયોગસંબંધથી જ વહ્નિનો અભાવ લઈએ. હવે પ્રતિયોગિતાઅવચ્છેદક યત્ સંબંધ તરીકે તત્પર્વતીયવહ્નિસંયોગ આવશે. તેનાથી અવચ્છિન્ન તત્પર્વતીયવહ્નિ જ બનશે. અને તેનું અધિકરણ તત્પર્વત બને છે. માટે તત્પર્વતમાં સ્વરૂપસંબંધથી તાદશાધિકરણતા રહી ગઈ. આ સ્વરૂપસંબંધ એ તત્પર્વતીયવહ્નિસંયોગાવચ્છિન્નાધિકરણતાનિરૂપિતસ્વરૂપસંબંધ કહેવાશે.

હવે આ વહ્ન્યભાવની પ્રતિયોગિતા તો વહ્નિમાં રહેલી છે. એટલે વહ્નિત્વ-અવચ્છિન્નપ્રતિયોગિતા એ યાદશપ્રતિયોગિતા તરીકે લેવી. તેનો અવચ્છેદક વહ્નિત્વ બને અને તદવચ્છિન્ન વહ્નિ બને. તેની અધિકરણતા એ તાદશસ્વરૂપસંબંધથી પર્વતમાં છે જ. એટલે અધિકરણતાસામાન્યાભાવ લેવાશે જ નહી. એટલે હવે તત્પર્વતીયવહ્નિ-સંયોગસંબંધથી ઘટનો અભાવ લઈએ, તો પ્રતિયોગિતાવચ્છેદક આ તત્પર્વતીયવહ્નિસંયોગ બનશે. અને તદવચ્છિન્ન તરીકે વહ્નિ બનવાનો. કેમકે વહ્નિ જ આ સંબંધથી રહે છે. અને તેની અધિકરણતા તત્પર્વતમાં મળી જાય. હવે ઘટત્વાવચ્છિન્નપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ બનશે. અને તદવચ્છિન્નાધિકરણતા તો ભૂતલાદિમાં આવશે. એ ઘટ કદાચ કાલિકથી તત્પર્વતમાં રહે તો પણ તત્પર્વતમાં કાલિકાવચ્છિન્નઘટાધિકરણતા આવી. અને આ અધિકરણતા એ તત્પર્વતીયવહ્નિસંયોગાવચ્છિન્નવહ્નિ અધિકરણતા-નિરૂપિત-સ્વરૂપસંબંધથી તો તત્પર્વતમાં રહેવાની જ નથી. એટલે તાદશસ્વરૂપસંબંધથી ઘટત્વાવચ્છિન્નાધિકરણતાસામાન્યનો તત્પર્વતમાં અભાવ મળી જાય છે. અને તેથી તત્પર્વતીયવહ્નિસંયોગાવચ્છિન્ન એવી ઘટીયપ્રતિયોગિતા લઈ શકાય. અને તેનો અનવચ્છેદક વહ્નિત્વ બની જતા લક્ષણ સમન્વય થઈ જાય. માટે અવ્યાપ્તિ ન આવે.

આમાં પદકૃત્ય કરીએ.

સામાન્યપદ ન મુકો તો **વહ્નિમાન્ ધૂમાત્**માં અવ્યાપ્તિ આવે. સંયોગથી વહ્ન્યભાવ લક્ષણઘટક તરીકે લેવો છે. એટલે પ્રતિયોગિતાવચ્છેદક-યત્સંબંધ તરીકે સંયોગ આવશે. અને તદવચ્છિન્નવહ્નિની અધિકરણતા હેતુમાન્ એવા પર્વતમાં છે. એટલે અહીં સંયોગાવચ્છિન્નવહ્નિ-અધિકરણતાનિરૂપિત સ્વરૂપસંબંધ થયો. હવે વહ્ન્યભાવની વહ્નિમાં રહેલી વહ્નિત્વાવચ્છિન્નપ્રતિયોગિતા લઈએ તો તેનો અવચ્છેદક વહ્નિત્વ અને તદવચ્છિન્નવહ્નિની અધિકરણતા તો મહાનસાદિમાં પણ છે જ. એટલે મહાનસ, ચત્વર, અયોગોલકમાં રહેલી વહ્ન્યધિકરણતા એ તો તાદશસ્વરૂપથી પણ પર્વતમાં રહેવાની જ નથી. એટલે પર્વતમાં આ બધી અધિકરણતાઓનો અભાવ મળી ગયો. અને તેથી સંયોગાવચ્છિન્ન એવી વહ્નિત્વાવચ્છિન્નપ્રતિયોગિતા લઈ શકાશે. અને તેનો અવચ્છેદક વહ્નિત્વ બનતા અવ્યાપ્તિ આવે.

**સામાન્યપદ** મુકવાથી આ આપત્તિ નીકળી જાય. કેમકે વહ્નિત્વાવચ્છિન્નવહ્નિની અધિકરણતા પર્વતમાં પણ છે જ. અને તે સંયોગાવચ્છિન્નવહ્નિ-અધિકરણતા-નિરૂપિત-સ્વરૂપસંબંધથી જ પર્વતમાં રહે છે. એટલે પર્વતમાં અધિકરણતા સામાન્યનો અભાવ ન મળતા વહ્ન્યભાવની પ્રતિયોગિતા લઈ ન શકાય. માટે પછી ઘટાભાવ દ્વારા લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ ન આવે.

યાદશપ્રતિયોગિતા પદ ન મૂકે અને માત્ર યદભાવપ્રતિયોગિતાવચ્છેદક... તદભાવપ્રતિયોગિતા-નવચ્છેકત્વ... એમ જ કહે, તો **કપિસંયોગાભાવવાન્ આત્મત્વાત્**માં અવ્યાપ્તિ આવે. તે આ પ્રમાણે- કપિસંયોગાભાવનો સ્વરૂપથી અભાવ લક્ષણઘટક તરીકે લઈએ છીએ. તો પ્રતિયોગિતાવચ્છેદક સ્વરૂપસંબંધથી

અવચ્છિન્ન એવા કપિસંયોગાભાવની અધિકરણતા તો આત્મામાં સ્વરૂપસં.થી છે જ. આ કપિસંયોગાભાવાભાવની પ્રતિયોગિતા કપિસંયોગાભાવમાં આવી. આ કપિસંયોગ ગુણ હોવાથી આ ગુણાભાવ તરીકે પણ ઓળખાય. એટલે પ્રતિયોગિતાવચ્છેદક ધર્મ તરીકે ગુણાભાવત્વ લઈએ તો તદવચ્છિન્ન એવા ગુણાભાવની અધિકરણતા તો ગુણાદિમાં જ મળવાની. આત્મામાં તો તાદૃશસ્વરૂપસંબંધથી ગુણાભાવાધિકરણતાસામાન્યનો અભાવ જ છે. એટલે હવે આ કપિસંયોગાભાવાભાવ લઈ શકાશે. હવે સ્વરૂપસંબંધાવચ્છિન્ન એવી તેની કપિસંયોગાભાવમાં રહેલી પ્રતિયોગિતા લઈએ અને તેનો અવચ્છેદક કપિસંયોગાભાવત્વ જ બની જતા અવ્યાપ્તિ આવે.

પરંતુ યાદૃશપ્રતિયોગિતા... લેવાથી વાંધો ન આવે કેમકે જો યાદૃશપ્રતિયોગિતા=ગુણાભાવત્વાવચ્છિન્ન-પ્રતિયોગિતા લો તો પછી પણ તાદૃશપ્રતિયોગિતા તરીકે પણ ગુણાભાવત્વાવચ્છિન્નપ્રતિયોગિતા જ લેવી પડે. અને તેનો અનવચ્છેદક કપિસંયોગાભાવત્વ મળી જ જવાનો. માટે કોઈ અવ્યાપ્તિ ન આવે. અને જો યાદૃશપ્રતિયોગિતા તરીકે કપિસંયોગાભાવત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા લો. તો ય વાંધો નથી. કેમકે આ પ્રતિયોગિતાનો અવચ્છેદક કપિસંયોગાભાવત્વ જ બનશે અને તદવચ્છિન્નાધિકરણતા તો આત્મામાં તાદૃશસ્વરૂપસંબંધથી રહેલી જ છે. એટલે અધિકરણતાસામાન્યાભાવ જ ન મળે. એની તેથી જ યાદૃશપ્રતિયોગિતા તરીકે કપિસંયોગાભાવત્વાવચ્છિન્ના પ્રતિયોગિતા લઈ જ ન શકાય. એટલે અહીં અવ્યાપ્તિ આવવાની નથી.

**દ્રવ્યત્વાભાવવાન્ સત્વાત્** આમાં અતિવ્યાપ્તિ પણ ન આવે તે હવે જોઈએ. લક્ષણઘટક તરીકે દ્રવ્યત્વાભાવનો સ્વરૂપથી અભાવ લઈએ તો પ્રતિયોગિતાવચ્છેદક સ્વરૂપસંબંધ છે. એ સ્વરૂપસંબંધાવચ્છિન્ન દ્રવ્યત્વાભાવ એ સત્તાધિકરણદ્રવ્યમાં મળતો નથી. ગુણમાં ભલે મળે, પણ ગુણમાં સાધ્યાભાવ મળતો નથી. માટે તેની કિંમત નથી. એટલે આ સ્વરૂપાવચ્છિન્ન તરીકે જાતિત્વાભાવ લઈ લેવાનો. અને તેની અધિકરણતા તો હેતુમાન્ એવા દ્રવ્યમાં સ્વરૂપસંબંધથી છે જ. હવે યાદૃશપ્રતિયોગિતા તરીકે દ્રવ્યત્વાભાવત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા જ લઈએ એટલે તદવચ્છેદક દ્રવ્યત્વાભાવત્વ બને. અને તદવચ્છિન્ન દ્રવ્યત્વાભાવ બને. હવે સ્વરૂપાવચ્છિન્ન જાતિત્વાભાવ-અધિકરણતાનિરૂપિતસંબંધથી આ દ્રવ્યત્વાભાવાધિકરણતા તો દ્રવ્યમાં રહેવાની જ નથી. એ દ્રવ્યત્વાભાવ કાલિકથી દ્રવ્યમાં રહે તો પણ એ કાલિકાવચ્છિન્ન-દ્રવ્યત્વાભાવાધિકરણતા એ સ્વરૂપાવચ્છિન્ન-જાતિત્વાભાવાધિકરણતાનિરૂપિતસ્વરૂપસંબંધથી તો દ્રવ્યમાં રહેવાની જ નથી. આમ અહીં તાદૃશાધિકરણતા-સામાન્યાભાવ મળી ગયો. એટલે સ્વરૂપસંબંધાવચ્છિન્ના એવી દ્રવ્યત્વાભાવત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા લેવાશે. અને તેનો અવચ્છેદક દ્રવ્યત્વાભાવત્વ બની જતા અતિવ્યાપ્તિ ન આવે.

અહીં, પ્રતિયોગિતાવચ્છેદક સંબંધ કહ્યો છે, પણ એ સાધ્યતાવચ્છેદક સંબંધ જ હોવો જોઈએ. જો એમ ન લો, તો **વહ્નિમાન્ ધૂમાત્**માં સમવાયથી વહ્નિનો અભાવ લઈએ. હવે પ્રતિયોગિતાવચ્છેદક સમવાયાવચ્છિન્ન પર્વતત્વાદિની જ અધિકરણતા પર્વતમાં મળે. કેમકે પર્વતમાં સમવાયથી વહ્નિની અધિકરણતા મળવાની જ નથી. હવે પ્રતિયોગિતાવચ્છેદકવહ્નિત્વાવચ્છિન્નવહ્નિની અધિકરણતા એ સમવાયાવચ્છિન્નધિકરણતા નિરૂપિંત સ્વરૂપ સં.થી તો પર્વતમાં રહેવાની જ નથી. એટલે અધિકરણતાસામાન્યાભાવ મળી જાય. અને તો પછી સમવાયાવચ્છિન્ન એવી વહ્નિત્વાવચ્છિન્ન પ્રતિયોગિતા પણ લઈ શકાય. અને તેનો અવચ્છેદક તો વહ્નિત્વ બની જતા અવ્યાપ્તિ આવવાની જ છે. એટલે અહીં જે

અભાવ લઈએ તે સાધ્યતાવચ્છેદકસંબંધા વચ્છિન્ન પ્રતિયોગિતાક જ લેવો. ગમે તે ન લેવો. અને તેથી પ્રતિયોગિતાવચ્છેદક-સંબંધ તરીકે સાધ્યતાવચ્છેદક સંબંધ જ આવશે.

આ વાતની પુષ્ટિ જાગદીશીની પંક્તિ ઉપરથી જ થાય છે. અહીં घटत्वावच्छिन्नाधिकरणतासामान्यस्येव तद्वह्निनिरूपितसंयोगसम्बन्धावच्छिन्नाधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेनाभावस्य हेतुमति सत्वेन तादृशसम्बन्धेन.... લખેલ છે.

---

**जागदीशी** - **निरुक्ताधिकरणत्वाऽभाववत्वञ्च हेतुमतो निरवच्छिन्नविशेषणतयैव वाच्यमतः कपिसंयोगाधिकरणत्वाभावस्य वृक्षवृत्तित्वेऽपि तत्साध्यके एतद्वृक्षत्वादिहेतौ नाव्याप्तिः ।**

---

**चन्द्रशेखरीया : ननु** तथापि **कपिसंयोगी एतद्वृक्षत्वात्** इत्यादावव्याप्तिः । कपिसंयोगाभावप्रतियोगिता-वच्छेदकसमवायसम्बन्धावच्छिन्नकपिसंयोगाधिकरणता एतद्वृक्षे शाखावच्छेदेन स्वरूपसम्बन्धेन वर्तते । किन्तु तादृशाधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेनैव कपिसंयोगत्वावच्छिन्नप्रतियोगितावच्छेदककपिसंयोगत्वा वच्छिन्नकपिसंयोगाधिकरणतासामान्यस्य मूलावच्छेदेनाभावोऽपि वर्तते । तथा च समवायावच्छिन्नाया: कपिसंयोगनिष्ठप्रतियोगिताया: तादृशप्रतियोगितापदेन ग्रहणात् भवत्यव्याप्तिः इति **चेत्** न, अत्र निरवच्छिन्नाया: एव तादृशाभाववत्ताया: विवक्षितत्वात् । एतद्वृक्षे च कपिसंयोगाधिकरणतासामान्याभावः मूलावच्छिन्नः एव वर्तते । न तु निरविच्छन्नः, तथा च न स गृह्यते, किन्तु निरवच्छिन्नः तादृशघटाधिकरणतासामान्याभावः एव ग्रहीतुं शक्यते, तत्प्रतियोगिताया: घटनिष्ठाया: अनवच्छेदकमेव कपिसंयोगत्वं इति नाव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા :** અહીં એક વાત વિશેષ ખ્યાલ રાખવી કે **કપિસંયોગવાન્ એતદ્વૃક્ષત્વાત્**માં કપિસંયોગાભાવપ્રતિ-યોગીતાવચ્છેદક-સમવાયસંબંધાવચ્છિન્નકપિસંયોગાધિકરણતાનિરૂપિત-સ્વરૂપસંબંધથી કપિસંયોગત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાવચ્છેદકપિસંયોગત્વાવચ્છિન્ન કપિસંયોગાધિકરણતાસામાન્યનો એતદ્વૃક્ષમાં મૂલાવચ્છેદેન અભાવ મળી જ જવાનો છે. આમ કપિસંયોગનિષ્ઠ પ્રતિયોગિતા લઈ શકાશે અને તેનો અવચ્છેદક કપિસંયોગત્વ બને. એટલે અવ્યાપ્તિ આવે. આ આપત્તિ દૂર કરવા માટે એ અધિકરણતાસામાન્યાભાવ એ 'નિરવચ્છિન્ન' જ હોવો જોઈએ. એવો લક્ષણમાં નિવેશ કરવો. એતદ્વૃક્ષમાં તો તાદશાધિકરણતા-સામાન્યાભાવ એ મૂલાવચ્છિન્ન છે. પરંતુ નિરવચ્છિન્ન નથી. માટે તે ન લેવાય. પરંતુ નિરવચ્છિન્ન એવો સમવાયેન ઘટાધિકરણતા-સામાન્યાભાવ લેવાય. એટલે લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ ન આવે.

(આ બધું જ વિવેચન વિવૃત્તિ વગેરે કોઈ ટીકામાં નથી. પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અસીમ કૃપાના બળે જે સમજાયું તે લખ્યું છે. વિશેષ હકીકત નૈયાયિકો પાસેથી જાણવી.)

---

**जागदीशी** – **अत्र च प्रतियोगितावच्छेदकधर्मावच्छिन्नत्वं साध्यतावच्छेदकताघटकसम्बन्धेनैव ग्राह्यं,–**

**तेनाय:पिण्डस्यापि कालिकादिसम्बन्धेन यद्धूमत्वविशिष्टं तृणादिकं । संयोगेन**

**तस्याधिकरणत्वेऽपि,–'धूमवान् वह्ने' रित्यादौ नातिव्याप्तिः ।**

---

**चन्द्रशेखरीया :** ननु दीधित्यां यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणं हेत्वधिकरणं, तद्वृत्यभावस्य तादृशप्रतियोगितायाः एव अनवच्छेदकत्वं साध्यतावच्छेदके....इति उक्तं, तदनुसारेण तु **धूमवान् वह्नेः** इति अत्र अतिव्याप्तिः । अयोगोलके वह्निः वर्तते, धूमः न वर्तते, इति तदेव व्यभिचार निरूपकं, किन्तु तथापि धूमाभावप्रतियोगितायाः धूमनिष्ठायाः अवच्छेदकं धूमत्वं, तदवच्छिन्नश्च यथा धूमो भवति, तथा धूमत्वस्य कालिकेनायोगोलकगततृणवृत्तित्वात् तृणमपि कालिकेन धूमत्वावच्छिन्नं भवति । तदधिकरणं च अयोगोलकं इति प्रतियोगितावच्छेदकावच्छिन्न-सामान्यस्यानधिकरणं अयोगोलकं न भवति । इत्थं च साध्याभावस्य लक्षणाघटकत्वात् अन्याभावमादायातिव्याप्तिः भवेदेव । कोऽन्योऽभावो इति पृच्छसि त्वं, तदाऽयोगोलकभेद-विशिष्टघटाभावः एव गृह्यताम् । तत्प्रतियोगितावच्छेदकं अयोगोलकभेदविशिष्टघटत्वं, तस्य कालिकेन तृणादौ वर्तमानत्वेऽपि अयोगोलकभेदविशिष्टघटत्वावच्छिन्नस्य तृणस्यानधिकरणमेवायोगोलकमिति लक्षणसमन्वयः इति चेत् न, साध्यतावच्छेदकताघटकसम्बन्धेनैव प्रतियोगितावच्छेदको यत्र वर्तते, स एव प्रतियोगितावच्छेदका वच्छिन्नत्वेन ग्राह्यः । अत्र धूमनिष्ठायाः साध्यतायाः अवच्छेदकं धूमत्वं समवायेनैव धूमे वर्तमानं सत् साध्यतावच्छेदकं भवति । तथा चात्र साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धः समवायः, तेन सम्बन्धेन धूमत्वं धूमेष्वेव वर्तते । न तु तृणे इति धूमत्वावच्छिन्नाः धूमाः एव, न तु तृणं, तेषामनधिकरणं अयोगोलकं, तद्वृत्ति-धूमाभावस्य प्रतियोगितायाः अवच्छेदकं धूमत्वम् इति नातिव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** યાદશપ્રતિયોગિતાવચ્છેદકધર્માવચ્છિન્નનું અનધિકરણ... ઇત્યાદિ તમે ઉત્તર આપ્યો છે. પણ તો ય **'ધૂમવાન્ વહ્નેઃ'** માં વાંધો આવશે. અહીં વહ્ન્યધિકરણ અયોગોલકમાં ધૂમાભાવ લો છો. તો ય ધૂમનિષ્ઠપ્રતિયોગિતાનો અવચ્છેદક ધૂમત્વ બનશે અને તદવચ્છિન્ન તરીકે જેમ ધૂમો બને તેમ કાલિકસંબંધથી તે જ ધૂમત્વ અયોગોલકમાં રહેલા તૃણાદિમાં પણ છે. એટલે તૃણ પણ ધૂમત્વ-અવચ્છિન્ન બની ગયું. અને તેનું તો અધિકરણ જ આ અયોગોલક છે. એટલે અહીં યાદશપ્રતિયોગિતાવચ્છેદકધૂમત્વાવચ્છિન્નસામાન્યનું અનધિકરણ પણ એ અયોગોલક ન બનતું હોવાથી સાધ્યાભાવ લક્ષણઘટક ન બનતા બીજા અભાવ દ્વારા લક્ષણ ઘટી જાય. તેથી અતિવ્યાપ્તિ આવે. અહીં અયોગોલકભેદવિશિષ્ટઘટાભાવ લક્ષણઘટક બનશે. કેમકે અયોગોલકભેદવિશિષ્ટઘટત્વાવચ્છિન્ન ભલે ને તૃણાદિ બને. તો પણ અયોગોલકભેદવિશિષ્ટ ઘટત્વાવચ્છિન્નતૃણનું અધિકરણ અયોગોલક ન બને. એટલે લક્ષણ સમન્વય થઈ જાય છે.

**ઉત્તર :** સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકસંબંધથી જ પ્રતિયોગિતાવચ્છેદક ધર્મ જ્યાં રહ્યો હોય, તે જ તદવચ્છિન્ન તરીકે લેવાય. જુઓ, અહીં સાધ્યતાવચ્છેદક ધૂમત્વ છે. એ ધૂમમાં સમવાયથી રહે છે. એટલે સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકસંબંધ=સાધ્યતાવચ્છેદકને રહેવાનો સંબંધ સમવાય બને છે. અને સમવાયથી તો એ ધૂમત્વ ધૂમોમાં જ રહે. તૃણમાં નહીં. એટલે પ્રતિયોગિતાવચ્છેદકધૂમત્વાવચ્છિન્ન તરીકે ધૂમો જ બને. તેનું અનધિકરણ અયોગોલક મળી જાય. માટે સાધ્યાભાવ મળી જતા અતિવ્યાપ્તિ ન આવે.

**जागदीशी - प्रतियोगितावच्छेदकताघटकसम्बन्धेन तदवच्छिन्नत्वनिवेशे तु– 'प्रतियोगिता-नवच्छेदकत्व'मित्यत्रावच्छेदकत्वं साध्यतावच्छेदकताघटक-सम्बन्धेनैव ग्राह्यम्,– अन्यथा विषयितासम्बन्धेन रूपत्वावच्छिन्नस्य ज्ञानादेः पृथिव्यादौ समवायेनाभावस्य सत्त्वात् – 'रूपवान् पृथिवीत्वा' दित्यादावव्याप्तिप्रसङ्गात् ।**

---

**चन्द्रशेखरीया : ननु** प्रतियोगितावच्छेदकतावच्छेदकसम्बन्धेनैव प्रतियोगितावच्छेदकावच्छिन्नत्वमुच्यतां, किं साध्यातवच्छेदकतावच्छेदकसम्बन्धेन प्रतियोगितावच्छेदकावच्छिन्नत्वं उच्यते । तावतैव अतिव्याप्तिनिरासात् । समवायेन धूमत्वविशिष्टधूमस्य योऽभावः, तत्प्रतियोगितावच्छेदकतायाः धूमत्वनिष्ठायाः अवच्छेदकः सम्बन्धः समवायः एव इति, समवायेन धूमत्वावच्छिन्नधूमानां अनधिकरणमेवायोगोलकं इति नातिव्याप्तिः भवतीति **चेत्** सत्यं, किन्तु एवं निरूप्यमाणे सति **रूपवान् पृथ्वीत्वात्** इति अत्र अव्याप्तिः भवेत्, रुपत्वं विषयितासम्बन्धेन रूपत्वविषयकज्ञाने वर्तते । तच्च ज्ञानं पृथ्वीत्वाधिकरणे घटे समवायेन नास्ति । अतः रूपत्वविशिष्टज्ञानमेव लक्षणघटकं, यतोऽत्र प्रतियोगितावच्छेदकं रूपत्वं, तच्च ज्ञाने विषयितासम्बन्धेन वर्तते अतः रुपत्वनिष्ठायाः प्रतियोगितावच्छेदकतायाः अवच्छेदकः सम्बन्धः विषयितात्मकः एव, तेन सम्बन्धेन रुपत्वावच्छिन्नं च तज्ज्ञानमेव। तस्य साध्यतावच्छेदकसमवायेनानधिकरणं घटः, तत्र रूपत्वविशिष्टज्ञानाभावः । तत्प्रतियोगितायाः विशिष्ट ज्ञाननिष्ठायाः अवच्छेदकं रुपत्वमेव साध्यतावच्छेदकमित्यव्याप्तिः, अतः साध्यतावच्छेदकता घटकसम्बन्धेनैव प्रतियोगितावच्छेदकावच्छिन्नत्वं युक्तं वक्तुं, तथाच नाव्याप्तिः । रूपत्वविशिष्टज्ञानाभावस्य प्रतियोगितावच्छेदकं रूपत्वं, किन्तु साध्यतावच्छेदकतावच्छेदकसमवायसम्बन्धेन रूपत्वविशिष्टानि तु रूपाण्येव, न तु ज्ञानं, तेषां रूपाणां तु अधिकरणं एव घटादिः इति रूपत्वविशिष्टज्ञानाभावस्य लक्षणाघटकत्वात् नाव्याप्तिः, अभावान्तरमादायैव लक्षणसमन्वयसंभवात् । यदि च प्रतियोगितावच्छेदकताघटकसम्बन्धेनैव प्रतियोगितावच्छेदक-अवच्छिन्नत्वविवक्षणे दृढाग्रहोऽस्ति भवतां, तदा तु सोऽपि सम्यक् किन्तु केवलं तत्र लक्षणघटकाभावप्रतियोगितानवच्छेदकत्व...." इति अत्र तादृशप्रतियोगितावच्छेकता साध्यतावच्छेकताघटक-सम्बन्धाच्छिन्ना ग्राह्या । अर्थात् प्रतियोगितावच्छेदकताघटकसम्बन्धेन प्रतियोगितावच्छेदकेनावच्छिन्नानि यानि, तेषामनधिकरणं यत् हेत्वधिकरणं, तस्मिन्वर्तमानस्य तादृशाभावस्य प्रतियोगितायाः साध्यतावच्छेदकता-घटकसम्बन्धावच्छिन्ना या अवच्छेदकता, तदभाववत्वं साध्यतावच्छेदके ग्राह्यं । इत्थं च नाव्याप्तिः । लक्षणघटकस्य तादृशज्ञानाभावस्य प्रतियोगितायाः ज्ञाननिष्ठायाः अवच्छेदकं यद्यपि भवति रूपत्वं । तथापि तद् रूपत्वं ज्ञाने विषयितया वर्तते । अतः रूपत्वनिष्ठा प्रतियोगितावच्छेदकता विषयितासम्बन्धावच्छिन्ना, न तु साध्यतावच्छेदकताघटकसमवायावच्छिन्ना । अतः न सा लक्षणघटकत्वेन ग्रहीतुं शक्या । किन्तु घटत्वनिष्ठा एव लक्षणघटकघटाभावप्रतियोगितावच्छेदकता साध्यतावच्छेदकताघटकसमवायावच्छिन्ना ग्रहीतुं शक्या, तदनवच्छेदकं च रूपत्वमिति नाव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગિતાવચ્છેદક જેમાં રહે તે પ્રતિયોગિતાવચ્છેદકથી અવચ્છિન્ન ગણાય. આમ કહો તો શું વાંધો ? ધૂમાભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક ધૂમત્વ છે. અને તે ધૂમમાં સમવાયથી જ રહે છે. એટલે પ્રતિ.અવ.તા. અવચ્છેદક સંબંધ સમવાય જ બનશે. અને તે સંબંધથી તો ધૂમત્વ એ માત્ર ધૂમમાં જ રહેવાથી, તૃણાદિ લેવાશે જ નહી. માટે અતિવ્યાપ્તિ આવવાની જ નથી.

**ઉત્તર :** જો પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન લેવાની વિવક્ષા કરવી હોય તો બીજો કોઈ વાંધો નથી. પણ ત્યાં પછી 'હેત્વધિકરણવૃત્તિ-અભાવપ્રતિયોગિતાની અનવચ્છેદકતા' એમ જે કહેશું. તેમાં તાદશપ્રતિયોગિતાનો અવચ્છેદક એ સાધ્યતાવચ્છેદકતા-અવચ્છેદક-સંબંધથી જ રહેલો લેવાનો. અર્થાત્ તાદશપ્રતિયોગિતાવચ્છેદકતા એ સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન જ લેવાની અને તેનો અભાવ સાધ્યતાવચ્છેદકમાં લેવાનો. જેમકે ઘટપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ છે. અને તે સાધ્યતાવચ્છેદક-તાવચ્છેદક સમવાયથી જ ઘટમાં રહે છે. આમ ઘટત્વમાં સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધાવચ્છિન્ન એવી તાદશાભાવપ્રતિયોગિતાવચ્છેદકતા છે અને તેનો અભાવ વહ્નિત્વમાં છે. એટલે લક્ષણ સમન્વય 'વહ્નિમાન્ ધૂમાત્' સ્થળે થઈ જ જાય છે.

જો આ પ્રમાણે ન માનો તો, **રૂપવાન્ પૃથ્વીત્વાત્** અહીં અવ્યાપ્તિ આવે. કેમકે રૂપવિષયક જે જ્ઞાન થાય એ જ્ઞાનમાં વિષયિતાસંબંધથી રૂપત્વ રહી જાય. એટલે એ જ્ઞાન રૂપત્વવિશિષ્ટજ્ઞાન બને. પૃથ્વીત્વાધિકરણ ઘટાદિમાં આ રૂપત્વવિશિષ્ટજ્ઞાન એ સમવાયથી રહેતું નથી. અહીં પ્રતિયોગિતાવચ્છેદક ધર્મ રૂપત્વ છે અને તે જ્ઞાનમાં વિષયિતા સંબંધથી રહેલ છે. અને તે સંબંધથી અવચ્છિન્ન તો એ જ્ઞાન જ બને અને સાધ્યતાવચ્છેદક સમવાયથી જ્ઞાનનું અનધિકરણ એવો ઘટ બને. તેમાં આ જ્ઞાનાભાવ મળે. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક રૂપત્વ મળી જતા અવ્યાપ્તિ આવે. પણ અમે કહ્યા પ્રમાણે માનો તો વાંધો ન આવે. કેમકે રૂપત્વમાં જે પ્રતિયોગિતાવચ્છેદકતા આવી એ તો વિષયિતા-સંબંધાવચ્છિન્ન છે. સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સમવાયાવચ્છિન્ન નથી. એટલે આ લેવાશે જ નહિ. પરંતુ ઘટાભાવ લેવાશે. તેની ઘટત્વમાં રહેલી પ્રતિયોગિતા-અવચ્છેદકતા સાધ્યતાવચ્છેદક સમવાયાવચ્છિન્ન છે જ. અને આવી પ્રતિ. અવચ્છેદકતાનો અભાવ રૂપત્વમાં મળી જતાં લક્ષણ ઘટી જાય અવ્યાપ્તિ ન આવે.

અહીં અમારી પ્રથમ વિવક્ષા લો તો તો જરાય વાંધો ન આવે. કેમકે રૂપત્વવિશિષ્ટજ્ઞાનાભાવ લો છો. પરંતુ સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સમવાયસંબંધથી તો પ્રતિયોગિતાવચ્છેદક એવું રૂપત્વ માત્ર રૂપમાં જ છે. એટલે સમવાયથી રૂપત્વાવચ્છિન્ન તરીકે રૂપ જ બને. અને તેનું અનધિકરણ તો ઘટાદિ બનવાના નથી. માટે અવ્યાપ્તિ આવવાનો પ્રશ્ન જ ઉભો ન થાય. એટલે (i) સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક-સંબંધેન પ્રતિયોગિતાવચ્છેદકતા-અવચ્છેદકત્વ અથવા (*ii*) પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદકસંબંધેન પ્રતિયોગિતાવચ્છેદક-અવચ્છિન્નત્વ લો, તો ત્યાં તાદશાભાવપ્રતિયોગિતાવચ્છેદકતા સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન જ લેવાની. અને તાદશાવચ્છેદકતાના અભાવવાળો સાધ્યતાવચ્છેદક લેવાનો. આમ બેમાંથી કોઈપણ વિવક્ષા ચાલે.

---

**जागदीशी** - **वस्तुतः-साध्यतावच्छेदकताघटकसम्बन्धावच्छिन्नं**

**यत्प्रतियोगितावच्छेदकत्वं तन्निरूपितस्वरूपसम्बन्धेनैव निरुक्तप्रतियोगितावच्छेदकत्वस्याऽभावः साध्यतावच्छेदकधर्मे वक्तव्यः,**

**तेन 'वह्निमान् धूमा'दित्यादौ यत्र वह्नित्वादिनिरूपितसमवायादिसम्बन्धेन वह्नित्वादेः साध्यतावच्छेदकत्वं, तत्र तादृशसम्बन्धावच्छिन्नस्यप्रतियोगिव्यधिकरणहेतुमन्निष्ठाभाव-प्रतियोगितावच्छेदकत्वस्याप्रसिद्धावपि न क्षतिरिति ध्येयम् ।**

---

**चन्द्रशेखरीया :** ननु तथापि यत्र वह्नित्वनिरूपितसमवायसम्बन्धेन वह्नित्वविशिष्टः वह्निः साध्यः, तत्र धूमहेतुके स्थले अव्याप्तिः । अत्र साध्यतावच्छेदकं वह्नित्वं न केवलं शुद्धसमवायेन वह्नौ गृह्यते, किन्तु वह्नित्वनिरूपितसमवायेनैव । तथा च अत्र साध्यतावच्छेदकता-घटकसम्बन्धः वह्नित्वनिरूपितसमवायः । एवं च यथा संयोगेन घटपटादयः प्रभूताः पदार्थाः भूतलादौ वर्तितुमर्हाः, किन्तु घटनिरूपितसंयोगेन तु केवलं घट एव वर्तितुं शक्यः । पटादिस्तु पटनिरूपितसंयोगादिनैव वर्तते । एवमत्राऽपि समवायेन रूपत्ववह्नित्वघटपटादयः प्रभूताः पदार्थाः रूपादिषु वर्तन्ते । किन्तु वह्नित्वनिरूपितसमवायेन तु केवलं वह्नित्वमेव वह्नौ वर्तते । रूपत्वादिस्तु रूपत्वनिरूपितसमवायेन वर्तते । इत्थं च अत्र यद्यपि वह्न्यभावो न लक्षणघटकः, तत्प्रतियोगितावच्छेदकवह्नित्वावच्छिन्नस्य वह्नेः अधिकरणमेव धूमाधिकरणं भवतीति कृत्वा । किन्तु घटाद्यभावः । तस्य प्रतियोगिता घटे वर्तते । तत्प्रतियोगितावच्छेदकता घटत्वे वर्तते । किन्तु सा न साध्यतावच्छेदकताघटकसम्बन्धावच्छिन्ना । यतः साध्यतावच्छेदकताघटकसम्बन्धस्तु वह्नित्वनिरूपितसमवायः, तेन सम्बन्धेन घटत्वस्य कुत्रापि अवर्तमानत्वात्, घटत्वनिष्ठा प्रतियोगितावच्छेदकता वह्नित्वनिरूपितसमवाया वच्छिन्ना न भवति । अनयैव रीत्या सर्वाः प्रतियोगितावच्छेदकताः लक्षणघटकीभूताः न वह्नित्वनिरूपितसमवायावच्छिन्नाः इति लक्षणघटकीभूतायाः साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नायाः प्रतियोगितावच्छेदकताया असंभवात् अव्याप्तिर्भवति एव । यदि हि वह्न्यभावो लक्षणघटकः भवेत् तदैव वह्नित्वनिष्ठा वह्न्यभाव-प्रतियोगितावच्छेदकता वह्नित्वनिरूपितसमवायावच्छिन्ना भवेत्, किन्तु सः अभावो लक्षणघटकः न भवत्येव इति निरूपितं प्राक् इति चेत् न, "साध्यतावच्छेदकताघटकसम्बन्धावच्छिन्ना या प्रतियोगितावच्छेदकता, तन्निरूपितस्वरूपसम्बन्धेनैव निरूक्तप्रतियोगितावच्छेदकताऽभावः एव साध्यतावच्छेदकधर्मे वक्तव्यः" इति लक्षणस्य विवक्षितत्वात् साध्यतावच्छेदकताघटकेन वह्नित्वनिरूपितसमवायेनावच्छिन्ना प्रतियोगितावच्छेदकता तु वह्नित्वे एव वर्तते । लक्षणघटकस्तु अभावः घटाभावादिरेव इति तत्प्रतियोगितावच्छेदकता स्वरूपेण घटत्वादौ वर्तते । अतः वह्नित्वनिरूपित-समवायावच्छिन्न-प्रतियोगितावच्छेदकतानिरूपितेन स्वरूपसम्बन्धेन लक्षणघटकप्रतियोगितावच्छेदकतायाः अभावः एव वह्नित्वे वर्तते इति लक्षणसमन्वयात् नाव्याप्तिः । **अत्रेदमवधेयं** यद्यपि लक्षणघटको यः अभावः, तस्यैव साध्यतावच्छेदकता-घटकसम्बन्धावच्छिन्ना प्रतियोगितावच्छेदकता ग्राह्या । यथा रूपत्वविशिष्टज्ञानाभावः यत्र लक्षणघटकः, तत्रापि प्रतियोगिता-अवच्छेदकता रूपत्वनिष्ठा विषयितासम्बन्धावच्छिन्ना भवति, न तु साध्यतावच्छेदकघटकसम्बन्धावच्छिन्ना इति न सा ग्रहीतुं शक्या, किन्तु घटाभावप्रतियोगितावच्छेदकता एव

साध्यतावच्छेदकता-घटकसमवायावच्छिन्ना गृहीता । किन्तु सर्वत्र न लक्षणघटकाभावस्यैव साध्यतावच्छेदकताघटकसम्बन्धावच्छिन्ना प्रतियोगितावच्छेदकता ग्रहीतुं शक्या । यथा वह्नित्वनिरूपितसमवायेन यत्र वह्निः साध्यः तत्र घटाभावः लक्षणघटकः भवति । तत्प्रतियोगितावच्छेदकता तु घटत्वनिष्ठा शुद्धसमवायावच्छिन्नैव, न पुनः वह्नित्वनिरूपितसमवायावच्छिन्ना इति सा न गृह्यते । एवं सर्वेषामपि अभावानां प्रतियोगितावच्छेदकता न ग्रहीतुं शक्यते । तथा च अव्याप्तिरेव भवेत् । अतः अत्र भूतले यः वह्न्यभावः वर्तते। तस्य साध्यतावच्छेदकघटकवह्नित्वनिरूपितसमवायावच्छिन्ना एव प्रतियोगितावच्छेदकता लक्षणघटकत्वेन गृह्यते, तन्निरूपितसम्बन्धेन घटत्वावच्छिन्नघटानधिकरणहेत्वधिकरण-वृत्यभावप्रतियोगितावच्छेदकतायाः घटत्वनिष्ठायाः वह्नित्वे अभावः वर्तते इति लक्षणसमन्वयः । इत्थं च अत्र प्रथमं वह्न्यभावम् आदाय तादृशप्रतियोगितावच्छेदकतानिरूपितस्वरूपसम्बन्धः गृहीतः, पश्चात् तु घटाभावमादाय लक्षणसमन्वयः कृतः इति अतिगहनोऽयं पदार्थः, गांभीर्यधीरतादिगुणान् समाश्रित्यैव चिन्तनं कर्तव्यमिति उपदेशः ।

**चन्द्रशेखरीया :** વસ્તુતઃ ખરી વાત તો એ છે કે, "સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક-સંબંધાવચ્છિન્ન એવી જે પ્રતિયોગિતાવચ્છેદકતા હોય, તન્નિરૂપિત-સ્વરૂપસંબંધથી જ પ્રતિયોગીસામાન્યાનધિકરણ-હેત્વધિકરણવૃત્તિ-અભાવપ્રતિયોગિતાવચ્છેદકતા એ પેલા સાધ્યતાવચ્છેદક ધર્મમાં ન રહેવી જોઈએ." એટલું જ લક્ષણ બનાવવું.

જો આમ ન કરો, તો **'વહ્નિમાન્ ધૂમાત્'** સ્થળે વાંધો આવશે. અહીં વહ્નિત્વ એ સાધ્યતાવચ્છેદક છે. એટલે આમ તો સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધ સમવાય જ બને. કેમકે વહ્નિત્વ એ સમવાયથી રહે છે. પરંતુ જ્યાં વહ્નિત્વનિરૂપિતસમવાયને જ સાધ્યતાવચ્છેદકતા-અવચ્છેદક તરીકે લેવામાં આવે ત્યાં એ સ્થાન સાચું હોવા છતાં વાંધો આવશે. વહ્નિત્વનિરૂપિતસમવાય માત્ર વહ્નિમાં જ મળે. બીજે કશે ન મળે. હવે તમે કહી ગયા છો કે, "હેત્વધિકરણવૃત્તિ-અભાવપ્રતિયોગિતાવચ્છેદકતા એ સાધ્યતાવચ્છેકતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન જ લેવાની છે. અહીં સા.અ.અ.સંબંધ વહ્નિત્વનિરૂપિત-સમવાય છે. એ સંબંધથી વહ્નિત્વવાળા એવા વહ્નિનો અભાવ તો લઈ શકાય જ નહિ. કેમકે એના પ્રતિયોગી વહ્નિ તો સાધ્યતાવચ્છેદક-સંયોગસંબંધથી હેત્વધિકરણમાં રહેલા જ છે. એટલે વહ્ન્યભાવ ન મળે. હવે ઘટાભાવ મળી તો જાય. પણ તેની પ્રતિયોગિતાવચ્છેદકતા એ ઘટત્વમાં આવે. અને એ ઘટત્વ સમવાયથી રહેતો હોવાથી એ પ્રતિ.અવ.તા એ સમવાયાવચ્છિન્ન બને. પરંતુ એ ઘટત્વ વહ્નિત્વનિરૂપિતસમવાયથી તો ક્યાંય રહેતો જ નથી. એ સંબંધથી તો માત્ર વહ્નિત્વ રહેવાનો છે. એટલે અહીં પ્રતિ.અવ.તા. એ સાધ્યતાવચ્છેદકતા-અવચ્છેદક એવા વહ્નિત્વનિરૂપિતસમવાયથી અવચ્છિન્ન તો મળવાની જ નથી.

આનો સાર એ કે વહ્નિત્વમાં આવનારી પ્રતિયોગિતાવચ્છેદકતા જ વહ્નિત્વનિરૂપિત સમવાયાવચ્છિન્ન બનવાની. કેમકે માત્ર વહ્નિત્વ જ આ સંબંધથી રહી શકે છે. પણ એ માટે તો વહ્ન્યભાવ લક્ષણઘટક બનાવવો પડે, જે બનતો નથી. અને બીજો કોઈપણ અભાવ લો, તો પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વાદિ જ બનશે. અને એ તો આ સંબંધથી કયાંય રહેતા જ નથી. એટલે તાદશપ્રતિયોગિતા-અવચ્છેદકતા એ વહ્નિત્વનિરૂપિતસમવાયાવચ્છિન્ન મળવાની જ નથી. અને તેથી લક્ષણ સમન્વય ન થતા અવ્યાપ્તિ આવે.

આ માટે જ, **"વસ્તુતઃ"**નો ખુલાસો જરૂરી છે. હવે વહ્ન્યભાવ સરોવરાદિમાં તો મળે જ છે. અને ત્યાં વહ્નિત્વમાં આવેલી પ્રતિયોગિતાવચ્છેદકતા એ સાધ્યતાવચ્છેદકવહ્નિત્વનિરૂપિત સમવાયસંબંધથી અવચ્છિન્ન મળે જ છે. હવે આ બાજુ ઘટાભાવાદિ લક્ષણઘટક બનાવીએ તો ઘટાભાવપ્રતિયોગીઘટસામાન્યનું સંયોગથી

અનધિકરણ એવા હેત્વધિકરણ પર્વતમાં વૃત્તિ એવા તે ઘટાભાવની પ્રતિયોગિતાની અવચ્છેદકતા તો ઘટત્વમાં જ છે. એ અવચ્છેદકતા એ વહ્નિત્વમાં તો સાધ્યતાવચ્છેદકતા-અવચ્છેદકસંબંધાવચ્છિન્ન-પ્રતિયોગિતાવચ્છેદકતાનિરૂપિતસ્વરૂપસંબંધથી રહેતી જ નથી. એટલે તેનો અભાવ મળી ગયો. આમ લક્ષણ સમન્વય થઈ જાય.

આ રીતે કરવાથી **રૂપવાન્ પૃથ્વીત્વાત્**માં પણ વાંધો નથી કેમકે ત્યાં સાધ્યતાવચ્છેદક રૂપત્વ છે. એ સમવાયથી રહે છે. એટલે સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સમવાય છે. હવે રૂપત્વવિશિષ્ટ જ્ઞાનના અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક રૂપત્વ બને છે. એટલે તેમાં પ્રતિયોગિતાવચ્છેદકતા આવી. પરંતુ એ તો વિષયિતાસંબંધાવચ્છિન્ન છે. સમવાયાવચ્છિન્ન નથી. માટે તે લેવાશે જ નહીં. એટલે પછી સમવાયાવચ્છિન્ન એવી ઘટાભાવીયપ્રતિયોગિતાવચ્છેદકતા લઈ લેવાશે અને એ અવચ્છેદકતા એ સ્વરૂપસંબંધથી ઘટત્વમાં જ રહેવાની છે. એટલે તાદૃશાવચ્છેદકતા-નિરૂપિતસ્વરૂપસંબંધથી લક્ષણઘટકાભાવ-પ્રતિયોગિતાવચ્છેદકતા ઘટત્વમાં જ રહેવાની છે. પરંતુ રૂપત્વમાં તો તેનો અભાવ જ મળવાનો. એટલે લક્ષણસમન્વય થઈ જાય છે.

અહીં, આમ તો લક્ષણઘટક જે અભાવ લઈએ તેની જ પ્રતિયોગિતાવચ્છેદકતા એ સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધાવચ્છિન્ન લેવાની છે. જેમકે **'રૂપવાન્ પૃથ્વીત્વાત્'**માં રૂપત્વવિશિષ્ટજ્ઞાનાભાવ લક્ષણઘટક બન્યો. પણ એની રૂપત્વમાં રહેલી પ્રતિયોગિતાવચ્છેદકતા એ તો વિષયિતાસંબંધાવચ્છિન્ન છે, સા.અ.અવચ્છેદકસંબંધ= સમવાયાવચ્છિન્ન નથી. માટે જ તે ન લીધી. અને ઘટાભાવ લક્ષણઘટક બનાવ્યો. તેની ઘટત્વમાં રહેલી પ્રતિયોગિતાવચ્છેદકતા એ સમવાયાવચ્છિન્ન મળી ગઈ. પરંતુ બધે આમ નહીં મળે. કેમકે જ્યાં વહ્નિત્વનિરૂપિતસમવાયસંબંધથી વહ્નિત્વવિશિષ્ટ વહ્નિ સાધ્ય છે. ત્યાં ઘટાભાવ લક્ષણઘટક લઈએ તો પણ ઘટત્વમાં રહેલી પ્રતિયોગિતાવચ્છેદકતા એ વહ્નિત્વનિરૂપિતસમવાયાવચ્છિન્ન બનતી જ નથી. એ તો જ્યારે વહ્નિ-અભાવ લક્ષણઘટક તરીકે મળે. ત્યારે જ વહ્નિત્વમાં રહેલી પ્રતિ.-અવચ્છેદકતા એ વહ્નિત્વનિરૂપિતસમવાયાવચ્છિન્ન બનશે. બીજી તો કોઈ પણ પ્રતિ.અવચ્છેદકતા એ વહ્નિત્વનિરૂપિત-સમવાયાવચ્છિન્ન બનવાની જ નથી. અને વહ્નિ-અભાવ લક્ષણઘટક બનવાનો જ નથી. એટલે અહીં સરોવરમાં રહેલા વહ્નિ-અભાવની વહ્નિત્વનિષ્ઠ એવી પ્રતિ.તા-અવચ્છેદકતા લેવી. અને તે તો વહ્નિત્વનિરૂપિત-સમવાયાવચ્છિન્ન બની જાય છે. જ્યારે લક્ષણઘટક તરીકે ઘટાદ્યભાવ લઈએ ત્યારે તેની પ્રતિ.અવચ્છેદકતા એ નિરુક્તસ્વરૂપસં.થી વહ્નિત્વમાં ન રહે અને એ રીતે લક્ષણ ઘટી જાય છે.

આ પદાર્થો ખુબ ગહન છે, શાંતિથી વિચારવા.

---

**जागदीशी** – **अत्र यादृशप्रतियोगितावच्छेदकधर्मे-तादृशप्रतियोगिताश्रयाधिकरणी-भूतयद्यद्यपर्वतव्यक्तिनिष्ठाधिकरणता ( निरुपित-आधेयता )-अनवच्छेदकत्वस्य, सामान्यतः ( यत्किंचित् )अधिकरणतावच्छेदकत्वस्य च,-द्वयोर्व्यतिरेकस्तत्तद्व्यक्ति-भेदकूटवत्त्वमेव 'यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणत्व' मित्यस्यार्थो बोध्यः।**

**तेन–'धूमव'दित्यादिप्रतीतेरवश्यक्लृप्ताभिः पर्वतत्वचत्वरत्वादितत्तद्धर्मविशिष्ट-**

**तत्तद्धूमत्वावच्छिन्नाधिकरणता( व्यक्ति )भिरेवोपपत्तौ धूमत्वाद्यखण्डधर्मावच्छिन्नाधिकरणतायां मानाभावात्,–**

**–धूमादिसामान्याभावप्रतियोगितावच्छेदकं यद्धूमत्वादिकं तदवच्छिन्नाधिकरणत्वाप्रसिद्धावपि-'धूमवान् वह्ने'रित्यादौ नातिव्याप्तिः,–**

**धूमाधिकरणतत्तद्व्यक्तिभेदकूटवत्त्वमादायैव धूमसामान्याभावस्य प्रतियोगितावच्छेदकावच्छिन्नवैयधिकरण्यसम्भवादिति ध्येयम् ।**

---

**चन्द्रशेखरीया :** ननु तथापि अत्रैव पूर्वं प्रतिपादितं यदुत "पर्वतीयधूमत्व-चत्वरीयधूमत्वादि-अवच्छिन्नाः अधिकरणताः अवश्यमेव मन्तव्याः, किन्तु धूमत्वावच्छिन्नाधिकरणता न मन्तव्या" इति तथाचातिव्याप्तिर्भवति 'धूमवान् वह्नेरित्यादौ। तथाहि अत्र साध्याभावः धूमाभावः, तस्य धूमनिष्ठप्रतियोगितायाः अवच्छेदकं धूमत्वं, तदवच्छिन्नस्यानधिकरणं हेत्वधिकरणं वक्तव्यं अस्ति, किन्तु धूमत्वावच्छिन्नाधिकरणता एव अप्रसिध्धा, अतो धूमत्वावच्छिन्नाधिकरणं न किञ्चिदस्ति, येन तद्भिन्नं हेत्वधिकरणं गृह्येत । तथा च न साध्याभावः लक्षणघटकोऽपि तु घटाद्यभावः, तस्य तादृशप्रतियोगितानवच्छेदकमेव साध्यतावच्छेदकं धूमत्वं इति अतिव्याप्तिः । यदि य धूमत्वावच्छिन्नाधिकरणतावत् घटत्वादिसामान्यधर्मावच्छिन्नाधिकरणता अप्रसिध्धा इति मन्यते, तदा तद्घटाभावमादाय लक्षणसमन्वयः कर्तव्यः इति चेत् न, यादृशप्रतियोगितावच्छेदकधर्मे तादृशप्रतियोगिताश्रयाधिकरणीभूतयत्यद्व्यक्तिनिष्ठाधिकरणतानिरुपकतानवच्छेदकत्वस्य अधिकरणतानिरुपकतानवच्छेदकत्वस्य च द्वयोरभावः तत्तदव्यक्तिभेदकूटवदेव हेत्वधिकरणं यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणत्वेन विवक्षितं बोध्यम् । धूमवान् वह्नेरित्यत्र धूमाभावप्रतियोगितावच्छेदकं धूमत्वं, तादृशधूमनिष्ठप्रतियोगितायाः आश्रयो यो धूमः, तदधिकरणीभूता ये पर्वतचत्वरमहानसादयः, तेषु याः अधिकरणताः, तासां निरूपकाः ये पर्वतीयधूमादयः, तेषु वर्तमानानां निरुपकतानामनवच्छेदकत्वम् धूमत्वे धर्मेऽस्ति । यतो धूमत्वावच्छिन्नाधिकरणतायाः अप्रसिद्धत्वं । यदि हि तादृशी अधिकरणता प्रसिद्धा भवेत् तदा तु धूमनिष्ठायाः तादृशाधिकरणतानिरुपकतायाः अवच्छेदकं धूमत्वं भवेत्, किन्तु धूमत्वावच्छिन्नाधिकरणता न स्वीक्रियते, अतः तादृशानवच्छेदकत्वं धूमत्वेऽस्ति, किन्तु सामान्यतोऽधिकरणतानिरुपकतावच्छेदकत्वं धूमत्वे नास्ति इति एकस्याभावात् उभयस्याप्यभावो मीलितः । अत्र च 'यद्यत्पदेन' पर्वत-चत्वरमहानसादयः एव गृहीताः, न त्वयोगोलकं, तस्य धूमाभाववत्वात् । तथा च यद्यत्पदगृहीतानां सर्वेषां भेदाः अयोगोलके वर्तते, अतः अयोगोलकं तत्तद्व्यक्तिभेदकूटवत् मीलितं । इत्थं च तदेवायोगोलकं यादृशप्रतियोगितावच्छेदकधूमत्वावच्छिन्नानधिकरणत्वेन लक्षणघटकं अभूत् । तस्मिन् धूमाभावः, तत्प्रतियोगितावच्छेदकं धूमत्वमिति नातिव्याप्तिरिति भावः ।

**ચન્દ્રશેખરીયા : પૂર્વપક્ષ :** આપણે આગળ જોઈ ગયા કે ધૂમત્વાવચ્છિન્નધૂમ-અધિકરણતા પ્રસિદ્ધ જ નથી. માત્ર પર્વતીયાદિધૂમત્વાવચ્છિન્નધૂમની અધિકરણતા જ પ્રસિદ્ધ છે. અને આમ હોવાથી **ધૂમવાન્ વહ્નેઃ**માં અતિવ્યાપ્તિ આવશે, કેમકે ત્યાં હેત્વધિકરણ એવા અયોગોલકમાં ધૂમાભાવ લેશું. તો પ્રતિયોગિતાવચ્છેદક

ધૂમત્વાવચ્છિન્ન ધૂમનું અનધિકરણ એવું હેત્વધિકરણ એ અયોગોલક બનવું જોઈએ. અનધિકરણ=અધિકરણભિન્ન અને અધિકરણ= અધિકરણતાવાન અર્થ થાય. અહીં, ધૂમત્વાવચ્છિન્ન ધૂમાધિકરણતા જ પ્રસિદ્ધ નથી. એટલે ધૂમત્વાવચ્છિન્નધૂમનું અધિકરણ પણ અપ્રસિદ્ધ બનતા, અધિકરણભિન્ન એવો હેત્વધિકરણ... ઇત્યાદિ પણ ન ઘટે. માટે ધૂમાભાવ લક્ષણઘટક ન લેવાય. એટલે બીજો અભાવ લેવાશે. અને તેના દ્વારા તો લક્ષણ સમન્વય થઈ જવાથી અતિવ્યાપ્તિ આવવાની જ.

ઉત્તર : યાદૃશપ્રતિયોગિતાવચ્છેદક એવા ધર્મમાં તાદૃશપ્રતિયોગિતાશ્રયાધિકરણીભૂત યદ્વ્યક્તિ નિષ્ઠાધિકરણતાનિરૂપકતાનવચ્છેદકતા + અધિકરણતાનિરૂપકતાવચ્છેદકતા એ બેનો અભાવ મળે. તત્ તત્ વ્યક્તિના ભેદોના કૂટવાળો એ જ "યાદૃશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નઅનધિકરણ" તરીકે વિવક્ષિત છે.

અહીં ધૂમાભાવની ધૂમત્વાવચ્છિન્નપ્રતિયોગિતાનો અવચ્છેદક ધૂમત્વ ધર્મ છે. અને ધૂમત્વાવચ્છિન્નપ્રતિયોગિતાના આશ્રય એવા ધૂમનું અધિકરણીભૂત જે પર્વતાદિ છે. તેમાં રહેલી જે ધૂમાધિકરણતા છે. તેની નિરૂપકતા ધૂમમાં છે. તે નિરૂપકતાનો અવચ્છેદક એ ધૂમત્વ બનતો જ નથી. કેમકે ધૂમત્વાવચ્છિન્નની અધિકરણતા જ માની નથી. એટલે ધૂમત્વમાં તાદૃશનિરૂપકતાનવચ્છેદકતા છે. પરંતુ અધિકરણતાનિરૂપકતા-વચ્છેદકતા તો નથી જ, કેમકે ધૂમત્વને અધિકરણતાનિરૂપકતાનો અવચ્છેદક માન્યો નથી. પર્વતીયધૂમત્વ વગેરેને જ તેવા પ્રકારના માનેલ છે. એટલે હવે અહીં યત્પદથી પર્વત-ચત્વર-મહાનસાદિ લેવાયા છે. પણ અયોગોલક લેવાયો નથી, કેમકે ધૂમત્વાવચ્છિન્નપ્રતિયોગિતાશ્રયાધિકરણ તરીકે અયોગોલક નથી બનતો. એટલે અયોગોલક એ તત્તદ્વ્યક્તિભેદકૂટવાન્ બન્યો. અને એટલે તે જ "યાદૃશ-પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નધૂમાનધિકરણ" તરીકે મળી જાય. અને તેથી ધૂમાભાવ જ લક્ષણઘટક તરીકે લેવાઈ જતા અતિવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी –** नन्वत्र प्रतियोगित्वादिकं नातिरिक्तः पदार्थः, 'प्रतियोगित्वादिकन्तु स्वरूप-सम्बन्धविशेष' इत्याद्युत्तरग्रन्थविरोधात्, –

– किन्तु स्वस्वसम्बन्धविशेषः,

स च यदि प्रतियोगिस्वस्यः, तदा 'वह्निमान् धूमा' दित्यादौ सर्वत्राऽसम्भवः,–

घटादिस्वस्यैव घटाद्यभावप्रतियोगित्वस्य घटत्वावच्छिन्नत्ववत् द्रव्यत्व-समवेतत्व-ज्ञेयत्वावच्छिन्नतया तादृशावच्छेदकीभूतज्ञेयत्वावच्छिन्नस्य हेतुमति सत्त्वात् प्रतियोगिव्यधिकरणाभावाप्रसिद्धेः ।

न च प्रतियोगितावच्छेदकस्यमेव प्रतियोगित्वमित्यदोषः,–

– समवायेन वह्नेः साध्यत्वे धूमादावतिव्याप्तिप्रसङ्गात्, समवायाऽवच्छिन्न-वह्न्यभावस्य वह्नित्वस्वरुपं यत् प्रतियोगित्वं-समवायवत् संयोगस्यापि तदवच्छेदकसम्बन्धतया-स्वावच्छेदकीभूत-तादृशसम्बन्धेन साधनवतः प्रतियोग्यनधिकरणत्वाभावात् ।

**चन्द्रशेखरीया :** ननु "प्रतियोगिता" इति कः अर्थः ? यदि हि अतिरिक्तः पदार्थोऽभिमन्येत, तदा तु प्रतियोगित्वादिकं तु स्वरुपसम्बन्धविशेषः एव" इति अग्रिमग्रन्थेन सह विरोधो भवेत्, तत्र प्रतियोगितायाः स्वरुपसम्बन्धात्मकत्वस्यैव प्रतिपादितत्वात् । अतः न सा प्रतियोगिता भिन्नपदार्थत्वेन स्वीकर्तुं शक्या । किन्तु स्वरुपसम्बन्धविशेषरुपा एव स्वीकरणीया । सा च स्वरुपसम्बन्धविशेषरुपा प्रतियोगिता यदि घटादिप्रतियोगिस्वरुपा तदा तु **वह्निमान् धूमादि**त्यादौ सर्वत्रैवासंभवः भवेत् । यतः तत्र लक्षणघटकत्वेन यदि घटाभावः गृह्येत, तदा तत्प्रतियोगिता घटनिष्ठा घटात्मकप्रतियोगिस्वरुपैव । घटश्च प्रतियोगितास्वरुपो घटत्वादिनेव प्रमेयत्वद्रव्यत्वादिनाप्यवच्छिन्नः । इत्थं च घटाभावप्रतियोगितावच्छेदकं यथा घटत्वं तथा द्रव्यत्वादिकमपि, तदवच्छिन्नस्य द्रव्यत्वस्य वृक्षादिरुपस्याधिकरणमेव हेत्वधिकरणं पर्वतः, न तु अनधिकरणम् इति एवंरीत्या न कोऽप्यभावो लक्षणघटको भवितुमर्हति । तथा च लक्षणस्यैवाघटनात् असंभवः भवेत् । न च प्रतियोगितावच्छेदकघटत्वादिरुपैव प्रतियोगिता, तस्याश्चावच्छेदकं घटत्वमेव, न तु प्रमेयत्वादिकं । तथा च प्रतियोगितास्वरुपस्य घटत्वस्यावच्छेदकं यतः घटत्वं, तेन घटत्वेनावच्छिन्नानां घटानामनधिकरणं पर्वतः इति घटाभावस्य लक्षणघटकत्वसंभवात् नासंभवः इति वच्यिम् तथा सति समवायेन वह्निमान् धूमादित्यत्रातिव्याप्तिप्रसङ्गो भवेत् । तथा हि भवद्भिः प्रतियोगिता प्रतियोगितावच्छेदकधर्मरुपा स्वीकृता । अत्र च साध्याभावः एव लक्षणघटकत्वेन भवतामभिप्रेतः असद्हेतुत्वात् । किन्तु न स मीलति । यतः समवायेन वह्न्यभावस्य प्रतियोगिता वह्निनिष्ठा वह्नित्वरुपैव, एवं संयोगेन वह्न्यभावस्य प्रतियोगिताऽपि वह्निनिष्ठा वह्नित्वरुपैव, वह्नित्वं च एकमेव । अतः समवायेन वह्न्यभावस्य वह्नित्वरुपा प्रतियोगिता यथा समवायावच्छिन्ना भवति, तथैव संयोगावच्छिन्नापि भवति । इत्थं च समवायेन वह्न्यभावस्य प्रतियोगितायाः अवच्छेदकः सम्बन्धः संयोगः समवायश्च, अत्र तु प्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणं ग्राह्यं । किन्तु अत्र प्रतियोगितावच्छेदकसम्बन्धेन संयोगसम्बन्धेन वह्नित्वावच्छिन्नवह्न्यधिकरणं न धूमाधिकरणं अतः साध्याभावस्य लक्षणाघटकत्वात् अतिव्याप्तिः भवत्येव ।

(२) **પ્રશ્ન :** પ્રતિયોગિતા એ શું પદાર્થ છે ? એ તદ્દન જુદો પદાર્થ તો મનાય જ નહીં, કેમકે આગળ જ આ પ્રતિયોગિતાને સ્વરૂપસંબંધવિશેષ તરીકે ઓળખવાના છે. "જો તેને જુદો પદાર્થ માનો, તો આગળના ગ્રન્થ સાથે વિરોધ આવે. તે ન આવે, તે માટે પ્રતિયોગિતા એ સ્વરૂપસંબંધરૂપ જ માનવી પડે. હવે પાછો પ્રશ્ન થાય કે, એ સ્વરૂપસંબંધ શું "પ્રતિયોગી" સ્વરૂપ માનવો ? જો એમ માનીએ તો તો પછી **વહ્નિમાન્ ધૂમાત્** વગેરે બધા સ્થાને અસંભવદોષ જ મળશે. તે આ પ્રમાણે-તમે ઘટાભાવને લક્ષણઘટક તરીકે લેશો, તો સ્વરૂપસંબંધરૂપ પ્રતિયોગિતા ઘટમાં આવશે અને પ્રતિયોગિતા તમે પ્રતિયોગી=ઘટ સ્વરૂપ જ માનો છો. તો પછી એ ઘટ તો જેમ ઘટત્વાવચ્છિન્ન છે, તેમ દ્રવ્યત્વ-સમવેતત્વ-જ્ઞેયત્વાદિથી પણ અવચ્છિન્ન જ છે અને એમ હોવાથી પ્રતિયોગિતાવચ્છેદક તરીકે દ્રવ્યત્વાદિ પણ લેવાય અને તેનાથી અવચ્છિન્ન બધા દ્રવ્યાદિ બને. અને હેત્વધિકરણ પર્વતમાં તો વૃક્ષાદિદ્રવ્યો સંયોગથી રહેલા જ છે. એટલે પ્રતિયોગિતાસામાન્યનું અનધિકરણ હેત્વધિકરણ જ ન મળે. આમ થવાથી બધે જ અસંભવદોષ આવે. પ્રતિયોગીવ્યધિકરણ અભાવ જ ન મળે. જો આ આપત્તિ નિવારવા પ્રતિયોગિતા એ પ્રતિયોગીસ્વરૂપ માનવાને બદલે, પ્રતિયોગિતાવચ્છેદક તરીકે ઈષ્ટ ઘટત્વાદિરૂપ જ માનો, અને એ પ્રતિયોગીત્વરૂપ ઘટત્વનું અવચ્છેદક તો ઘટત્વ જ બને. અને તેથી પ્રતિયોગિતા (ઘટત્વ)

અવચ્છેદક ઘટત્વથી અવચ્છિન્ન એવા ઘટોનું અનધિકરણ પર્વતાદિ મળી જતાં અવ્યાપ્તિ ન આવે." આવી રીતે નિરૂપણ કરો, તો પછી **'પર્વતઃ સમવાયેન વહ્નિમાન્ ધૂમાત્'** આ સ્થળે અતિવ્યાપ્તિ આવશે. તે આ પ્રમાણે, અહીં ધૂમાધિકરણમાં=પર્વતમાં સમવાયથી વહ્નિ-અભાવ એ લક્ષણઘટક તરીકે લેવો છે. તો અહીં, સમવાયથી વહ્નિના અભાવની પ્રતિયોગિતા વહ્નિત્વરૂપ છે. તેમ સંયોગથી વહ્નિના અભાવની પ્રતિયોગિતા પણ વહ્નિત્વરૂપ છે. હવે સંયોગેન વહ્ન્યભાવની પ્રતિયોગિતા(વહ્નિત્વ) તો સંયોગથી અવચ્છિન્ન જ ગણાય છે. હવે આ બેય અભાવમાં પ્રતિયોગિતા તો વહ્નિત્વરૂપ જ છે. અને તે એક જ હોવાથી સમવાયથી વહ્ન્યભાવની પ્રતિયોગિતા =વહ્નિત્વનો અવચ્છેદક સંયોગ, સમવાય બેય બની શકશે. એટલે પ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગીનું અનધિકરણ લેવાની જે વિવક્ષા કરવાના છે તે પ્રમાણે તો પ્રતિયોગિતાવચ્છેદક સંયોગથી વહ્નિનું અધિકરણ જ પર્વત બની જવાથી આ સ્થળે વહ્ન્યભાવ લક્ષણઘટક ન બને. એટલે ઘટાભાવને લઈને જ લક્ષણસમન્વય થઈ જતા અતિવ્યાપ્તિદોષ આવવાનો જ છે.

---

**जागदीशी - प्रतियोगितावच्छेदकीभूतयत्किंञ्चित्सम्बन्धेन प्रतियोग्यनधिकरणत्वोक्त्या तद्वारणे तु,-संयोगेन वह्निसाध्यके धूमादावव्याप्तिः, –**

**समवायावच्छिन्नवह्न्यभावस्यैव समवायेन प्रतियोगिव्यधिकरणस्य वह्नित्वस्वरुपं यत् प्रतियोगित्वं तस्यैव संयोगसम्बन्धेनाप्यवच्छिन्नत्वादिति चेत्, –**

---

**चन्द्रशेखरीया :** न च प्रतियोगितावच्छेदकीभूतेन येन केनचित्सम्बन्धेन प्रतियोग्यनधिकरणत्वविवक्षया नातिव्याप्तिः, वह्न्यभावस्य समवायात्मकेन एकेन सम्बन्धेन प्रतियोगितावच्छेदकीभूतेन प्रतियोगिरूपवह्नि-अनधिकरणं हेत्वधिकरणं पर्वतः भवत्येव । अतः साध्याभावस्य लक्षणघटकत्वात् नातिव्याप्तिः इति वाच्यम्। एवं सति संयोगेन वह्निमान् धूमादित्यत्र समवायेन वह्न्यभावप्रतियोगितावच्छेदकं वह्नित्वं, तदवच्छिन्नानां वह्नीनां प्रतियोगितावच्छेदकसमवायसम्बन्धेनानधिकरणं हेत्वधिकरणं पर्वतः, तस्मिन् वर्तमानस्य तस्यैव वह्न्यभावस्य प्रतियोगिता साध्यतावच्छेदकसंयोगावच्छिन्नाऽप्यस्ति, तत्प्रतियोगितावच्छेदकं वह्नित्वं भवतीत्यव्याप्तिः भवेत् अत्र ग्रन्थेऽग्रे **"साध्यतावच्छेदकसम्बन्धेन स्वप्रतियोग्यनधिकरण-हेत्वधिकरणीभूताभावप्रतियोगिता-वच्छेदकत्वं, प्रतियोगितावच्छेदकसम्बन्धेन वा स्वप्रतियोग्यनधिकरण-हेत्वधिकरणीभूताभावस्य साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नायाः प्रतियोगितायाः अनवच्छेदकत्वं साध्यतावच्छेदके ज्ञेयमिति"** वक्ष्यते, तत्र द्वितीयविवक्षानुसारेणात्राव्याप्तिः प्रदर्शिता इति बोध्यम् । अतः एव जागदीश्यां समवायमादाय वह्न्यभावं प्रतियोगिव्यधिकरणं साधयित्वा पश्चात् तस्य संयोगावच्छिन्ना प्रतियोगिता गृहीता । इत्थं चयादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नादिविवक्षायामपि न निस्तारः इति चेत् ।

**ચન્દ્રશેખરીયા : મધ્યસ્થ :** પ્રતિયોગિતાવચ્છેદક યત્કિંચિત્ સંબંધથી પ્રતિયોગીનું અનધિકરણ લેવાની વિવક્ષા કરશું. અહીં, પ્રતિયોગિતા (વહ્નિત્વરૂપ) નો અવચ્છેદક સંયોગ+સમવાય બે છે. અમે સમવાય લેશું અને તે સંબંધથી વહ્નિનું અનધિકરણ પર્વત બની જ જાય. આમ સાધ્યાભાવ લક્ષણઘટક બની જતા અતિવ્યાપ્તિ

न आवे.

**प्रश्न :** तो पछी, संयोगथी वह्निमान् धूमात् त्यां अव्याप्ति आवशे, केमके त्यां पण पर्वतमां समवायेन वह्न्यभाव लईए छीए. तेनी प्रतियोगितानो अवच्छेदक समवाय+संयोग बे छे. तेमां प्रतियोगितावच्छेदकसमवायथी प्रतियोगी=वह्निनुं अनधिकरण पर्वत मळी जाय छे. अने तेमां वह्न्यभाव छे. तेनी प्रतियोगिता=वह्नित्व ए तो संयोग+समवाय बेयथी अवच्छिन्न छे. एटले के, साध्यतावच्छेदक-संयोगथी अवच्छिन्न छे ज. अने ते प्रतियोगितानो अवच्छेदक वह्नित्व बनता अव्याप्ति आवशे.

आगळ बे विवक्षा करवाना छे. (i) साध्यतावच्छेदकसंबंधथी प्रतियोगी-अनधिकरण हेत्वधिकरण वृत्ति-अभावप्रतियोगितानवच्छेदक. (ii) प्रतियोगितावच्छेदकसंबंधथी प्रतियोगी-अनधिकरण हेत्वधिकरणवृत्ति-अभावनी साध्यतावच्छेदकसंबंधावच्छिन्न जे प्रतियोगिता होय, तेनुं अनवच्छेदक, आमां अमे बीजी व्याख्या प्रमाणे अव्याप्ति आपी छे. ख्याल राखवो के, संयोगेन वह्नि-अभाव+ समवायेन वह्नि-अभाव बेयनी प्रतियोगिता तो वह्नित्वजातिरूप एक ज मानी छे. अने तेथी ज अहीं ते प्रतियोगिता (वह्नित्व) संयोग+ समवाय उभयथी अवच्छिन्न बने छे. माटे वांधो छे.

---

**जागदीशी** – अत्र वदन्ति –

**प्रतियोगिस्वरूपं, तदवच्छेदकस्वरूपं वा यत्प्रतियोगित्वं, तदपि कस्य चिदभावस्य–केन चिदपि धर्मेण सम्बन्धेन वाऽवच्छिन्नं, व्यवहारबलात्, न तु सर्वेण सम्बन्धेन, धर्मेण वा,–**

**'समवायावच्छिन्नवह्न्यभावप्रतियोगित्वं संयोगावच्छिन्न' मित्यादिव्यवहाराभावात्–**

**तथा च यदभावीययत्प्रतियोगितावच्छेदकसम्बन्धेन यदभावीय-यत्प्रतियोगिता-निरूपितावच्छेदकीभूतधर्मावच्छिन्नासम्बन्धित्वं हेतुमतः, तदभावीयतत्प्रतियोगि-तानिरूपितावच्छेदकताशून्यत्वं साध्यतावच्छेदके निवेश्यमित्यदोषः,**

**–'यत्प्रतियोगिते'त्यपहाय 'यादृशप्रतियोगिते'त्यभिधानादेव तादृशार्थलाभात् ।**

---

**चन्द्रशेखरीया :** अत्रोच्यते । **अत्र वदन्ति** इत्यादिना । प्रतियोगिता प्रतियोगिस्वरुपा प्रतियोगिता-अवच्छेदकस्वरुपा वा भवतु तथापि सा केनचित् एकादिनैव धर्मेणावच्छिन्ना भवति । केनचित् एकादिनैव सम्बन्धेनावच्छिन्ना च भवति । न तु सर्वैर्धर्मैर्वा, सर्वैस्सम्बन्धैर्वा । यतः तथैव व्यवहारो भवति । वह्नित्वावच्छिन्नप्रतियोगिताकोऽभावः न द्रव्यत्वावच्छिन्नप्रतियोगिताकः, एवं समवायावच्छिन्नप्रतियोगिताकोऽभावः न संयोगावच्छिन्नप्रतियोगिताकः इति व्यवहारस्यानुभवसिद्धत्वात् । एवं च यदि प्रतियोगिता वह्न्यादिप्रतियोगिरुपा स्वीक्रियते, तदापि सा वह्नित्वावच्छिन्नैव न तु प्रमेयत्वाद्यवच्छिन्ना । यदि प्रतियोगिता वह्नित्वादिरुपा स्वीक्रियते, तदापि सा संयोगादिना एकेनैव सम्बन्धेनावच्छिन्ना न तु संयोगसमवायादिप्रभूतसम्बन्धावच्छिन्ना इति सिद्धम् ।

इत्थं च यदभावीययत्प्रतियोगितावच्छेदकसम्बन्धेन यदभावीययत्प्रतियोगिता-अवच्छेदकीभूतधर्मावच्छिन्नासंबंधित्वं हेतुमतः तदभावीयतत्प्रतियोगितावच्छेदकताशून्यत्वं साध्यतावच्छेदके ग्राह्यम् इति परिष्कारः। अत्र जागदीशीग्रन्थे यदभावीययत्प्रतियोगिता निरूपितावच्छेदकीभूत... इत्यत्र निरुपितशब्दः दृश्यते, स तु निरर्थकत्वात् परित्याज्यः । एवं तदभावीयतत्प्रतियोगिता निरुपितावच्छेदकता... इति अत्रापि निरुपितपदस्य निरर्थकत्वात् लक्षणाघटकत्वमेव युक्तमिति ध्येयम् । न चायमर्थः सर्वथा स्वमनीषिकाविजृम्भितः एव । दीधित्यां यत्प्रतियोगितावच्छेदक... इत्यादि अनुक्त्वा 'यादृशप्रतियोगितावच्छेदक' इत्यादि यदुक्तं, तत्र यादृशपदोपादानेनैवायमर्थः लभ्यते ।

तथा च **संयोगेन वह्निमान् धूमादि**त्यत्र वह्न्यभाव-प्रतियोगितावच्छेदकेन संयोगसम्बन्धेन वह्न्यभावप्रतियोगिवह्नि निष्ठायाः प्रतियोगितायाः अवच्छेदकीभूतेन वह्नित्वधर्मेणावच्छिन्नस्य वह्नेः सम्बन्धी एव धूमवान् पर्वतादिः भवति इति न स अभावो लक्षणघटकः, किन्तु घटाभावः । प्रतियोगितावच्छेदकसंयोगेन घटत्वावच्छिन्नघटानधिकरणं(असंबंधि) यः पर्वतः, तद्वृतिनः घटाभावस्य घटनिष्ठायाः प्रतियोगितायाः अनवच्छेदकमेव वह्नित्वं इति लक्षणघटनात् नाव्याप्तिः ।

समवायेन वह्निमान् धूमादित्यत्र समवायेन वह्न्यभावः ग्रहीतुं शक्यः । यतः वह्न्यभावप्रतियोगितावच्छेदकसमवायेन वह्न्यभावप्रतियोगितावच्छेदकवह्नित्वावच्छिन्नवह्नि-अनधिकरणं पर्वतः भवति । तथा च साध्याभावस्यैव लक्षणघटकत्वात् नातिव्याप्तिः । अत्र साध्यतावच्छेदके धर्मे तदभावीय-तत्प्रतियोगितावच्छेदकताऽभावो यो गृह्यते, तत्र तदभावीय-तत्प्रतियोगिता साध्यतावच्छेदक-सम्बन्धावच्छिन्नैव ग्राह्या । अन्यथा निरुक्तरीत्या संयोगेन वह्निसाध्यकस्थलेऽपि समवायेन वह्न्यभावस्य लक्षणघटकत्वात् अव्याप्तिःभवेत् । किन्तु यथोक्त-विवक्षणे नैषः दोषः संभवति । समवायेन वह्न्यभावीयप्रतियोगिता साध्यतावच्छेदकसंयोगावच्छिन्ना नास्ति, अतः न सा गृह्यते, किन्तु लक्षणघटकस्य संयोगेन घटाभावस्यैव साध्यतावच्छेदकसंयोगावच्छिन्ना प्रतियोगिता गृह्यते, तदनवच्छेदकं तु वह्नित्वं इति नाव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા : ઉત્તરપક્ષ :** પ્રતિયોગિતા એ પ્રતિયોગિ=વહ્નિસ્વરૂપ માનો કે, પ્રતિયોગિતાવચ્છેદક =ઘટત્વ સ્વરૂપ માનો. એની ચર્ચા જ નથી. પણ એ પ્રતિયોગિતા કોઈક અભાવની કોઈક જ સંબંધ અને કોઈક જ ધર્મથી અવચ્છિન્ન હોય છે. પરંતુ સર્વધર્મથી કે સર્વસંબંધથી અવચ્છિન્ન હોતી નથી. વહ્નિત્વાવચ્છિન્ન એવી વહ્નિ-અભાવ પ્રતિયોગિતા એ દ્રવ્યત્વાદિ-અવચ્છિન્ન તરીકે વ્યવહાર કરાતી જ નથી, તેમ સમવાયાવચ્છિન્ન એવી વહ્ન્યભાવની પ્રતિયોગિતા એ પણ કંઈ સંયોગાવચ્છિન્ન તરીકે વ્યવહાર કરાતી નથી. એટલે પ્રતિયોગિતા એ ઘટસ્વરૂપ માનશો, તો પણ એ ઘટત્વધર્માવચ્છિન્ન જ બનવાની, અર્થાત્ તત્પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વ જ બને. અને તદવચ્છિન્ન એવા ઘટોનું અનધિકરણ હેત્વધિકરણ બની જ જાય. અને પ્રતિયોગિતા વહ્નિત્વાદિરૂપ માનો, તો પણ તેની પ્રતિયોગિતા સંયોગાદિ એક સંબંધથી અવચ્છિન્ન જ બનવાની છે.

એટલે હવે લક્ષણ આ પ્રમાણે બનશે કે, યદભાવીયયત્પ્રતિયોગિતાવચ્છેદકસંબંધેન યદભાવીયયત્પ્રતિયોગિતાવચ્છેદકીભૂતધર્માવચ્છિન્ન-અસંબંધી એવો હેતુમાન્ હોય. તદભાવીયતત્પ્રતિયોગિતાનિરૂપિતાવચ્છેદકતાશૂન્ય એવો સાધ્યતાવચ્છેદક હોવો જોઈએ. એટલે ધૂમાભાવની ધૂમનિષ્ઠપ્રતિયોગિતાનો અવચ્છેદક સંબંધ સંયોગ છે. અને ધૂમાભાવની ધૂમનિષ્ઠ એવી પ્રતિયોગિતાના અવચ્છેદક એવા ધૂમત્વથી અવચ્છિન્ન ધૂમનું અસંબંધી એવું

હેત્વધિકરણ અયોગોલક બને છે. એટલે તે ધૂમાભાવની ધૂમનિષ્ઠપ્રતિયોગિતાની અવચ્છેદકતા તો સાધ્યતાવચ્છેદક એવા ધૂમત્વમાં રહેલી જ છે. માટે **ધૂમવાન્ વહ્નેઃ** એ સ્થળે અતિવ્યાપ્તિ ન આવે. એમ, **"વહ્નિમાન્ ધૂમાત્"** સ્થળે વહ્નિ-અભાવની વહ્નિનિષ્ઠપ્રતિયોગિતાનો અવચ્છેદક એવા સંયોગસંબંધથી વહ્ન્યભાવની પ્રતિયોગિતાના અવચ્છેદક એવા વહ્નિત્વધર્મથી અવચ્છિન્ન વહ્નિનો અસંબંધી એવા હેતુમાન=પર્વતાદિ બનતા નથી. માટે, વહ્ન્યભાવ ન લેવાય. પરંતુ ઘટાભાવ જ લેવાય અને તદભાવની ઘટનિષ્ઠપ્રતિયોગિતાની અવચ્છેદકતાનો અભાવ વહ્નિત્વમાં મળી જતા લક્ષણ સમન્વય થઈ જાય. (અહીં પુસ્તકમાં "યત્પ્રતિયોગિતાનિરૂપિતાવચ્છેદકીભૂત"... લખેલ છે. પણ, પ્રતિયોગિતા એ ધર્મ છે, અને ધર્મથી ઘટત્વ એ નિરૂપિત તરીકે ઘટતું નથી અને વળી એ નિરૂપિતશબ્દનું કોઈ પ્રયોજન જ નથી. એ વિના જ યોગ્ય સમન્વય થઈ જાય છે.) અહીં, પ્રતિયોગિતાવચ્છેદક સંબંધ તરીકે સાધ્યતાવચ્છેદક સંબંધ જ લેવાનો છે. એટલે કે સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતાક એવો જ અભાવ લેવાનો છે. બાકી તો **'સંયોગેન વહ્નિમાન્ ધૂમાત્'** સ્થળે પણ સમવાયથી વહ્નિનો અભાવ લઈએ, તો વહન્યભાવપ્રતિયોગિતાવચ્છેદક સમવાયસંબંધથી વહ્નિનિષ્ઠપ્રતિયોગિતાવચ્છેદક-વહ્નિત્વાવચ્છિન્ન વહ્નિનો અસંબંધી એવો પર્વત બની જ જવાનો. અને તેથી તે વહ્ન્યભાવની વહ્નિનિષ્ઠપ્રતિયોગિતાની અવચ્છેદકતા વહ્નિત્વમાં હોવાથી અવ્યાપ્તિ જ આવે. એટલે જે પ્રતિયોગિતા લેવાની છે. તે સાધ્યતાવચ્છેદકસંબંધથી અવચ્છિન્ન લેવી એ જ યોગ્ય લાગે છે. અને જે આ અર્થ કરીએ છીએ, એ એમનેએમ નથી કરતા. દીધિતિકારે "યત્પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નાનધિકરણ" એમ નથી કીધું. પરંતુ "યાદશપ્રતિયોગિતા" કહ્યું છે. આમાં 'યાદશ' પદ દ્વારા દીધિતિકાર આ અમે બતાવેલા એવા જ અર્થને સુચવે છે

---

**जागदीशी** - **न च प्रतियोगितावच्छेदकरुपं यदि प्रतियोगित्वं, तदा 'यदभावीययादृश-प्रतियोगितावच्छेदकसम्बन्धेन तदभावीयतादृश-प्रतियोगित्वावच्छिन्नस्यानधिकरणत्वं हेतुमत' इत्येव सम्यक्, 'प्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणत्व' प्रवेशो व्यर्थ इति वाच्यम्;**

---

**चन्द्रशेखरीया : न च** तथापि प्रतियोगिता यदि प्रतियोगितावच्छेदकधर्मरूपा, तदा तु तदभावीयतत् प्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणत्वस्य निवेशः व्यर्थः, प्रतियोगितायाः प्रतियोगितावच्छेदकधर्मस्य च परस्परभिन्नत्वात् । किन्तु केवलं तदभावीयतादृश-प्रतियोगितावच्छिन्नानधिकरणत्वमेव निवेश्यम् तावतैव सर्वदोषनिराकरणसंभवात् इति **वाच्यम्**

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** પ્રતિયોગિતા એ જ્યારે પ્રતિયોગિતાવચ્છેદક ધર્મ રૂપ જ માની છે. તો પછી તમે જે "યદભાવીયયાદશપ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી યત્પ્રતિયોગિતાવચ્છેદક-અવચ્છિન્ન-અસંબંધી (અનધિકરણ) કહ્યું છે." તે ગૌરવદોષવાળું બને છે, કેમકે પ્રતિયોગિતા અને પ્રતિયોગિતાવચ્છેદક એક જ છે, તો પછી પ્રતિયોગિતા=અવચ્છિન્ન-અનધિકરણ એમ જ કહો ને, પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન.... કહેવાની તો કોઈ જરૂર જ નથી. એટલે ગૌરવદોષ આવે છે.

**जागदीशी** - 'वह्नि-धूमोभयवान् वह्ने' रित्यादावतिव्याप्त्यापत्तेः, हेतुमन्मात्रस्यैव वह्नि-धूमोभयत्वावच्छिन्नाभावप्रतियोगित्वावच्छिन्नाधिकरणत्वादित्यस्मद्गुरुचरणाः ॥१३॥

---

**चन्द्रशेखरीया** : तथा सति **वह्निधूमोभयवान् वह्नेः** इति अत्र अतिव्याप्त्यापत्तेः । यतः भवतु नाम प्रतियोगितावच्छेदक-वह्निधूमोभयत्वरूपा प्रतियोगिता, किन्तु यदा तद् उभयत्वं प्रतियोगितास्वरूपेण विवक्ष्यते, तदा तद् वह्नौ धूमे च प्रत्येकं भिन्नम् वर्तते । यदा च तद् उभयत्वं वह्निधूमोभयत्वस्वरूपेण विवक्ष्यते, तदा तद् उभयत्वं वह्निधूमोभयस्मिन्नेव वर्तते इति नियमः । इत्थं च वह्निधूमोभयाभावप्रतियोगितया वह्निधूमोभयत्वस्वरूपया प्रत्येकवह्नि-धूमेषु भिन्नया अवच्छिन्नः केवलो वह्निरपि भवति । तदनधिकरणं च हेत्वधिकरणं पर्वतादिः न कथमपि संभवति इति साध्याभावस्य लक्षणाघटकत्वात् अभावान्तरं आदायातिव्याप्तिः दुर्वाराः । किन्तु निरुक्तनिरूपणे तु न दोषः, यतो वह्निधूमोभयाभावप्रतियोगितायाः अवच्छेदको धर्मः वह्निधूमोभयत्वं उभयनिष्ठमेव, तदवच्छिन्नं च वह्निधूमोभयमेव, न तु स्वतन्त्रो वह्निः, तद्वह्नि धूमोभयानधिकरणं च हेत्वधिकरणमयोगोलकं भवतीति साध्याभावस्यैव लक्षणघटकत्वात् नातिव्याप्तिः भवति इति सर्वं चतुरस्रम्। एवं '**अस्मद्गुरुचरणाः**'=जगदीशतर्कालङ्कारस्य गुरवो वदन्ति इति भावः ।

**ચન્દ્રશેખરીયા : ઉત્તરપક્ષ** : તમારી વાત માનીએ તો **વહ્નિધૂમોભયવાન્ વહ્નેઃ** અતિવ્યાપ્તિ આવે, કેમકે અહીં વહ્નિ-ધૂમોભયાભાવ જ લક્ષણઘટક બનવો જોઈએ. તો એની પ્રતિયોગિતા એ ઉભયમાં આવી અને હવે તમે તો 'યદભાવીયયાદશપ્રતિયોગિતાવચ્છિન્નાનધિકરણ... લો છો. તો પ્રતિયોગિતા એ કયારેય પણ બેમાં એક જ ન રહે. દરેકમાં પ્રતિયોગિતા જુદી જુદી જ હોવાની. એટલે અહીં વહ્નિધૂમોભયત્વરૂપ જે પ્રતિયોગિતા છે, એ તો વહ્નિ અને ધૂમમાં જુદી જુદી જ છે. એટલે જ્યારે પ્રતિયોગિતા તરીકે વહ્નિ-ધૂમોભયત્વ લો, ત્યારે તો સ્વતંત્રવહ્નિ વગેરેમાં રહી શકે. એટલે પ્રતિયોગિતાથી અવચ્છિન્ન તરીકે વહ્નિ પણ આવી શકે, અને તેનું અધિકરણ હેત્વધિકરણ=વહ્ન્યધિકરણ તમામ અયોગોલકાદિ બનવાના જ છે. એટલે સાધ્યાભાવ લક્ષણઘટક જ ન બની શકે. અને તો પછી ઘટાભાવને લઈને અતિવ્યાપ્તિ આવે. પરંતુ યદભાવીયયાદશપ્રતિયોગિતાવચ્છેદક-અવચ્છિન્નાનધિકરણ... એમ નિરૂપણ કરીએ, તો વાંધો ન આવે, કેમકે વહ્નિધૂમોભયાભાવની વહ્નિધૂમોભયત્વરૂપ જે પ્રતિયોગિતા છે, તેનો અવચ્છેદક ધર્મ પણ વહ્નિધૂમોભયત્વ જ છે. અને તે અવચ્છેદક ધર્મરૂપ હોવાથી એ વહ્નિધૂમોભયમાં જ રહે. સ્વતંત્રવહ્નિમાં ન રહે. અને તેથી તાદશધર્માવચ્છિન્ન તરીકે વહ્નિધૂમોભય, એ બે જ લેવા પડે. અને તેનું અનધિકરણ એવું હેત્વધિકરણ અયોગોલક મળી શકે છે. એટલે સાધ્યાભાવ લક્ષણઘટક બની જતા અતિવ્યાપ્તિ ન આવે. આ પ્રમાણે અમારા ગુરુઓ કહે છે.

---

## दीधितिः

**अत्र च ग्राह्यसामानाधिकरण्ये हेतोर्यादृशः –**

**सम्बन्धः प्रविष्टस्तेन सम्बन्धेन यो हेतुमान्, तत्र वर्त्तमानत्वमभावस्य, साध्यस्य च यादृशः सम्बन्धः प्रविष्टस्तत्सम्बन्धावच्छिन्नायाश्च प्रतियोगिताया अनवच्छेदकत्वं बोध्यम्।**

**तेन–धूमसमवायिनिष्ठाभावस्य संयोगावच्छिन्नप्रतियोगितायाः, धूमसंयोगिनिष्ठाभावस्य च समवायावच्छिन्नप्रतियोगिताया अवच्छेदकत्वेऽपि वह्नित्वस्य–न क्षतिः ॥१४॥**

---

**जागदीशी** -ग्राह्यसामानाधिकरण्य इति । – **परामर्शविषयसाध्यसामानाधिकरण्ये इत्यर्थः। "सम्बन्धविशेषेणैव साध्य-साधनयोः सामानाधिकरण्य-ज्ञानादनुमितिस्तज्ज्ञान-प्रतिबन्धकतयैव विरोधस्य हेत्वाभासत्वमिति" मतेनेदम् ।**

---

**चन्द्रशेखरीया :** ननु एवं तादृशाभावप्रतियोगितानवच्छेदकेन साध्यतावच्छेदकेनावच्छिन्नं यत्, तद् व्यापकं भवति इति सिद्धम्, तादृशव्यापकसामानाधिकरण्यं च हेतुनिष्ठं व्याप्तिः, हेतौ साध्यसामानाधिकरण्यं नाम साध्याधिकरणवृत्तित्वमेव, तस्मिन् द्वौ विभागौ । साध्याधिकरणं तदधिकरणवृत्तित्वं च । तत्र यदि येन केनापि सम्बन्धेन साध्याधिकरणं, तस्मिंश्च येन केनाऽपि सम्बन्धेन हेतोः वृत्तित्वं च स्वीक्रियेत, तदा कालिकेन वह्निमति पर्वते संयोगेन धूमः, संयोगेन वह्निमति पर्वते संयोगेन धूमः, संयोगेन वह्निमति पर्वते कालिकेन धूमः, समवायेन वह्निमति वह्न्यवयवे कालिकेन धूमः इत्यादयो बहवः आकाराः सामानाधिकरण्यज्ञानस्य संभवेयुः। तथा सति विरोधो न हेत्वाभासो भवेत् यतः साध्यतावच्छेदकसम्बन्धेन साध्यवति हेतुतावच्छेदकसम्बन्धेन हेतोः वृत्तिताऽभावः एव विरोधः, तद्विषयकं च ज्ञानं साध्यतावच्छेदकसम्बन्धेन साध्यवत्येव हेतुतावच्छेदकसम्बन्धेनैव हेतोः वृत्तितात्मकसामानाधिकरण्यज्ञानप्रतिबंधकं भवति । अनुमितितत्कारणान्यतरप्रतिबंधकज्ञानविषयत्वं च हेत्वाभासत्वम् । तथा च विरोधः अनुमितिकारणतादृशसामानाधिकरण्यज्ञानप्रतिबंधकविरोधज्ञान विषयः भवतीतिहेत्वाभासत्वं प्रतिपद्यते, किन्तु अत्र तु सामानाधिकरण्ये सम्बन्धविशेषो न निवेश्यते। अतः तद्विरोधज्ञानं न प्रतिबंधकं भवति। नहि संयोगेन वह्निमति पर्वते संयोगेन धूमाभावः इति ज्ञानं कालिकेन वह्निमति पर्वते संयोगेन कालिकेन वा धूमवत्ताज्ञानं प्रति प्रतिबंधकं भवितुमर्हति । तथा च विरोधस्य हेत्वाभासत्वसिद्ध्यर्थं अवश्यं सम्बन्धविशेषेणैव तादृशसामानाधिकरण्यस्य द्वौ विभागौ स्वीकर्तव्यौ इति चेत् सत्यं अत एव दीधितिकारः सम्बन्धविशेषं प्रवेशयितुं ग्रन्थमारचयति । प्रथमं तावत् दीधितिग्रन्थस्य सामान्योऽर्थो निरूप्यते । **ग्राह्यसामानाधिकरण्ये**=परामर्शविषयीभूतसाध्यसामानाधिकरण्ये=हेतौ साध्याधिकरण-वृत्तितात्मके **हेतोः**=धूमादेः **यादृशः सम्बन्धः प्रविष्टः**=यद्धर्मावच्छिन्नः सम्बन्धः=संयोगत्वाद्यवच्छिन्नात्मकः संयोगसम्बन्धः प्रविष्टः, **तेन सम्बन्धेन यो हेतुमान्**=संयोगत्वावच्छिन्नसंयोगेन यो धूमवान् पर्वतादिः, **तत्र वर्तमानत्वमभावस्य बोध्यम्**=तादृशपर्वते लक्षणघटकः अभावः ग्राह्यः । एवं **ग्राह्यसामानाधिकरण्ये**=वह्निव्याप्यधूमवान् पर्वतः इति ज्ञानविषयीभूते वह्नि-अधिकरणवृत्तितात्मके हेतुनिष्ठे सामानाधिकरण्ये **साध्यस्य**=वह्नेः, **यादृशः**=यद्धर्मावच्छिन्नः

संयोगत्वावच्छिन्नसंयोगात्मकः **सम्बन्धः प्रविष्टः तत्सम्बन्धावच्छिन्न प्रतियोगितायाः**= संयोगत्वावच्छिन्नसंयोगावच्छिन्नायाः प्रतियोगितायाः अनवच्छेदकत्वं बोध्यमिति । एष तावत् दीधितग्रन्थः निरूपितः, साम्प्रतं जागदीशी निरूप्यते ।

**दीधित्यां यत् निरूपितं तत् सर्वं**-सम्बन्धविशेषेणैव **साध्य-साधनयोः सामानाधिकरण्यज्ञानात्**= साध्यतावच्छेदकसंयोगादिसम्बन्धेन साध्याधिकरणे हेतुतावच्छेदकसम्बन्धेन हेतोः वृत्तितात्मक-सामानाधिकरण्यज्ञानात् '**संयोगेन वह्निमति पर्वते संयोगेन धूमः**' इत्यादि आकारकात् एव **पर्वतः संयोगेन वह्निमान्** इत्यनुमितिः भवति । तादृशसामानाधिकरण्यज्ञान प्रतिबंधकं च "संयोगेन वह्निमति पर्वते संयोगेन न धूमः" इत्याकारकं विरोधज्ञानं प्रतिबंधकं भवत्येव, तज्ज्ञानविषयत्वं च विरोधे अस्ति । अतो विरोधे हेत्वाभासत्वं सुरक्षितं भवति ।"-**इत्यभिप्रायेण ज्ञेयम्,** अर्थात् एतेषां मतानुसारेणैव दीधितिकारेण परामर्शज्ञानघटकीभूते सामानाधिकरण्ये साध्यतावच्छेदक-हेतुतावच्छेदकसम्बन्धयोः निवेशः कृतः ।

**ચન્દ્રશેખરીયા : પૂર્વપક્ષ :** આ રીતે તાદશપ્રતિયોગિતા-અનવચ્છેદક એવા સાધ્યતાવચ્છેદકધર્મથી અવચ્છિન્ન સાધ્ય મળે, એ વ્યાપક ગણાશે. અને તાદશસાધ્યનું હેતુમાં રહેલું સામાનાધિકરણ્ય એ જ વ્યાપ્તિ છે. આમાં સાધ્યસામાનાધિકરણ્ય=સાધ્યાધિકરણ-વૃત્તિત્વ એવો જ અર્થ થવાનો. આમાં બે વસ્તુ આવે છે. એક તો સાધ્યનું અધિકરણ અને બીજું તે અધિકરણમાં હેતુની વૃત્તિતા : હવે અહીં જો 'સાધ્યનું અધિકરણ કયા સંબંધથી લેવું? અને તે અધિકરણમાં હેતુ કયા સંબંધથી વૃત્તિ લેવો ?' એનું નિરૂપણ કરવામાં ન આવે, તો પછી કોઈપણ સંબંધથી સાધ્યનું અધિકરણ અને કોઈપણ સંબંધથી તેમાં હેતુની વૃત્તિતા લઈ શકાય. અને તો પછી સમવાયથી વહ્નિના અધિકરણ એવા અવયવોમાં કાલિકથી ધૂમની વૃત્તિતા.

કાલિકથી વહ્નિના અધિકરણ એવા ધૂમાવયવોમાં સમવાયથી ધૂમની વૃત્તિતા.

કાલિકથી વહ્નિના અધિકરણ એવા સરોવરમાં કાલિકથી ધૂમની વૃત્તિતા.

આ બધા જ પ્રકારના જ્ઞાનો એ તાદશસામાનાધિકરણ્ય જ્ઞાનાત્મક માનવા પડે. અને તેથી (ધૂમવ્યાપક) વહ્નિવ્યાપ્યધૂમવાન્ પર્વત=વહ્નિસામાનાધિકરણ્યવત્ ધૂમવાન્ પર્વત=વહ્નિઅધિકરણવૃત્તિતાવત્ધૂમવાન્ પર્વતઃ એ જ્ઞાનો પરામર્શ જ્ઞાન કહેવાશે. હવે આમાં ઉપર મુજબ ગમે તે સંબંધ દ્વારા આનો બોધ થઈ શકે છે. હવે જો પરામર્શ આવો માનશું, તો પછી વિરોધજ્ઞાન એ આ પરામર્શનું પ્રતિબંધક ન બની શકે. કેમકે "સાધ્યતાવચ્છેદક સંબંધથી જે સાધ્યનું અધિકરણ હોય, તેમાં હેતુતાવચ્છેદક સંબંધથી હેતુની વૃત્તિતાનો અભાવ એ જ વિરોધ છે એટલે કે, "संयोगेन वह्निमति संयोगेन अवर्तमानः धूमः" એવું જ્ઞાન કહેવાય. હવે આ જ્ઞાન તો "સંયોગેન વહ્નિમતિ સંયોગેન વર્તમાનઃ ધૂમઃ" એવા જ્ઞાન પ્રત્યે જ પ્રતિબંધક બની શકે. (અહીં સાચા-ખોટાની ચર્ચા નથી. ખોટું જ્ઞાન પણ પ્રતિબંધક બની શકે.) પણ कालिकादिना वह्निमति समवायादिना वर्तमानो धूमः" આવા જ્ઞાન પ્રત્યે તો પ્રતિબંધક ન જ બની શકે. આમ વિરોધજ્ઞાન એ અનુમિતિ કે તેના કારણભૂત વ્યાપ્તિજ્ઞાનાદિનો પ્રતિબંધક ન બને. અને તો પછી એ વિરોધ એ હેત્વાભાસ ન ગણી શકાય. કેમકે અનુમિતિ-તત્કારણાન્યતરપ્રતિબંધકજ્ઞાનનો વિષય એ જ હેત્વાભાસ ગણાય છે. એટલે જ વિરોધને હેત્વાભાસ બનાવવું હોય તો પછી આ "સામાનાધિકરણ્ય"માં સંબંધોનો નિવેશ કરવો આવશ્યક લાગે છે.

**ઉત્તરપક્ષ :** તમારી વાત સાચી છે. અને એટલે જ દીધિતિ આ બાબતમાં શું કહે છે, એ પહેલા ટુંકાણમાં

જોઈ લઈએ. "પરામર્શજ્ઞાનમાં જે સાધ્યસામાનાધિકરણ્ય ભાસે છે. તેમાં હેતુનો જે સંબંધ પ્રવેશેલો હોય, તે જ સંબંધથી જે હેતુમાન્ હોય, તેમાં રહેલો અભાવ એ જ લક્ષણઘટક તરીકે લેવાનો. એમ સાધ્યનો જેવો સંબંધ પ્રવેશેલો હોય તે જ સંબંધથી અવચ્છિન્ન એવી પ્રતિયોગિતા લેવાની. અને તેનો અનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક લેવાનો." આ દીધિતિગ્રન્થ જોયો. હવે જગદીશજી આ બાબતમાં શું કહે છે, તે જોઈએ. આ રીતે જે પૂર્વપક્ષ એમ માને છે કે, "સાધ્યતાવચ્છેદકસંબંધ અને હેતુતાવચ્છેદકસંબંધને લઈને જ સાધ્યાધિકરણ, અને સાધ્યાધિકરણમાં હેતુની વૃત્તિતાનું જ્ઞાન=સામાનાધિકરણ્ય જ્ઞાન એ જ અનુમિતિનું કારણ છે. એટલે કે, "संयोगेन वह्निमति पर्वते संयोगेन न धूमः" એવા આકારના જ્ઞાનથી જ અનુમિતિ થાય છે. અને આ જ્ઞાનનો પ્રતિબંધક તો "संयोगेन वह्निमति संयोगेन धूमः" "એ વિરોધજ્ઞાન પ્રતિબંધક બને જ છે. અને તત્જ્ઞાનનો વિષય એવો વિરોધ એ હેત્વાભાસ બનશે." પૂર્વપક્ષાદિ જે લોકો આ પ્રમાણે માને છે, તેમના મત પ્રમાણે જ આ દીધિતિનો ખુલાસો જાણવો.

બાકી, બીજી રીતે વિચારીએ તો, **"સાધ્યાધિકરણ-અવૃત્તિત્વં હેતોઃ"** એવો વિરોધાકાર છે જ નહિ. પરંતુ **"સાધ્યવ્યાપકીભૂત-અભાવપ્રતિયોગી હેતુઃ"** એવો જ વિરોધ દોષનો આકાર છે. અને એ તો સીધો જ અનુમિતિનો વિરોધી બને છે. એને પરામર્શજ્ઞાનનો પ્રતિબંધક બનાવવાની કોઈ જ જરૂર નથી. અને માટે જ 'કોઈપણ સંબંધને લઈને સાધ્યસામાનાધિકરણ્યનો હેતુમાં બોધ કરીને અનુમિતિની ઉત્પત્તિ થઈ શકે છે.' એમ જ માનવું. ભલે ને વિરોધજ્ઞાન એનું પ્રતિબંધક ન બને. વિરોધજ્ઞાન એ અનુમિતિ પ્રતિબંધક બનવા દ્વારા જ વિરોધમાં=સ્વવિષયમાં હેત્વાભાસત્વની સિધ્ધિ કરી આપશે. એટલે સામાનાધિકરણ્ય=સાધ્યાધિકરણવૃત્તિત્વમાં સંબંધવિશેષનો નિવેશ કરવાની જરૂર નથી. ખરેખર તો "સાધ્યાધિકરણવૃત્તિત્વ= વહ્નિ-અધિકરણવૃત્તિત્વં ધૂમસ્ય" એમાંય ગૌરવ છે. લાઘવથી (હેતુ વ્યાપક) સાધ્યસંબંધવત્વં એ જ ધૂમમાં રહેલી વ્યાપ્તિ માની શકાય. પર્વતમાં વહ્નિ+ધૂમ છે. એટલે ધૂમમાં વહ્નિનિરૂપિતસામાનાધિકરણ્યરૂપસંબંધ છે જ. એટલે સાધ્યસંબંધવત્વને જ વ્યાપ્તિ માની લેવાય.

---

**जागदीशी - यदि च,-येन केनापि सम्बन्धेन साध्य-साधनयोः सामानाधिकरण्य-ज्ञानादनुमितिः, स्वव्यापकसाध्यसम्बन्धितामात्रं वा व्याप्तिः, व्यापकत्वदले साध्य-साधनयोः सम्बन्धविशेषप्रवेशादेवातिप्रसङ्गभङ्गादिति विभाव्यते,-**

---

**चन्द्रशेखरीया :** किन्तु केचित् इत्थं मन्यन्ते यदुत येन केनापि सम्बन्धेन साध्य-साधनयोः सामानाधिकरण्य ज्ञानात्='कालिकेन वह्निमति पर्वते संयोगेन धूमः' इत्याद्याकारकात् अनुमितिः संभवति। अत्र लाघवात् स्वव्यापकसाध्याधिकरणवृत्तित्वं परित्यज्य स्वव्यापकसाध्यसम्बन्धवत्त्वमेव व्याप्तित्वेन स्वीक्रियते। यथा धूमे स्वव्यापक-वह्निसम्बन्धवत्त्वम् वर्तते। स च सम्बन्धः वह्निनिरूपित-सामानाधिकरण्यादिरूपोऽन्यो वा इति अन्यदेतत्। **न च** एवं सति अनुमितौ साध्यतावच्छेदकसम्बन्धेनैव साध्यप्रतीतिरनुपपन्ना भवति। यतः पूर्वं तु परामर्शे येन सम्बन्धेन साध्यं सामानाधिकरण्यघटकत्वेन भासते, तेनैव सम्बन्धेन तत्साध्यमनुमितौ पक्षे

भासते इति नियमः आसीत् । परामर्शे च साध्यतावच्छेदकसम्बन्धेनैव साध्यं स्वाधिकरणे भासमानमासीत्, अतोऽनुमितावपि तद् तेनैव सम्बन्धेन भासमानमासीत् । इदानीं तु परामर्शे साध्यस्य नियतसम्बन्धेन भासमानत्वं नास्ति, अतोऽनुमितावपि साध्यस्य साध्यतावच्छेदकसम्बन्धेनैव पर्वते भासमानत्वं न नियतं भवति । तथा च कालिकेन वह्निमति पर्वते धूमवत्ताज्ञानात् संयोगादिनापि वह्निमत्ताज्ञानात्मक-अनुमितिभवनापत्तिरिति **वाच्यम्** व्यापकतादले हेत्वधिकरणं येन सम्बन्धेन गृह्यते, प्रतियोगिता च येन साध्यतावच्छेदकसम्बन्धेनावच्छिन्ना गृह्यते, तेन सम्बन्धेन हेतुमत्ताज्ञानात् तेन सम्बन्धेन वह्निमत्तानुमितिर्भवति इति नियमस्य सद्भावात् न कोऽपि दोषः संभवति । वह्निमान् धूमादित्यत्र व्यापकतादले संयोगेनैव धूमवान् पर्वतादिः गृह्यते, तथा च संयोगेन तादृशधूमवत्ताज्ञानादेवानुमितिः भवति । एवं लक्षणघटकाभावीया प्रतियोगिता साध्यतावच्छेदकसंयोगावच्छिन्नैव गृह्यते, अतः संयोगेनैव वह्निमत्तानिश्चयो भवति । इत्थं च न क्वापि दोषः इति । समासोऽत्र केषाञ्चिदभिप्रायः।

ननु एतेषां मते तु दीधितग्रन्थो निरर्थको भवेत् । दीधितौ ग्राह्यसामानाधिकरण्ये=परामर्शविषयीभूते साध्याधिकरणवृत्तित्वात्मके सामानाधिकरण्ये हेतोः साध्यस्य च यादृशः सम्बन्धः प्रविष्टः, तेनैव सम्बन्धेन व्यापकतादले हेतुमत्ता लक्षणघटकाभावप्रतियोगिता च ग्रहीतुं दर्शिता । एते च केचित् साध्यसामानाधिकरण्ये हेतोः नियतं सम्बन्धं हेतुतावच्छेदकसम्बन्धस्वरूपं स्वीकुर्वन्ति । किन्तु साध्यस्य साध्यतावच्छेदकं सम्बन्धं तत्र सामानाधिकरण्ये न स्वीकुर्वन्ति । तथा च दीधितिग्रन्थविरोधः कथं न भवेत् ? इति चेत् इत्थं ।

**चन्द्रशेखरीया : प्रश्न :** આ રીતે તો સામાનાધિકરણ્યજ્ઞાનમાં સાધ્યનો કોઈપણ સંબંધથી બોધ તમે માન્યો. હવે અત્યાર સુધી તો એવો નિયમ હતો કે સાધ્યસામાનાધિકરણ્યજ્ઞાનમાં કે સાધ્યસંબંધિતાજ્ઞાનમાં સાધ્ય જે સંબંધથી ભાસે, તે જ સંબંધથી તે સાધ્યનો અનુમિતિમાં બોધ થાય. પણ હવે તો સાધ્યસામા.ણ્યાદિમાં સાધ્યનો ગમે તે સંબંધથી બોધ થાય છે. તો પછી, "અનુમિતિમાં અમુક ચોક્કસ સંબંધથી જ સાધ્યનો બોધ થવો જોઈએ." એમાં નિયામક કોઈ જ રહેશે નહિ.

**ઉત્તર :** આ આપત્તિ બીજી રીતે દૂર થશે. હેતુમત્‌વૃત્તિ-અભાવપ્રતિયોગિતાનવચ્છેદક... ઈત્યાદિ એ વ્યાપકત્વદલ કહેવાય છે. આમાં 'હેતુમાન્' માં જે સંબંધથી હેતુ ભાસે, તે જ સંબંધથી હેતુમત્તાનું જ્ઞાન અનુમિતિમાં કારણ માનશું. અને એ જ વ્યાપકતાદલમાં પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન જ લેવાની હોવાથી, એ પ્રતિયોગિતા યત્સંબંધાવચ્છિન્ન ભાસે, તે સંબંધથી જ અનુમિતિમાં સાધ્યનું જ્ઞાન થાય. બીજા કોઈ સંબંધથી ન થાય. આમ માનવાથી અનુમિતિમાં સાધ્યતાવચ્છેદકસંબંધથી જ સાધ્યનો બોધ થશે. એટલે નિષ્કર્ષ હવે એ આવ્યો કે પરામર્શજ્ઞાનમાં હેતુનું જ્ઞાન તો હેતુતાવચ્છેદકસંબંધથી જ થશે. વહ્નિનું જ્ઞાન એ કાલિક-દૈશિક વિશેષણતાદિ કોઈપણ સંબંધથી થશે. અને તેમ છતાં અનુમિતિમાં તો વહ્નિનું જ્ઞાન સાધ્યતાવચ્છેદક સં.થી જ થવાનું.

**પ્રશ્ન :** પણ જો આવું માનશો તો તમે દીધિતિગ્રન્થનો અર્થ શી રીતે કરશો ? દીધિતિમાં તો ચોક્ખુ લખેલ છે કે ગ્રાહ્યસામાનાધિકરણ્યમાં= પરામર્શના વિષયભૂત એવા સાધ્ય-સામા.ણ્યમાં હેતુનો અને સાધ્યનો જે સંબંધ પ્રવેશેલો હોય,.... ઈત્યાદિ તમે તો પરામર્શમાં સાધ્યનો સંબંધ ગમે તે જ માનો છો, અને વ્યાપકતાદલમાં રહેલ પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદક સંબંધથી અવચ્છિન્ન લો છો. પણ દીધતિમાં તો ચોક્ખું લખેલ છે કે, પરામર્શમાં સાધ્યનો જે સંબંધ, તે જ સંબંધથી અવચ્છિન્ન એવી પેલી પ્રતિયોગિતા લેવાની છે. તો આ તો દીધિતિનો જ કચ્ચરઘાણ કાઢી નાંખ્યો, તમે.

**जागदीशी** - **तदा-परामर्शेन साधनस्य, अनुमित्या च साध्यस्य-ग्राह्यं यत् पक्षतावच्छेदकेन सार्द्धं सामानाधिकरण्यं,-तत्र प्रविष्टो यादृशः सम्बन्ध इत्यर्थो बोध्यः।**

---

**चन्द्रशेखरीया** : एतेषां मते दीधितिग्रन्थस्यायमर्थः यदुत **ग्राह्यसामानाधिकरण्यं**=परामर्शेन हेतौ यत् पक्षतावच्छेदक पर्वतत्वादिसामानाधिकरण्यं विषयीक्रियते तत् एकं ग्राह्यसामानाधिकरण्यं । यथा वह्निव्याप्यधूमवान् पर्वतः इति अत्र धूमे पर्वतत्वसामानाधिकरण्यं विषयीक्रियते । एवं अनुमित्या साध्ये यत् पक्षतावच्छेदकपर्वतत्वसामानाधिकरण्यं विषयीक्रियते तदपरं ग्राह्यसामानाधिकरण्यं । यथा पर्वतो वह्निमान् इत्यत्र वह्नौ पर्वतत्वसामानाधिकरण्यं विषयीक्रियते । तथा च परामर्शविषयीभूते हेतुनिष्ठे पर्वतत्वसामानाधिकरण्ये हेतोः यादृशः सम्बन्धः प्रविष्टः, तेन सम्बन्धेन हेतुतावच्छेदकसम्बन्धरूपेण व्यापकतादले हेतुमान् ग्राह्यः, तत्र परामर्शे साध्यस्य कोऽपि सम्बन्धोऽस्तु न कोऽपि दोषः । एवं अनुमिति-विषयीभूते साध्यनिष्ठे पर्वतत्वादिसामानाधिकरण्ये साध्यस्य वह्निरूपस्य यादृशः सम्बन्धः प्रविष्टः, तेनैव सम्बन्धेन अवच्छिन्ना व्यापकताघटकाभावप्रतियोगिता ग्राह्या इति । एवं च दीधिति-ग्रन्थोऽपि निर्दुष्ट एव प्रतिभाति ।

**ચન્દ્રશેખરીયા : ઉત્તર :** અમે દીધિતિગ્રન્થનો અર્થ બીજી રીતે કરશું. તમે ગ્રાહ્યસામાનાધિકરણ્યમાં=પરામર્શજ્ઞાનમાં દેખાતા સામાનાધિકરણ્યમાં હેતુ+સાધ્યનો જે સંબંધ... એમ અર્થ કર્યો છે. જ્યારે અમે એવો અર્થ કરશું કે ગ્રાહ્યસામાનાધિકરણ્ય=પરામર્શ દ્વારા હેતુમાં ગ્રહણ કરવા યોગ્ય એવું જે પક્ષતાવચ્છેદકની સાથેનું સામાનાધિકરણ્ય છે તેમાં અને અનુમિતિ દ્વારા સાધ્યમાં ગ્રહણ કરવા યોગ્ય એવું જે પક્ષતાવચ્છેદકની સાથેનું સામાનાધિકરણ્ય છે તેમાં હેતુનો અને સાધ્યનો જે સંબંધ પ્રવેશેલો હોય, તે સંબંધથી વ્યાપક્તાદલમાં હેતુમત્તા+પ્રતિયોગિતા લેવી. અર્થાત્ **વહ્નિવ્યાપ્યધૂમવાન્ પર્વતઃ** માં ધૂમ એ પર્વતત્વને સમાનાધિકરણ દેખાય છે. એટલે આ પરામર્શજ્ઞાનમાં ધૂમમાં પર્વતત્વસામાનાધિકરણ્ય વિષય બને છે. અને એ હેતુતાવચ્છેદકસંયોગથી જ બને છે. અને તેથી વ્યાપક્તાદલમાં પણ સંયોગથી જ ધૂમવાન લેવાના રહે. આ પરામર્શમાં વહ્નિનો બોધ ગમે તે સંબંધથી માનેલો છે. હવે "વહ્નિમાન્ પર્વત" એમાં = અનુમિતિમાં પણ વહ્નિમાં પર્વતત્વસામાનાધિકરણ્ય દેખાય છે. અહીં, વહ્નિ એ સાધ્યતાવચ્છેદકસંબંધથી જ વિષય બને છે. એટલે વ્યાપક્તાદલમાં રહેલી પ્રતિયોગિતા એ સંયોગાવચ્છિન્ન જ લેવાની રહેશે. આમ આ રીતે અમે પણ દીધિતિગ્રન્થનો સમન્વય કરી લેશું.

---

**जागदीशी** -- **'धूमवान् वह्ने' रित्यादौ महानसीयसंयोगेन सद्धेतौ महानसीयसंयोगानतिरिक्तेन संयोगमात्रेण अयोगोलके हेतुमत्तामादायाव्याप्तिः –**

**एवं- द्व्यत्वसाध्यके घटानुयोगिकसमवायेन सत्त्वादिहेतौ समवायमात्रेण 'हेतुमत्तामादायाऽपीत्यतो–'यत्सम्बन्ध'-इत्यपहाय-'यादृशः सम्बन्ध'–इत्युक्तम् ।**

**साध्यस्य चेति । 'ग्राह्यसामानाधिकरण्ये प्रविष्ट' इति अन्वयः ।**

**चन्द्रशेखरीया :** अत्र 'य: सम्बन्ध: इति यदि उच्यते, तदा तु **धूमवान् महानसीयसंयोगेन वह्ने**रित्यत्र महानसीयसंयोगेन वह्निहेतौ अव्याप्तिः । यतः ग्राह्यसामानाधिकरण्ये हेतोः सम्बन्धः महानसीयसंयोगः, स च संयोगत्वविशिष्टः, तथा च संयोगत्वविशिष्टेन संयोगसामान्येन व्यापकताघटके हेतुमान् ग्रहीतुं शक्यः, तच्चायोगोलकमपि भवति । तस्मिन् धूमाभावः, तस्य संयोगावच्छिन्नप्रतियोगितायाः अवच्छेदकं धूमत्वमित्यव्याप्तिः । अतः **यादृशः सम्बन्ध** इत्युक्तम् । तथा चात्र परामर्शविषयीभूते सामानाधिकरण्ये हेतोः महानसीयसंयोगत्वावच्छिन्नो महानसीयसंयोगः प्रविष्टः, तस्मात् व्यापकताघटकेऽपि महानसीयसंयोगेनैव वह्निमान् ग्राह्यः, स च महानसः एव । तस्मिन् न धूमाभावः, किन्तु घटाभावः । तत्प्रतियोगितानवच्छेदकं धूमत्वं इति लक्षणघटनात् नाव्याप्तिः । एवमेव **द्रव्यत्ववान् घटानुयोगिकसमवायेन सत्वात्** इति अत्रापि यादृशपदप्रयोजनं संपादनीयम् । तथा हि-हेतोः सम्बन्धः घटानुयोगिकसमवायः, स च समवायत्वविशिष्टः, अतः समवायत्वविशिष्टेन शुद्धसमवायेन व्यापकताघटके हेतुमान् गुणोऽपि भवेत् । तस्मिन् द्रव्यत्वाभावस्य सत्वात् भवत्यव्याप्तिः । यादृशपदोपादाने तु न दोषः । यतः ग्राह्यसामानाधिकरण्ये हेतोः घटानुयोगिकसमवायत्वा-वच्छिन्न एव घटानुयोगिकसमवायः गृह्यते, स च न शुद्धसमवायरूपः । तथा च व्यापकताघटके घटानुयोगिकसमवायेनैव सत्तावान् ग्राह्यः । स च घटः एव, तस्मिन् द्रव्यत्वाभावो नास्ति । अतः पटाभावस्य लक्षणघटकत्वात् नाव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા :** અહીં, દીધિતિમાં યાદશસંબંધ લખેલ છે. યાદશ=સંબંધનિષ્ઠસંસર્ગતાવચ્છેદક ધર્માવચ્છિન્ન એવો સંબંધ લેવાનો છે. જેમકે સંયોગ સંબંધ હોય, તો એમાં સંસર્ગતા આવી, અને તદવચ્છેદકસંયોગત્વ બને. તો સંયોગત્વાચ્છિન્ન એવો જ સંયોગ લેવાનો. જો આમ ન લખે, અને માત્ર યઃ સંબંધઃ લખે, તો શું વાંધો ? એ જોઈએ. **"ધૂમવાન્ મહાનસીયસંયોગેન વહ્નેઃ"** આ સ્થાન સાચું છે. કેમકે મહાનસીયસંયોગથી તો વહ્નિ=હેતુ એ મહાનસમાં જ રહે. અને તેમાં તો અવશ્ય ધૂમ હોય જ છે. છતાં અહીં હેતુતાવચ્છેદક તરીકે તો યઃ = સંયોગવિશેષ સંબંધ છે. અને તે સંયોગત્વધર્મવાળો છે. અને એટલે વ્યાપકતાદલમાં સંયોગત્વવાળા સંયોગસંબંધથી વહ્નિમાન્ તરીકે અયોગોલક પણ લેવાય. તેમાં ધૂમાભાવ મળી જતાં અવ્યાપ્તિ જ આવે. એ જ રીતે, **'દ્રવ્યત્વવાન્ ઘટાનુયોગિકસમવાયેન સત્વાત્'** આ પણ સાચું સ્થાન છે. કેમકે ઘટ એ જ અનુયોગી છે જેનો એવા સમવાયથી તો સત્તા એ દ્રવ્યમાં=ઘટમાં જ રહેવાની. અને તેમાં દ્રવ્યત્વ છે. એટલે પરામર્શમાં હેતુનો સંબંધ=ઘટાનુયોગિક સમવાય દેખાશે. હવે એમાં સમવાયત્વ છે. એટલે સમવાયત્વવાળા એવા સમવાયસામાન્ય સંબંધથી વ્યાપકતાદલમાં હેતુમાન=સત્વવાન્ તરીકે ગુણાદિ પણ લઈ શકાય. અને તેમાં દ્રવ્યત્વાભાવ મળી જતા અવ્યાપ્તિ આવે. આ બેય આપત્તિ દૂર કરવા યાદશ સંબંધ કહ્યો છે. એટલે મહાનસીયસંયોગત્વાવચ્છિન્ન સંયોગ તરીકે માત્ર મહાનસીય સંયોગ જ લેવાય. અને તે જ સંબંધથી વ્યાપક્તાદલમાં હેતુમાન્ લેવો પડે. એ "મહાનસ" જ બને. તેમાં ધૂમાભાવ ન મળે. પણ ઘટાભાવ જ મળે. એટલે લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ ન આવે. એ જ રીતે ઘટાનુયોગિકસમવાયત્વાવચ્છિન્ન સમવાય તરીકે માત્ર ઘટાનુયોગિક-સમવાય જ લેવાય. અને તે જ સંબંધથી વ્યાપક્તાદલમાં હેતુમાન લેવો પડે. જે ઘટ જ બને. અને તેમાં દ્રવ્યત્વાભાવ ન મળતા, પટાભાવાદિ દ્વારા લક્ષણ ઘટી જતા ત્યાં પણ અવ્યાપ્તિ ન આવે.

**जागदीशी** - धूमाधिकरणे तत्तत्संयोगेन वह्न्यभावसत्त्वात् -'वह्निमान् धूमा'-दित्यादावव्याप्तिरतोऽत्रापि—'यादृश'—इत्युक्तम् ।

---

**चन्द्रशेखरीया :** एवं अनुमितिविषयीभूते साध्यनिष्ठे सामानाधिकरण्ये यदि "यः सम्बन्धः" इत्युच्येत, तदा **संयोगेन वह्निमान् धूमादि**त्यत्र सामानाधिकरण्ये साध्यस्य सम्बन्धः संयोगः, स च महानसीयसंयोगोऽपि ग्रहीतुं शक्यः। व्यापकतादले हेतुमत्पर्वते महानसीयसंयोगेन वह्न्यभावः, तस्य प्रतियोगिता महानसीयसंयोगात्मकेन साध्यतावच्छेदक-सम्बन्धान्तर्गतेनावच्छिन्ना, तदवच्छेदकं वह्नित्वमित्यव्याप्तिर्भवेत् । यादृशपदोपादाने तु न दोषः । यतोऽत्र साध्यस्य संयोगत्वावच्छिन्नः एव संयोगसम्बन्धः साध्यस्य सम्बन्धत्वेन सामानाधिकरण्ये गृह्यते संयोगसामान्येन च हेतुमति पर्वते वह्न्यभावो नास्ति, अपि तु घटाभावः । तस्य संयोगसामान्यावच्छिन्ना घटनिष्ठा प्रतियोगिता, तदवच्छेदकं घटत्वं, तदनवच्छेदकं तु वह्नित्वं इति नाव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા :** હવે એ રીતે સાધ્યનો પણ "યઃ સંબંધઃ પ્રવિષ્ટઃ" એમ ન કહેતા, "યાદૃશઃસંબંધઃ" એમ જ કહેલ છે. જો યઃ સંબંધઃ કહે, તો **"વહ્નિમાન્ પર્વતઃ"** અનુમિતિમાં સંયોગ સંબંધ જ દેખાય છે. એ સંયોગ તરીકે મહાનસીયસંયોગાદિ લઈ શકાય. અને પર્વતમાં મહાનસીયસંયોગથી તો વહ્ન્યભાવ મળી જ જાય. અને તેની પ્રતિયોગિતા મહાનસીયસંયોગાવચ્છિન્ન પણ મળે. અને તે પ્રતિયોગિતાનો અવચ્છેદક વહ્નિત્વ બની જતા અવ્યાપ્તિ આવે જ.

પણ યાદૃશ=સંયોગત્વાવચ્છિન્ન સંયોગ=સંયોગ સામાન્ય જ લેવાય. એકાદ સંયોગ ન લેવાય. અને એ સંયોગસામાન્યથી તો પર્વતમાં વહ્ન્યભાવ ન જ મળે. પણ ઘટાભાવ મળે. અને તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક વહ્નિત્વ બની જતા અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी** - 'तेन सम्बन्धेन यो हेतुमा'-नित्यस्य फलमाह,-धूमसमवायीति । प्रतियोगिताया इति ।—'अवच्छेदकत्वेऽपि वह्नित्वस्य न क्षति'-रित्यन्वयः । 'साध्यस्य चे' त्यादेः फलमाह,-धूमसंयोगीत्यादि ॥१४॥

---

**चन्द्रशेखरीया :** "हेतोः यादृशः सम्बन्धः तेन सम्बन्धेन यो हेतुमान् "इति यदि नोच्यते । तदा समवायेन धूमवान् धूमावयवः, तत्र संयोगेन वह्न्यभावः, तस्य प्रतियोगिता संयोगवच्छिन्ना, तत्प्रतियोगितावच्छेदकं तु वह्नित्वं इत्यव्याप्तिः । यथोक्तनिवेशे तु न दोषः । यतोऽत्र हेतोः धूमस्य संयोग एव सम्बन्धः गृहीतः, तेन सम्बन्धेन हेतुमान् पर्वतादिः, न तु धूमावयवः, तत्र च वह्न्यभावो नास्ति इति अभावान्तरमादाय लक्षणसमन्वयः ।

एवं "साध्यस्य यादृशः सम्बन्धः, तेन सम्बन्धेन अवच्छिन्ना प्रतियोगिता" इति यदि नोच्यते, तदा तु संयोगेन धूमवति पर्वते समवायेन वह्न्यभावोऽस्ति, तस्य समवायेनावच्छिन्ना प्रतियोगिता, तदवच्छेदकं वह्नित्वं

इत्यव्याप्तिः । यथोक्तनिवेशे तु न दोषः । यतः वह्नेः संयोग एव सम्बन्धः गृहीतः । तथा च संयोगावच्छिन्नैव प्रतियोगिता ग्राह्या, सा तु न वह्न्यभावस्य ग्रहीतुं शक्या, पर्वते संयोगेन वह्नेः सत्वात् । अतः संयोगेन घटाभावमादाय लक्षणघटनात् नाव्याप्तिरिति बोध्यम् ।

**ચન્દ્રશેખરીયા :** જો હેતુતાવચ્છેદકસંબંધથી હેત્વધિકરણ ન લઈએ તો ધૂમનું સમવાયથી અધિકરણ ધૂમાવયવ બને. તેમાં સંયોગથી વહ્ન્યભાવ મળી જાય, માટે અવ્યાપ્તિ આવે. પણ હવે તે વાંધો ન આવે. કેમકે પરામર્શમાં હેતુનો જે સંબંધ દેખાય તે જ= હેતુતાવચ્છેદક સંબંધથી જ હેતુમાન્ લેવાનો છે. અને તે તો પર્વતાદિ જ બનશે. અને તેમાં સંયોગથી વહ્ન્યભાવ ન મળતા અવ્યાપ્તિ ન આવે. એ જ રીતે સંયોગથી ધૂમાધિકરણ એવા પણ પર્વતમાં સમવાયથી વહ્ન્યભાવ તો છે જ. અને તેની પ્રતિયોગિતા સમવાયાવચ્છિન્ન છે. અને તેનો અવચ્છેદક વહ્નિત્વ બનતા પછી અવ્યાપ્તિ આવે. પરંતુ અનુમિતિમાં અહીં સાધ્યનો સંબંધ સંયોગ જ ભાસે છે, અને તેથી સંયોગાવચ્છિન્ન પ્રતિયોગિતા જ લેવાની છે. એટલે સમવાયાવચ્છિન્ન પ્રતિયોગિતા લેવાય નહી. અને સંયોગથી તો પર્વતમાં વહ્નિનો અભાવ મળતો જ નથી. માટે સંયોગથી ઘટાભાવ જ લેવો પડે. એટલે લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ ન આવે. દીધિતિગ્રન્થનો અર્થ – "ધૂમના સમવાયી એવા ધૂમાવયવમાં રહેલ વહ્ન્યભાવની પ્રતિયોગિતા સંયોગથી અવચ્છિન્ન છે. અને તેનો અવચ્છેદક વહ્નિત્વ છે, તો ય વાંધો નથી. અને ધૂમના સંયોગી પર્વતમાં રહેલ વહ્ન્યભાવની સમવાયાવચ્છિન્ન પ્રતિયોગિતાનો અવચ્છેદક વહ્નિત્વ બને, તો ય વાંધો નથી." કેમ વાંધો નથી ? એ ઉપર જોઈ ગયા.

## दीधितिः

**यद्वा, – साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोग्यसम्बन्धित्वं हेतुमतो वक्तव्यम् ।**

**तथा च सम्बन्धभेदेन प्रतियोगिता न विशेषणीया,**

**एवं स्थिते, – सामानाधिकरण्यादौ 'सम्बन्धित्वं' निवेशनीयं, न त्वधिकरणत्वं,**

**तथा च धर्म्मिणोऽपि व्याप्यत्वं, व्यापकत्वञ्च निर्वहति तथा हि, - तादात्म्येन सम्बन्धेन धूमवतः सम्बन्धिनि महानसे वर्तमानो योऽन्योन्याभावस्तस्य तादात्म्यसम्बन्धावच्छिन्ना या प्रतियोगिता,–तदनवच्छेदकवह्निमत्त्वावच्छिन्नस्य वह्निमतस्तादात्म्येन सम्बन्धिनि महानसे,–धूमवतस्तादात्म्येन सम्बन्धित्वम् ।**

**एवं –धर्मिणो धर्मव्याप्यत्व-व्यापकत्वे बोध्ये ।**

**अत एव – जलादीनां पृथिवीत्वाभावव्याप्यत्वं तत्र-तत्रोक्तं सङ्गच्छते ॥१५॥**

**जागदीशी** - ननु तादात्म्येन गवादेः साध्यतायां सास्नादावव्याप्तिस्तत्र साधन वन्निष्ठान्योन्याभावप्रतियोगितायाः साध्यतावच्छेदक-तादात्म्यसम्बन्धावच्छिन्नत्वे' मानाभावस्य

स्वयमेव 'बौद्धाधिकारटिप्पण्या' मुक्तत्वात्-

---

**चन्द्रशेखरीया :** ननु यत्र गौः तादात्म्येन साध्यं, तत्र समवायेन सास्नावत्वादिहेतावव्याप्तिः भवति । सास्नावत्यां गवि विद्यमानस्य घटाद्यभावस्य साध्यतावच्छेदकतादात्म्यसम्बन्धावच्छिन्नाया: प्रतियोगिताया: एव अप्रसिद्धत्वात् । यतो भवतैव दीधितिकारेण बौद्धाधिकारटिप्पण्यां तादात्म्या-वच्छिन्नप्रतियोगितायां मानाभावः प्रतिपादितः । तथा च साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिताया: अप्रसिद्धत्वात् तद्घटितं व्याप्तिलक्षणमपि अत्राव्याप्तं भवति ।

**ચન્દ્રશેખરીયા : પૂર્વપક્ષ :** તો પણ તાદાત્મ્યેન **'ગોમાન્ સાસ્નાવત્વાત્'** અહીં અવ્યાપ્તિ આવશે. કેમકે અહીં હેત્વધિકરણવૃત્તિ એવા અભાવની પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન લેવાની કહી છે. હવે અહીં તો સાધ્યતાવચ્છેદકસંબંધ તાદાત્મ્ય છે. અને તાદાત્મ્યાવચ્છિન્ન એવી પ્રતિયોગિતા માનવામાં કોઈ જ પ્રમાણ નથી. એ વાત ખુદ તમે જ બૌધ્ધાધિકારની ટીપ્પણીમાં કરી છે.

---

**जागदीशी** - **एवं-'धनी चैत्रत्वा'दित्यादौ वृत्त्यनियामक-स्वामित्वादि-सम्बन्धेन धनादेः साध्यतायामपि तादृशसम्बन्धावच्छिन्नप्रतियोगित्वाप्रसिद्धेरत आह,-यद्वेति ।**

---

**चन्द्रशेखरीया :** कदाचित् तादात्म्यावच्छिन्नप्रतियोगिता स्वीक्रियते, तथापि **'धनी चैत्रत्वात्'** इत्यादौ तु सुतरामव्याप्तिः । यतोऽत्र धनं स्वामित्वसम्बन्धेनैव साध्यम् । स्वामित्वं च वृत्ति-अनियामकः सम्बन्धः एव सर्वेषामभिमतः । वृत्यनियामकसम्बन्धावच्छिन्ना प्रतियोगिता तु न केनचिदपि इष्यते । तथा चात्र साध्यतावच्छेदकस्वामित्वावच्छिन्नायाः प्रतियोगितायाः अप्रसिद्धत्वात् तद्घटितं लक्षणमव्याप्तमेव भवति इति चेत् न दीधित्यां तस्य समाधानं क्रियते, **"यद्वा इत्यादिना"** अयं भावः यदि हि साध्यतावच्छेदकस्वामि-त्वादि-अवच्छिन्ना प्रतियोगिता अप्रसिद्धा, तर्हि लक्षणे न साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्ना प्रतियोगिता निवेश्या, किन्तु केनापि सम्बन्धेन अवच्छिन्ना प्रतियोगिता निवेश्या । केवलं प्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोग्यसंबंधिहेतुसंबंधि-वृत्ति-अभाव.... इत्यत्र प्रतियोगितावच्छेदकसम्बन्धं परित्यज्य साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोग्यसंबंधि-हेतुसंबंधि-वृत्ति अभाव....इति वक्तव्यम् तथा च न कोऽपि दोषः। साध्यतावच्छेदकसम्बन्धेन स्वामित्वस्वरूपेण घटासम्बन्धी चैत्रत्वसम्बन्धी यः चैत्रः, तस्मिन् वर्तमानस्य संयोगेन घटाभावस्य संयोगावच्छिन्नायाः प्रतियोगितायाः अनवच्छेदकमेव धनत्वमिति लक्षणसमन्वयः ।

**ચન્દ્રશેખરીયા :** કદાચ તાદાત્મ્યાવચ્છિન્ન એવી પ્રતિયોગિતા માનીએ. તો પણ **'ધની ચૈત્રત્વાત્'** એ સ્થલે સાધ્યતાવચ્છેદકસંબંધ સ્વામિત્વ છે અને એ તો વૃત્તિ-અનિયામક છે. અને આવો વૃત્તિ-અનિયામક સંબંધ એ પ્રતિયોગિતાવચ્છેદક બનતો નથી. એ વાત તો બધાને માન્ય જ છે. એટલે અહીં તો સાધ્યતાવચ્છેદકસ્વામિત્વસંબંધથી અવચ્છિન્ન પ્રતિયોગિતા તો પ્રસિદ્ધ જ નથી. માટે અહીં અવ્યાપ્તિ આવશે.

**ઉત્તર :** આથી જ દીધિતિકાર બીજો ઉત્તર આપે છે કે, સાધ્યતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગીનો અસંબંધી

એવો હેતુમાન્ લેવો. અહીં હવે પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદક સંબંધથી અવચ્છિન્ન લેવાની જરૂર નથી. એટલે સ્વામિત્વસંબંધથી પ્રતિયોગિતા ભલે પ્રસિદ્ધ ન હોય. તો પણ લક્ષણઘટક જે ઘટાભાવ છે. તેના પ્રતિયોગીનો સ્વામિત્વસંબંધથી ચૈત્ર એ સંબંધી બનતો નથી. એટલે સ્વામિત્વસંબંધથી ઘટ-અસંબંધી એવો ચૈત્ર બને અને તેમાં ઘટાભાવ મળી ગયો. હવે એ પ્રતિયોગિતા ભલે સંયોગાવચ્છિન્ન હોય, તો પણ વાંધો નથી. આ પ્રતિયોગિતાનો અનવચ્છેદક ધનત્વ મળી જતા અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी - यत्तु – "प्रतियोगितावच्छेदकसम्बन्धेन तद्वैयधिकरण्यं प्रवेश्य, –पुनः 'प्रतियोगितायाः साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्व' विवक्षायां गौरवमतो 'यद्वे'त्यादिकल्प" इति,–**

---

**चन्द्रशेखरीया :** अत्र केचित् दीधित्यां "**यद्वा**" इत्यादि ग्रन्थोत्थितौ इदं प्रयोजनं प्रतिपादयति यदुत प्रथमकल्पे 'प्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोग्यनधिकरण-हेत्वधिकरण' इत्यत्र प्रतियोगितावच्छेदकसम्बन्धं प्रवेश्य पश्चात् तादृशाभावीयप्रतियोगितायामपि साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वस्य निवेशः क्रियेत, तच्च गौरवम् । अतः लाघवात् प्रथमतः एव साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोग्यनधिकरणहेत्वधिरण" इति विवक्षा दीधित्यां कृता । येन प्रतियोगितावच्छेदकसम्बन्धानिवेशप्रयुक्तं लाघवं भवेत् ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** ખરેખર તો "પહેલા પ્રતિયોગિતાવચ્છેદક સંબંધથી પ્રતિયોગી-અનધિકરણ એવા હેત્વધિકરણમાં વૃત્તિ એવો અભાવ લેવો. અને તેની સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્ન એવી પ્રતિયોગિતા લેવી." એમ કહ્યું. આમાં પ્રતિયોગિતાવચ્છેદકસંબંધ અને સાધ્યતાવચ્છેદકસંબંધ બેનો નિવેશ કરવો પડે. તેમાં ગૌરવ આવતું હોવાથી જ દીધિતિકારે આ નવી વિવક્ષા કરી છે, એમ માનવું યોગ્ય છે.

---

**जागदीशी – तन्न- -साध्यतावच्छेदके-सम्बन्धान्तरावच्छिन्न-तत्तदनन्तप्रतियोगितावच्छेदक-भेदकूटघटितत्वेन 'यद्वे' त्यादिकल्पस्यैव गुरुतरत्वादित्याहुः ।**

**सम्बन्धभेदेन-साध्यतावच्छेदकसम्बन्धभेदेन ।**

---

**चन्द्रशेखरीया :** तत्तुच्छं, यतो गौरवलाघवविमर्शे क्रियमाणे तु द्वितीयकल्पे एव महद् गौरवमस्ति । तथा हि प्रथमकल्पे अभावीयप्रतियोगिता साध्यतावच्छेदकसम्बन्धेन अवच्छिन्ना एव गृह्येत, अतः साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिताका एव अभावाः लक्षणघटकत्वेन ग्रहीतुं शक्यन्ते । तासां प्रतियोगितानां येऽवच्छेदकाः, तेषां सर्वेषां भेदवत्त्वम् साध्यतावच्छेदके वक्तव्यं भवति । एवं च प्रथमकल्पे संयोगेन वह्निसाध्यके धूमहेतौ संयोगावच्छिन्नप्रतियोगिताका एव अभावाः लक्षणघटकत्वेन ग्रहीतुं शक्यन्ते ।

द्वितीयकल्पे तु प्रतियोगिता न साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्ना, किन्तु येन केनापि सम्बन्धेनावच्छिन्ना प्रतियोगिता ग्रहीतुं शक्या । अतो द्वितीयकल्पे संयोगावच्छिन्नप्रतियोगिताकाः समवायावच्छिन्नप्रतियोगिताकाः तादात्म्यावच्छिन्नप्रतियोगिताकाः स्वरूपावच्छिन्नप्रतियोगिताकाः कालिकावच्छिन्नप्रतियोगिताकाश्च अभावाः लक्षणघटकत्वेन प्रविष्टा भवन्ति । तेषां सर्वेषां तत्तत्सम्बन्धावच्छिन्नानां अनन्तानां प्रतियोगितानां येऽवच्छेदकाः धर्माः, तेषां सर्वेषां भेदवत्त्वम् साध्यतावच्छेदके वह्नित्वे वक्तव्यम् । तथा च द्वितीयकल्पे एव महत् गौरवं भवेत् । अतो न "लाघवप्रयोज्यो द्वितीयकल्पो दीधित्यां प्रतिपादितः" इति मन्तव्यम् । किन्तु वृत्त्यनियामकसम्बन्धेन यत्र साध्यं, तत्र अव्याप्तिवारणायैव द्वितीयकल्पः प्रतिपादितः इति मन्तव्यम् ।

**चन्द्रशेखरीया :** ઉત્તરપક્ષ : ના, ભાઈ. આ ગૌરવની બાબતમાં વિચારીએ તો તો, ઉલ્ટું આ બીજા કલ્પમાં જ વધારે ગૌરવ આવે. ધારો કે **'વહ્નિમાન્ ધૂમાત્'** એમાં પહેલી વિવક્ષા પ્રમાણે પ્રતિયોગિતાવચ્છેદકસંબંધેન પ્રતિયોગી-અનધિકરણ—હેત્વધિકરણમાં વૃત્તિ એવા અભાવની પ્રતિયોગિતાના અવચ્છેદક જેટલા હોય, તે તમામના ભેદવાળો એવો સાધ્યતાવચ્છેદક જ લેવાનો છે. હવે અહીં પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદકસંબંધથી અવચ્છિન્ન લેવાની છે. એનો અર્થ એ કે સંયોગસંબંધથી જ ઘટ-પટવિ. ના અભાવો એ લક્ષણ ઘટક લેવાશે. સમવાયસંબંધથી ઘટ-પટ વિ.ના અભાવ તો ન જ લેવાય. કેમકે તેમની પ્રતિયોગિતા એ સમવાયાવચ્છિન્ન છે. સંયોગાવચ્છિન્ન નથી. એટલે આ પહેલી વિવક્ષા પ્રમાણે સંયોગથી ઘટનો અભાવ અને સંયોગથી પટનો અભાવ એમ બે અભાવ (દૃષ્ટાન્ત માટે છે.) જ લક્ષણઘટક બનશે. અને તેથી અહીં પ્રતિયોગિતા પણ બે જ લેવાશે. જ્યારે બીજી વિવક્ષા લઈએ, તો ત્યાં તો પ્રતિયોગિતા કોઈપણ સંબંધથી અવચ્છિન્ન લેવાની રજા છે. એટલે સંયોગેન ઘટાભાવ, સંયોગેન પટાભાવ, સમવાયેન ઘટાભાવ, સમવાયેન પટાભાવ આ ચારેય લઈ શકાય. અને સાધ્યતાવચ્છેદક સંબંધથી = સંયોગથી આ ઘટ-પટાદિનું અનધિકરણ એવો પર્વત બની જાય. આમ અહીં જુદા જુદા સંબંધોથી અવચ્છિન્ન એવી તે તે અનંત પ્રતિયોગિતાઓ લક્ષણઘટક બનશે. અને તે તમામ પ્રતિયોગિતાઓના અવચ્છેદકોના ભેદવાળો એવો સાધ્યતાવચ્છેદક લેવાનો રહે. આમ ખરેખર તો બીજા કલ્પમાં જ વધારે ગૌરવ આવવાનું. એટલે અમે જે વાત કરી છે તે જ વધુ યોગ્ય લાગે છે.

---

**जागदीशी** - **न चोक्तमतद्वय एव पर्वताद्यनुयोगिकसंयोगादिना—**
**वह्न्यादेः साध्यतायां तत्तद्धूमेऽव्याप्तिः,—**
**तादृशप्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोगिनो यदधिकरणं तदन्यत्वस्य,—**
**—साध्यतावच्छेदकसम्बन्धेन यत्प्रतियोगिसम्बन्धि, तदन्यत्वस्य च, —**
**— हेतुमत्यप्रसिद्धेरिति वाच्यम्;**

---

**चन्दशेखरीया :** ननु तथापि उक्तमतद्वयेऽपि पर्वतानुयोगिकसंयोगेन यत्र वह्निःसाध्यः, तत्र धूमहेतावव्याप्तिः । तथा हि-प्रथमकल्पे साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्ना प्रतियोगिता निविष्टा, अतः तद्ग्रहणाय लक्षणघटकोऽभावोऽपि साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिताक एव ग्राह्यः । तथा च

पर्वतानुयोगिकसंयोगेन धूमाधिकरणे पर्वते घटाभावोऽस्ति, तत्प्रतियोगितावच्छेदकेन पर्वतानुयोगिकसंयोगेन प्रतियोगिनः घटस्याधिकरणमेवाप्रसिद्धं । अतो हेत्वधिकरणं तादृशसम्बन्धेन प्रतियोग्यधिकरणभिन्नत्वेन ग्रहीतुमशक्यम् । तादृशसम्बन्धेन प्रतियोग्यधिकरण-स्यैवाप्रसिद्धया प्रतियोग्यधिकरणभेदोऽपि अप्रसिद्धः एव । तथा चाव्याप्तिः । द्वितीयकल्पे तु साध्यतावच्छेदकसम्बन्धेन पर्वतानुयोगिकसंयोग-सम्बन्धेन घटाभावप्रतियोगिनः घटस्याधिकरणमेवाप्रसिद्धमिति पूर्ववदेवाव्याप्तिः । यदि हि पर्वतवृत्ति-वृक्षाद्यभावः कालिकेन गृह्यते, तदा प्रतियोगितावच्छेदकेन पर्वतानुयोगिकसंयोगेन पर्वतवृत्ति-वृक्षादि-अधिकरणमेव पर्वतः, न तु तद्भिन्नः । एवं साध्यतावच्छेदकेन पर्वतानुयोगिकसंयोगेन तादृशवृक्षादि-अधिकरणमेव पर्वतः, न तु तदन्यः इति न तमादायापि लक्षणसमन्वयः, तथा च अव्याप्तिः दुर्वारा इति चेत्

**चन्द्रशेखरीया : पूर्वपक्ष :** આ બે ય મતમાં પર્વતાનુયોગિક સંયોગ સંબંધથી જ્યાં વહ્નિ સાધ્ય હશે, ત્યાં તે તે પર્વતીય ધૂમમાં અવ્યાપ્તિ આવવાની. કેમકે પહેલા મતમાં પ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગી-અધિકરણભિન્ન (પ્રતિયોગી-અનધિકરણ) એવા હેત્વધિકરણમાં વૃત્તિ એવા અભાવની સાધ્યતા-અવચ્છેદકસંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતાનો અનવચ્છેદક સાધ્યતાવચ્છેદક લેવાનો છે. હવે અહીં પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્ન લાવવી જ પડે. અને તે લાવવા માટે સાધ્યતાવચ્છેદકસંબંધથી જ પ્રતિયોગીનો અભાવ લક્ષણઘટક તરીકે લેવો પડે. એટલે કે, પર્વતાનુયોગિક સંબંધથી જ ઘટનો અભાવ લેવો પડે. એટલે પ્રતિયોગિતા અવચ્છેદક સંબંધ તો પર્વતાનુયોગિકસંયોગ બનશે. અને તે સંબંધથી ઘટનું અધિકરણ જ પ્રસિદ્ધ નથી. કેમકે ઘટ એ સંબંધથી રહેતો જ નથી. એટલે પ્રતિયોગી-અધિકરણ ન મળતા તદ્ભિન્ન પણ ન મળે. જો સંયોગથી ઘટાભાવ લો, તો એની પ્રતિયોગિતા સાધ્યતા-અવચ્છેદક સંબંધાવચ્છિન્ન ન બને. માટે એ ન લેવાય. જો પર્વતાનુયોગિકસંયોગથી પર્વતવૃત્તિ એવા વૃક્ષાદિના અભાવ લો તો એ વૃક્ષાદિ એ પર્વતાનુયોગિક સંયોગથી પર્વતમાં રહી જ જવાના છે. એટલે તેમનું અનધિકરણ એવું હેત્વધિકરણ તો મળવાનું જ નથી. આમ અહીં કોઈપણ રીતે કોઈપણ અભાવ લઈને પણ લક્ષણસમન્વય થઈ શકતો નથી. માટે અવ્યાપ્તિ આવે. બીજા મતમાં તો સ્પષ્ટ વાંધો છે. કેમકે ઘટાભાવ લેશો તો સાધ્યતાવચ્છેદક પર્વતાનુયોગિક સંયોગથી ઘટનું અધિકરણ જ પ્રસિદ્ધ ન હોવાથી પૂર્વવત્ અવ્યાપ્તિ આવશે. જો પર્વતવૃત્તિ એવા વૃક્ષાદિના અભાવ લેશો, તો પર્વતાનુયોગિકસંબંધથી તે વૃક્ષનો સંબંધી=અધિકરણ જ તે પર્વત બની જશે. એટલે તદ્ભિન્ન=વૃક્ષસંબંધિભિન્ન=વૃક્ષાધિકરણભિન્ન તરીકે એ નહીં લઈ શકાય અને તેથી અવ્યાપ્તિ આવવાની જ છે.

---

**जागदीशी** - **तादृशप्रतियोगितावच्छेदकसम्बन्धावच्छिन्नाधिकरणतानिरूपितविशेषणता-विशेषेण,—साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नाधिकरणतानिरूपितविशेषणता-विशेषेण वा,—हेत्वधिकरणे —तादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नाधिकरणत्वसामान्याभावस्योक्तत्वात्,-**

**अन्यथा कालिकादिसम्बन्धेन सर्वस्यैव हेतुमतः प्रतियोग्यधिकरणतावत्त्वात् प्रतियोग्यनधिकरणहेत्वधिकरणाप्रसिद्धेः ।**

**चन्द्रशेखरीया :** न प्रथमकल्पे तादृशप्रतियोगितावच्छेदकसम्बन्धावच्छिन्नाधिकरणतानिरूपितविशेषणताविशेषेण तादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नाधिकरणतासामान्याभाववान् एव तादृशप्रतियोगि-अनधिकरण हेत्वधिकरणपदेन विवक्षितः । द्वितीयकल्पे तु साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्न-अधिकरणता निरूपितविशेषणताविशेषेण तादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नाधिकरणतासामान्याभाववानेव तादृशप्रतियोग्यनधिकरणहेत्वधिकरणपदेन विवक्षितः इति बोध्यम् । इत्थं च पर्वतानुयोगिकसंयोगेन 'वह्निमान् धूमादि'त्यत्र पर्वतानुयोगिकसंयोगेन घटाभाव एव गृह्यते । घटत्वावच्छिन्नघटनिष्ठ-प्रतियोगितावच्छेदकेन पर्वतानुयोगिकसंयोगेनावच्छिन्नश्च न घटः, किन्तु पर्वते वर्तमानाः वह्निवृक्षादय एव, तदधिकरणता तु पर्वते विशेषणताविशेषेण स्वरूपसम्बन्धात्मकेन वर्तते । तादृशेन वह्नि-वृक्षादि-अधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेन तु घटत्वावच्छिन्नघटनिष्ठप्रतियोगितावच्छेदकघटत्वावच्छिन्नघटाधिकरणता पर्वते न वर्तते एव । यतः तादृशघटाधिकरणता घटनिरूपितस्वरूपसम्बन्धेन भूतलादौ एव वर्तते । इत्थं च पर्वतः तादृशाधिकरणतासामान्याभाववान् मीलितः, तत्र च घटाभावस्य सत्वात् लक्षणसमन्वयः भवति । यद्यपि अत्र समवायेन वह्न्यभावोऽपि ग्रहीतुं शक्यः, तदीयप्रतियोगितावच्छेदक-समवायसम्बन्धावच्छिन्नपर्वतत्वादि-अधिकरणतानिरूपित-स्वरूपसम्बन्धेन वह्नित्वावच्छिन्नवह्नि-अधिकरणतासामान्याभावः एव पर्वते अस्ति । पर्वते समवायेन वह्नेः अभावात् । किन्तु तथापि तस्य वह्न्यभावस्य प्रतियोगिता न साध्यतावच्छेदक-संयोगावच्छिन्ना इति तस्याः लक्षणाघटकत्वादेव न दोषः इति बोध्यम् । एवं यद्यपि घटत्वावच्छिन्नघटस्य कालिकेन पर्वते विद्यमानत्वात् पर्वते कालिकावच्छिन्नघटाधिकरणता वर्तते । तथापि सा कालिकावच्छिन्न-घटाधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेनैव वर्तते । प्रतियोगितावच्छेदकसंयोगावच्छिन्नवृक्षाधिकरणता निरूपितस्वरूपसम्बन्धेन तु कालिकावच्छिन्नघटाधिकरणतायाः अभाव एव पर्वते वर्तते । अतः पर्वते तादृशसामान्याभावस्याक्षतत्वात् घटाभाव एव लक्षणघटकत्वेन ग्रहीतुं शक्यते इति नाव्याप्तिः ।

एवं द्वितीयकल्पेऽपि साध्यतावच्छेदकपर्वतानुयोगिकसंयोगावच्छिन्नवह्निवृक्षादि-अधिकरणतानिरूपित स्वरूपसम्बन्धेन घटत्वावच्छिन्नघटाधिकरणतासामान्यस्याभावः पर्वते वर्तते, अतः संयोगादिना घटाभावोऽपि लक्षणघटको भवति । समवायेन वह्न्यभावस्तु न लक्षणघटकः, तादृशाभावप्रतियोगितावच्छेदक वह्नित्वावच्छिनवह्नि-अधिकरणतायाः पर्वतानुयोगिकसंयोगावच्छिन्नवह्न्यधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेन पर्वते वर्तमानत्वात् इति न कोऽपि दोषः ।

इत्थं चैतद् अङ्गीकर्तव्यम् अन्यथा तु न कोऽपि अभावो लक्षणघटको भवितुमर्हति । यतः सर्वे एव हेतुमन्तः कालिकादिसम्बन्धेन स्वनिष्ठाभावप्रतियोगिघटादि-अधिकरणतावन्तः एव भवन्ति । तथा च प्रतियोगि-अनधिकरण-हेत्वधिकरणस्यैवाप्रसिद्धया सर्वत्रासंभवो भवेत् इति यथोक्तमेवाङ्गीकर्तव्यम् ।

**ચન્દ્રશેખરીયા :** ઉત્તરપક્ષ : નં. ૧ મતમાં તાદશપ્રતિયોગિતાવચ્છેદકસંબંધાવચ્છિન્નાધિકરણતાનિરુપિતવિશેષણતા વિશેષેણ તાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નાધિકરણતા- સામાન્યાભાવ જેમાં મળે, એ જ પ્રતિયોગિ અનધિકરણ-હેત્વધિકરણ તરીકે લઈ લેવું. અને તેમાં રહેલ તે અભાવની સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન તાદશપ્રતિયોગિતાનો અનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક બનવાનો છે.

એટલે હવે આ સ્થળે ઘટાભાવ લઈએ તો ઘટાભાવ એ પર્વતાનુયોગિકસંયોગસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાક જ લેવાનો છે. આ પ્રતિયોગિતાનો અવચ્છેદક એવો પર્વતાનુયોગિકસંયોગસંબંધ છે. આ સંબંધથી અવચ્છિન્ન એવા તો પર્વતમાં રહેલા વહ્નિ+વૃક્ષાદિ બનશે. અને તેની અધિકરણતા એ પર્વતમાં જ આવવાની અને એ અધિકરણતા એ સ્વરૂપસંબંધથી પર્વતમાં રહેશે. એટલે પર્વતાનુયોગિક-સંયોગાવચ્છિન્નવૃક્ષાદિ-અધિકરણતાનિરૂપિત એવો વિશેષણતાવિશેષ=સ્વરૂપસંબંધ મળ્યો. હવે ઘટાભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક ધર્મ ઘટત્વ છે. અને ઘટત્વાવચ્છિન્ન એવા એ ઘટની અધિકરણતા ભૂતલાદિમાં છે. પણ પર્વતમાં નથી એટલે વૃક્ષાદિ-અધિકરણતાનિરૂપિતસ્વરૂપ સંબંધથી તો ઘટાધિકરણતાસામાન્યનો અભાવ પર્વતમાં મળી જ જાય છે. અહીં કદાચ ઘટ એ પર્વતમાં કાલિકથી રહે તો પણ કાલિકાવચ્છિન્નઘટાધિકરણતા પર્વતમાં કાલિકાવચ્છિન્નઘટાધિકરણતાનિરૂપિતસ્વરૂપસંબંધથી જ રહેશે. પરંતુ પર્વતાનુયોગિકસંયોગાવચ્છિન્ન વૃક્ષાધિકરણતાનિરૂપિતસંબંધથી તો તાદશઘટાધિકરણતાનો અભાવ પર્વતમાં મળી જ જાય છે. એટલે આ પર્વત એ પ્રતિયોગિ-અનધિકરણ એવા હેત્વધિકરણ તરીકે લઈ શકાશે. અને તેમાં પર્વતાનુયોગિકસંયોગથી ઘટનો અભાવ લેવાશે. તેની પ્રતિયોગિતા પર્વતાનુયોગિકસંયોગથી અવચ્છિન્ન પણ મળી જ જવાની છે. અને તે પ્રતિયોગિતાનો અનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ બની જાય છે. માટે અવ્યાપ્તિ ન આવે.

નં. ૨ મત પ્રમાણે વિચારીએ તો સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નાધિકરણતાનિરૂપિતસ્વરૂપસંબંધેન તાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નાધિકરણતાસામાન્યનો અભાવ જેમાં મળે તે જ તાદશપ્રતિયોગી-અનધિકરણ એવા હેત્વધિકરણ તરીકે લઈ શકાય. હવે અહીં તો પ્રતિયોગિતા એ લક્ષણને અંતે સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન જ લેવાની છે તેવું નથી. ગમે તે લેવાય. એટલે સંયોગથી ઘટાભાવ લઈએ, તો સાધ્યતાવચ્છેદક એવા પર્વતાનુયોગિકસંયોગસંબંધથી અવચ્છિન્ન તરીકે ઘટ તો બનવાનો જ નથી. પણ વહ્નિ+ધૂમ+વૃક્ષાદિ બનશે. આ અધિકરણતા સ્વરૂપસંબંધથી પર્વતમાં મળશે. એટલે કે પર્વતાનુયોગિક સંયોગાવચ્છિન્નવૃક્ષાદિ-અધિકરણતાનિરૂપિતસ્વરૂપસંબંધથી પર્વતમાં તે વૃક્ષાદિ-અધિકરણતા રહેશે. પરંતુ પ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વાવચ્છિન્નઘટાધિકરણતા-સામાન્યનો તો ઉપર્યુક્તસ્વરૂપ સંબંધથી પર્વતમાં અભાવ મળી જ જવાનો. એટલે પર્વત એ નિરુક્ત પ્રતિયોગી અનધિકરણ એવા હેત્વધિકરણ તરીકે લઈ શકાશે. અને તેમાં સંયોગથી ઘટાભાવ છે. અને તેની સંયોગાવચ્છિન્ન પ્રતિયોગિતાનો અનવચ્છેદક વહ્નિત્વ બની જતા લક્ષણસમન્વય થઈ જાય.

જો આ વિવક્ષા ન કરીએ તો તો કોઈપણ અભાવ લઈ જ ન શકાય. કેમકે કોઈપણ અભાવના પ્રતિયોગી ઘટાદિની અધિકરણતા એ કાલિક સંબંધથી તો હેત્વધિકરણમાં રહી જ જવાની. અને તો પછી પ્રતિયોગી-અનધિકરણ એવું હેત્વધિકરણ જ અપ્રસિદ્ધ બની જતા અવ્યાપ્તિ આવવાની જ છે. અહીં "પ્રતિયોગી-અનધિકરણ" એવું હેત્વધિકરણ લેવાની વિવક્ષા જ્યારે કરી ત્યારથી માંડીને "કયા સંબંધથી પ્રતિયોગીનું અનધિકરણ લેવું" એ કહ્યું ન હતું. માત્ર આગળ=અહીં આવવાનું હોવાથી એ પ્રમાણે અર્થ કરી લેતા હતા. જે હવે અહીં નિરૂપણ કરવામાં આવેલ છે.

---

**जागदीशी** - **ननु सम्बन्धविशेषेण साध्य-साधनयोः सामानाधिकरण्यप्रवेशे तादात्म्येन हेतुसाध्यभावेऽव्याप्तिः, तादृशसम्बन्धेन हेतु-साध्ययोरधिकरणाप्रसिद्धेरत आह,-एवं स्थित इति ।**

**—सम्बन्धविशेषस्यात्र निवेशे स्थित इत्यर्थः । सामानाधिकरण्यादाविति । 'आदि' पदेन हेतुसामानाधिकरण्यप्रविष्टहेत्वधिकरणत्वस्य परिग्रहः ।**

**प्रयोजनमाह, — तथा चेति । धर्मिणोऽपीति । तादात्म्येन व्याप्यत्वं, व्यापकत्वञ्च निर्वहतीत्यर्थः, अन्यथा तादात्म्येन हेतोः साध्यस्य चाधिकरणाप्रसिद्ध्या न तन्निर्वाह इति भावः ।**

**योऽन्योन्याभाव इति । —'योऽभाव' — इत्येव वक्तुमुचितम्, अन्योन्याभावत्वनिवेशे वैयर्थ्यादिति ध्येयम् । तद्नवच्छेदकवह्निमत्वेति । — वह्निमत्त्वं वह्न्यधिकरणत्वं, तच्चाधिकरणव्यक्तीनां भेदेप्यभिन्नमित्याशयेनेदम् ।**

---

**चन्द्रशेखरीया :** ननु साध्यसामानाधिकरण्ये साध्यतावच्छेदकसम्बन्धेन साध्याधिकरणं हेतुतावच्छेदकसम्बन्धेन च हेत्वधिकरणं ग्राह्यम् इति तावत् भवतोक्तम् किन्तु एवमुक्ते सति **'तादात्म्येन वह्निमान्'** यत्र साध्यं, तादात्म्येनैव च धूमवान् यत्र हेतुः, तत्राव्याप्तिर्भवेत् । यतः अत्र तादात्म्येन वह्निमतः अधिकरणस्य, तादात्म्येन च धूमवतः अधिकरणस्यैव अप्रसिद्धिः इति चेत् न प्रथमं तावत् साध्यसामानाधिकरण्यादौ साध्यतावच्छेदकसम्बन्धेन साध्याधिकरणं हेतुतावच्छेदकसम्बन्धेन च हेत्वधिकरणमवश्यं वाच्यम् अन्यथा प्रागुक्तदोषप्रसङ्गात् । एवं सति तादात्म्येन यत्र साध्यं हेतुश्च तत्राव्याप्तिः यदि भवति । तदा तु तद्वारणाय सर्वत्र अधिकरणपदं परित्यज्य संबंधिपदं ग्राह्यम् । इत्थं च वह्निमान् पर्वतो धर्मिरूपो धूमवदात्मकधर्मिणः व्यापको भवति । तथा धूमवान् पर्वतो धर्मिरूपः वह्निमदात्मकधर्मिणः व्याप्यो भवति । तथा हि हेतुतावच्छेदक सम्बन्धेन तादात्म्येन धूमवदात्मकस्य हेतोः सम्बन्धी पर्वतः, तत्र वह्निमद्भेदो नास्ति, किन्तु घटभेदोऽस्ति, तस्य साध्यतावच्छेदकतादात्म्यावच्छिन्नायाः प्रतियोगितायाः अनवच्छेदकं वह्निमत्त्वं, तदवच्छिन्नो वह्निमान्, तादात्म्येन वह्निमतः सम्बन्धी पर्वतः, तत्र पर्वते तादात्म्येन संबंधित्वं धूमवतः हेतोः इति लक्षणसमन्वयः । अत्र दीधित्यां "योऽन्योन्याभावः" इति लिखितमस्ति, तत्र अन्योन्यपदं निरर्थकं, तादात्म्यावच्छिन्नप्रतियोगितायाः विवक्षणादेव अन्योन्याभावस्य लाभः सुकरः । अतो अन्योन्यपदं प्रामादिकं ज्ञेयम् । **न च** वह्निमत्वं यदि वह्निरेव, तदा तु "पर्वतो महानसीय वह्निमान् न, पर्वतः चत्वरीयवह्निमान् न, महानसः पर्वतीयवह्निमान् न" इत्यादिरीत्या सर्वे एव वह्निमद्भेदाः लक्षणघटकाः, तत्प्रतियोगितावच्छेदकाः सर्वे एव वह्नयः वह्निमत्वरूपाः चालनीन्यायेन भवन्ति । तथा चाव्याप्तिस्तदवस्थैव इति **वाच्यम्** वह्निमत्वमत्र वह्न्यधिकरणत्वरूपं बोध्यं । **न च** तथापि "पर्वतः महानसीय वहिन्यधिकरणं न, पर्वतः चत्वरीयवह्न्यधिकरणं न, महानसः पर्वतीयवह्न्यधिकरणं न" इत्यादिरीत्या सर्वाणि वहिन्यधिकरणत्वानि तादृशप्रतियोगिता-वच्छेदकानि एव चालनीन्यायेन भवन्ति । तत्कथमव्याप्तिनिरासो भवेत् इति **वाच्यम्** वह्न्यधिकरणानां पर्वतमहानसचत्वरादीनां परस्परं विभिन्नत्वेऽपि तेषु सर्वेषु वह्न्यधिकरणत्वं तु एकमेवाभिमतम् । तथा च पर्वते या वह्न्यधिकरणता, सैव महानसेऽपि वर्तते । एवं महानसे या वह्न्यधिकरणता सैव पर्वतेऽपि वर्तते । इत्थं च 'पर्वतः महानसीयवह्नि-अधिकरणतावान् न' इति वक्तुं न शक्यते, अतो न

चालनीन्यायेनापि वह्निमद्भेदा लक्षणघटकत्वेन ग्रहीतुं शक्याः, किन्तु घटभेदादय एव इति नाव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા : પૂર્વપક્ષ :** તમે સાધ્યસામાનાધિકરણ્ય=વહ્નિઅધિકરણવૃત્તિત્વમાં સંબંધનો=સાધ્યતાવચ્છેદક સંબંધ+પ્રતિયોગિતાવચ્છેદક સંબંધનો નિવેશ કરેલો જ છે. પણ એમ કરવાથી જ્યાં તાદાત્મ્ય સંબંધથી હેતુ+સાધ્ય હશે, ત્યાં સાચા સ્થાને અવ્યાપ્તિ આવશે. કેમકે તાદાત્મ્યસંબંધથી સાધ્યનું અધિકરણ જ પ્રસિદ્ધ નથી. અને એવા કોઈ અધિકરણમાં તાદાત્મ્યથી હેતુની વૃત્તિતા પણ પ્રસિદ્ધ જ નથી. એટલે જ્યાં માત્ર સાધ્ય કે માત્ર હેતુ પણ તાદાત્મ્ય સંબંધથી હશે. ત્યાં પણ વાંધો આવવાનો જ છે. તાદાત્મ્ય એ આધાર-આધેય ભાવનો નિયામક ન ગણાતો હોવાથી આ આપત્તિ આવે છે.

**ઉત્તરપક્ષ :** જ્યારે સામાનાધિકરણ્યમાં સંબંધનો નિવેશ કરવાનો છે, ત્યારે આ વાંધો આવે છે. તો આ વાંધો દૂર કરવા સાધ્યાધિકરણવૃત્તિત્વં કહેવાને બદલે સાધ્યસંબંધિ-સંબંધિત્વ એમ જ કહેવું. જેથી કોઈ વાંધો ન આવે. જેમકે **તાદાત્મ્યેન ગોમાન્ સાસ્નાવત્વાત્** અહીં ગૌનું તાદાત્મ્યથી અધિકરણ ભલે ન હોય, પણ સંબંધી તો ગૌ પોતે જ બને છે. અને તેમાં સાસ્ના સમવાયથી વૃત્તિ પણ છે જ. જ્યાં સાસ્નાવાન્ જ તાદાત્મ્યથી હેતુ હોય ત્યાં પણ તાદાત્મ્યથી ગૌનો સંબંધી ગૌ, અને તેમાં સાસ્નાવાન્ રહેનાર=વૃત્તિ ભલે ન હોય. પણ તાદાત્મ્યથી સંબંધી તો છે જ. એટલે એમાં પણ કોઈ વાંધો આવતો નથી. આમ સામાનાધિકરણ્યમાં "સાધ્યાધિકરણ અને હેત્વધિકરણ" બેયમાં સંબંધીનો નિવેશ કરવાથી હવે એ લાભ થશે કે ગૌ રૂપ ધર્મી એ તાદાત્મ્યથી વ્યાપક પણ બની શકે. **તાદાત્મ્યેન ગોમાન્ સાસ્નાવત્વાત્** અને એ જ ગૌ રૂપી ધર્મી=સાસ્નાવાન્ એ તાદાત્મ્યથી વ્યાપ્ય પણ બની શકશે. **"ગોત્વવાન્, તાદાત્મ્યેન સાસ્નાવતઃ ।"** બાકી જો "અધિકરણ"પદ જ રાખી મુકીએ તો હેતુ અને સાધ્ય એ તાદાત્મ્યથી વ્યાપ્ય અને વ્યાપક બની શકશે નહી.

દીધિતિમાં આજ વાત દૃષ્ટાન્તપૂર્વક બતાવે છે. **'તાદાત્મ્યેન વહ્નિમદ્વાન્ તાદાત્મ્યેન ધૂમવતઃ'** અહીં ધૂમવાન્=હેતુનો તાદાત્મ્યથી સંબંધી મહાનસ છે. તેમાં રહેલો ઘટભેદ લેવાશે. વહ્નિમત્ભેદ તેમાં નથી. અને તે ઘટભેદની સાધ્યતાવચ્છેદક એવા તાદાત્મ્યથી અવચ્છિન્ન પ્રતિયોગિતા પણ મળી જાય છે. અને તેનો અનવચ્છેદક વહ્નિમત્વ એ જ સાધ્યતાવચ્છેદક છે. તેનો તાદાત્મ્યથી સંબંધી એવો મહાનસ છે. તેમાં ધૂમવાન્ એ તાદાત્મ્યથી સંબંધી છે જ. આમ લક્ષણ સમન્વય થઈ જાય.

અહીં દીધિતિમાં 'અન્યોન્યાભાવ' પદ લખેલ છે, પણ માત્ર "અભાવ" લખે તો પણ ચાલે. કેમકે પ્રતિયોગિતા તાદાત્મ્યાવચ્છિન્ન લેવાની છે, એના દ્વારા જ આ અભાવ અન્યોન્યાભાવ તરીકે સિદ્ધ થઈ જવાનો છે.

**પ્રશ્ન :** તમે 'પ્રતિયોગિતાવચ્છેદક વહ્નિમત્વ નથી બનતું' એ કહ્યું. પરંતુ વહ્નિમત્વ=વહ્નિ જ છે. અને તો પછી "ધૂમવાન્ પર્વતઃ મહાનસીયવહ્નિમાન્ ન, ચત્વરીયવહ્નિમાન્ ન" અને 'ધૂમવાન્ મહાનસઃ પર્વતીયવહ્નિમાન્ ન" એ રીતે તદ્તદ્વહ્નિમત્ભેદો લક્ષણ ઘટક બની જ જવાના છે. અને તેની પ્રતિયોગિતાના અવચ્છેદક તત્તત્ તમામ વહ્નિ બનવાના. અને એ જ સાધ્યતાવચ્છેદક છે. આમ અવ્યાપ્તિ જ આવવાની.

**ઉત્તર :** અહીં વહ્નિમત્વ એ વહ્નિરૂપ ન માનવું. પરંતુ વહ્નિ-અધિકરણત્વરૂપ માનવું.

**પ્રશ્ન :** એ માનો તો ય મહાનસીયવહ્નિ-અધિકરણભેદવાન્ ચત્વરીયવહ્નિ-અધિકરણભેદવાન્... ઇત્યાદિ લક્ષણઘટક બની જ જવાના. અને તેની પ્રતિયોગિતાઓનું અવચ્છેદક તત્તદ્વહ્નિ-અધિકરણત્વ જ બનશે. એટલે સાધ્યતાવચ્છેદકો બધા જ તાદૃશપ્રતિયોગિતાવચ્છેદક બની જવાથી અવ્યાપ્તિ આવે જ છે.

ઉત્તર : વહ્નિ-અધિકરણત્વ એ તમામે તમામ વહ્નિ-અધિકરણોમાં એક જ માનેલું છે. ભલે અધિકરણવ્યક્તિઓ પર્વત-ચત્વરાદિ જુદા હોય, છતાંય વહ્નિ-અધિકરણત્વ એ એક જ માનેલું છે. અને એટલે જ **'પર્વતઃ વહ્ન્યધિકરણભેદવાન્'** એમ તો બોલાતું જ નથી. 'પર્વતઃ મહાનસીયવહ્નિ-અધિકરણં ન' એમ પણ ન બોલાય. કેમકે બેયમાં વહ્નિ-અધિકરણત્વ એક જ હોવાથી પર્વત એ પોતે મહાનસમાં રહેલી વહ્નિ-અધિકરણતાવાળો પણ છે જ. એટલે ઘટાભાવાદિ લઈને લક્ષણ ઘટી જતાં અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी** - **"अत्र साध्य-साधनयोरिव तदीयसम्बन्धयोरपि भेदेन व्याप्तेर्भेदात्, -तादात्म्येन हेतु-साध्यकस्थले हेतुमन्निष्ठाभावाप्रतियोगिसाध्यतादात्म्यमेव व्याप्तिर्वक्तुमुचिता,-लाघवादिति" वदन्ति ।**

**एवमिति । -सामानाधिकरण्यादौ सम्बन्धित्वनिवेशे कृत इत्यर्थः । धर्मिण इति । -धर्मिणो=धूमवतः, धर्म्मस्य=वह्नेर्व्याप्यत्वम्, धर्म्मिणो=वह्निमतः, धर्म्मस्य=धूमस्य, व्यापकत्वञ्चेत्यर्थः । तथा च, -'गौः सास्नावत्त्वात्,' 'वह्निमान् धूमवत' इत्यादौ तादात्म्यसम्बन्धेन व्यापकता, व्याप्यताऽपि सङ्गच्छत इति भावः ।**

---

**चन्द्रशेखरीया :** **अन्ये** तु यथा साध्यसाधनयोर्भेदात् व्याप्तिभेदोऽभिमतः, तथैव साध्यतावच्छेदकसम्बन्ध हेतुतावच्छेदक-सम्बन्धयोर्भेदादपि व्याप्तिभेदः समीष्टः । इत्थं च यत्र तादात्म्येन साध्यं हेतुश्च वर्तते । तत्र हेतुमन्निष्ठाभावाप्रतियोगितादात्म्यमेव लक्षणं वक्तव्यम् । तथा च तादात्म्येन धूमवत्संबंधिनिष्ठ घटभेदाप्रतियोगि-वह्निमत्तादात्म्यमेव धूमवति वर्तते, अतो न दोषः । अत्र तादृशाभावाप्रतियोगिसाध्यसंबंधिसंबंधित्वं परित्यज्य केवलं तादृशसाध्यतादात्म्यमेव प्रोक्तं इति महद् लाघवम् । अत्रापि तादात्म्येन हेतोः अधिकरणस्याप्रसिद्धत्वात् हेतुमन्निष्ठ" इति अत्र "हेतुसंबंधि" इत्येव वाच्यम् । एवमन्येऽपि परिष्काराः यथार्हं पूर्वमुक्ताः अत्रापि समानेतव्याः इति **वदन्ति ।**

एवं सामानाधिकरण्यादौ संबंधित्वनिवेशेन यथा धर्मिणः स्वस्यैव व्यापकत्वं व्याप्यत्वं च सुघटमभूत्, तथैव धूमवतः धर्मिस्वरूपस्य पर्वतरूपस्य तादात्म्येन स्वधर्मात्मकवह्निव्याप्यत्वं **संयोगेन वह्निमान् तादात्म्येन धूमवतः** इत्यादौ बोध्यम् । एवं पर्वतरूपस्य धर्मिस्वरूपस्य वह्निमतः तादात्म्येन स्वधर्मात्मकधूमव्यापकत्वं **'तादात्म्येन वह्निमद्वान् संयोगेन धूमात्'** इत्यादौ बोध्यम् । एवं **'तादात्म्येन गोमान् समवायेन सास्नावत्वात्'** इति अत्र धर्मिण गोः स्वधर्मात्मकसास्नाव्यापकत्वं, **'समवायेन गोत्ववान् तादात्म्येन सास्नावतः'** इत्यत्र धर्मिणः सास्नावतः स्वधर्मात्मकगोत्वव्याप्यत्वमपि बोध्यम् ।

**ચન્દ્રશેખરીયા :** આ બાબતમાં કેટલાંકો એમ કહે છે કે આ રીતે સામાન્યલક્ષણમાં સંબંધિ પદોનો નિવેશ કરવાની કોઈ જરૂર નથી. કેમકે આમ પણ સાધ્ય-સાધનના ભેદથી જેમ વ્યાપ્તિનો ભેદ માનેલો છે. તેમ સાધ્યતાવચ્છેદક સંબંધ+હેતુતાવચ્છેદક સંબંધના ભેદથી પણ વ્યાપ્તિઓ જુદી જુદી માની જ છે. અને એટલે જ્યાં

તાદાત્મ્યસંબંધથી હેતુ+સાધ્ય હશે. ત્યાં 'હેતુમન્નિષ્ઠાભાવ અપ્રતિયોગિતાદાત્મ્ય' એ જ હેતુમાં રહેલી વ્યાપ્તિ લઈ લેવી. એમાં લાઘવ પણ થાય. **'તાદાત્મ્યેન વહ્નિમદ્વાન્ તાદાત્મ્યેન ધૂમવતઃ'** માં ધૂમવત્-સંબંધી પર્વત બને. તેમાં રહેલ ઘટભેદ અને તેનો અપ્રતિયોગી વહ્નિમાન્ બને. અને તેનું જ તાદાત્મ્ય ધૂમવાનમાં છે. એટલે વ્યાપ્તિ ઘટી જાય છે.

જો કે આ મતમાં પણ તાદાત્મ્યથી 'હેતુમત્' પ્રસિદ્ધ જ ન હોવાથી તાદાત્મ્યથી હેતુસંબંધી એમ કહેવું જ પડવાનું. એ ઉપરાંત "અભાવીય પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્ન લેવી" વિગેરે બધું જ પૂર્વવત્ સમજી જ લેવું.

આગળ એ બતાવી ગયા કે ધર્મ એ ધર્મીને વ્યાપ્ય+વ્યાપક બને. હવે દીધિતિમાં એ વાત કરે છે કે, એ જ પ્રમાણે ધર્મી એ ધર્મને પણ વ્યાપ્ય+વ્યાપક બની શકે છે. **"પર્વતઃ સંયોગેન વહ્નિમાન્ તાદાત્મ્યેન ધૂમવતઃ"** અહીં ધૂમવાન=પર્વત રૂપ ધર્મી એ વહ્નિ રૂપ પોતાના ધર્મને વ્યાપ્ય તરીકે મળે છે. એમ **"તાદાત્મ્યેન વહ્નિમદ્વાન્ ધૂમાત્"** અહીં, વહ્નિમાન્=પક્ષરૂપ સાધ્ય-ધર્મી પોતાના જ ધર્મ એવા ધૂમને વ્યાપક પણ બની જાય છે. એમ **"તાદાત્મ્યેન ગૌઃ સાસ્નાવત્વાત્"** અહીં ગૌ=ધર્મી એ સાસ્ના=પોતાના ધર્મને વ્યાપક બને છે. ગોત્વવાન્ સાસ્નાવતઃ" અહીં સાસ્નાવાન=ગૌ=ધર્મી એ પોતાના ધર્મ ગોત્વને વ્યાપ્ય બને છે.

---

**जागदीशी - ननु तादात्म्येन धर्म्मिणो धर्मव्याप्यतायामपसिद्धान्त इत्यत आह, अत एवेति। —धर्मिणो धर्मव्याप्यत्वादेवेत्यर्थः । तत्र-तत्र=व्यतिरेक्यादिग्रन्थे ॥१५॥**

---

**चन्द्रशेखरीया :** न च तादात्म्येन धर्मिणः धर्मव्याप्यता स्वसिद्धान्तविरोधिनी इति वाच्यम् सिद्धान्ते एव व्यतिरेकिग्रन्थे जलस्य तादात्म्येन पृथ्वीत्वाभावव्याप्यत्वं प्रतिपादितमस्ति इति नापसिद्धान्तदोषः शङ्कनीयः ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** ધર્મી એ તાદાત્મ્યથી પોતાના ધર્મને વ્યાપ્ય બને એ તો સિદ્ધાન્તવિરુદ્ધ છે. સિદ્ધાન્તમાં આ વાત સ્વીકારાઈ નથી.

**ઉત્તર :** આ વાત બરાબર નથી. સિદ્ધાન્તમાં જ વ્યતિરેકીગ્રન્થમાં જલ એ પૃથ્વીત્વાભાવને વ્યાપ્ય તરીકે ગણાવેલ જ છે. અહીં તાદાત્મ્યથી જલ એ પૃથ્વીત્વાભાવને વ્યાપ્ય બને જ છે. એટલે ધર્મી એ તાદાત્મ્યથી સ્વધર્મને વ્યાપ્ય બને એમાં કોઈ વાંધો દેખાતો નથી.

---

## दीधितिः

**यथा च यादृशेन सम्बन्धेन हेतोर्व्याप्यता गृहीता, तादृशेन सम्बन्धेन, —तस्य पक्षविशिष्टत्वज्ञाने, यादृशेन सम्बन्धेन च साध्यस्य व्यापकत्वमवगतं तादृशेनैव साध्य-पक्षयोर्विशिष्टानुमितिः ।**

**तेन न 'धूमावयवे संयोगेन, न वा समवायेन पर्वते वह्निधीः,**

**—तथैवावगतव्यापकताघटकसम्बन्धेन व्यापकस्याभावग्रहे गृहीतव्याप्यताघटक-सम्बन्धेन व्याप्यस्याभावः सिध्यतीति,**

**कथमन्यथा 'समवायेन वह्निविरहिणि महानसे संयोगेन, संयोगेन वा वह्निविरहिणि स्वावयवे, — धूमः समवायेन न निवर्तते,**

**— निवर्तते च, — संयोगेन वह्निविरहिणि स्वावयवे संयोगेनेति' नियम उपपद्यते ?**

**तथा च तादात्म्यसम्बन्धेन जलादीनां व्याप्यत्वग्रहाद्व्यापक-**

**निवृत्त्या, — तादात्म्येनैव तेषामभावः सिध्यति, स एव चान्योन्याभावः,**

**इत्थमेव च 'तादात्म्याद्वृक्षशिंशपयोर्व्याप्तिनिश्चय' इति सङ्गच्छते ॥१६॥**

---

**जागदीशी** -ननु समवायेन जलादौ पृथिवीत्वाभावव्याप्यत्वपरतयैव तद्ग्रन्थसङ्गतिरित्याशङ्क्य,—पृथिव्यादौ जलाभिदसाधनार्थं तदुपन्यासो न स्यात्, व्यापकताघटकसम्बन्धावच्छिन्नव्यापका-भावेन व्याप्यताघटकसम्बन्धावच्छिन्न-व्याप्याभावस्यैव सिद्धेरित्यन्वयिदृष्टान्तपूर्वकं परिहरति, — यथा चेति ।

---

**चन्द्रशेखरीया :** ननु **'पृथ्वीत्वाभाववान् जलाद्'** इत्यत्र न तादात्म्येन जलं हेतुरपि तु समवायेनैव जलं हेतुः, तावतैव लक्षणसमन्वयसंभवात् । यत्र समवायेन जलं तत्र जलावयवेषु स्वरूपेण पृथ्वीत्वाभावः वर्तते एव । तथा च न जलात्मको धर्मी तादात्म्येन पृथ्वीत्वाभावरूपस्वधर्मव्याप्यो भवति । अतो न तं दृष्टान्तीकृत्य धर्मिणस्तादात्म्येन धर्मव्याप्यत्वं वक्तुमुचितमिति चेत् न, व्यतिरेकिग्रन्थगतमिदमनुमानं शास्त्रकारैः पृथिव्यां जलभेदसाधनार्थमेवोक्तम् । यतः व्यापकतावच्छेदक-सम्बन्धावच्छिन्नव्यापकस्य यत्राभावः, तत्र व्याप्यतावच्छेदकसम्बन्धावच्छिन्नव्याप्यस्याभावो भवतीति नियमः । तथा चात्रानुमाने व्यतिरेकव्याप्तिः । "यत्र स्वरूपेण पृथ्वीत्वाभावस्याभावः तत्र तादात्म्येन जलस्याभावः जलभेदरूपः" इत्याकारिका अस्ति, अनया च पृथिव्यां जलभेदः सिद्ध्यति । यदि च समवायेन जलं साध्यमुच्येत, तदा तु पृथिव्यां समवायेनैव जलाभावः सिद्ध्यति, न तु तादात्म्येन जलस्याभावो जलभेदरूपः । तथा च अनेनानुमानेन पृथिव्यां जलभेदसाधनासंभवात्, इदमनुमानं पृथिव्यां जलभेदसाधनाय क्रियमाणं निरर्थकमेव भवति । तेन तत्सिद्धि-असंभवात् । अतोऽत्र न समवायेन जलं हेतुरपि तु तादात्म्येनैव मन्तव्यः ।

अमुमेवार्थं स्पष्टयति दीधितिकारः **'यथा च यादृशेन सम्बन्धेन'** इत्यादिना । अयमर्थः । हेतुः येन

सम्बन्धेन स्वसाध्यस्य व्याप्यत्वेन गृह्यते, तेनैव सम्बन्धेन हेतोः पक्षवृत्तिताज्ञानं यत्र भवति, तत्र साध्यं येन सम्बन्धेन हेतोः व्यापकत्वेन गृहीतमस्ति, तेनैव सम्बन्धेन साध्यस्य पक्षवृत्तिताज्ञानं अनुमित्यात्मकं भवति। यथा धूमः संयोगेन वह्निव्याप्यत्वेन गृहीतः, अतो यत्र '**धूमवान् पर्वतः**' इति संयोगेन धूमस्य पक्षवृत्तिताज्ञानं भवति। तत्र वह्निः संयोगेन धूमव्यापकत्वेन गृहीतमस्ति, अतः संयोगेन वह्नेः पक्षवृत्तिताज्ञानं भवति।

**ચન્દ્રશેખરીયા : પૂર્વપક્ષ : 'જલં પૃથ્વીત્વાભાવવાન્ તાદાત્મ્યેન જલાત્'** એવા અનુમાનમાં તમે તાદાત્મ્યથી જલને હેતુ માનો છો. અને એ રીતે તાદાત્મ્યથી જલરૂપી ધર્મી એ પૃથ્વીત્વાભાવ રૂપ પોતાના ધર્મને વ્યાપ્ય છે. એમ માનો છો. પણ એ બરાબર નથી. કેમકે ત્યાં તો જલને સમવાયસંબંધથી હેતુ માનીએ તો ય ઘટી શકે છે. કેમકે જ્યાં સમવાયથી જલ છે. તે તમામ જલાવયવોમાં પૃથ્વીત્વનો અભાવ રૂપ સાધ્ય છે જ. એટલે ત્યાં તાદાત્મ્યથી હેતુ માનવાની કોઈ જરૂર જ નથી.

**ઉત્તરપક્ષ :** અરે, ભાઈ ! ત્યાં તો પૃથ્વીમાં જલભેદની સિદ્ધિને માટે જ એ અનુમાન અપાયેલ છે. એ અનુમાનની વ્યતિરેક વ્યાપ્તિ દ્વારા જ પૃથ્વીમાં જલભેદની સિદ્ધિ કરવી ઈષ્ટ છે. જેમકે યત્ર તાદાત્મ્યેન જલં તત્ર સ્વરૂપેણ પૃથ્વીત્વાભાવઃ

યત્ર પૃથ્વીત્વાભાવાભાવ=પૃથ્વીત્વં તત્ર તાદાત્મ્યથી જલનો અભાવ=જલભેદ. અહીં વ્યતિરેક વ્યાપ્તિમાં જ્યાં પૃથ્વીત્વ છે, ત્યાં જલભેદ છે, એ સિદ્ધ થાય છે. અને પૃથ્વીત્વ તો પૃથ્વીમાં જ રહે છે. તો તેમાં જલભેદની સિદ્ધિ થઈ જાય. પણ હવે તમે જો અહીં તાદાત્મ્યને બદલે સમવાયથી જલ હેતુ માનો. તો પછી જ્યાં પૃથ્વીત્વ ત્યાં સમવાયથી જલનો અભાવ=જલત્યન્તાભાવ જ સિદ્ધ થાય. અને તો પછી પૃથ્વીમાં જલભેદની સિદ્ધિ તો આના દ્વારા થઈ જ ન શકે. જ્યારે ખરેખર તો એ માટે જ આ ગ્રન્થ મુકાયેલો છે. વ્યાપકતાવચ્છેદકસંબંધથી અવચ્છિન્ન એવા વ્યાપકનો અભાવ જ્યાં હોય ત્યાં તે અભાવ દ્વારા વ્યાપ્યતાઘટકસંબંધથી અવચ્છિન્ન એવા જ વ્યાપ્યનો અભાવ સિદ્ધ થાય એવો નિયમ જ છે. અને તેથી વ્યાપકતાવચ્છેદક એવા સ્વરૂપસંબંધથી જ્યાં=પૃથ્વીમાં વ્યાપકનો=પૃથ્વીત્વાભાવનો અભાવ છે, તો ત્યાં તમારા કહેવા પ્રમાણે વ્યાપ્યતાવચ્છેદકસમવાય સંબંધથી જ જલનો=વ્યાપ્યનો અભાવ સિદ્ધ થાય. અને તો પછી જલભેદની સિદ્ધિ ન થઈ શકે. માટે અહીં જલભેદની સિદ્ધિ માટે તાદાત્મ્યથી જ જલ હેતુ લેવો ઉચિત છે.

આ જ વાત દીધિતિકાર કરે છે કે, જેમ હેતુ એ જે સંબંધથી વ્યાપ્ય તરીકે લીધો હોય, તે જ સંબંધથી તે હેતુનું જ્યારે પક્ષમાં જ્ઞાન થાય, ત્યારે જ જે સંબંધથી સાધ્ય એ વ્યાપક તરીકે ગ્રહણ થયો હોય, તે જ સંબંધથી સાધ્યની પક્ષમાં અનુમિતિ થાય છે. એટલે સંયોગથી જ ધૂમ વ્યાપ્ય બને છે. તો સંયોગથી ધૂમવત્તાનું જ્ઞાન થાય, તે પછી જ પર્વતમાં સંયોગથી જ વહ્નિ વ્યાપક તરીકે ગ્રહણ કરાયેલ હોવાથી સંયોગથી જ વહ્નિમત્તાનું જ્ઞાન થાય છે. આમ હોવાથી જ ધૂમ એ સમવાયસંબંધથી વ્યાપ્ય તરીકે ગ્રહણ કરાયેલ નથી માટે સમવાયસંબંધથી ધૂમવત્તાનું જ્ઞાન થાય, તે પછી જ પર્વતમાં સંયોગથી જ વહ્નિ વ્યાપક તરીકે ગ્રહણ કરાયેલ હોવાથી સંયોગથી જ વહ્નિમત્તાનું જ્ઞાન થાય છે. આમ હોવાથી જ ધૂમ એ સમવાયસંબંધથી વ્યાપ્ય તરીકે ગ્રહણ કરાયેલ નથી, માટે સમવાયસંબંધથી ધૂમવત્તાનું જ્ઞાન ધૂમાવયવમાં થવા છતાં ત્યાં સંયોગથી વહ્નિમત્તાનો બોધ થવાની આપત્તિ આવતી નથી. તેમ વહ્નિ એ સમવાયથી વ્યાપક તરીકે જણાયો નથી. માટે જ સંયોગથી ધૂમવત્તાનું જ્ઞાન થવા છતાં સમવાયથી વહ્નિની અનુમિતિ થવાની આપત્તિ આવતી નથી. આ વાત બધાને માન્ય જ છે.

**जागदीशी** - **पक्षविशिष्टेति । –पक्षविषयकेत्यर्थः, प्राचां मते पक्षविशेष्यकज्ञानस्येव पक्षप्रकारकज्ञानस्यापि —— कारणत्वात् ।**

**धूमावयव इति । –'न' 'वह्निधी'रित्यन्वयः ।**

**(धूमावयवे समवायेन तादृशधूमवत्वग्रहेऽपि न वह्न्यनुमितिः, पर्वते च संयोगेन धूमवत्त्वग्रहेऽपि न समवायेन वह्न्यनुमितिरित्यर्थः । कथमिति । – 'नियम उपपद्यत' इति परेणान्वयः ।)**

**महानसे संयोगेनेति । – 'न निवर्त्तते' इत्यन्वयः, न संयोगावच्छिन्न-स्वाभावोऽनुमितौ भासत इति तदर्थः । निवर्त्तते चेति । 'धूम' इति पूर्वेणान्वयः । तादात्म्येनैवेति । – समवायेन व्याप्यतायान्तु समवायेन जलस्यात्यन्ताभाव एव सिध्येदिति,–जलभेदसाधनार्थ तद्ग्रन्थावतारो न स्यादिति भावः ।**

---

**चन्द्रशेखरीया** : अत्र यद्यपि दीधित्यां '**तस्य पक्षविशिष्टत्वज्ञाने**=हेतोः पक्षविशिष्टत्वज्ञाने' इत्युक्तं । तस्यार्थस्तु "हेतुप्रकारकपक्षविशेष्यके ज्ञाने सति" इत्याकारको भवति । किन्तु न स उचितः । यतः प्राचां मते हेतुविशेष्यकपक्षप्रकारकात् ज्ञानात् "पर्वते धूमः" इत्याकारकादपि अनुमितिर्भवति । अतः ज्ञानद्वयसंग्रहार्थं "तस्य पक्षविशिष्टत्वज्ञाने" इति पदस्य "तस्य पक्षविषयकज्ञाने" इत्येवार्थः कर्तव्यः । ज्ञानद्वयस्यापि पक्षविषयकत्वात् संग्रहो भवति इति न दोषः । अथ प्रकृतं प्रस्तुमः, यदि हि यत्र केनापि सम्बन्धेन धूमः, तत्र केनापि सम्बन्धेन वह्निः इति अनियतसम्बन्धघटिता व्याप्तिः स्वीक्रियेत, तदा धूमावयवे समवायेन धूमज्ञानात् धूमावयवे संयोगेन वह्निज्ञानं भवेत् । एवं पर्वते संयोगेन धूमज्ञानात् पर्वते समवायेन वह्निज्ञानं भवेत्, न च भवति । तस्माद् व्याप्यतावच्छेदकसम्बन्धेन यत्र हेतुज्ञानं भवति, तत्रैव व्यापकतावच्छेदकसम्बन्धेन साध्यानुमितिः भवति इति सिद्धम् ।

एवं यथा अन्वयव्याप्तिः नियतसम्बन्धघटिता भवति । तथैव यत्र गृहीतेन व्यापकतावच्छेदकसम्बन्धेन संयोगादिना साध्यस्य=वह्नेः अभावो ज्ञायते, तत्र गृहीतेनैव व्याप्यतावच्छेदकसम्बन्धेन संयोगादिना हेतोः धूमस्य अभावः ज्ञायते इति नियमः । यदि एवं न स्वीक्रियेतापि तु "यत्र केनापि सम्बन्धेन व्यापकस्याभावः, तत्र केनापि सम्बन्धेन व्याप्यस्याभावः" इति मन्येत, तदा तु महानसे समवायेन वह्नि-अभावोऽस्ति, अतस्तत्र संयोगेन धूमाभावः सिध्येत् । धूमावयवे संयोगेन वह्नि-अभावोऽस्ति, अतस्तत्र समवायेन धूमाभावः सिध्येत्। न च सिध्यति । तस्मात् यथोदितो नियमः स्वीकार्यः । एवं च प्रकृते यदि 'जलं समवायेन हेतुः' इति मन्येत, तदा पृथिव्यां स्वरूपेण पृथ्वीत्वाभावस्याभावो वर्तते इति ज्ञानात् पृथिव्यां समवायेन जलस्याभाव एव सिध्येत् न च जलभेदः, अतो जलभेदसाधनार्थं तादात्म्येनैवात्र जलं हेतुरिति स्वीकर्तव्यम् ।

**ચન્દ્રશેખરીયા** : આમાં જો કે, દીધિતિમાં હેતુની પક્ષવિશિષ્ટતાનું જ્ઞાન લીધેલ છે. પણ એમ માનીએ તો માત્ર 'પર્વતો ધૂમવાન્' જ્ઞાન જ કારણ બને. જ્યારે પ્રાચીનો તો જેમ પક્ષવિશેષ્યક હેતુપ્રકારક એવા જ્ઞાનને

કારણ માને છે. એ જ રીતે પક્ષપ્રકારક+હેતુ વિશેષ્યક એવા "પર્વતે ધૂમ:" એવા જ્ઞાનને પણ કારણ માને છે. એટલે એ બેય જ્ઞાનને કારણ બનાવવા માટે તો પક્ષવિષયક એવું હેતુનું જ્ઞાન જ કારણ તરીકે માનવું. એટલે એ પક્ષપ્રકારક + પક્ષવિશેષ્યક બંને જ્ઞાનો પક્ષવિષયક હોવાથી કારણ બની શકે.

**"धूमावयवे न संयोगेन वह्निधीः, न वा समवायेन पर्वते वह्निधीः"** એ પ્રમાણે અન્વય કરવો.

હવે જેમ આ નિયમ છે કે હેતુ જે સંબંધથી વ્યાપ્ય તરીકે ગ્રહણ કર્યો હોય, તે જ સંબંધથી હેતુમત્તાનું જ્ઞાન એ સાધ્ય જે સંબંધથી વ્યાપક તરીકે ગ્રહણ થયો હોય, તે જ સંબંધથી સાધ્યવત્તાના જ્ઞાનનું કારણ છે.

તો એ જ રીતે વ્યાપકતાવચ્છેદકસંબંધથી વ્યાપકના અભાવનું જ્ઞાન એ વ્યાપ્યતાવચ્છેદકસંબંધથી જ વ્યાપ્યના અભાવનું જ્ઞાન કરાવી આપે છે.

જો, આ નિયમ ન માનો અને માત્ર "જ્યાં વહ્નિનો અભાવ ત્યાં ધૂમનો અભાવ" એ જ નિયમ જો માનો તો પછી મહાનસમાં સમવાયથી વહ્નિનો અભાવ હોવાથી ત્યાં સંયોગથી ધૂમનો અભાવ સિદ્ધ થવો જોઈએ. તેમ ધૂમાવયવમાં સંયોગથી વહ્નિનો અભાવ હોવાથી ત્યાં સમવાયથી ધૂમનો અભાવ સિદ્ધ થવો જોઈએ. પણ એ તો માન્ય નથી જ. માટે જ ઉપરનો નિયમ માનવો જ જોઈએ કે વ્યાપકતાવચ્છેદક સંયોગથી જ્યાં વહ્નિનો અભાવ ત્યાં વ્યાપ્યતા-અવચ્છેદકસંયોગથી જ ધૂમનો અભાવ સિદ્ધ થાય. અને આથી જ સંયોગથી વહ્નિના અભાવવાળા એવા વહ્નિના અવયવમાં સંયોગથી ધૂમનો અભાવ સિદ્ધ થાય જ છે.

હવે પ્રસ્તુતમાં વિચારીએ તો, જલ એ તાદાત્મ્યથી દ્રવ્યત્વાભાવવ્યાપ્ય તરીકે ગ્રહણ કરેલ છે. અને પૃથ્વીત્વાભાવ એ સ્વરૂપથી જલવ્યાપક તરીકે ગ્રહણ કરેલ છે. અને તેથી પૃથ્વીમાં જ્યારે સ્વરૂપથી પૃથ્વીત્વાભાવનો અભાવ સિદ્ધ થાય ત્યારે ત્યાં તાદાત્મ્યથી જ જલનો અભાવ=જલભેદ સિદ્ધ થાય. જો તમે સમવાયથી જલને સાધ્ય માનો તો પછી સમવાયથી જ જલનો અભાવ સિદ્ધ થાય. અને એ તો જલાત્યન્તાભાવરૂપ છે. જલભેદરૂપ નથી. અને તો પછી "આ અનુમાન પૃથ્વીમાં જલભેદને સાધવા માટે આવેલું છે." એ વાત જ ન ઘટે. કેમકે તેની સિદ્ધિ થાય જ નહિ. માટે અહીં જલ એ તાદાત્મ્યથી જ હેતુ માનવો જોઈએ.

---

**जागदीशी** - **नन्वेतावताऽपि तादात्म्यसम्बन्धावच्छिन्नजलाभावः सिद्धो, न तु जलान्योन्याभाव इति तद्दोषतादवस्थ्यमत आह, स एव चेति । धर्मिणो धर्मव्याप्यत्वे प्राचां संवादमुपन्यस्य धर्मिणो धर्मव्यापकत्वे तमाह–इत्थमेव चेति ।**

**('तादात्म्येन व्याप्तेर्व्यवस्थापनेनैवेत्यर्थः । तथा च 'वृक्षः शिंशपाया' इत्यत्र व्याप्तेर्निश्चयः प्रामाणिक इति भावः ॥१६॥**

---

**चन्द्रशेखरीया :** न च तथापि तादात्म्येन जलाभाव एव सिध्येत् न तु जलभेद इति वाच्यम् तादात्म्येन जलाभावस्य जलभेदरूपत्वात्, जलभेद एव सिध्यति । तथा च व्यतिरेकिग्रन्थे पृथिव्यां जलभेदसाधनार्थं प्रोक्तेऽनुमाने जलं तादात्म्येनैव हेतुत्वेन स्वीकरणीयम् । इत्थं च जलात्मको धर्मी तादात्म्येन स्वधर्मात्मक-पृथ्वीत्वाभावस्य व्याप्यो भवति इति धर्मी तादात्म्येन धर्मव्याप्यो भवत्येवेति सिद्धम् । एवं तावत् धर्मिणो

धर्मव्याप्यत्वे प्राचां संवादमुपन्यस्य अधुना धर्मिणो तादात्म्येन धर्मव्यापकत्वे प्राचां संवादमाह । **अयं तादात्म्येन वृक्षवान् तादात्म्येन शिंशपायाः**, अत्र तादात्म्येन वृक्षः तादात्म्येन शिंशपात्मकहेतोः व्यापको भवति । वस्तुतस्तु अत्र धर्मिणो धर्मव्यापकत्वप्रतिपादकानुमानप्रतिज्ञाकरणानन्तरं इदं अनुमानं नोचितं प्रतिभाति, यतोऽत्र वृक्षात्मकधर्मिणो शिंशपात्मकधर्मिव्यापकत्वमेव सिद्ध्यति । न तु धर्मव्यापकत्वं । अत एव "धर्मिणो धर्मव्यापकत्वे" इति जागदीशीग्रन्थस्यार्थो विवृत्तिटीकायां "धर्मिणो=गवादेः धर्मव्यापकत्वे=सास्नादिव्यापकत्वे" इत्येवंरूपेण कृतः । अतः तादात्म्येन '**गोमान् सास्नावत्त्वादि**'त्येवानुमानं स्वप्रतिज्ञानुसारेणोचितमिति वयमुत्पश्यामः । न च जागदीश्यां "धर्मिणो धर्मिव्यापकत्वे" इति ग्रन्थो मन्तव्यः इति वाच्यम् तस्य प्रागेव निरूपितत्वात् "धर्मिणो धर्मव्याप्यत्व-व्यापकत्वे बोध्ये" इति दीधितिग्रन्थानन्तरं धर्मिणो धर्मव्याप्यत्वं साधयित्वाऽधुना धर्मिणः धर्मव्यापकत्वसाधनस्यैवोचितत्वात् च । अथवा नैयायिकश्रेष्ठानापृच्छ्यैव कश्चित् निर्णयः करणीय इत्युपदेशः ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** ભલે, તો પણ તાદાત્મ્યથી જલને હેતુ માનીએ તો ય તાદાત્મ્યથી જલનો અભાવ જ વ્યતિરેકવ્યાપ્તિમાં સિદ્ધ થશે. જલભેદ ક્યાં સિદ્ધ થવાનો ?

**ઉત્તર :** અરે, ભાઈ ! તાદાત્મ્યથી જલનો અભાવ એ જ જલભેદ છે, એ તો પ્રસિદ્ધ જ છે. આમ અહીં તાદાત્મ્યથી જલને હેતુ માનીએ, તો જ પૃથ્વીમાં વ્યતિરેક વ્યાપ્તિ દ્વારા જલભેદની સિદ્ધિ થાય છે. અને આ રીતે જલ=ધર્મી એ તાદાત્મ્યથી પોતાના પૃથ્વીત્વાભાવ રૂપ ધર્મને વ્યાપ્ય તરીકે સિદ્ધ થાય જ છે. એટલે ધર્મી એ પોતે તાદાત્મ્યથી રહીને સ્વધર્મને વ્યાપ્ય બની શકે છે. આમ અહીં પ્રાચીનો પ્રમાણે ધર્મીને ધર્મવ્યાપ્ય બનાવ્યો. હવે દીધિતિમાં જ "ધર્મી તાદાત્મ્યથી ધર્મને વ્યાપક બને છે." એ દૃષ્ટાન્ત પણ બતાવે છે. એટલે કે **"તાદાત્મ્યેન વૃક્ષવાન્ શિંશપાયાઃ"** અહીં પણ આ વ્યાપ્તિનો નિશ્ચય સાચો પડે છે. યદ્યપિ આ અનુમાનમાં તો સાધ્ય+હેતુ બેય તાદાત્મ્યથી બતાવેલા છે. અને એટલે ધર્મી ધર્મીને જ વ્યાપક બને છે. માટે આ દૃષ્ટાન્ત યોગ્ય નથી લાગતું. એટલે જ વિવૃત્તિટીકામાં જાગદીશીના **ધર્મિણો ધર્મવ્યાપકત્વે**...ગ્રન્થનો અર્થ "તાદાત્મ્યથી ગૌ એ સમવાયથી સાસ્નાવ્યાપક બને છે" એમ લખેલો છે. એટલે આ શિંશપાવાળુ દૃષ્ટાન્ત એ "ધર્મી ધર્મીને વ્યાપક બને છે" એ અર્થમાં લેવું યોગ્ય લાગે છે.

## दीधितिः

**अत एव——गोत्वत्वाद्यग्रहदशायां, – 'यत्र सास्नादिः सा गौ'रिति——**
**तादात्म्येन गोर्व्यापकत्वग्रहे, –सास्नादिना तादात्म्येन गौः,–**
**तादात्म्येन गोर्व्यतिरेकाच्च सास्नादिव्यतिरेकः सिध्यति ॥१७॥**

**जागदीशी** -धर्मिणो धर्मव्यापकत्वे युक्तिमप्याह, – अत एवेति । – धर्मिणो

**धर्मव्यापकत्वादेवेत्यर्थः । (ननु) 'इयं गौ'रित्यनुमितिर्गवेतरावृत्तित्वरूपायाः शुद्धगोत्वनिरूपितव्याप्तेर्ज्ञानात्समवायेन निरवच्छिन्नगोत्वसाध्यिकैव भविष्यति, साध्यवदन्यावृत्तित्वरूपाया अपि व्याप्तेरनुमितिहेतुत्वस्याग्रे वाच्यत्वादतस्तादृशानु-मित्यनुरोधाद्धर्मिणो धर्मव्यापकत्वस्वीकारोऽनुचित इत्यत उक्तं, –गोत्वत्वेति । –गोत्वत्वं =गवेतरावृत्तित्वं,**

---

**चन्द्रशेखरीया** : ननु धर्मिणस्तादात्म्येन धर्मव्यापकत्वं कथं जाघटीति इति आशङ्कायां युक्तिमप्याह दीधितिकारः **अतः एव** इत्यादिना । दीधितग्रन्थस्यायमर्थः-यत्र गोत्वत्वादीनां ज्ञानं नास्ति, तत्र '**यत्र सास्ना सा गौः**' इति तादात्म्येन गवि सास्नाव्यापकत्वज्ञानं भवति । तस्माच्च सास्नादिना हेतुना गवि गोस्तादात्म्येनानुमितिः भवति । तादात्म्येन गवाभावाच्चाश्वादौ सास्नाभावज्ञानं भवति । इदं च धर्मिणस्तादात्म्येन धर्मव्यापकत्वसंभवादेव संभवति । अन्यथा तु गोः तादात्म्येन सास्नाव्यापकत्वाभावे न सास्नादिना "इयं गौः" इत्याकारिका तादात्म्येन गो-साध्यिकानुमितिः संभवेत् । तस्मात् धर्मिणो धर्मव्यापकत्वं अनयाऽनुमित्या सिध्यति इति स्वीकर्तव्यम् ।

अधुना जागदीश्यां दीधितिग्रन्थोक्तस्य "गोत्वत्वाद्यग्रहदशायामि"ति पदस्य प्रयोजनं प्रकटीकर्तुं पूर्वपक्षमुखेन भूमिकामारचयति जगदीशः **ननु** इत्यादिना । अयं भावः, पूर्वपक्षः प्रश्नयति यत् '**इयं गौः**' इत्यनुमित्या यूयं तादात्म्येन गोः सास्नाव्यापकत्वं स्वीकृतवन्तः । यदि च इयमनुमितिः तादात्म्येन गोसाध्यिका अस्ति, तदा "गोनिरूपितव्याप्तिविशिष्टसास्नावतीयं" इत्येव परामर्शात् इयमनुमितिः उत्पद्यते । किन्तु वयं तु एतत्र मन्यामहे । यतो वयं एतन्मन्यामहे यत् "शुद्धगोत्वनिरूपितव्याप्तिविशिष्टसास्नावतीयं" इत्येव परामर्शो भवति । तेनैव परामर्शेन "**इयं गौः**" इति अनुमितिः समुत्पद्यते । तथा च इयमनुमितिः न तादात्म्येन गोसाध्यिकाऽपि तु समवायेन शुद्धगोत्वसाध्यिकैव । गोत्वनिरूपितव्याप्तिविशिष्टत्वस्य सास्नायां ज्ञानं कथं भवतीति चेत् इत्थं, गोत्वत्वं नाम गवेतरावृत्तित्वं गोत्ववद्भिन्नावृत्तित्वमिति यावत् तच्च व्याप्तिरेव । अग्रे चिन्तामणिग्रन्थे केवलान्वयिग्रन्थे "साध्यवद्भिन्नावृत्तित्वात्मिका व्याप्तिः अपि अनुमितिकारणं भवति" इति वक्ष्यते । तथा च सास्नायां गोत्ववद्भिन्नावृत्तित्वरूपायाः गोत्वनिरूपितायाः व्याप्तेः ज्ञानं संभवति । तज्ज्ञानाच्च "इयं गौः" इत्यनुमितिः संभवति । तत्र च गोत्वं एव साध्यं । यन्निरूपितव्याप्तिविशिष्टस्य पक्षधर्मताज्ञानं, तस्यैवानुमितिर्भवतीति नियमात् । यथा वह्निनिरूपितव्याप्तिविशिष्टस्य धूमस्य पक्षधर्मताज्ञानात् वह्नेरेवानुमितिर्भवति । आर्द्रेन्धननिरूपितव्याप्तिविशिष्टस्य धूमस्य पक्षधर्मताज्ञानात् तु आर्द्रेन्धन-स्यैवानुमितिर्भवति । एवमत्रापि गोत्वनिरूपितव्याप्तिविशिष्टायाः सास्नायाः पक्षधर्मताज्ञानात् समुत्पन्नाऽनुमितिरपि गोत्वसाध्यिकैव स्वीकर्तव्या । तथा च तदनुमित्यनुरोधेन तादात्म्येन गोः सास्नाव्यापकत्वं सिद्धं भवति । अतो धर्मिणो धर्मव्यापकत्वस्वीकारोऽनुचितः इति ।

**ચન્દ્રશેખરીયા** : 'તાદાત્મ્યેન ધર્મી એ ધર્મને વ્યાપક બને છે' એ વાત સાબિત કરવા માટે દીધિતિમાં યુક્તિઓ પણ આપે છે કે, **તાદાત્મ્યેન ગોમાન્ સાસ્નાવત્વાત્** એ અનુમાનમાં જ્યારે ગોત્વત્વાદિનો બોધ નથી

હોતો, ત્યારે **यत्र सास्ना तत्र तादात्म्येन गौः** એવા જ્ઞાન દ્વારા ગૌ એ તાદાત્મ્યથી વ્યાપક તરીકે જણાય છે. અને તેથી ત્યાં સાસ્ના દ્વારા તાદાત્મ્યથી ગૌની અને તાદાત્મ્યથી ગૌના અભાવ=ગોભેદ દ્વારા સાસ્નાના સમવાયથી અભાવની સિદ્ધિ પણ થાય છે.

આ દીધિતિમાં **'ગોત્વાત્વાદ્યગ્રહદશાયાં'** પદ શામાટે મુકેલ છે ? એ માટેની વિસ્તૃત ચર્ચા જગદીશજી કરી રહ્યા છે, તે હવે જોઈએ.

**પૂર્વપક્ષ :** 'ગૌઃ સાસ્નાવત્વાત્' અહીં તમે તાદાત્મ્યથી ગૌને સાધ્ય માનો છો. આગળ જ્યાં પણ ગોમાન્ લખેલ છે, એ તો સ્પષ્ટ ખ્યાલ આપવા માટે જ, બાકી તો તાદાત્મ્યથી ગૌઃ એમ જ સમજવાનું છે. અને આ સ્થળે **इयं गौः** એવી જે અનુમિતિ થાય છે. તે પણ તાદાત્મ્યથી ગોસાધ્યક માનો છો. અને એ દ્વારા ધર્મી એ તાદાત્મ્યથી સાસ્નાદિધર્મને વ્યાપક બની શકે છે' એ સિદ્ધ કરો છો. પરંતુ આ બધી વાતો સાવ ખોટી છે. કેમકે ખરેખર તો અહીં સમવાયથી ગોત્વ જ સાધ્ય છે. અને આ સ્થલે સાધ્યવદન્યસ્મિન્ અવૃત્તિત્વં એ જ વ્યાપ્તિ લેવાની છે. ગોત્વ સાધ્ય છે. ગોત્વવાન્ ગૌ બનશે. અને તદિતર=ગોભિન્ન તરીકે અશ્વાદિ આવશે. અને તેમાં સાસ્ના રહેતું નથી. એટલે ગોત્વવદ્-ભિન્નનિરૂપિતવૃત્તિતાનો અભાવ એ સાસ્નારૂપ હેતુમાં મળી જાય છે. આમ સાસ્નામાં ગોત્વાત્મકસાધ્યથી નિરૂપિત વ્યાપ્તિ મળી જ જાય છે. અને આ વ્યાપ્તિના જ્ઞાનથી જ અહીં નિરવચ્છિન્નગોત્વ એ જ સાધ્ય તરીકે અનુમિતિમાં જણાશે.

**પ્રશ્ન :** ગોત્વવદ્ભિન્ન-અવૃત્તિત્વરૂપ વ્યાપ્તિના જ્ઞાનને તમે અનુમિતિ કારણ માન્યું. પણ એ તો સંભવતું જ નથી. આવી વ્યાપ્તિનું જ્ઞાન અનુમિતિકારણ માનેલું જ નથી.

**પૂર્વપક્ષ :** આ વાત ખોટી છે. કેમકે કેવલાન્વયિગ્રન્થમાં ચિન્તામણિકાર પોતે જ આ સાધ્યવદ્ભિન્ન-અવૃત્તિત્વરૂપ વ્યાપ્તિ બતાવવાના જ છે. એટલે એ વ્યાપ્તિ પ્રમાણે અહીં અનુમિતિ કરી શકાય છે. આમ આ **"इयं गौः"** એ અનુમિતિ એ ગોત્વસાધ્યક જ માની શકાતી હોવાથી એ અનુમિતિને લઈને "તાદાત્મ્યથી ગૌ=ધર્મી એ ધર્મ=સાસ્નાદિને વ્યાપક બની શકે છે" એ વાત સિદ્ધ થઈ શકતી જ નથી.

---

**जागदीशी - तथा च गवेतरावृत्तित्वरूपाया गोत्वव्याप्तेरज्ञानदशायामुत्प-न्नाया 'इयं गौ'रित्यनुमितिर्गोत्वविधेयकत्वासम्भवाद्गोविधेयकत्वमेवेति, –तदनुरोधादवश्यं धर्मिणो धर्मव्यापकत्वं वाच्यमिति भावः ।**

---

**चन्द्रशेखरीया :** अत्रोत्तरपक्षः समादधाति-**गोत्वत्वाग्रहदशायामि** त्यादिना....यद्यपि युक्तमुक्तं भवद्भिः पूर्वपक्षीभूतैः । तथापि यत्र गोत्ववद्भिन्नावृत्तित्वरूपस्य गोत्वत्वस्य ज्ञानमेव नोत्पन्नं, तत्र जायमानायाः "इयं गौः" इत्यनुमितेः गोत्वसाध्यकत्वं न संभवति । गोत्वनिरूपितव्याप्तिविशिष्टस्य पक्षधर्मताज्ञानाभावात् । अतः तत्र गोनिरूपितव्याप्तिविशिष्टसास्नायाः पक्षधर्मताज्ञानादेव साऽनुमितिः स्वीकर्तव्या । तथा च साऽनुमितिः गोसाध्यिकैव, गोनिरूपितव्याप्तिविशिष्टपक्षधर्मताज्ञानजन्यत्वात् । इत्थं च तादृशानुमित्यनुरोधादवश्यमेव धर्मिणो गवादेस्सास्नादिधर्मव्यापकत्वमङ्गीकर्तव्यम् ।

ચન્દ્રશેખરીયા : ઉત્તરપક્ષ : તમારી વાત સાચી. પરંતુ જ્યારે ગવેતરાવૃત્તિત્વ=સાધ્યવદ્ભિન્નાવૃત્તિત્વ=ગોત્વત્વનું જ્ઞાન જ નથી થયું. અને છતાં ત્યાં "ઇયં ગૌઃ" એવી અનુમિતિ થઈ છે. ત્યાં તો એ અનુમિતિ ગોત્વસાધ્યક નહી બને. કેમકે ગોત્વની વ્યાપ્તિનું જ્ઞાન થયું જ નથી. એટલે ત્યાં તો આ ગ્રન્થની જ તાદાત્મ્યસંબંધથી ગોની વ્યાપ્તિનું જ જ્ઞાન માનવું પડે. અને તેનાથી જ આ અનુમિતિ થઈ છે એમ માનવું પડે. અને એ તો તાદાત્મ્યેન ગોસાધ્યક જ માનવી પડે. અને એટલે એના દ્વારા ધર્મી એ ધર્મને વ્યાપક તરીકે સિદ્ધ થઈ જાય છે. આ માટે જ દીધિતિમાં "ગોત્વત્વાદિ-અગ્રહદશાયાં" પદ લખેલ છે. (એમાં હવે જે "આદિ"પદ છે, તે શા માટે મુકેલ છે, તેની ચર્ચા કરે છે.)

---

**जागदीशी- ननु तादात्म्येन गो:साध्यत्वेऽपि, – 'गोत्वं हेतुमन्निष्ठाभावप्रतियोगितानवच्छेदक' मित्याकारकव्याप्तिधियोऽनुमितिहेतुत्वात्तत्र च धर्मितावच्छेदकविधयैव गोत्वत्वग्रहस्या-पेक्षित्वात्तदग्रहे गोविधेयकानुमितिरप्यनुपपन्नेत्यत आह, – आदीति ( शि.१६६ पृ. ) –**

---

**चन्द्रशेखरीया :** अधुना **गोत्वत्वादि-अग्रह**...इत्यत्र **आदि**पदप्रयोजनप्रतिपादनाय पूर्वपक्षं समुत्थापयति जगदीशः **ननु तादात्म्येन** इत्यादिना । अयं पूर्वपक्षस्याभिप्रायः यदि "इयं गौः" इत्यनुमितिः तादात्म्येन गोसाध्यिका अस्ति, तदा तु गोनिरूपितव्याप्तिविशिष्टसास्नाविषयकपक्षधर्मताज्ञानादेव सा भवति इति मन्तव्यम् । तादृशज्ञानादर्वाक् गवि सास्नाव्यापकत्वज्ञानं आवश्यकं, व्यापकताज्ञानं विना व्याप्तिज्ञानस्यासंभवात् । तच्च व्यापकताज्ञानं "सास्नावद्निष्ठाभावप्रतियोगितानवच्छेदकं यत्साध्यतावच्छेदकं गोत्वं तदवच्छिन्ना गौः" इत्याकारकमेव । तथा च "तादृशप्रतियोगितानवच्छेदकं गोत्वं" इति ज्ञानं अवश्यं निरुक्तानुमितेः अर्वाक् वक्तव्यम् । अत्र ज्ञाने गोत्वं धर्मि विशेष्यमितियावत् । तस्मिन् धर्मिता अस्ति । तद्धर्मितावच्छेदकं गोत्वत्वमेव। तथा च धर्मितावच्छेदकविधयाऽत्र गोत्वत्वस्य गोत्ववद्भिन्नावृत्तित्वरूपस्य ज्ञानं अवश्यंभावि । इत्थं च "इयं गौः" इति गोसाध्यिका अनुमितिः धर्मितावच्छेदकविधया गोत्वत्वज्ञानं विना न संभवत्येव । तथा च यदुक्तं भवता "गोत्वत्वाग्रहदशायां उत्पन्नायाः **इयं गौः** इत्यनुमितेः गोत्वविधेयकत्वासंभवात् गोसाध्यकत्वमेव मन्तव्यम्" तत्सर्वं तुच्छमेव । गोत्वत्वग्रहं विना तादृशानुमितेः असंभवात्, गोत्वत्वज्ञानानन्तरं जायमानायाश्च तस्याः अनुमितेः गोत्वविधेयकत्वस्य सुवाच्यत्वात् । अतो न तदनुमित्यनुरोधेनाऽपि धर्मिणो धर्मव्यापकत्वं साधयितुं शक्यम् इति ।

**ચન્દ્રશેખરીયા : પૂર્વપક્ષ :** ગોત્વત્વનું જ્ઞાન જ્યારે ન હોય, ત્યારે તમે નિરુક્તવ્યાપ્તિજ્ઞાનથી થનારી અનુમિતિમાં ગૌ એ તાદાત્મ્યથી જ સાધ્ય તરીકે માની શકાય. એમ કહો છો. પરંતુ, તમારે તાદાત્મ્યેન ગૌસાધ્યક અનુમિતિ કરવી હશે તો પણ ત્યાં "હેત્વધિકરણવૃત્તિ-અભાવની પ્રતિયોગિતાનું અનવચ્છેદક એવું સાધ્યતાવચ્છેદક ગોત્વ છે." એવું વ્યાપકત્વનું જ્ઞાન તો કરવું જ પડશે. અને તે ગોત્વાવચ્છિન્ન ગોનો તાદાત્મ્યથી સંબંધી ગૌ બને. અને તેમાં સમવાયથી વૃત્તિ એવું ગોત્વ બને. અને પછી અનુમિતિ થાય. આમ

ગોસાધ્યક અનુમિતિ માટે પણ "ગોત્વં તાદૃશપ્રતિયોગિતાવચ્છેદકં" એ જ્ઞાન તો જરૂરી જ છે. આ જ્ઞાનમાં ધર્મી=વિશેષ્ય તરીકે ગોત્વ છે. તેમાં ધર્મિતા આવી અને ધર્મિતાનો અવચ્છેદક ગોત્વત્વ જ બનશે. આમ ધર્મિતાવચ્છેદક તરીકે ગોત્વત્વનું જ્ઞાન થઈ જ જવાનું. આનો અર્થ એ કે ગોસાધ્યક અનુમિતિ માટે પણ તેની પૂર્વે ગોત્વત્વનું જ્ઞાન તો થવાનું જ છે. અને તો પછી તમે જે વાત કરી કે, "જ્યાં ગોત્વત્વ=ગવેતરાવૃત્તિત્વનું જ્ઞાન ન હોય અને 'ઇયં ગૌઃ' અનુમિતિ થાય. ત્યાં તો એ જ્ઞાનમાં તાદાત્મ્યથી જ ગૌઃ ને સાધ્ય માનવી પડશે." એ વાત જ ખોટી સાબિત થાય છે. એટલે ગોત્વત્વજ્ઞાન વિના ગોસાધ્યક અનુમિતિ થવાની જ નથી. અને માટે જ એ ગોસાધ્યક અનુમિતિની પૂર્વે અવશ્ય ગવેતરાવૃત્તિત્વ રૂપ ગોત્વત્વનું=ગોત્વનિરૂપિતવ્યાપ્તિનું જ્ઞાન થઈ જ જવાનું હોવાથી એ અનુમિતિ એ ગોત્વસાધ્યક માનવી એ જ ઉચિત છે.

---

**जागदीशी** - **आदिना पक्षधर्मतापरिग्रहः, तथा च गवेतरावृत्तित्वरूपव्याप्तेः सास्नाव्यापकता ( वच्छेदकता )ग्रहे धर्मितावच्छेदकतयोपस्थितिध्रौव्येऽपि तद्विशिष्टस्य यत्र न पक्षधर्मताधीस्तत्रैव —'अयं गौ'रित्यनुमितेर्गोविधेयकत्वमावश्यकमिति, — तदनुरोधेनैव तादात्म्येन व्यापकत्वं वाच्यमित्याशयः ।**

---

**चन्द्रशेखरीया :** अत्र समादधाति ग्रन्थकारः । दीधितिनिष्ठस्य **गोत्वत्वाद्यग्रहदशायामि**-त्यत्रादिपदस्य ग्रहणं दीधितिकारेण यत्कृतं, तत्तु भवदुक्तापत्तिवारणायैव । अयं भावः । अस्ति नाम "इयं गौः" इत्यनुमितेरर्वाक् सर्वत्र गोत्वत्वज्ञानं, तज्ज्ञानेन च गोत्वनिरूपितव्याप्तिविशिष्टत्वज्ञानं सास्नायां, तथापि केवलं गोत्वनिरूपितव्याप्तिविशिष्टसास्नाविषयकज्ञानात् अनुमितिर्न भवति । किन्तु तादृशसास्नायाः पक्षधर्मताज्ञानात् **तादृशसास्नावती इयं ( अयं पिण्डः )** इत्याकारकादेव तादृशानुमितिः भवति । यत्र च गोत्वनिरूपितव्याप्तिविशिष्टसास्नाविषयकज्ञाने जायमानेऽपि तादृशसास्नायाः पक्षधर्मताज्ञानं न भवति । तत्र जायमानायाः "इयं गौः" इत्यनुमितेः गोत्वसाध्यकत्वं दुर्वचम् । अतः साऽनुमितिः गोनिरूपितव्याप्तिविशिष्टसास्नाविषयकपक्षधर्मताज्ञानजन्या, अत एव गोसाध्यिकैव स्वीकर्तव्या । तथा च तादशानुमित्यनुरोधादेव धर्मिणो धर्मव्यापकत्वं सिद्ध्यति ।

**ચન્દ્રશેખરીયા : ઉત્તરપક્ષ :** માટે જ "આદિ" શબ્દ લખેલ છે. આદિપદથી પક્ષધર્મતાનો પરિગ્રહ કરવો. અર્થાત્ **'સાસ્નાવત્નિષ્ઠાભાવપ્રતિયોગિતાનવચ્છેદકં ગોત્વં'** એમાં ગોમાં રહેલી સાસ્ના-વ્યાપકતાનો બોધ કરવામાં ધર્મિતાવચ્છેદક તરીકે ભલે ગોત્વત્વની બુદ્ધિ થાય. અર્થાત્ ગવેતરાવૃત્તિત્વરૂપ ગોત્વનિરૂપિતવ્યાપ્તિનો બોધ થાય. પણ તો ય ગવેતરાવૃત્તિત્વવિશિષ્ટ એવો સાસ્ના જ્યાં પક્ષધર્મ તરીકે જણાયેલ નથી ત્યાં તો જે ઇયં ગૌઃ એવી અનુમિતિ થાય છે, તે ગોસાધ્યક જ માનવી પડશે. એને ગોત્વસાધ્યક ન મનાય. અને તેથી તે અનુમિતિ અનુસારે ગૌ એ તાદાત્મ્યથી સાસ્ના વ્યાપક તરીકે સિદ્ધ થઈ જ જાય છે.

આશય એ છે કે પરામર્શજ્ઞાનમાં હેતુ એ પક્ષવૃત્તિ તરીકે દેખાય. અને એને જ પક્ષધર્મતાનું જ્ઞાન કહેવાય છે. અને એ હેતુમાં જે સાધ્યથી નિરૂપિત વ્યાપ્તિ જણાતી હોય, તે જ સાધ્યની અનુમિતિ થાય. જેમકે

**'वह्निनव्याप्यधूमवान् पर्वतः'** માં ધૂમમાં વહ્નિસાધ્યથી નિરૂપિત એવી વ્યાપ્તિ જણાય છે, તો ત્યાં વહ્નિની જ અનુમિતિ થાય. પરંતુ **"आर्द्रेन्धनव्याप्यधूमवान् पर्वतः"** એવું જ્ઞાન થાય તો અહીં આર્દ્રેન્ધન નિરૂપિતવ્યાપ્તિ જ ધૂમમાં જણાય છે. અને તેથી અહીં **"आर्द्रेन्धनवान् पर्वतः"** એવી જ અનુમિતિ થાય.

પ્રસ્તુતમાં **"સાસ્નાવન્નિષ્ઠાભાવ-પ્રતિયોગિતાનવચ્છેદક-ગોત્વાવચ્છિન્ના ગૌઃ"** એ રીતનું ગૌમાં વ્યાપકત્તાનું જ્ઞાન થઈ ગયું છે. અને તે પછી (સાસ્નાવ્યાપક) ગૌવ્યાપ્યસાસ્નાવતી ગૌઃ = ગૌનિરૂપિતવ્યાપ્તિવિશિષ્ટ-સાસ્નામાન્ ગૌઃ= ગૌસંબંધિસંબંધિસાસ્નાવાન્ ગૌઃ એવું પરામર્શજ્ઞાન થાય છે. એટલે આ પરામર્શ દ્વારા થનારી અનુમિતિ એ તાદાત્મ્યેન ગૌ-સાધ્યક જ બનશે.

પૂર્વપક્ષ એમ કહે છે કે આ વ્યાપકતાના જ્ઞાનમાં ગોત્વત્વનું જ્ઞાન થવાનું જ છે. અને તેથી ગોત્વનિરૂપિતવ્યાપ્તિથી વિશિષ્ટ એવો જ સાસ્નાનો ગૌમાં બોધ માની શકાય છે." આની સામે ઉત્તરપક્ષ એમ કહે છે કે, તમારી આ વાત સો ટકા સાચી છે. પરંતુ "ગોત્વનિરૂપિતવ્યાપ્તિ-વિશિષ્ટ સાસ્નાવતી ઇયં" એવું જ્યાં પરામર્શ જ્ઞાન થયું જ નથી અને છતાં અનુમિતિ "ઇયં ગૌઃ" થઈ છે. એ અનુમિતિમાં તો ગોત્વને સાધ્ય માનવું શક્ય જ નથી. ત્યાં તો એમ જ માનવું પડશે કે, એ જ્ઞાન એ "ગોનિરૂપિતવ્યાપ્તિવિશિષ્ટસાસ્નાવતી ઇયં" એવા જ્ઞાનથી જ થયેલ હશે. અને આ રીતે ગૌ એ તાદાત્મ્યથી સાસ્નાવ્યાપક સિદ્ધ થઈ જ જાય છે.

---

**जागदीशी- यत्तु – "शुद्धगोत्वावच्छिन्नविधेयकानुमितिं प्रति निरवच्छिन्नगोत्वनिष्ठविशेष्यताकमेव प्रतियोगितानवच्छेदकत्वप्रकारकज्ञानं हेतुरतो गोत्वत्वाग्रहेऽपि गोत्वे सास्नादिव्यापकतावच्छेदक-त्वग्रहसम्भवात् गोसाध्यकानुमितेर्नानुपपत्तिः, अभावलौकिकप्रत्यक्ष एवाधिकरणता-वच्छेदकरूपेण तदुपस्थिते-र्हेतुत्वादिति" मतं,——**

---

**चन्द्रशेखरीया :** अत्र केचित् अस्मत्सुहृदाभासाः इत्थं व्याचक्षते **यत्तु** इत्यादिना । शुद्धगोत्वावच्छिन्नविधेयकानुमितिं प्रति="अयं गोत्ववान्" इत्याकारकानुमितिं प्रति निरवच्छिन्नगोत्वनिष्ठविशेष्यताकं=तादृशप्रतियोगितानवच्छेदकं गोत्वमित्यत्र गोत्वत्वादिनानवच्छिन्ना या गोत्वनिष्ठा विशेष्यता, तन्निरूपकं प्रतियोगितानवच्छेकत्वज्ञानं कारणम् । अत्र ज्ञाने निरवच्छिन्नायाः एव विशेष्यतायाः स्वीकृतत्वात् न धर्मितावच्छेदकविधया गोत्वत्वज्ञानमावश्यकं । तथा च गोत्वत्वज्ञानं विनापि गवि सास्नाव्यापकत्वज्ञानसंभवात्, गोनिरूपितव्याप्ति-ज्ञानविशिष्टसास्नाविषयकं पक्षधर्मताज्ञानं गोत्वत्वज्ञानं विनापि संभवति । गोत्वत्वज्ञानाभावाच्च न तत्र गोत्वनिरूपितव्याप्तिज्ञान-विशिष्टसास्नाविषयकं पक्षधर्मताज्ञानं भवति । तथा च तत्र जायमानायाः "इयं गौः" इत्यनुमितेः गोत्वविधेयकत्वं दुर्वचम् । अतः तत्र गोविधेयकत्वमेव सिद्ध्यति । न च तर्हि गोत्वत्वज्ञानं निरर्थकं भवेत् तस्य निष्प्रयोजनकत्वादिति वाच्यम् 'गोत्वं घटाभाववत्' इत्यत्र गोत्वेऽभावप्रत्यक्षं भवति । तत्र तादृशाभावप्रत्यक्षे गोत्वनिष्ठायाः घटाभावाद्यधिकरणतायाः अवच्छेदकरूपेण गोत्वत्वज्ञानं कारणं भवति, न त्वत्र धर्मितावच्छेदकविधया तज्ज्ञानमावश्यकं इति । तथा च गोत्वत्वज्ञानं विनापि गोसाध्यिकाऽनुमितिः संभवतीति।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** આ લાંબો ખુલાસો કરવાની જરૂર જ નથી. પૂર્વપક્ષે જે એમ કહ્યું કે, "ધર્મિતાવચ્છેદક તરીકે ગોત્વત્વની ઉપસ્થિતિ થવાની જ છે... ઇત્યાદિ. એ વાત જ ફોગટ છે. કેમકે અહીં શુદ્ધગોત્વાવચ્છિન્ન એવી ગૌ જ સાધ્ય તરીકે છે. અને આવા સાધ્યની અનુમિતિ પ્રત્યે તો "તાદૃશપ્રતિયોગિતાનવચ્છેદકં ગોત્વં સાધ્યતાવચ્છેદકં" એ જ્ઞાન હેતુ છે ખરું. પણ એ નિરવચ્છિન્ન એવી ગોત્વનિષ્ઠ વિશેષ્યતાવાળુ જ જ્ઞાન લેવાનું છે. એ જ કારણ છે. અને તેથી અહીં ગોત્વમાં આવેલી ધર્મિતા=વિશેષ્યતા એ કોઈપણ ધર્મથી અવચ્છિન્ન છે જ નહિ. એટલે ધર્મિતાવચ્છેદક તરીકે પણ ગોત્વત્વની ઉપસ્થિતિ થવાની જ નથી. અને તેના વિના જ અનુમિતિ થાય છે. એટલે એ અનુમિતિમાં તાદાત્મ્યથી ગૌ જ સાધ્ય તરીકે માનવી ઉચિત બની રહે છે. → જો આમ માનશો, તો પછી ગોત્વત્વની ઉપસ્થિતિ કોઈપણ જગ્યાએ જરૂરી ન બનવાથી તે નકામી બની જશે. ← એવી કોઈ શંકા ન કરશો. કેમકે જ્યારે ગોત્વમાં ઘટાભાવાદિનું પ્રત્યક્ષ કરવું હોય ત્યારે એ ગોત્વમાં ઘટાભાવાદિની અધિકરણતા આવશે. અને અભાવના પ્રત્યક્ષમાં અધિકરણનું પ્રત્યક્ષ એ કારણ છે. એટલે ત્યાં અધિકરણતાવચ્છેદક તરીકે ગોત્વત્વની ઉપસ્થિતિ પણ એ ઘટાભાવાદિના પ્રત્યક્ષ પ્રત્યે કારણ છે. એ સિવાય એનો કોઈ ઉપયોગ નથી. એટલે ગોત્વત્વાદિ-અગ્રહદશાયાં... એમાં આદિ પદની જરૂર જ નથી. ગોત્વત્વના જ્ઞાનની અભાવ અવસ્થામાં થનારી અનુમિતિ દ્વારા પણ તાદાત્મ્યેન ગૌ એ સાધ્ય તરીકે સાબિત થાય જ છે.

---

**जागदीशी - तत्तुच्छं, व्यभिचारज्ञानाप्रतिबध्यतया तादृशव्यापकताग्रहस्यानुमित्यहेतुत्वादन्यथा तुल्ययुक्त्या शुद्धगोत्वविधेयकानुमितिं प्रति निरवच्छिन्नगोत्व (निष्ठ)विशेष्यताकस्य, —प्रतियोग्यनधिकरणहेतुमन्निष्ठाभावाप्रतियोगित्वज्ञानस्य, —हेतुत्वा'दयं गौ'रित्यनुमितेर्गोत्व-त्वाद्यनुपस्थितावपि गोत्वरूपधर्मसाध्यकत्वस्य दुर्वारत्वापत्तेरिति दिक् ।**

---

**चन्द्रशेखरीया :** अत्र जगदीशः तेषां स्वमित्राभासानां मतं खण्डयति **तत्तुच्छमि**त्यादिना । यदि तादृशप्रतियोगितानवच्छेदकं गोत्वं इति ज्ञाने धर्मिताविच्छेदकविधया गोत्वत्वस्योपस्थितिर्न स्वीक्रियते, तदा तु तद् गोत्वं गोत्वत्वेन ज्ञातं न भवति । अपि तु गोवृत्तित्वादिनापि तस्य ज्ञानं संभवति । तथा च यथा घटत्वेन घटज्ञानं "घटः" इत्याकारकं, किन्तु कम्बुग्रीवादिमत्वेन घटज्ञानं 'कम्बुग्रीवादिमान्' इत्याकारकं भवति । एवमत्र गोत्वत्वेन गोत्वज्ञानं "गोत्वं" इत्याकारकं भवति । भवता च गोत्वत्वेन गोत्वज्ञानं अत्र न भवतीति उक्तं । तथा च तत्र गोवृत्तित्वेनाऽपि गोत्वज्ञानं संभवति । तच्च "तादृशप्रतियोगितानवच्छेदकं गोवृत्ति" इत्याकारकमेव । इतश्चायं नियमः यदुत '**यज्ज्ञानं व्यभिचारज्ञानप्रतिबध्यं भवति तदेव ज्ञानं अनुमितिकरणं भवति ।**' यथा 'तादृशप्रतियोगितानवच्छेदकं वह्नित्वं' इति ज्ञानं 'तादृशप्रतियोगितावच्छेदकं वह्नित्वं' इति व्यभिचारज्ञानेन प्रतिबध्यं भवति । अतः तादृशवह्नित्वज्ञानं अनुमितिकारणं भवति । अत्र तु '**गोवृत्ति तादृशप्रतियोगितानवच्छेदकमिति**' ज्ञानं गोत्वं तादृशप्रतियोगितावच्छेदकमिति व्यभिचारज्ञानेन

प्रतिबध्यं न भवति । न हि 'पटत्वं घटीयप्रतियोगितानवच्छेदकमिति' ज्ञानं घटत्वं घटीयप्रतियोगितावच्छेदकमिति ज्ञानेन प्रतिबध्य भवति । घटत्वस्य पटत्वस्य च परस्परं भिन्नाकारकत्वात् । तद्वत् अत्रापि गोत्वस्य गोवृत्तिपदस्य च परस्परं भिन्नाकारकत्वात् भिन्नार्थत्वाच्च न तादृशव्यभिचारज्ञानेन "तादृशप्रतियोगितानवच्छेदकं गोवृत्ति" इति ज्ञानं प्रतिबध्यं भवति । तथा च तस्य व्यभिचारज्ञानाप्रतिबध्यतया तज्ज्ञानं अनुमितिकारणमेव न भवितुमर्हति । तथा च न तज्ज्ञानात् तत्र "इयं गौः" इत्यनुमितिः संभवति । तदनुमित्यभावाच्च न तादृशानुमित्यनुरोधेन धर्मिणो धर्मव्यापकत्वमपि संभवति इति मित्राभासानां निरूपणं समूलमुच्छिन्नं भवति । न च व्याभिचारज्ञानाप्रतिबध्यं ज्ञानमपि अनुमितिकारणं भविष्यति को दोषः ? इति वाच्यम् एवं सति तुल्ययुक्त्या यथा भवद्भिः "गोवृत्ति तादृशप्रतियोगितानवच्छेदकमिति" ज्ञानं कारणमिष्यते। तथैव शुद्धगोत्वसाध्यकानुमितिं प्रति स्वप्रतियोग्यनधिकरणहेत्वधिकरणवृत्तिघटाभावादि-अप्रतियोगि गोत्वमित्वाकारकं गोत्वनिष्ठायाः निरवच्छिन्नविशेष्यतायाः निरूपकं ज्ञानं कारणं भवति इत्यपि वक्तुं शक्यते । तथा च गोत्वत्वज्ञानं विनापि निरवच्छिन्नगोत्वविशेष्यक निरूक्तज्ञानात् गोत्वनिरूपितव्याप्तिविशिष्टसास्नाविषयक पक्षधर्मताज्ञानं संभवत्येव । तज्ज्ञानाच्च समुत्पन्ना अनुमितिः "**इयं गौः**" इत्याकारिका गोत्वसाध्यिका संभवति इति गोत्वत्वाज्ञानदशायां जायमानानुमित्यनुरोधेनापि गवि सास्नाव्यापकत्वं, अनुमितेः गोसाध्यकत्वं च सिद्धं भवितुमर्हति । व्यभिचारज्ञानाप्रतिबध्यज्ञानं अनुमितिकारणं न भवति इति नियमाङ्गीकारे तु **गोत्वं ( गोवृत्ति ) तादृशाभावप्रतियोगि** इति ज्ञानस्य गोत्वत्वानवच्छिन्नविशेष्यकत्वात् '**गोत्वं तादृशाभावप्रतियोगि**' इति ज्ञानप्रतिबध्यत्वं न संभवति । तथा च तादृशज्ञानस्यानुमितिकारणत्वाभावादेव न गोत्वत्वज्ञानं विना अनुमितिः संभवति । इत्थं च गोत्वत्वज्ञानं विनैव गोसाध्यकानुमिति-उपपत्तिकरणप्रयासः व्यर्थः एव इति बोध्यम् ।

**ચન્દ્રશેખરીયા : ઉત્તર પક્ષ :** આ ખોટી વાત છે. કેમકે તમે જો '**ગોત્વં તાદશાપ્રતિયોગિતાનવચ્છેદકં**' એ જ્ઞાનમાં ગોત્વત્વની ઉપસ્થિતિ ન માનો એટલે કે "ગોત્વનો ગોત્વત્વ ધર્મને આગળ કરીને બોધ થાય છે. એ વાત ન સ્વીકારો તો વાંધો એ આવે કે એ ગોત્વ એ ગોવૃત્તિ હોવાથી "ગોવૃત્તિ તાદશપ્રતિયોગિતાવચ્છેદકં" એવો પણ એ જ્ઞાનનો આકાર સંભવી જ શકવાનો છે. હવે "ગોત્વં તાદશપ્રતિયોગિતા-અવચ્છેદકં" એવું વ્યભિચારજ્ઞાન "ગોત્વં તાદશપ્રતિયોગિતાનવચ્છેદકં" એવા વ્યાપકતાજ્ઞાનનું પ્રતિબંધક બને છે. એ જ વ્યાપકતાજ્ઞાન અનુમિતિનું કારણ ગણાય કે જે જ્ઞાન એ વ્યભિચારજ્ઞાનથી પ્રતિબધ્ય=અટકનારું બનતું હોય. પ્રસ્તુતમાં તમે ગોત્વત્વેન ગોત્વની ઉપસ્થિતિ નથી માની. એટલે "**ગોવૃત્તિ તાદશપ્રતિયોગિતાનવચ્છેદક**" એ રીતે પણ વ્યાપક્તાજ્ઞાન થઈ શકે. હવે આ જ્ઞાન એ "**ગોત્વં તાદશ... અવચ્છેદકં**" એવા વ્યભિચારજ્ઞાનથી પ્રતિબધ્ય બનવાનું જ નથી. કેમકે ગોવૃત્તિ અને ગોત્વ શબ્દો જુદા જુદા પડી ગયા છે. જેમ "ઘટત્વં ઘટીયપ્રતિયોગિતાવચ્છેદકં" એ જ્ઞાન "પટત્વં ઘટીયપ્રતિયોગિતાનવચ્છેદકં" એ જ્ઞાન પ્રત્યે પ્રતિબંધક ન બને. કેમકે ઘટત્વ+પટત્વ બેય જુદા છે. તેમ અહીં પણ ગોવૃત્તિ=ગોત્વ+ સાસ્ના+રૂપાદિ અને ગોત્વ એ જુદા જ પડી જવાથી હવે આ વ્યભિચારજ્ઞાન એ નિરુક્તજ્ઞાનનું પ્રતિબંધક ન બને. અને તો પછી વ્યભિચારજ્ઞાનથી અપ્રતિબધ્ય એવું આ જ્ઞાન એ અનુમિતિનું હેતુ માની જ ન શકાય.

**પ્રશ્ન :** વ્યભિચારજ્ઞાનથી અપ્રતિબધ્ય એવું પણ જ્ઞાન એ અનુમિતિનું હેતુ બની શકે છે. એમ માનવામાં વાંધો શું છે ?

**ઉત્તરપક્ષ :** વાહ, તો તો પછી એમ પણ કહી શકાય કે શુદ્ધગોત્વસાધ્યક એવી અનુમિતિ પ્રત્યે **"શુદ્ધગોત્વં પ્રતિયોગી-અનધિકરણીભૂત-હેત્વધિકરણ-વૃત્તિ-ઘટાદિઅભાવ અપ્રતિયોગી"** એવું જ્ઞાન એ કારણ છે. અને આ શુદ્ધગોત્વનિષ્ઠ વિશેષ્યતાક એવું જ્ઞાન એ નિરવચ્છિન્નવિશેષ્યતાક જ માનવાનું. હવે આમ હોવાથી ગોત્વત્વના જ્ઞાન વિના પણ જે "ઇયં ગૌઃ" એવી અનુમિતિ થાય. તે આવા પ્રકારના જ્ઞાનથી ઉત્પન્ન થયેલી માની શકાય છે. અર્થાત્ શુદ્ધગોત્વસાધ્યક એ માની શકાશે. અને તો પછી 'તાદાત્મ્યથી ગૌ સાધ્ય છે' એ વાત સિદ્ધ નહીં થાય. પણ જો વ્યભિચારજ્ઞાનથી અપ્રતિબધ્ય એવા જ્ઞાનને અનુમિતિકારણ ન માનીએ તો વાંધો ન આવે. કેમકે "ગોત્વત્વં તાદશપ્રતિયોગિતાવચ્છેદક" એ વ્યભિચાર જ્ઞાન છે. અને તે "ગોત્વં તાદશાભાવાપ્રતિયોગી" એ જ્ઞાનનું પ્રતિબંધક નથી બનતું. માટે આ જ્ઞાન એ વ્યભિચારજ્ઞાનથી અપ્રતિબધ્ય હોવાથી તે અનુમિતિકારણ માની ન શકાય. એટલે વાંધો ન આવે. પણ આ નિયમ પ્રમાણે પછી **'ગોવૃત્તિ તાદશપ્રતિયોગિતાનવચ્છેદકં'** એવું જ્ઞાન પણ **'ગોત્વં તાદશપ્રતિયોગિતાવચ્છેદકં'** એ જ્ઞાનથી અપ્રતિબધ્ય જ હોવાથી એ જ્ઞાન પણ અનુમિતિ કારણ ન જ માની શકાય. પરંતુ, ગોત્વત્વધર્મને લઈને જ્યાં ગોત્વનો બોધ થાય છે તેવું જ "ગોત્વં તાદશપ્રતિયોગિતાનવચ્છેદકં" એ જ્ઞાન વ્યભિચારજ્ઞાનથી પ્રતિબધ્ય હોવાથી તે જ્ઞાન અનુમિતિકારણ માની શકાય. આમ અનુમિતિની પૂર્વે ગોત્વત્વની ઉપસ્થિતિ તો જરૂરી છે જ. અને એટલે જ એ આદિ પદ આવશ્યક છે. ભલે ગોત્વત્વ=ગવેતરાવૃત્તિત્વ રૂપ વ્યાપ્તિની ઉપસ્થિતિ થાય. ભલે તેનાથી વિશિષ્ટ સાસ્નાનો બોધ થાય. પણ જ્યાં એવી ગોત્વનિરૂપિતવ્યાપ્તિવિશિષ્ટસાસ્નાનો પક્ષધર્મ તરીકે જ બોધ નથી. અને અનુમિતિ થાય છે ત્યાં તો ગોત્વનિરૂપિતવ્યાપ્તિવિશિષ્ટનો પક્ષધર્મ તરીકે બોધ ન હોવાથી એ અનુમિતિ ગોત્વસાધ્યક માની જ ન શકાય. અને તેથી ત્યાં ગોસાધ્યક અનુમિતિ જ માનવી પડે.

---

**जागदीशी - प्राञ्चस्तु–"गोतादात्म्यस्य सास्नाव्यापकत्वग्रहादेव गोस्तादात्म्येन सिद्धि-सम्भवान्न तदनुरोधेन गोस्तादात्म्येन व्यापकत्वस्वीकारो युक्तः, सम्बन्धगतव्यापकत्व-ग्रहादेव सम्बन्धिनोऽनुमितेर्मिश्रादिसम्मतत्वादत उक्तं, –गोत्वत्वाद्यग्रहदशायामिति ( शि. पृ. १६६ ) । – गोतादात्म्यत्वाद्यग्रहदशायामिति तदर्थ" – इत्याहुः । – तच्चिन्त्यम् ।**

---

**चन्द्रशेखरीया :** अत्र प्राचीनाः स्वमतं प्रतिपादयन्ति – 'इयं गौः' इत्यनुमित्यनुरोधेनापि न गोः तादात्म्येन सास्नाव्यापकत्वं सिद्ध्यति । यद्यपि इयमनुमितिः तादात्म्येन गोसाध्यिकैव । तथापि न सा गोनिरूपितव्याप्तिज्ञानविशिष्टसास्नाविषयकपक्षधर्मताज्ञानजन्याऽपि तु गोतादात्म्यनिरूपितव्याप्तिज्ञानविशिष्ट-सास्नाविषयक-पक्षधर्मताज्ञानजन्या । अयं भावः । गवि सास्नाव्यापकत्वग्रहो न भवति, किन्तु गोतादात्म्ये एव सास्नाव्यापकत्वग्रहो भवति । स च "तादृशप्रतियोगितानवच्छेदकं यत् गोतादात्म्यत्वं तदवच्छिन्नं गोतादात्म्यमि"त्याकारकः । अनेनैव ज्ञानेन "इयं गौः" इत्यनुमितिः भवति । अतो न अनयाऽनुमित्या गवि सास्नाव्यापकत्वं सिद्ध्यति, अपि तु गोतादात्म्ये एव सास्नाव्यापकत्वमस्ति । **न च** गोतादात्म्यनिरूपित-

व्याप्तिविशिष्टसास्नाज्ञानात्तु गोतादात्म्यसाध्यिका एव "इयं गोतादात्म्यवती" इत्यनुमितिरुचिता, न तु गोसाध्यिका, गोनिरूपितव्याप्तिविशिष्टसास्नाज्ञानाभावात् इति **वाच्यम्** सम्बन्धनिष्ठायाः व्यापकतायाः ज्ञानात् संबंधिनोऽनुमितिः मिश्रादीनां सम्मतैव। तथा च गोतादात्म्यनिष्ठायाः व्यापकतायाः ज्ञानात् गोरनुमितिर्नानुपपन्ना। इत्थं च "इयं गौः" इत्यनुमित्यनुरोधेनापि धर्मिणो गवादेः धर्मव्यापकत्वं न सिद्ध्येत्, किन्तु दीधितिकारस्तु तत्साधयितुं इच्छति । अतः दीधितिकारेण "गोत्वत्वाद्यग्रहदशायां" इति पदमुपात्तम् । तस्यार्थस्तु गोतादात्म्यत्वाग्रहदशायामिति । तथा च यत्र गोतादात्म्यत्वस्य ज्ञानं नास्ति । तत्र गोतादात्म्यत्वं तादृशप्रतियोगितानवच्छेदकमिति ज्ञानं न संभवति। तज्ज्ञानं विना च गोतादात्म्ये सास्नाव्यापकत्वज्ञानमपि न संभवति। तथा च तत्र जायमानायाः "इयं गौः" इत्यनुमित्तेः उत्पत्तिः गोनिरूपितव्याप्तिज्ञानविशिष्टसास्नाज्ञानादेव मन्तव्या। एवं च तदनुमित्यनुरोधेन गवि धर्मिणि धर्मव्यापकत्वं प्रसिद्धं भवति इति न कश्चिद् दोषः। अत्र प्राचीनमतेऽपि आदिपदप्रयोजनं पूर्ववत् एव विभावनीयम्। तथापि स्थानाशून्यार्थं किञ्चित्प्रदर्श्यते। पूर्वपक्षः कथयति – गवि व्यापकताज्ञानाय 'गोत्वं तादृशप्रतियोगितानवच्छेदकं' इति ज्ञानमावश्यकं, तत्र गोत्वत्वस्य गोतादात्म्यरूपस्य धर्मितावच्छेदकविधया उपस्थितिरावश्यकी । तथा च गोतादात्म्यज्ञानं विना निरूक्तानुमितेः असंभवात्, गोतादात्म्यज्ञानान्तरं समुत्पद्यमानायाः अनुमितेः गोसाध्यकत्वेऽपि गोतादात्म्यनिरूपितव्याप्तिविशिष्टसास्नाज्ञानजन्यत्वस्य संभवदुक्तिकत्वात् न तदनुमित्यनुरोधेनापि गवि सास्नाव्यापकत्वं सिध्यति अपि तु गोतादात्म्ये एव तत्सिद्ध्यतीति । तत्र प्राचीनाः उत्तरयन्ति - तथापि यत्र गोतादात्म्यनिरूपितव्याप्तिविशिष्टसास्नायाः पक्षधर्मत्वेन ज्ञानं न भवति। तत्र जायमानायाः अनुमितेः अनुरोधेन गवि सास्नाव्यापकत्वमवश्यं मन्तव्यं। यतः तत्र गोनिरूपितव्याप्तिविशिष्टसास्नाविषयकपक्षधर्मताज्ञानादेव साऽनुमितिः समुत्पन्नाऽवश्यं मन्तव्या। तथा च समागतमेव गवि सास्नाव्यापकत्वमिति आदिपदेन गोतादात्म्यनिरूपितसास्नाविषयकपक्षधर्मतां गृहीत्वा तदग्रहदशायां जायमानानुमित्यनुरोधेन गवि सास्नाव्यापकत्वं संगमनीयमित्यादि।

अत्र तच्चिन्त्यमित्यनेन जगदीशः प्राचां मतेऽस्वरसं दर्शयति। तद्बीजं तु स्वयमेव विवृत्तिटीकानुसारेण विभावनीयम्। नात्र प्रतन्यते। विवृत्तिकारस्य पुरस्तात् "तच्चिन्त्यमि"ति पाठो नासीत् किन्तु "आहुरित्येव" पाठोऽभवत् इति तु विवृत्तिटीकायां प्रोक्तेन "आहुरित्युक्त्या सूचितः" इति ग्रन्थेनानुमीयते।

**चन्द्रशेखरीया : प्राचीनो :** ખરેખર તો "ગૌ એ તાદાત્મ્યથી સાસ્નાનો વ્યાપક છે" એવો બોધ પ્રથમ નથી થતો. પરંતુ 'ગૌતાદાત્મ્ય જ સાસ્નાવ્યાપક છે' એવો બોધ થાય છે. અર્થાત્ **"સાસ્નાવત્નિષ્ઠાભાવાપ્રતિયોગી ગૌતાદાત્મ્યં= સાસ્નાવત્નિષ્ઠાભાવપ્રતિયોગિતાનવચ્છેદકં-ગૌતાદાત્મ્યત્વં તદવચ્છિન્નં ગોતાદાત્મ્યં"** એવો જે બોધ થાય. અને એના દ્વારા જ પછી "ઇયં ગૌઃ" એવી ગૌની તાદાત્મ્યથી સિદ્ધિ થાય છે. એટલે એ અનુમિતિ દ્વારા ગૌને તાદાત્મ્યથી સાસ્નાવ્યાપક માનવાની વાત બરાબર નથી લાગતી. કેમકે ગૌતાદાત્મ્યને જ સાસ્નાવ્યાપક માનવાથી આ અનુમિતિ ઘટી જાય છે.

**પ્રશ્ન :** જો ગૌતાદાત્મ્યમાં વ્યાપકતાનો બોધ થયો છે, તો પછી અનુમિતિ પણ **'ઇયં ગૌતાદાત્મ્યવતી'** એમ જ થવી જોઈએ. **'ઇયં તાદાત્મ્યેન ગોમતી (ઇયં ગૌઃ)'** એ અનુમિતિ શી રીતે થઈ શકે ? જેમાં વ્યાપકતાનો બોધ

થાય, તેની જ અનુમિતિ થાય.

**પ્રાચીન :** એમાં કંઈ જ વાંધો નથી. કેમકે સંબંધમાં રહેલ વ્યાપકત્તાના બોધથી સંબંધીની અનુમિતિ થઈ શકે છે. અને એ વાત મિશ્રાદિને સંમત છે. એટલે ગૌતાદાત્મ્યમાં રહેલ વ્યાપકત્તાના બોધથી સંબંધી એવા ગૌની તાદાત્મ્યસંબંધથી અનુમિતિ શક્ય જ છે. આમ ગૌમાં તાદાત્મ્યથી સાસ્નાવ્યાપકત્તા સિદ્ધ નથી થઈ શકતી. પણ દીધિતિકારે તો કરવી જ છે. એટલે જ એમણે "ગોત્વત્વાદ્યગ્રહદશાયાં" પદ મુકેલ છે. એનો અર્થ=ગોતાદાત્મ્યત્વાદિ-અગ્રહદશાયાં" એમ જ કરવો. અર્થાત્ ગોતાદાત્મ્યત્વનું જ્યારે જ્ઞાન નથી. ત્યારે તો, ગોતાદાત્મ્યમાં તાદશવ્યાપકત્તાનો બોધ થવાનો નથી. અને ત્યાં જે **"ઈયં ગૌઃ"** અનુમિતિ થાય છે. એ ગોતાદાત્મ્યમાં વ્યાપકત્તાના જ્ઞાનથી થયેલી માની જ ન શકાય. એટલે ત્યાં **"ગૌમાં તાદાત્મ્યથી સાસ્નાવ્યાપકત્તાના જ્ઞાનથી અનુમિતિ થયેલી છે"** એમ માનવું. અહીં પણ પૂર્વોક્તચર્ચાઓ સમજી લેવી કે, "તાદશપ્રતિયોગિતાવચ્છેદકં ગોત્વં" એવા વ્યાપકત્તાજ્ઞાનમાં ગોત્વત્વ=ગોતાદાત્મ્યની ધર્મિતાવચ્છેદક તરીકે ઉપસ્થિતિ થવાની જ છે. એટલે એના જ્ઞાન વિના અનુમિતિ થવાની વાત જ ખોટી છે." એવા પૂર્વપક્ષની સામે ઉત્તરપક્ષ=પ્રાચીનો કહેશે કે, "ભલે તમારી એ વાત સાચી. તો પણ જ્યાં ગોતાદાત્મ્યનિરૂપિતવ્યાપ્તિ વિશિષ્ટ સાસ્ના એ પક્ષધર્મ તરીકે નથી જણાતો અને અનુમિતિ થાય છે, ત્યાં તો **ગૌનિરૂપિતવ્યાપ્તિ-વિશિષ્ટસાસ્નાવાનયં** એવા જ જ્ઞાનથી એ અનુમિતિ માનવી પડશે. અને એ રીતે ગૌમાં તાદાત્મ્યથી સાસ્નાવ્યાપકત્તા સિદ્ધ થઈ જ જવાની છે. આમ **"આદિ"** પદથી ગૌતાદાત્મ્યનિરૂપિતવ્યાપ્તિવિશિષ્ટસાસ્નાના પક્ષધર્મતાના બોધના અભાવકાળે... એવો અર્થ લેવાનો છે. પ્રાચીનોની આ વાતમાં જગદીશજીને અસ્વરસ હોવાથી "તચ્ચિન્ત્યમ્" કહેલ છે. (વિવૃત્તિકારની સામે તચ્ચિન્ત્યમ્ ને બદલે આહુઃ એવો પાઠ હતો, એમ જાણવું. આથી જ વિવૃત્તિકારે "આહુરિત્યુક્ત્વા સૂચિતઃ" એમ લખેલ છે.) આની વિશેષચર્ચા કરતા નથી. વધુ જાણકારી માટે નૈયાયિકોનો આશરો લેવો.

---

**जागदीशी-** (**'गौत्वत्वाद्यग्रहदशायामित्यस्य', –'गोत्वत्वेनाग्रहो यस्मा'दिति व्युत्पत्त्या गोत्व बाधनिश्चयदशायामित्यर्थः, तथा च तदानीमयं गौरित्यनुमित्यर्थं धर्मिणो धर्मव्यापकत्वमवश्यं स्वीकार्य्यमित्यपि" वदन्ति ।)**

**गौरिति । — 'सिध्यती'ति परेणान्वयः । गौर्व्यतिरेकादिति–तादात्म्येनेत्यनुषज्यते ॥१७॥**

---

**चन्द्रशेखरीया : अत्रान्ये तु** गोत्वत्वाद्यग्रहदशायामित्यस्य गोत्वत्वेनाग्रहो यस्माद् इति व्युत्पत्तिसमाश्रयणात् "अस्मिन्पिण्डे न गोत्वं" इत्याकारको गोत्वबाधनिश्चयः एव गृह्यते । यतोऽस्मिन्बाधनिश्चये सति "**अस्मिन्पिण्डे गोत्वं**" "इत्याकारको गोत्वत्वेन गोत्वस्य ग्रहो न भवत्यपि तु "**अस्मिन्पिण्डे गोवृत्ति**" इत्याकारकः एव ग्रहः संभवति । तथा च बाधनिश्चयेन गोत्वत्वेन गोत्वग्रहप्रतिबंधकरणात् गोत्वत्वाद्यग्रहपदस्य बहुव्रीहिसमासादरेण बाधनिश्चयो ग्रहीतुं शक्यः । इत्थं च यत्र '**अस्मिन्पिण्डे न गोत्वमिति**' बाधज्ञानं, तत्र

जायमानायाः "अयं पिण्डः गौः" इत्यनुमितेः गोत्वसाध्यकत्वं न संभवति । बाधज्ञानेन तत्र पिण्डे गोत्वनिश्चयप्रतिबन्धकरणात् । किन्तु साऽनुमितिः गोसाध्यिका एव मन्तव्या । तदनुरोधेन च गवि सास्नाव्यापकत्वं सिद्ध्यति इति **वदन्ति** । अत्रापि ग्रन्थकारकस्यास्वरसः, सोऽपि स्वबुद्धया विवृत्तिटीकामनुसृत्य स्वयमेव चिन्तनीयः अबुधजनोपकारकरणप्रयोजनकत्वादस्य टीकाकरणप्रयासस्य, नेह प्रतन्यते । इत्थं च गवि तादात्म्येन सास्नाव्यापकत्वज्ञाने सति, सास्नादिना गोः तादात्म्येन ज्ञानं, तादात्म्येन गोरभावाच्च समवायेन सास्नाप्रतियोगिकाभावज्ञानं संभवति इति सिद्धम् धर्मिणोऽपि धर्मव्यापकत्वम् ।

**चन्द्रशेखरीया :** वदन्ति : કેટલાંકો વળી "ગોત્વત્વાદ્યગ્રહદશાયાં" એનો એવો અર્થ કરે છે કે, **"ગોત્વત્વેન અગ્રહો યસ્માત્"** જ્યારે સામે રહેલા પિંડમાં **"અસ્મિન્ ન ગોત્વં"** એવો બાધનિશ્ચય હોય, ત્યારે ત્યાં **"અસ્મિન્ ગોત્વં"** એવો ગોત્વત્વેન ગોત્વનો બોધ થઈ શકતો નથી. એટલે ગોત્વત્વેન ગોત્વગ્રહને અટકાવનાર ગોત્વાભાવનિશ્ચય એ જ "ગોત્વાત્વાદ્યગ્રહ" શબ્દથી લેવાશે. આનો સાર એ કે, સામેના પિંડમાં ગોત્વનો બાધનિશ્ચય હોવાથી **"ઇયં ગૌઃ"** એ અનુમિતિ **"અયં ગોત્વવાન્"** એ રૂપ તો માની જ ન શકાય. કેમકે ગોત્વાભાવનિશ્ચય એ ગોત્વવત્તાજ્ઞાન ન જ થવા દે. એટલે તે વખતે થનારી આ અનુમિતિ એ તાદાત્મ્યેન ગૌસાધ્યક માનવી જ ઉચિત છે. અને એ રીતે ગૌ=ધર્મમાં તાદાત્મ્યથી વ્યાપક્તાની સિદ્ધિ થઈ જાય છે.

આ મતમાં પણ અસ્વરસ છે જ. તે વિવૃત્તિટીકામાંથી જ વિશેષજિજ્ઞાસુએ જાણી લેવો. અહીં એની ચર્ચા કરતા નથી.

આમ "ગોત્વત્વાદિ-અગ્રહદશાયાં" ના જુદા જુદા ઘણા અર્થો જોયા. તેના દ્વારા એટલું તો નક્કી થયું કે ગૌમાં તાદાત્મ્યથી સાસ્નાવ્યાપક્તા છે. અને તેથી સાસ્નાહેતુ દ્વારા તાદાત્મ્યથી ગૌની અને તાદાત્મ્યથી ગૌના અભાવ દ્વારા સાસ્નાના અભાવની સિદ્ધિ થઈ જાય છે.

**चन्द्रशेखरीया** : पूर्वपक्षेण साध्यवद्-भिन्नावृत्तित्वरूपां व्याप्तिमादाय गोत्वसाध्यिका अनुमितिः प्रसिद्धीकृता । अस्माकमियत्येव आरेका यदुत पूर्वपक्षेण अत्रैव ग्रन्थे प्रतिपादितां प्रतियोगिव्यधिकरण-हेत्वधिकरणवृत्ति-अभावप्रतियोगितानवच्छेदकं गोत्वत्वं तदवच्छिन्नं गोत्वं.... इत्येव व्याप्तिमादाय गोत्वसाध्यिकाऽनुमितिः कथं न प्रसिद्धीकृता इति चेत् अस्य व्याप्तेः गुरुभूतत्वात् साध्यवद्भिन्नावृत्त्वि त्मकव्याप्तेश्च लघुभूतत्वात् एव तैरित्थं कृतं इति वयं मन्यामहे । विशेषतस्तु नैयायिकश्रेष्ठपारतन्त्र्यं स्वीकृत्य ज्ञातव्यम् ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** સૌ પ્રથમ પૂર્વપક્ષે જે ચર્ચા કરી, તેમાં તેણે ગોત્વવદ્ભિન્નાવૃત્તિત્વરૂપ વ્યાપ્તિના જ્ઞાન દ્વારા જ અનુમિતિ થવાની વાત કરી. અને આવી વ્યાપ્તિ પણ અનુમિતિકારણ બને છે, એ વાત એણે જણાવી. પણ એ વ્યાપ્તિ અહીં લાવવાનું પ્રયોજન શું ? એના કરતા એ એમ પણ કહી શકત કે – સાસ્નાધિકરણવૃત્તિ ઘટાભાવપ્રતિયોગિતાવચ્છેદક ગોત્વત્વ છે. અને એ ગોત્વત્વથી અવચ્છિન્ન એવું ગોત્વ છે. અને એ ગોત્વનિરૂપિતવ્યાપ્તિવિશિષ્ટસાસ્નાના જ્ઞાનથી જ આ અનુમિતિ થાય છે. માટે આ અનુમિતિ ગોત્વસાધ્યક છે." પણ એમ કહેવાને બદલે "ગોત્વત્ત્વ=ગોત્વવદ્ભિન્નાવૃત્તિત્વરૂપ વ્યાપ્તિના જ્ઞાનથી આ અનુમિતિ થાય છે" એમ શા માટે કહ્યું ?

**ઉત્તર :** સાધ્યવદન્યાવૃત્તિત્વરૂપ વ્યાપ્તિ એ નાની હોવાથી તેમાં લાઘવગુણ થાય છે. અહીંની વ્યાપ્તિ તો ઘણી મોટી હોવાથી તેમાં ગૌરવ છે. એ આશયથી આવી વિવક્ષા કરી હોય એમ સંભવે છે. આ માટે વિશેષ ખુલાસો તો વિશિષ્ટ નૈયાયિકો જ આપી શકે.

# दीधिति:

एवञ्च संयोगेन गगनादेरपि द्रव्यत्वव्यापकत्वम् ।

(वृत्ति नियामक) संयोगमात्रस्याभावप्रतियोगितावच्छेदकसम्बन्धरूपत्वे, ——

साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोग्यसम्बन्धित्वाभिधाने वा, —— पृथिवीत्वादिव्यापकत्वमपि,

—तदभाववतोऽपि पृथिव्यादेः संयोगेन तत्सम्बन्धित्वात्, सिद्धिरपि तस्य तथैव,

— न तु वृत्तिनियामकसम्बन्धेन, तेनासम्बन्धित्वात्

—अव्यापकत्वाच्च,

व्यक्तीभविष्यति चेदमुपरिष्टात् ॥१८॥

**जागदीशी** - एवञ्चेति । सामानाधिकरण्यादौ सम्बन्धिनिवेशे चेत्यर्थः ।

संयोगत्वेन संयोगमात्रस्य प्रतियोगगितावच्छेदकसम्बन्धत्वे वृत्यनियामकसंयोगस्यापि तत्त्वं सर्वजनसिद्धमतो 'मात्र' पदम् । सम्बन्धरूपत्वे इति अन्यथा तादृशसम्बन्धावच्छिन्नप्रतियोगिताकाभावाप्रसिद्ध्या गगनादेः पृथिवीत्वादिव्यापकत्वं दुर्घटमेव स्यादिति भावः । तादृशसम्बन्धस्य प्रतियोगितानवच्छेदकत्वेऽपि द्वितीयकल्पानुसारेण व्यापकत्वं सम्पादयति, — साध्यतावच्छेदकसम्बन्धेनेति ।

— तथा च सम्बन्धान्तरावच्छिन्नघटाद्यभावमादायैव लक्षणसमन्वय इति भावः । 'द्रव्यत्वस्य गगनासंयुक्तविभ्वन्तरे तद्व्यभिचाराद्धेत्वन्तरमाह, — पृथिवीत्वादीति । व्यापकत्वमपीति । — 'गगनादे'रिति पूर्वेणान्वयः ।

('ननूत्पत्तिकाले जन्यस्य, —प्रलयकाले नित्यस्य,—पृथिवीमात्रस्य गगनाभावसत्त्वात्कथं तस्य पृथिवीत्वव्यापकत्वमत आह, —तदभाववतोऽपीति । — गगनादेरभाववतोऽपि । संयोगेनेति । — वृत्यनियामकसंयोगेन, । —तत्सम्बन्धित्वात् =गगनादिसम्बन्धित्वात् ।)

नन्वेवं निरूक्तव्याप्तिज्ञानाद्धटो गगनवानित्यनुमितिः प्रमा स्यादत आह, —सिद्धिरपीति । तथैव=वृत्त्यनियामकसंयोगेनैव, तथा च तादृशसम्बन्धेन गगनानुमितेः प्रमात्वमिष्टमेवेति भावः ।

तेनासम्बन्धित्वादिति । —येन सम्बन्धेन साध्य-साधनसामानाधिकरण्यं परामर्शे भासते, तेनैव सम्बन्धेन साध्यानुमितेः फलत्वादिति भावः ।

**चन्द्रशेखरीया :** इत्थं च तादात्म्यसम्बन्धेन यत्र साध्यं हेतुः च, तत्र लक्षणसमन्वयार्थं सर्वत्राधिकरणपदं

परित्यज्य संबंधिपदनिवेशः आवश्यकः इति उक्तम् । एवं च अधुना गगनमपि वृत्यनियामकसंयोगेन द्रव्यत्वपृथ्वीत्वादिव्यापकं भविष्यति । अयं भावः । अधिकरणपदघटितलक्षणानुसारेण गगनं वृत्यनियामकसंयोगेन द्रव्यत्वादिव्यापकं न भवति । तथा हि द्रव्यत्वाधिकरणे पर्वते वृत्यनियामकसंयोगेन गगनमस्ति, अतो न तस्याभावो गृह्यते । किन्तु घटाभावः, स च यदि संयोगसामान्येन घटस्याभावो गृह्यते, तदा तु प्रतियोगितावच्छेदकसम्बन्धः संयोगः, तेन घटानधिकरणं हेत्वधिकरणं पर्वतः, तत्र वर्तमानः स एव घटाभावः, किन्तु तत्प्रतियोगिता साध्यतावच्छेदकवृत्यनियामकसंयोगावच्छिन्ना नास्ति, अतः न सा प्रतियोगिता गृह्यते । यदि हि वृत्यनियामकसंयोगेन घटाभावो गृह्येत, तदा तु प्रतियोगितावच्छेदकसम्बन्धः वृत्यनियामकसंयोगः, तेन सम्बन्धेन घटाधिकरणस्यैवाप्रसिद्धत्वात् प्रतियोग्यनधिकरण-हेत्वधिकरणस्यापि अप्रसिद्धिः, वृत्यनियामक-संयोगस्याधाराधेयभावनियामकत्वाभावात् न तेन सम्बन्धेन अधिकरणप्रसिद्धिरिति भावः । इत्थं च अधिकरणपदघटितलक्षणं न निरुक्तानुमाने संघटते । किन्तु अधुना तु संबंधिपदघटितमेव लक्षणं । तदनुसारेण तु गगनमपि द्रव्यत्वादिव्यापकं भवति । तथा हि वृत्यनियामकसंयोगेन घटसम्बन्धी घटसंयुक्तो वायुः । तद्भिन्नं हेत्वधिकरणं पर्वतः, तस्मिन् स अभावः, तस्य प्रतियोगिता वृत्यनियामकसंयोगात्मकेन साध्यतावच्छेदक सम्बन्धेनावच्छिन्ना अपि अस्ति । तदनवच्छेदकं गगनत्वं इति लक्षणघटनात् गगनं द्रव्यत्वाभावव्यापकं भवति ।

अत्र दीधित्यां "**वृत्तिनियामकसंयोगमात्रस्याभावप्रतियोगितावच्छेदकसम्बन्धरूपत्वे**" इति पाठः दृश्यते, तत्र च '**वृत्तिनियामक**' इति पदं प्रामादिकं इति वयं मन्यामहे, तत्कारणं तु वक्ष्यामः । साम्प्रतं तु 'संयोगमात्रस्याभावप्रतियोगितावच्छेदकसम्बन्धरूपत्वे' इत्यस्य ग्रन्थस्य निरूपणं क्रियते ।

पूर्वपक्षः प्रश्नयति ननु वृत्यनियामकसंयोगसम्बन्धः प्रतियोगितावच्छेदको न भवति । तथा च अत्र अनुमाने कस्याप्यभावस्य प्रतियोगिता वृत्यनियामकसंयोगावच्छिन्ना न संभवति । तथा च साध्यतावच्छेदक-सम्बन्धावच्छिन्नप्रतियोगितायाः एव अप्रसिद्धत्वात् तद्घटितलक्षणमपि नात्र संजाघटीति इति कथं गगनस्य द्रव्यत्वव्यापकत्वं इति ।

तत्र दीधितिकारः समादधाति । संयोगमात्रस्य अभावप्रतियोगितावच्छेदकसम्बन्धरूपत्वे संयोगेन गगनादेरपि द्रव्यत्वव्यापकत्वं पृथ्वीत्वादिव्यापकत्वमपि च संभवतीत्यन्वयः । अस्य भावार्थस्त्वयम् येषां मते वृत्यनियामकसंयोगः प्रतियोगितावच्छेदकत्वेनाप्रसिद्धः, तेषां मते यद्यपि गगनं न द्रव्यत्वादिव्यापकं भवति । किन्तु येषां मते संयोगमात्रस्य=वृत्तिनियामकसंयोगस्य वृत्तिनियामकसंयोगत्वेन वृत्यनियामकसंयोगस्य वृत्यनियामकसंयोगत्वेन च प्रतियोगितावच्छेदकत्वं स्वीक्रियते, तेषां मते तु प्रतियोगितावच्छेदकसम्बन्धेन घटानधिकरणपर्वतवृत्यभाव-प्रतियोगितायाः वृत्यनियामकसंयोगावच्छिन्नायाः प्रसिद्धत्वात् सा ग्रहीतुं शक्या, तदनवच्छेदकं गगनत्वमिति लक्षणघटनात् गगनमपि द्रव्यत्वादिव्यापकं वृत्यनियामकसंयोगेन भवत्येव ।

अधुना "**संयोगमात्रस्य**"....इत्यत्र मात्रपदप्रयोजनं अभिधीयते । यदि हि संयोगस्याभावप्रतियोगिता-वच्छेदकसम्बन्धरूपत्वे..... इति पाठो लिख्यते । तदा तु अयमर्थो भवति यत् – "येषां मते संयोगः

अभावप्रतियोगितावच्छेदकसम्बन्धरूपः प्रसिद्धः, तेषां मते गगनं वृत्यनियामकसंयोगेन द्रव्यत्वादिव्यापकं भवति" — इति । अयम् च अर्थः न समीचीनः । यतो ये केचित् वृत्यनियामकसंयोगं प्रतियोगितावच्छेदकत्वेन न स्वीकुर्वन्ति । तेऽपि संयोगत्वेन संयोगसामान्यं वृत्यनियामकवृत्तिनियामकसंयोगभेदभिन्नं प्रतियोगितावच्छेदकं स्वीकुर्वन्त्येव, ते तु केवलं वृत्यनियामकसंयोगं वृत्यनियामकसंयोगत्वेन धर्मेणैव प्रतियोगितावच्छेदकं न स्वीकुर्वन्ति । तथा च तेऽत्र शङ्कां कर्तुं अर्हन्ति । यत् — भवद्भिः संयोगस्याभावप्रतियोगितावच्छेकसम्बन्धत्व-मते गगनस्य वृत्यनियामकसंयोगेन द्रव्यत्वादिव्यापकत्वं प्रतिपादितं । किन्तु तन्न युक्तम् । यतः वयमपि वृत्यनियामकसंयोगे वृत्यनियामकसंयोगत्वेन प्रतियोगितावच्छेदकत्वं निषिध्यमाना अपि "संयोगः अभावप्रतियोगितावच्छेदकः" इति स्वीकुर्मः । किन्तु तथापि न गगनं वृत्यनियामकसंयोगेन द्रव्यत्वादिव्यापकं भवति । तथा हि-संयोगेन घटाभावो यदि लक्षणघटत्वेन गृह्यते, तदा तु तस्य प्रतियोगिता संयोगत्वविशिष्टसंयोगावच्छिन्ना, वृत्यनियामकसंयोगत्वविशिष्ट वृत्यनियामक-संयोगावच्छिन्ना नास्ति, अतो न सा ग्रहीतुं शक्या । साध्यतावच्छेदक-सम्बन्धावच्छिन्नप्रतियोगितायाः एव लक्षणघटकत्वेनाभिधानात् । यदि च वृत्यनियामकसंयोगेन घटाभावो गृह्यते, तदापि तत्प्रतियोगिता न वृत्यनियामकसंयोगत्वविशिष्टेन वृत्यनियामकसंयोगेनावच्छिन्ना, तादृशसम्बन्धस्य प्रतियोगितावच्छेदकत्व-अस्वीकारात् । इत्थं च कस्या अपि प्रतियोगितायाः लक्षणाघटकत्वात् लक्षणसमन्वयो न संभवतीति न संयोगस्याभावप्रतियोगितावच्छेदकसम्बन्धत्वेऽपि गगनस्य द्रव्यत्वादिव्यापकत्वं संभवतीति ।

तस्मात् दीधितिकारेण संयोगस्य.... इत्यनुक्त्वा संयोगमात्रस्य.... इत्युक्तम् । तस्यार्थस्तु अयम् — संयोगमात्रस्य = वृत्तिनियामक-संयोगत्वेन वृत्ति-नियामकसंयोगस्य, वृत्यनियामकसंयोगत्वेन वृत्यनियामकसंयोगस्य च प्रतियोगितावच्छेदकसम्बन्धत्वे इति — तथा च येषां मते वृत्यनियामकसंयोगत्वविशिष्टस्य वृत्यनियामकसंयोगस्य प्रतियोगितावच्छेदकत्वं प्रसिद्धं, तेषां मते एव गगनं द्रव्यत्वादिव्यापकं भवति । यूयं तु न वृत्यनियामकसंयोगत्वविशिष्टस्य वृत्यनियामक-संयोगस्य प्रतियोगितावच्छेदकत्वं स्वीकुरुथ। अतो भवन्मते तु गगनं द्रव्यत्वव्यापकं नैव भवति । किन्तु यथोदितमते एव भवति । तथाहि वृत्यनियामकसंयोगेन घटाभावो लक्षणघटको भवति, तत्प्रतियोगिता तु वृत्यनियामकसंयोगत्वविशिष्टेन वृत्यनियामकसंयोगेन साध्यतावच्छेदकसम्बन्धरूपेणावच्छिन्ना एव । अतः सा गृह्यते, तदनवच्छेदकं नु गगनत्वं इति लक्षणघटनात् गगनं द्रव्यत्वादिव्यापकं भवति । यदि हि वृत्यनियामकसंयोगत्वावच्छिन्नस्य वृत्यनियामकसंयोगस्य प्रतियोगितावच्छेदकत्वं न स्वीक्रियते, तदा तु साध्यतावच्छेदकतादृशसम्बन्धावच्छिन्नप्रतियोगिताकाभावस्यैव अप्रसिद्धत्वात्, लक्षणसमन्वयासंभवात् न गगनं पृथ्वीत्वादिव्यापकं भवितुमर्हति इति उक्तप्रायम् ।

अधुना दीधित्यां दृश्यमानस्य वृत्तिनियामकपदस्य प्रामादिकत्वं प्रतिपादयामः । जागीदीशीटीकायां कुत्रापि वृत्तिनियामकपदस्य समुल्लेखोऽपि न कृतः, अतो ज्ञायते, यत् जगदीशस्य पुरस्तात् विद्यमानायां दीधित्यां तत्पदं नासीत् । एवं विवृत्तिटीकायामपि वृत्तिनियामकपदस्य समुल्लेखनं न कृतं, अतः तेषां पुरस्तादपि तत्पदं नासीत् इत्येव सिद्ध्यति । युक्तिस्तु इयम् । वृत्तिनियामकपदं विनैव सर्वस्य पदार्थस्य सुघटितत्वसंभवात् तत्पदं न

निवेश्यमेव। प्रत्युत तत्पदनिवेशे महत्यापत्तिः समापतेत्। तथा हि "मनुजमात्रः स्खलनास्पदं" इति लोकश्रुतिः प्रसिद्धा। तत्र मात्रपदेन मनुजस्यैव विभागाः सर्वे प्रतिपाद्यन्ते। यथा ब्राह्मणः क्षत्रियो वैश्यो शुद्रो वा सर्वेऽपि मनुजाः स्खलनास्पदानि भवन्ति। न तु अत्र मात्रपदेन मनुजत्वजातिरहितास्तिर्यगादयो गृह्यन्ते। अन्यथा "मनुजाः तिर्यञ्चो देवाश्च स्खलना-स्पदानि भवन्ति" इति अर्थः स्यात् स तु न केषामपि मान्यः। अतो मात्रपदं यत्पदानन्तरं निविश्यते, तस्यैव सर्वे भेदा मात्रपदेन गृह्यन्ते। इत्थं च अत्रापि यदि 'वृत्तिनियामकसंयोगमात्रस्य' .... इति यदि उच्यते। तदा तु मात्रपदस्य वृत्तिनियामकसंयोगानन्तरं निविष्टत्वात् मात्रपदं वृत्तिनियामकसंयोगानां सर्वेषां संग्राहकं भवेत्। न तु वृत्यनियामकानां। एवं च "वृत्यनियामकानां अभावप्रतियोगितावच्छेदक-सम्बन्धत्वे" इत्यर्थो न लभ्येत। तथा चानन्तरोक्तप्रकारेण गगनस्य द्रव्यत्वादिव्यापकत्वं न सिध्येत्। विवृत्तिटीकाकारेणापि मात्रपदेन यत् वृत्यनियामकसंयोगेन घटाभावग्रहणं विवक्षितं तदपि न घटेत, तथा च सर्वं असमञ्जसं भवेत्। अतो वृत्तिनियामकपदं प्रामादिकमेव मन्तव्यम्। तत्पदाभावे तु न कोऽपि दोषः। तथाहि संयोगमात्रस्य.... इति पदं शिष्टं भवति। तथा च मात्रपदं संयोगपदानन्तरमभिहितं सत् सर्वेषां संयोगानां वृत्तिनियामकानां वृत्यनियामकानां च संग्राहकं भवति। एवं च वृत्यनियामकसंयोगस्य प्रतियोगितावच्छेदकसम्बन्धत्वमपि अनेन वाक्येन प्रतिपाद्यते, तथा च पूर्वोक्तक्रमेण घटाद्यभावमादाय लक्षणघटनात् गगनं द्रव्यत्वादिव्यापकं भवति। एवं च संयोगमात्रस्याभावप्रतियोगिता.... इत्येव पाठोऽस्माकं समीचीनः प्रतिभाति। विशेषार्थजिज्ञासुना समादरणीया नैयायिकश्रेष्ठाः इति अलं विस्तरेण। प्रकृतं प्रस्तुमः।

ननु येषां मते वृत्यनियामकसंयोगः प्रतियोगितावच्छेदको न भवति, तेषां मते नु गगनं नैव द्रव्यत्वव्यापकं भवतीति चेत् न साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोग्यसंबंधिहेतुसंबंधिवृत्यभावप्रति-योगितानवच्छेदकत्वं साध्यतावच्छेदके वाच्यम् इति यः द्वितीयः कल्पो अस्ति, तदनुसारेण तु वृत्यनियामकसंयोगस्य प्रतियोगितानवच्छेदकत्ववादिमतेऽपि गगनस्य द्रव्यत्वादिव्यापकत्वं संभवति। यतोऽत्र कल्पे साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्ना प्रतियोगिता न प्रविष्टाऽस्ति। तथा च द्रव्यत्वाधिकरणे पर्वते संयोगेन घटस्याभावः, साध्यतावच्छेदकेन वृत्यनियामकसंयोगेन घटात्मकप्रतियोगिसंबंधि पटादि भवति। तद्भिन्नं हेतुसम्बन्धी पर्वतः, तत्र घटाभावः, तस्य संयोगावच्छिन्ना प्रतियोगिता, तदनवच्छेदकं गगनत्वमिति लक्षणसमन्वयात् भवति गगनं द्रव्यत्वव्यापकम्।

ननु विभुद्वयस्य परस्परं संयोगानङ्गीकारात् आत्मादौ द्रव्ये गगनं वृत्यनियामकसम्बन्धेनाऽपि न वर्तते। तत्र च द्रव्यत्वं हेतुरस्ति। तथा च द्रव्यत्वं गगनव्यभिचारि भवति। अतो न गगनं द्रव्यत्वव्यापकं संभवतीति चेत् अत एव दीधित्यां "पृथ्वीत्वादिव्यापकत्वमपि" इति पदमुपात्तं। तथा च गगनस्य द्रव्यत्वव्यापकत्वे संदिह्यमानेऽपि, तस्य पृथ्वीत्वव्यापकत्वमव्याहतमेव। तथा हि पृथ्वीत्वं न कस्मिन्नपि विभुद्रव्ये वर्तते। किन्तु पृथ्वीषु एव। तत्र सर्वत्र गगनं वृत्यनियामकसंयोगेन संबद्धमस्ति इति गगनं पृथ्वीत्वादिव्यापकमवश्यं भवति। न च तथापि जन्यपृथ्वीषु उत्पत्तिकालावच्छेदेन संयोगमात्रस्यैवाभावात् तत्र वृत्यनियामकसम्बन्धेनापि गगनं न संबद्धं भवति। एवं प्रलयकाले जन्यमात्रस्याभावात् संयोगानां च सर्वेषां जन्यत्वावच्छिन्नत्वात्,

प्रलयकाले वर्तमानेषु नित्यपृथ्वीरूपेषु पृथ्वीपरमाणुषु गगनं न वृत्यनियामकसम्बन्धेन संबद्धं भवति । तथा च गगनाभावस्यैव तादृशेषु पृथ्वीद्रव्येषु प्रतियोगिव्यधिकरणत्वेन लक्षणघटकत्वात् न लक्षणसमन्वयः संभवति, अतो न गगनं पृथ्वीत्वव्यापकं भवतीति वाच्यम् उत्पत्तिकालावच्छेदेन घटादिषु गगनाभावो यद्यपि वर्तते, तथापि तदेव गगनं प्रतियोगिस्वरूपं साध्यतावच्छेदकेन वृत्यनियामकसंयोगेन द्वितीयादिक्षणावच्छेदेन घटे संबद्धमस्ति । अतो घटादीनि जन्यपृथ्वीद्रव्याणि साध्यतावच्छेदकसम्बन्धेन गगनसम्बन्धीनि एव । न तद्भिन्नानि । एवं नित्यपृथ्वीद्रव्याण्यपि सृष्टिकालावच्छेदेन साध्यतावच्छेदकसम्बन्धेन गगनसम्बन्धीनि सन्ति। न तद्भिन्नानि । अतो गगनाभावो न लक्षणघटकः, किन्तु घटाद्यभावः, तेन च लक्षणघटनात् गगनं वृत्यनियामकसंयोगेन पृथ्वीत्वव्यापकं सिद्ध्यति ।

ननु एवं सति गगने पृथ्वीत्वव्यापकत्वज्ञानात् **'घटो गगनवान्'** इत्यनुमित्यापत्तिः भवति इति चेत् भवत्येव, किन्तु सा इष्टा नत्वनिष्टा । यतो घटः वृत्यनियामकसंयोगेन गगनवान् इत्यनुमितिरस्माकमभिमतैव । सा चानुमितिः प्रमात्मिकैव मन्तव्या । ननु घटः वृत्तिनियामकसम्बन्धेन गगनवान् इत्यनुमितिः कथं न भवतीति चेत् परामर्शज्ञाने येन सम्बन्धेन साध्यसाधनयोः सामानाधिकरण्यं भासते, तेनैव सम्बन्धेन साध्यानुमितिः संभवतीति नियमः । अत्र तु वृत्यनियामकसंयोगेन गगनस्य संबंधिनि घटादौ समवायेन पृथ्वीत्वं" इत्याकारकं सामानाधिकरण्यं परामर्शे भासते, तथा च वृत्यनियामकसंयोगेनैव गगनानुमितिः संभवति । वृत्तिनियामकसंयोगेन तु तादृश-सामानाधिकरण्यज्ञानं न भवति एव । अतः न तेन सम्बन्धेन गगनानुमितिर्भवतीति भावः ।

**चन्द्रशेखरीया :** આ રીતે સામાનાધિકરણ્યાદિમાં "સંબંધિ"નો નિવેશ કરીને "અધિકરણ"પદોને કાઢી નાંખ્યા. એનાથી હવે તો **ગગનવાન્ દ્રવ્યત્વાત્** એ અનુમાનોમાં સંયોગથી ગગન સાધ્ય પણ દ્રવ્યત્વને વ્યાપક બનશે. જો અધિકરણ શબ્દ હોત, તો ગગનનું સંયોગથી અધિકરણ જ અપ્રસિદ્ધ હોવાથી ગગનાધિકરણ નિરૂપિતવૃત્તિતા એ દ્રવ્યત્વમાં હેતુમાં મળત જ નહી. અને પરિણામે ત્યાં વ્યાપ્તિલક્ષણ ન જ ઘટે. પણ હવે વાંધો ન આવે. સંયોગથી ગગનના સંબંધી તો ઘટાદિ મળે જ છે. અને તેમાં દ્રવ્યત્વ રહેનાર છે. એટલે લક્ષણ ઘટી જાય, આમ હવે ગગન પણ સંયોગ સંબંધથી દ્રવ્યત્વાદિને વ્યાપક બનશે.

આ અનુમાનમાં ગગન એ વૃત્તિ-અનિયામક સંયોગ સંબંધથી સાધ્ય છે. કેમકે વૃત્તિનિયામક સંયોગથી તો ગગન કશેં રહેતું જ ન હોવાથી આ વ્યાપ્તિ જ ખોટી પડી જાય. અહીં પણ "સંયોગમાત્ર એ અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક સંબંધ બની શકે છે" એ માન્યતા અનુસારે જ ગગન વ્યાપક બને છે એ ધ્યાનમાં રાખવું. અહીં સંયોગમાત્રમાં **'માત્ર'** પદથી તમામ સંયોગ લેવાના છે. એટલે આશય એ છે કે સ્વતંત્ર રીતે વૃત્તિનિયામક સંયોગ અને સ્વતંત્ર રીતે વૃત્તિ-અનિયામક સંયોગ એ બે ય પ્રતિયોગિતાવચ્છેદક બની શકે છે. અને એટલે જ અહીં લક્ષણ સમન્વય થાય. તે આ પ્રમાણે – દ્રવ્યત્વાધિકરણ એવા પર્વતાદિમાં વૃત્તિ-અનિયામક ~~સંયોગ સંબંધથી પણ ઘટ રહેતો નથી. એટલે~~ ઘટાભાવ મળ્યો. આ ઘટ એ પ્રતિયોગિતાવચ્છેદક એવા વૃત્તિ-અનિયામક સંયોગથી પર્વતમાં નથી રહેતો. એટલે પ્રતિ. અવચ્છેદક સંબંધથી ઘટાનધિકરણ એવું હેત્વધિકરણ મળી ગયું. અને તેમાં ઘટાભાવ છે. અને તેની પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદક એવા વૃત્તિ-અનિયામક સંયોગથી અવચ્છિન્ન જ છે. અને તે પ્રતિયોગિતાનો અનવચ્છેદક એવો ગગનત્વ મળી જતા લક્ષણ ઘટી જાય.

જો, વૃત્તિ-અનિયામકસંયોગને પ્રતિયોગિતાવચ્છેદક ન માનો તો તો મોટો વાંધો આવે. અહીં કોઈપણ

અભાવ લક્ષણઘટક તરીકે લો, તેની પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદક એવા વૃત્તિ-અનિયામક સંયોગથી અવચ્છિન્ન બનવાની જ નથી. કેમકે આ સંબંધને પ્રતિયોગિતાવચ્છેદક જ નથી માનેલો. આમ થવાથી અહીં લક્ષણ સમન્વય ન થાય. આ આપત્તિ ન આવે તે માટે જ વૃત્તિ-અનિયામકસંયોગને પ્રતિયોગિતાવચ્છેદક માનીને જ આ વાત કરી. આ માટે જ 'માત્ર' પદ મુકેલ છે. એના દ્વારા વૃત્તિ-અનિયામકસંયોગને પણ ગ્રહણ કરવાનો છે.

દીધિતિમાં **'સંયોગમાત્રસ્યાભાવપ્રતિયોગિતાવચ્છેદકસંબંધરૂપત્વે...'** લખેલ છે. એમાં જો માત્રપદ ન લખે. તો "સંયોગ એ અભાવ પ્રતિયોગિતાનો અવચ્છેદક સંબંધ હોતે છતેં,ગગન એ પૃથ્વીત્વાદિને વ્યાપક બને છે." એમ અર્થ થાય. પણ આ અર્થ યોગ્ય ન ગણાય. કેમકે સંયોગ તો પ્રતિયોગિતાવચ્છેદક તરીકે બધાને માન્ય છે. સંયોગત્વવાળા વૃત્તિનિયામક + વૃત્તિ-અનિયામક એ બે ય સંબંધો બને છે. અને એ બેય સંબંધો જ્યારે સંયોગત્વ ધર્મને લઈને વિચારીએ ત્યારે તો અવચ્છેદક બને જ છે. એટલે તો પછી આ પંક્તિનો અર્થ આ પ્રમાણે થાય કે, "સંયોગ એ પ્રતિયોગિતાવચ્છેદક સંબંધ બને છે. એ અભિપ્રાયથી ગગન એ વ્યાપક બની શકે." હવે વૃત્તિ-અનિયામકસંયોગ એ વૃત્તિ-અનિયામક સંયોગત્વધર્માવચ્છિન્ન તરીકે લો, તો એ પ્રતિયોગિતાવચ્છેદક નથી બનતો, એમ માનીએ તો પણ "સંયોગ એ પ્રતિયોગિતાવચ્છેદક છે" એમ માનવામાં તો કોઈ બાધક છે જ નહી. એટલે હવે તો વૃત્તિ-અનિયામક સંયોગ એ પ્રતિયોગિતાવચ્છેદક નથી બનતો, એ અનુસારે પણ "સંયોગ એ પ્રતિયોગિતાવચ્છેદક બને છે, એ મતાનુસારે ગગન એ દ્રવ્યત્વાદિને વ્યાપક છે" એમ માનવું પડે. પણ એ તો ઘટતું નથી. કેમકે, દ્રવ્યત્વાધિકરણમાં સંયોગથી ઘટાભાવ લેવાય. અને તેની પ્રતિયોગિતા એ તો સંયોગાવચ્છિન્ન છે. પરંતુ વૃત્તિ-અનિયામકસંયોગત્વાવચ્છિન્ન=વૃત્તિઅનિયામકસંયોગથી અવચ્છિન્ન નથી. એટલે આ અભાવ ન લેવાય. વૃતિ-અનિયામકસંયોગથી ઘટાભાવ લો, તો પણ આ સંબંધથી અવચ્છિન્ન પ્રતિયોગિતા માની જ ન હોવાથી સાધ્યતાવચ્છેદક સંબંધથી અવચ્છિન્ન પ્રતિયોગિતા મળવાની જ નથી. અને તેથી અવ્યાપ્તિ આવવાની જ. એટલે "સંયોગ એ પ્રતિયોગિતાવચ્છેદક માનીએ, તો ગગન એ દ્રવ્યત્વાદિને વ્યાપક બને છે." એ દીધિતિપંક્તિ ખોટી પડે. ભલે, વૃત્તિનિયામક+વૃત્તિઅનિયામક બેય સંયોગો સંયોગત્વેન પ્રતિયોગિતા અવચ્છેદક બને. પરંતુ વૃતિ અનિયામક સંયોગ તો વૃતિ અનિયામક સંયોગત્વેન પ્રતિયોગિતા અવચ્છેદક માનતા જ નથી માટે આ વાંધો આવે.

આ આપત્તિ નિવારવા જ દીધિતિમાં **માત્ર** પદ છે. એટલે કે સંયોગમાત્રને પ્રતિયોગિતાનો અવચ્છેદક માનીએ, તે મતે..... આનો અર્થ એ કે, "દરેકે દરેક સંયોગો સ્વતંત્ર રૂપે પણ પ્રતિયોગિતા અવચ્છેદક બની શકે છે. એટલે વૃતિ-અનિયામક સંયોગ એ પણ વૃતિ-અનિયામકસંયોગત્વધર્મને લઈને પણ પ્રતિયોગિતા અવચ્છેદક બને જ છે. એવું માનનાર મતે "ગગન એ દ્રવ્યત્વવ્યાપક બને છે." હવે આ અર્થ કરવાથી વાંધો ન આવે. કેમકે ઘટાભાવની પ્રતિયોગિતા એ હવે સાધ્યતાવચ્છેદકવૃતિ-અનિયામક સંયોગત્વવિશિષ્ટ વૃતિ અનિયામક સંયોગથી વચ્છિન્ન માનેલી જ છે. એટલે એ લઈ શકાય. અને તેનો અનવચ્છેદક ગગનત્વ મળી શકે છે. બાકી જો, "વૃતિ અનિયામક સંયોગ એ પ્રતિયોગિતાવચ્છેદક નથી બનતો" એ મત સ્વીકારો, તો પછી વૃતિ અનિયામકસંયોગાવચ્છિન્નપ્રતિયોગિતાક-અભાવ જ ન મળતા, કોઈપણ અભાવ લક્ષણઘટક ન બને. અને પરિણામે ગગન એ પૃથ્વીત્વવ્યાપક ન જ બને. એટલે એ વાત સ્પષ્ટ જાણવી કે, લક્ષણમાં સંબંધીનો નિવેશ કર્યા પછી પણ "વૃતિ-અનિયામકસંયોગ એ અભાવપ્રતિયોગિતાનો અવચ્છેદક બની શકે છે." એ મતે જ ગગન એ દ્રવ્યત્વવ્યાપક બની શકે.

અહીં ખરેખર તો દીધિતિમાં **વૃત્તિનિયામક સંયોગમાત્રસ્ય....** એમ પાઠ લખેલો દેખાય છે. પણ એમાં વૃત્તિનિયામક પદ એ ખોટું લખાયેલું છે એમ લાગે છે. એમ માનવાના ઘણા કારણો છે : (૧) જાગદીશીમાં માત્ર પદનું પ્રયોજન જણાવતી વખતે એમ લખે છે કે,"સંયોગત્વધર્મ દ્વારા તો તમામ સંયોગો પ્રતિયોગિતાવચ્છેદક બને છે." અહીં ક્યાંય વૃત્તિનિયામક પદનો ઉલ્લેખ કર્યો જ નથી. (૨) વિવૃત્તિટીકામાં પણ વૃત્તિ અનિયામક પદનો કોઈ ઉલ્લેખ નથી. (૩) મહત્વની વાત એ કે, જેમ "માણસમાત્ર ભુલને પાત્ર" એ વાક્યમાં માત્ર શબ્દ એ માણસના તમામે તમામ ભેદો લેવા માટે વપરાય છે. અર્થાત્ "ક્ષત્રિય + બ્રાહ્મણ+ વૈશ્યાદિ કોઈપણ માણસ એ ભુલને પાત્ર છે." એમ અર્થ સુચવે છે. એટલે આ રીતે માત્ર પદ જેની સાથે જોડાય, એના જ તમામ પેટાવિભાગોને સુચવે. પણ એ માત્ર પદથી માણસ ભિન્ન એવા તિર્યંચાદિ લઈ શકાતા નથી. એટલે કે માણસ અને તિર્યંચ એ ભુલને પાત્ર છે એમ અર્થ કરી શકાતો નથી જ. એમ અહીં પણ જો વૃત્તિનિયામક સંયોગના જ તમામ પેટાભેદો "માત્ર" પદ સુચવે છે. પણ એ "માત્ર" પદથી વૃત્તિનિયામક સંયોગથી જુદો એવો વૃત્તિ-અનિયામક સંયોગ લઈ શકાતો જ નથી, જ્યારે અહીં તો "માત્ર" પદથી વૃત્તિ-અનિયામક સંયોગ લેવાની વાત વિવૃત્તિકાર કરે છે. હવે એ તો ત્યારે જ સંભવે કે, **વૃત્તિનિયામક** પદ ન હોય. અને **સંયોગમાત્રસ્ય** એ પદહોય, કેમકે હવે માત્ર પદ એ સંયોગ સાથે જ જોડાયેલું છે. એટલે સંયોગના તમામે તમામ પેટાવિભાગો= વૃત્તિનિયામક + વૃત્તિ અનિયામક સંયોગો એ માત્રપદથી સુચવાય છે. અને તેથી માત્રપદથી વૃત્તિ-અનિયામક સંયોગ પણ ગ્રહણ કરાય. અને એટલે વૃત્તિ નિયામક + વૃત્તિ અનિયામક બેય સંયોગો પ્રતિયોગિતા અવચ્છેદક સ્વતંત્ર રીતે બની શકે છે. એ મતે ગગન દ્રવ્યત્વાભાવ વ્યાપક છે. એવો અર્થ એ પંક્તિનો નીકળે, જે યોગ્ય ઘટે. આમ 'વૃત્તિનિયામક' પદ દીધિતિમાં વધારાનું છે, એમ સમજવું યોગ્ય લાગે છે. આ ચર્ચા પુરી થઈ. વૃત્તિ અનિયામક સંયોગને પ્રતિયોગિતાવચ્છેદક ન માનો, તો પણ આપણી જે બીજી વિવક્ષા છે કે "સાધ્યતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગી અસંબંધી...." તેમાં તો પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન લેવાની જ નથી. એટલે સંયોગથી ઘટાભાવ જ લઈ શકાય. સાધ્યતા-અવચ્છેદક એવા વૃતિ-અનિયામક સંયોગથી ઘટાનધિકરણ એવું દ્રવ્યત્વાધિકરણ પર્વતાદિ બને. તેમાં રહેલ તે ઘટાભાવની પ્રતિયોગિતા સંયોગાવચ્છિન્ન છે, પણ વૃતિ-અનિયામક સંયોગત્વવિશિષ્ટસંયોગ-અવચ્છિન્ન નથી. છતાં ય વાંધો નથી, કેમકે આપણે કોઈપણ સંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતા લેવાની છે એટલે આ લેવાય. અને તેનો અનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક ગગનત્વ બની જતા લક્ષણ ઘટી જાય છે.

**પ્રશ્ન :** ખરેખર તો, આ સ્થાન જ વ્યભિચારી છે, કેમકે વિભુદ્રવ્યોનો સંયોગ માનેલો ન હોવાથી આકાશનો કાલ-દિગ્ -આત્માદિ સાથે વૃત્તિ-અનિયામક સંયોગ પણ નથી અને તેમાં દ્રવ્યત્વ રહેલ છે. એટલે દ્રવ્યત્વ એ વૃતિ અનિયામક સંયોગથી ગગનના અસંબંધી એવા પણ આત્માદિમાં રહેલ છે એટલે આ સ્થાન જ વ્યભિચારી છે. માટે ગગન એ દ્રવ્યત્વવ્યાપક બની શકતું નથી.

**ઉત્તર :** આથી જ દીધિતિમાં દ્રવ્યત્વ હેતુ છોડીને પૃથ્વીત્વ હેતુ આપેલો છે. દરેકે દરેક પૃથ્વીમાં ગગનનો વૃતિ અનિયામક સંયોગ તો છે જ. એટલે હવે આ હેતુ વ્યભિચારી નહિ બને. અને ત્યાં ગગન એ તેને વ્યાપક બનશે.

**પ્રશ્ન :** દરેકે દરેક જન્યપૃથ્વીમાં ઉત્પત્તિકાલે તો સંયોગમાત્રનો અભાવ હોવાથી, ત્યાં ઉત્પત્તિકાલે પૃથ્વીત્વ હોવા છતાં વૃત્તિ અનિયામક સંયોગથી પણ ગગન છે જ નહીં. અને વળી નિત્ય એવી પરમાણુ પૃથ્વીમાં પણ પ્રલયકાળમાં તો સંયોગમાત્રનો અભાવ હોવાથી, વૃતિ અનિયામક સંયોગનો પણ અભાવ જ છે અને તેમ હોવાથી

ત્યાં નિત્યપૃથ્વીમાં પણ પૃથ્વીત્વ હોવા છતાં વૃત્તિ અનિયામક સંયોગથી ગગન નથી. આમ એ રીતે પણ આ હેતુ વ્યભિચારી જ છે. તો પછી, ગગન શી રીતે પૃથ્વીત્વને વ્યાપક બનશે ?

**ઉત્તર :** તમારી વાત સાચી. પરંતુ એ નિત્યપૃથ્વીમાં પણ સૃષ્ટિકાલાવચ્છેદેન અને જન્યપૃથ્વીમાં ઉત્પત્તિકાલાનન્તરાદિકાલાવચ્છેદેન તો વૃત્તિ અનિયામક સંયોગથી ગગન છે જ. એટલે જેટલા હેત્વધિકરણો છે એ તમામમાં તે તે કાળે તો વૃત્તિ અનિયામક સંયોગથી ગગન હોવાથી આ ગગન એ પૃથ્વીત્વને વ્યાપક જ ગણાય છે.

**પ્રશ્ન :** તો પણ લક્ષણસમન્વય તો નહીં જ થાય, કેમકે નિત્યપૃથ્વ્યાદિમાં પ્રલયકાલાવચ્છેદેન વૃત્તિ અનિયામક સંયોગથી ગગનાભાવ જ મળી જતા સાધ્યાભાવ જ લક્ષણઘટક બની જશે.

**ઉત્તર :** ન બને કેમકે ગગનાભાવનો પ્રતિયોગી ગગન એ વૃત્તિ અનિયામક સંયોગથી સૃષ્ટિકાલાવચ્છેદેન તો તે નિત્યપૃથ્વીમાં રહેલો છે એટલે પ્રતિયોગી-અનધિકરણ હેત્વધિકરણ નથી મળતું. માટે ગગનાભાવ લક્ષણઘટક ન બને. પરંતુ ઘટાભાવાદિ જ મળે. એટલે લક્ષણ ઘટી જાય છે.

**પ્રશ્ન :** તો પછી, આ વ્યાપ્તિજ્ઞાનથી **ઘટઃ ગગનવાન્** એવી પણ અનુમિતિ સાચી માનવાની આપત્તિ આવશે.

**ઉત્તર :** એ ઈષ્ટાપત્તિ જ છે કેમકે વૃત્તિ અનિયામક સંયોગથી અહીં અનુમિતિ થાય જ છે અને એ અમને ઈષ્ટ જ છે. હા, વૃત્તિનિયામક સંયોગથી ગગનાનુમિતિ ન થાય, કેમકે જે સંબંધથી સાધ્ય + સાધનનું સામાનાધિકરણ્ય પરામર્શમાં ભાસે, તે જ સંબંધથી સાધ્યાનુમિતિ થાય. એવો નિયમ છે. એટલે અહીં વૃત્તિ અનિયામક સંયોગથી ગગનના અધિકરણ એવા ઘટમાં સમવાયથી પૃથ્વીત્વ છે. એવો પરામર્શમાં બોધ થાય છે. માટે વૃત્તિ અનિયામક સંયોગથી જ **"ગગનવાન્ ઘટઃ"** એવી અનુમિતિ થાય.

---

**जागदीशी-** **सामानाधिकरण्यधियो हेतुत्वस्य, तदंशे सम्बन्धविशेषनिवेशस्य वाऽनङ्गीकारमतेऽप्याह, –अव्यापकत्वाच्चेति । – 'तेने'त्यनुषज्यते, तथा च यादृशसम्बन्धेन साध्यस्य हेतुव्यापकत्वं गृह्यते, तेनैव सम्बन्धेन साध्यसिद्धिः फलमतो –वृत्तिनियामकसम्बन्धेन साध्यस्य हेतुव्यापकत्वाऽसम्भवादेव न तेन सम्बन्धेन साध्यस्य प्रमानुमितिरिति भावः ।**

---

**चन्द्रशेखरीया :** ननु "अनुमितौ कारणीभूते परामर्शे सामानाधिकरण्यज्ञानमपि भवति । तदपि च अनुमितिकारणं भवतीति" न स्वीकुर्मो वयं । तथा च सामानाधिकरण्यज्ञानं विनापि अनुमितिसंभवात् "येन सम्बन्धेन साध्यसाधनयोः सामानाधिकरण्यं भासते, तेन सम्बन्धेन साध्यानुमितिरिति नियमः एव न जाघटीति । सामानाधिकरण्यज्ञानं विनापि अनुमितिसंभवात् । कथंचित् सामानाधिकरण्यज्ञानस्यानुमिति-हेतुतास्वीकारेऽपि सामानाधिकरण्यांशे साध्यस्य साध्यतावच्छेदकसम्बन्धेन प्रवेशः यैः न स्वीक्रियते । तेषां मते तु सामानाधिकरण्यांशे साध्यतावच्छेदक-सम्बन्धेनैव साध्यस्य भानं न स्वीकृतम् । अतः तेषां मतेऽपि अस्य नियमस्यासंभवः एव । तत्कथं तन्नियममाश्रित्य वृत्तिनियामकसंयोगेन गगनानुमितिवारणं कर्तुं शक्यमिति चेत्। मा भवतु सामानाधिकरण्यांशे साध्यतावच्छेदकसम्बन्धेन साध्याधिकरणत्वस्य निवेशः, तथापि यादृशसम्बन्धेन

साध्यस्य हेतुव्यापकता गृह्यते, तादृशेनैव सम्बन्धेन साध्यानुमितिर्भवति इति नियमाश्रयणात् न कोऽपि दोषः। वृत्तिनियामकसंयोगेन तु गगनस्य पृथिवीत्वव्यापकता न गृह्यते, अतः न तेन सम्बन्धेन साध्यानुमितिभवनापत्तिः। किन्तु वृत्यनियामकसंयोगेनैव गगनस्य हेतुव्यापकता गृह्यते, अतः तेनैव सम्बन्धेनानुमितिर्भवति । तथा च सामानाधिकरण्यांशे साध्यतावच्छेदकसंबंधित्वानिवेशेऽपि न दोषः इति भावः ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** પણ સામાનાધિકરણ્યાંશમાં સાધ્યનું ગમે તે સંબંધથી અધિકરણ લઈ શકાય, એવા મત પ્રમાણે તો, એમાં વૃતિ અનિયામક સંયોગનો નિવેશ કરેલો જ નથી. તો પછી શી રીતે વૃતિ અનિયામક સંયોગથી જ ગગનાનુમિતિ થાય, અને વૃત્તિનિયામકથી ન થાય એવો નિર્ણય થશે ?

**ઉત્તર :** એટલે જ, દીધિતિમાં तेनासंबंधित्वात्+तेनाव्यापकत्वाच्च એમ બે વાત કરી છે. અર્થાત્ જે સંબંધને લઈને સાધ્ય એ હેતુવ્યાપક તરીકે ગ્રહણ થાય. તે જ સંબંધથી તે સાધ્યની અનુમિતિ થાય, તેવો નિયમ છે. વૃતિ નિયામક સંયોગથી તો ગગન પૃથ્વીત્વવ્યાપક બનતો જ નથી, કેમકે પૃથ્વીત્વાધિકરણ પર્વતાદિમાં વૃતિ નિયામક સંયોગથી ગગન રહેતો નથી. એટલે તેમાં વૃતિ નિયામકથી ગગનાભાવ પ્રતિયોગીવ્યધિકરણ મળી જાય છે. અને તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક ગગનત્વ બની જાય છે. આમ ગગન એ વૃત્તિ નિયામક સંબંધથી તો વ્યાપક બનવાનો જ નથી. હા, સાધ્યતાવચ્છેદક વૃતિ અનિયામક સંયોગ લઈએ તો તે સંબંધથી ગગન એ વ્યાપક બની જ જાય છે જે જોઈ ગયા. એટલે તે જ સંબંધથી ગગનાનુમિતિ થશે. આમ વૃતિ નિયામક સંયોગથી તો ગગન એ પૃથ્વીત્વવ્યાપક બનતો જ ન હોવાથી તે સંબંધથી ગગનાનુમિતિ થવાની આપત્તિ આવતી નથી. એટલે સામાનાધિકરણ્યઘટકમાં ભલે ને સાધ્યના સંબંધનો નિવેશ ન હોય તો પણ ઉપર પ્રમાણે માનવાથી વૃતિ નિયામકથી જ અનુમિતિ ન થવી, વૃતિ નિયામક સંયોગથી થવી એ ઘટી જાય છે.

---

**जागदीशी - ननु वृत्तिनियामकसंयोगेनापि गगनस्य पृथिवीत्वादिव्यापकत्वं दुर्वारं, तादृशसम्बन्धेन गगनसम्बन्ध्यप्रसिद्धया गगनाभावस्य प्रतियोगिव्यधिकरणत्वाभावात्, तादृशाभावान्तर-प्रतियोगित्वस्य च गगनादावसत्त्वादत**

---

**चन्द्रशेखरीया : न च** वृत्तिनियामकसम्बन्धेनापि गगनस्य पृथ्वीत्वव्यापकता गृह्यते एव । तथा हि पृथ्वीत्वाभाववति पर्वतादौ वृत्तिनियामकसंयोगेन गगनाभावो यद्यपि वर्तते, तथापि साध्यतावच्छेदकवृत्तिनियामक-संयोगेन प्रतियोगिस्वरूपस्य गगनस्य संबंधिन एवाप्रसिद्धत्वात् प्रतियोगिसंबंधिभिन्नं हेत्वधिकरणं न ग्रहीतुं शक्यते । तथा च न गगनाभावो लक्षणघटकः । किन्तु घटाभावः। वृत्तिनियामकसंयोगेन घटसंबंधि भूतलं, तद्भिन्नः पर्वतः, तत्र वर्तमानस्य घटाभावस्य प्रतियोगितायाः अनवच्छेदकं गगनत्वमिति लक्षणघटनात् गगनं वृत्तिनियामकसंयोगेनापि पृथ्वीत्वव्यापकं भवत्येव इति **वाच्यम्**

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** "ઘટઃ વૃતિનિયામકસંયોગેન-ગગનવાન્ પૃથ્વીત્વાત્" આ સ્થળે, વૃતિ નિયામકથી પણ ગગન એ પૃથ્વીત્વવ્યાપક બનવાનું જ છે. તે આ પ્રમાણે-તમે અહીં વૃત્તિ નિયામક સંયોગથી ગગનાભાવ લો, તો પણ પ્રતિયોગિતાવચ્છેદક+સાધ્યતાવચ્છેદક એવા વૃતિ નિયામક સંબંધથી ગગન=પ્રતિયોગીનો કોઈ

સંબંધી જ પ્રસિદ્ધ નથી. અને તેથી પ્રતિ. અવચ્છેદક સંબંધથી પ્રતિયોગીસંબંધી જ ન મળતા પ્રતિયોગીસંબંધિભિન્ન પણ મળતો નથી. અને તેથી ગગનાભાવ લક્ષણઘટક ન લેવાય. પણ ઘટાભાવ જ લેવાય. વૃતિ નિયામક સંયોગથી ઘટ સંબંધી ભૂતલ બને. તદ્ભિન્ન તરીકે પર્વત બને. અને તેમાં આ ઘટાભાવ મળે. તેની વૃતિનિયામકસંયોગાવચ્છિન્ન પ્રતિયોગિતા પણ છે. અને તેનો અનવચ્છેદક ગગનત્વ બને. આમ વૃતિનિયામકસંયોગથી પણ ગગન પણ પૃથ્વીત્વવ્યાપક બની જ જાય છે.

---

**जागदीशी** आह, – व्यक्तीत्यादि । इदं=वृत्तिनियामकसम्बन्धेन गगनादेरव्यापकत्वं, तथा च 'निरूक्तप्रतियोगिप्रतियोगिकत्वे' त्यादिना वक्ष्यमाणं 'प्रतियोग्यसामानाधिकरण्यं' वृत्तिनियामकसम्बन्धेन गगनाभावेऽपि स्थास्यतीतिभावः ॥१८॥

---

**चन्द्रशेखरीया :** यथा वृत्तिनियामकसंयोगेन गगनं पृथ्वीत्वव्यापकं न भवति तथा तत्सर्वं उपरिष्टात् व्यक्तं निरूपयिष्यते । अयं भावः अस्यैव ग्रन्थस्य अष्टादशकारिकायां दीधित्यां अयं परिष्कारः करिष्यते यत् साध्यतावच्छेदकसम्बन्धसामान्ये निरुक्तप्रतियोगिप्रतियोगिकत्व(=यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्न-प्रतियोगिकत्व-)हेत्वीकरणीभूतयत्किञ्चिद्व्यक्त्यनुयोगिकत्वोभयाभावः, तादृशप्रतियोगितानवच्छेदकं साध्यतावच्छेदकं ग्राह्यं इति । तथा च वृत्तिनियामकसंयोगसम्बन्धसामान्ये पृथ्वीत्वाधिकरणीभूत-घटादिव्यक्त्यनुयोगिकत्वं यद्यपि विद्यते, घटे वृत्तिनियामकसंयोगेन जलस्य सत्वात् । तथापि तस्मिन् सम्बन्धे गगनत्वावच्छिन्नप्रतियोगितावच्छेदकगगनत्वावच्छिन्नगगनप्रतियोगिकत्वं नास्ति । गगनस्य वृत्तिनियामकसम्बन्धेन कुत्राप्यसंबद्धत्वात् । इत्थं च वृत्तिनियामक-संयोगसामान्ये गगनप्रतियोगिकत्वाभावस्य सत्वात् उभयाभावः मीलितः । तथा च गगननिष्ठा प्रतियोगिता ग्रहीतुं शक्या । तदवच्छेदकं तु गगनत्वं इति न गगने वृत्तिनियामकसंयोगेन पृथ्वीत्वव्यापकत्वं संभवतीति ।

**ચન્દ્રશેખરીયા :** ઉત્તર : વૃતિનિયામકસંયોગથી તો આ ગગન પૃથ્વીત્વવ્યાપક નથી જ બનતું એ વાત આગળ અમે સિદ્ધ કરીશું.

આશય એ છે કે આગળ ૧૮મી કારિકામાં અંતે અમે કહેશું કે, સાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યમાં યાદશપ્રતિયોગિતાવચ્છેદક-અવચ્છિન્નપ્રતિયોગીકત્વ+હેત્વધિકરણીભૂતયત્કિંચિત-વ્યક્તિ-અનુયોગિકત્વસામાન્ય ઉભયનો અભાવ મળે. તાદશ પ્રતિયોગિતાનો અનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક હોવો જોઈએ. હવે સાધ્યતાવચ્છેદક વૃતિનિયામકસંયોગમાં ભલે પૃથ્વીત્વાધિકરણ ઘટાનુયોગિકત્વ હોય, કેમકે ઘટમાં વૃતિ નિયામકસંયોગથી જલાદિ રહેલા છે. પણ તે વૃતિનિયામકસંયોગમાં ગગનાભાવપ્રતિયોગિતાવચ્છેદક ગગનત્વાવચ્છિન્ન-ગગનપ્રતિયોગીકત્વ નથી. કેમકે વૃતિ નિયામક સંયોગથી ગગન ક્યાંય રહેતું નથી. એટલે વૃતિ નિયામક સંયોગમાં ગગન-પ્રતિયોગીકત્વ ન હોવાથી ઉભયાભાવ મળી જાય છે અને તેથી ગગનાભાવપ્રતિયોગી એ લક્ષણઘટક બને અને તેનો અવચ્છેદક તો ગગનત્વ છે જ. એટલે હવે ગગન એ વ્યાપક નહીં બની શકે. આમ આગળની વિવક્ષાનુસારે એ ગગન વૃતિ નિયામક સંયોગથી પૃથ્વીત્વવ્યાપક બનતો નથી

એ વાત સિદ્ધ થાય છે.

## दीधितिः

**नन्वष्टद्रव्यातिरिक्त —**

**—द्रव्यात्मककालमात्रवृत्तिधर्म्मस्य,—**

**—विशेषणताविशेषेण—**

**—अव्याप्यवृत्ति किमपि —**

**—व्यापकं न स्यात्, स्वावच्छेदकसम्बन्धेन प्रतियोगिनोऽसम्बन्धिनि**

**काले वर्तमानस्याभावस्य प्रतियोगितायां, —तत्सम्बन्धावच्छिन्नत्वस्य, — तेन सम्बन्धेन यत्प्रतियोगिसम्बन्धि तदन्यत्वस्य च—कालेऽसम्भवात् ।**

**जागदीशी** - **नन्विति । — कालिकसम्बन्धेन गोत्वादौ साध्ये घटादिरूपकालोपाधिमात्रवृत्तिघटत्वादिहेतौ नाव्याप्तिः ।**

**भिन्नकालीनतत्तद्व्यक्तित्वावच्छिन्नाभावस्यैव घटादौ प्रतियोगिवैयधिकरण्यसम्भवादत उक्तम् – अष्टद्रव्यातिरिक्तेति ।**

**चन्द्रशेखरीया** : अत्र दीधित्यां पूर्वपक्षः समुत्तिष्ठति **ननु** इत्यादिना । प्रथमं तावत् दीधितिग्रन्थस्य प्ररूपणं क्रियते । यत्र अष्टद्रव्यातिरिक्त-द्रव्यात्मककालमात्रवृत्तिधर्मः स्वरूपसम्बन्धेन हेतुः, यत्र च घटगोत्वद्रव्यत्वादयः पदार्थाः कालिकेन अव्याप्यवृतयः सन्तः कालिकेन साध्याः, तत्राव्याप्तिर्भवति इति पूर्वपक्षस्याशयः । अत्र अष्टद्रव्यातिरिक्तः द्रव्यात्मको यः कालः, तस्मिन्काले एव वर्तमानो यो धर्मः स 'यत्रस्वरूपेण हेतुः' तत्रैव 'अव्याप्यवृत्तिपदार्थाः यत्र कालिकेन साध्याः' तत्रैव च अव्याप्तिः प्रतिपाद्यते इत्यर्थः।

अत्र यदि **अष्टद्रव्यातिरिक्तपदं** न निवेश्यते । तदा तु घटादीनां कालोपाधित्वात् घटादयोऽपि कालपदेन गृह्यन्ते । तथा च द्रव्यात्मकः यः कालः घटादिरूपः, तन्मात्रवृत्तिः यः धर्मः घटत्वं, तद् यत्र हेतुरित्यर्थो लभ्येत। एवं च **कालिकेन गोत्ववान् घटत्वात्** इत्यत्रापि अव्याप्तिः प्रतिपादिता भवति । न च तदिष्टं, यतः घटत्वाधिकरणे वर्तमानघटे अतीत-जलाभावस्य सत्वात्, तत्प्रतियोगि अतीतजलं च न कालिकेनापि घटे वर्तते। अतः, कालिकेनातीतजलानधिकरणे वर्तमानघटे वर्तमानस्य अतीतजलाभावस्य साध्यतावच्छेदक

कालिकावच्छिन्ना या प्रतियोगिता, तदवच्छेदकं अतीतजलत्वं, न तु गोत्वत्वं । इत्थं च अत्र लक्षणसमन्वयात् अव्याप्तिर्न भवति, गोत्वस्य नित्यत्वात् वर्तमाने घटे सदैव तद् कालिकेन वर्तते । अतो न गोत्वाभावो लक्षणघटकत्वेन ग्रहीतुं शक्यः । एवं चाव्याप्तिकथनमसङ्गतं भवेत् अतोऽष्टद्रव्यातिरिक्तपदमुपात्तम्। महाकालभिन्नानि यानि अष्टद्रव्याणि, तदतिरिक्तं द्रव्यं तु स एव महाकालः न तु घटः, तस्मिन् महाकालमात्रे वर्तमानो धर्मः महाकालत्वं न तु घटत्वं, इत्थं च न '**गोत्ववान् घटत्वात्**' इत्यनुमानं ग्रहीतुं शक्यम् । किन्तु **गोत्ववान् महाकालत्वादि**त्येवानुमानं गृह्यते, तत्र चाव्याप्तिः घटते एवेति न दोषः ।

**ચન્દ્રશેખરીયા : પૂર્વપક્ષ** : દીધિતિમાં પૂર્વપક્ષ પ્રશ્ન ઉઠાવે છે કે જ્યાં અષ્ટદ્રવ્યાતિરિક્તદ્રવ્યાત્મક કાલમાત્રવૃત્તિધર્મ એ સ્વરુપસંબંધથી હેતુ છે. ત્યાં કાલિકસંબંધથી અવ્યાપ્યવૃત્તિ એવો જે સાધ્ય હશે, તે એ હેતુને વ્યાપક બની શકશે નહિ. જ્યારે ખરેખર તો જ્યાં આ હેતુ સ્વરુપસંબંધથી હોય છે, ત્યાં કાલિકથી અવ્યાપ્યવૃત્તિ એવું સાધ્ય હોય જ છે. એટલે આ સ્થાન સાચું છે પણ તેમાં લક્ષણ ન જતા અવ્યાપ્તિ આવશે.

અહીં અષ્ટદ્રવ્યથી અતિરિક્ત અને પાછું દ્રવ્યાત્મક એવો જે કાલ, તે કાળમાં જ રહેનાર ધર્મ તરીકે મહાકાલત્વ આવશે અને અવ્યાપ્યવૃત્તિ સાધ્ય તરીકે ઘટાદિ બનશે કેમકે અવ્યાપ્યવૃત્તિની બીજી વ્યાખ્યા પ્રમાણે એ બધા અવ્યાપ્યવૃત્તિ જ બની જાય છે. એટલે '**કાલિકેન ઘટવાન્ સ્વરુપેણ મહાકાલત્વાત્**' એમ અનુમાન બનશે. હવે આપણે સૌ પ્રથમ અષ્ટદ્રવ્ય.....વગેરે દીધિતિમાં બતાવેલા પદોનું પદકૃત્ય જોઈએ. જો '**દ્રવ્યાત્મકકાલમાત્રવૃત્તિધર્મ**' એને જ હેતુ તરીકે લે, તો પછી ઘટ વગેરે પદાર્થો એ પણ કાલોપાધિ હોવાથી તેઓ પણ કાલ તરીકે લેવાય અને તે ઘટમાત્રમાં રહેનારો એવો ધર્મ તો ઘટત્વ પણ બને અને તો પછી કાલિકેન ગોત્વ (અવ્યાપ્યવૃત્તિ)વાન્ ઘટત્વાત્ આવું અનુમાન પણ આવે અને પૂર્વપક્ષે તેમાં અવ્યાપ્તિ આપી કહેવાય. પરંતુ અહીં તો અવ્યાપ્તિ આવતી જ નથી, કેમકે ઘટત્વાધિકરણ એવા વર્તમાનઘટમાં ભૂતકાલીન એવા ઘટાદિનો કાલિકથી અભાવ મળી જ જાય છે અને સાધ્યતાવચ્છેદકકાલિકથી તે ભૂતકાલીનઘટનું અનધિકરણ એવો આ વર્તમાન ઘટ છે જ. આમ ઘટાભાવાદિ લક્ષણઘટક બની જાય. ગોત્વ તો નિત્ય જ હોવાથી તે તો વર્તમાનઘટમાં કાલિકથી રહેવાનું જ હોવાથી, તેનો અભાવ લક્ષણઘટક તરીકે ન લઈ શકાય અને આમ અહીં અવ્યાપ્તિ આવે જ નહીં. પૂર્વપક્ષ તો અવ્યાપ્તિ આપવા માંગે છે. એટલે "અષ્ટદ્રવ્યાતિરિક્ત" શબ્દ મુકેલ છે. ઘટ એ કાલભિન્ન અષ્ટદ્રવ્યની અન્તર્ગત જ છે. એટલે અષ્ટદ્રવ્યાતિરિક્ત એવા દ્રવ્યાત્મક એવા કાલ તરીકે ઘટ લઈ ન શકાય. અને તેથી ઘટત્વ એ હેતુ તરીકે ન આવે. એટલે આ અનુમાન લેવાય જ નહિ.

---

**जागदीशी** - **'पृथिव्यादिचतुर्द्रव्यातिरिक्ते'ति तु ज्यायः गगनादेः कालत्वविरहादेव तद्व्युदासादिति ध्येयम् ।**

---

**चन्द्रशेखरीया :** अत्र हि चतुर्द्रव्यातिरिक्तपदमेव गृह्यताम् यतः ये नित्यपदार्थाः । ते कालोपाधयो न भवन्ति । अतः ते कालपदेन ग्रहीतुं न शक्यन्ते । तथा च पृथ्वी-जल-तेजोवायु-स्वरूपाणि यानि चतुर्द्रव्याणि, तदिरिक्तानि द्रव्याणि तु गगनात्मादिङ्मनःकालरूपाणि, तेषु कालस्वरूपं द्रव्यं तु केवलं महाकाल एव । तन्मात्रे वर्तमानो धर्मो महाकालत्वमिति महाकालत्वधर्म एव गृह्यते, इत्थं च न अष्टद्रव्यातिरिक्तपदमुपात्तं युक्तं किन्तु चतुर्द्रव्यातिरिक्तपदमेव युक्तं तावतैवाव्याप्तिप्रतिपादनसंभवात् ।

**चन्द्रशेखरीया : પ્રશ્ન :** પૃથ્વી-જલ-તેજ-વાયુ આ ચાર દ્રવ્ય જ કાલોપાધિ બને છે. બીજા તો કોઈ કાલોપાધિ બનતા જ નથી. તો પછી આ આપત્તિ દૂર કરવા તો, ચતુર્દ્રવ્યાતિરિક્ત એમ લખે, તો પણ ચાલે. એ ચારથી ભિન્ન તરીકે મન+આત્મા+દિક્+ગગન+કાલ આ પાંચ જ દ્રવ્યરૂપે છે અને તેમાં મન વગેરે ચાર તો નિત્ય જ હોવાથી કાલોપાધિ બનતા જ ન હોવાથી, તેઓ 'કાલ' તરીકે લેવાય જ નહિ. પણ માત્ર મહાકાલ જ લેવાય. અને તેમાં રહેલા ધર્મ તરીકે મહાકાલત્વ જ આવે અને તે અનુમાનમાં તો અવ્યાપ્તિ આવે જ છે. માટે પૂર્વપક્ષનું વચન બરાબર ઘટી જાય.

**પૂર્વપક્ષ :** સાચી વાત છે. એટલે તમારે 'અષ્ટદ્રવ્યાતિરિક્ત' ન લખવું. પણ 'ચતુર્દ્રવ્યાતિરિક્ત' જ લખવું એ જ યોગ્ય છે.

---

**जागदीशी- कर्मात्मकखण्डकालस्यापि भिन्नकालीनतत्तद्व्यक्तित्वावच्छिन्नाभाव-प्रतियोग्यनधिकरणत्वप्रसिद्ध्या तन्मात्रवृत्तिस्पन्दत्वादिहेतौ नाव्याप्तिरतश्चरम–'द्रव्य'–पदम् ।**

---

**चन्द्रशेखरीया :** यदि **द्रव्यात्मकमिति** पदं नोपादीयेत, तदा तु अष्टद्रव्यातिरिक्त–कालमात्रवृत्तिधर्मो हेतुत्वेन गृह्यते। गुणाः कर्माणि च अष्टद्रव्यातिरिक्तपदार्था एव, ते च कालोपाधित्वेन कालपदेन ग्रहीतुं शक्याः । तथा च तादृशकालरूपं यत्स्पन्दात्मकं कर्म, तन्मात्रवृत्तिः धर्मः स्पन्दत्वमपि ग्रहीतुं शक्येत । तथा च **कालिकेन गोत्ववान् स्पन्दत्वात्** इत्यत्रापि अव्याप्तिः प्रतिपादिता भवेत् । न च तदिष्टं । स्पन्दत्वाधिकरणे स्पन्देऽतीतकालीनघटाद्यभावस्य विद्यमानत्वात् पूर्ववदेव लक्षणसमन्वयात् अव्याप्तिः न भवति । अतः, द्रव्यात्मकमिति पदमुपात्तं, गुणकर्मणाञ्च द्रव्यात्मकत्वं नास्ति । अतः न तानि गृह्यन्ते । ततश्च न स्पन्दत्वं, तादृशधर्मपदेन ग्रहीतुं शक्यं, किन्तु महाकालत्वमेव, तत्र चाव्याप्तिः भवत्येव ।

હવે જો **'દ્રવ્ય'** પદ ન લખે, તો 'અષ્ટદ્રવ્યાતિરિક્ત કાલમાત્ર વૃત્તિધર્મ' એમ હેતુ બને. અષ્ટદ્રવ્યાતિરિક્ત એવા રૂપાદિ ગુણો કાલોપાધિ હોવાથી તેઓ કાલ તરીકે લઈ શકાય. અને તે રૂપાદિ ગુણો + ગમનાદિકર્મો રૂપી કાલમાત્રમાં વૃત્તિ એવા ધર્મ તરીકે તો સ્પન્દત્વાદિ પણ આવે. અને તો પછી **કાલિકેન ગોત્વવાન્ સ્પન્દત્વાત્** એ અનુમાનમાં પણ પૂર્વપક્ષે અવ્યાપ્તિ આપેલી ગણાય. પણ એ તો ઘટતી જ નથી. કેમકે સ્પન્દત્વાધિકરણ એવા વર્તમાનસ્પંદમાં ભૂતકાલીનઘટાદિનો અભાવ મળી જ જાય અને સાધ્યતાવચ્છેદક કાલિકથી તે ભૂતકાલીનઘટનું અનધિકરણ એવા સ્પન્દમાં તે અભાવ લેવાય. તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક ગોત્વત્વ બની જાય. એટલે અવ્યાપ્તિ આવવાની જ નથી. તો પછી અમારું કથન ખોટું પડે. માટે જ **દ્રવ્યાત્મક** પદ છે. કર્મ-ગુણાદિ એ અષ્ટદ્રવ્યાતિરિક્ત ભલે હોય, પણ તે દ્રવ્યાત્મક ન હોવાથી તે લેવાય જ નહિ. અને તેથી સ્પન્દત્વાદિ ધર્મો એ હેતુ તરીકે ન આવી શકે અને તેથી આવા અનુમાનો ન લેવાય. પણ ઘટવાન્ મહાકાલત્વાત્ એ જ લેવાય. અને તેમાં તો અવ્યાપ્તિ ઘટે જ છે. ખ્યાલ રાખવો કે, દીધિતિની પંક્તિ પ્રમાણે જે અનુમાન લેવાય, તેમાં અવ્યાપ્તિ આવવી જ જોઈએ. કેમકે એમાં પૂર્વપક્ષ અવ્યાપ્તિ આપવા માંગે છે. એટલે આ બધી ચર્ચા કરીએ છીએ.

---

**जागदीशी - तथाविधकालत्वादावप्युक्तदिशा नाव्याप्तिरतो —'मात्र'—पदम् ।**

**चन्द्रशेखरीया :** यदि हि **मात्रपदं** नोपादीयेत, तदा तु अष्टद्रव्यातिरिक्त: य: द्रव्यात्मक: काल: स यद्यपि महाकाल: एव, तथापि तत्र वर्तमानं घटादिसाधारणं यत् कालत्वं, तदपि हेतुत्वेन गृह्यते । **तथा च कालिकेन गोत्ववान् स्वरूपेण कालत्वात्** इत्यनुमानेऽप्यव्याप्ति: प्रतिपादिता भवति । न च तदिष्टम् । यत: कालत्वाधिकरणे कालोपाधिरूपे घटे निरूक्तक्रमेणातीतघटाभावस्य लक्षणघटकत्वसंभवात् न तत्राव्याप्तिसंभव: । अत: मात्रपदमुपात्तम् । तथा च कालत्वं न महाकालमात्रवृत्ति, अपि तु तद्भिन्ने घटादावपि वर्तते, अत: न तद् गृह्येत, किन्तु अष्टद्रव्यातिरिक्ते द्रव्यात्मके कालस्वरूपे महाकाले एव वर्तमानं महाकालत्वं गृह्यते, तत्र तु अव्याप्ति: संघटते एव इति न दोष: ।

**ચન્દ્રશેખરીયા :** હવે જો "માત્ર" પદ ન લખો તો અષ્ટદ્રવ્યાતિરિક્ત+દ્રવ્યાત્મક એવા કાલ તરીકે જો કે મહાકાલ જ આવે. પણ તેમાં વૃત્તિ ધર્મ તરીકે તો કાલત્વ પણ લેવાય અને તે કાલત્વ તો કાલોપાધિરૂપ એવા ઘટાદિમાં પણ રહેલો જ છે. એટલે **'ઘટ: ગોત્વવાન્ કાલત્વાત્'** એવું અનુમાન થાય. અને કાલત્વાધિકરણ એવા વર્તમાનઘટમાં અતીતજલાદિનો અભાવ મળી જાય. જેનો પ્રતિયોગી અતીતજલ એ કાલિકથી પણ વર્તમાનઘટમાં નથી જ રહેતું. એટલે એ અતીતજલાનધિકરણ એવું હેત્વધિકરણ ઘટ બને. તેમાં એ જલાભાવ છે અને તત્પ્રતિયોગિતાનો અવચ્છેદક જલત્વ છે, ગોત્વત્વ અનવચ્છેદક છે. એટલે અહીં તો લક્ષણ ઘટી જતાં અવ્યાપ્તિ ન ઘટે. માટે જ માત્ર પદ મુકેલ છે. કાલત્વ એ અષ્ટદ્રવ્યાતિરિક્ત+દ્રવ્યાત્મક એવા મહાકાલમાત્રમાં જ વૃત્તિ નથી. માટે તે ન લેવાય. પરંતુ મહાકાલત્વ એ મહાકાલમાત્રમાં જ વૃત્તિ છે. માટે તે જ લેવાશે અને તેથી ઉપર્યુક્ત અનુમાન ન લેવાય. પરંતુ "ગોત્વવાન્/ઘટવાન્ મહાકાલત્વાત્" એ બધા જ અનુમાન લેવાય અને તેમાં તો અવ્યાપ્તિ આવે જ છે.

---

**जागदीशी - स्वरूपसम्बन्धेन हेतुतालाभाय, –'धर्म'–पदम्,**

**—अन्यथा कालिकादिसम्बन्धेन महाकालत्वाद्यधिकरणघटादौ प्रतियोगिव्यधिकरणातीत-तत्तद्व्यक्तित्वावच्छिन्नाऽभावप्रसिद्ध्या नाव्याप्तिरिति ध्येयम्।**

---

**चन्द्रशेखरीया :** अत्र धर्मपदं "स्वरूपसम्बन्धेन हेतु:ग्राह्य:" इति ज्ञापनार्थमुपात्तम् । यदि स्वरूपसम्बन्धेन हेतो: विवक्षा न क्रियेत, तदा तु **"कालिकेन गोत्ववान् कालिकेन महाकालत्वाद्" इत्यत्रा**पि अव्याप्ति:प्रतिपादिता भवति । न च तदिष्टम् । यत: कालिकेन महाकालत्वाधिकरणे घटे निरुक्तरीत्याऽतीतजलाभावस्य लक्षणघटकत्वसंभवात् तदादायैव लक्षणसमन्वय: भवति । अत:, स्वरूपसम्बन्धेनैव महाकालत्वहेतुर्ग्राह्य: । तथा च स्वरूपसम्बन्धेन महाकालत्वाधिकरणं महाकाल एव, तत्र कालिकेन सर्वेषां पदार्थानां विद्यमानत्वात् न कोऽप्यभावो लक्षणघटको भवितुमर्हति इति गोत्वादिसाध्यकेऽव्याप्ति: भवति । यद्यपि महाकाले घटानधिकरणदेशावच्छेदेन कालिकेन घटाभावो वर्तत एव। तथापि प्रतियोगितावच्छेदककालिकसम्बन्धेन प्रतियोगिरूपघटस्याधिकरणमेव स महाकाल: घटाधिकरणदेशावच्छेदेन भवति इति न स: अपि अभाव: गृह्यते । यद्यपि महाकाले समवायेन घटाभावोऽस्ति, तत्प्रतियोगितावच्छेदकसमवायेन घटानधिकरणमेव महाकाल:, तत्र स एव घटाभाव:, किन्तु तत्प्रतियोगिता न

साध्यतावच्छेदक-कालिकावच्छिन्नाऽपि तु समवायावच्छिन्ना एव । तथा च न सा प्रतियोगिता ग्रहीतुं शक्या, अतः न तामादाय लक्षणसमन्वयः संभवति । एवं यद्यपि गगनं कालिकेन कुत्रापि न वर्तते । अतः महाकाले गगनस्य कालिकेनाभावः वर्तते । तथापि प्रतियोगितावच्छेदक-कालिकेन प्रतियोगिस्वरूपगगनस्याधिकरणं संबंधि वाऽप्रसिद्धम् । अतो न कालिकेन गगनसंबंधिभिन्नत्वेन महाकालः ग्रहीतुं शक्यः । इत्थं च केनापि प्रकारेणात्र लक्षणसमन्वयासंभवात् भवत्येवात्राव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા :** **ધર્મ**પદ એ "હેતુ સ્વરૂપસંબંધથી જ લેવાનો છે." એ સુચવવા માટે મુકેલું છે. જો આ મહાકાલત્વ એ સ્વરૂપસંબંધથી હેતુ માનવાને બદલે કાલિકથી માનો તો પછી **"કાલિકેન ગોત્વવાન્ કાલિકેન મહાકાલત્વાત્"** એ અનુમાન બને. તેમાં મહાકાલત્વનું કાલિકથી અધિકરણ તો ઘટ પણ બને. અને તેમાં તો અતીતઘટાદિનો અભાવ મળી જ જવાનો. અને તેથી લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિવિધાન સંગત ન બને. એટલે સ્વરૂપસંબંધથી જ હેતુ લેવાની વિવક્ષા કરવા માટે જ ધર્મપદ મુકેલ છે. મહાકાલત્વ એ તો સ્વરૂપથી મહાકાલમાં જ રહે અને તેમાં તો કોઈપણ અભાવ ન મળતા અવ્યાપ્તિ આવે. એટલે વાંધો ન આવે.

આમ, "અષ્ટદ્રવ્યાતિરિક્ત+દ્રવ્યાત્મક+કાલ+માત્રવૃત્તિધર્મ" એ પદો દ્વારા સ્વરૂપસંબંધથી મહાકાલત્વ જ હેતુ લેવાની વાત કરી.

---

**जागदीशी – तादृशधर्मस्य महाकालत्वादेः समवायादिना व्यापकत्वं संयोगाद्यव्याप्यवृत्तेः सुघटमित्यत उक्तं, – विशेषणतेति । —कालिकविशेषणतेत्यर्थः ।**

---

**चन्द्रशेखरीया :** यदि हि कालिकसम्बन्धेन साध्यस्य निवेशः न क्रियेत, तदा तु **समवायेन संयोगवान् महाकालत्वादि**त्यत्रापि अव्याप्तिःप्रतिपादिता भवेत् न च तदिष्टम् । यतः महाकालत्वाधिकरणे महाकाले समवायेन घटत्वाभावः वर्तते, तत्प्रतियोगितावच्छेदकसमवायेन घटत्वानधिकरणमेव महाकालस्तत्र च घटाभावः वर्तते । तत्प्रतियोगितायाः साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नायाः अवच्छेदकं घटत्वं । न तु संयोगत्वं इति लक्षणघटनादत्राव्याप्तिः न संभवति । संयोगस्य च समवायेन महाकाले वर्तमानत्वात् न संयोगाभावः लक्षणघटकः, अतः न तमादायापि अव्याप्तिकथनं संगतं भवेत् । तस्मात् कालिकसम्बन्धेनैव साध्यस्य विवक्षा कृता । तथा च '**कालिकेन संयोगवान् महाकालत्वादि**त्यत्रैवाव्याप्तिः प्रतिपादिता भवति । तत्र च महाकाले कालिकेन कस्यापि पदार्थस्याभावः न प्रतियोगिव्यधिकरणः ग्रहीतुं शक्येत । तथा चाव्याप्तिः संभवति ।

**ચન્દ્રશેખરીયા :** હવે કાલિકસંબંધથી અવ્યાપ્યવૃત્તિ એવું સાધ્ય હોય, ત્યાં જ આ અવ્યાપ્તિ આપી છે. એમાં જો કાલિક સંબંધથી... ન લે તો "સમવાયાદિ સંબંધથી જ્યાં અવ્યાપ્યવૃત્તિ સાધ્ય હોય, ત્યાં સ્વરૂપથી મહાકાલત્વ હેતુ એ અવ્યાપ્તિ દોષવાળો બને." એવો અર્થ થાય. પણ એ અર્થ તો ઘટતો નથી. કેમકે **સમવાયેન સંયોગવાન્ સ્વરૂપેણ મહાકાલત્વાત્** અહીં મહાકાલત્વાધિકરણ મહાકાલમાં સમવાયથી ઘટત્વાભાવ મળી જાય. સમવાયથી ઘટત્વાનધિકરણ એવો મહાકાલ છે જ. આમ ઘટત્વાભાવ મળે. અને તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક સંયોગત્વ બની જાય. અહીં મહાકાલમાં સમવાયથી સંયોગાદિ રહેલા હોવાથી, સંયોગાભાવ લક્ષણઘટક તરીકે ન જ બને. આમ અવ્યાપ્તિ ન આવે. એટલે અવ્યાપ્તિ ઘટાવવા માટે કાલિકસંબંધથી જ સાધ્ય

લેવાની વાત કરી છે. એટલે મહાકાલમાં કાલિકથી તો તમામે તમામ વસ્તુઓ રહેલી હોવાથી કોઈનો અભાવ ન મળતા લક્ષણસમન્વય ન થાય. પરિણામે અવ્યાપ્તિ આવે.

---

**जागदीशी** - **व्याप्यवृत्ति-प्रमेयत्वादेः प्रतियोगिवैयधिकरण्याघटितमेव कालिकसम्बन्धाव-च्छिन्नव्यापकत्वं सम्भवत्यत उक्तम्, —अव्याप्यवृत्तीति । तादृशसाध्यं, —घटादिकं, द्रव्यत्वादिकञ्च, तद्वतोऽपि—कालस्य, —तदनधिकरणदेशावच्छेदेन कालिकसम्बन्धावच्छिन्नतदभाववत्वात्;**

**न ह्येवम्विधो वाच्यत्वादिः, तदनधिकरणदेशाप्रसिद्धया तदवच्छेदेन कालिक-सम्बन्धावच्छिन्नवाच्यत्वाभावस्य दैशिकविशेषणतया कालेऽसम्भवादिति भावः । न स्यादिति । —तथा च 'कालो घटवान्महाकालत्वा' दित्यादौ व्याप्तिलक्षणाऽव्याप्तिरिति भावः ॥**

---

**चन्द्रशेखरीया** : एवं यदि अव्याप्यवृत्तिपदं नोपादीयते । तदा तु **कालिकेन प्रमेयत्ववान् स्वरूपेण महाकालत्वादित्यत्रापि** अव्याप्तिः प्रतिपादिता भवेत् । न च तदिष्टम् यतः, प्रमेयत्वं व्याप्यवृत्ति साध्यमस्ति । कथमिति चेत् साध्यतावच्छेदककालिकसम्बन्धेन प्रमेयत्वाधिकरणं यः घटादिः, तत्र कालिकेन प्रमेयत्वस्याभावो न वर्तते । प्रमेयत्वानधिकरणदेशस्यैवअप्रसिद्धत्वात् न तादृशदेशावच्छेदेन घटादौ प्रमेत्वाभावो घटते । तथा च तत्र घटे पर्वतावच्छेदेन कालिकावच्छिन्नस्य पटत्वस्याभावो गृह्यते । तस्य कालिकावच्छिन्नप्रतियोगितायाः अभाव एव प्रमेयत्वे वर्तते । अतः तद् प्रमेयत्वं व्याप्यवृत्ति साध्यमस्ति, व्याप्यवृत्तिपदस्य द्वितीयविवक्षायास्तत्र घटमानत्वात् । इत्थं च प्रमेयत्वसाध्यस्य व्याप्यवृत्तित्वात् तत्स्थले प्रतियोगिव्यधिकरणपदाघटितमेव लक्षणं वाच्यम् । अर्थात् हेत्वधिकरणवृत्यभावस्य साध्यतावच्छेदकसम्बन्धा-वच्छिन्नप्रतियोगितायाः अनवच्छेदकं साध्यतावच्छेदकमित्येव लक्षणं भवति । तथा च महाकालत्वाधिकरणे महाकाले कालिकेन गगनस्याभावो वर्तते, तस्य कालिकावच्छिन्नप्रतियोगितायाः अनवच्छेदकं प्रमेयत्वम् इति लक्षणघटनात् नात्रानुमानेऽव्याप्तिस्संभवति । अतोऽव्याप्यवृत्तिपद-मुपात्तं । तथा च प्रमेत्वस्याव्याप्यवृत्तित्वाभावात् न तत्साध्यकेऽव्याप्तिः प्रतिपाद्यतेऽपितु द्रव्यत्वादिरूपे-अव्याप्यवृत्तिसाध्यके एवाव्याप्तिः प्रतिपादिता भवति । सा च घटते । महाकालत्वाधिकरणे महाकाले यद्यपि घटानधिकरण-देशावच्छेदेन घटाभावः विद्यते । तथापि प्रतियोगितावच्छेदककालिकेन तस्य घटस्याधिकरणमेव महाकालः, अतोऽत्र न कोऽपि अभावः लक्षणघटकत्वेन ग्रहीतुं शक्यः, तस्मादव्याप्तिर्भवत्येव । न च द्रव्यत्वादीनामव्याप्यवृत्तित्वं अप्रसिद्धम् इति वाच्यं, साध्यतावच्छेदककालिकेन द्रव्यत्वाधिकरणे घटादौ गुणावच्छेदेन वर्तमानस्य कालिकावच्छिन्न-द्रव्यत्वाभावस्य या साध्यतावच्छेदककालिकावच्छिन्ना प्रतियोगिता, तस्याः द्रव्यत्वे वर्तमानत्वात् व्याप्यवृत्तिपदस्य द्वितीयविवक्षानुसारेण तद् द्रव्यत्वादिकं अव्याप्यवृत्ति एव भवति। **प्रमेयत्ववान् महाकालत्वादित्यत्र** तु महाकाले न केनापि प्रकारेण कालिकावच्छिन्नस्य प्रमेयत्वस्याभावः

भवति । प्रमेयत्वस्य सर्वत्र वर्तमानत्वात् तदनधिकरणदेशस्यैवाप्रसिद्धत्वात् । अतः प्रमेयत्वादिकं तु व्याप्यवृत्येव भवति । इत्थं च **कालः कालिकेन घटवान् स्वरूपेण महाकालत्वात्** इत्यत्र लक्षणस्याव्याप्तिर्भवति इति आशयः ।

**ચન્દ્રશેખરીયા :** કાલિકથી **'અવ્યાપ્યવૃત્તિ'** સાધ્યકસ્થલે જ અવ્યાપ્તિ બતાવી છે. અહીં, જો **'અવ્યાપ્યવૃત્તિ'** પદ ન લે તો 'કાલિકથી કોઈપણ સાધ્ય હોય, ત્યાં મહાકાલત્વ હેતુમાં અવ્યાપ્તિ આવે છે.' એવો અર્થ થાય. પણ એ તો ઘટતું નથી. કેમકે **'પ્રમેયત્વવાન્ મહાકાલત્વાત્'** આ સ્થાન પણ હવે લઈ શકાય. અહીં વ્યાપ્યવૃત્તિની બીજી વ્યાખ્યા પ્રમાણે તો પ્રમેયત્વ એ વ્યાપ્યવૃત્તિ જ બને છે, કેમકે સાધ્યતાવચ્છેદક કાલિકથી પ્રમેયત્વનું અધિકરણ ઘટાદિ બને. તેમાં કાલિકથી પ્રમેયત્વનો અભાવ મળવાનો જ નથી. પરંતુ ભૂતકાલીન જલાદિનો કાલિકથી અભાવ મળે. અને તેની કાલિકાવચ્છિન્નપ્રતિયોગિતાનો અભાવ પ્રમેયત્વમાં છે. આમ પ્રમેયત્વ એ વ્યાપ્યવૃત્તિ સાધ્ય હોવાથી અહીં તો પ્રતિયોગિવ્યધિકરણપદ વિનાનું જ લક્ષણ લેવાનું રહે છે. અર્થાત્ હેત્વધિકરણવૃત્તિ-અભાવની સાધ્યતાવચ્છેદકસંબંધથી અવચ્છિન્ન પ્રતિયોગિતાનું અનવચ્છેદક એવું સાધ્યતાવચ્છેદક એ લક્ષણ જ લેવાનું રહે અને તો પછી મહાકાલત્વાધિકરણમાં કાલિકથી ગગન ન રહેતું હોવાથી ગગનાભાવ મળે. તેની કાલિકાવચ્છિન્નપ્રતિયોગિતાનો અનવચ્છેદક પ્રમેયત્વત્વ બની જાય. માટે અવ્યાપ્તિ ન આવે. ગગન એ કાલિકથી ક્યાંય રહેતું જ નથી એ મત પ્રમાણે આ વાત કરી. આમ અહીં વ્યાપ્યવૃત્તિસાધ્યકસ્થળે અવ્યાપ્તિ ઘટતી જ નથી. માટે, અવ્યાપ્તિ ઘટાવવા માટે જ 'અવ્યાપ્યવૃત્તિ' પદ દર્શાવેલ છે. એટલે હવે પ્રમેયત્વસાધ્યકસ્થાન લેવાશે જ નહિ. પરંતુ ઘટ-દ્રવ્યત્વ વગેરે જ લેવાશે, કેમકે કાલિકથી ઘટવાળો, કાલિકથી દ્રવ્યત્વવાળો એવો પણ કાળ એ ઘટાનધિકરણદેશાવચ્છેદેન ઘટાભાવવાળો છે. અને તેની પ્રતિયોગિતા ઘટાદિમાં છે. એટલે તેઓ અવ્યાપ્યવૃત્તિ જ બને છે. પ્રમેયત્વાધિકરણ કાલમાં તો પ્રમેયત્વ-અનધિકરણ દેશ જ ન હોવાથી, તદ્દેશાવચ્છેદેન પ્રમેયત્વાભાવ મળવાની શક્યતા જ ન હતી. માટે જ તો પ્રમેયત્વ એ વ્યાપ્યવૃત્તિ બનતું હતું. આમ ઘટ, દ્રવ્યત્વાદિ જ સાધ્ય તરીકે લેવાય અને તે અવ્યાપ્યવૃત્તિ હોવાથી પ્રતિયોગીવ્યધિકરણ ઘટિત લક્ષણ જ કહેવું પડે અને મહાકાલમાં તો કાલિકથી કોઈનો પણ અભાવ ન મળવાથી લક્ષણસમન્વય ન જ થાય. યદ્યપિ મહાકાલમાં ઘટાનધિકરણ દેશાવચ્છેદેન ઘટાભાવ મળે ખરો. પણ એનો પ્રતિયોગી ઘટ તો પ્રતિયોગિતા-અવચ્છેદક સંબંધથી મહાકાલમાં રહે જ છે. એટલે મહાકાલ એ પ્રતિયોગિતાવચ્છેદક સંબંધથી ઘટાનધિકરણ ન બને. અને જો સમવાયથી ઘટાભાવ લો તો પછી તે લક્ષણઘટક બની જાય. પણ તેની પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદકકાલિકાવચ્છિન્ન નથી. એટલે તે ન લેવાય. એમ મહાકાલમાં કાલિકથી ગગનનો અભાવ મળે ખરો. પણ એ પ્રતિયોગિતાવચ્છેદકકાલિકથી ગગનનું અધિકરણ=સંબંધિ જ અપ્રસિદ્ધ હોવાથી ત્યાં પ્રતિયોગી-અધિકરણભિન્ન=પ્રતિયોગી-અનધિકરણ એવો મહાકાલ ન મળે. આમ તે ગગનાભાવ પણ લક્ષણઘટક ન બને.આમ જ્યાં મહાકાલત્વ સ્વરૂપથી હેતુ હોય, અને ઘટ, દ્રવ્યત્વાદિ એ કાલિકથી સાધ્ય હોય, ત્યાં સાચા સ્થાનમાં અવ્યાપ્તિ આવે છે. એવો પૂર્વપક્ષનો ભાવ છે.

---

**जागदीशी -** **प्रथमविवक्षानुसारेण सङ्गमयति, — स्वावच्छेदकेति ।**

**प्रतियोगितावच्छेदकसम्बन्धेनेत्यर्थः । काले=महाकाले, तत्सम्बन्धावच्छिन्नत्वस्य= साध्यतावच्छेदकीभूतकालिकसम्बन्धावच्छिन्नत्वस्य, 'असम्भवा'दिति परेणान्वयः**

**चन्द्रशेखरीया** : साऽव्याप्तिरेव प्रदर्श्यते '**स्वावच्छेदकसम्बन्धेन**त्यादिना' । अयं भावः । व्याप्तिलक्षणस्य विवक्षाद्वयं कृतमस्ति । तत्र प्रतियोगितावच्छेदकसम्बन्धेन प्रतियोग्यसंबंधिहेतुसंबंधिवृत्यभावस्य साध्यता-वच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगितायाः अनवच्छेदकं साध्यतावच्छेदकमिति प्रथमविवक्षानुसारेण न लक्षणसमन्वयः भवति । यतः यदि कालिकेन घटाद्यभावो गृह्यते, तदा प्रतियोगितावच्छेदककालिकसम्बन्धेन घटादिप्रतियोगिसम्बन्धी एव महाकालः, अतः न कोऽप्यभावो ग्रहीतुं शक्यः । यदि च समवायेन घटाभावः गृह्यते, तर्हि यद्यपि समवायेन घटाद्यनधिकरणं महाकालः भवति । तत्र सः एव घटाभावः, किन्तु तस्य प्रतियोगिता न साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्ना इति न तामादायापि लक्षणसमन्वयः भवति । साध्यता-वच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगितायाः एव लक्षणघटकत्वेन गृहीतत्वात् ।

**ચન્દ્રશેખરીયા :** આમાં 'પ્રતિયોગિતાવચ્છેદકસંબંધેન પ્રતિયોગી-અનધિકરણ-હેત્વધિકરણવૃત્તિ-અભાવ' એ પહેલી વિવક્ષામાં તે અભાવની પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન લેવાની વાત છે. હવે મહાકાલમાં કાલિકથી કોઈપણ વસ્તુનો અભાવ લો તો પણ પ્રતિયોગિતાવચ્છેદકકાલિકથી તે પ્રતિયોગિતાનું અધિકરણ જ મહાકાલ બની જાય. એટલે એવા અભાવ લેવાય જ નહીં અને સમવાયાદિથી જો ઘટાભાવાદિ લો તો એની પ્રતિયોગિતા કાલિકાવચ્છિન્ન ન મળે. માટે લક્ષણ સમન્વય ન થાય.

---

**जागदीशी - द्वितीयविवक्षानुसारेणाह, — तेन सम्बन्धेनेति । —साध्यतावच्छेदकीभूत-कालिकसम्बन्धेनेत्यर्थः ।**

---

**चन्द्रशेखरीया** : एवं साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोग्यनधिकरणघटिता या द्वितीया विवक्षा । तदनुसारेणापि न लक्षणसमन्वयः संभवति । साध्यतावच्छेदककालिकेन प्रतियोगिमात्रस्याधिकरणमेव महाकालः । तथा च न कस्याप्यभावस्य प्रतियोगिनः कालिकेनाधिकरणं महाकालः भवति इति द्वितीय-विवक्षानुसारेणाप्यव्याप्तिः भवति इत्यस्माकं पूर्वपक्षाणामाशयः ।

**ચન્દ્રશેખરીયા :** સાધ્યતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગી.... એ બીજી વિવક્ષા વિચારીએ તો ત્યાં પ્રતિયોગિતા ગમે તે સંબંધથી અવચ્છિન્ન લેવાની છુટ છે. એટલે મહાકાલમાં સમવાયથી ઘટ-અભાવ લઈ શકાય. પણ સાધ્યતાવચ્છેદકકાલિકથી ઘટાત્મકપ્રતિયોગીનું અધિકરણ=સંબંધી જ એ મહાકાલ બની જવાથી એ સ્થળે સાધ્યતાવચ્છેદકસંબંધથી પ્રતિયોગીસંબંધિભિન્ન એવું હેત્વધિકરણ મહાકાલ લઈ ન શકાય. આમ બે ય વિવક્ષા પ્રમાણે અવ્યાપ્તિ આવે જ છે.

આમ, પૂર્વપક્ષે "**મહાકાલઃ કાલિકેન ગોત્વાદિમાન્ સ્વરુપેણ મહાકાલત્વાત્**" એ અનુમાનમાં આપત્તિ આપેલી છે એમ જાણવું.

---

**जागदीशी- ननु—महाकालान्यत्वविशिष्टघटाभाव एव महाकाले प्रतियोगिव्यधिकरणः सुलभः —**

**चन्द्रशेखरीया :** ननु **कालिकेन घटवान् स्वरूपेण महाकालत्वा**दित्यत्र पूर्वपक्षेण प्रतिपादिताऽव्याप्तिः न संभवति । तथा हि घटो महाकालभेदवानस्ति । महाकाले च घटस्य वर्तमानत्वेऽपि, महाकालभेदविशिष्टो घटः कालिकेनापि न महाकाले वर्तते । महाकाले महाकालभेदात्मकविशेषणस्य अभावात् । तथा च प्रतियोगितावच्छेदककालिकेन महाकालभेदविशिष्टघटाधिकरणं पर्वतादि । तद्भिन्नो महाकालः, तत्र वर्तमानः स एव अभावः, तस्य कालिकावच्छिन्ना प्रतियोगिता, तदवच्छेदकं महाकालभेदविशिष्टघटत्वं, न तु साध्यतावच्छेदकं शुद्धघटत्वं इति लक्षणसमन्वयान्नाव्याप्तिः इति चेत्,

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** આ અવ્યાપ્તિ ન આવે. ઘટ એ મહાકાલભેદવિશિષ્ટ છે અને મહાકાલમાં કાલિકથી ઘટ રહેતો હોવા છતાં પણ મહાકાલભેદવિશિષ્ટ ઘટનો તો કાલિકથી અભાવ જ છે કેમકે મહાકાલમાં મહાકાલભેદ રહેતો નથી. એટલે પ્રતિયોગિતાવચ્છેદક કાલિકથી મહાકાલભેદવિશિષ્ટઘટનું અધિકરણ પર્વતાદિ બને. અને તદ્ભિન્ન તરીકે મહાકાલ મળે, અને તેમાં તે અભાવ મળે. તે અભાવની કાલિકાવચ્છિન્નપ્રતિયોગિતા પણ છે અને તેનો અવચ્છેદક મહાકાલભેદવિશિષ્ટ ઘટત્વ બને. અનવચ્છેદક શુદ્ધ ઘટત્વ એ જ સાધ્યતાવચ્છેદક મળે. એટલે અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी – न चात्र 'विशेषणताविशेष' पदेन महाकालनिरूपितविशेषणताया एव विवक्षितत्वात्तादृशसम्बन्धेन निरुक्तवैयधिकरण्याप्रसिद्ध्यैवोक्ताऽभावस्यापि प्रतियोगिवैयधिकरण्यासम्भव इति वाच्यम्—**

---

**चन्द्रशेखरीया :** न अत्र पूर्वपक्षेण महाकालानुयोगिककालिकसम्बन्धः एव साध्यतावच्छेदकसम्बन्धेन विवक्षितः, न तु केवलं कालिकः । तथा च तेनैव सम्बन्धेन तादृशघटाभावो ग्राह्यः । किन्तु प्रतियोगितावच्छेदकेन महाकालानुयोगिककालिकेन तु सर्वे पदार्थाः महाकाले एव वर्तन्ते न तु अन्यत्र । महाकालभेदविशिष्टघटस्तु महाकाले न वर्तते । तथा च स एव घटः महाकालानुयोगिककालिकेन न कुत्रापि वर्तते । इत्थं च प्रतियोगितावच्छेदकसम्बन्धेन महाकालभेदविशिष्टघटस्याधिकरणमेवाप्रसिद्धमतो न तादृशघटाभावमादाय लक्षणसमन्वयः संभवतीति पूर्वपक्षस्याशयो बोध्यः ।

**ચન્દ્રશેખરીયા : મધ્યસ્થ :** અહીં સાધ્યતાવચ્છેદક માત્ર કાલિકસંબંધ નથી. પરંતુ મહાકાલાનુયોગિકકાલિક સંબંધ છે. (વિશેષણતાવિશેષ='કાલિક સંબંધ=મહાકાલાનુયોગિક સંબંધઃ) હવે જો તમે આ સંબંધથી મહાકાલભેદ વિ. ઘટાભાવ લો, તો પ્રતિ. અવચ્છેદક એવા મહાકાલાનુયોગિક કાલિકથી તો આ વિશિષ્ટઘટ ક્યાંય રહેતો જ નથી. કેમકે આ સંબંધથી કોઈ પણ વસ્તુ મહાકાલમાં જ રહી શકે અને આ વિશિષ્ટઘટ એ કોઈપણ રીતે મહાકાલમાં રહી ન શકે, કેમકે મહાકાલમાં મહાકાલભેદરૂપ વિશેષણ રહેતું નથી. એટલે વિશિષ્ટઘટનું તાદશસંબંધથી અધિકરણ જ ન મળવાથી અનધિકરણ મહાકાલ લઈ ન શકાય. અને માટે અભાવમાત્ર લક્ષણઘટક ન બનવાથી અવ્યાપ્તિ આવે.

---

**जागदीशी — तथा सति 'कालमात्रवृत्तिधर्मस्य तादृशविशेषणतया किमपि व्यापकं न**

**स्या'दित्यस्यैव सम्यक्त्वे—'अष्टद्रव्यातिरिक्तत्वा' ऽभिधानस्य सन्दर्भविरोधापत्तेः—**

**चन्द्रशेखरीया :** ननु एवं सति पूर्वपक्षेण प्रोक्तानि अष्टद्रव्यातिरिक्तद्रव्यात्मक विशेषणानि व्यर्थानि भवेयुः केवलं "**कालमात्रवृत्तिधर्मस्य महाकालानुयोगिककालिकेनाव्याप्यवृत्ति साध्यं न किमपि व्यापकं स्यादि**"त्येवोच्यमानं सम्यग् भवेत् । न तत्र कोऽपि दोषः संभवति । तथा हि कालमात्रवृत्तिधर्माः घटत्वादयः, तथा च **महाकालानुयोगिककालिकेन गोत्वादिमान् घटत्वाद्** इत्यादीन्यनुमानानि अपि गृह्यन्ते । तत्र घटत्वाधिकरणे घटे महाकालानुयोगिककालिकेन तु गोत्वस्याभाव एव वर्तते । अतः साध्याभावस्यैव लक्षणघटकत्वात् न तद् गोत्वं घटत्वव्यापकं भवेत् । एवं महाकालानुयोगिककालिकेन घटवान् घटत्वात्, पटवान् पटत्वादित्यादौ सर्वत्र साध्याभावस्यैव लक्षणघटकत्वात् तानि सर्वाणि साध्यानि हेतुव्यापकानि न भवन्ति । पूर्वं तु कालिकेन साध्यं आसीत्, अतो गोत्वसाध्यके घटत्वहेतौ व्याप्तिलक्षणं समन्वितमभवत् । तत्र घटत्वाधिकरणे घटे कालिकेन गोत्वाभावस्य लक्षणघटकत्वेन ग्रहीतुं अशक्यत्वात् अतीतघटाभावमादाय लक्षणसमन्वयात् । अतो अष्टद्रव्यातिरिक्तद्रव्यात्मकादीनि पदानि घटत्वादीनां हेतुत्वनिवारणाय प्रोक्तानि । इदानीं तु घटत्वादीनां हेतुत्वेऽपि न गोत्वादीनि साध्यानि व्यापकानि भवन्ति इति अनन्तरमेव दर्शितं । अतो अष्टद्रव्यातिरिक्तादिपदानि निरर्थकानि भवेयुः । तानि विनैवाव्याप्तिप्रदर्शनसंभवात् इति चेत्

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** તો તો પછી તમે જે "અષ્ટદ્રવ્યાતિરિક્ત-દ્રવ્યાત્મક" એ જે પદો લખ્યા છે એ નકામા બને,કેમકે એના વિના પણ અવ્યાપ્તિ ઘટી શકે. તે આ પ્રમાણે "કાલમાત્રવૃત્તિધર્મ" એ પદ હેતુબોધક તરીકે બાકી રહે. એવા ધર્મ તરીકે તો ઘટત્વ, પટત્વ, મહાકાલત્વાદિ બધા આવે. પણ હવે સાધ્યતાવચ્છેદક મહાકાલાનુયોગિકકાલિક લો છો. એટલે **મહાકાલાનુયોગિકકાલિકેન ઘટવાન્ ઘટત્વાત્/પટત્વાત્/મહાકાલત્વાત્** વગેરે દરેક સ્થાને તે કોઈપણ સાધ્ય એ હેતુને વ્યાપક ન જ બને, કેમકે ઘટત્વાધિકરણ ઘટમાં મહાકાલાનુયોગિક કાલિકેન તો ઘટાભાવ મળી જ જવાનો એ રીતે પટસાધ્યકસ્થલે પટાભાવ પણ મળી જવાનો. આમ, બધી જ જગ્યાએ તે સાધ્યો વ્યાપક ન જ બને. અને તો પછી "**કાલમાત્રવૃત્તિધર્મસ્ય મહાકાલાનુયોગિકકાલિકેન અવ્યાપ્યવૃત્તિ ન કિમપિ વ્યાપકં સ્યાત્**" એટલું જ કથન યોગ્ય બને. અને તો પછી અષ્ટદ્રવ્યાતિરિક્તાદિ પદો વ્યર્થ બની જવાની આપત્તિ આવે.

**जागदीशी —'स्वरूपसम्बन्धेन गगनादेर्वृत्तित्वे तु' इत्यग्रिमग्रन्थविरोधप्रसङ्गाच्च ।**

**कालिकसम्बन्धेन गगनादेर्वृत्तिमत्त्वेऽपि तादृशसम्बन्धसामान्ये,– महाकालान्यत्वविशिष्टघटत्वावच्छिन्नप्रतियोगिताकत्वविरहात्तादृशघटत्वावच्छिन्नाभावस्यैव निरूक्तक्रमेण प्रतियोगिव्यधिकरणत्वसम्भवेन पूर्वमतस्यैव सम्यक्त्वादिति चेन्न,**

**चन्द्रशेखरीया :** एवं तर्हि पूर्वपक्षाणामयमेवाशयो मन्तव्यः, यत् कालमात्रवृत्तिधर्मस्य महाकालानुयोगिककालिकेन न किमपि अव्याप्यवृत्ति साध्यं व्यापकं स्यादिति । भवतु च एतादृगाशयस्वीकारेऽष्टद्रव्यातिरिक्तादिपदानां वैयर्थ्यं । को दोषः। अव्याप्तिप्रदानस्यैव पूर्वपक्षेणाभिमतत्वात्,

शब्दवैयर्थ्यस्याकिञ्चित्करत्वात् । ननु एवं सति विंशतितमकारिकायां प्रतिपादयिष्यमाणे "**स्वरूपसम्बन्धेन गगनादेर्वृत्तित्वे तु**" इति ग्रन्थे विरोधापत्तिर्भवति । अयमाशयः पूर्वपक्षकथितनिरूक्तदोषनिवारणाय अष्टादश-कारिकाप्रान्ते साध्यतावच्छेदकसामान्ये...इत्यादि प्रत्युत्तरं दास्यते । तादृशविवक्षानुसारेण तु निरुक्तानुमाने गगनाभावो लक्षणघटको भविष्यति । तथाहि गगनं कालिकेन कुत्रापि न वर्तते इति एकं मतं। तथा च साध्यतावच्छेदकसम्बन्धसामान्ये यादृशप्रतियोगितावच्छेदका-वच्छिन्नप्रतियोगिकत्वहेत्वधिकरणीभूत-यत्किञ्चिद्व्यक्त्यनुयोगिकत्वसामान्योभयाभावः, तादृशप्रतियोगितानवच्छेदकं साध्यतावच्छेदकमिति लक्षणम् । साध्यतावच्छेदककालिकसम्बन्धसामान्ये गगननिष्ठप्रतियोगितावच्छेदक-गगनत्वावच्छिन्नगगनप्रतियोगिकत्वं नास्ति, अतः उभयाभावो मीलितः । तथा च गगननिष्ठप्रतियोगिता लक्षणघटकीभूता । तदनवच्छेदकं घटत्वं इति घटवान् महाकालत्वादित्यादौ नाव्याप्तिः इति तत्र प्रतिपादयिष्यते । तदनु च येषां मते गगनं कालिकेनापि अन्यत्र वर्तते, तेषां मते तु कालिकसम्बन्धसामान्ये गगनप्रतियोगिकत्वमस्ति, अतो नोभयाभावो घटते । तथा च गगनीयप्रतियोगितामादाय लक्षणसमन्वयो भवति इति पूर्वपक्षाभिप्रायं मनसिकृत्वा दीधितिकारः विंशतितमकारिकायां अभिनवं प्रत्युत्तरं प्रतिपादयिष्यति । किन्तु यदि अत्र पूर्वपक्षस्य 'महाकालानुयोगिककालिक एव साध्यतावच्छेदकसम्बन्धत्वेन इष्टः' इति मन्येत, तदा तु विंशतितमकारिकायां प्रतिपादितं तत् समाधानं व्यर्थमेव भवेत्, प्रथमप्रत्युत्तरेणैव समाधानसंभवात् । तथा हि गगनं कालिकेनान्यत्र वर्तते, इति मतेऽपि साध्यतावच्छेदकमहाकालानुयोगिककालिकसम्बन्धसामान्ये महाकालभेदविशिष्टघटप्रतियोगिकत्वं नास्ति एव । तादृशसम्बन्धेन महाकालभेदविशिष्टघटस्य कुत्राप्यवर्तमानत्वात् । इत्थं च उभयाभावो मीलितः । तथा च महाकालभेदविशिष्टघटनिष्ठप्रतियोगिता एव लक्षणघटकत्वेन ग्रहीतुं शक्या । तदनवच्छेदकं तु शुद्धघटत्वमिति लक्षणसमन्वयो भवति । एवं च गगनस्य कालिकेन वृत्तितामतेऽपि प्रथमसमाधानेनैवाव्याप्तिनिवारणसंभवात् दीधितिकारेण गगनस्य कालिकेन वृत्तितामतेऽपि विंशतितमकारिकायां द्वितीयसमाधानं यत् प्रतिपादितं तद्व्यर्थमेव भवेत् ।

अतो ज्ञायते यत् पूर्वपक्षस्य कालिक एव सम्बन्धः साध्यतावच्छेदकत्वेनाभिमतः । न तु महाकालानुयोगिककालिकः, तथा च कालिकेन घटवान् महाकालत्वात् इत्यत्रैवाव्याप्तिः प्रसिद्धा करणीया । किन्तु महाकालभेदविशिष्टघटाभावमादाय लक्षणसमन्वयसंभवात् अव्याप्तिकथनं न संजाघटीति इति चेत् अत्रोच्यते ।

**चन्द्रशेखरीया : मध्यस्थ :** સારું, ત્યારે એ નકામા પદો કાઢી નાંખો. પૂર્વપક્ષને તો અવ્યાપ્તિ આપવા સાથે જ કામ છે.

**प्रश्न :** ના એમાં મોટો વાંધો આવે, કેમકે પૂર્વપક્ષે જે આપત્તિ આપી છે. તેના ઉત્તર રૂપે આગળ દીધિતિકાર કહેશે કે "સાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યમાં નિરુક્તપ્રતિયોગીપ્રતિયોગીકત્વ - હેત્વધિકરણી-ભૂતયત્કિઞ્ચિદ્વ્યક્ત્યનુયોગિકત્વ-સામાન્યોભયાભાવ મળે. તાદશપ્રતિયોગિતાનો અનવચ્છેદક સાધ્યતાવચ્છેદક બનવો જોઈએ. એવી વિવક્ષા છે." (નિરુક્ત=યાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગીકત્વ) હવે કાલિકસંબંધમાં ગગનનિષ્ઠપ્રતિયોગિતાવચ્છેદકગગનત્વાવચ્છિન્નગગન-પ્રતિયોગીકત્વ નથી. માટે ઉભયાભાવ મળી ગયો. એટલે ગગનનિષ્ઠ પ્રતિયોગિતા લઈ શકાય. અને તેનો અનવચ્છેદક ઘટત્વાદિ બની જતાં લક્ષણ

સમન્વય થાત. આમ દીધિતિકાર એ "કાલિકથી જ ઘટાદિ સાધ્ય છે." એમ સમજીને જ એ અવ્યાપ્તિ દૂર કરે છે. અને ત્યારબાદ આગળ એમ કહે છે કે, જો ગગન પણ કાલિકસંબંધથી રહેનાર છે. એ મત માનીએ તો તો સાધ્યતાવચ્છેદકકાલિકમાં ગગનપ્રતિયોગીકત્વ અને મહાકાલાનુયોગિકત્વ બંને હોવાથી હવે તો ગગનીયપ્રતિયોગિતા પણ ન લઈ શકાય. અને તો પછી પાછી અવ્યાપ્તિ આવે. માટે જો આ મત હોય તો પછી નવી વિવક્ષા કરીએ છીએ કે..." એમ કહીને એમણે નવી વિવક્ષા કરી છે. આનો અર્થ એ કે કાલિકથી જો ગગન રહેતો હોય, તો તો **ઘટવાન્ મહાકાલત્વાત્**માં અવ્યાપ્તિ ઉભી જ રહે છે અને તેમાં એ ઉત્તર પણ નકામો નીવડે છે.

પણ હવે જો તમારા કહેવા પ્રમાણે મહાકાલાનુયોગિકકાલિક સાધ્યતાવચ્છેદકસંબંધ તરીકે માનીએ તો તો પછી ગગન કાલિકથી રહેતો હોય, તો ય પહેલો ઉત્તર જ ત્યાં લક્ષણસમન્વય કરાવી આપે છે અને તો પછી બીજો ઉત્તર તો નકામો જ થઈ પડે. તે આ પ્રમાણે –સાધ્યતાવચ્છેદકસંબંધ મહાકાલાનુયોગિકકાલિક છે. હવે મહાકાલભેદવિશિષ્ટ-ઘટાભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક તાદશઘટત્વ બને છે અને તાદશઘટત્વાવચ્છિન્ન એવો મહાકાલભેદવિશિષ્ટઘટ એ મહાકાલાનુયોગિકકાલિકથી તો કયાંય રહેતો જ નથી. એટલે આ સંબંધમાં તાદશઘટપ્રતિયોગીકત્વનો અભાવ છે. અર્થાત્ ઉભયાભાવ છે અને તેથી તાદશઘટીયપ્રતિયોગિતા લઈ શકાય અને તેનો અનવચ્છેદક શુદ્ધદ્રવ્યત્વત્વાદિ=સાધ્યતાવચ્છેદક બની જાય. માટે અવ્યાપ્તિ આવે જ નહિ. આમ પહેલા ઉત્તરમાં જ ઘટી જતાં બીજા ઉત્તરની તો જરૂર જ ન રહે. અર્થાત્ તે વ્યર્થ બની જાય. પણ એ ઉત્તર આપ્યો છે, એ જ સુચવે છે કે, પૂર્વપક્ષ કાલિક સં. ને જ સાધ્યતા-અવચ્છેદક લઈને અહીં અવ્યાપ્તિ આપે છે અને એમ માનીએ તો આગળનો બીજો ઉત્તર પણ ઘટી જાય, કેમકે સાધ્યતાવચ્છેદક કાલિક છે. અને મહાકાલ ભેદવિશિષ્ટઘટ એ કાલિકથી મહાકાલમાં ભલે ન રહે. પણ ભૂતલાદિમાં તો રહે જ છે. એટલે કાલિકમાં તાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નવિશિષ્ટઘટપ્રતિયોગિકત્વ + મહાકાલાનુયોગિકત્વ બે ય છે. એટલે ઉભય મળી જતા ઉભયાભાવ ન મળે. અને તેથી આ વિશિષ્ટઘટની પ્રતિયોગિતા પણ લઈ ન શકાય. અને ગગન પણ કાલિકથી રહેતો હોવાથી ત્યાં પણ ગગનપ્રતિયોગીકત્વ +મહાકાલાનુયોગિકત્વોભય જ કાલિકમાં મળી જતા, ગગનની પ્રતિયોગિતા પણ ન મળે. આમ પ્રથમ ઉત્તર પ્રમાણે પણ લક્ષણ સમન્વય ન થાય. અને તેથી જ પછી "જે નવો ઉત્તર આપ્યો છે." તે ઘટે. આમ જો મહાકાલાનુયોગિકકાલિકને સાધ્યતાવચ્છેદક સંબંધ માનો, તો પછી **"સ્વરૂપસંબંધેન ગગનાદેઃ વૃત્તિત્વે તુ"** એ પંક્તિ સાથે જ વિરોધ આવે. માટે માત્ર કાલિકસંબંધ જ સાધ્યતાવચ્છેદક તરીકે વિવક્ષિત છે એ નક્કી થાય છે. અને તે અનુસારે તો મહાકાલભેદવિશિષ્ટઘટાભાવ મહાકાલમાં મળી જતાં અવ્યાપ્તિ આવવાની જ નથી. તો પછી શી રીતે પૂર્વપક્ષ અવ્યાપ્તિ બતાવે છે ? એ સમજાતું નથી.

---

**जागदीशी-** 'इदानीं महाकालान्यत्वविशिष्टो घटः' कालोऽयं महाकालान्यत्वविशिष्टघटवानित्यादिप्रतीत्या महाकालस्यापि तत्तत्कालोपाध्यवच्छेदेन महाकालान्यत्वविशिष्टघटवत्वात्-अन्यथोक्तप्रतीत्या खण्डकाले एव विशिष्टघटावगाहने वस्तुमात्रस्यैव महाकालेऽसत्वप्रसङ्गात्,'इदानीं' 'तदानी' मित्यादिप्रतीतिव्यतिरेकेण महाकालविषयिण्याः प्रतीतेः स्वरसतः कुत्राप्यसत्वात् ।

**चन्द्रशेखरीया** : महाकाले महाकालभेदविशिष्टोऽपि घटः कालिकेन वर्तते एव । "इदानीं महाकालभेदविशिष्टो घटः, "अयं कालः महाकालभेदविशिष्टघटवान्" इति प्रतीतिबलात् महाकाले तादृशघटः कालिकेन वर्तमानः सिद्ध्यति । अत्र इदानीं तदानीं पदेन महाकाल एव परामृष्यते । यथा वृक्षे शाखावच्छेदेन मूलावच्छेदेन तत् तत् वस्तु वर्तते । तथैव महाकाले तत्तत्कालोपाध्यवच्छेदेन महाकालभेदविशिष्टघटादयो वर्तन्ते। यदि हि इयं प्रतीतिः खण्डकाले एव विशिष्टघटवत्ताविषयिका न तु महाकाले इति मन्येत, तदा तु महाकाले वस्तुमात्रस्यावृत्तित्वप्रसङ्गो भवेत् । यतः सर्वत्र ईदानीं तदानीं इत्याकारिकैव कालप्रतीतिः भवति। सा च भवता खण्डकालविषयिका मन्येत, अतो महाकालविषयकप्रतीत्यभावात् महाकाले न किमपि वस्तु प्रतीतिबलात् सिद्धिं प्राप्नुयात् । न च 'महाकाले घटः, महाकाले पटः' इत्यादिप्रतीतिबलात् महाकालेऽपि घटादयो वर्तमानाः सिद्ध्यन्ति इति वाच्यम् न हि इयं प्रतीतिः स्वारसिकी स्वतः उत्पद्यते, किन्तु स्वमतिकल्पनानुसारेणोत्पाद्यते, अतो नेयं प्रतीतिः प्रामाणिकी । केवलं इदानीं तदानीं इति प्रतीतिरेव स्वरसतः उत्पद्यते । सा तु भवता खंडकालविषयिणी मन्यते, अतो महाकाले तु वस्तुमात्रस्यासत्वापत्तिः दुर्वारा एव भवेत् । अतः इदानीं तदानीं इति प्रतीतिः महाकालविषयिणी अभ्युपगन्तव्या। तथा च इदानीं महाकालभेदविशिष्टो घटः इति प्रतीतिबलात् महाकाले महाकालभेदविशिष्टो घटो वर्तते इति सिध्धं भवति ।

**ચન્દ્રશેખરીયા : પૂર્વપક્ષ :** 'આ કાળમાં મહાકાલભેદવિશિષ્ટ એવો ઘટ છે.' 'આ કાળ એ મહાકાલભેદ વિશિષ્ટઘટવાળો છે.' આવી પ્રતીતિ તો થાય જ છે. હવે જેમ આખા વૃક્ષના જુદા જુદા અવયવોમાં રહેલી વસ્તુઓ વૃક્ષમાં રહેલી ગણી શકાય. તેમ મહાકાલ એટલે સંપૂર્ણ કાળ છે. અને તે તે સેકંડો-કલાકો એ તેના અવયવભૂતકાળ તરીકે કહી શકાય. અને તેથી તેમાં રહેલ એવા મહાકાલભેદવિશિષ્ટઘટ એ મહાકાલમાં જ રહેલા તરીકે માની શકાય છે. આમ મહાકાલ એ ઉપરની પ્રતીતિને અનુસારે તો તે તે કાલોપાધિના અવચ્છેદથી મહાકાલભેદવિશિષ્ટઘટવાળો બને જ છે. અને આમ મહાકાલમાં કાલિસ સં.થી મહાકાલભેદવિશિષ્ટઘટ રહેલો હોવાથી તેનો અભાવ ન મળે અને તેથી તેને લઈને લક્ષણ સમન્વય ન થઈ શકે. માટે અવ્યાપ્તિ આવે.

જો તમે "મહાકાલભેદવિશિષ્ટઘટ કાલિકથી મહાકાલમાં ન જ રહે." એવું માનો અને "તે તે ખંડકાલમાં જ તે વિશિષ્ટઘટ રહે છે" એમ એ પ્રતીતિ દ્વારા માનશો તો પછી તમામે તમામ વસ્તુઓ તે તે ખંડકાલમાં જ રહેનારી બનશે કેમકે તમે તો "ઈદાનીં વિશિષ્ટઘટો"... એ પ્રતીતિમાં ઈદાનીં તદાનીં વગેરેથી ખંડકાળ જ લો છો, મહાકાલ લેવાની ના પાડો છો અને તો પછી કોઈપણ વસ્તુની કાળમાં રહેવા તરીકેની પ્રતીતિ તો ઈદાનીં તદાનીં દ્વારા જ થાય છે. એ સિવાય તો કોઈ પ્રતીતિ કાળ માટે થતી જ નથી. અને તેથી બધી વસ્તુ એ ખંડકાળમાં જ રહેનારી બનવાથી "મહાકાલમાં કોઈપણ વસ્તુ કાલિકથી નથી રહેતી" એમ જ માનવાની આપત્તિ આવે.

**પ્રશ્ન :** મહાકાલે ઘટોઽસ્તિ....ઈત્યાદિ પ્રતીતિ દ્વારા મહાકાલમાં પણ તે તે પદાર્થોની કાલિકથી સિદ્ધિ થશે.

**પૂર્વપક્ષ :** આ પ્રતીતિ તો હાથે કરીને ઉભી કરવી પડે છે. સહજ રીતે થતી નથી. સહજ રીતે તો, ઈદાનીં ઘટો.... ઇત્યાદિ પ્રતીતિ જ થાય છે અને તમે ઈદાનીં=ખંડકાળ જ લેવાની વાત કરો છો, માટે મહાકાલમાં તો કાલિકથી ઘટાદિની સિદ્ધિ નહીં જ થાય.

પ્રશ્ન : ઈદાનીં=મહાકાલ લેશું.

**પૂર્વપક્ષ** : તો પછી, ઈદાનીં મહાકાલભેદવિશિષ્ટઘટ: અસ્તિ" એ પ્રતીતિમાં પણ ઈદાનીં=મહાકાલ લેવાશે અને તેથી તેમાં મહાકાલભેદવિશિષ્ટ ઘટ કાલિકથી સિદ્ધ થશે. અને તેથી તેનો અભાવ એ મહાકાલમાં ન લેવાય અને તેથી અવ્યાપ્તિ આવવાની જ છે.

---

**जागदीशी**- **न चैवं खण्डकालस्याधिकरणत्वे मानाभावः-'पटध्वंसविशिष्टकालः पटवदन्यः' इत्यादि प्रतीतेः प्रमात्वानुरोधेनैव खण्डकालस्यापि तथात्वादिति सिद्धान्तानुसारी पन्थाः ।**

---

**चन्द्रशेखरीया : न चैवं** सति खंडकाले वस्तुमात्रस्यैवासंभवप्रसंगो भवेत् यतः 'इदानीं' इति प्रतीतिः महाकालविषयिणी स्वीकृता, अन्या तु खंडकालविषयिणी प्रतीतिर्न भवति । अतः खंडकाले वस्तुनः वर्तमानत्वे प्रमाणाभाव एव आपद्येत इति **वाच्यम्** पटध्वंसविशिष्टकालः पटवत्कालभिन्नः इति प्रतीतिर्भवति। अत्र यदि पटध्वंसविशिष्टकालो महाकालो मन्येत, एवं पटवत्कालोऽपि यदि महाकालो मन्येत, तदा महाकालो महाकालभिन्न इत्यर्थो भवेत् । स च न युक्तः । इयं च प्रतीतिः प्रमात्मिकैव । अतोऽत्र पटध्वंसविशिष्टकालपदेन द्वितीयप्रहरात्मकः खंडकाल एव गृह्यते, एवं पटवत्कालपदेन प्रथमप्रहरात्मकः काल एव गृह्यते । तथा च द्वितीयप्रहरः प्रथमप्रहरभिन्नः इत्यर्थो भवेत्, स तु सम्यगेव । इत्थं च अनयैव प्रतीत्या प्रथमप्रहरात्मके खंडकाले पटः, द्वितीयप्रहरात्मके खण्डकाले पटध्वंसश्च वर्तमानः सिद्ध्यति इति न खंडकाले वस्तुमात्रस्यावर्तमानत्वापत्तिदोषो भवति । तथा च महाकाले महाकालभेदविशिष्टघटस्य कालिकेन वर्तमानत्वात् न तदभावोऽपि लक्षणघटकत्वेन ग्रहीतुं शक्यः इति भवत्येवाव्याप्तिः इति पूर्वपक्षाणामाशयः सिद्धान्तानुसारेण प्रतिपादितः।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન** : આ રીતે ઈદાનીં તદાનીંથી મહાકાલ જ લેશો, તો પછી બધી વસ્તુ મહાકાલમાં જ કાલિકથી રહેનારી મનાશે અને તો પછી ખંડકાલમાં તો કોઈપણ વસ્તુ નહીં રહે. આમ હવે તો "ખંડકાળ એ (કોઈક વસ્તુઓનું) અધિકરણ બને છે." એ વાત જ અપ્રામાણિક બનશે.

**પૂર્વપક્ષ** : ખંડકાળમાં પણ વસ્તુ કાલિકથી રહે છે, તેમાં પ્રમાણ એ છે કે **"પટધ્વંસવિશિષ્ટકાલઃ પટવદ્કાલભિન્નઃ"** અહીં, પટધ્વંસવિશિષ્ટકાલ=મહાકાલ લો, અને પટવદ્કાલ પણ મહાકાલ લો, તો તો "મહાકાલઃ મહાકાલભિન્નઃ" એવો અર્થ થાય. એ તો માન્ય જ નથી. એટલે અહીં પટધ્વંસવિશિષ્ટકાલ એ દ્વિતીયપ્રહરાદિરૂપ ખંડકાલ જ લેવો પડે. અને પટવદ્કાળ એ પ્રથમપ્રહરાદિરૂપ ખંડકાળ જ લેવો પડે. અને તેથી "દ્વિતીયપ્રહરકાલઃ પ્રથમપ્રહરકાલભિન્નઃ" એ ઘટી જાય.

આમ અહીં પટધ્વંસવિશિષ્ટકાલ=ખંડકાળ જ છે. એટલે "ખંડકાળમાં પટધ્વંસ રહે છે" એ સાબિત થયું અને પટવત્કાલ=ખંડકાળ જ છે. એટલે ખંડકાળમાં પટ રહે છે એ સાબિત થયું. એટલે ખંડકાળ પણ તે તે વસ્તુઓનું અધિકરણ બનશે જ. આ પ્રમાણે સિદ્ધાન્તને અનુસારી એવો માર્ગ બતાવ્યો અને આ રીતે અહીં અવ્યાપ્તિ સિદ્ધ કરી.

**जागदीशी** - अपरे तु-महानसीयवह्नित्वेन वह्नि-घटोभयत्वेन वा-अवच्छिन्नप्रतियोगिताकस्य धूमसामानाधिकरण्याभावस्य प्रतियोगितावच्छेदकत्वं वह्नित्वेऽप्यस्तीत्यव्याप्तिभियाऽवश्यं साध्यतावच्छेदकत्वाऽघटको यः साध्यवृत्तिधर्मस्तदनवच्छिन्ना हेतुसमानाधिकरणाभावस्य प्रतियोगिता—लक्षणे निवेशनीया,—

---

**चन्द्रशेखरीया : अपरे** तु पूर्वपक्षप्रतिपादितमव्याप्तिनिरूपणमित्थं सङ्गमयन्ति। **वह्निमान् धूमादि**त्यत्र पर्वते महानसीयवह्न्यभावो वह्निघटोभयाभावो वा प्रतियोगिव्यधिकरणो वर्तते, तत्प्रतियोगितावच्छेदकं तु वह्नित्वमपि भवत्येव । महानसीयवह्नित्वधर्मे वह्निघटोभयत्वधर्मे वा वह्नित्वस्यापि घटकत्वात् । अतोऽव्याप्तिर्भवेत् । तद्वारणाय अवश्यं साध्यतावच्छेदकाघटको यः साध्यवृत्तिः धर्मः, तदनवच्छिन्ना एव लक्षणघटकस्याभावस्य प्रतियोगिता वक्तव्या । तथा च साध्यतावच्छेदकवह्नित्वाघटको यः महानसीयत्वरुपो धर्मः उभयत्वात्मको वा धर्मः, स तु साध्ये वह्नौ वर्तते । तादृशमहानसीयत्वेनोभयत्वेन वा अवच्छिन्नैव महानसीयवह्निनिष्ठप्रतियोगिता वह्निघटोभयनिष्ठा वा प्रतियोगिता न तु अनवच्छिन्ना । अतः न सा गृह्यते, किन्तु साध्यतावच्छेदकाघटकेन साध्यवृत्तिधर्मेणानवच्छिन्ना घटीयप्रतियोगिता एव गृह्यते, तदनवच्छेदकं वह्नित्वमिति नाव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા : અપરે :** તમે મહાકાલભેદવિશિષ્ટઘટ મહાકાલમાં નથી રહેતો. એટલે તાદશઘટાભાવને લઈને અવ્યાપ્તિ દૂર કરવા પ્રયત્ન કર્યો. પરંતુ એ ઘટતું નથી. તેનું કારણ જોવા માટે એક બીજી વાત સમજાવું. **વહ્નિમાન્ ધૂમાત્** એમાં ધૂમાધિકરણ પર્વતમાં મહાનસીયવહ્નિનો સંયોગથી અભાવ છે. અથવા તો વહ્નિઘટોભયનો સંયોગથી અભાવ છે. હવે પ્રતિયોગિતાવચ્છેદક સંયોગથી મહાનસીયવહ્નિ / વહ્નિઘટોભયનું અનધિકરણ એવો પર્વત છે જ. એટલે તેમાં આ અભાવ લઈ શકાય. તેની પ્રતિયોગિતા સંયોગાવચ્છિન્ન પણ છે અને તે પ્રતિયોગિતાનો અવચ્છેદક વહ્નિત્વ પણ બની તો જાય જ છે. એટલે અવ્યાપ્તિ આવે. આ દોષ દૂર કરવા માટે એમ કહેવું પડે કે, સાધ્યતાવચ્છેદક-અઘટક એવો જે સાધ્યવૃત્તિ ધર્મ હોય. તેનાથી અનવચ્છિન્ન એવી જ હેતુસમાનાધિકરણાભાવની=હેત્વધિકરણવૃત્તિ-અભાવની પ્રતિયોગિતા લેવી. આમ કરવાથી વાંધો ન આવે, કેમકે મહાનસીયત્વ / ઉભયત્વ એ સાધ્યતા અવચ્છેદક ઘટક નથી. માત્ર વહ્નિત્વ જ છે અને આ મહાનસીયત્વ / ઉભયત્વ એ સાધ્યવૃત્તિ ધર્મ પણ છે. અને તેનાથી અવચ્છિન્ન એવી જ આ બે પ્રતિયોગિતાઓ છે. એટલે તે ન લેવાય. પણ ઘટાભાવની જ લેવાય, કેમકે તે પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદકતા-અઘટક (અનવચ્છેદક) એવા સાધ્યવૃત્તિ ધર્મથી અનવચ્છિન્ન જ છે. અને તાદશપ્રતિયોગિતાનો અનવચ્છેદક વહ્નિત્વ બની જતા અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी** —प्रत्येकमुभयत्र पर्य्याप्तिसम्बन्धेनासतो धर्मस्य तादृशसम्बन्धेनोभयवृत्तित्वासम्भवेन हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकतापर्य्याप्त्यधिकरणभिन्नत्वस्य निवेशायोगात्,

**चन्द्रशेखरीया :** न च हेतुमन्निष्ठाभावप्रतियोगितावच्छेदकतापर्याप्त्यधिकरणभिन्नं साध्यतावच्छेदकमित्येव उच्यताम् । तावतैव लक्षणसमन्वयसंभवात् । तथा हि वह्निघटोभयाभावप्रतियोगितायाः महानसीयवह्नि-अभावप्रतियोगिताया वा अवच्छेदकता पर्याप्तिसम्बन्धेन वह्निघटोभयत्वे महानसीयवह्नित्वे च वर्तते । न तु वह्नित्वे, तथा च तादृशप्रतियोगितावच्छेदकतापर्याप्ति-अधिकरणं न वह्नित्वं, किन्तु तादृशाधिकरणभिन्नमेव अतो नाव्याप्तिः तत्किम् एतेन गुरुभूतपरिष्कारेणति **वाच्यम्** यो धर्मः पर्याप्तिसम्बन्धेन प्रत्येकवस्तुनि स्वतंत्रो न वर्तते, स धर्मः पर्याप्तिसम्बन्धेन उभयस्मिन्नपि न वर्तते । एवं च यदि तादृशावच्छेदकता यदि पर्याप्तिसम्बन्धेन केवलवह्नित्वे केवलमहानसीयत्वे च न वर्तते, तदा सा पर्याप्त्या महानसीयवह्नित्वेऽपि न वर्तते । अतः तादृशावच्छेदकतापर्याप्त्यधिकरणस्यैव प्रसिद्ध्यभावात् न तादृशाधिकरणभिन्नत्वं वह्नित्वे संभवति । एवं च तदवस्थैवाव्याप्तिः । यदि हि तादृशावच्छेदकता पर्याप्त्या प्रत्येकवस्तुनि स्वंतत्रत्वेन वर्तते । तदा तु तादृशावच्छेदकतापर्याप्त्यधिकरणमेव वह्नित्वं, न तद्भिन्नमिति न तेन प्रकारेणापि लक्षणसमन्वयसंभवः । अतो न भवन्निरूपणं युक्तियुक्तमपि तु अस्मत्कथितमेव । प्रकृतं प्रस्तुमः । एवं च यद्यपि महाकालभेद-विशिष्टघटाभावो लक्षणघटको भवति । तथापि तत्प्रतियोगिता साध्यतावच्छेदकाघटकेन साध्यवृत्तिधर्मेण महाकालभेदवैशिष्ट्यरूपेणावच्छिन्ना, न तु तदनवच्छिन्ना । अतो न सा ग्रहीतुं शक्या, अतोऽव्याप्तिर्भवत्येव इति प्राहुः ("अपरे" मतं संपूर्णम्)

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** આના કરતાં તો "હેતુ-અધિકરણવૃત્તિ-અભાવપ્રતિયોગિતાવચ્છેદકતાપર્યાપ્તિ-અધિકરણભિન્ન એવો સાધ્યતાવચ્છેદક" એમ જ કહી દો ને. મહાનસીયવહ્નિ / વહ્નિઘટોભયમાં રહેલી પ્રતિયોગિતાનો અવચ્છેદક મહાનસીયવહ્નિત્વ / વહ્નિઘટોભયત્વ જ બને છે. અને પર્યાપ્તિસંબંધથી આ પ્રતિયોગિતાવચ્છેદકતા મહાનસીયવહ્નિત્વ / ઉભયત્વમાં જ રહે છે. સ્વતંત્ર વહ્નિત્વમાં ન રહે. એટલે તાદૃશાવચ્છેદકતાનું પર્યાપ્તિથી અધિકરણ મહાનસીયવહ્નિત્વ વગેરે બને. અને તદ્ભિન્ન તરીકે વહ્નિત્વ લેવાય. માટે લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ ન આવે. તમારી વિવક્ષા તો ઘણી લાંબી છે.

**અપરે :** જે ધર્મ પર્યાપ્તિસંબંધથી પ્રત્યેકમાં મહાનસીયત્વ / વહ્નિત્વમાં સ્વતંત્ર ન રહે. તે ધર્મ પર્યાપ્તિસંબંધથી તે ઉભયમાં પણ ન રહે. અવચ્છેદકતા જો મહાનસીયત્વ / વહ્નિત્વમાં દરેકમાં જુદી જુદી પર્યા.સં.થી ન રહે તો એ મહાનસીયવહ્નિત્વમાં=ઉભયત્વમાં પણ ન રહી શકે. અને આમ અહીં એ અવચ્છેદકતાનું અધિકરણ જ ન મળતા, અવચ્છેદકતાપર્યાપ્તિ-અધિકરણભિન્ન" પણ ન લઈ શકાય. અને તેથી લક્ષણ ન ઘટતા અવ્યાપ્તિ ઉભી જ રહે.

**પ્રશ્ન :** તો પછી એ અવચ્છેદકતા પર્યાપ્તિથી દરેકમાં સ્વતંત્ર રહી શકે છે, એમ માનશું. જેથી તે ઉભયમાં પણ પર્યાપ્તિથી રહી શકે.

**અપરે :** બુધ્ધિ વેંચી મારી છે ? જો અવચ્છેદકતા પર્યાપ્તિથી દરેકમાં સ્વતંત્ર રહી શકનારી માનો, તો અવચ્છેદકતાપર્યાપ્તિ-અધિકરણ વહ્નિત્વ પણ બની જ જશે. તો પછી, વહ્નિત્વ તદ્ભિન્ન ન બનતા સુતરાં અવ્યાપ્તિ આવે. માટે અમે કરેલી વિવક્ષા જ બરાબર છે.

---

**जागदीशी**-एवञ्च प्रकृते महाकालान्यत्वविशिष्टघटत्वाद्यवच्छिन्नाभावस्य प्रतियोगितायाः

**साध्यतावच्छेदकाघटकेन महाकालान्यत्ववैशिष्ट्यरूपसाध्यनिष्ठधर्मेणाऽवच्छिन्नत्वा-त्तादृशप्रतियोगिताकाभावमादाय न प्रतियोगिव्यधिकरणाभावस्य प्रसिद्धिसम्भावनाऽपीति प्राहुः,**

---

**चन्द्रशेखरीया :** प्रकृते तु समवायेन घटत्वविशिष्टो घट एव कालिकेन साध्यः । तथा च साध्यतावच्छेदकतायाः घटत्वनिष्ठायाः अवच्छेदकेन समवायेन महाकालभेदविशिष्टघटाभावप्रतियोगितावच्छेदकं महाकालभेदविशिष्टघटत्वं न कुत्रापि वर्तते । यतो महाकालभेदवैशिष्ट्यं घटत्वम् च,इति द्वौ धर्मौ अत्र स्तः। तत्र घटत्वं समवायेन वर्तते । महाकालभेदवैशिष्ट्यं तु स्वरूपेण वर्तते । अतः समवायमात्रेण तु महाकालभेद-वैशिष्ट्यघटत्वोभयं न कुत्रापि वर्तते । तथा चात्र समवायेन महाकालभेदविशिष्टघटत्वावच्छिन्नस्यैवाप्रसिद्धत्वात् तदधिकरणमप्यप्रसिद्धमेव अतः तद्घटितलक्षणसमन्वयो न भवति । तथा च महाकाले कालिकेन महाकालभेदविशिष्टघटस्यावर्तमान-त्वेऽपि न निरुक्तरीत्या लक्षणसमन्वयः संभवतीति अत्राव्याप्तिर्भवत्येव । **न च** महाकालभेदः न घटविशेषणमपि तु घटत्वविशेषणम् । तच्च महाकालभेदविशिष्टघटत्वं प्रतियोगितावच्छेदकं समवायेन घटे वर्तते एव । अतो महाकालभेदविशिष्टघटत्वावच्छिन्नो घटः प्रसिद्ध एव । तत्कथं तमादायाव्याप्तिनिरासो न संभवेत् इति **वाच्यम्** एवं सति महाकालभेदविशिष्टघटत्वात्मकेन विशिष्टेन निरूपितः समवायोऽभ्युपगतो भवेत् । वयं च विशिष्टनिरूपितसमवायं न स्वीकुर्मः । अतः तद्द्वारा लक्षणसमन्वयकरणं निरर्थकमेव भाति इति दृष्टव्यम् ।

**ચન્દ્રશેખરીયા :** હવે પ્રસ્તુતમાં તમે મહાકાલભેદવિશિષ્ટઘટાભાવને લક્ષણઘટક બનાવો છો. પરંતુ તેની પ્રતિયોગિતા તો સાધ્યતાવચ્છેદકતાનો અઘટક એવો અને સાધ્ય=ઘટમાં રહેનાર એવો જે મહાકાલભેદ છે તેનાથી અવચ્છિન્ન હોવાથી તે પ્રતિયોગિતા ન લઈ શકાય અને તેથી તેના દ્વારા લક્ષણસમન્વય પણ ન થઈ શકે. અને માટે અવ્યાપ્તિ આવે. (મહાકાલભેદ બોલો કે , મહાકાલ ભેદવૈશિષ્ટ્ય બોલો કે મહાકાલાન્યત્વવૈશિષ્ટ્ય બોલો બધું એક જ છે એ ખ્યાલ રાખવો.)

---

**जागदीशी —तच्चिन्त्यम्,—'प्रमेयवान् वाच्यत्वा'दित्यादौ हेतुसमानाधिकरण-तादृशप्रतियोगिताकाभावाऽ-प्रसिद्ध्याऽव्याप्तिप्रसङ्गात् ।**

---

**चन्द्रशेखरीया :** तच्चिन्त्यम् यतः एवं सति **प्रमेयवान् वाच्यत्वात्** इत्यादावपि अव्याप्त्यापत्तिर्भवेत् । तथाहि-अत्र योऽपि घटाभावादिः लक्षणघटकत्वेन गृह्यते । तस्य प्रतियोगिता साध्यतावच्छेदकप्रमेयत्वाघटकेन प्रमेयात्मकसाध्यनिष्ठेन घटत्वादिरूपधर्मेण अवच्छिन्नैव भवति । न तु तदनवच्छिन्ना । न च कोऽपि धर्मः प्रमेयात्मकसाध्यनिष्ठो न भवति । न चात्र प्रमेयाभावो लक्षणघटको भवितुमर्हति । येन तत्प्रतियोगिता साध्यतावच्छेदकघटकेन साध्यवृत्तिप्रमेयत्वात्मकधर्मेणावच्छिन्ना सती साध्यतावच्छेदकाघटकेन साध्यवृत्ति धर्मेणानवच्छिन्ना प्रसिद्धा भवेत् । हेतुमति प्रमेयाभावस्यासत्वात् । तथा चात्र हेत्वधिकरणवृत्ति-अभावस्य

तादृशधर्मानवच्छिन्नप्रतियोगितायाः असंभवादत्राव्याप्तिः भवेत् । न चात्र पूर्वपक्षेणाव्याप्तिरभिहिता, किन्तु अव्याप्यवृत्तिसाध्यके एव महाकालत्वहेतौ अव्याप्तिः प्रतिपादिता । तथा चात्राव्याप्तिभवनं पूर्वपक्षस्यानभिमतमेव । अतो भवदभिप्रायानुसारेण तु तत्राव्याप्तिसंभवात् पूर्वपक्षाभिप्रायो विरूध्येत । तस्मात् अपरेषां निरूपणमसङ्गतमेवाभातीति हृदयम्

**ચન્દ્રશેખરીયા : મુખ્ય પૂર્વપક્ષ :** "અપરે"ની આ વાત વિચારણીય છે, કેમકે એમની વાત માનીએ તો તો **પ્રમેયવાન્ વાચ્યત્વાત્** એમાં અવ્યાપ્તિ આવીને ઉભી રહે. કેમકે અહીં ઘટાભાવાદિ જે કોઈ અભાવ લેશું. તેની પ્રતિયોગિતા તો, સાધ્યતાવચ્છેદકપ્રમેયત્વનો અઘટક અને સાધ્ય=પ્રમેયમાં વૃત્તિ એવા ઘટત્વાદિ ધર્મોથી અવચ્છિન્ન જ બનવાની એટલે અહીં સાધ્યતાવચ્છેદક-અઘટક+સાધ્યવૃત્તિધર્માનવચ્છિન્નપ્રતિયોગિતાક કોઈપણ અભાવ હેત્વધિકરણવૃત્તિ તરીકે મળી શકવાનો જ નથી. માટે અહીં લક્ષણ ન જતાં અવ્યાપ્તિ આવે. જ્યારે પૂર્વપક્ષ આવા સ્થળે તો અવ્યાપ્તિ આપવા માંગતા જ નથી માટે જ તો **કાલિકેન ઘટવાન્ સ્વરૂપેણ મહાકાલત્વાત્** એ અનુમાન એમણે લીધું. અને જો અહીં પણ અવ્યાપ્તિ માનવી હોત, તો તો પ્રમેય એ વ્યાપ્યવૃત્તિ સાધ્ય છે. અને ત્યાં પણ અવ્યાપ્તિ આવે છે, તો દીધિતિમાં "અવ્યાપ્યવૃત્તિ સાધ્ય વ્યાપક ન બને" એમ ન લખત. પણ "અવ્યાપ્યવૃત્તિ + વ્યાપ્યવૃત્તિ બે ય સાધ્ય વ્યાપક ન બને" એમ જ લખત. પણ એવું નથી લખતા. માટે જ પ્રમેયસાધ્ય સ્થલે અવ્યાપ્તિ માન્ય નથી, એ જ સાબિત થાય છે. અને **અપરે**ના મત પ્રમાણે તો ત્યાં અવ્યાપ્તિ આવે છે. એટલે જ એમનો આ મત બરાબર નથી.

---

**जागदीशी - वस्तुतो-'यादृशप्रतियोगितावच्छेदकविशिष्टस्यानधिकरणत्वं हेतुमत' इत्यत्रा-वच्छेदकवैशिष्ट्यमवश्यं, —साध्यतावच्छेदकताघटकसम्बन्धेनैव वाच्यम्,—**

**—अन्यथा तप्तायःपिण्डस्यापि कालिकसम्बन्धेन धूमत्वविशिष्टस्य वह्न्यादेः संयोगसम्बन्धेनाऽधिकरणतया 'धूमवान्वह्ने' रित्यादावतिव्याप्त्यापत्तेः,**

**इत्थञ्च यत्र समवायेन घटत्वविशिष्टस्य कालिकसम्बन्धेन साध्यता, तत्र महाकालान्यत्वविशिष्टघटत्वावच्छिन्नाभावस्य साध्यतावच्छेदकताघटकसम्बन्धेन प्रतियोगितावच्छेदकावच्छिन्नत्वमप्रसिद्धं—**

**—स्वरूप—समवायाभ्यामेव तत्र तथात्वात्,—**

**—विशिष्टनिरूपितसमवायस्यानभ्युपगमात्,—**

**—( अतः ) तादृशाभावमादाय न प्रसिद्धिसम्भव इति ध्येयम् ।**

---

**चन्द्रशेखरीया :** न च तथापि महाकालभेदविशिष्टघटोऽपि महाकाले वर्तते इत्युदित्वा भवद्भिर्कृतमव्याप्तिनिरूपणं विरुद्धम् । महाकाले महाकालभेदविशिष्टघटस्य कालिकेन वृत्तिता सर्वेषामपि अनभिमतैवेति **वाच्यम्** महाकाले महाकालभेदविशिष्टो घटो कालिकेन न वर्तते इत्यभिप्राये स्वीक्रियमाणेऽप्यत्रानुमानेऽव्याप्तिर्भवत्येव । तथा हि यादृशप्रतियोगितावच्छेदकविशिष्टस्यानधिकरणं

हेत्वधिकरणं, साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नायाः तादृशप्रतियोगितायाः अनवच्छेदकं साध्यतावच्छेदकं इति लक्षणमुक्तम् । तत्र '**धूमवान् वह्ने**'रित्यत्रातिव्याप्तिः भवति । यतो हेतोः व्यभिचारित्वेनात्र साध्याभावः एव लक्षणघटकत्वेनाभिमतः, किन्तु न स भवति । यतो धूमाभावस्य धूमनिष्ठा धूमत्वावच्छिन्ना प्रतियोगिता यादृशप्रतियोगितापदेन गृह्यते, तदवच्छेदकं धूमत्वं । तत्तु कालिकेन वह्नावपि वर्तते । अतः तद्विशिष्टः वह्निः, तदधिकरणमेवायोगोलकं न त्वनधिकरणमिति साध्याभावस्य लक्षणघटकत्वं न भवति । किन्तु अयोगोलकभेदविशिष्टघटाभावप्रतियोगितावच्छेदकं अयोगोलकभेदविशिष्टघटत्वं, तच्च यद्यपि कालिकेन वह्नौ वर्तते । अतो वह्निः प्रतियोगितावच्छेदकेना योगोलकभेदविशिष्टघटत्वेन विशिष्टो यद्यपि भवति । तथापि न स वह्निः अयोगोलके वर्तते । अयोगोलकेऽयोगोलकभेदस्यासत्वात् अयोगोलकभेदविशिष्टघटत्वावच्छिन्नवह्निरपि न वर्तत एव । तथा च तादृशानधिकरणमेव अयोगोलकं । तन्निष्ठतादृशाभावप्रतियोगितायाः अनवच्छेदकमेव धूमत्वमित्यतिव्याप्तिः भवति । अथवाऽतीतक्रियावदभावो गृह्यते । तत्प्रतियोगितावच्छेदिका अतीतक्रिया एव । सा च न कालिकेनापि वह्नौ वर्तते । अतः तादृशातीतक्रियाविशिष्टस्यातीतपदार्थस्यानधिकरणमेवायोगोलकं इति, तादृशप्रतियोगितायाः संयोगावच्छिन्नायाः एव लक्षणघटकत्वसंभवात् तामादायातिव्याप्तिः बोध्या । तद्वारणाय तु यत्र साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धेन यादृशप्रतियोगितावच्छेदकं वर्तते, स एवप्रतियोगितावच्छेदकावच्छिन्नत्वेन ग्राह्यः इति वक्तव्यम् । धूमत्वनिष्ठायाः साध्यतावच्छेदकतायाः अवच्छेदकेन समवायेन प्रतियोगितावच्छेदकं धूमत्वं धूमे एव वर्तते । न तु वह्नौ । अतो धूमः एव प्रतियोगितावच्छेदकावच्छिन्नत्वेन गृह्यते । प्रतियोगितावच्छेदकसंयोगेन तदनधिकरणमेवायोगोलकं । अतः साध्यतावच्छेदकसंयोगावच्छिन्ना धूमनिष्ठा प्रतियोगिता एव लक्षणघटकत्वेन ग्रहीतुं शक्या । तदवच्छेदकं धूमत्वमिति नातिव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન** : ભલે, તમારી આ વાત સાચી પણ તમે મહાકાલભેદવિશિષ્ટઘટને પણ મહાકાલમાં કાલિકથી રાખવાની વાત કરી, એ તો નથી જ બેસતી. એ વિ.ઘટ મહાકાલમાં ન જ રહે, અને તેથી જ તાદશઘટાભાવને લઈને અવ્યાપ્તિ-નિવારણ થઈ જાય છે.

**પૂર્વપક્ષ** : વિશિષ્ટઘટ એ મહાકાલમાં નથી રહેતો, એવું માનો તો પણ અવ્યાપ્તિ આવે. તે આ પ્રમાણે – '**ધૂમવાન્ વહ્નેઃ**' અહીં યાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નનું અનધિકરણ એવું હેત્વધિકરણ... એ જે લક્ષણ કહ્યું છે. તે અતિવ્યાપ્ત બને છે કેમકે આ સ્થાન ખોટું હોવાથી ધૂમાભાવ લક્ષણઘટક બનવો જોઈએ પણ બનતો નથી. તે આ પ્રમાણે-ધૂમનિષ્ઠપ્રતિયોગિતાનો અવચ્છેદક ધૂમત્વ છે. અને તે ધૂમત્વ એ કાલિકથી વહ્નિમાં રહેતું હોવાથી ધૂમત્વાવચ્છિન્ન તરીકે વહ્નિ પણ બને અને તેનું અનધિકરણ તો અયોગોલક નથી જ બનતું. માટે ધૂમનિષ્ઠપ્રતિયોગિતા લઈ ન શકાય. પણ અયોગોલકભેદ-વિશિષ્ટઘટાભાવ લેવાય. પ્રતિયોગિતાવચ્છેદક તાદશવિશિષ્ટઘટત્વ બને. અને તે ભલે વહ્નિમાં રહે તો પણ અયોગોલકભેદવિશિષ્ટ ઘટત્વાવચ્છિન્નવહ્નિ તો અયોગોલકમાં ન જ રહે. એટલે તાદશવહ્નિનું અનધિકરણ એવું અયોગોલક બની જાય. એટલે આ વિશિષ્ટઘટનિષ્ઠપ્રતિયોગિતા લઈ શકાય. અને તેનો અનવચ્છેદક ધૂમત્વ બનતા અતિવ્યાપ્તિ આવે. આ આપત્તિ દૂર કરવા એમ કહેવું પડે કે, યાદશપ્રતિયોગિતાવચ્છેદકથી અવચ્છિન્ન=વિશિષ્ટ જે લેવાનો છે. તેમાં સાધ્યતા-વચ્છેદકતાવચ્છેદકસંબંધથી જ્યાં એ યાદશપ્રતિયોગિતાવચ્છેદક રહે, તે જ યાદશપ્રતિયોગિતાવચ્છેદકવિશિષ્ટ ગણાય. હવે સાધ્યતાવચ્છેદકતાનો અવચ્છેદક સંબંધ સમવાય છે કેમકે સાધ્યતાવચ્છેદક ધૂમત્વ એ અહીં

સમવાયથી જ ધૂમમાં રહીને સાધ્યતાવચ્છેદક બનેલ છે. હવે ધૂમાભાવપ્રતિયોગિતા-અવચ્છેદક ધૂમત્વ એ સમવાયથી તો ધૂમમાં જ રહે છે. માટે ધૂમાભાવપ્રતિયોગિતા-અવચ્છેદક ધૂમત્વથી અવચ્છિન્ન તરીકે ધૂમ જ લેવાશે. વહ્નિ નહિ લેવાય, અને તે ધૂમોનું (પ્રતિયોગિતાવચ્છેદક) સંયોગથી અનધિકરણ અયોગોલક બને. તેમાં ધૂમાભાવ છે. તેની સાધ્યતાવચ્છેદકસંયોગાવચ્છિન્નપ્રતિયોગિતાનો અવચ્છેદક ધૂમત્વ બનતા અતિવ્યાપ્તિ ન આવે. આમ સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સંબંધથી પ્રતિયોગિતાવચ્છેદક જ્યાં રહે એ જ પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન તરીકે લઈ શકાય. એ વાત સાબિત થઈ.

અહીં, તમે મહાકાલભેદવિશિષ્ટઘટાભાવ લો છો. પણ આ સ્થાને ઘટ એ કાલિકથી સાધ્ય છે. તેમાં સમવાયથી રહેલું ઘટત્વ એ સાધ્યતાવચ્છેદક છે એટલે સાધ્યતાવચ્છેદક સમવાય જ બને, અને પ્રતિયોગિતાવચ્છેદક ધર્મ તો મહાકાલભેદવિશિષ્ટઘટત્વ=મહાકાલભેદવૈશિષ્ટ્ય+ઘટત્વ એમ બે બને. હવે સમવાયસંબંધથી તો આ પ્રતિ. અવચ્છેદકધર્મ એ ક્યાંય રહેતો જ નથી. કેમકે વૈશિષ્ટ્ય એ તો સ્વરૂપસંબંધથી રહેનારું છે. એટલે સ્વરૂપ + સમવાય એમ બે સંબંધથી જ મહાકાલભેદવૈશિષ્ટ્ય+ઘટત્વ એ બે જણ ઘટમાં રહી શકે. એકલા સમવાયથી ન રહે. એટલે સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકસમવાય સંબંધથી તો પ્રતિયોગિતાવચ્છેદક તાદશવૈશિષ્ટ્ય+ઘટત્વ ક્યાંય રહેતા જ ન હોવાથી અહીં સમવાયસબંધથી પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન કોઈ જ ન બને. અને તો પછી તેનું અધિકરણ પણ ક્યાંથી મળે ? અને તો પછી તાદશાધિકરણભિન્ન એવું હેત્વધિકરણ... ઈત્યાદિ પણ ન જ મળે. આમ લક્ષણસમન્વય ન થઈ શકે. એટલે આ અભાવ લો તો પણ અવ્યાપ્તિ તો ઉભી જ રહે છે.

**પ્રશ્ન :** મહાકાલભેદ એ ઘટનું વિશેષણ ન બનાવતા ઘટત્વનું વિશેષણ બનાવવું. એટલે મહાકાલભેદ-વિશિષ્ટ ઘટત્વ એ જ સમવાયથી ઘટમાં રહીને ઘટીયપ્રતિયોગિતાનો અવચ્છેદક બને છે, એમ માનવું. અહીં, મહાકાલભેદવિશિષ્ટઘટત્વ એ તાદશવિશિષ્ટઘટત્વનિરૂપિતસમવાયથી ઘટમાં રહે છે. હવે વિશિષ્ટનિરૂપિત સમવાય અને શુદ્ધનિરુપિતસમવાય એક જ હોવાથી સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક એવા શુદ્ધઘટત્વથી નિરૂપિત સમવાયથી તો પ્રતિયોગિતાવચ્છેદક એવું મહાકાલભેદવિશિષ્ટઘટત્વ ઘટમાં રહેવાનું જ છે. એટલે વિશિષ્ટઘટ જ તાદશસંબંધથી તાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન બની જાય છે. અને તેનું અનધિકરણ મહાકાલ બને. આમ લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ ન આવે.

**પૂર્વપક્ષ :** આવો વિશિષ્ટનિરૂપિતસમવાય માન્યો જ નથી. એટલે આવી કોઈ વિવક્ષા કરી શકાતી નથી. અને તેથી પૂર્વવત્ અવ્યાપ્તિ આવે જ છે. આશય એ કે – પ્રતિયોગિતાવચ્છેદક જે ઘટભેદવૈશિષ્ટ્ય+ઘટત્વ છે. એમાં ઘટત્વમાં એ વૈશિષ્ટ્ય રહી જાય અને પછી એવું વિશિષ્ટઘટત્વ એ સમવાયથી ઘટમાં રહે – ઈત્યાદિ માનેલ જ નથી. પણ એ બેમાં ઘટભેદવૈશિષ્ટ્ય સ્વરૂપથી અને ઘટત્વ સમવાયથી રહે એમ જ માનેલ છે. એટલે સમવાયમાત્રથી તો આ બે ક્યાંય ન રહી શકવાથી પૂર્વવત્ અવ્યાપ્તિ આવે જ છે.

---

**जागदीशी – केचित्तु–"साध्य-साधनभेदेन व्याप्तेर्भेदाद्विशिष्टसाध्यकस्थल एव 'यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणत्वं हेतुमत' इत्यादि वक्तव्यम्,**

**अविशिष्टसाध्यकस्थले तु – 'यादृशप्रतियोगिताश्रयानधिकरणत्वं हेतुमत' इत्येव**

**लाघवाद्वाच्यम्,'**

**तथा च शुद्धघटस्य साध्यतायां महाकालान्यत्वविशिष्टघटाभावोऽपि प्रतियोगिसमानाधिकरण एव ।**

**प्रतियोगिता च प्रतियोगितावच्छेदकधर्मस्वरूपैव, लाघवात्,–**

**– न तु प्रतियोगिंस्वरूपा, –**

**– तेषां नानात्वेन गौरवादतो, –नैकप्रतियोग्यनधिकरणतामादाय 'संयोग्येतत्त्वा' दित्यादावव्याप्ति'' –रित्याहुः,**

---

**चन्द्रशेखरीया :** अत्र **केचित्** तु इत्थं पूर्वपक्षाशयं प्रकटीकुर्वन्ति । साध्यसाधनभेदेन व्याप्तेर्भेदस्याभ्युपगमात् यत्र **विशिष्टसत्तावान् जाते**रित्यादौ विशिष्टं साध्यं भवति । तत्रैव तादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणं हेत्वधिकरणमित्यादि वक्तव्यम् । यतः तत्र यदि यादृशप्रतियोगिताश्रयानधिकरणं हेत्वधिकरणमित्युच्येत, तदा तु विशिष्टसत्ताऽभावप्रतियोगिताश्रयशुद्धसत्तायाः अधिकरणमेव जात्यधिकरणम् गुणादि, अतः साध्याभावो न लक्षणघटको भवेत् । किन्तु घटाभावप्रतियोगिताश्रयघटानधिकरणमेव गुणादि, तद्वृत्तिघटाभावप्रतियोगितानवच्छेदकं विशिष्टसत्तात्वम् इति लक्षणसमन्वयात् अतिव्याप्तिर्भवेत् । अतः तत्र तु यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्न- अनधिकरणं हेत्वधिकरणमिति वक्तव्यमेव । तथा च विशिष्ट-सत्तानिष्ठप्रतियोगितावच्छेदकं विशिष्टसत्तात्वं तदवच्छिन्ना विशिष्टसत्ता, तदनधिकरणं गुणः इति साध्याभावस्य लक्षणघटकत्वात् नातिव्याप्तिर्भवेत् । किन्तु यत्र वह्न्यादिरूपमविशिष्टं साध्यं, तत्र तु प्रयोजनविरहात् यादृशप्रतियोगिताश्रयानधिकरणं हेत्वधिकरणमित्यादि एव लाघवात् वक्तुमुचितम् । एवं च **घटवान् महाकालत्वादि**त्यत्र शुद्धघटस्य साध्यत्वात्, यादृशप्रतियोगिताश्रयघटितमेव लक्षणं वक्तव्यम् । तथा च यद्यपि महाकाले महाकालभेदविशिष्टघटस्याभावो वर्तते । तथापि तादृशघटनिष्ठप्रतियोगिताया आश्रयं शुद्धघटोऽपि, स च कालिकेन प्रतियोगितावच्छेदकरूपेण महाकाले वर्तते । अतो महाकालः तादृशविशिष्टघटनिष्ठ-प्रतियोगिताश्रयशुद्धघटाधिकरणमेव न त्वनधिकरणं इति न तादृशविशिष्टघटाभावोऽपि लक्षणघटकः इति भवत्यव्याप्तिः । **न चैवं** सति **संयोगी एतद्वृक्षत्वा**दित्यादावव्याप्तिर्भवेत् । संयोगाभावप्रतियोगिताश्रयो जलवृत्तिः संयोगोऽपि, तदनधिकरणमेव एतद्वृक्षः इति साध्याभावस्यैव लक्षणघटकत्वात् इति **वाच्यम्** यतः प्रतियोगिता न प्रतियोगिस्वरूपा, यतः प्रतियोगिनां अनन्तत्वेन प्रतियोगिताया अपि प्रतियोग्यात्मकत्वे मन्यमाने अनन्तप्रतियोगिताकल्पनागौरवापत्तिरतो लाघवात् प्रतियोगिता प्रतियोगितावच्छेदकसंयोगत्वादिधर्मरूपैव । स च संयोगत्वधर्मः जातिरूपः एकः एव । अतः प्रतियोगितायाः संयोगत्वात्मकत्वकल्पनायां लाघवमपि भवति । इत्थं च संयोगाभावप्रतियोगितायाः संयोगत्वजातिरूपायाः आश्रयाः सर्वे एव संयोगाः, न तु केवलं जलवृत्तिस्संयोगः । तेषां प्रतियोगिताश्रयभूतानां सर्वेषां संयोगानामनधिकरणं तु एतद्वृक्षो न भवतीति न साध्याभावो लक्षणघटकः । अतः समवायेन घटाद्यभावमादायैव लक्षणसमन्वयसंभवात् नाव्याप्तिरत्र । एवं च **घटवान् महाकालत्वात्** इत्यत्र

यादृशप्रतियोगिताश्रयघटितलक्षणाभिप्रायैणैव पूर्वपक्षेणाव्याप्तिः प्रतिपादिता इति दृष्टव्यम् । अत्र च केवलं स्वरूपेण महाकालत्वे हेतौ कालिकेनाव्याप्यवृत्तिसाध्यकस्थले एव पूर्वपक्षेणाव्याप्तिः प्रतिपाद्यते । न त्वन्यत्र । यदि च अन्यस्मिन्स्थानेऽव्याप्तिर्भवेत् तदा तु पूर्वपक्षाभिप्रायो विरुध्येत । अत एव **संयोगी एतद्वृक्षत्वादि**त्यादौ अव्याप्तिनिराकरणमावश्यकम् इति कृत्वा तन्निरासः कृतः इति बोध्यम् ।

**ચન્દ્રશેખરીયા : કેચિત્ :** કેટલાકો વળી આ પ્રમાણે માને છે કે સાધ્ય-સાધન બદલાય, એમ વ્યાપ્તિલક્ષણ પણ બદલાય એમ માનેલું જ છે. એટલે જ્યાં **'વિશિષ્ટસત્તાવાન્ જાતેઃ'** વગેરે સ્થાન હોય, ત્યાં જ યાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નાનધિકરણં હેત્વધિકરણ... એમ કહેવું. ત્યાં જો યાદશપ્રતિયોગિતા-શ્રયાનધિકરણ".... એમ કહે તો વિશિષ્ટસત્તા-અભાવની પ્રતિયોગિતાનો આશ્રય તો શુદ્ધસત્તા પણ બને. અને તેનું અનધિકરણ એવું જાત્યધિકરણ=ગુણાદિ ન બને. આમ સાધ્યાભાવ ન મળતા અહીં અતિવ્યાપ્તિ આવે. એટલે આ સ્થળે એ આપત્તિ દૂર કરવા માટે. "યાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નાનધિકરણ" એમ લખવું જરૂરી છે. બાકી જ્યાં શુદ્ધ સાધ્ય હોય ત્યાં તો લાઘવથી યાદશપ્રતિયોગિતાશ્રયાનધિકરણ.... એમ જ લખવું ઉચિત છે અને તેથી હવે શુદ્ધઘટ જ્યાં સાધ્ય છે, ત્યાં મહાકાલમાં તમે મહાકાલભેદવિશિષ્ટઘટાભાવ લો તો પણ યાદશપ્રતિયોગિતાનો આશ્રય તો તાદશ વિશિષ્ટઘટ જેમ બને, તેમ શુદ્ધઘટ પણ બને જ. અને કાલિકથી તો એ ઘટ એ મહાકાલમાં છે જ. એટલે મહાકાલ એ મહાકાલભેદવિશિષ્ટઘટાભાવપ્રતિયોગિતાશ્રયશુદ્ધઘટાધિકરણ જ બને છે. અનધિકરણ નથી બનતું. એટલે આ વિશિષ્ટઘટાભાવ પણ લઈ શકાતો નથી. અને તેથી અવ્યાપ્તિ ઉભી જ રહે છે.

**પ્રશ્ન :** તમારા કહેવા પ્રમાણે જો **અવિશિષ્ટસાધ્યકસ્થળે યાદશપ્રતિયોગિતાશ્રયાનધિકરણ....** એમ મુકીએ તો પછી **'સંયોગી એતત્વૃક્ષત્વાત્'**માં અવ્યાપ્તિ આવે. સંયોગ પણ અવિશિષ્ટ સાધ્ય જ છે. હવે સંયોગાભાવપ્રતિયોગિતાનો આશ્રય તો જલવૃત્તિસંયોગ પણ છે અને તેનું અનધિકરણ એતદ્વૃક્ષ બની જાય છે. એટલે સંયોગાભાવ જ લક્ષણઘટક બની જતા અવ્યાપ્તિ આવે. માટે આ વિવક્ષા બરાબર નથી.

**કેચિત્ :** પ્રતિયોગિતા એ પ્રતિયોગીસ્વરૂપ માનીએ તો પ્રતિયોગી=સંયોગો તો અનંતા હોવાથી અનંતપ્રતિયોગિતા માનવાનું ગૌરવ થાય. એના કરતા પ્રતિયોગિતાવચ્છેદક-સંયોગત્વ રૂપ જ જો સંયોગનિષ્ઠપ્રતિયોગિતા માનીએ, તો એ તો સંયોગત્વ એક જ હોવાથી પ્રતિયોગિતા એક જ માનવાની રહે, એટલે લાઘવ થાય. હવે આમ પ્રતિયોગિતા=સંયોગત્વરૂપ જ છે અને તેના આશ્રય તરીકે તો માત્ર જલવૃત્તિસંયોગ ન આવે. પણ બધા સંયોગ આવે. હા પ્રતિયોગિતા જો સ્વતંત્રધર્મ હોત તો પ્રતિયોગિતાનો આશ્રય કેવલ જલવૃત્તિ-સંયોગ બને. પણ હવે તેવું ન બને. અને પ્રતિયોગિતાશ્રય એવા તમામ સંયોગનું અનધિકરણ તો એતદ્વૃક્ષ બનવાનો જ નથી માટે એ સંયોગાભાવ ન લેવાય. પણ ઘટાભાવાદિ જ લેવાય. એટલે ત્યાં અવ્યાપ્તિ ન આવે. આ રીતે **'ઘટવાન્ મહાકાલત્વાત્'**માં અવ્યાપ્તિ સમજવી.

---

**जागदीशी** –तच्चिन्त्यम्,–

**–'कालो घटवान् महाकालत्वा' दित्यादावव्याप्तिवारणार्थमेवाऽविशिष्टसाध्यकस्थलेऽपि प्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणत्वप्रवेशस्य प्रामाणिकतया गौरवस्याकिञ्चित्करत्वादिति ।**

**चन्द्रशेखरीया :** समाप्तोऽयं केषाञ्चिदभिप्रायः । न च अयम् उचितः । यतः उत्तरपक्षेण घटसाध्यके महाकालत्वहेतावव्याप्ति-वारणाय शुद्धसाध्यकस्थलेऽपि प्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगि-अनधिकरण-हेत्वधिकरणघटितलक्षणं वक्तुं शक्यम् । तच्च लक्षणं गुरुभूतमपि अव्याप्तिवारकत्वेन प्रामाणिकमेव भवेत्, तथा चात्रानुमानेऽव्याप्तिः न घटेत । एवं च पूर्वपक्षप्रतिपादिताऽव्याप्तिः मूलत एव विच्छिन्ना भवेत् । तस्मात् नेदमपि केषाञ्चिद्निरूपणं युक्तमिति अस्माभि**र्वस्तुतो**....इत्यादिग्रन्थेन प्रतिपादितमेवाव्याप्तिकथनं मन्तव्यम् ।

**ચન્દ્રશેખરીયા : મૂળપૂર્વપક્ષ :** આ કેચિત્ મત પણ વિચારણીય છે. કેમકે **'ઘટવાન્ મહાકાલત્વાત્'** એ સ્થળે યાદૃશપ્રતિયોગિતાશ્રયાનધિકરણ.... એ લક્ષણ અવ્યાપ્ત બને છે. તો પછી એ નિવારવા માટે જ યાદૃશ પ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નાનધિકરણ... એ લક્ષણ શુદ્ધસાધ્યક સ્થળે માનવું એ પ્રામાણિક જ ગણાય. એમાં ગૌરવ આવે, તો ય એ દોષરૂપ ન બને. અને આમ મહાકાલ-ભેદવિશિષ્ટઘટાભાવપ્રતિયોગિતાવચ્છેદક વિશિષ્ટઘટત્વાવચ્છિન્ન વિશિષ્ટઘટનું કાલિકથી અનધિકરણ હેત્વધિકરણ મહાકાલ બની જતાં આ અભાવ લક્ષણઘટક બને. અને અવ્યાપ્તિ ન આવે. એટલે આ વાત તો ખોટી છે. એટલે અમે જે **વસ્તુતઃ**.... દ્વારા અવ્યાપ્તિ બતાવી છે તે જ વાત વધારે યોગ્ય જાણવી.

## दीधितिः

**न च तादृशसम्बन्धेन हेत्वधिकरणीभूतयत्किञ्चिद्व्यक्त्यवृत्तिप्रतियोगितावच्छेदक-विशिष्टप्रतियोगिसामान्यकत्वमेव वक्तव्यं, तथा च चावृत्तिगगनाद्यभावद्वारिकैव तत्प्रसिद्धिः । सत्ताद्यधिकरणकर्म्मादौ समवायेन ज्ञानसामान्यस्य,संयोगसामान्यस्य चावृत्तेर्नातिप्रसङ्गः,**

**भूतत्व-मूर्त्तत्वोभयत्वविशिष्टं, –गुण-कर्म्मान्यत्वविशिष्टसत्तात्व-विशिष्टसत्तादिकन्तु न मनोगुणादिवृत्ति,**

**–संयोगसामान्यन्तु न किञ्चिद्द्रव्यावृत्तीति वाच्यम्, विशिष्टस्यानतिरिक्तत्वात्,**

**समवायेन जातेः साध्यत्वे मेयत्वादावतिव्याप्तिः,–**

**–जातिमन्निष्ठतादृशाभावप्रतियोगिताया जातित्वेनानवच्छेदात्,**

**–जातिशून्ये च तादृशसम्बन्धेन वृत्तेरप्रसिद्धेः,**

**संयोगादिसाध्यकगुण-कर्म्मान्यत्वादौ चातिव्याप्तिः,–**

**–अद्रव्ये हेतुमति तादृशसम्बन्धेन वृत्तेरप्रसिद्धेः,**

**– द्रव्ये च संयोगाादेरपि वृत्तेः,–**

**जागदीशी** - **'सार्वभौम' मतमाशङ्क्य निराचष्टे, – न चेति । – 'वाच्य' मिति परेणान्वयः। तादृशसम्बन्धेनेति । साध्यतावच्छेदकसम्बन्धेनेत्यर्थः । इद 'ञ्चावृत्ति'त्यस्य-प्रतियोगिन्या-वृत्त्याऽन्वितं**

---

**चन्द्रशेखरीया :** अत्र सार्वभौमाः पूर्वपक्षं खण्डयन्ति—तादृशसम्बन्धेन=साध्यतावच्छेदकसम्बन्धेन हेत्वधिकरणीभूतयत्किंचिद्व्यक्तिनिरूपित-वृत्तिता-अभाववत् प्रतियोगितावच्छेदकविशिष्टं प्रतियोगिसामान्यं यस्य तादृशोऽभावः लक्षणघटकत्वेन ग्राह्यः । यदभावस्य सर्वे प्रतियोगिनः हेत्वधिकरणीभूतयत्किंचिद्-व्यक्तिनिरूपितवृत्तिताऽभाववन्तः प्रतियोगितावच्छेदकविशिष्टाश्च भवन्ति । स अभावः लक्षणघटकत्वेन ग्राह्य इति हृदयम् ।

**ચન્દ્રશેખરીયા : સાર્વભૌમ :** "સાધ્યતાવચ્છેદકસંબંધથી હેત્વધિકરણીભૂતયત્કિંચિત્વ્યક્તિ-અવૃત્તિપ્રતિયોગિતાવચ્છેદક વિશિષ્ટપ્રતિયોગીસામાન્યકત્વ" એમ જ તમારે કહેવું. આમાં જે અવૃત્તિશબ્દ છે. એનો અર્થ વૃત્તિતા-અભાવ થાય. તેનો પ્રતિયોગી વૃત્તિતા બને. અને **'સાધ્યતાવચ્છેદકસંબંધેન'** એ પદને આ વૃત્તિતા સાથે જોડવાનું છે, એટલે કે સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન એવી જે હેત્વધિકરણયત્કિંચિત્વ્યક્તિનિરૂપિતવૃત્તિતા, અને તે વૃત્તિતાના અભાવવાળો એવો પ્રતિયોગિતાવચ્છેદકવિશિષ્ટ એવો પ્રતિયોગી-સામાન્ય જે બને, તેનો અભાવ એ લક્ષણઘટક તરીકે વિવક્ષિત છે.

સાધ્યતાવચ્છેદકકાલિકથી મહાકાલત્વાધિકરણમહાકાલમાં તો ઘટાદિ રહે. પણ ગગન ન રહે. એટલે કાલિકાવચ્છિન્ન એવી જે મહાકાલનિરૂપિતવૃત્તિતા છે તેનો અભાવવાળો ગગન છે, અને એ ગગન એ પ્રતિયોગિતાવચ્છેદક ગગનત્વથી વિશિષ્ટ પણ છે જ. આમ "આવો ગગનસામાન્ય એ છે પ્રતિયોગી જેનો એવો અભાવ (ગગનાભાવ) એ લક્ષણઘટક બની ગયો. અને તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક ઘટત્વ બની જાય. આમ લક્ષણસમન્વય થઈ જતા અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी** - **तादृशपदस्य प्रतियोगितावच्छेदकसम्बन्धपरत्वे पुनरग्रे 'प्रतियोगिता' – साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्ना ग्राह्या ।**

---

**चन्द्रशेखरीया :** **'तादृशसम्बन्धेन'** इति पदस्य **"प्रतियोगितावच्छेदकसम्बन्धेन"** इति विवक्षणे तु अग्रे प्रतियोगिता साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्ना ग्राह्या । दीधित्यां यत्किंचिद्व्यक्ति-अवृत्ति इति यदुक्तं, तत्र अवृत्ति=वृत्तिताभाववान्, "तादृशसम्बन्धेन" इति पदञ्च वृत्तितापदेन सहान्वितं । अतो निरूक्तोऽर्थो लभ्यते । तथा च गगनाभावस्य गगनत्वावच्छिन्नप्रतियोगि गगनं महाकालत्वाधिकरणीभूतमहाकालनिरूपितायाः कालिकावच्छिन्नायाः घटादिनिष्ठवृत्तितायाः अभाववदस्ति । अतो गगनाभाव एव लक्षणघटकत्वेन ग्रहीतुं शक्यः, तथा चाव्याप्तिर्न भवति ।

**ચન્દ્રશેખરીયા :** અહીં, તાદૃશસંબંધેન=એ દીધિતપદનો પ્રતિયોગિતાવચ્છેદક સંબંધ એમ જો અર્થ કરો, તો ય વાંધો નથી. પણ તેમાં પછી આગળ પ્રતિયોગિતા એ સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન જ લેવાની. આમ **"સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ના યા હેત્વધિકરણીભૂતયત્કિંચિત્વ્યક્તિનિરૂપિતવૃત્તિતા, તદભાવવાન્ પ્રતિયોગિતાવચ્છેદકવિશિષ્ટશ્ચ પ્રતિયોગીસામાન્યં યસ્ય સ તાદૃશોઽભાવઃ એવ લક્ષણઘટકઃ, તસ્ય તાદૃશપ્રતિયોગિતાનવચ્છેદકં સાધ્યતાવચ્છેદકમ્"** અથવા **"પ્રતિયોગિતાવચ્છેદક.... વૃત્તિતા, તદભાવવત્ સાધ્યતાવચ્છેદક સંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતાવચ્છેદકવિશિષ્ટં પ્રતિયોગીસામાન્યં યસ્ય.... સાધ્યતાવચ્છેદકમ્"** એ અર્થ લેવાનો છે

---

**जागदीशी** – **'तादृशसम्बन्धेने'त्यस्य फलमाह, – सत्तादीति । विषयताया वृत्त्यनियामकत्वमते, सत्त्ववति घटादौ ज्ञानाभावस्य सहजत एव प्रतियोगिवैयधिकरण्यं सम्भवतीत्यतः, – संयोगसामान्यस्य चेति ।**

**नातिप्रसङ्ग इति । – 'ज्ञानवान्' – संयोगवान् – वा सत्त्वा'दित्यादौ नातिप्रसङ्ग इत्यर्थः ।**

---

**चन्द्रशेखरीया :** अत्र यदि '**तादृशससम्बन्धेन**' इति पदं नोच्यते । तदा तु '**ज्ञानवान् सत्तायाः**' इति अत्रातिव्याप्तिर्भवेत् । ज्ञानाभावस्य ज्ञानात्मकं प्रतियोगि सत्ताधिकरणगुणादिनिरूपितायाः विषयतासम्बन्धावच्छिन्नायाः वृत्तितायाः अभाववत् न भवति, ज्ञानस्य विषयतासम्बन्धेन गुणादौ वृत्तित्वात् । अतो ज्ञानाभावो लक्षणघटको न भवेत् । किन्तु अतीतघटाभाव एव । तस्य प्रतियोगी अतीतघटः गुणादौ कालिकादिना केनापि सम्बन्धेन न वर्तते । अतः कालिकाद्यवच्छिन्नायाः सत्ताधिकरणगुणनिरूपितवृत्तितायाः अभाववत् एव अतीतघटत्वावच्छिन्नातीतघटसामान्यं भवति । तथा च घटाभावमादाय लक्षणघटनादतिव्याप्तिर्भवेत् । साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नायाः तादृशवृत्तितायाः निवेशे तु न दोषः । ज्ञानाभावप्रतियोगि ज्ञानं समवायवच्छिन्नायाः सत्ताधिकरणगुणनिरूपितायाः वृत्तितायाः अभाववदेव भवति । अतो ज्ञानाभावस्यैव लक्षणघटकत्वात् नातिव्याप्तिर्भवेत् । न च विषयतासम्बन्धस्य वृत्यनियामकत्वेन ज्ञानं गुणादौ विषयतासम्बन्धेन वर्तमानं न वक्तुं शक्यम् । अतो ज्ञानाभावप्रतियोगि ज्ञानसामान्यं गुणादिनिरूपितायाः समवायाद्यवच्छिन्न-प्रतियोगितायाः अभाववदेव । अतः साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नवृत्तिताया अनिवेशेऽपि नातिव्याप्तिः भवति । साध्याभावस्यैव लक्षणघटकत्वात् इति वाच्यम् तथापि '**संयोगवान् सत्तायाः**' इत्यत्रातिव्याप्तिर्भवेत्। संयोगाभावप्रतियोगि संयोगसामान्यं सत्ताधिकरणद्रव्यनिरूपितायाः समवायावच्छिन्नवृत्तितायाः अभाववदपि न भवति । संयोगस्य द्रव्ये समवायेन वर्तमानत्वात् सत्ताधिकरणगुणकर्मनिरूपितायाः कालिकावच्छिन्नवृत्तितायाः अभाववद् अपि च न भवति । कालिकेन संयोगस्य गुणादौ वर्तमानत्वात् । तथा च साध्याभावस्य लक्षणाघटकत्वात् अतीतघटाभावादिकं आदाय लक्षणसमन्वयात् अतिव्याप्तिर्भवत्येव । साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नवृत्तितानिवेशे तु नैष दोषः संयोगाभावप्रतियोगि संयोगसामान्यं गुणनिरूपितायाः साध्यतावच्छेदक-समवाय-अवच्छिन्नायाः गुणत्वादिजातिनिष्ठवृत्तिताया अभाववदेव भवति इति साध्याभावस्यैव लक्षणघटकत्वाददतिव्याप्तिर्न भवति ।

**ચન્દ્રશેખરીયા :** અહીં, જો સાધ્યતાવચ્છેદકસંબંધેન.... એ પદ ન મુકીએ, તો પછી **"જ્ઞાનવાન્ સત્તાયા:"** એમાં અતિવ્યાપ્તિ આવે, કેમકે હેત્વધિકરણીભૂત દ્રવ્ય+ગુણ+કર્મ છે. એમાં વિષયતાસંબંધથી જ્ઞાન રહે જ છે. એટલે જ્ઞાનમાં હેત્વધિકરણનિરૂપિતવૃત્તિતા જ મળે છે. અને માટે તાદૃશવૃત્તિતા-અભાવવાળો જ્ઞાન ન બનવાથી જ્ઞાનાભાવ એ લક્ષણઘટક ન બને અને તેથી અતીતઘટાભાવાદિ લઈને લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ આવે.

**પ્રશ્ન :** વિષયતાસંબંધ વૃત્તિનિયામક નથી અને તેથી 'સત્તાધિકરણઘટાદિમાં વિષયતાસંબંધથી જ્ઞાન રહે છે." એવું બોલી ન શકાય અને માટે ઘટનિરૂપિતવૃત્તિતા-અભાવવાળું જ્ઞાન બની જાય અને તે પ્રતિયોગિતાવચ્છેદકજ્ઞાનત્વથી વિશિષ્ટ પણ છે. એટલે તે જ્ઞાનનો અભાવ જ લક્ષણઘટક બની જતા અવ્યાપ્તિ ન આવે. માટે **'તાદૃશસંબંધેન'** પદ વિના પણ વાંધો નથી આવતો.

**સાર્વભૌમ :** તો પણ **સંયોગવાન્ સત્વાત્** એમાં અતિવ્યાપ્તિ આવશે કેમકે સત્તાધિકરણ ગુણાદિ તમામમાં કાલિકથી તો સંયોગ છે જ. એટલે સંયોગમાં હેત્વધિકરણનિરૂપિતવૃત્તિતાનો અભાવ ન મળતા સંયોગાભાવ નહિ લેવાય અને પરિણામે અતીતઘટાદિ-અભાવ લઈને લક્ષણ ઘટી જતાં અતિવ્યાપ્તિ આવે.

**"સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન પદ"** મુકવાથી આ આપત્તિ ન આવે કેમકે અહીં સાધ્યતાવચ્છેદક સમવાય છે. સંયોગ એ ગુણાદિમાં સમવાયથી નથી રહેતો. એટલે સમવાયાવચ્છિન્ના એવી ગુણનિરૂપિતવૃત્તિતા તો ગુણત્વાદિજાતિમાં છે. સંયોગ તો તાદૃશવૃત્તિતા-અભાવવાળો મળી જાય અને માટે સંયોગાભાવ જ લક્ષણઘટક બની જતા અતિવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी** - **सत्तावद्वृत्तित्वसामान्याभावस्य संयोगादावसत्त्वादुक्तातिव्याप्तिवारणमेव 'यत्किञ्चित्' पदस्यापि प्रयोजनमित्यवधेयम् ।**

---

**चन्द्रशेखरीया :** एवं यदि **यत्किंचित्** इति पदं नोच्येत, तदा तु यावन्ति हेत्वधिकरणानि, तैः सर्वैः निरूपिताः सर्वाः वृत्तिताः यत्र प्रतियोगिनि न वर्तन्ते । तस्यैवाभावो लक्षणघटको भवतीति अर्थो भवेत् । तथा सति **संयोगवान् सत्तायाः** इत्यत्रैव पुनरतिव्याप्तिः भवेत् । तथाहि-सत्ताधिकरणानि द्रव्यगुणकर्माणि, तत्र गुणकर्मनिरूपितानां समवायावच्छिन्नानां सर्वासां वृत्तितानामभावः संयोगाभावप्रतियोगिनि यद्यपि वर्तते । तथापि द्रव्ये समवायेन संयोगस्य सत्वात् द्रव्यनिरूपितवृत्तिताऽभावो न संयोगे वर्तते । अतः संयोगे सर्वैः हेत्वधिकरणैः निरूपितायाः वृत्तितायाः अभावस्यावर्तमानत्वात् न संयोगाभावो लक्षणघटकः अपि तु जातित्वाभाव एव । द्रव्यगुणकर्म निरूपितायाः समवायावच्छिन्नायाः वृत्तितायाः जातित्वेऽभावात् । एवं तमादायातिव्याप्तिर्भवेदतो यत्किंचित्-पदमुपात्तम् । तथा च सत्ताधिकरणयत्किंचित्हेत्वधिकरणेन गुणस्वरूपेण निरूपितायाः समवायावच्छिन्नवृत्तितायाः संयोगेऽभावात् संयोगाभाव एव लक्षणघटकः, अतः नातिव्याप्तिर्भवति ।

**ચન્દ્રશેખરીયા :** એમ, **'યત્કિંચિત્'** પદ ન લખે તો હેત્વધિકરણસામાન્યનિરૂપિત એવી વૃત્તિતાનો અભાવ લેવો પડે, તો અહીં જ પાછી અતિવ્યાપ્તિ આવે. કેમકે સત્તાધિકરણ એવી ગુણકર્મથી નિરૂપિત-સમવાયાવચ્છિન્નવૃત્તિતાનો તો સંયોગમાં અભાવ મળે, પરંતુ સત્તાધિકરણ એવા દ્રવ્યથી નિરૂપિત તાદૃશવૃત્તિતા તો સંયોગમાં છે. એટલે સંયોગમાં હેતુ-અધિકરણસામાન્ય નિરૂપિત એવી વૃત્તિતાનો અભાવ ન મળવાથી

સંયોગાભાવ લક્ષણઘટક ન બને. પરંતુ દ્રવ્યગુણકર્મસામાન્યનિરૂપિતવૃત્તિતાના અભાવવાળો એવો જાતિત્વધર્માભાવ એ જ લક્ષણઘટક બને. માટે અતિવ્યાપ્તિ આવે. તે નિવારવા **યત્કિંચિત્** પદ છે. એટલે યત્કિંચિત્ હેત્વધિકરણ તરીકે ગુણ છે. અને તન્નિરૂપિત એવી વૃત્તિતાનો અભાવ તો સંયોગમાં છે જ. એટલે સંયોગાભાવ જ લક્ષણઘટક તરીકે લઈ શકાતા અતિવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी** - **'प्रतियोगितावच्छेदकविशिष्टे' त्यस्य, –फलमाह, – भूतत्वेत्यादि ।**

---

**चन्द्रशेखरीया :** एवं यदि **प्रतियोगितावच्छेदकविशिष्टपदं** नोच्येत । तदा तु यदभावप्रतियोगिनि तादृशवृत्तिताऽभाव, स एव अभावो लक्षणघटको भवेत् । एवं सति **भूतत्वमूर्तत्वोभयवान् मूर्तत्वादि**-त्यत्रातिव्याप्तिर्भवेत् । भूतत्वमूर्तत्वोभयाभावस्य प्रतियोगिनि मूर्तत्वे हेत्वधिकरणमनोनिरूपितवृत्तितायाः सत्वात् प्रतियोगिसामान्ये यत्किंचित्हेत्वधिकरणवृत्तिताऽभावो न संभवति । अतो न तादृशोभयाभावो लक्षणघटकः, अतः अभावान्तरमादायातिव्याप्तिः संभवति । अतः तद्वारणाय प्रतियोगितावच्छेदकविशिष्टप्रतियोगी एव गृहीतः । तथा च भूतत्वमूर्तत्वोभयाभावस्य प्रतियोगितावच्छेदक-तादृशोभयत्वविशिष्टं प्रतियोगि भूतत्वमूर्तत्व-उभयमेव । न तु केवलं मूर्तत्वादि । अतः प्रतियोगिसामान्यं नाम भूतत्वमूर्तत्वोभयमेव । न तु केवलं मूर्तत्वादि प्रतियोगितावच्छेदकविशिष्टप्रतियोगिसामान्येऽन्तर्गतं भवति । तथा च भूतत्वमूर्तत्वोभयात्मके प्रतियोगिसामान्ये मूर्तत्वाधिकरणमनोनिरूपितवृत्तितायाः अभावो वर्तते । अतः साध्याभावस्यैव लक्षणघटकत्वान्नातिव्याप्तिर्भवेत् ।

**ચન્દ્રશેખરીયા :** જો **"પ્રતિયોગિતાવચ્છેદકવિશિષ્ટ"** પદ ન લખે, તો **ભૂતત્વમૂર્તત્વોભયવાન્ મૂર્તત્વાત્** અહીં અતિવ્યાપ્તિ આવે. અહીં ભૂતત્વમૂર્તત્વોભય એ મૂર્તત્વાધિકરણમનનિરૂપિતવૃત્તિતાના અભાવવાળું છે. પરંતુ ભૂતત્વમૂર્તત્વોભયાભાવના પ્રતિયોગી તરીકે તો ભૂતત્વ+મૂર્તત્વ એમ બે બને છે. એમાં મૂર્તત્વપ્રતિયોગી એ તો મનનિરૂપિતવૃત્તિતાવાળું છે. એટલે 'મનનિરૂપિતવૃત્તિતા-અભાવવાળો પ્રતિયોગીસામાન્ય છે જેનો' એવો તો આ ઉભયાભાવ નથી. ભલે ભૂતત્વપ્રતિયોગી એવો મળે છે. પરંતુ અહીં તો પ્રતિયોગીસામાન્ય એવો લેવાનો છે. એ ન મળવાથી બીજા અભાવને લઈને અતિવ્યાપ્તિ આવે. પ્રતિયોગિતાવચ્છેદકવિશિષ્ટ પદ મુકવાથી વાંધો ન આવે. કેમકે પ્રતિયોગિતાવચ્છેદક તો તાદશોભયત્વ જ છે, અને તેનાથી વિશિષ્ટ તરીકે ભૂતત્વમૂર્તત્વોભય જ બને. સ્વતંત્ર મૂર્તત્વ ન બને અને 'મૂર્તત્વાધિકરણ-મનનિરૂપિતવૃત્તિતાના અભાવવાળો એવો ભૂતત્વમૂર્તત્વોભયત્વવિશિષ્ટ =ભૂતત્વમૂર્તત્વોભય=પ્રતિયોગી સામાન્ય છે જેનો.' એવો તાદશોભયાભાવ મળી ગયો. આમ સાધ્યાભાવ મળી જતા અતિવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी**- **स्वयं मनसः खण्डनाद्भूतत्व-मूर्त्तत्वोभयसाध्यकमूर्त्तत्वस्य सद्धेतुतामाशङ्क्याऽऽह, – गुणकर्मान्यत्वेत्यादि । 'विशिष्टान्त'द्वयं मनो-गुणयोः क्रमेणान्वितम् ।**

---

**चन्द्रशेखरीया :** **ननु** दीधितिकारस्तु स्वयमेव मनोद्रव्यं खंडितवान् । मनोद्रव्यं विना नु यत्र मूर्तत्वं तत्र सर्वत्र तादृशोभयं वर्तत एव अतः अयं सद्हेतुरस्ति । तथा चात्र लक्षणगमनमिष्टमेव । अतोऽतिव्याप्तिकथनं तद्वारणाय च प्रतियोगितावच्छेदकविशिष्टपदनिवेशनं व्यर्थमेव इति **चेत्** न, तथापि **गुणकर्मान्यत्वविशिष्ट-सत्तावान् जातेः** इत्यत्रातिव्याप्तिर्भवेत् । तथाहि । अत्र विशिष्टसत्ता-अभावस्य प्रतियोगिसामान्ये विशिष्टसत्ता शुद्धसत्ता च अन्तर्गता भवति । तत्र जात्यधिकरणगुणनिरूपितायाः समवायावच्छिन्नवृत्तितायाः अभावः शुद्धसत्तायां न वर्तते । अतः, प्रतियोगिसामान्ये तादृशवृत्तिताऽभावस्यावर्तमानत्वात् साध्याभावो लक्षणघटको न भवति इति अभावान्तरमादाय लक्षणघटनादतिव्याप्तिर्भवेत् । प्रतियोगितावच्छेदक-विशिष्टपदोपादाने तु न भवेदतिव्याप्तिः । यतः विशिष्टसत्ताऽभावस्य प्रतियोगितावच्छेदकविशिष्टसत्तात्वावच्छिन्ना प्रतियोगिनी विशिष्टसत्ता एव न तु शुद्धसत्ता । तथा चात्र प्रतियोगितावच्छेदकवि.सत्तात्वविशिष्टा विशिष्टसत्ता एव प्रतियोगिसामान्यं, तत्र च गुणनिरूपितवृत्तिताया अभावो वर्तते । अतः साध्याभावस्यैव लक्षणघटकत्वात् नातिव्याप्तिः संभवति । अत्र दीधितिग्रन्थे→भूतत्वमूर्तत्वोभयत्वविशिष्टं भूतत्वमूर्तत्वोभयं न मनोवृत्ति, विशिष्टसत्तात्वविशिष्टा विशिष्टसत्ता न गुणवृत्ति←इत्यन्वयो कर्तव्यः ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** પણ દીધિતિકાર તો પોતે મનદ્રવ્યનું ખંડન કરે છે. એટલે એમના મતે તો મન દ્રવ્ય જ નથી. અને એ સિવાય તો જ્યાં પૃથ્વીચતુષ્કમાં મૂર્તત્વ છે. ત્યાં ભૂતત્વમૂર્તત્વોભય છે જ. એટલે આ સ્થાન સાચું છે. અને તેથી તેમાં અતિવ્યાપ્તિનું વિધાન સંગત થતુ નથી માટે પ્રતિયોગિતાવચ્છેદકવિશિષ્ટપદ મુકવાની જરૂર જ નથી.

**સાર્વભૌમ :** તો પણ **'विशिष्टसत्तावान् जातेः'** અહીં અતિવ્યાપ્તિ આવે. વિ.સત્તા-અભાવનો પ્રતિયોગી શુદ્ધસત્તા પણ બને. અને જાત્યધિકરણગુણાદિનિરૂપિતવૃત્તિતાના અભાવવાળી એવી શુદ્ધસત્તા નથી. એટલે આ અભાવ એ 'તાદશવૃત્તિતા-અભાવવાળા એવા પ્રતિયોગીસામાન્ય છે જેના' તેવો ન બનવાથી ન લેવાય. માટે બીજા અભાવને લઈને અતિવ્યાપ્તિ આવે. પણ ઉપરનું પદ મુકવાથી વાંધો ન આવે કેમકે પ્રતિયોગિતાવચ્છેદક વિ.સતાત્વ છે. અને તેનાથી વિશિષ્ટ એવા પ્રતિયોગીસામાન્ય તરીકે વિ.સત્તા જ આવે છે અને 'યત્કિંચિત્હેત્વધિકરણ-ગુણનિરૂપિતવૃત્તિતા અભાવવાળો એવો વિ.સત્તારૂપ પ્રતિયોગીસામાન્ય છે જેનો' તેવો વિ.સત્તા-અભાવ મળી જતા અતિવ્યાપ્તિ ન આવે.

(દીધિતિપંક્તિનો અર્થ – ભૂતત્વમૂર્તત્વોભયવિશિષ્ટં યત્ તાદશોભયં તદ્ ન મનોવૃત્તિ, ગુણકર્માન્યત્વવિશિષ્ટસત્તાત્વવિશિષ્ટ-સત્તાદિકં ન ગુણવૃત્તિ...)

---

**जागदीशी-** **इदञ्च विशिष्टस्यानतिरिक्तत्वं, विशिष्टधर्मावच्छिन्नाधेयत्वस्यातिरिक्तत्वमित्यभ्युपेत्य,**

**अन्यथा ( सार्वभौममते ) उभयत्वस्यैकविशिष्टापरत्वरूपत्वे भूतत्व-मूर्त्तत्वोभय-गुणकर्मान्यत्वविशिष्टसत्त्वयोरतिरिक्ततया, –तयोः सहजत एव मनो-गुणाद्यवृत्तितया,– 'प्रतियोगितावच्छेदकविशिष्टे' त्यभिधानमसङ्गतं स्यादिति ध्येयम् ।**

**चन्द्रशेखरीया :** ननु विशिष्टस्य शुद्धभिन्नत्वात् प्रतियोगितावच्छेदकविशिष्टपदोपादानाभावेऽपि नातिव्याप्तिः, विशिष्टसत्ताद्यभावप्रतियोगि-सामान्यं विशिष्टसत्वं भूतत्वमूर्तत्वोभयम् चैव । न तु शुद्धसत्वं शुद्धमूर्तत्वं वा । तथा च गुणनिरूपितवृत्तिताऽभाववदेव विशिष्टसत्वं, मनो-निरूपितवृत्तिताऽभाववदेव च भूतत्वमूर्तत्वोभयात्मकं प्रतियोगि-सामान्यमिति साध्याभावस्यैव तत्र तत्र लक्षणघटकत्वान्नातिव्याप्तिरिति चेत् विशिष्टं शुद्धादभिन्नमेवेति मतेनेदं कथितमिति ध्येयम् । **न च** एवं विशिष्टस्य शुद्धादभिन्नत्वे तु विशिष्टनिष्ठवृत्तिता शुद्धनिष्ठवृत्तिताऽभिन्नैव भवति । तथा च प्रतियोगितावच्छेदकविशिष्टपदोपादानेऽपि न निस्तारः । गुणनिरूपिता शुद्धसत्तानिष्ठा या वृत्तिता, सैव विशिष्टसत्तायामपि वर्तते । अतः प्रतियोगितावच्छेदक-विशिष्टसत्तात्वविशिष्टाऽपि विशिष्टसत्ता गुणनिरूपिवृत्तितावती एव भवति । अतः साध्याभावस्य लक्षणाघटकत्वादतिव्याप्तिर्दुवारा । एवं सार्वभौमनामधेयानां भवतां मते उभयत्वस्यैकविशिष्टापरत्वात्मकतया भूतत्वमूर्तत्वोभयमपि भूतत्वविशिष्टमूर्तत्वरूपमेव । तथा च मनोनिरूपिता या मूर्तत्वनिष्ठा वृत्तिता, सैव उभयत्वविशिष्टे भूतत्वविशिष्टमूर्तत्वे वर्तते, अतः तादृशोभयाभावप्रतियोगिसामान्यरूपं भूतत्वविशिष्टमूर्तत्वं हेत्वधिकरणनिरूपितवृत्तितावदेव भवतीति तत्रापि साध्याभावस्य लक्षणाघटकत्वात् अतिव्याप्तिर्भवत्येव इति **वाच्यम्** विशिष्टस्य शुद्धाभिन्नत्वेऽपि विशिष्टनिष्ठा वृत्तिता तु शुद्धनिष्ठवृत्तिताभिन्नैव इति मतेनेदं इति बोध्यम् । तेन नातिव्याप्ति-संभवः । गुणनिरूपितायाः शुद्धसत्तानिष्ठायाः समवायावच्छिन्नवृत्तितायाः विशिष्टसत्तायाम् अभावो वर्तते । एवं मनोनिरूपितायाः मूर्तत्वनिष्ठायाः वृत्तितायाः भूतत्वविशिष्टमूर्तत्वेऽभावो वर्तते । अतः तत्र तत्र साध्याभावस्यैव लक्षणघटकत्वात् नातिव्याप्तिर्भवति ।

**चन्द्रशेखरीया :** અહીં, જો વિશિષ્ટ એ શુદ્ધથી જુદું જ માનવાનું હોય, તો તો પછી "પ્રતિયોગિતાવચ્છેદકવિશિષ્ટ" પદની જરૂર જ નથી. કેમકે વિ.સત્તા અભાવનો પ્રતિયોગી વિ.સત્તા જ બને. શુદ્ધસત્તા જુદી હોવાથી તે પ્રતિયોગી ન બને. એટલે "ગુણનિરૂપિતવૃત્તિતા-અભાવવાળો પ્રતિયોગીસામાન્ય=વિ.સત્તા છે જેનો" એવો વિ.સત્તા-અભાવ મળી જતા અતિવ્યાપ્તિ ન આવે. છતાં આ પ્રતિયોગિતાવચ્છેદકવિશિષ્ટ પદ મુકેલ છે. એટલે સમજી લેવું કે વિશિષ્ટ એ શુદ્ધથી અભિન્ન જ છે. એ મતાનુસારે જ આ વાત કરી છે. એ મત પ્રમાણે તો અતિવ્યાપ્તિ આવે જ છે. અને તે નિવારવા આ 'પદ' જરૂરી જ છે.

એ ઉપરાંત, વિશિષ્ટધર્માવચ્છિન્નમાં રહેલી વૃત્તિતા=આધેયતા અને શુદ્ધધર્માવચ્છિન્નમાં રહેલી આધેયતા એ જુદી જ છે. એ મત પ્રમાણે જ આ વાત જાણવી. બાકી વિશિષ્ટ+શુદ્ધ એક જ હોવાથી વિ.ધર્માવચ્છિન્નમાં=વિશિષ્ટમાં રહેલી વૃત્તિતા અને શુદ્ધધર્માવચ્છિન્નમાં=શુદ્ધમાં રહેલી વૃત્તિતા જો એક માનીએ તો તો પછી હેત્વધિકરણગુણનિરૂપિતવૃત્તિતા એ શુદ્ધસત્તાત્વાવચ્છિન્નશુદ્ધસત્તામાં છે અને એથી એ જ વૃત્તિતા એ વિ.સત્તાત્વાવચ્છિન્નવિ.સત્તામાં માનવી પડે. અને તો પછી 'ગુણનિરૂપિતવૃત્તિતાવાળો એવો વિ.સત્તાત્વવિશિષ્ટ વિ.સત્તા=પ્રતિયોગી છે જેનો' એવો જ વિ.સત્તા-અભાવ બની ગયો. અને તો પછી આ અભાવ ન લેવાતા બીજા અભાવને લઈને લક્ષણ ઘટી જતા અતિવ્યાપ્તિ ઉભી જ રહે. પરંતુ વિશિષ્ટની વૃત્તિતા અને શુદ્ધની વૃત્તિતા જુદી જ માની છે એટલે અતિવ્યાપ્તિ ન આવે કેમકે ગુણનિરૂપિત વૃત્તિતા શુ.સત્તામાં જ છે. વિ.સત્તામાં નથી જ. એટલે વિ.સત્તામાં તો ગુણનિરૂપિતવૃત્તિતા-અભાવ જ મળવાથી એ રીતે વિ.સત્તા-અભાવ લઈ શકાતા અતિવ્યાપ્તિ ન આવે. આમ, પ્રતિયોગિતાવચ્છેદકવિશિષ્ટ પદ ન લખીએ તો અતિવ્યાપ્તિ આવે એ વાત 'શુદ્ધ+વિશિષ્ટ એક જ છે' એ આધારે છે. અને આ પદ લખવાથી અતિવ્યાપ્તિ દૂર થાય. એ વાત

"શુદ્ધનિષ્ઠવૃત્તિતા અને વિશિષ્ટ-નિષ્ઠવૃત્તિતા એ જુદી જ છે" એ વાતને આધારે છે એમ જાણવું.
આ જ વાત ભૂતત્વમૂર્તત્વોભયસાધ્યકસ્થલે પણ સમજી લેવી. કેમકે સાર્વભૌમ મતે તો ઉભયત્વ=ભૂતત્વવિશિષ્ટમૂર્તત્વ જ છે અને એ જો શુ.મૂર્તત્વથી જુદુ જ માનો, તો તો 'મનનિરૂપિતવૃત્તિતા-અભાવવાળો એવું ભૂતત્વવિશિષ્ટમૂર્તત્વાત્મક પ્રતિયોગીસામાન્ય છે જેનો' એવો તાદૃશોભયાભાવ મળી જતા અતિવ્યાપ્તિ ન જ આવે. એટલે અહીં પણ "વિશિષ્ટ+શુદ્ધ એક જ છે" એ અનુસારે જ અતિવ્યાપ્તિ અને પછી પ્રતિ....વિશિષ્ટ પદ મુકવાથી 'વિશિષ્ટની વૃત્તિતા અને શુદ્ધની વૃત્તિતા જુંદી છે' એ અનુસારે જ અતિવ્યાપ્તિ ખંડન સમજી લેવું.

---

**जागदीशी** – **'सामान्य' पदस्य फलमाह, – संयोगसामान्यन्त्विति ।**

**तथा च "संयोगी द्रव्यत्वा" दित्यादावव्याप्तिवारणार्थमेव 'सामान्य' पद मिति भावः।**

**विशिष्टस्येति । –विशिष्टनिरूपिताधेयत्वस्येत्यर्थः । तथा च 'विशिष्टसत्तावान् जाते' रित्यादावतिव्याप्तिरिति भावः ।**

---

**चन्द्रशेखरीया** : एवं यदि सामान्यपदं नोपादीयेत तदा तु 'यदभावस्य कस्मिन्नपि प्रतियोगिनि यत्किंचित्हेत्वधिकरणनिरूपितवृत्तिताऽभावो वर्तते, स अभावो लक्षणघटकः' इत्यर्थो भवेत्। तथा च **संयोगी एतद्वृक्षत्वादि**त्यत्र संयोगाभावस्य प्रतियोगिनि जलवृत्तिसंयोगे एतद्वृक्षत्वाधिकरणनिरूपितवृत्तितायाः अभावो वर्तते, अतः संयोगाभावस्यैव लक्षणघटकत्वादव्याप्तिर्भवेत् अतः सामान्यपदमुपात्तम् । तथा च यदभावस्य सर्वेष्वपि प्रतियोगिषु तादृशवृत्तितायाः अभावो वर्तते । स एव अभावो लक्षणघटकत्वेन इष्टः । तथा च संयोगाभावप्रतियोगिनि वृक्षवृत्तिसंयोगे संयोगसामान्यान्तर्गते वृक्षनिरूपितवृत्तितायाः अभावो नास्ति । अतः संयोगसामान्ये तादृशवृत्तितायाः अभावस्य असत्वात् न साध्याभावो लक्षणघटकः, किन्तु घटाभावः, घटाभावस्य घटत्वावच्छिन्नो घटसामान्ये एतद्वृक्षत्वाधिकरण-निरूपितायाः साध्यतावच्छेदक-समवायावच्छिन्नायाः वृत्तितायाः अभावात् । तथा च **कालिकेन घटवान् स्वरूपेण महाकालत्वादि** त्यत्राव्याप्तिविधानं पूर्वपक्षस्यासंगतमेव । अत्र सार्वभौमनिरू पणं संपूर्णम् ।

पूर्वपक्षस्त्विवदानीं तन्मतं खंडयति । विशिष्टस्य शुद्धाभिन्नत्वात् **विशिष्ट सत्तावान् जाते**रित्यत्रातिव्याप्तिर्भवति । अतो न सार्वभौमनिरूपितं व्याप्तिलक्षणं सम्यक्। ननु निरूपितमेवानन्तरं यत् विशिष्टस्य शुद्धाभिन्नत्वेऽपि अतिव्याप्तिः न भवति । विशिष्टनिष्ठवृत्तितायाः शुद्धनिष्ठवृत्तिताभिन्नत्वात् इति चेत् न विशिष्टस्य शुद्धानतिरिक्तत्वादिति दीधितिग्रन्थस्य विशिष्टनिष्ठवृत्तितायाः शुद्धनिष्ठवृत्तिताऽभिन्नत्वपरत्वं बोध्यम् । तथा च गुणनिरूपिता या शुद्धसत्तानिष्ठा वृत्तिता, सा विशिष्टसत्तानिष्ठवृत्तितारूपा एव । तथा च विशिष्टसत्तायां गुणनिरूपितवृत्तितायाः अभावस्यासत्वात् साध्याभावो लक्षणघटको न भवतीति भवत्यतिव्याप्तिः इति भावः । "ननु साध्यतावच्छेदक-सम्बन्धावच्छिन्ना या यत्किंचित्हेत्वधिकरणनिष्ठा अधिकरणता, तन्

निरूपकतायाः अनवच्छेदकं प्रतियोगितावच्छेदकं यस्य तादृशोऽभाव लक्षणघटकः" इति परिष्कारात् नातिव्याप्तिः । अत्र यद्यपि अधिकरणता साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्ना न ग्राह्या, किन्तु तादृशाधिकरणतानिरूपितवृत्तिता एव । तथापि हेत्वधिकरणे येन सम्बन्धेन साध्यं वर्तते, तेन सम्बन्धेन साऽधिकरणता हेत्वधिकरणे आगता इत्यभिप्रायादिदमुक्तं । अतोऽस्य लक्षणस्य स्पष्टार्थस्त्वयम् यत्किंचित्हेत्वधिकरणनिष्ठाधिकरणतानिरूपितायाः साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नवृत्तितायाः अनवच्छेदको यो धर्मः, तदवच्छिन्नप्रतियोगिताकोऽभावो लक्षणघटकः । तथा च जात्यधिकरण-गुणनिष्ठाधिकरणतानिरूपिता या साध्यतावच्छेदकसमवायावच्छिन्नवृत्तिता शुद्धसत्तानिष्ठा, तदवच्छेदकं शुद्धसत्तात्वं, तदनवच्छेदकं तु विशिष्टसत्तात्वं, तदवच्छिन्नप्रतियोगिताकः विशिष्टसत्ताऽभावो लक्षणघटकः इति नातिव्याप्तिः । एवं **मूर्तत्वाधिकरणमनोनिष्ठाधिकरणतानिरूपितायाः मूर्तत्वादिनिष्ठवृत्तितायाः** अनवच्छेदकं भूतत्वमूर्तत्वोभयत्वं, तदवच्छिन्नप्रतियोगिताको भूतत्वमूर्तत्वोभयाभावः एव लक्षणघटकः इति तत्रापि नातिव्याप्तिः इति चेत्

**चन्द्रशेखरीया :** અહીં, **પ્રતિયોગીસામાન્ય** પદ લખેલ છે. જો એ ન લખે તો **સંયોગી એતદ્વૃક્ષત્વાત્**માં અવ્યાપ્તિ આવે. કેમકે 'એતદ્વૃક્ષત્વાધિકરણ-એતદ્વૃક્ષનિરૂપિતવૃત્તિતાના અભાવવાળો એવો જલવૃત્તિસંયોગાત્મક પ્રતિયોગી છે જેનો તેવો સંયોગાભાવ મળી જાય. આમ સાધ્યાભાવ જ લક્ષણઘટક બનતા અવ્યાપ્તિ આવે. પણ સામાન્યપદથી આ અવ્યાપ્તિ દૂર થાય. કેમકે પ્રતિયોગીસામાન્યમાં તો વૃક્ષવૃત્તિકપિસંયોગાદિ પણ છે. અને તે તો વૃક્ષનિરૂપિતવૃત્તિતાવાળા છે. એટલે વૃક્ષનિરૂપિતવૃતિત્તા-અભાવવાળા એવા પ્રતિયોગીસામાન્ય મળતા નથી જ. માટે સંયોગાભાવ ન લેવાય. એટલે ઘટાભાવ દ્વારા લક્ષણસમન્વય થઈ જાય. આમ આ વિવક્ષા પ્રમાણે **કાલિકેન ઘટાદિમાન્ સ્વરૂપેણ મહાકાલત્વાત્** એમાં પણ અવ્યાપ્તિ આવતી નથી.

**પૂર્વપક્ષ :** વિશિષ્ટ અને શુદ્ધ એક જ માનેલ હોવાથી તમારા કથન પ્રમાણે તો '**વિ.સત્તાવાન્ જાતેઃ**' માં અતિવ્યાપ્તિ આવે.

**સાર્વભૌમ :** અમે હમણાં જ કહી ગયા કે વિશિષ્ટ અને શુદ્ધ ભલે એક હોય, પણ વિશિષ્ટની વૃત્તિતા અને શુદ્ધની વૃત્તિતા જુદી જ છે અને એ અનુસારે **વિશિષ્ટસતાવાન્ જાતેઃ** માં અતિવ્યાપ્તિ આવતી જ નથી. પછી તમે શી રીતે આ દોષ આપી શકો ?

**પૂર્વપક્ષ :** અમે વિશિષ્ટની વૃત્તિતા અને શુદ્ધની વૃત્તિતાને એક જ માનેલ છે અને એટલે ગુણનિરૂપિતવૃત્તિતા શુદ્ધ-સત્તામાં રહેલી છે. અને તે જ વૃત્તિતા વિ.સત્તામાં રહેલી પણ કહેવાય જ છે. એટલે ગુણનિરૂપિતવૃત્તિતા-અભાવવાન્ વિ.સત્તારૂપપ્રતિયોગી બનતો જ નથી. માટે સાધ્યાભાવ ન લેવાતા અતિવ્યાપ્તિ આવે. (દીધિતિની વિશિષ્ટસ્યાનતિરિક્તત્વાત્ પંક્તિનો અર્થ વિશિષ્ટની વૃત્તિતા શુદ્ધની વૃત્તિતાથી અભિન્ન છે." એમ કરવો.)

**સાર્વભૌમ :** અમે એમ કહેશું કે, 'સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન-યત્કિંચિત્હેત્વધિકરણ-નિષ્ઠાધિકરણતા-નિરૂપકતાનવચ્છેદક એવો પ્રતિયોગિતાવચ્છેદક છે જેનો' તેવો અભાવ લેવાનો. ગુણમાં સમવાયથી શુદ્ધસત્તા છે. એટલે ગુણમાં સમવાયાવચ્છિન્ન એવી અધિકરણતા આવી. આ અધિકરણતાનો નિરૂપક તો શુ.સત્તા જ છે. અને શુદ્ધસત્તામાં આવેલી આ નિરૂપકતાનો અવચ્છેદક શુદ્ધસત્તાત્વ જ બને. એટલે તાદૃશનિરૂપકતાનો અનવચ્છેદક એવો પ્રતિયોગિતાવચ્છેદક=વિ.સત્તાત્વ મળી જ જાય છે. માટે વિ.સત્તા-અભાવ લઈ શકાતા અતિવ્યાપ્તિ ન આવે.

(જો કે અહીં, અધિકરણને રહેવાનો સંબંધ એ અધિકરણતાવચ્છેદક બને. અહીં ગુણને સમવાયથી રાખવાની વિવક્ષા નથી. પણ ગુણમાં સમવાયથી સત્તા રહે છે. એટલે ગુણમાં સમવાયને લઈને અધિકરણતા આવી છે. ખરેખર તો સમવાયત્વાવચ્છિન્ન અહીં વૃત્તિતા જ બને. અને માટે જ વિવૃત્તિમાં ખુલાસો કરે છે કે યત્કિંચિત્હેત્વધિકરણનિષ્ઠ-અધિકરણતાથી નિરૂપિત એવી જે સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નવૃત્તિતા, તેનો અનવચ્છેદક એવો પ્રતિયોગિતાવચ્છેદક જે અભાવનો છે, તે અભાવ લેવાય. ગુણનિષ્ઠ-અધિકરણતાથી નિરૂપિત સમવાયાવચ્છિન્નવૃત્તિતાનો અવચ્છેદક શુ.સત્તાત્વ છે, વિ.સત્તાત્વ નથી. એટલે વિ.સત્તા-અભાવ લઈ શકાતા અતિવ્યાપ્તિ ન આવે.)

---

**जागदीशी- ननु तादृशसम्बन्धावच्छिन्नयत्किञ्चिद्धेत्वधिकरणनिष्ठाधिकरणता-निरूपकतानवच्छेदक ( स्व ) प्रतियोगितावच्छेदकत्वं 'सामान्यकान्त' पदेन विवक्षितमतो नोक्तदोष इत्यत आह, – समवायेनेति ।**

---

**चन्द्रशेखरीया** : न समवायेन **जातिमान् प्रमेयत्वा**दित्यत्रातिव्याप्तिप्रसंगः तथापि दुर्वार एव । अत्र प्रमेयत्वाधिकरणीभूताः सप्ताऽपि पदार्थाः । तत्र द्रव्यगुणकर्मनिष्ठाधिकरणतानिरूपिता समवायावच्छिन्ना वृत्तिता जातौ वर्तते । तद्वृत्तितावच्छेदकमेव जातित्वं, अतो न जातित्वावच्छिन्नजात्यभावः लक्षणघटकः तत्र भवितुमर्हति । एवं सामान्यविशेषसमवायाभावनिष्ठाधिकरणतानिरूपिता तु वृत्तिता समवायावच्छिन्ना न प्रसिद्धा, तेषु समवायेन कस्याप्यवर्तमानत्वात् । अतो न तेष्वपि निरूक्तरीत्या साध्याभावो ग्रहीतुं शक्यः । किन्तु प्रमेयत्वाधिकरणपर्वत निष्ठपर्वतत्वाधिकरणतानिरूपिता या समवायावच्छिन्ना पर्वतत्व-जातिनिष्ठा वृत्तिता, तदनवच्छेदकं घटत्वं, पर्वते समवायेन घटस्य अर्वतमानत्वात् । तथा च घटत्वावच्छिन्नप्रतियोगिताको घटाभाव एव लक्षणघटकः न तु साध्याभाव इति अतिव्याप्तिर्भवति । अत्रापि तादृशवृत्तितासामान्यस्यानवच्छेदकं एव ग्राह्यम् । अन्यथा तु पर्वतत्वनिष्ठवृत्तितायाः तादृश्याः अनवच्छेदकं जातित्वं भवत्येव इति नातिव्याप्तिः संभवेदित्यादि स्वयमभ्युह्यम् ।

**ચન્દ્રશેખરીયા : પૂર્વપક્ષ** : તો પણ **'સમવાયેન જાતિમાન્ પ્રમેયત્વાત્'**માં અતિવ્યાપ્તિ આવશે. આમાં પ્રમેયત્વના અધિકરણ તો દ્રવ્ય+ગુણ+કર્મ=જાતિમાન્ પણ બને. અને એ સિવાયના ચાર પદાર્થો પણ બને. હવે હેત્વધિકરણ તરીકે જો જાતિમાન્=દ્રવ્ય+ગુણ+કર્મ લો, તો તેમાં તો સમવાયથી જાતિ રહે જ છે. એટલે સમવાયાવચ્છિન્ન એવી દ્રવ્યાદિનિષ્ઠાધિકરણતાની નિરૂપકતા જાતિમાં છે. તેનો અવચ્છેદક જ જાતિત્વ બનવાથી જાત્યભાવ ન લઈ શકાય.

હવે જો હેત્વધિકરણ તરીકે બાકીના ચાર લો, તો એ ચારમાંથી કોઈપણ પદાર્થમાં સમવાયથી કોઈપણ વસ્તુ રહેતી જ નથી. એટલે અહીં સમવાયાવચ્છિન્ન એવી અધિકરણતા જ પ્રસિદ્ધ નથી. વિવૃત્તિ પ્રમાણે કહીએ તો હેત્વધિકરણસમવાયાદિમાં રહેલી જે અધિકરણતા છે, તન્નિરૂપિત એવી સમવાયાવચ્છિન્ન વૃત્તિતા જ પ્રસિદ્ધ

ન હોવાથી ત્યાં પણ સાધ્યાભાવ ન મળે. એટલે પછી પ્રમેયત્વાધિકરણપર્વતમાં જે પર્વતત્વજાતિની અધિકરણતા છે, તેનાથી નિરૂપિત એવી જે સમવાયાવચ્છિન્નવૃત્તિતા પર્વતત્વમાં છે. આ વૃત્તિતાનો અનવચ્છેદક ઘટત્વ એ જ પ્રતિયોગિતાવચ્છેદક છે જેનો એવો ઘટાભાવ મળે. આમ ઘટાભાવને લઈને લક્ષણ ઘટી જતા અતિવ્યાપ્તિ આવે.

---

**जागदीशी - ननु समवायेन जातेर्व्याप्यवृत्तित्वात्तत्साध्यके प्रतियोगिवैयधिकरण्यमेव न देयं, देयञ्चाऽव्याप्यवृत्तिसाध्यकस्थलीयनिरूक्तौ साध्यतावच्छेदके,–**

**– 'व्याप्यवृत्तितानवच्छेदकत्व' विशेषणम्, अतो न तत्रत्यलक्षणस्यातिव्याप्तिरत आह, – संयोगादीति ।**

**(गुण-कर्मान्यत्वेति । – एकैकोपादाने तत्र प्रतियोगिवैयधिकरण्यं प्रसिद्धमत उभयोपादानम् ।**

**अद्रव्ये गुणादौ समवायेन वृत्तेः प्रसिद्धेरत आह, – हेतुमतीति । सामान्यादाविति शेषः ।)**

---

**चन्द्रशेखरीया :** ननु व्याप्यवृत्तिप्रथमविवक्षानुसारेण जातेः व्याप्यवृत्तित्वात् तत्र प्रतियोगिव्यधिकरणपदाघटितमेव लक्षणं वाच्यम् । तथा च प्रमेयत्वाधिकरणे सामान्ये वर्तमानस्य जात्यभावस्य समवायावच्छिन्नप्रतियोगिताया अवच्छेदकमेव जातित्वमिति व्याप्यवृत्तिसाध्यकस्थलीयलक्षणस्य नातिव्याप्तिः । न च तथापि यस्य जनस्य निरूक्तरीत्याऽव्याप्यवृत्तिसाध्यकस्थलीयलक्षणानुसारेण लक्षणघटकाभावप्रतियोगितानवच्छेदकं जातित्वमिति सम्यक् व्याप्तिज्ञानं भवेत्, तस्य तु तदनन्तरं प्रमात्मिकाऽनुमितिः भवन्ती दुर्वारा एव इति वाच्यम् अव्याप्यवृत्तिसाध्यकस्थलीयलक्षणे तु 'लक्षणघटकाभाव-प्रतियोगितानवच्छेदकं व्याप्यवृत्तितानवच्छेदकं यत् साध्यतावच्छेदकं' इत्यादि परिष्कारकरणात् न कोऽपि दोषः संभवति । यतः, प्रमेयत्वाधिकरण पर्वतनिष्ठाधिकरणतानिरूपितायाः समवायावच्छिन्न-वृत्तितायाः अनवच्छेदकेन घटत्वेन अवच्छिन्ना घटाभावीयप्रतियोगिता भवति । तथा च तादृशघटाभावो लक्षणघटकः, तत्प्रतियोगितानवच्छेदकं यद्यपि जातित्वं भवति किन्तु तज्जातित्वं तु जातिनिष्ठायाः व्याप्यवृत्तिताया अवच्छेदकं भवति, अतोऽत्र प्रमात्मकं व्याप्तिज्ञानं न संभवतीति न प्रमात्मिकायाः अनुमितेः उत्पत्त्यापत्तिः । एवं च अव्याप्यवृत्तिसाध्यकस्थलीयस्यापि लक्षणस्य तत्रातिव्याप्तिः न भवति इति चेत् न तथाऽपि '**संयोगवान् गुणकर्मभिन्नत्वादि**'त्यत्रातिव्याप्तिर्भवेत् । अत्र संयोगस्याव्याप्यवृत्तित्वात् अव्याप्यवृत्ति-साध्यकस्थलीयमेव लक्षणं वाच्यम् । तथा च गुणकर्मभिन्न-त्वाधिकरणं यदि द्रव्यं गृह्येत, तदा तन्निष्ठाधिकरणतानिरूपितायाः समवायावच्छिन्नवृत्तितायाः अवच्छेदकमेव संयोगत्वं भवति । संयोगस्य द्रव्ये समवायेन सत्वात् । अतो द्रव्यमादाय साध्याभावो न ग्रहीतुं शक्यः, यदि च गुणकर्मभिन्नत्वाधिकरणं सामान्यादि गृह्येत । तदा तु तेषु

समवायेन कस्याऽप्यवर्तमानत्वात् सामान्यादिनिष्ठा-धिकरणतानिरूपिता समवायावच्छिन्ना वृत्तिता एवाप्रसिद्धा। इति न तेष्वपि निरुक्तरीत्या साध्याभावो ग्रहीतुं शक्यः । तथा च गुणकर्मभिन्नत्वाधिकरणं पर्वतः, तत्र पर्वतत्वादिनामधिकरणता, तन्निरू पिता समवायावच्छिन्ना वृत्तिता पर्वतत्वसंयोगादिनिष्ठा, तदनवच्छेदकं घटत्वं इति तदवच्छिन्नघटाभाव एव लक्षणघटकः, तत्प्रतियोगितानवच्छेदकं व्याप्यवृत्तितानवच्छेदकमेव संयोगत्वमिति लक्षणसमन्वयसंभवात् अतिव्याप्तिर्दुवारा भवति । अत्र हेतौ यदि गुणपदं न निवेश्यते तदा तु कर्मान्यत्वं हेतुर्भवेत् स च गुणे वर्तते । तन्निष्ठाधिकरणतानिरूपिता समवायावच्छिन्ना वृत्तिता गुणत्वादौ वर्तते, न तु संयोगे। अतः तादृशवृत्तिताऽनवच्छेदकं संयोगत्वं, इति तदवच्छिन्नप्रतियोगिताकः संयोगाभाव एव लक्षणघटको भवेत् अतो तत्रातिव्याप्तिर्न भवेत् । अतः अतिव्याप्तिदानार्थ गुणपदं उपात्तम् । एवमेव कर्मपदोपादानप्रयोजनमपि विभावनीयम् । एवं दीधित्याम् अद्रव्ये तादृशसम्बन्धेन वृत्तेः प्रसिद्धत्वात् तदसंगतं भवेत् । अतो '**अद्रव्ये हेतुमति**' इति पदमुपात्तम् । अद्रव्ये=द्रव्यभिन्ने हेतुमति=सामान्यादौ समवायेन वृतेरप्रसिद्धिस्तु सर्वेषां संमता, अतो न ग्रन्थासंगतिः । इत्थं च **कालिकेन घटवान् स्वरूपेण महाकालत्वा**दित्यत्राव्याप्तिर्भवत्येव । अत्र समाप्तः पूर्वपक्षः ।

**सार्वभौम :** જાતિ એ તો સમવાયથી વ્યાપ્યવૃત્તિ જ છે, કેમકે વ્યાપ્યવૃત્તિની પહેલી વ્યાખ્યા તેમાં ઘટે છે. તે આ પ્રમાણે – જાત્યધિકરણ ગુણાદિમાં સ્વરૂપસંબંધથી સમવાયાવચ્છિન્નજાત્યભાવ નથી જ રહેતો. પણ ઘટાભાવાદિ જ રહે છે. અને તેની પ્રતિયોગિતાનો તો જાતિમાં અભાવ જ છે. આમ જાતિ વ્યાપ્યવૃત્તિ હોવાથી ત્યાં તો "પ્રતિયોગિવ્યધિકરણ" પદ વિનાનું જ લક્ષણ લેવાનું છે. એટલે પ્રમેયત્વાધિકરણ જાત્યાદિમાં સમવાયથી જાત્યભાવ છે. તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક જાતિત્વ બની જવાથી અતિવ્યાપ્તિ ન આવે.

**पूर्वपक्ष :** વ્યાપ્યવૃત્તિની બીજી વ્યાખ્યા પ્રમાણે તો સમવાયથી જાતિ પણ અવ્યાપ્યવૃત્તિ જ બને. કેમકે સમવાયથી જાત્યધિકરણ એવા ગુણાદિમાં સમવાયાવચ્છિન્નપ્રતિયોગિતાક એવો જાતિનિષ્ઠ જાતિ-અભાવ કાલિકથી રહે જ છે. બીજી વ્યાખ્યામાં કોઈપણ સંબંધથી અભાવ રાખવાનો છે. અને તેની પ્રતિયોગિતા જાતિમાં હોવાથી ત્યાં જાતિ અવ્યાપ્યવૃત્તિ બને. અને ત્યાં તો અવ્યાપ્યવૃત્તિ સ્થલીય લક્ષણ જ આપવું પડે અને એ તો તમે જે બનાવ્યું છે એ અતિવ્યાપ્ત બને જ છે.

**सार्वभौम :** અમે વ્યાપ્યવૃત્તિની પહેલી જ વ્યાખ્યા લઈએ છીએ. એટલે એ રીતે એ અવ્યાપ્યવૃત્તિ જ ગણવાનું છે.

**पूर्वपक्ष :** ભલે, પણ કોઈ જાતિસાધ્યક સ્થળે પણ અવ્યાપ્યવૃત્તિસાધ્યકલક્ષણનું જ્ઞાન કરીને અનુમિતિ કરે તો એ સાચી માનવાની આપત્તિ તો ઉભી જ છે. કેમકે એ જ્ઞાન સાચું જ થવાનું.

**सार्वभौम :** ના, ત્યાં અમે **"व्याप्यवृत्तितानवच्छेदकं तादृशप्रतियोगितानवच्छेदकं साध्यतावच्छेदकं"**.... એમ, લક્ષણ કરશું. એટલે જાતિત્વ એ લક્ષણઘટક-ઘટાભાવપ્રતિયોગિતાનવચ્છેદક હોવા છતાં વ્યાપ્યવૃત્તિતાવચ્છેદક જ છે. અનવચ્છેદક નથી. એટલે અવ્યાપ્યવૃત્તિ સ્થલીય લક્ષણ પણ ત્યાં અતિવ્યાપ્ત બને નહીં. કોઈ જાતિત્વને વ્યાપ્યવૃત્તિતાનવચ્છેદક માની લે. તો પણ એ પછી ભ્રમાત્મકજ્ઞાન જ કહેવાતા તેનાથી થનારી અનુમિતિને પ્રમા માનવાની આપત્તિ ન આવે. હા, જો વ્યાપ્યવૃત્તિતાનવચ્છેદક ન લખે તો તો પછી "तादृशप्रतियोगितानवच्छेदकं जातित्वं" એ જ્ઞાન તો સાચું જ હોવાથી તેનાથી થનારી અનુમિતિ સાચી માનવી

જ પડે. પણ હવે એ આપત્તિ આવવાની નથી.

**પૂર્વપક્ષ :** તો પણ **'સંયોગવાન્ ગુણકર્માન્યત્વાત્'**માં અતિવ્યાપ્તિ આવશે. અહીં સંયોગ તો અવ્યાપ્યવૃત્તિ જ છે. એટલે ત્યાં ગુણકર્મભિન્નત્વ એ દ્રવ્ય+જાત્યાદિ ૪માં મળે. એમાંથી જો દ્રવ્ય લો. તો તેમાં તો સમવાયસંબંધથી સંયોગ છે જ. એટલે સમવાયાવચ્છિન્ન એવી દ્રવ્યાધિકરણતાનિરૂપિતવૃત્તિતા તો સંયોગમાં છે જ. એટલે સંયોગાભાવ ન લેવાય અને જાત્યાદિમાં તો કોઈ સમવાયથી રહેતું જ ન હોવાથી તેમાં સમવાયથી અવચ્છિન્ન એવી અધિકરણતા મળતી જ નથી. એટલે ત્યાં પણ સંયોગાભાવ ન લેવાય. એટલે હવે તો હેત્વધિકરણપર્વતાદિમાં સમવાયથી પર્વતત્વ રહે છે. એટલે સમવાયાવચ્છિન્ન એવી અધિકરણતા પર્વતમાં છે. તેનો નિરૂપક ઘટ તો ન બને. અને તેથી તાદૃશાધિકરણતાની નિરૂપકતાનો અનવચ્છેદક એવો ઘટત્વ એ જ પ્રતિયોગિતાવચ્છેદક છે જેનો એવો ઘટાભાવ મળે છે, અને તેથી તે અભાવ લેવાય. તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક સંયોગત્વ બની જતા અતિવ્યાપ્તિ આવે જ. અહીં જો માત્ર **'ગુણાન્યત્વ'** લખે, તો તે હેતુ તો કર્મ પણ બને અને તેમાં સમવાયથી જાતિ રહેતી હોવાથી સમવાયથી અવચ્છિન્ન એવી કર્મનિષ્ઠ-અધિકરણતા મળે. તેની જાતિમાં રહેલી નિરૂપકતાનો અનવચ્છેદક સંયોગત્વ મળી જાય. અને તેથી સંયોગાભાવ જ લેવાતા અતિવ્યાપ્તિ ન આવે. એ રીતે કર્માન્યત્વ જ લખે, તો ગુણને લઈને સંયોગાભાવ લક્ષણઘટક બનાવી શકાય માટે ત્યાંય અતિવ્યાપ્તિ ન આવે. માટે **ગુણકર્માન્યત્વ** લખેલ છે. એટલે ગુણકર્માન્યત્વવાળા જાત્યાદિમાં તો સમવાયથી કોઈ રહેતું જ ન હોવાથી સા.અ.ક. સમવાયાવચ્છિન્ન એવી અધિકરણતા જ તેઓમાં ન મળતા ત્યાં સંયોગાભાવ ન લેવાય. અને ગુણકર્માન્યત્વવાળા દ્રવ્યમાં સમવાયથી સંયોગ રહેતો જ હોવાથી ત્યાં પણ સંયોગાભાવ ન લેવાય. માટે અતિવ્યા. આવે છે.

અદ્રવ્યે હેતુમતિ... એ દીધિતિપંક્તિમાં જો 'હેતુમતિ' પદ ન મુકે તો અદ્રવ્ય એવા ગુણાદિમાં તો સમવાયથી વૃત્તિતા પ્રસિદ્ધ છે. માટે, **'હેતુમતિ'** પદ છે. ગુણ+કર્મ એ હેતુમાન્ નથી. પણ જાત્યાદિ જ લેવાય. એટલે તેમાં સમવાયથી વૃત્તિ=રહેનાર અપ્રસિદ્ધ હોવાથી એ વાત ઘટી જાય.

અહીં **કાલિકેન ઘટવાન્ સ્વરૂપેણ મહાકાલત્વાત્** એ સ્થાને અવ્યાપ્તિ આપનાર પૂર્વપક્ષ પુરો થયો.

---

**जागदीशी**– **अत्र 'विशिष्टनिरूपिताधेयत्वस्यातिरिक्तत्वोपगमे–स्वप्रतियोगितावच्छेदकावच्छिन्नत्व-साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वोभयाभाववद्धेत्वधिकरणयत्किञ्चिद्व्यक्ति-वृत्तित्व-सामान्यकत्वस्य हेतुमन्निष्ठाभावे विवक्षणात् , नोक्तदोष' इत्यस्मद्गुरुचरणाः ।**

---

**चन्द्रशेखरीया :** तस्य पूर्वपक्षस्य समाधानं दीधित्यां ग्रन्थकारः करोति । किन्तु तत्पूर्वं स्वगुरूचरणाः नवीनाश्च यत्समाधानं कुर्वन्ति, तज्जगदीशः प्रतिपादयति **"अत्र विशिष्टनिरूपिताः"** इत्यादिना । जगदीशगुरुचरणः इत्थं समाधानमभिदधाति – विशिष्टनिरूपिताधेयता शुद्धनिरूपिताधेयताभिन्नैव इति सार्वभौममतम् । तथा च स्वप्रतियोगितावच्छेदकावच्छिन्नत्व-साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वोभयाभाववत् हेत्वधिकरणीभूत-यत्किंचिद्व्यक्तिनिरूपितवृत्तितासामान्यं यस्य (स्वपदग्राह्यस्याभावस्य) स एव लक्षणघटकः

। तथा च **विशिष्टसत्तावान् जातेरित्यत्र** विशिष्टसत्ताऽभावप्रतियोगितावच्छेदकं विशिष्टसत्तात्वं, तदवच्छिन्नत्वं हेत्वधिकरणीभूतगुणनिरूपितवृत्तितासामान्ये नास्ति। विशिष्टसत्तात्वावच्छिन्नविशिष्टसत्तायाः गुणे अवर्तमानत्वात्। तथा च गुणनिरूपितवृत्तितासामान्यं तादृशोभयाभाववत् भवति। अतः स्वपद-गृहीतः विशिष्टसत्ताऽभाव एव लक्षणघटकः इति नातिव्याप्तिः । एवं भूतत्वमूर्तत्वोभयाभावप्रतियोगितावच्छेदकं भूतत्वमूर्तत्वोभयत्वं हेत्वधिकरणमनोनिरूपितवृत्तितासामान्यं तादृशोभयत्वेनानवच्छिन्नमेव। मनसि तादृशोभयस्यावर्तमानत्वात्। तथा च मनोनिरूपितवृत्तितासामान्ये तादृशोभयत्वावच्छिन्नत्व-अभावसत्वात् तादृशोभयत्वावच्छिन्नत्व-साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वोभयस्याभावो वर्तते । अतः, स्वपदगृहीतस्य साध्याभावस्यैव लक्षणघटकत्वात् नातिव्याप्तिः । अत्र साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वानुपादाने **वह्निमान् धूमात्** इत्यत्र धूमाधिकरणे पर्वते समवायेन वह्नेरवर्तमानत्वात् पर्वतनिरूपितसमवायावच्छिन्नवृत्तितासामान्ये वह्न्यभावप्रतियोगितावच्छेदकवह्नित्वावच्छिन्नत्वाभावो वर्तते । अतो वह्न्यभावस्यैव लक्षणघटकत्वेना-व्याप्तिर्भवेत्। तदुपादाने तु न दोषः। पर्वते संयोगेन वह्नेः वृत्तित्वात् पर्वतनिरूपितवृत्तितायां वह्नित्वावच्छिन्नत्व-संयोगावच्छिन्नत्वोभयं वर्तते, उभयाभावो न वर्तते। अतः साध्याभावस्य लक्षणाघटकत्वात् अभावान्तरमादाय भवति लक्षणसमन्वयः। एवं सामान्यपदानुपादानेऽपि तत्रैवाव्याप्तिर्भवेत्। पर्वतनिरूपितायां वृक्षनिष्ठवृत्तितायां वह्नित्वावच्छिन्नत्वसंयोगावच्छिन्नत्व-उभयाभावो वर्तत एव। अतः साध्याभाव एव लक्षणघटको भवेत्। तथा च अव्याप्तिः । किन्तु सामान्यपदोपादाने न कोऽपि दोषः । पर्वतनिरूपितायां वह्निनिष्ठ-वृत्तितायां तु तादृशोभयं वर्तते। अतो वृत्तितासामान्ये तादृशोभयाभावो न वर्तते। अतो न वह्न्यभावो गृह्यते। पर्वतनिरूपितवृत्तितासामान्ये घटत्वावच्छिन्नत्व-संयोगावच्छिन्नत्वोभयाभावस्तु वर्तते। अतो घटाभाव एव लक्षणघटकः अतः नाव्याप्तिः। अत्र वृत्तितासामान्यान्तर्गतायां कुत्रापि वृत्तितायां यदि उभयं वर्तते। तदा तु तत्र वृत्तितासामान्ये उभयाभावो नास्ति इत्येव वक्तव्यम्। यदि तु वृत्तितासामान्यान्तर्गतासु प्रत्येकवृत्तितासु तादृशोभयाभावो वर्तते, तदैव तत्र वृत्तितासामान्ये तादृशोभयाभावो वर्तते इति वक्तव्यम् इति निष्कर्षः मनसि अवधार्यः। एवं च पूर्वपक्षः निराकृतो भवति इति।

**ચન્દ્રશેખરીયા :** આનો ઉત્તર દીધિતિમાં આપે છે. પણ એ પહેલા અમારા ગુરુઓ આ બાબતમાં શું કહે છે તે જોઈએ.

સાર્વભૌમમતે વિશિષ્ટનિરૂપિતવૃત્તિતા અને શુદ્ધનિરૂપિતવૃત્તિતા એ જુદી જ માનેલી જ છે અને તેથી 'સ્વપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નત્વ-સાધ્યતાવચ્છેદકસંબંધ-અવચ્છિન્નત્વોભયાભાવવાળી એવી હેત્વધિકરણયત્કિંચિદ્વ્યક્તિ-નિરૂપિતવૃત્તિતાસામાન્ય લેવાની. આમાં સ્વ પદથી જે અભાવ લેવાય. તે જ લક્ષણઘટક માનવાથી કોઈ અવ્યાપ્તિ વગેરે દોષ ન આવે. **'વિ.સત્તાવાન્ જાતેઃ'** માં જાત્યધિકરણગુણનિરૂપિત વૃત્તિતા એ વિશિષ્ટસત્તામાં નથી આવતી. પણ શુ.સત્તામાં જ આવે છે. એટલે એ વૃત્તિતા વિશિષ્ટસત્તા-અભાવપ્રતિયોગિતાવચ્છેદક વિશિષ્ટસત્તાત્વાવચ્છિન્ના નથી. એટલે તેમાં સા.અવચ્છેદકસમવાયાવચ્છિન્નત્વ હોય તો પણ તાદશોભયાભાવ તો મળી જ જાય છે. એટલે સ્વ=વિ.સત્તા-અભાવ જ લક્ષણ ઘટક બની જતા અતિવ્યાપ્તિ ન આવે.

એ રીતે **કાલિકેન ઘટવાન્ સ્વરૂપેણ મહાકાલત્વાત્** એ સ્થલે મહાકાલનિરૂપિતવૃત્તિતા એ ગગનમાં આવતી જ નથી. પણ ઘટાદિમાં જ આવે છે. અને એ વૃત્તિતા એ ગગનાભાવપ્રતિયોગિતાવચ્છેદકગગનત્વાવચ્છિન્ન નથી

બનતી. એટલે પાછો ઉભયાભાવ મળી જાય. અને તેથી ગગનાભાવ લક્ષણઘટક મળી જતા અવ્યાપ્તિ ન આવે.

અહીં **યત્કિંચિત્** પદ ન લખો, તો **'ધૂમવાન્ વહનેઃ'**માં અતિવ્યાપ્તિ આવે. કેમકે વહ્ન્યધિકરણ-પર્વતનિરૂપિતધૂમની વૃત્તિતા એ ધૂમત્વાવચ્છિન્નત્વ +સંયોગાવચ્છિન્નત્વવાળી છે. એટલે અહીં પર્વતનિરૂપિતવૃત્તિતાસામાન્ય તો ઉભયાભાવવાળી બનતી જ નથી. અમુક જ બને છે. માટે ધૂમાભાવ ન લેવાતા ઘટાભાવ દ્વારા લક્ષણ ઘટી જાય કેમકે પર્વતનિરૂપિત જેટલી વૃત્તિતા છે, તે તમામમાં ઘટાભાવ પ્રતિયોગિતાવચ્છેદકઘટત્વાવચ્છિન્નત્વનો અભાવ જ છે. આમ અતિવ્યા. આવે. પણ યત્કિંચિત્ પદ હોવાથી કોઈપણ એક હેત્વધિકરણ લઈ શકાય. અને તેથી અયોગોલક લઈએ તો તેમાં ધૂમ ન હોવાથી અયોગોલકનિરૂપિત તમામ વૃત્તિતાઓમાં ધૂમત્વાવચ્છિન્નત્વનો અભાવ મળી જતાં ઉભયાભાવ મળી જાય. આમ સાધ્યાભાવ જ લક્ષણઘટક બનવાથી અતિવ્યાપ્તિ ન આવે. યત્કિંચિત્ ન લખો, તો હેત્વધિકરણ તરીકે તમામે તમામ લેવા પડે અને તેમનાથી નિરૂપિત તમામે તમામ વૃત્તિતાઓ લેવાની રહે એ ખ્યાલ રાખવું. એમ વૃત્તિતાસામાન્યમાં પણ જો સામાન્યપદ ન લખે તો **વહ્નિમાન્ ધૂમાત્**માં વાંધો આવે. ધૂમાધિકરણપર્વતનિરૂપિત એવી વૃક્ષમાં રહેલી વૃત્તિતા એ તો વહ્ન્યભાવપ્રતિયોગિતાવચ્છેદકવહ્નિત્વાવચ્છિન્ન નથી. એટલે એ વૃક્ષમાં રહેલી વૃત્તિતામાં વહ્ન્યભાવને લઈને ઉભયાભાવ મળે. આમ સાધ્યાભાવ જ લક્ષણઘટક બનતા અવ્યાપ્તિ આવે. એટલે **સામાન્યપદ** છે. હેત્વધિકરણનિરૂપિત તમામે તમામ પ્રતિયોગિતામાં તાદશોભયાભાવ મળવો જોઈએ. અહીં, પર્વતનિરૂપિત એવી એક વૃત્તિતા તો વહ્નિમાં પણ છે જ. અને તે વૃત્તિતા એ વહ્નિત્વાવચ્છિન્નત્વ + સંયોગાવચ્છિન્નત્વ ઉભયવાળી છે. એટલે વૃત્તિતાસામાન્યમાં ઉભયાભાવ ન મળવાથી વહ્ન્યભાવ ન લેવાય. માટે બીજા અભાવથી લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ ન આવે. આ અમારા ગુરુવર્યોનો મત છે.

---

**जागदीशी- नव्यास्तु –"साध्यतावच्छेदकसम्बन्धेन स्वप्रतियोग्यधिकरण-यावद्धेत्वधिकरणको यो यस्तदन्यत्वं प्रतियोगिवैयधिकरण्यं वाच्यम्,**

**—अतो गगनाभावमादायैव प्रसिद्धेर्न कोऽपि दोषः,**

---

**चन्द्रशेखरीया :** अत्र नव्याः इत्थं पूर्वपक्षं खंडयन्ति । **साध्यतावच्छेदकसम्बन्धेन स्वप्रतियोगि-अधिकरणयावत्हेत्वधिकरणको यो यः अभावः, तदन्योऽभावो लक्षणघटकत्वेन ग्राह्यः** । साध्यता-वच्छेदकसम्बन्धेन यावतामभावानां प्रतियोगिमन्ति सर्वाणि हेत्वधिकरणानि भवन्ति, तावदभावभिन्नोऽभावो लक्षणघटकः इति फलितोऽर्थः । तथा च गगनाभावस्य प्रतियोगि गगनं साध्यतावच्छेदककालिकेन महाकाले न वर्तते अतो गगनाभावः यावदभावान्तर्गतो न भवति । किन्तु घटाभावादीनां प्रतियोगिनः घटादयः कालिकेन महाकाले वर्तन्ते । अतो घटाभावादयः यावदभावान्तर्गताः । तद्भिन्नस्तु गगनाभावः । इत्थं च गगनाभावस्यैव लक्षणघटकत्वसंभवात् नाऽव्याप्तिः अत्र **'साध्यतावच्छेदकसम्बन्धेन'** इति पदं यदि नोपादीयेत । तदा तु **'धूमवान् वह्ने**रित्यत्र धूमाभावस्य प्रतियोगी धूमः कालिकेन सर्वेषु वह्नि-अधिकरणेषु वर्तते । अतः कालिकेन धूमवन्ति एव सर्वाणि वह्न्यधिकरणानि । अतो धूमाभावोऽपि यावदभाव-अन्तर्गतः । तथा च गगनाभाव एव यावदभावभिन्नत्वेन गृह्यते । अतोऽतिव्याप्तिः भवेत् । साध्यतावच्छेदकसम्बन्धेन प्रतियोगिमत्ताविवक्षणे तु नैष

दोषः। धूमाभावस्य धूमात्मकः प्रतियोगी संयोगेन अयोगोलके न वर्तते । अतः न संयोगेन धूमवन्ति सर्वाणि हेत्वधिकरणानि भवन्ति । तथा च साध्याभावो न यावदन्तर्गतः । किन्तु तद्भिन्नः, तथा च तस्यैव लक्षणघटकत्वात् नातिव्याप्तिः भवति । एवं **'यावतामभावानां'** इति अत्र यदि यावत्पदं नोपादीयेत । तदा तु **वह्निमान् धूमात्** इत्यत्र **धूमाभावप्रतियोगी** धूमः संयोगेन पर्वतादौ वर्तते । तथा च संयोगेन धूमाभावप्रतियोगिधूमवन्ति एव सर्वाणि धूमवन्ति भवन्ति । तादृशात् धूमाभावाद्भिन्न एव वह्न्यभावः, एवं च साध्याभावस्य लक्षणघटकत्वात् अव्याप्तिः । यावत्पदोपादाने तु न दोषः । यथा हि धूमाभाव-प्रतियोगिमन्ति एव सर्वाणि हेत्वधिकरणानि तथैव वह्न्यभावप्रतियोगिमन्ति एव सर्वाणि हेत्वधिकरणानि । अतो वह्न्यभावोऽपि यावदभावान्तर्गतः, तद्भिन्नस्तु गगनाभावादिरेव । तत्प्रतियोगितानवच्छेदकं वह्नित्वमिति लक्षणघटनात् नाव्याप्तिः भवति । एवं यदि सर्वाणि हेत्वधिकरणानि इति अत्र सर्वपदं (यावत्पदाकृष्टम्) नोच्येत । तदा तु **'धूमवान् वह्ने'**रित्यत्रापि धूमाभावप्रतियोगिधूमवन्ति एव हेत्वधीकरणीभूतानि पर्वतादीनि । अतो धूमाभावोऽपि यावदन्तर्गतो भवेत् । तथा च गगनाभावमादायातिव्याप्तिर्भवेत् । सर्वपदोपादाने तु न दोषः। धूमाभावप्रतियोगिधूमवत् अयोगोलकं हेत्वधिकरणीभूतं न भवतीति न सर्वाणि हेत्वधिकरणानि धूमवन्ति भवन्ति । तथा च धूमाभावो न यावदन्तर्गतः, किन्तु तद्भिन्नः, तस्मात् साध्याभावस्यैव लक्षणघटकत्वात् नातिव्याप्तिः भवतीति बोध्यम् ।

**चन्द्रशेखरीया :** આ બાબતમાં **નવીનો** તો એમ કહે છે કે, "સાધ્યતાવચ્છેદકસંબંધથી સ્વપ્રતિયોગિ-અધિકરણયાવત્હેત્વધિકરણક જે જે હોય, તેનાથી અન્ય એ જ "પ્રતિયોગીવ્યધિકરણ" તરીકે ગણાય. **વહ્નિમાન્ ધૂમાત્**માં ધારો કે વહ્ન્યભાવ લઈએ તો સાધ્યતાવચ્છેદક સંયોગથી વહ્નિનું અધિકરણ એવા તમામ=યાવત્ ધૂમાધિકરણો મળે છે. એટલે વહ્ન્યભાવ એ તો સ્વપ્રતિયોગ્યધિકરણ-યાવત્હેત્વધિકરણક બની ગયો. તદન્ય ન બન્યો. માટે તે ન લેવાય. ઘટાભાવ એ 'સંયોગથી ઘટાધિકરણ એવા તમામ ધૂમાધિકરણો છે જેના' એવો તો મળતો નથી જ. એટલે ઘટાભાવ એ તાદૃશાધિકરણકભિન્ન તરીકે લેવાતા લક્ષણસમન્વય થઈ જાય.

અહીં યો યઃ.... એના દ્વારા "એવા જેટલા અભાવ મળે, તે તમામ લેવા." એમ અર્થ કરવાનો છે. આનો સ્પષ્ટ અર્થ એ કે, 'સાધ્યતાવચ્છેદક'સંબંધથી જે જે અભાવના પ્રતિયોગીના અધિકરણો તમામે તમામ હેત્વધિકરણો બનતા હોય તે તે તમામ અભાવોથી ભિન્ન એવો જે અભાવ હોય, તે જ લક્ષણઘટક તરીકે લઈ શકાય.'

હવે કાલિકથી ગગનાભાવના પ્રતિયોગી-ગગનનું અધિકરણ જ મળતું ન હોવાથી "જે જે અભાવ" તરીકે ગગનાભાવ તો ન જ આવે. પણ ઘટાભાવાદિ આવે. કાલિકથી ઘટાધિકરણ તમામે તમામ હેત્વધિકરણ= મહાકાલ બને જ છે. અને તે ઘટાભાવાદિથી અન્ય તરીકે ગગનાભાવ મળે. આમ આ સ્થળે પણ લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ ન આવે. અહીં, પણ "યો યઃ" દ્વારા તમામે તમામ અભાવની વિવક્ષા ન કરો તો **'વહ્નિમાન્ ધૂમાત્'** સ્થલે ધૂમાભાવના પ્રતિયોગી ધૂમના અધિકરણ એવા જ તમામ હેત્વધિકરણો=પર્વતાદિ છે. એટલે "યો યઃ" તરીકે ધૂમાભાવ આવે. અને તેનાથી અન્ય તરીકે વહ્ન્યભાવ આવે. આમ અવ્યાપ્તિ આવે. પણ 'યો યઃ' થી એવા તમામે તમામ અભાવો લેવાના અને તેનાથી અન્ય અભાવ જ લક્ષણઘટક લેવાનો.' હવે વાંધો ન આવે, કેમકે વહ્ન્યભાવના પ્રતિયોગીવહ્નિના અધિકરણ એવા જ તમામ ધૂમાધિકરણો છે. એટલે વહ્ન્યભાવ પણ 'યો યઃ' તરીકે જ આવે. તદન્ય તરીકે ઘટાભાવાદિ જ આવે. અને તેથી અવ્યાપ્તિ ન આવે.

**जागदीशी** -न चैवं यद्यत्सम्बन्धेन यद्धर्मावच्छिन्नानधिकरणं हेत्वधिकरणं, तत्तत्सम्बन्धान्यसाध्यतावच्छेदकसम्बन्धेन तद्धर्मावच्छिन्नसामानाधिकरण्यमेव लाघवाद्व्याप्तिरस्तु,–

–तथा च 'घटवान् महाकालत्वा' दित्यादौ समवायेन घटाद्यभावोऽपि प्रतियोगिव्यधिकरणः सम्भवतीति वाच्यम्;

---

**चन्द्रशेखरीया :** न च 'यद्यत्सम्बन्धेन साध्यतावच्छेदकयद्धर्मावच्छिन्नसाध्यानधिकरणं हेत्वधिकरणं तत्तत्सम्बन्धभिन्नात्मकेन साध्यतावच्छेदकसम्बन्धेन तद्धर्मावच्छिन्नसाध्यस्य यदधिकरणं, तद्वृत्तित्वमेव हेतुनिष्ठा व्याप्तिः' लाघवात् वक्तव्या । **वह्निमान् धूमादि**त्यत्र समवाय-तादात्म्यादिसम्बन्धेन वह्नित्वावच्छिन्नवह्नि-अनधिकरणं एव पर्वतादिः, तत्तत्सम्बन्धभिन्नात्मकेन संयोगेन वह्नेरधिकरणे पर्वते धूमस्य वर्तमानत्वमस्ति इति लक्षणसमन्वयः ।

**कालिकेन घटवान् महाकालत्वात्** इत्यत्रापि कालिकेन घटाधिकरणमेव महाकालः । अतो यद्यत्सम्बन्धपदेन कालिको न गृह्यते । किन्तु समवायसंयोगादि-सम्बन्धेन घटानधिकरणं महाकालो भवति। अतः, समवायसंयोगादिभिन्नात्मकेन कालिकेन घटाधिकरणे महाकाले महाकालस्य वर्तमानत्वमस्ति इति तत्रापि लक्षणघटनात् नाव्याप्तिः इति वाच्यम् ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** આવી વિવક્ષા કરવી, એના કરતા "યદ્યત્સંબંધેન યદ્ધર્માવચ્છિન્નાનધિકરણં હેત્વધિકરણં, તત્તત્સંબંધ-અન્યસાધ્યતાવચ્છેદકસંબંધથી તદ્ધર્માવચ્છિન્નની સાથે સામાનાધિકરણ્ય." એ જ હેતુમાં રહેલી વ્યાપ્તિ માની લેવી જોઈએ. એમાં ઘણું લાઘવ છે. જુઓ, **વહ્નિમાન્ ધૂમાત્**માં સમવાય-સ્વરૂપાદિસંબંધથી વહ્નિત્વાવચ્છિન્નવહ્નિ-અનધિકરણ એવું હેત્વધિકરણ પર્વત છે. તે સમવાય-સ્વરૂપાદિસંબંધથી અન્ય એવા સાધ્યતાવચ્છેદકસંયોગથી વહ્નિત્વાવચ્છિન્નવહ્નિ જ્યાં પર્વતાદિમાં છે, ત્યાં ધૂમ રહેલો છે. આમ ધૂમમાં તાદૃશસામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિ મળી જાય છે. તે જ રીતે "**કાલિકેન ઘટવાન્ મહાકાલત્વાત્**માં સમવાય + સંયોગાદિ સંબંધથી ઘટાનધિકરણ મહાકાલ બને છે, પણ કાલિકથી ઘટાનધિકરણ મહાકાલ નથી, એટલે કાલિક એ સમવાય+સંયોગાદિ તત્તત્સંબંધ-અન્ય એવો સાધ્યતાવચ્છેદક સંબંધ છે અને તે કાલિકથી ઘટત્વાવચ્છિન્ન-ઘટાધિકરણ મહાકાલમાં મહાકાલત્વ રહે જ છે. આમ મહાકાલત્વમાં તાદૃશસામાનાધિકરણ્ય મળી જતા અવ્યાપ્તિ ન આવે. અહીં, પણ યત્-યત્ સંબંધ દ્વારા જે જે સંબંધોથી સાધ્યનું અનધિકરણ હેત્વધિકરણ બને. તે તમામે તમામ સંબંધો સુચવ્યા છે. બાકી તો "**ધૂમવાન્ વહ્નેઃ**" માં સમવાયથી ધૂમાનધિકરણ અયોગોલકાદિ મળે. અને તે સમવાયથી ભિન્ન એવા સંયોગથી તે ધૂમને પર્વતમાં સમાનાધિકરણ વહ્નિ બની જતાં અતિવ્યાપ્તિ આવે. પણ "યત્ યત્" દ્વારા તમામ સંબંધો સુચવ્યા છે. એટલે સમવાયની જેમ સંયોગથી પણ ધૂમાનધિકરણ જ અયોગોલક બને, એટલે સંયોગ=સાધ્યતાવચ્છેદકસંબંધ તત્તદન્ય તરીકે લઈ શકાતો નથી. એટલે અતિવ્યાપ્તિ ન આવે. આમ લાઘવથી આ જ વિવક્ષા યોગ્ય છે.

**जागदीशी** – **'घटवृत्तित्वविशिष्टद्रव्यत्ववान् घटत्वादित्यादावव्याप्तेः,– –केनापि सम्बन्धेन हेतुमतः साध्यतावच्छेदकावच्छिन्नानधिकरणत्वासम्भवात्,**

---

**चन्द्रशेखरीया :** **'घटवृत्तित्वविशिष्टद्रव्यत्ववान् घटत्वात्'** इत्यादावव्याप्तिप्रसङ्गात् । तथा हि घटवृत्तित्वविशिष्टद्रव्यत्वं तु समवायेनैव घटे एव वर्तते, न तु अन्येन केनापि सम्बन्धेन अन्यत्र कुत्रापि । तथा च समवायेन घटवृत्तित्वविशिष्टद्रव्यत्वाधिकरणमेव घटः । संयोग-स्वरूपादिना तु तस्याधिकरणमेवाप्रसिद्धमतः तदनधिकरणमपि न ग्रहीतुं शक्येत । तथाचात्र लक्षणसमन्वयाभावात् अव्याप्तिर्दुवारा भवेत् ।

**चन्द्रशेखरीया : नवीनो :** તો પછી **ઘટવૃત્તિત્વવિશિષ્ટદ્રવ્યત્વવાન્ ઘટત્વાત્** અહીં અવ્યાપ્તિ આવશે. અહીં ઘટમાં વૃત્તિત્વથી વિશિષ્ટ એવું દ્રવ્યત્વ તો માત્ર ઘટમાં જ રહે. એટલે અહીં ઘટાનુયોગિકસમવાય એ જ સાધ્યતાવચ્છેદકસંબંધ છે. અહીં ઘટત્વાધિકરણ જે ઘટ છે. એમાં કાલિકથી પણ આ દ્રવ્યત્વ ઘટમાં રહે, સમવાયથી પણ રહે. સંયોગથી આ દ્રવ્યત્વ ક્યાંય રહેતું ન હોવાથી તાદશદ્રવ્યત્વનું સંયોગથી અનધિકરણ એવું હેત્વધિકરણ પણ લઈ શકાતું નથી. આમ અહીં હેત્વધિકરણ કોઈપણ સંબંધથી ઘટવૃત્તિત્વવિશિષ્ટ દ્રવ્યત્વનું અનધિકરણ તરીકે લઈ શકાતું જ નથી. એટલે લક્ષણસમન્વય જ ન થતા અવ્યાપ્તિ આવે. અહીં માત્ર દ્રવ્યત્વ સાધ્ય આપે તો તો આ સ્થાન જ ખોટું પડી જતાં અવ્યાપ્તિ-વિધાન ખોટું પડે. જો કે ઘટાનુયોગિકસમવાયસંબંધથી દ્રવ્યત્વ આપે, તો તો આ સ્થાન સાચું ગણાય. પણ ત્યાં પટાનુયોગિકસમવાયથી દ્રવ્યત્વનું અધિકરણ પટ પ્રસિદ્ધ હોવાથી તદનધિકરણ ઘટ પણ લઈ શકાય. અને તો પછી પટાનુયોગિકસમવાયભિન્ન એવા સાધ્યતાવચ્છેદક ઘટાનુયોગિકસમવાયથી તો દ્રવ્યત્વ-સમાનાધિકરણ ઘટત્વ હેતુ બની જતા અવ્યાપ્તિ ન આપી શકાય. માટે જ ઘટવૃત્તિત્વવિશિષ્ટદ્રવ્યત્વ સાધ્ય આપેલ છે. આવું દ્રવ્યત્વ તો પટાનુયોગિકસમવાયથી પણ કશે રહેતું જ નથી. એટલે પટાનુયોગિકસમવાયથી પણ તાદશદ્રવ્યત્વનું અધિકરણ જ પ્રસિદ્ધ ન હોવાથી અનધિકરણ તરીકે પણ હેત્વધિકરણ ન લેવાય. અને તેથી અવ્યાપ્તિ આપી શકાય.

---

**जागदीशी** – **तादात्म्येन तथाविधानधिकरणत्वसम्भवेऽपि 'दधित्वविशिष्टप्रमेयवान् स्थूलदधित्वा' दित्यादावव्याप्तेरिति–प्राहुः ।**

---

**चन्द्रशेखरीया :** न च घटवृत्तित्वविशिष्टद्रव्यत्वस्य तादात्म्येनाधिकरणं तादृशद्रव्यत्वमेव । तदनधिकरणं तु घटः । तथा च यद्यत्सम्बन्धपदेन तादात्म्यं गृह्यते । तद्भिन्नेन समवायसम्बन्धेन तादृश-द्रव्यत्वाधिकरणे घटे घटत्वं वर्तते इति लक्षणघटनात् नाव्याप्तिरिति वाच्यम् तथापि **दधित्वविशिष्टप्रमेयवान् स्थूलदधित्वादि**त्यत्र यत्र तादात्म्येन साध्यं तत्राव्याप्तिर्भवेत् । अत्रानन्तरोक्तघटत्वहेतुकानुमाने यदि केवलं द्रव्यत्वं साध्यमुच्येत । तदा तु पटानुयोगिकसमवायेन द्रव्यत्वाधिकरणं पटः, तदनधिकरणं घटः, तथा च पटानुयोगिकसमवायभिन्नेन घटानुयोगिकसमवायेन द्रव्यत्वाधिकरणे घटे घटत्वं वर्तते । अतोऽव्याप्तिः न भवेत् तस्मात् घटवृत्तित्वविशिष्टद्रव्यत्वं साध्यमुपात्तम् । तच्च घटानुयोगिकसमवायेनैव वर्तते । पटानुयोगिकसमवायेन

तस्य कुत्राप्यवर्तमानत्वात् तेन सम्बन्धेन तदनधिकरणमपि न ग्रहीतुं शक्यमतोऽव्याप्ति:संभवेत् इत्यलं विस्तरेण । प्रकृतं प्रस्तुम: । अत्र यत्र समवायेन दधित्वं वर्तते तत्र यो प्रमेय: समवायेन वर्तते, स समवायघटितसामानाधिकरण्येन दधित्वविशिष्टो भवति । अत्रानुमाने समवायघटितसामानाधिकरण्येन-दधित्वविशिष्ट: प्रमेय: तादात्म्येन साध्य: इति बोध्यम् । तथा च यत्र त्र्यणुकादौ स्थूलदधित्वं वर्तते । तत्र सर्वत्र तादात्म्येन तादृशं दधित्वविशिष्टप्रमेयात्मकं साध्यं वर्तत एव । तथा हि त्र्यणुक: समवायेन द्व्यणुकदध्नि वर्तते, तत्र दधित्वं वर्तते । तथा च द्व्यणुके वर्तमान: त्र्यणुक: समवायघटितसामानाधिकरण्येन दधित्वविशिष्ट: भवति । स च त्र्यणुक: प्रमेय: एव, स च त्र्यणुके तादात्म्येन वर्तते । इत्थञ्च त्र्यणुके स्थूलदधित्वं हेतुरप्यस्ति, तादात्म्येन दधित्वविशिष्टप्रमेयोऽपि अस्ति इति इदं सत्स्थानम् । एवं यदि स्थूलदधित्वं चतुरणुकदध्नि गृह्यते, तदा तत्रापि त्र्यणुके समवायघटितसामानाधिकरण्येन दधित्वविशिष्ट: सन् चतुरणुक: तादात्म्येन चतुरणुके वर्तते । एवं च सर्वत्र स्थूलदधित्वाधिकरणे दधित्वविशिष्टप्रमेयस्य तादात्म्येन सत्वात् अयं सद्धेतु: । किन्तु भवदुक्तरीत्या त्वत्राव्याप्तिर्भवति । यतो यदि स्थूलदधित्वाधिकरणं त्र्यणुकदधि हेत्वधिकरणत्वेन गृह्यते, तदा तु तत्र तादात्म्येन दधित्वविशिष्टप्रमेयं त्र्यणुकस्वरूपं वर्तते । अत: तादात्म्येन साध्याधिकरणमेव त्र्यणुकदधि । एवं समवायेन तत्रैव त्र्यणुके दधित्वविशिष्टचतुरणुकदधिस्वरूपं दधित्वविशिष्टप्रमेयं वर्तते । अत: समवायेनाऽपि साध्याधिकरणमेव त्र्यणुकदधि । एवं स्वरूपेणापि दधित्वविशिष्टप्रमेयस्याधिकरणमप्रसिद्धमेव । तथा हि अत्र समवायघटितसामानाधिकरण्येन दधित्वविशिष्टं प्रमेयमेव साध्यत्वेन गृहीतं । अत: यद् प्रमेयं समवायेन दध्नि वर्तते । तत् एव समवायघटितसामानाधिकरण्येन दधित्वविशिष्टं भवति । यथा त्र्यणुकादौ दध्नि चतुरणुकद्रव्यत्वपृथ्वीत्वसत्तात्र्यणुकत्वादयो पदार्था: प्रमेयरूपा: समवायेन वर्तन्ते । अत: ते सर्वे तादृशसम्बन्धेन दधित्वविशिष्टप्रमेयरूपा: भवन्ति । तथा च समवायेन दध्नि वर्तमानमेव वस्तु दधित्वविशिष्टप्रमेयात्मकं साध्यं भवति, नान्यत् । यच्च वस्तु समवायेन कुत्रापि वर्तते । तद् वस्तु शुद्धस्वरूपेण न कुत्रापि वर्तते इति नियम:। यथा समवायेन कपालादौ वर्तमाना: घटादयो स्वरूपेण कुत्रापि न वर्तन्ते । दधित्वविशिष्टप्रमेयञ्च समवायेन वर्तमानमेवास्ति, अत: तद् स्वरूपेण कुत्रापि न वर्तते इति सिद्धम् । इत्थं च शुद्धस्वरूपसम्बन्धेन दधित्वविशिष्टप्रमेयस्याधिकरणमेवाप्रसिद्धमतो न तेन सम्बन्धेन तदनधिकरणं ग्रहीतुं शक्यम् इति न शुद्धस्वरूप-सम्बन्धेनापि लक्षणसमन्वय: कर्तुं शक्य: । दैशिकविशेषणतासम्बन्धेन कालिकविशेषतासम्बन्धेन च दधित्वविशिष्टप्रमेयस्य हेत्वधिकरणे स्थूलदध्नि वर्तमानत्वात् न तादृशसम्बन्धावाश्रित्यापि अव्याप्तिनिरासो भवितुमर्हति । अत्र हेतौ यदि स्थूलपदं न निवेश्यते । तदा तु द्व्यणुके दधित्वं हेतु: वर्तते । तत्र तादात्म्येन द्व्यणुकात्मकमेव प्रमेयं वर्तते, नान्यत् । स च द्व्यणुक: न समवायघटितसामानाधिकरण्येन दधित्वविशिष्ट: । यतो द्व्यणुकदध्नि हेतुसत्वेऽपि दधित्वविशिष्टप्रमेयात्मकसाध्यस्य तादात्म्येन अभावोऽस्ति । अतो अयं हेतु: व्यभिचारी भवेत् । तथा चात्राव्याप्तिकथनमसंगतमेव स्यात् । अत: स्थूलपदमुपात्तम् । स्थूलदधित्वं तु त्र्यणुकादौ एव वर्तते । तत्र सर्वत्र दधित्वविशिष्टत्र्यणुकदध्यादिस्वरूपप्रमेयस्य तादात्म्येन वर्तमानत्वात् नायं व्यभिचारी हेतु: भवति । अतो निरुक्तरीत्या तत्राव्याप्ति: भवति । अत एव न भवतां व्याप्तिलक्षणं सम्मतं अस्माकं ।

**ननु** अत्रानुमानेऽपि अव्याप्तिः न भवत्येव । यतो यदि स्थूलदधित्वाधिकरणम् त्र्यणुकम् गृह्यते, तदा चतुरणुकानुयोगिक-समवायेन दधित्वविशिष्टप्रमेयात्मकसाध्यस्य पञ्चाणुकस्वरूपस्याधिकरणम् चतुरणुकदधि एव । न तु त्र्यणुकदधि । तथा च चतुरणुकदधि-अनुयोगिकसमवायेन दधित्वविशिष्टप्रमेयानधिकरणं हेत्वधिकरणं त्र्यणुकदधि भवति । इत्थं च यद्यत्सम्बन्धपदेन चतुरणुकदध्यनुयोगिकसमवायो ग्रहीतुं शक्यः, तद्भिन्नः सम्बन्धः तादात्म्यम् । तेन सम्बन्धेन दधित्वविशिष्टप्रमेयस्य त्र्यणुकादिदधिरूपस्याधिकरणम् त्र्यणुकादिदधि एव । तत्र च स्थूलदधित्वं वर्तते इति लक्षणघटनात् नाव्याप्तिः । एवं दधित्वविशिष्टप्रमेयरूपं साध्यं तु दध्नि समवायेन वर्तमानमेव त्र्यणुकदधि-चतुरणुकदधि-द्रव्यत्व-पृथ्वीत्वादि भवति । न त्वन्यत् । तत्र हेत्वधिकरणे त्र्यणुकदध्नि द्रव्यत्वपृथ्वीत्वादिरूपम् यत् दधित्वविशिष्टप्रमेयं, तत् संयोगेन न वर्तत एव । तस्य संयोगेन वृत्तितायाः एवाप्रसिद्धत्वात् । यच्च त्र्यणुकदधि-चतुरणुकदधिस्वरूपं साध्यं, तत् त्र्यणुकदध्नि तादात्म्य-समवायादिना यद्यपि वर्तते, किन्तु संयोगेन न वर्ततेऽपि । त्र्यणुकदध्नि त्र्यणुकदधि-चतुरणुकदध्यादीनां साध्यस्वरूपाणां संयोगेनावर्तमानत्वस्य संभवात् । इत्थं च संयोगेन दधित्वविशिष्टप्रमेयानां त्र्यणुकदधित्वादिरूपाणां अधिकरणं तत्पात्रकादि । तदनधिकरणं तु त्र्यणुकदधि भवति । अतो यद्यत्सम्बन्धपदेन संयोगोऽपि ग्रहीतुं शक्यते । तद्भिन्नेन तादात्म्यसम्बन्धेन साध्याधिकरणे हेतोः वर्तमानत्वात् भवति लक्षणसमन्वयः। तथा च अस्मदुक्तव्याप्तिलक्षणमपि निर्दुष्टमेव भवति तत्कथं तस्य प्रतिषेधः क्रियते इति **चेत्** सत्यं तथापि तत्त्र्यणुकदधिवृत्तित्वविशिष्टदधि यत्र तादात्म्येन साध्यं तत्र तत्त्र्यणुकदधित्वहेतौ अव्याप्तिः भवेत् । तथा हि अत्र हेत्वधिकरणं तु तत्त्र्यणुकमेव । तच्च तत्त्र्यणुकदधि तादात्म्येन तत्त्र्यणुके वर्तते । अतः तत्त्र्यणुकदधि तत्त्र्यणुकदधिवृत्तित्वविशिष्टदधि भवति । एवं तत्त्र्यणुके समवायेन वर्तमानं चतुरणकदधि अपि तत्त्र्यणुकदधिवृत्तित्वविशिष्टदधि भवति । अनयोः द्वयोः मध्ये तत्त्र्यणुकदधिरूपं साध्यं तादात्म्येन तत्त्र्यणुकदध्नि वर्तत एव । अतो अयं सद्धेतुरस्ति । किन्तु भवदुक्तरीत्याऽत्र लक्षणसमन्वयो न भवेत् । तथाहि यदि तादात्म्यसम्बन्धो गृह्येत, तदा तेन सम्बन्धेन तत्त्र्यणुक-दधिवृत्तित्वविशिष्टदधि-अधिकरणमेव तत्त्र्यणुकदधि, न तु अनधिकरणम् । अतः तादात्म्यं न ग्रहीतुं शक्यम् । यदि समवायो गृह्येत, तदा समवायेन तत्त्र्यणुकदधिवृत्तित्वविशिष्टदधि चतुरणुकदधिस्वरूपं तत्र तत्त्र्यणुके वर्तते । अतः समवायेनापि तत्त्र्यणुक-दधिवृत्तित्वविशिष्टदधि-अधिकरणमेव तत्त्र्यणुकदधि । अतः समवायोऽपि न गृह्यते । एवं यदि चतुरणुकदध्यनुयोगिकसमवायादि गृह्येत । तदा तु तत्त्र्यणुकदधिवृत्तित्वविशिष्टदधि समवायेन तत्त्र्युकदध्नि वर्तमानं चतुरणुकदधिरूपं तत्त्र्यणुकानुयोगिकसमवायेनैव वर्तते । न त्वन्यसम्बन्धेन । अतः चतुरणुकदध्यनुयोगिकसमवायादिना साध्याधिकरणस्यैवाप्रसिद्धत्वात् तेन सम्बन्धेन तदनधिकरणमपि ग्रहीतुं न शक्यम् इति न तादृशसम्बन्धोऽपि ग्रहीतुं शक्यः । एवं संयोगोऽपि ग्रहीतुं न शक्यते । तथाहि-यथा द्रव्यत्वं समवायेन सर्वत्र द्रव्ये वर्तते । किन्तु समवायेन घटवृत्तित्वविशिष्टं द्रव्यत्वं तु समवायेन केवलं घटे एव वर्तते । सोऽपि समवायः घटानुयोगिकसमवाय एव, न त्वन्यः । एवं समवायेन कपालवृत्तित्वविशिष्टो घटोऽपि कपालानुयोगिकसमवायेनैव वर्तते । न तु संयोगादिना कुत्रापि । एवमत्रापि समवायेन तत्त्र्यणुकदधिवृत्तित्व-विशिष्टचतुरणुकदधिरूपं साध्यं समवायेनैव वर्तते । तादात्म्येन तत्त्र्यणुकदधिवृत्तित्वविशिष्टतत्त्र्यणुकदधिरूपं

साध्यं तादात्म्येनैव वर्तते । न त्वन्यसम्बन्धेन । तथा चात्र साध्यस्य संयोगेनाधिकरणमेवाप्रसिद्धम् । अतः संयोगेन तदनधिकरणमपि ग्रहीतुं न शक्यते । इत्थं च भवदुक्तलक्षणं अत्राव्याप्तं भवत्येव । अतः तत्र लक्षणे सत्यपि लाघवे न तद् इष्यते । अस्मत्कृतलक्षणं त्वत्रापि घटते । तथा हि तत्त्र्यणुकवृत्तित्व-विशिष्टदध्यभावप्रतियोगिनः तत्त्र्यणुकदधि-वृत्तित्वविशिष्टदध्नः साध्यतावच्छेदकतादात्म्येनाधिकरणमेव तत्त्र्यणुकदधित्व-अधिकरणीभूतं तत्त्र्यणुकदधि । अतः साध्याभावो यावदभावान्तर्गतः, न तु तद्भिन्नः । तद्भिन्नश्च घटाद्यभावः, तत्प्रतियोगिता-नवच्छेदकमेव साध्यतावच्छेदकमिति लक्षणघटनात् न कोऽपि अव्याप्तिस्वरूपो दोषः संभवति । अत्र समाप्तो नव्याभिप्रायः । एवं तावत् जगदीशगुरुचरणानां नवीनानाञ्च प्रत्युत्तरात्मकोऽभिप्रायः प्रतिपादितः । अधुना दीधितिकारः किं समाधानं ददाति तत् दर्श्यते ।

**चन्द्रशेखरीया : प्रश्न :** તાદાત્મ્ય સંબંધથી ઘટવૃત્તિત્વવિશિષ્ટદ્રવ્યત્વનું અધિકરણ તાદૃશદ્રવ્યત્વ પ્રસિદ્ધ છે. અને તેથી અનધિકરણ તરીકે ઘટ પણ લઈ શકાય અને એ તાદાત્મ્યભિન્ન તરીકે સાધ્યતાવચ્છેદક=ઘટાનુયોગિકસમવાય મળી જાય. અને તે સંબંધથી તાદૃશદ્રવ્યત્વને સમાનાધિકરણ ઘટત્વ છે જ. આમ લક્ષણ ઘટે જ છે. તો પછી અવ્યાપ્તિ આવવાની જ નથી.

**નવીનો :** તો પણ **દધિત્વવિશિષ્ટપ્રમેયવાન્ સ્થૂલદધિત્વાત્** એમાં અવ્યાપ્તિ આવે. અહીં જ્યાં દધિત્વ સમવાયથી રહે અને પ્રમેય સમવાયથી રહે. ત્યાં દધિત્વ એ સામાનાધિકરણ્ય સંબંધથી પ્રમેયમાં રહી જાય અને આ રીતે જ દધિત્વવિશિષ્ટપ્રમેય એ સાધ્ય તરીકે લેવાનું છે અને એ અહીં તાદાત્મ્ય સંબંધથી સાધ્ય તરીકે જાણવું. સ્થૂલદધિત્વ સમવાયસંબંધથી હેતુ તરીકે જાણવું. જો માત્ર દધિત્વને જ હેતુ બનાવે તો દ્વયણુકમાં જ વ્યભિચાર આવે. એમાં દધિત્વ છે. પણ દધિત્વવિશિષ્ટપ્રમેય તાદાત્મ્યથી રહેતું નથી. તાદાત્મ્યથી રાખવાનું હોવાથી દ્વયણુક જો દધિત્વવિશિષ્ટ બને, તો જ એ તાદાત્મ્યથી દ્વયણુકમાં રહી શકે. હવે અહીં તો સમવાયઘટિતસામાનાધિકરણ્યથી દધિત્વવિશિષ્ટપ્રમેય જ લેવાનું છે. દ્વયણુક સમવાયથી પરમાણુમાં છે, તેમાં સમવાયથી દધિત્વ નથી. એટલે દ્વયણુક એ સમવાયઘટિત સામાનાધિકરણ્યથી તો દધિત્વવિશિષ્ટ બનતો જ નથી. અને માટે તે દ્વયણુકમાં દધિત્વવિશિષ્ટ પ્રમેયાત્મક સાધ્ય ન મળવાથી સ્થાન જ વ્યભિચારી બને. એ ન બને, તે માટે સ્થૂલ પદ હેતુમાં મુકેલ છે. ત્ર્યણુકદધિથી માંડીને બધામાં સ્થૂલદધિત્વ છે, અને એ ત્ર્યણુક એ સમવાયથી દધિત્વવાળા એવા દ્વયણુકમાં સમવાયથી રહે છે. એટલે ત્ર્યણુક એ સમવાયઘટિત સામાનાધિકરણ્ય સંબંધથી દધિત્વવિશિષ્ટપ્રમેય કહેવાય. અને તે ત્ર્યણુક=દધિત્વવિશિષ્ટપ્રમેય તાદાત્મ્યથી તો ત્ર્યણુકમાં રહે જ છે. એ રીતે તમામે તમામ સ્થૂલદધિત્વાધિકરણમાં સાધ્ય સંભવી શકતું હોવાથી આ હેતુ સાચો ગણાય. પણ હવે તમારી વ્યાખ્યા પ્રમાણે અવ્યાપ્તિ આવશે.

અહીં જેટલા સ્થૂલદધિત્વાધિકરણ=સ્થૂલદધિઓ છે. એ તમામમાં તાદાત્મ્યથી પણ દધિત્વવિશિષ્ટપ્રમેય રહે છે. સમવાયથી પણ રહે છે. તે આ પ્રમાણે-ધારો કે સ્થૂલદધિ=ત્ર્યણુક લો તો તેમાં દધિત્વવિશિષ્ટત્ર્યણુકાત્મક પ્રમેય=સાધ્ય એ તાદાત્મ્યથી રહે છે. એમ દધિત્વવિશિષ્ટચતુરણુક (પ્રમેય)=સાધ્ય એ સમવાયથી રહે છે. એમ તે ત્ર્યણુકમાં સમવાયથી જે પૃથ્વીત્વાદિ જાતિ છે. તે પણ સમવાયસંબંધથી દધિત્વવિશિષ્ટપ્રમેય જ છે. એટલે તે પણ સમવાયથી ત્ર્યણુકમાં રહે છે. આમ અહીં કોઈ પણ સંબંધથી દધિત્વવિશિષ્ટ-પ્રમેયનું અનધિકરણ એવું હેત્વધિકરણ બનતું જ ન હોવાથી લક્ષણસમન્વય ન થતા અવ્યાપ્તિ આવે.

**પ્રશ્ન :** દધિત્વવિશિષ્ટપ્રમેયનું સ્વરૂપસંબંધથી અનધિકરણ હેત્વધિકરણ કેમ ન મળે ?

**નવીનો :** જુઓ, અહીં સમવાયઘટિતસામાનાધિકરણ્યથી દધિત્વવિશિષ્ટપ્રમેય સાધ્ય છે, એટલે અહીં પ્રમેય તરીકે એ જ લેવાય, કે જે સમવાયથી રહેતો હોય. સમવાયથી ન રહેનાર કોઈપણ પદાર્થ સમવાયઘટિત-સામાનાધિકરણ્યથી તો દધિત્વવિશિષ્ટ બનવાનો જ નથી, જેમકે ઘટાદિ પદાર્થો એ સમવાયથી રહેનારા છે, તે શુદ્ધ સ્વરૂપસંબંધથી ક્યાંય નથી રહેતા. હવે અહીં દધિત્વવિશિષ્ટપ્રમેય અવશ્ય સમવાયથી રહેનારો જ હોવાથી તે શુદ્ધસ્વરૂપથી ક્યાંય રહેતો નથી. એટલે શુદ્ધસ્વરૂપથી આનું અધિકરણ જ પ્રસિદ્ધ ન હોવાથી તે સંબંધથી તેનું=દધિત્વવિશિષ્ટપ્રમેયનું અનધિકરણ પણ મળતું નથી. માટે અવ્યાપ્તિ આવે જ છે. જો દૈશિકવિશેષણતા કે કાલિક વિશેષણતા રૂપ સ્વરૂપ સં. લો, તો એ સંબંધથી તો દધિત્વવિશિષ્ટપ્રમેય એ હેત્વધિકરણમાં રહે જ છે, એટલે તેનું તો અનધિકરણ તે સંબંધથી આ હેત્વધિકરણો બનતા જ નથી એટલે સ્વરૂપાદિ દ્વારા પણ લક્ષણસમન્વય શક્ય નથી.

**પ્રશ્ન :** તો પણ ત્ર્યણૂકાદિ દધિમાં સમવાયથી ભલે દધિત્વવિશિષ્ટપ્રમેય હોય. સંયોગસંબંધથી તો કોઈપણ દધિત્વવિશિષ્ટપ્રમેય ન હોય, એ સંભવી શકે જ છે. અહીં એ વાત તો સ્પષ્ટ જ છે કે દધિમાં સમવાયથી રહેનારો પદાર્થ જ સમવાયઘટિતસામાનાધિકરણ્ય સં.થી દધિત્વવિશિષ્ટપ્રમેય તરીકે ઓળખાય. હવે દધિમાં સમવાયથી રહેનારા તરીકે તો જાતિઓ + ગુણો + દધિરૂપ અવયવી જ આવી શકે. એમાં ગુણ + જાતિઓ દધિત્વવિશિષ્ટ પ્રમેય બને, પણ તેમનું સંયોગથી અધિકરણ જ પ્રસિદ્ધ નથી. એટલે એને લેવાની જરૂર નથી. એટલે હવે દધિત્વવિશિષ્ટ પ્રમેય તરીકે બધા સ્થૂલદધિઓ જ બાકી રહ્યા. એ સ્થૂલદધિઓ પોત-પોતાના દધિરૂપ અવયવોમાં સમવાયથી જ રહેવાના છે, એટલે સંયોગથી તો તેમનો અભાવ જ છે. અવયવી અવયવમાં સંયોગથી રહેવાનો જ નથી. ધારો કે ત્ર્યણુકદધિ લઈએ તો તેમાં દધિત્વવિશિષ્ટપ્રમેય=ત્ર્યણુકદધિ તાદાત્મ્યથી રહેશે, પણ સંયોગથી ન રહે. ચતુરણુકદધિ=દધિત્વવિશિષ્ટપ્રમેય સમવાયથી રહેશે, પણ સંયોગથી ન રહે. પંચાણુકાદિ દધિઓ તો તાદાત્મ્યથી કે કોઈપણ સંબંધથી એ ત્ર્યણુકમાં ન હોય એ સંભવિત જ છે.એટલે દધિત્વવિશિષ્ટપ્રમેયનું સંયોગથી અધિકરણ જે પાત્ર=તપેલી વગેરે દ્રવ્યો, તદન્ય એવું હેત્વધિકરણ સ્થૂલદધિ મળે જ છે. અને તેથી સંયોગભિન્ન એવાં તાદાત્મ્યથી=સાધ્યતાવચ્છેદકસંબંધથી દધિત્વવિશિષ્ટપ્રમેયનું સામાનાધિકરણ્ય સ્થૂલદધિત્વમાં મળી જ જાય છે. આમ, લક્ષણ સમન્વય સંભવી શકતો હોવાથી અવ્યાપ્તિ ન આવે.

**નવીનો :** અહીં દધિત્વવિશિષ્ટ પ્રમેય એ સમવાયથી જ રહેતો હોવાથી સંયોગથી તેનું અધિકરણ જ પ્રસિદ્ધ નથી.

**પ્રશ્ન :** વાહ ! તો તો પછી દધિત્વવિશિષ્ટપ્રમેય સમવાયથી જ રહેતો હોવાથી તેનું તાદાત્મ્યથી અધિકરણ જ અપ્રસિદ્ધ બનવાથી આ સ્થાન જ ખોટું પડે. એટલે એ વાત તો સર્વથા ખોટી છે અને બીજી વાત એ કે હેત્વધિકરણ તરીકે ચતુરણુક લઈએ તો ત્ર્યણુકદધિ-અનુયોગિકસમવાયથી તો દધિત્વવિશિષ્ટપ્રમેયો ત્ર્યણુકદધિમાં જ મળે. એટલે તાદૃશસમવાયભિન્ન એવા તાદાત્મ્ય સંબંધથી તાદૃશસાધ્યનું સામાનાધિકરણ્ય સ્થૂલદધિત્વમાં મળી જતા વ્યાપ્તિલક્ષણ મળી જ જાય.

**નવીનો : તત્ત્ર્યણુકદધિવૃત્તિત્વવિશિષ્ટદધિમાન્ તત્ત્ર્યણુકદધિત્વાત્.** અહીં તાદાત્મ્યેન સાધ્ય સમજવું. તત્ત્ર્યણુકમાં વૃત્તિત્વથી વિશિષ્ટ એવો દધિ તરીકે ત્ર્યણુક પોતે મળી શકે. કેમકે તે ત્ર્યણુક તાદાત્મ્યથી સાધ્ય-અનધિકરણ એવું હેત્વધિકરણ નહીં મળે, કેમકે તત્ત્ર્યણુકવૃત્તિત્વવિશિષ્ટદધિ એ જો તત્ત્ર્યણુકમાં તાદાત્મ્યથી

વૃત્તિ તરીકે લીધેલ હશે, તો આ તત્ત્ર્યણુકવૃત્તિત્વવિશિષ્ટદધિ એ તત્ત્ર્યણુકાનુયોગિકતાદાત્મ્યથી જ રહેશે. એ સમવાયાદિસંબંધથી તેનું અધિકરણ પ્રસિદ્ધ જ ન બનવાથી તેનું અનધિકરણ પણ ન મળે. એટલે ચતુરણુકાનુયોગિકસમવાયાદિથી પણ તત્ત્ર્યણુકવૃત્તિત્વવિશિષ્ટદધિનું અનધિકરણ એવું હેત્વધિકરણ લઈ ન શકાય.

એમ તત્ત્ર્યણુકમાં જો સમવાયથી વૃત્તિ એવો દધિ લેશો, તો તત્ત્ર્યણુકવૃત્તિત્વ વિશિષ્ટદધિ એ તત્ત્ર્યણુક અનુયોગિકસમવાયથી જ રહેશે. બીજા કોઈ પણ સંબંધથી તેનું અધિકરણ ન મળતા બીજા કોઈપણ સંબંધથી તેનું અનધિકરણ એવું હેત્વધિકરણ પણ ન લઈ શકાય અને તત્ત્ર્યણુકવૃત્તિત્વવિશિષ્ટદધિ એ તત્ત્ર્યણુકાનુયોગિકસમવાયથી તો તત્ત્ર્યણુકમાં રહેલું જ છે, એટલે એ સંબંધથી તેનું અધિકરણ જ હેત્વધિકરણ મળી જાય છે.

અહીં એ ખ્યાલ રાખવો કે તત્ત્ર્યણુકદધિવૃત્તિત્વવિશિષ્ટદધિ એ તાદાત્મ્યથી જ સાધ્ય હોવાથી તત્ત્ર્યણુકદધિમાં તાદાત્મ્યથી વૃત્તિ એવો દધિ જ અહીં સાધ્ય તરીકે છે, પણ જ્યારે વ્યાપ્તિલક્ષણ વિચારીએ ત્યારે કોઈ એમ કહે કે, તત્ત્ર્યણુકદધિવૃત્તિત્વવિશિષ્ટદધિનો તત્ત્ર્યણુકદધિમાં સમવાયથી અભાવ છે, તો ત્યારે એમ કહી શકાય કે, તત્ત્ર્યણુકમાં સમવાયથી વૃત્તિ એવો જે ચતુરણુકદધિ છે. એ પણ તત્ત્ર્યણુકવૃત્તિત્વવિશિષ્ટદધિ જ છે. અને એ તો સમવાયથી તત્ત્ર્યણુકમાં રહે જ છે, માટે તેનું અનધિકરણ તત્ત્ર્યણુક ન બને. તેમ કોઈ ચતુરણુકાનુયોગિકસમવાયાદિથી આ સાધ્યનો હેત્વધિકરણમાં અભાવ સુચવે તો ત્યાં પણ સ્પષ્ટ કહી શકાય કે તત્ત્ર્યણુકદધિવૃત્તિત્વવિશિષ્ટ દધિ એ તત્ત્ર્યણુકદધિ-અનુયોગિકતાદાત્મ્ય, તત્ત્ર્યણુકાનુયોગિકસમવાયાદિથી જ રહી શકે. ચતુરણુકદધિ-અનુયોગિકસમવાયાદિથી તે કશે રહે જ નહી. માટે "તેનું અનધિકરણ હેત્વધિકરણ બને છે" એમ બોલી જ ન શકાય. એટલે એવા કોઈપણ સંબંધથી અહીં સાધ્યાનધિકરણ હેત્વધિકરણ લઈ શકાતું જ નથી.

હવે સંયોગસબંધ વિચારીએ, તો ધારોકે તત્ત્ર્યણુકદધિ ઉપર બીજો કોઈ દ્વયણુકદધિ સંયોગથી રહેલો છે, તો એ દ્વયણુકદધિ એ તત્ત્ર્યણુકદધિવૃત્તિત્વવિશિષ્ટ બનશે. હવે આ વખતે તો સંયોગથી તત્ત્ર્યણુકદધિવૃત્તિત્વવિશિષ્ટદધિ એ તત્ત્ર્યણુકમાં હાજર જ હોવાથી તદનધિકરણ બનતો જ નથી. હવે જ્યારે એ તત્ત્ર્યણુકમાં સંયોગથી કોઈપણ દધિ નથી. ત્યારે તત્ત્ર્યણુકાદિમાં તાદાત્મ્યથી/સમવાયથી વૃત્તિ એવા જ દધિ એ તત્ત્ર્યણુકદધિવૃત્તિત્વ વિશિષ્ટ બનશે. હવે એ દધિ તો સંયોગથી ક્યાંય રહેતા જ નથી. જેમ દ્રવ્યત્વ એ આમ તો સમવાયથી બધે જ રહે પણ જ્યારે ઘટાનુયોગિકસમવાયથી ઘટવૃત્તિત્વવિશિષ્ટ દ્રવ્યત્વ લઈએ તો એ સમવાયથી માત્ર ઘટમાં જ રહે. ઘટ એ સંયોગથી ભૂતલમાં, સમવાયથી કપાલમાં, તાદાત્મ્યથી ઘટમાં રહે ખરો. પણ જ્યારે સમવાયથી કપાલવૃત્તિત્વવિશિષ્ટઘટ લઈએ, ત્યારે તે પછી સંયોગાદિથી કશે પણ રહેનારો ગણાતો નથી. આમ અહીં પણ સમવાયાદિથી તત્ત્ર્યણુકદધિવૃત્તિત્વવિશિષ્ટદધિનું સંયોગથી અધિકરણ જ પ્રસિદ્ધ ન હોવાથી તેનું અનધિકરણ એવું હેત્વધિકરણ પણ લઈ શકાતું નથી અને તેથી આ સ્થાને કોઈપણ સંબંધથી સાધ્ય-અનધિકરણ હેત્વધિકરણ ન મળી શકતા લક્ષણસમન્વય ન થતા અવ્યાપ્તિ આવે. માટે જ તમારી આ વ્યાપ્તિની વ્યાખ્યા બરાબર નથી. અમારી વ્યાખ્યા મુજબ અહીં પણ વાંધો ન આવે. અહીં સાધ્યતાવચ્છેદક તરીકે તાદાત્મ્ય સંબંધ છે. તત્ત્ર્યણુકદધિવૃત્તિત્વવિશિષ્ટદધિ-અભાવના પ્રતિયોગી તરીકે તત્ત્ર્યણુકદધિવૃત્તિત્વવિશિષ્ટ દધિ આવે અને તાદાત્મ્યસંબંધથી આવા દધિનું અધિકરણ જ તત્ત્ર્યણુકદધિ બને છે. એટલે "યો યઃ" ની અંદર જ આ

સાધ્યાભાવ આવી ગયો એટલે હવે તાદાત્મ્યથી ઘટાભાવપ્રતિયોગિઘટનું અધિકરણ એવા યાવત્ હેત્વધિકરણ=તત્ત્ર્યણુકદધિ બનતું જ નથી. ઘટ એ તાદાત્મ્યથી તત્ત્ર્યણુકમાં નથી રહેતો એટલે ઘટાભાવ એ તદન્ય.... અભાવ તરીકે લઈ શકાશે અર્થાત્ તાદાત્મ્યથી સ્વપ્રતિયોગી અધિકરણ-યાવત્હેત્વધિકરણક એવા અભાવથી અન્ય તરીકે ઘટાભાવાદિ લેવાશે. તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક તત્ત્ર્યણુકદધિવૃત્તિત્વ-વિશિષ્ટદધિત્વ બની જાય. આમ લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ વગેરે ન આવે. નવીનોના મતમાં જે વિસ્તાર કર્યો છે તે વિવૃત્તિટીકાને અનુસારે છે એમ જાણવું.

આમ અમારા ગુરુઓ અને નવીનોએ પૂર્વપક્ષની સામે ઉત્તર આપ્યો. દીધિતિકાર શું ઉત્તર આપે છે, તે હવે જોઈએ.

## दीधितिः

**मैवं, साध्यतावच्छेदकसम्बन्धसामान्ये, –निरुक्तप्रतियोगिप्रतियोगिकत्व,– हेत्वधिकरणीभूतयत्किञ्चिद्व्यक्त्यनुयोगिकत्वसामान्योभयाभावस्य विवक्षितत्वात् ॥१९॥**

**जागदीशी**- तादृशसम्बन्धसामान्य इति । अस्य पूर्ववदर्थो बोध्यः । क्वचित्साध्यतावच्छेदकसम्बन्ध-सामान्ये' इत्येव पाठः । विवक्षितत्वादिति । अभावान्तमूलग्रन्थेनेत्यादिः,

तथा च साध्यतावच्छेदकसम्बन्धसामान्ये,—यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिकत्व-हेत्वधिकरणीभूतयत्किञ्चिद्व्यक्त्यनुयोगिकत्वसामान्योभयाभावस्तादृश-प्रतियोगितानवच्छेदकीभूतसाध्यतावच्छेदकावच्छिन्नसामानाधिकरण्यं व्याप्तिरित्यर्थः ।

**चन्द्रशेखरीया** : अत्रोच्यते । साध्यतावच्छेदकसम्बन्धसामान्ये निरुक्तप्रतियोगिप्रतियोगिकत्व-हेत्वधिकरणीभूतयत् किंचिद्व्यक्ति-अनुयोगिकत्वसामान्योभयाभावस्य विवक्षितत्वात् न दोषः । अस्यायमर्थः । यावन्तः साध्यता-वच्छेदकसम्बन्धाः तेषु सर्वेषु यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिकत्वसामान्य-हेत्वधिकरणीभूतयत्किंचिद्व्यक्त्यनुयोगिकत्वसामान्योभयाभावः विद्यते । तादृशप्रतियोगितानवच्छेदकं यत् साध्यतावच्छेदकं तदवच्छिन्नेन साध्येन सह सामानाधिकरण्यं हेतौ व्याप्तिः । '**वह्निमान् धूमादि**'त्यत्र यावन्तः संयोगाः साध्यतावच्छेदकसम्बन्धरूपाः, तदन्तर्गतेषु पर्वतीयवह्निसंयोगादिषु वह्नि-अभावप्रतियोगिता-वच्छेदकवह्नित्वावच्छिन्न-वह्निप्रतियोगिकत्वं वर्तते । अतः तेषु तादृशप्रतियोगिकत्वसामान्यस्याभावो न वर्तते । एवं तेष्वेव संयोगेषु हेत्वधिकरणीभूतपर्वतानुयोगिकत्वं वर्तते, अतः तादृशानुयोगिकत्वसामान्याभावोऽपि न वर्तते

। अतः एतेषु संयोगेषु द्वयोःसत्त्वात्, सर्वेषु संयोगेषु उभयाभावो न वर्तते । अतो न वह्न्यभावो लक्षणघटकोऽपि तु घटाभाव एव । असत्कल्पनयाऽत्र जगति दश संयोगाः कल्प्यन्ते । तेषु त्रयः संयोगाः घटस्य, सप्त तु वह्नेः । त्रिषु घटसंयोगेषु पर्वतानुयोगिकत्वसामान्यस्याभावो वर्तते, कस्यापि घटस्य संयोगेन पर्वतेऽवर्तमानत्वात् । अतः तेषु घट-प्रतियोगिकत्वसामान्याभावस्यासत्त्वेऽपि पर्वतानुयोगिकत्वसामान्याभावस्य सत्वात् उभयाभावो मीलितः । ये च सप्त वह्निसंयोगाः। तेषु यद्यपि पर्वताद्यनुयोगिकत्वस्य सत्वात् तत्सामान्याभावो नास्ति । किन्तु तेषु घटप्रतियोगिकत्वस्य कस्यापि अवर्तमानत्वात्, तेषु घटप्रतियोगिकत्व- सामान्याभावो वर्तते । एवं च दशसु संयोगेषु उभयाभावसत्वात् घटाभावो लक्षणघटको भवतीति न कोऽपि दोषः । '**कालिकेन घटवान् महाकालत्वादि**'त्यत्र तु साध्यतावच्छेदककालिकसम्बन्धेषु सर्वेषु गगनाभावप्रतियोगिगगनप्रतियोगिकत्वसामान्यस्याभावो वर्तते, कालिकेन गगनस्य कुत्राप्यवर्तमानत्वात् । तथा च सर्वेषु कालिकेषु गगनप्रतियोगिकत्वसामान्याभावस्य सत्वादुभयाभावोऽपि वर्तते । अतो गगनाभावमादाय लक्षणघटनात् नाव्याप्तिरूपो दोषः ।

**ચન્દ્રશેખરીયા : ઉત્તરપક્ષ : સાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યમાં યાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગિકત્વ + હેત્વધિકરણીભૂતયત્કિંચિદ્-વ્યક્તિ-અનુયોગિકત્વસામાન્યોભયાભાવ હોય. તાદશપ્રતિયોગિતાનું અનવચ્છેદક એવું સાધ્યતાવચ્છેદક લેવાનું. અને તદવચ્છિન્નસાધ્યને સમાનાધિકરણ એવા હેતુમાં તાદશસામાનાધિકરણ્ય એ જ વ્યાપ્તિ છે.**

**વહ્નિમાન્ ધૂમાત્** સ્થળે પર્વતીયસંયોગમાં વહ્નિનિષ્ઠપ્રતિયોગિતાવચ્છેદક વહ્નિત્વ અવચ્છિન્ન પ્રતિયોગીકત્વ + ધૂમાધિકરણપર્વતાનુયોગિકત્વ છે. કેમકે વહ્નિ એ પર્વતમાં પર્વતીયસંયોગથી રહે જ છે, એટલે તમામે તમામ સંયોગોમાં ઉભયાભાવ મળતો નથી. માટે વહ્ન્યભાવ ન લેવાય. પણ બધા જ સંયોગોમાં ઘટત્વાવચ્છિન્નઘટ-પ્રતિયોગીકત્વ + ધૂમાધિકરણ-પર્વતાદિ-અનુયોગિકત્વોભયનો અભાવ જ મળે છે. કેમકે જે સંયોગોમાં ઘટપ્રતિયોગીકત્વ છે. તેઓમાં ધૂમાધિકરણાનુયોગિકત્વ ન હોવાથી ઉભયાભાવ મળે. અને જે સંયોગોમાં ધૂમાધિકરણાનુયોગિકત્વ છે, તેઓમાં ઘટપ્રતિયોગીકત્વ મળતું નથી. આમ તેઓમાં પણ ઉભયાભાવ મળે. જો કોઈક ઘટ સંયોગથી ધૂમાધિકરણમાં રહેતો હોત તો તે સંયોગમાં ધૂમપ્રતિયોગીકત્વ ધૂમાધિકરણાનુયોગિકત્વ મળત. પણ તેવું નથી માટે સંયોગસામાન્યમાં ઘટાભાવને લઈને ઉભયાભાવ મળી જાય છે માટે લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी** -'**सम्बन्धसामान्ये**' **इत्युक्तौ, —कालिकसम्बन्धे धूमप्रतियोगिकत्वाऽयःपिण्डानुयोगिकत्वोभयसत्त्वा**'**द्धूमवान् वह्नेः**' **इत्यादावति-व्याप्तिरतः,— "साध्यतावच्छेदके"—ति ।**

---

**चन्द्रशेखरीया :** अत्र साध्यतावच्छेदकपदं त्यक्त्वा केवलं '**सम्बन्धसामान्ये**' इत्येवोच्येत, तदा तु **धूमवान् वह्नेरि**त्यत्र सम्बन्धसामान्यान्तर्गते कालिके धूमाभावप्रतियोगिधूमप्रतियोगिकत्वस्य वह्न्यधिकरण-

अयोगोलकानुयोगि-कत्वस्य य सत्वात् उभयाभावो न वर्तते, धूमस्य कालिकेनायोगोलके वर्तमानत्वात्। इत्थं च कालिके तादृशोभयस्य सत्वात् सम्बन्धसामान्ये उभयाभावो न मीलितः। अतः न धूमाभावो लक्षणघटकः, किन्तु गगनाभाव एव। तथाचातिव्याप्तिर्भवेत्। तद्वारणाय साध्यातवच्छेदकपदमुपात्तं तथा चात्र संयोगा एव तादृशाः। तत्र येऽयोगोलकानुयोगिकसंयोगाः सन्ति। तेषु सर्वेषु धूमाभावप्रतियोगिधूमप्रतियोगिकत्व-सामान्यस्याभावो वर्तते। कस्यापि धूमस्य संयोगेनायोगोलकेऽवर्तमानत्वात्। ये च धूमप्रतियोगिकसंयोगाः पर्वताद्यनुयोगिनः सन्ति। तेषु अयोगोलकानुयोगिकत्वसामान्याभावो वर्तते। अन्येषु च संयोगेषु धूमप्रतियोगिकत्वसामान्यस्याभावोऽयोगोलकानुयोगिकत्वसामान्यस्याभावः च वर्तते। इत्थं च सर्वेषु संयोगेषु तादृशप्रतियोगिकत्वसामान्याभावमादाय तादृशानुयोगिकत्वसामान्याभावमादाय वा तादृशोभयाभावमादाय वोभयाभावो वर्तते। अतो धूमाभावस्यैव लक्षणघटकत्वात् नातिव्याप्तिः।

**ચન્દ્રશેખરીયા :** અહીં 'સાધ્યતાવચ્છેદક' એ પદ ન લખો, તો **'धूमवान् वह्नेः'** માં અતિવ્યાપ્તિ આવે. કેમકે સંબંધસામાન્યમાં=કાલિકાદિ બધામાં ધૂમાભાવને લઈને તાદશોભયાભાવ મળવો જોઈએ. પરંતુ કાલિકથી ધૂમ એ વહ્ન્યધિકરણ-અયોગોલકાદિમાં છે જ. એટલે કાલિકમાં ધૂમપ્રતિયોગીકત્વ + હેત્વધિકરણાયોગોલકાનુયોગિકત્વ છે જ. પર્વતાદિમાં તો સુતરાં સંયોગથી ધૂમ રહેતો હોવાથી ત્યાં તો ધૂમાભાવ લઈ શકાવાનો જ નથી. એટલે સંબંધસામાન્યમાં તો તાદશોભયાભાવ નથી મળતો. માટે ધૂમાભાવ ન લેવાય. પણ ગગન પોતે કોઈપણ સંબંધથી ક્યાંય રહેતું ન હોવાથી તમામ સંબંધોમાં ગગનાભાવપ્રતિયોગિતાવચ્છેદકગગનત્વાવચ્છિન્નગગનપ્રતિ-યોગિકત્વનો અભાવ હોવાથી તમામ સંબંધોમાં ગગનાભાવને લઈને તાદશોભયાભાવ મળી જાય છે અને તેથી તેના દ્વારા લક્ષણ ઘટી જતા અતિવ્યાપ્તિ આવે.

**'સાધ્યતાવચ્છેદક'** પદ મુકીએ તો વાંધો ન આવે કેમકે અહીં તો તે સંયોગસંબંધ જ છે. હવે જગત્‌માં જેટલા સંયોગો છે, તેમાં જે સંયોગોથી ધૂમ નથી રહેતો, પણ ઘટાદિ રહે છે તે સંયોગોમાં ધૂમપ્રતિયોગીકત્વનો અભાવ હોવાથી ઉભયાભાવ મળી જ ગયો. હવે જે સંયોગોમાં ધૂમપ્રતિયોગીકત્વ છે એ સંયોગો પર્વતાદિ-અનુયોગિક જ છે. પણ સંયોગથી ધૂમ એ અયોગોલકમાં ન હોવાથી તે ધૂમપ્રતિયોગીકસંયોગમાં હેત્વધિકરણીભૂત-અયોગોલકાનુયોગિકત્વનો અભાવ જ છે. એટલે તેઓમાં પણ ઉભયાભાવ મળી ગયો. આમ તમામ સાધ્યતાવચ્છેદકસંબંધોમાં ઉભયાભાવ મળી જતા ધૂમાભાવ જ લક્ષણઘટક બને અને તેથી અતિવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी** - **समवायिनः संयोगेन साध्यतायां 'जातिमत्वा'दावतिव्याप्तिः, साध्यतावच्छेदकी-भूतसमवायात्मकधर्मे, –समवायित्वावच्छिन्नप्रतियोगिकत्व,– गुणाद्यनुयोगिकत्वोभयसत्त्वेन, — साध्याभावस्य लक्षणाघटकत्वादतः—'सम्बन्ध'—पदं,**

**यद्धर्मावच्छिन्न-संसर्गताकप्रकृतसाध्यकानुमितिः फलं तद्धर्मावच्छिन्नसम्बन्ध-सामान्य इति तु फलितार्थः**

**चन्द्रशेखरीया :** यदि **साध्यतावच्छेदकसामान्ये** इत्येवोच्येत, सम्बन्धपदं निराक्रियेत। तदा तु संयोगेन समवायि यत्र साध्यं तत्र जात्यात्मकहेतौ अतिव्याप्तिर्भवेत्। अत्र जातिः गुण-कर्मयोः वर्तते। तत्र च समवायि संयोगेन न वर्तते अतोऽयं व्यभिचारी हेतुः। तथापि अत्र लक्षणसमन्वयो भवति। तथा हि-अत्र साध्यतावच्छेदकः समवायात्मको धर्मः, साध्यतावच्छेदकः संयोगात्मकः सम्बन्धः च साध्यतावच्छेदकसामान्यान्तर्गतौ वर्तेते। तत्र समवाये तु जात्यभावप्रतियोगिजातिप्रतियोगिकत्वं वर्तते, हेत्वधिकरणीभूतद्रव्यगुणकर्मानुयोगिकत्वं अपि वर्तते। समवायेन समवायिनः त्रिष्वपि वृत्तित्वात्। इत्थं च समवायेन तादृशोभयाभावो नास्ति। अतः, साध्यतावच्छेदकसामान्ये उभयाभावस्यासत्वात् न जात्यभावो लक्षणघटकोऽपि तु निरूक्तरीत्या गगनाभाव एव। तथा चातिव्याप्तिः भवेत्। अतः सम्बन्धपदमुपात्तम्। तथा चात्र समवायः न साध्यतावच्छेदकसम्बन्धः, किन्तु साध्यतावच्छेदकधर्म एव। साध्यतावच्छेदकसम्बन्धस्तु संयोगः एव। अतः साध्यतावच्छेदक-सम्बन्धसामान्यपदेन सर्वे संयोगा एव गृह्यन्ते। गुणे च कस्यापि वस्तुनः संयोगेनावर्तमानत्वात्, सर्वेषु संयोगेषु जात्यधिकरणगुणानुयोगिकत्वसामान्यस्याभावो वर्तते। अतः तमादाय सर्वसंयोगेषु उभयाभावो वर्तते। तथा च सर्वेषु संयोगेषु समवायिप्रतियोगिकत्वसामान्याभावस्यासत्वेऽपि समवायिप्रतियोगिकत्वसामान्य-जात्यधिकरणगुणानुयोगिकत्वसामान्योभयाभावस्तु वर्तते एव। इत्थं च समवायि-अभावस्यैव लक्षणघटकत्वात् नातिव्याप्तिः भवति।

यद्धर्मावच्छिन्नसंसर्गताका प्रकृतसाध्यकानुमितिः फलत्वेनेष्यते। तद्धर्मावच्छिन्नसम्बन्धसामान्ये... इति फलितोऽर्थः। अत्र संयोगेन समवायिमान् इति संयोगत्वावच्छिन्नसंयोगनिष्ठसंसर्गताका समवायिसाध्यकानुमितिः फलत्वेनेष्यते। ततः संयोगत्वावच्छिन्नसंयोगसामान्ये एव तादृशोभयाभावो गवेषणीय इति भावः।

**ચન્દ્રશેખરીયા :** જો **સાધ્યતાવચ્છેદકસામાન્યે**... એમ લખીએ અને સંબંધ પદ ન મુકીએ તો **સંયોગેન સમવાયિમાન્ જાતિમત્વાત્** અહીં અતિવ્યાપ્તિ આવે. ગુણાદિમાં જાતિ છે. પણ સમવાયિસાધ્ય સંયોગથી નથી. એટલે સ્થાન ખોટું છે. છતાં અહીં સાધ્યતા-અવચ્છેદક તરીકે સંયોગસંબંધ અને સમવાયિત્વધર્મ=સમવાયધર્મ છે. અહીં સમવાય એ ધર્મ તરીકે સાધ્યતાવચ્છેદક છે જ. હવે એ સમવાયમાં તો જાત્યભાવપ્રતિયોગિ-જાતિપ્રતિયોગીકત્વ છે જ અને ગુણાનુયોગિકત્વ પણ છે. કેમકે સમવાય સં.થી જાતિ એ ગુણાદિમાં છે જ. એટલે એ સમવાયમાં તાદશોભય મળી ગયું. આમ સાધ્યતાવચ્છેદક તમામે તમામમાં ઉભયાભાવ ન મળતા જાત્યભાવ ન લેવાય અને તેથી ગગનાભાવ દ્વારા અતિવ્યાપ્તિ આવે.

**'સંબંધ'** પદ મુકવાથી આપત્તિ ન આવે. કેમકે અહીં સાધ્યતાવચ્છેદક સંબંધસામાન્ય તરીકે તો તમામ સંયોગો જ લેવાશે. સમવાય નહીં. અને તમામ સંયોગોમાં જાતિપ્રતિયોગીકત્વનો પણ અભાવ છે અને ગુણાનુયોગિકત્વનો પણ અભાવ છે. આમ સુતરાં ઉભયાભાવ મળે છે. એકનો અભાવ મળે તો ય ઉભયાભાવ ગણાય. આ તો બે યના અભાવ મળે છે. માટે અહીં અતિવ્યાપ્તિ ન આવે કેમકે જાત્યભાવ જ લક્ષણઘટક બન્યો. આનો અર્થ એ જ કે યદ્ધર્માવચ્છિન્ન-સંસર્ગતાકપ્રકૃતસાધ્યકાનુમિતિ થાય. તદ્ધર્માવચ્છિન્ન-સંબંધસામાન્ય લેવાનો. અહીં સમવાયિસાધ્યની સંયોગથી અનુમિતિ કરાય છે. એટલે સંયોગમાં સંસર્ગતા આવી અને તે સંયોગત્વાવચ્છિન્ન છે. એટલે આ સમવાયિસાધ્યક એવી અનુમિતિ સંયોગત્વાવચ્છિન્નસંસર્ગતાક કહેવાય. એટલે

સંયોગત્વાવચ્છિન્નસંયોગસામાન્યમાં તાદૃશોભયાભાવ મળવો જોઈએ અને એ જાત્યભાવને લઈને મળી જ જાય છે. માટે અતિવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी-** घटीयसंयोगे, पर्वतीयसंयोगे वा, –हेतुमन्महानसानुयोगिकत्व-वह्नित्वावच्छिन्न-प्रतियोगिकत्वोभयाभावसत्त्वात् 'वह्निमान् धूमादि' त्यादावव्याप्तिरतः– प्रथमं – 'सामान्य'–पदं, तथा च, – महानसीयवह्निसंयोग एव तादृशोभयाभावविरहान्नाव्याप्तिः ।

संयोगसामान्य एव हेतुमदयोगोलकानुयोगिकत्व, –धूमत्वावच्छिन्नप्रतियोगिकत्वो भयाभावसत्वाद् 'धूमवान् वह्ने' रित्यादौ नातिव्याप्तिः ।

संयोगसामान्य एव समवायनिष्ठपर्वतानुयोगिकत्वस्य, वह्नित्वावच्छिन्नप्रतियोगिकत्वस्य च, द्वयोरभावसत्त्वात्तथैवाऽव्याप्तिरतः–"सामान्योभये–"ति सामान्यपदमुभयत्रान्वितमिति भावः ।

---

**चन्द्रशेखरीया :** यदि **साध्यतावच्छेदसम्बन्धे** इत्येवोच्येत, सामान्यपदं नोपादीयेत, तदा तु **वह्निमान् धूमादि**त्यत्र साध्यतावच्छेदके घटीयसंयोगे वह्निप्रतियोगिकत्वसामान्याभावस्य सत्वात् पर्वताद्यनुयोगिकत्व-सामान्याभावस्याऽपि च सत्वात् सुतरां उभयाभावो वर्तते । तथा च वह्न्यभाव एव लक्षणघटकः । अतोऽव्याप्तिः । **न च** वह्निप्रतियोगिकसंयोगाः एव साध्यतावच्छेदकसम्बन्धत्वेन इष्टाः, न तु सर्वे संयोगाः। तथा च घटीयसंयोगस्य साध्यतावच्छेदकसम्बन्धत्वविरहात् कथं तस्मिन् उभयाभावमादायाव्याप्तिदानं सङ्गच्छते इति **वाच्यम्** एवमपि यदि हेत्वधिकरणत्वेन पर्वतो गृह्येत, तदा तु महानसीयसंयोगात्मके साध्यतावच्छेदके पर्वतानुयोगिकत्वाभावो वर्तते, अतो वह्निप्रतियोगिकत्वपर्वतानुयोगिकत्वोभयाभावोऽपि वर्तते । यदि च हेत्वधिकरणत्वेन महानसो गृह्येत, तदा तु पर्वतीयवह्निसंयोगात्मके साध्यतावच्छेदके वह्निप्रतियोगिकत्व-महानसानुयोगिकत्वोभयाभावो वर्तते । एवं च सर्वत्र साध्याभावस्य लक्षणघटकत्वात् अव्याप्तिर्भवेत् । तस्मात् सामान्यपदमुपात्तम् । तथा च यदि पर्वतो हेत्वधिकरणत्वेन गृह्येत, तदापि साध्यतावच्छेदके महानसीय-वह्निसंयोगे भवतु तादृशोभयाभावः, किन्तु साध्यतावच्छेदकसामान्यान्तर्गते पर्वतीयवह्निसंयोगे तु वह्निप्रतियोगिकत्व-पर्वतानुयोगिकत्वोभयं वर्तते । अतः सम्बन्धसामान्ये तादृशोभयाभावो न वर्तते । तेन न वह्न्यभावो लक्षणघटकोऽपि तु गगनाभावः । तथा च नाव्याप्तिः इति । एवं यदि हेत्वधिकरणत्वेन महानसं गृह्यते । तदा तु संयोगसामान्यान्तर्गते महानसीयसंयोगे तादृशोभयसत्वात् तत्रापि साध्यतावच्छेदकसंयोगसामान्ये उभयाभावो न भवति । अतो न वह्न्यभावो लक्षणघटकः इत्येवंरीत्याऽव्याप्तिनिरासो विभावनीयः ।

**धूमवान् वह्ने**रित्यत्र तु हेत्वधिकरणत्वेनायोगोलकं गृह्यते । तत्र संयोगेन धूमो न वर्तते । तथा चात्र जगति ये धूमसंयोगाः, तेषु सर्वेषु अयोगोलकानुयोगिकत्वसामान्याभावो वर्तत एव । ये चायोगोलकानुयोगिकसंयोगाः, तेषु सर्वेषु धूमप्रतियोगिकत्वसामान्याभावो वर्तते । ये चान्ये संयोगाः, तेष्वुभयाभावो वर्तते । इत्थं च संयोगसामान्ये तादृशानुयोगिकत्वसामान्याभावं तादृशप्रतियोगिकत्वसामान्याभावं तादृशोभयाभावं वादाय तादृशोभयाभावो वर्तते । इत्थं च धूमाभाव एव लक्षणघटकः तथा च नातिव्याप्तिः ।

अत्र **तादृशप्रतियोगिकत्वसामान्य....** इत्यत्र यदि सामान्यपदं नोपादीयेत । तदा तु '**वह्निमान् धूमादि**त्यत्राव्याप्तिर्भवेत् । तथा हि वह्निः समवायेन वह्न्यवयवे वर्तते । अतः समवाये वह्निप्रतियोगिकत्वं अस्ति । तच्च न कुत्रापि संयोगे वर्तते । अतः साध्यतावच्छेदकसम्बन्ध-सामान्ये समवायनिष्ठस्य वह्नित्वावच्छिन्नवह्निप्रतियोगिकत्वस्याभावो वर्तते । तथा च एकाभावादुभयाभावोऽपि भवतीति वह्न्यभावस्यैव लक्षणघटकत्वादव्याप्तिः । सामान्यपदोपादाने तु न दोषः । यतो यथा समवायनिष्ठं वह्निप्रतियोगिकत्वं वह्न्यभावप्रतियोगितावच्छेदकवह्नित्वावच्छिन्नवह्निप्रतियोगिकत्वसामान्यान्तर्गतं, तथैव पर्वतीयसंयोगादिनिष्ठं वह्निप्रतियोगिकत्वमपि तादृशसामान्यान्तर्गतं अस्ति । तच्च संयोगनिष्ठं वह्निप्रतियोगिकत्वं साध्यतावच्छेदकसम्बन्धसामान्यार्न्तगते पर्वतीयसंयोगे महानसीयवह्निसंयोगे च वर्तते एव । अतः, संयोगसामान्ये तादृशप्रतियोगिकत्वसामान्यस्याभावो नास्ति । किन्तु समवायादिनिष्ठस्यैव तादृशप्रतियोगिकत्वस्याभावो वर्तते । इत्थं च न साध्याभावो लक्षणघटकः, किन्तु गगनाभावादिरेव । संयोगसामान्ये गगनप्रतियोगिकत्वसामान्याभावस्य सत्वात् संयोगसामान्ये उभयाभावोऽपि वर्तते । अथवा घटाभावादिरपि लक्षणघटकः भवति । संयोगसामान्यान्तर्गतेषु घटीयसंयोगेषु पर्वतानुयोगिकत्वसामान्यस्याभाव-मादायोभयाभावः, संयोगसामान्यान्तर्गतेषु पर्वतानुयोगिकेषु घटप्रतियोगिकत्वसामान्यस्याभावमादायोभयाभावः. संयोगसामान्यान्तर्गतेषु तदतिरिक्तेषु च उभयाभावमादाय उभयाभावः वर्तते । इत्थं च घटाभावादयोऽपि लक्षणघटकाः, तेन नाव्याप्तिः ।

एवं 'हेत्वधिकरणीभूतयत्किंचिद्-व्यक्ति-अनुयोगिकत्वसामान्याभाव' इत्यत्र **सामान्य**पदं नोच्येत । तदा पर्वतत्वजातिः पर्वते समवायेन वर्तते । तथा च समवाये पर्वतानुयोगिकत्वमस्ति । इत्थं च **वह्निमान् धूमात्** इत्यत्र संयोगसामान्ये यद्यपि वह्निप्रतियोगिकत्वसामान्याभावो नास्ति, पर्वतीयसंयोगादिषु वह्निप्रतियोगिकत्वस्य सत्वात् । तथापि संयोगसामान्ये पर्वतत्वप्रतियोगिकसमवायनिष्ठं पर्वतानुयोगिकत्वं तु नास्त्येव । अतः संयोगसामान्ये तादृशानुयोगिकत्वाभावमादायोभयाभावस्याक्षतत्वात् साध्याभाव एव लक्षणघटकः । अतोऽव्याप्तिस्तदवस्थैव भवेत् । सामान्यपदोपादाने तु न दोषः । यतः पर्वतीयवह्निसंयोगनिष्ठं पर्वतानुयोगिकत्वमपि पर्वतानुयोगिकत्वसामान्यान्तर्गतम् । तच्च पर्वतीयवह्निसंयोगनिष्ठं पर्वतानुयोगिकत्वं साध्यतावच्छेदकसम्बन्धसामान्यान्तर्गते पर्वतीयवह्निसंयोगे वर्तते, अतः संयोगसामान्येषु पर्वतानुयोगिकत्व-सामान्याभावो न वर्तते । इत्थं च न वह्न्यभावो लक्षणघटकः । किन्तु निरुक्तरीत्या घटाद्यभावः, तथा च नाव्याप्तिः ।

**चन्द्रशेखरीया :** "સાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યે" અહીં સામાન્યપદ ન મુકીએ તો **વહ્નિમાન્ ધૂમાત્** આ સ્થળે સાધ્યતાવચ્છેદકસંયોગસંબંધ તરીકે ઘટીયસંયોગ લઈએ, તો એમાં વહ્ન્યભાવ પ્રતિયોગી-વહ્નિપ્રતિયોગીકત્વનો અભાવ પણ છે અને મહાનસાનુયોગિકત્વનો અભાવ પણ છે. એટલે વહ્ન્યભાવ જ લેવાતા અવ્યાપ્તિ આવે.

જો 'સાધ્યતાવચ્છેદક તરીકે વહ્નિપ્રતિયોગીક એવા જ સંયોગો લીધા છે' એમ કહો તો જો કે ઘટસંયોગ સાધ્યતાવચ્છેદક તરીકે ન આવે પરંતુ પર્વતવૃત્તિવહ્નિસંયોગ લેવાય. અને તેમાં વહ્નિ-પ્રતિયોગીકત્વ હોવા છતાં મહાનસાનુયોગિકત્વનો અભાવ હોવાથી ઉભયાભાવ મળી જતા વહ્ન્યભાવ જ લક્ષણઘટક બને. તેથી

અવ્યાપ્તિ આવે. પરંતુ **'સામાન્ય'** પદ મુકવાથી વાંધો ન આવે. કેમકે વહ્નિપ્રતિયોગીક એવા પર્વતીય-સંયોગાદિમાં ભલે મહાનસાનુયોગિકત્વાભાવ દ્વારા ઉભયાભાવ મળે. પરંતુ સાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યમાં મહાનસીયવહ્નિપ્રતિયોગીકસંયોગ પણ છે. અને તેમાં તો વહ્નિપ્રતિયોગીકત્વ+મહાનસાનુયોગિકત્વ બે ય છે. એટલે આ સંયોગમાં ઉભયાભાવ નથી અને તેથી સંબંધ સામાન્યમાં ઉભયાભાવ ન મળતા વહ્ન્યભાવ ન લેવાય. અહીં હેત્વધિકરણ તરીકે મહાનસને બદલે પર્વતાદિ લો, તો પછી પર્વતીયવહ્નિસંયોગમાં વહ્નિ-પ્રતિયોગીકત્વ + પર્વતાનુયોગિકત્વ મળી જાય. આમ કોઈપણ રીતે વહ્નિપ્રતિયોગીકસંયોગસામાન્યમાં તો વહ્ન્યભાવને લઈને તાદશોભયાભાવ મળતો જ નથી. કોઈને કોઈ વહ્નિસંયોગમાં તો તાદશોભય મળી જ જાય છે. માટે વહ્ન્યભાવ લેવાતો નથી. એટલે ગગનાભાવ લઈ શકાય. માટે અવ્યાપ્તિ ન આવે. જ્યારે **'ધૂમવાન્ વહ્નેઃ'**માં તો તમામ સંયોગોમાં ધૂમપ્રતિયોગીકત્વ + અયોગોલકાનુયોગિકત્વોભયનો અભાવ મળી જ જાય છે. કોઈપણ સંયોગમાં તાદશોભય મળતું જ નથી કેમકે કોઈપણ સંયોગથી ધૂમ એ અયોગોલકમાં રહેતો જ નથી માટે ધૂમાભાવ જ લેવાતા અતિવ્યાપ્તિ ન આવે.

અહીં, યાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગીકત્વ-હેત્વધિકરણયત્કિંચિત્-અનુયોગિકત્વ-સામાન્યોભયાભાવ લખ્યો છે. તેમાં સામાન્યપદ પ્રતિયોગીકત્વ સાથે + અનુયોગિકત્વ સાથે પણ જોડવાનો છે. એટલે યાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગીકત્વસામાન્ય + હેત્વધિકરણયત્કિંચિત્-અનુયોગિકત્વસામાન્ય-ઉભયાભાવ લેવાનો છે.

આમાં જો પહેલું **'સામાન્ય'** પદ ન લો તો વહ્નિ-અવયવમાં સમવાયથી વહ્નિ રહે છે. એટલે એ સમવાયમાં વહ્નિ-પ્રતિયોગીકત્વ છે. હવે સમવાયમાં રહેલ વહ્નિપ્રતિયોગીકત્વ તો કોઈપણ સંયોગમાં રહેવાનું જ નથી. એટલે તમામે તમામ સંયોગમાં વહ્ન્યભાવપ્રતિયોગિતાવચ્છેદકવહ્નિત્વાવચ્છિન્નવહ્નિ-પ્રતિયોગિકત્વ(=સમવાયમાં રહેલ)નો અભાવ જ છે. એટલે સંયોગસામાન્યમાં ઉભયાભાવ મળી ગયો. એટલે વહન્યભાવ લક્ષણઘટક બનતા અવ્યાપ્તિ આવે. પણ વહ્નિપ્રતિયોગીકત્વ-સામાન્યની વિવક્ષા કરવાથી વાંધો નથી. કેમકે પર્વતીયવહ્નિસંયોગમાં ભલે સમવાયમાં રહેલ એવું વહ્નિપ્રતિયોગિકત્વ ન હોય તો ય, પર્વતીયસંયોગથી પર્વતમાં રહેલ એવી વહ્નિની અપેક્ષાએ તો પર્વતીયસંયોગમાં વહ્નિપ્રતિયોગિકત્વ છે જ. અને તે જ સંયોગમાં પર્વતાનુયોગિકત્વ પણ છે જ. એટલે તમામે તમામ સંબંધમાં તાદશપ્રતિયોગીકત્વસામાન્યનો અભાવ તો મળતો જ નથી. પણ અમુક પ્રતિયોગીકત્વનો અભાવ જ મળે છે. આમ સંયોગસામાન્યમાં તાદશપ્રતિયોગીકત્વસામાન્યનો અને તાદશાનુયોગિકત્વસામાન્યનો અભાવ નથી મળતો. માટે વહ્ન્યભાવ ન લેવાય. પણ ગગનાભાવ લેવાય. એટલે અવ્યાપ્તિ ન આવે. સંયોગસામાન્યમાં=કોઈપણ સંયોગમાં એકપણ વહ્નિપ્રતિયોગીકત્વ ન મળે. ત્યારે જ સંયોગસામાન્યમાં તાદશપ્રતિયોગીકત્વ સામાન્યનો અભાવ ગણાય. જે અહીં નથી મળતો. ગગન તો સંયોગથી રહેતો જ ન હોવાથી કોઈપણ સંયોગમાં એક પણ ગગનપ્રતિયોગીકત્વ રહેતું જ નથી. માટે સંયોગસામાન્યમાં ગગનપ્રતિયોગીકત્વસામાન્યનો અભાવ મળી જાય છે.

જો હેત્વધિકરણયત્કિંચિત્-અનુયોગિકત્વ-સામાન્યમાં સામાન્ય પદ ન મુકીએ તો પર્વતમાં સમવાયથી પર્વતત્વજાતિ રહે છે એટલે એ સમવાયમાં પર્વતાનુયોગિકત્વ રહેલું છે. હવે પર્વતીયસંયોગમાં ભલે વહ્નિપ્રતિયોગીકત્વ હોય, તો પણ સમવાયનિષ્ઠપર્વતાનુયોગિકત્વ તો નથી જ. આમ કોઈપણ સંયોગમાં સમવાયનિષ્ઠપર્વતાનુયોગિકત્વ તો નથી જ. એટલે સંયોગસામાન્યમાં સમવાયનિષ્ઠ એવા પર્વતાનુયોગિકત્વનો અભાવ જ હોવાથી ઉભયાભાવ મળી જતા વહ્ન્યભાવ લેવાય. તેથી અવ્યાપ્તિ આવે. પણ **'સામાન્ય'** પદ

લેવાથી વાંધો ન આવે. કેમકે સમવાયમાં રહેલ પર્વતાનુયોગિકત્વ એ ભલે પર્વતીયસંયોગમાં ન હોય પરંતુ વહ્નિસંયોગથી વહ્નિ પર્વતમાં રહે છે. એટલે પર્વતીયવહ્નિસંયોગમાં સંયોગનિષ્ઠ એવું તો પર્વતાનુયોગિકત્વ રહેલું છે. એટલે પર્વતીયવહ્નિસંયોગમાં પર્વતાનુયોગિકત્વ-સામાન્યનો અભાવ તો મળતો જ નથી. એટલે ઉભયાભાવ ન મળે. પરંતુ સંયોગમાં ઘટાભાવપ્રતિયોગીકત્વસામાન્ય + પર્વતાનુયોગિકત્વ સામાન્ય એ ઉભયનો અભાવ મળી જાય છે. જે સંયોગોમાં ઘટપ્રતિયોગીકત્વ છે, તે તમામમાં પર્વતાનુયોગિકત્વસામાન્યનો અભાવ છે જ. કેમકે પર્વતમાં સંયોગથી કોઈ ઘટ રહેતો નથી. અને જે સંયોગોમાં પર્વતાનુયોગિકત્વ છે, ત્યાં ઘટપ્રતિયોગીકત્વ-સામાન્યનો અભાવ છે આમ બધા સંયોગોમાં ઉભયાભાવ મળી જ જાય. માટે ઘટાભાવ લેવાય એટલે લક્ષણ ઘટી જાય.

---

**जागदीशी** - **तादृशोभयाभावश्च, –स्वरूपसम्बन्धेन बोध्यः, तेन समवायादिना तदुभयाभावस्य सम्बन्धमात्रे सत्त्वेऽपि सद्धेतौ नाव्याप्तिः ।**

---

**चन्द्रशेखरीया** : अत्रापि तादृशोभयाभावः स्वरूपावच्छिन्नप्रतियोगिताको बोद्धव्यः । अन्यथा तु संयोगसामान्ये वह्निप्रतियोगिकत्व-पर्वतानुयोगिकत्वोभयस्य समवायेन तु अभाव एव वर्तते । तादृशोभयस्य स्वरूपेणैव वृत्तित्वात् । इत्थं च वह्न्यभावस्यैव लक्षणघटकत्वात् सद्धेतावव्याप्तिर्भवेत् । स्वरूपेणावच्छिन्नप्रति-योगिताकस्योभयाभावस्य विवक्षणे तु न दोषः । संयोगसामान्ये वह्निप्रतियोगिकत्वपर्वतानुयोगिकत्व-सामान्योभयस्य स्वरूपेणाभावस्तु न वर्तते । पर्वतीयसंयोगादौ तादृशोभयस्य स्वरूपेण वृत्तित्वात् । अतो न वह्न्यभावो लक्षणघटकः, अतोऽभावान्तरमादाय लक्षणघटनात् नाव्याप्तिः । अत्र स्वरूपेण तादृशोभयस्याभाव विवक्षणाभावेऽपि यद् असंभवो न प्रतिपादितः । तत्तु व्याप्यवृत्तिस्थलीयलक्षणस्य समन्वयसंभवादिति ध्येयम् ।

**ચન્દ્રશેખરીયા** : અહીં, આ જે ઉભયાભાવ લેવાનો છે. એ સ્વરૂપસંબંધ-અવચ્છિન્ન પ્રતિયોગિતાક જ લેવાનો. બાકી તો સધ્ધેતુમાં અવ્યાપ્તિ આવે. **વહ્નિમાન્ ધૂમાત્**માં સંયોગસામાન્યમાં આ વહ્નિપ્રતિયોગીકત્વ +પર્વતાદ્યનુયોગિકત્વ ઉભય સ્વરૂપથી છે. પણ સમવાયથી તો એ ઉભય નથી. અર્થાત્ સંયોગસામાન્યમાં સમવાયથી તો તાદશોભયનો અભાવ જ મળે. એટલે સાધ્યાભાવ જ લક્ષણઘટક બની જતા અવ્યાપ્તિ આવે. વ્યાપ્યવૃત્તિસાધ્યકસ્થળે પ્રતિયોગીવ્યધિકરણતા વિનાનું લક્ષણ ઘટી જાય છે. એટલે અસંભવદોષ નથી આપ્યો. પણ અવ્યાપ્તિદોષ આપ્યો છે. પણ સ્વરૂપથી અવચ્છિન્ન પ્રતિયોગિતાવાળો એવો જ ઉભયાભાવ કહેવાથી વાંધો ન આવે. સંયોગસામાન્યમાં વહ્નિપ્રતિયોગીકત્વ +પર્વતાદિ-અનુયોગિકત્વ એ ઉભય સ્વરૂપથી તો રહે જ છે. એટલે તેનો અભાવ ન મળે એટલે વહ્ન્યભાવ લક્ષણઘટક ન બને. પરંતુ ગગનાભાવાદિ બને. એટલે અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी** -**'एतद्धटवान् कालान्तरीय-तद्धटत्वा'दित्यादावेतद्धटत्वावच्छिन्न प्रतियोगिकत्वविशिष्ट-तद्धटानुयोगिकत्वाप्रसिद्धेः —अभावान्तरमादायाऽतिव्याप्तिः,—**

**चन्द्रशेखरीया : ननु** तादृशप्रतियोगिकत्वविशिष्टं यत् तादृशानुयोगिकत्वं तदभावस्यैव विवक्षा कथं न क्रियते, कथं उभयाभावपर्यन्तानुधावनं घटामञ्चतीति **चेत्** अत्रोच्यते । यदि हि तादृशप्रतियोगिकत्वविशिष्टस्य तादृशानुयोगिकत्वस्याभावः साध्यतावच्छेदकसम्बन्धसामान्ये विवक्ष्यते, तदा तु **एतद्घटवान् कालान्तरीयतद्घटत्वादि**त्यत्र तादात्म्येन एतद्घटसाध्यकस्थले अतीतकालीनघटत्वात्मके व्यभिचारिणि हेतौ अतिव्याप्तिर्भवेत् । तथा हि विशिष्टस्याभावो यदि ग्रहीतुमिश्यते, तदा प्रथमं तु कस्मिंश्चित् सम्बन्धे तादृशानुयोगिकत्वं तादृशप्रतियोगिकत्वं च साधनीयम् । तेन तादृशप्रतियोगिकत्वविशिष्टं सामानाधिकरण्यसम्बन्धेन तादृशानुयोगिकत्वं भवेत् । यथा पर्वतीयवह्निसंयोगे वह्निप्रतियोगिकत्व-पर्वतानुयोगिकत्वोभयं वर्तते । अतः तत्र सामानाधिकरण्यसम्बन्धेन वह्निप्रतियोगिकत्वविशिष्टं पर्वतानुयोगिकत्वं भवति । तत्पश्चात् तदभावः प्रसिद्धो भवति । विशिष्टस्य प्रसिद्धिं विना तदभावप्रसिद्धिस्तु न संभवति । तथा चात्रापि व्यभिचारिहेतौ साध्याभावो यदि लक्षणघटको भवेत् । तदैव नातिव्याप्तिर्भवेत् । अन्यथा तु गगनाभावमादायातिव्याप्तिर्भवेदेव । अतोऽत्र साध्याभावो लक्षणघटकत्वेन ग्राह्यः, किन्तु न स लक्षणघटकत्वेन ग्रहीतुं शक्यते । तथा हि- कालान्तरीयतद्घटत्वाधिकरणं तु तद्घट एव भवति । साध्याभावश्च एतद्घटाभावरूपः, तत्प्रतियोगितावच्छेद-कैतद्घटत्वावच्छिन्नः एतद्घटः, स च संयोगेन भूतले, तादात्म्येन स्वस्मिन्, समवायेन स्वावयवे, कालिकेन वर्तमानघटपदादौ वर्तते । किन्तु अतीतकालीनतद्घटात्मके हेत्वधिकरणे तु न केनापि सम्बन्धेन वर्तते, विभिन्नकालीनयोः कालिकसम्बन्धेनापि परस्परवृत्तित्वाभावात् । तथा च एतद्घट-प्रतियोगिकत्वं संयोगसमवा यादिरूपेषु सम्बन्धेषु वर्तते, तेषु च कुत्रापि तद्घटानुयोगिकत्वं नास्ति । येषु च संयोगादिषु तद्घटानुयोगिकत्वं वर्तते, तेषु कुत्रापि एतद्घटप्रतियोगिकत्वं नास्ति । इत्थं च कस्मिन्नपि सम्बन्धे एतद्घटप्रतियोगिकत्वं तद्घटानुयोगिकत्वं च न वर्तते । अतोऽत्र एतद्घटप्रतियोगिकत्वविशिष्टं तद्घटानुयोगिकत्वं एव अप्रसिद्धं । अतः तदभावोऽपि साध्यतावच्छेदकतादात्म्ये ग्रहीतुमशक्यः । अतः साध्याभावो लक्षणघटको न भवति । किन्तु तद्घटे तदानीं वर्तमानस्य संयोगेन जलस्याभावो गृह्यते । यतः तस्मिन् संयोगे तद्घटानुयोगिकत्वं जलप्रतियोगिकत्वञ्च वर्तते । अतो जलप्रतियोगिकत्वविशिष्टं तद्घटानुयोगिकत्वं तत्र प्रसिद्धं । तस्य च साध्यतावच्छेदकैतद्घटतादात्म्येऽभावो वर्तते । इत्थं च तादृशजलाभावस्यैव लक्षणघटकत्वसंभवादतिव्याप्तिः। एवं संयोगेन गगनस्य वृत्तितामते तु गगनं संयोगेन तद्घटे वर्तते । अतः तस्मिन् संयोगे गगनप्रतियोगिकत्वविशिष्टं तद्घटानुयोगिकत्वं प्रसिद्धं भवति । तदभावस्तु एतद्घटतादात्म्ये वर्तते । एवं गगनाभावस्यापि लक्षणघटकत्वसंभवेन तमादायापि अतिव्याप्तिः संभवति । एवं तद्घटज्ञानं विषयतया तद्घटे वर्तते । तथा च विषयतासम्बन्धे तद्घटानुयोगिकत्वं तादृशज्ञानप्रतियोगिकत्वविशिष्टं प्रसिद्धमस्ति । तस्य च एतद्घटतादात्म्येऽभावो वर्तते । अतः तद्घटज्ञानाभावमादायाऽपि लक्षणसमन्वयः संभवति ।

**न च** एवंरीत्या लक्षणघटकतादृशगगनाभावप्रतियोगितानवच्छेदकं यद्यपि एतद्घटत्वं भवति । तथापि एतद्घटत्वाधिकरणे एतद्घटे तद्घटत्वात्मकहेतुस्तु केनापि सम्बन्धेन नैव वर्तते । अतः कालान्तरीयतद्घटत्वे एतद्घटसामानाधिकरण्यं नास्ति । तथा च व्याप्तिलक्षणस्यातिव्याप्तिः न भवत्येव । यदि हि 'एवमपि एतद्घटे तद्घटत्वनिरूपितव्यापकता तु तादृशप्रतियोगितानवच्छेदकसाध्यतावच्छेदकत्वरूपाऽतिव्याप्ता भवत्येव, सापि

न युक्ता' इति विभाव्यते । तदा तु हेत्वधिकरणनिरूपितवृत्तिताऽवच्छेदकत्वे सति तादृशप्रतियोगितानवच्छेदकत्वे सति साध्यतावच्छेदकत्वं इति व्यापकतालक्षणे वक्तव्यम् । एतद्घटत्वं तु हेत्वधिकरणकालान्तरीय-तद्घटनिरूपितवृत्तिताऽवच्छेदकं नैव भवति । तद्घटे केनाऽपि सम्बन्धेनैतद्घटस्यावर्तमानत्वात् । तथा च हेत्वधिकरणनिरूपितवृत्तितावच्छेदकत्वघटितं व्यापकतालक्षणमपि न तत्रैतद्घटेऽतिव्याप्तं भवतीति न कोऽपि दोषः । तथा च विशिष्टाभाव एव लक्षणघटकत्वेन वक्तुं युक्तः इति **वाच्यम्**

**ચન્દ્રશેખરીયા :** એમ જો યાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગીકત્વ-સામાન્ય +હેત્વધિકરણીભૂત યત્કિંચિત્ અનુયોગિકત્વસામાન્યોભયાભાવ લેવાને બદલે તાદશપ્રતિયોગીકત્વથી વિશિષ્ટ એવા તાદશાનુયોગિકત્વનો અભાવ કહીએ તો મોટો વાંધો આવે. કેમકે તાદશપ્રતિયોગીકત્વ વિશિષ્ટ તાદશાનુયોગિકત્વ મેળવવું હોય તો એક જ સંબંધમાં એ બે રહેલા હોવા જ જોઈએ. તો જ સામાના.સંબંધથી તા. પ્રતિયોગિકત્વવિશિષ્ટ તા.અનુ.ત્વ બને. અને એ મળે પછી જ તેનો અભાવ લઈ શકાય. હવે આમ થવાથી તો **"એતદ્દ્ઘટવાન્ કાલાન્તરીયતદ્દ્ઘટત્વાત્"** આ સ્થાનમાં અતિવ્યાપ્તિ આવશે. અહીં કાલાન્તરીયતદ્દ્ઘટત્વ તો કાલાન્તરીયતત્ઘટમાં જ રહેવાનું છે. અને તેમાં સાધ્યતાવચ્છેદક તાદાત્મ્યથી એતદ્દ્ઘટ રહેતો નથી. માટે આ સ્થાન ખોટું છે. એટલે અહીં તાદાત્મ્યમાં સાધ્યાભાવને લઈને વિશિષ્ટાભાવ માનવો જોઈએ. એ માટે પહેલાં ક્યાંક વિશિષ્ટ મળવું જોઈએ. તો જ તેનો અભાવ લેવાય. હવે એતદ્દ્ઘટાભાવપ્રતિયોગિતાવચ્છેદક એતદ્દ્ઘટત્વ છે. તદવચ્છિન્ન-એતદ્દ્ઘટપ્રતિયોગીક તો આ ઘટને રાખનારો સંયોગ + સમવાય + તાદાત્મ્યાદિ બને. પણ આ કોઈપણ સંબંધોમાં કાલાન્તરીયતદ્દ્ઘટત્વાનુયોગિકત્વ નથી જ. કેમકે એતદ્દ્ઘટના સંયોગાદિસંબંધો એ કાલાન્તરીયતદ્દ્ઘટમાં નથી જ મળવાના. જો કાલિકથી એતદ્દ્ઘટ કાલાન્તરીયતદ્દ્ઘટમાં રહી જાય. તો હજી કાલિકમાં એતદ્દ્ઘટપ્રતિયોગીકત્વ + કાલાન્તરીય તદ્દ્ઘટાનુયોગિકત્વ મળે. પણ વર્તમાનકાલીન વસ્તુ કાલિકથી ભૂતકાલીનાદિવસ્તુમાં રહી શકતી જ નથી એટલે કાલિકમાં પણ આ બે વસ્તુ મળવાની નથી. આમ કોઈપણ સંબંધમાં એતદ્દ્ઘટપ્રતિયોગીકત્વવિશિષ્ટ – તદ્દ્ઘટાનુયોગિકત્વ પ્રસિદ્ધ જ ન હોવાથી તેનો અભાવ પણ ન લેવાય અને તો પછી ગગનાભાવને લઈને અતિવ્યાપ્તિ આવે. ગગન એ સંયોગથી રહેનારો માનનારાના મતે સંયોગમાં ગગનપ્રતિયોગીકત્વ + તદ્દ્ઘટાનુયોગિકત્વ બે ય છે. ગગન એ સંયોગથી તે ઘટમાં રહેતો જ હતો. આમ અહીં સંયોગમાં તાદશવિશિષ્ટ પ્રસિદ્ધ બની જાય. અને તેથી સાધ્યતાવચ્છેદકતાદાત્મ્યમાં વિશિષ્ટાભાવ લઈ શકાય. આમ ગગનાભાવ લઈને લક્ષણ ઘટી જતા અતિવ્યાપ્તિ આવે. અથવા તો જ્ઞાન એ વિષયિતાસંબંધથી તદ્દ્ઘટમાં રહેતું હતું. એટલે તેમાં=વિષયિતામાં જ્ઞાનપ્રતિયોગીકત્વ + તદ્દ્ઘટાનુયોગિકત્વ મળી જવાથી તાદશવિશિષ્ટ મળે અને તેથી સાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યમાં વિશિષ્ટાભાવ મળવાથી અતિવ્યાપ્તિ આવે.

**પ્રશ્ન :** આ સ્થલે વ્યાપ્તિલક્ષણમાં "હેત્વધિકરણનિરૂપિતવૃત્તિતાવચ્છેદક સાધ્યતાવચ્છેદક" પદ મુકવાથી વાંધો ન આવે. એતદ્દ્ઘટત્વ એ તદ્દ્ઘટનિરૂપિતવૃત્તિતાનું અવચ્છેદક બનતું જ નથી. માટે તેમાં અતિવ્યાપ્તિ આવતી નથી. બીજી વાત એ કે કદાચ આ પદ ન મુકો તો પણ ભલે એતદ્દ્ઘટત્વ તાદશપ્રતિયોગિતાનવચ્છેદક તરીકે મળી જાય. પણ એતદ્દ્ઘટત્વાવચ્છિન્ન એતદ્દ્ઘટત્વ એ તો સમવાયથી એતત્કપાલમાં, કાલિકથી વર્તમાનપદાર્થોમાં, તાદાત્મ્યથી પોતાનામાં અને સંયોગથી ભૂતલમાં રહે છે. ત્યાં કોઈપણ સ્થાને કોઈપણ સંબંધથી કાલાન્તરીયતત્ઘટત્વ રહેતુ જ ન હોવાથી હેતુમાં સાધ્યસામાનાધિકરણ્ય જ ન આવતા વ્યાપ્તિલક્ષણની અતિવ્યાપ્તિ ન આવે.

**जागदीशी** - **गगनप्रतियोगिकत्वविशिष्ट-महाकालानुयोगिकत्वाप्रसिद्धया गगनाभावमादाय प्रकृताव्याप्तिवारणासम्भवश्च स्यात्,**

**—अतो निरुक्तप्रतियोगिकत्वविशिष्ट-यत्किञ्चिद्धेत्वधिकरणानुयोगिकत्वसामान्याभावं परित्यज्य–'तदुभयसामान्याभाव'–उक्तः ।**

---

**चन्द्रशेखरीया :** एवं अत्रातिव्याप्तिनिवारणसंभवेऽपि **कालिकेन घटवान् महाकालत्वादित्यत्र** तु अव्याप्तिनिवारणं दुःशकं स्यात् । यतः तत्र गगनाभावमादायैवास्माभिः लक्षणसमन्वयः कर्तुं शक्यः । निरुक्तविवक्षणे तु गगनाभावोऽपि न ग्रहीतुं शक्येत । गगनं यदि केनापि सम्बन्धेन महाकाले वर्तेत, तदा तत्सम्बन्धे गगनप्रतियोगिकत्वं महाकालानुयोगिकत्वं च संभवेत् । तदैव च गगनप्रतियोगिकत्वविशिष्टं महाकालानुयोगिकत्वं प्रसिद्धं भवेत् । किन्तु गगनस्य केनापि सम्बन्धेन (संयोगादिना) महाकालेऽवर्तमानत्वात् न कुत्रापि सम्बन्धे तादृशं विशिष्टं भवति । तत्प्रसिद्धि-अभावाच्च साध्यतावच्छेदककालिके तदभावोऽपि न ग्रहीतुं शक्येत । इत्थं च गगनाभावस्यापि लक्षणघटकत्वासंभवात्त-त्राव्याप्तिर्दुवारा स्यात् । अतो विशिष्टाभावमपहाय तादृशोभयाभावविवक्षा कृता । तत्र तु न कोऽपि दोषः । यतः उभयाभावविवक्षायां एकत्रैव सम्बन्धे उभयप्रसिद्धि-आवश्यकता नास्ति । तथा च कालिके संयोगनिष्ठस्य गगनप्रतियोगिकत्वस्याभावो वर्तते । अतः कालिके गगनप्रतियोगिकत्वसामान्य-महाकालानुयोगिकत्वसामान्योभयाभावो वर्तते । तथा च गगनाभावस्यैव लक्षणघटकत्वात् नाव्याप्तिः भवति ।

अतिगंभीरमेतत्तत्वं । अतः उपरिष्टात् प्रतिपाद्यमाना पदार्थाः दृढं मनसि अवधारणीयाः । तथा हि साध्यतावच्छेदकसम्बन्धसामान्ये यः उभयाभावो विवक्षितः । तत्र 'साध्यतावच्छेदकसम्बन्धसामान्ये तादृशोभयं अस्ति न वा ?' इति प्रश्नो न करणीयः । यतः एवं सति महानसीयसंयोगे वह्निप्रतियोगिकत्व-पर्वतानुयोगिकत्वोभयं नास्ति । अतः 'तादृशसम्बन्धसामान्ये तादृशोभयं नास्ति' इत्येव वक्तव्यं स्यात् । तथा च उभयाभावो वह्न्यभावमादाय मीलितः, अतोऽव्याप्तिर्भवेत् । अतः 'तादृशसम्बन्धसामान्ये तादृशोभयाभावोऽस्ति न वा ?' इत्येवं प्रश्नः करणीयः । पर्वतीयवह्निसंयोगे तु तादृशोभयस्य विद्यमानत्वात् 'संयोगसामान्ये तादृशोभयाभावो अस्ति नवा' इति प्रश्नस्य "नास्ति" इत्येव समाधानं भवति । तथा च तादृशोभयाभावस्या सत्वात् न वह्न्यभावः लक्षणघटकः इति न अव्याप्तिः । अत्रापि संयोगसामान्ये 'तादृशोभयाभावो नास्ति' इति अस्य "तादृशोभयाभावाभावः तादृशोभयरूपोऽस्ति" इति अर्थो न कर्तव्यः । संयोगसामान्ये तादृशोभयस्यासत्वात् । अतः केवलं संयोगसामान्ये तादृशोभयाभावो नास्ति इत्येव वक्तव्यम् । "साध्यतावच्छेदक-सम्बन्धसामान्यान्तर्गते एकस्मिन्नपि सम्बन्धे यदि तादृशोभयं वर्तते, तदा सम्बन्धसामान्ये तादृशोभयाभावो न वर्तते" इति निष्कर्षः ।

यदि हि हेत्वधिकरणं **यत्किंचित्** नोपादीयेत तदा तु सर्व-हेत्वधिकरणानुयोगिकत्वसामान्यं लक्षणघटकं भवेत् । तथा च अव्याप्त्यादिदोषाः भवेयुः । यतः पर्वतीयवह्निसंयोगादौ सर्वहेत्वधिकरणानुयोगिकत्वं

नास्त्येव । एकस्य संयोगस्य सर्वेषु हेत्वधिकरणेषु अवर्तमानत्वात् । तथा च संयोगसामान्ये वह्निप्रतियोगिकत्व सामान्य-सर्वहेत्वधिकरणानुयोगिकत्वसामान्याभावस्य सत्वात् साध्याभावस्यैव लक्षणघटकत्वेनाव्याप्तिर्भवेत् । अतो यत्किंचित्पदमुपात्तम् । तथा च हेत्वधिकरणत्वेन किमपि हेत्वधिकरणं ग्रहीतुं शक्यते, किन्तु तत् पृथक् पृथक् एव ग्राह्यम् । पर्वतमादाय महानसमादाय चत्वरमादाय वा लक्षणसमन्वयो विधातव्यः । युगपदेव सर्वेषां हेत्वधिकरणानां ग्रहणमेव यत्किंचित्पदेन निषिद्धम् । पृथक् पृथक् तु कस्यापि हेत्वधिकरणस्य ग्रहणे न निषेधः कृतः इति बोध्यम् । एवं 'सम्बन्धसामान्ये तादृशप्रतियोगिकत्वसामान्यं अस्ति न वा' इति न प्रष्टव्यम् । किन्तु 'सम्बन्धसामान्ये तादृशप्रतियोगिकत्वसामान्य-अभावः अस्ति न वा' इति प्रष्टव्यम् । एवं 'सम्बन्धसामान्ये तादृशानुयोगिकत्वसामान्य-अभावः अस्ति न वा' इति न प्रष्टव्यम् । किन्तु 'सम्बन्धसामान्ये तादृशानुयोगिक-त्वसामान्य-अभावः अस्ति न वा' इति प्रष्टव्यम् । अत्र युक्तयस्तु अनन्तरोदिता स्वयमेवावगन्तव्याः । अत्र बहु वक्तव्यम् तत्तु विस्तरभयात् नोच्यते ।

**ચન્દ્રશેખરીયા : ઉત્તરપક્ષ :** ભલે, પણ આ રીતે વિશિષ્ટાભાવની વિવક્ષા કરીએ તો **"ઘટવાન્ મહાકાલત્વાત્"**માં જ અવ્યાપ્તિ આવે. કેમકે અહીં અમે ગગનાભાવને લઈને લક્ષણસમન્વય કરતા હતા. બીજો અભાવ તો લેવાતો જ ન હતો. પણ હવે તો ગગનાભાવ પણ ન લેવાય, કેમકે સાધ્યતાવચ્છેદકકાલિકમાં ગગનપ્રતિયોગીકત્વવિશિષ્ટ-મહાકાલાનુયોગિકત્વનો અભાવ મળે તો જ ગગનાભાવ લક્ષણઘટક લેવાય. એ માટે પહેલાં તો કોઈક સંબંધમાં એ વિશિષ્ટને પ્રસિદ્ધ કરવું પડશે. પણ એ તો શક્ય જ નથી. કેમકે ગગન પોતે મહાકાલમાં કોઈપણસંબંધથી રહેતું હોત તો જ એ સંબંધમાં ગગનપ્રતિયોગીકત્વ + મહાકાલાનુયોગિકત્વ એ બે મળત અને તો પછી સંબંધમાં ગગનપ્રતિયોગીકત્વ વિશિષ્ટ એ મહાકાલાનુયોગિકત્વ બનત. પણ એવું તો થતું જ નથી. એટલે વિશિષ્ટ જ પ્રસિદ્ધ ન હોવાથી કાલિકમાં વિશિષ્ટનો અભાવ પણ ન લેવાય. આમ હવે તો ગગનાભાવ પણ ન લઈ શકાતા અવ્યાપ્તિનું નિવારણ થઈ જ ન શકે. માટે જ અમે વિશિષ્ટને છોડી ઉભયનો અભાવ લીધો છે. ઉભયમાં તો ગગનપ્રતિયોગીકત્વ તાદાત્મ્યસંબંધમાં પ્રસિદ્ધ છે અને મહાકાલાનુયોગિકત્વ કાલિકમાં પ્રસિદ્ધ છે. અહીં વિશિષ્ટની વિવક્ષા જ ન હોવાથી "બે ય એકમાં જ મળવા જોઈએ" એવું જરૂરી નથી. બે યની જુદી જુદી ક્યાંય પણ પ્રસિદ્ધિ જોઈએ. એટલે તાદાત્મ્યમાં ગગનપ્રતિયોગિકત્વ છે અને કાલિકમાં મહાકાલાનુયોગિકત્વ છે. એટલે સાધ્યતાવચ્છેદક સંબંધસામાન્યમાં તાદાત્મ્યનિષ્ઠ એવા ગગનપ્રતિયોગિકત્વનો અભાવ હોવાથી ઉભયાભાવ મળી જાય. આમ ગગનાભાવ જ લક્ષણઘટક બની જતા અવ્યાપ્તિ ન આવે. આ કારણસર જ અમે વિશિષ્ટાભાવ ન કહેતા ઉભયાભાવ કીધો છે.

આ પ્રમાણે, બધાં પદોનું પ્રયોજન બતાવી દીધું. આ લક્ષણમાં નીચેની બાબતો બરાબર ધ્યાનમાં રાખવી. જેથી સમજવામાં ભુલ ન થાય.

(i) સાધ્યતાવચ્છેદક એવા જેટલા સંબંધો મળે, એ તમામે તમામમાં તાદશોભય છે કે નથી ? એ પ્રશ્ન નથી પુછવાનો કેમકે જો એમ કરો, તો તો **વહ્નિમાન્ ધૂમાત્**માં જ વાંધો આવે, અહીં તમામે તમામ સંયોગમાં તો મહાનસીયવહ્નિસંયોગ પણ છે. તેમાં વહ્નિપ્રતિયોગીકત્વ +પર્વતાનુયોગિકત્વ નથી. (યત્કિંચિત્ હેત્વધિકરણપર્વત લીધું છે.) એટલે તેમાં ઉભય નથી. માટે સંબંધસામાન્યમાં ઉભય છે ? એ પ્રશ્નનો ઉત્તર **"ના"** આવે. એટલે કે 'ઉભયાભાવ છે' એમ અર્થ નીકળે. અર્થાત્ વહ્ન્યભાવ જ લક્ષણઘટક બની જતાં અવ્યાપ્તિ આવે. એટલે પ્રશ્ન એમ પુછવો કે "સા.અવ. સંબંધસામાન્યમાં=તમામે તમામ સંબંધોમાં તાદશોભયાભાવ છે?"

હવે જુઓ. તમામસંબંધોની અંદર પર્વતવૃત્તિવહ્નિસંયોગ પણ આવે અને તેમાં તો વહ્નિપ્રતિયોગીકત્વ+ પર્વતાનુયોગિકત્વ છે જ. એટલે સંયોગસામાન્યમાં=તમામે તમામ સંયોગોમાં તાદશોભયાભાવ છે ?" એ પ્રશ્નનો ઉત્તર "ના" જ આવે. કેમકે પર્વતીય સંયોગમાં તો તાદશોભયાભાવ નથી જ. અહીં પણ તમામ સંયોગોમાં તાદશોભયાભાવનો અભાવ છે = તાદશોભય છે. એવો અર્થ ન જ કરાય. કેમકે તમામ સંયોગોમાં તો તાદશોભય નથી જ. અમુકમાં જ છે. એટલે તમામ સંયોગોમાં તાદશોભયાભાવ નથી એટલું જ બોલવું. એનો અર્થ ઉભય છે એ અર્થ ન કરવો. આનો સીધો અર્થ એ જ છે કે, "એકપણ સાધ્યતાવચ્છેદકસંબંધમાં તાદશોભય મળે તો પછી ત્યાં સંબંધ સામાન્યમાં ઉભયાભાવ ન મળે."

(ii) હેત્વધિકરણ તરીકે યત્કિંચિત્ લખવાનું કારણ એ કે કોઈપણ સંબંધ "તમામે તમામ હેત્વધિકરણો એ અનુયોગિ છે જેનો" એવો તો બનવાનો જ નથી. એટલે અહીં એટલો જ આશય છે કે હેત્વધિકરણ તરીકે તમે કોઈપણ લઈ શકો, પણ બધા જુદા જુદા લેવાના. એક સાથે બધાની વિવક્ષા ન કરાય. ૧-૧ લઈને તમે બધા જ હેત્વધિકરણ લઈ શકો, તેમાં કોઈ વાંધો નથી. એટલે જ **'धूमवान् वह्नेः'**માં યત્કિંચિત્ તરીકે પર્વત લો, તો તો લક્ષણસમન્વય જ થઈ જાય. પણ યત્કિંચિત્‌હેત્વધિકરણ તરીકે વારાફરતી બધા જ લઈ શકાય. એટલે અયોગોલક પણ લેવાય અને ત્યારે તો તમામ સંયોગોમાં ઉભયાભાવ મળી જતા ધૂમાભાવ જ લક્ષણઘટક બની જતા અતિવ્યાપ્તિ ન આવે.

(iii) જેમ સંબંધસામાન્યમાં ઉભયાભાવની વિવક્ષા (નં. ૧) કરી તેમ એ પણ સમજવું કે, "સંબંધસામાન્યમાં નિરુક્તિપ્રતિયોગીપ્રતિયોગિકત્વસામાન્ય છે ?" એમ ન પુછવું કેમકે તો પછી સંયોગસામાન્યમાં સમવાયનિષ્ઠ વહ્નિપ્રતિયોગીકત્વ ન જ હોવાથી તાદશસામાન્યનો અભાવ મળી જતા સાધ્યાભાવ=વહ્નિ-અભાવ જ લક્ષણઘટક બને. પરિણામે અવ્યાપ્તિ આવે. એટલે એમ પ્રશ્ન પૂછવો કે તમામે તમામ સા.અ. સંબંધોમાં તાદશપ્રતિયોગીકત્વ સામાન્યનો અભાવ છે ?" જો હા, તો ઉભયાભાવ મળે એટલે તમામ સંયોગોની અંતર્ગત વહ્નિસંયોગમાં તો વહ્નિપ્રતિયોગિકત્વસામાન્યનો અભાવ નથી જ, કેમકે એમાં પર્વતીયાદિવહ્નિ-પ્રતિયોગિકત્વ રહેલું જ છે. એટલે વહ્ન્યભાવ ન લેવાય માટે વાંધો ન આવે. એ જ રીતે "તમામ સા.અ. સંબંધોમાં હેત્વધિકરણાનુયોગિકત્વસામાન્ય છે ?" એમ ન પુછતા "તાદશસામાન્યાભાવ છે ? એમ પુછવું. જો "હા" તો ત્યાં તેના દ્વારા ઉભયાભાવ મળી ગયેલો ગણાય. સીધી વાત એ કે તમામે તમામ સાધ્યતાવચ્છેદકસંબંધોમાં ઉભયાભાવ જે અભાવને લઈને મળે તે અભાવ લક્ષણઘટક બની શકે.

---

**जागदीशी** - **न च यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिक( त्वविशिष्ट- ) सम्बन्धसामान्ये, —हेत्वधिकरणीभूतयत्किञ्चिद्व्यक्त्यनुयोगिक( त्वविशिष्ट ) साध्यतावच्छेदकसम्बन्धत्वस्य,**

**तथाविधसम्बन्धसामान्ये वा, —यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिकत्वस्य व्यतिरेकः,—तादृशप्रतियोगितानवच्छेदकत्वमेव साध्यतावच्छेदकस्य कथं नोक्तमिति वाच्यम्;**

**चन्द्रशेखरीया :** ननु यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिकसम्बन्ध-सामान्ये हेत्वधिकरणयत्किंचिद्व्यक्त्यनुयोगिकसाध्यतावच्छेदकसम्बन्धत्वाभावः, तादृशप्रतियोगितानवच्छेदकत्वं साध्यतावच्छेदके विवक्ष्यताम्। तावतैव लक्षणघटनसंभवात् गुरुभूतलक्षणाश्रयणमयुक्तं। **वह्निमान् धूमादि**त्यत्र वह्न्यभावो लक्षणघटको न भवति। तथा हि वह्निप्रतियोगितावच्छेदकं यत् वह्नित्वं, तदवच्छिन्नः वह्निः, स प्रतियोगि यस्य, तादृशः सम्बन्धः संयोगः, समवायः, तादात्म्यम्, कालिकश्च। तत्र हेत्वधिकरणं पर्वतः, तदनुयोगिकः साध्यतावच्छेदकसम्बन्धः वह्निसंयोगः। स एव वह्निप्रतियोगिकसम्बन्धसामान्यान्तर्गतः। तथा च वह्निप्रतियोगिकसम्बन्धसामान्यान्तर्गते पर्वतीयवह्निसंयोगे पर्वतानुयोगिक-साध्यतावच्छेदकसंयोगसम्बन्धत्वस्य सत्वात् तादृशसम्बन्धसामान्ये तादृशसम्बन्धत्वाभावो न वर्तते। अतो न वह्निनिष्ठप्रतियोगिता ग्रहीतुं शक्या। किन्तु घटाभावीयप्रतियोगितावच्छेदक-घटत्वावच्छिन्नघटप्रतियोगिकाः सम्बन्धाः घटसंयोगः, घटसमवायः, घटतादात्म्यं, घटीयकालिकश्च। तत्र समवायतादात्म्यकालिकेषु तु साध्यतावच्छेदकसम्बन्धत्वाभावःस्फुट एव। घटीयसंयोगे यद्यपि साध्यतावच्छेदकसंयोगसम्बन्धत्वं वर्तते। तथापि घटीयसंयोगः पर्वतानुयोगिको न भवति। अतः तस्मिन् पर्वतानुयोगिकसाध्यतावच्छेदकसम्बन्धत्वस्याभाव एव वर्तते। तथा च घटप्रतियोगिकसम्बन्ध-सामान्ये तादृशसम्बन्धत्वाभावसत्वात् घटीयप्रतियोगिता एव लक्षणघटका, तदनवच्छेदकं वह्नित्वमिति लक्षणसमन्वयात् नाव्याप्तिः। एवं **कालिकेन घटवान् महाकालत्वात्** इत्यत्र गगनाभावप्रतियोगितावच्छेदक गगनत्वावच्छिन्नगगनप्रतियोगिकं सम्बन्धसामान्यं तादात्म्यं, संयोगेन गगनस्य वृत्तितामते संयोगश्चापि, न तु कालिकः। तथा च तादृशसम्बन्धसामान्ये तादात्म्यसंयोगादिस्वरूपे कालिकसम्बन्धत्वाभावादेव महाकालानुयोगिककालिकसम्बन्धत्वाभावो वर्तते। अतो गगननिष्ठा प्रतियोगिता गृह्यते, तदनवच्छेदकं घटत्वमेव साध्यतावच्छेदकमिति नाव्याप्तिः।

अथवा हेत्वधिकरणीभूतयत्किंचिद्व्यक्त्यनुयोगिकसाध्यतावच्छेदकसम्बन्धसामान्ये यादृशप्रतियोगिता-वच्छेदकावच्छिन्नप्रतियोगिकत्वाभावः, तादृशप्रतियोगितानवच्छेदकं साध्यतावच्छेदकं इत्यपि वक्तुं शक्यते। '**वह्निमान् धूमादि**'त्यत्र पर्वतानुयोगिकसाध्यतावच्छेदकसंयोगसामान्यान्तर्गते पर्वतीयवह्निसंयोगे वह्नित्वावच्छिन्नपर्वतीयवह्निप्रतियोगिकत्वं वर्तते। अतः साध्यतावच्छेदकतादृशसम्बन्धसामान्ये तादृशप्रति-योगिकत्वाभावो नास्ति। तथा च न वह्न्यभावो लक्षणघटकः, किन्तु पर्वतानुयोगिकसंयोगसम्बन्धसामान्ये घटत्वावच्छिन्नघटप्रतियोगिकत्वाभावो वर्तते एव इति घटीयप्रतियोगिता गृह्यते, तदनवच्छेदकं वह्नित्वम् इति लक्षणसमन्वयः। एवं महाकालत्वाधिकरणमहाकालानुयोगिकसाध्यतावच्छेदके कालिकसम्बन्धसामान्ये गगनत्वावच्छिन्नगगनप्रतियोगिकत्वाभावो वर्तते। अतो गगनीयप्रतियोगितामादाय लक्षणसमन्वयसंभवात् नाव्याप्तिः। इत्थं च अन्यतरविवक्षयैवाव्याप्तिदोषनिराकरणसंभवेऽपि गुरुतरलक्षणप्रतिपादनमयुक्तमिति चेत्

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** આ લક્ષણમાં ગૌરવ છે. એના કરતા તો આ પ્રમાણે કહો કે "યાદૃશપ્રતિયોગિતાવચ્છેદક-અવચ્છિન્નપ્રતિયોગીકસંબંધસામાન્યમાં હેત્વધિકરણીભૂતયત્કિંચિત્વ્યક્તિ-અનુયોગિક-સાધ્યતા-અવચ્છેદકસંબંધત્વનો અભાવ હોય. તાદૃશપ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક લેવાનું."

**'વહ્નિમાન્ ધૂમાત્'** એમાં ધારો કે વહ્ન્યભાવ લઈએ તો વહ્નિનિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદક વહ્નિત્વાવચ્છિન્ન એવા વહ્નિઓ બને. અને 'એ વહ્નિઓ એ છે પ્રતિયોગિ જેના એવા તો સંયોગ-સમવાય-કાલિકાદિ સંબંધો બને. હવે હેત્વધિકરણીભૂત પર્વત લઈએ, તો પર્વતાનુયોગિક એવો વહ્નિસંયોગ બને જ છે. અને એ પેલા વહ્નિપ્રતિયોગીક-સંબંધ સામાન્યમાં આવે જ છે. અને એમાં તો સાધ્યતાવચ્છેદકસંયોગસંબંધત્વ છે જ. એટલે વહ્નિપ્રતિયોગીક તમામ સંબંધમાં તાદશસાધ્યતાવચ્છેદકસંબંધત્વાભાવ મળતો નથી. માટે વહ્નિમાં રહેલી પ્રતિયોગિતા ન લેવાય. પરંતુ ઘટાભાવની પ્રતિયોગિતાના અવચ્છેદક એવા ઘટત્વથી અવચ્છિન્ન ઘટો એ પ્રતિયોગી છે જેના એવા સંબંધ તરીકે ઘટસંયોગ, ઘટ સમવાય, ઘટ તાદાત્મ્ય, ઘટીય કાલિક સંબંધ મળે. એમાં સમવાય, તાદાત્મ્ય, કાલિકમાં સાધ્યતાવચ્છેદકસંબંધત્વનો અભાવ સ્પષ્ટ છે. ઘટીયસંયોગમાં જો કે સાધ્યાતવચ્છેદકસંબંધત્વ છે. તો પણ એ સંયોગ પર્વતાનુયોગિક નથી. એટલે એમાં પર્વતાનુયોગિકસાધ્યતા-વચ્છેદકસંબંધત્વનો અભાવ જ છે. આમ ઘટપ્રતિયોગિક તમામ સંબંધોમાં તાદશસંબંધત્વાભાવ મળે. એટલે ઘટીયપ્રતિયોગિતા લઈ શકાય. તેનો અનવચ્છેદક વહ્નિત્વ છે. માટે લક્ષણ ઘટી જાય છે.

અથવા બીજી રીતે એમ પણ કહેવાય કે "હેત્વધિકરણીભૂતયત્કિંચિત્વ્યક્તિઅનુયોગિક એવા સાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યમાં યાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગીકત્વનો અભાવ હોય, તાદશપ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક લેવો."

**'વહ્નિમાન્ ધૂમાત્'** સ્થલે ધૂમાધિકરણ એવા યત્કિંચિત્વ્યક્તિ તરીકે ધારો કે પર્વત લઈએ તો 'પર્વત એ અનુયોગિ છે જેનો' એવા સાધ્યતાવચ્છેદકસંબંધ તરીકે તો વહ્નિસંયોગ+વૃક્ષસંયોગ+પત્થરસંયોગાદિ આવે. એમાં આ કોઈપણ સંયોગમાં ઘટાભાવપ્રતિયોગિતાવચ્છેદકઘટત્વાવચ્છિન્નઘટપ્રતિયોગીકત્વ નથી. એટલે તાદશસંબંધસામાન્યમાં તાદશપ્રતિયોગીકત્વાભાવ મળી જાય. એટલે ધૂમાભાવીય પ્રતિયોગિતા લેવાય અને તેનો અનવચ્છેદક વહ્નિત્વ બની જાય.

આમ આ બેમાંથી કોઈપણ એક પદ્ધતિથી જ **ઘટવાન્ મહાકાલત્વાત્** વગેરેમાં ગગનાભાવાદિ દ્વારા લક્ષણ ઘટી શકતું હતું. છતા તમે મોટું લક્ષણ કેમ બનાવ્યું ?

---

**जागदीशी** - **'द्रव्यवान् प्रमेयत्वा'दित्यादौ संयोगेन साध्यतायामतिव्याप्त्यापत्तेः,**

**प्रमेयानुयोगिकसंयोगसामान्यस्यैव द्रव्यत्वावच्छिन्नप्रतियोगिकत्वेन साध्याभावस्य लक्षणाघटकत्वादिति ध्येयम् ।**

**एवञ्च कालिकसम्बन्धसामान्ये, –महाकालानुयोगिकत्वसत्त्वेऽपि,–गगनप्रतियोगिकत्वविरहाद्गगनाभाव एव 'घटवान् महाकालत्वादित्यादौ प्रतियोगिव्यधिकरणतया प्रसिद्ध इति भावः ।**

---

**चन्द्रशेखरीया :** न, एवं सति **संयोगेन द्रव्यवान् प्रमेयत्वादि**त्यत्रातिव्याप्त्यापत्तेः । तथाहि प्रथमविवक्षानुसारेण तु द्रव्यनिष्ठप्रतियोगितावच्छेदकद्रव्यत्वावच्छिन्नानि यानि द्रव्याणि, तत्प्रतियोगिकसम्बन्धास्तु द्रव्यसंयोग-द्रव्यसमवाय-द्रव्यतादात्म्य-द्रव्यकालिकादिरूपाः । इतश्च यदि

हेत्वधिकरणपदेन प्रमेयत्वाधिकरणीभूतानि गुणादीनि गृह्येरन्, तदा तदनुयोगिकस्य साध्यतावच्छेदकसंयोगस्य एवाप्रसिद्धत्वात् कुत्रापि गुणाद्यनुयोगिकसंयोगसम्बन्धत्वाभावोऽपि ग्रहीतुं न शक्यते । तथा च न द्रव्यसंयोगसमवायादिषु तादृशसम्बन्धत्वाभावो ग्रहीतुं शक्यते। यदि च प्रमेत्वाधिकरणत्वेन द्रव्याणि गृह्यन्ते। तदा तु तदनुयोगिक-साध्यतावच्छेदकसंयोगसम्बन्धत्वं निरूक्तद्रव्यप्रतियोगिकसम्बन्धसामान्यान्तर्गते द्रव्यसंयोगे वर्तते । तथा च न द्रव्यप्रतियोगिकसम्बन्धसामान्ये प्रमेयत्वाधिकरण-द्रव्यानुयोगिकसाध्यतावच्छेदकसंयोगसम्बन्धत्वाभावो ग्रहीतुं शक्यते, तस्मात् न द्रव्यनिष्ठप्रतियोगिता यादृशप्रतियोगितापदेन ग्रहीतुं शक्याऽपि तु घटादिनिष्ठप्रतियोगिता इति तामादायातिव्याप्तिः । एवं द्वितीयविवक्षानुसारेण यदि चिन्त्यते, तदा प्रमेयत्वाधिकरणगुणाद्यनुयोगिक-साध्यतावच्छेदकसम्बन्धस्य संयोगस्यैवाप्रसिद्ध्या प्रमेयत्वाधिकरणद्रव्यानुयोगिकसंयोगसम्बन्ध एव यत्किंचित् हेत्वधिकरणानुयोगिकसाध्यतावच्छेदकसम्बन्धपदेन ग्राह्यः, तत्र च न केवलं एकस्मिन्नेव संयोगेऽपि तु संयोगसामान्ये द्रव्यप्रतियोगिकत्वं वर्तते। यदि हि एकस्मिन् अपि संयोगे द्रव्यत्वावच्छिन्नद्रव्यप्रतियोगिकत्वं वर्तते । तदापि संयोगसामान्ये तादृशप्रतियोगिकत्वाभावो न ग्रहीतुं शक्यते । अत्र तु सर्वस्मिन्संयोगे तादृशप्रतियोगिकत्वं वर्तते, तर्हि का वार्ता तादृशप्रतियोगिकत्वाभावग्रहणस्येति । तथा चात्रापि यादृशप्रतियोगितापदेन द्रव्यनिष्ठा प्रतियोगिता दुरापा, अतो घटनिष्ठप्रतियोगितामादायातिव्याप्तिः संभवेत्। अतो न विवक्षाद्वयमपि सम्यक् । किन्तु अस्मदुक्तलक्षणमेव मन्तव्यम् । एवञ्च कालिकसम्बन्धसामान्ये महाकालानुयोगिकत्वसामान्याभावासत्वेऽपि गगनप्रतियोगिकत्वसामान्याभावसत्वात् तदादायोभयाभावो प्रसिद्ध्यति इति गगनाभावस्यैव लक्षणघटकत्वसंभवात् न तत्राव्याप्तिः इति खंडितः पूर्वपक्षोऽस्माभिः ।

**चन्द्रशेखरीया : ઉત્તર પક્ષ :** બે ય વિવક્ષામાં **"द्रव्यवान् प्रमेयत्वात्"** આ સ્થલે દ્રવ્ય જ્યાં સંયોગથી સાધ્ય છે, તેવા ખોટા સ્થળે અતિવ્યાપ્તિ આવે. તે આ પ્રમાણે-પહેલી વિવક્ષામાં દ્રવ્યનિષ્ઠપ્રતિયોગિતાનો અવચ્છેદક દ્રવ્યત્વ બને. 'તદવચ્છિન્ન દ્રવ્યો એ છે અનુયોગિ જેના' એવા કાલિક+સંયોગ+તાદાત્મ્યાદિ મળે. હવે જો પ્રમેયત્વાધિકરણ તરીકે ગુણાદિ લેશો, તો ગુણાદ્યનુયોગિક એવો સંયોગ પ્રસિદ્ધ જ ન હોવાથી તે નહીં લેવાય. એટલે પ્રમેયત્વાધિકરણ દ્રવ્ય જ લેવું પડે. અને દ્રવ્યાનુયોગિક-સાધ્યતાવચ્છેદકસંબંધત્વ તો દ્રવ્યપ્રતિયોગીકસંયોગમાં છે જ. એટલે દ્રવ્યપ્રતિયોગીકસંબંધસામાન્યમાં તાદશસંબંધત્વાભાવ નથી મળતો. એટલે પછી ઘટાભાવાદિ લઈ લક્ષણ સમન્વય કરી શકાય.

બીજી વિવક્ષામાં પ્રમેયત્વાધિકરણ ગુણાદિ લો તો ગુણાદિ-અનુયોગિક એવો સાધ્યતાવચ્છેદક સંબંધ=સંયોગ પ્રસિદ્ધ જ નથી. એટલે હેત્વધિકરણ તરીકે ગુણાદિ ન લેવાય. અને જો દ્રવ્ય લો તો દ્રવ્યાનુયોગિક એવા સાધ્યતાવચ્છેદક સંયોગ સંબંધમાં તો દ્રવ્યત્વાવચ્છિન્નદ્રવ્યપ્રતિયોગીકત્વ છે જ. એટલે દ્રવ્યાનુયોગિકસંયોગ સામાન્યમાં દ્રવ્યાભાવપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન-દ્રવ્યપ્રતિયોગીકત્વનો અભાવ મળતો નથી જ. એટલે દ્રવ્યાભાવ લક્ષણઘટક ન બનતા બીજા અભાવ દ્વારા અતિવ્યાપ્તિ આવે.

અહીં પણ તાદશસંબંધસામાન્યમાં તાદશપ્રતિયોગીકત્વાભાવ છે ? કે નહી ? એમ જ પુછવાનું છે. અર્થાત્ એક પણ સા.અ.સંબંધમાં તા.પ્રતિયોગીકત્વ હોય, તો સંબંધસામાન્યમાં તદભાવ ન મળે એ ધ્યાનમાં રાખવું. આ અનુમાનમાં તો પ્રમેયાનુયોગિક સંયોગસામાન્યમાં જ દ્રવ્યપ્રતિયોગીકત્વ છે. એટલે સુતરાં તદભાવ મળવાનો

નથી. જો એક જ સંયોગમાં દ્રવ્યપ્રતિયોગીકત્વ મળત, તોય તદભાવ ન લેવાત અહીં તો બધા સંયોગમાં મળે છે. પછી તો પુછવાનું જ શું ?

એટલે તમારી બે વિવક્ષા ખોટી છે.

મુળવાત પર આવીએ. આ રીતે કાલિકસંબંધસામાન્યમાં મહાકાલાનુયોગિકત્વ હોવા છતાં પણ ગગનપ્રતિયોગીકત્વ ન હોવાથી ઉભયાભાવ મળી જાય અને એટલે ગગનાભાવ જ લક્ષણઘટક બનતા **'ઘટવાન્ મહાકાલત્વાત્'**માં અવ્યાપ્તિ આવતી નથી.

---

**जागदीशी** - **ननु हेत्वधिकरणीभूतयत्किञ्चिद्व्यक्त्यनुयोगिकत्वं यदि तद्वृत्तित्वं, तदा 'धूमवान् वह्ने'रित्यादावतिव्याप्तिः, धूमप्रतियोगिकस्यापि संयोगस्य कालिकसम्बन्धेनायोगोलकवृत्तित्वात् ।**

---

**चन्द्रशेखरीया :** ननु हेत्वधिकरणीभूतयत्किंचिद्व्यक्त्यनुयोगिकत्वं यदि तद्व्यक्तिवृत्तित्वमेव । तदा तु **'धूमवान् वह्ने'**रित्यादौ तथैवातिव्याप्तिः। यतःसाध्यतावच्छेदकसंयोगसामान्यान्तर्गते धूमसंयोगे धूमप्रतियोगिकत्व-अयोगोलकानुयोगिकत्वोभयं वर्तते, धूमसंयोगस्य कालिकेनायोगोलकवृत्तित्वात् तद्वृत्तित्वस्यैव तदनुयोगिकत्वेन भवद्भिरेवाभिमतत्वात् । तथा च न तत्र धूमाभावो लक्षणघटकः । तथा च संयोगेन गगनस्यावृत्तितामते संयोगसामान्ये गगनप्रतियोगिकत्वसामान्याभावमादाय गगनप्रतियोगिकत्वायोगोलकानुयोगिकत्वोभयाभावः वर्तते । अतो गगनाभावमादायातिव्याप्तिः । संयोगेन गगनवृत्तितामते तु संयोगसामान्ये ज्ञानप्रतियोगिकत्वसामान्याभावमादाय ज्ञानप्रतियोगिकत्व-अयोगोलकानुयोगिकत्वोभयाभावः वर्तते । अतो ज्ञानाभावमादायातिव्याप्तिर्भवति ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** હેત્વધિકરણ-યત્કિંચિત્વ્યક્તિ-અનુયોગિકત્વ=તદ્વ્યક્તિવૃત્તિત્વ એવો જો અર્થ લો, તો પછી **'ધૂમવાન્ વહનેઃ'**માં અતિવ્યાપ્તિ આવે, કેમકે ત્યાં સાધ્યતાવચ્છેદકસંયોગસામાન્યની અન્તર્ગત તરીકે પર્વતીયધૂમાદિસંયોગ પણ છે, અને તેમાં તો ધૂમપ્રતિયોગીકત્વ છે. હવે હેત્વધિકરણ તરીકે અયોગોલક લઈએ, તો પેલો સંયોગ તો કાલિકથી અયોગોલકમાં રહેલો જ છે. એટલે સંયોગ એ અયોગોલકવૃત્તિ છે. અર્થાત્ તેમાં અયોગોલકાનુયોગિકત્વ પણ છે જ. આમ એ પર્વતીયધૂમસંયોગમાં ઉભય મળી ગયું અને તેથી સા.અ.સંબંધસામાન્યમાં ઉભયાભાવ ન મળતા ધૂમાભાવ ન લેવાય. પણ ગગનાભાવ કે જ્ઞાનાભાવાદિને લઈને લક્ષણ ઘટી જતા અતિવ્યાપ્તિ આવે. સંયોગમાં જ્ઞાનપ્રતિયોગિકત્વાભાવ તો મળી જ જવાનો છે. અને ગગન એ સંયોગથી નથી રહેતું એ મતે સંયોગમાં ગગનપ્રતિયોગિકત્વાભાવ પણ મળી જવાનો. એટલે એ બે અભાવોમાંથી કોઈપણ દ્વારા લક્ષણસમન્વય થઈ જતા અતિવ્યાપ્તિ આવે.

**जागदीशी** - **यदि च साध्यतावच्छेदकसम्बन्धस्य संसर्गतानियामको यः सम्बन्धस्तेन सम्बन्धेन हेत्वधिकरणवृत्तित्वम् ( एव ) तदनुयोगिकत्वं,**

---

**चन्द्रशेखरीया : यदि** चातिव्याप्तिविनिवारणाय साध्यतावच्छेदकसम्बन्धस्य संसर्गतानियामको यः सम्बन्धः=साध्यतावच्छेदकसम्बन्धनिष्ठसम्बन्धताया अवच्छेदको यः सम्बन्धः, तेन सम्बन्धेन हेत्वधिकरणवृत्तित्वम् तदनुयोगिकत्वं । तथा च धूमसाध्यकेऽत्रस्थले साध्यतावच्छेदकधूमसंयोगसम्बन्धः समवायेनैव धूमे वर्तमानो गृह्यते । तथा च साध्यतावच्छेदकसंयोगनिष्ठसम्बन्धताया अवच्छेदकः समवायः, तेन सम्बन्धेन धूमसंयोगस्य अयोगोलकवृत्तित्वेनैवायोगोलकानुयोगिकत्वं गण्यते । धूमसंयोगस्तु न समवायेन अयोगोलकवृत्तिरपि तु कालिकादिना । अतः धूमसंयोगे समवायेनायोगोलकवृत्तित्वात्मकस्य हेत्वधिकरणायोगोलकानुयोगिकत्वस्याभावो वर्तत एव । तथा च धूमाभावो लक्षणघटको भवतीति नातिव्याप्तिः इति **विभाव्यते** ।

**ચન્દ્રશેખરીયા : ઉત્તરપક્ષ** : સાધ્યતાવચ્છેદકસંબંધતાનો અવચ્છેદક જે સંબંધ=(સાધ્યતાવચ્છેદકસંબંધને રહેવાનો સંબંધ) હોય તે સંબંધથી હેત્વધિકરણવૃત્તિત્વ એ જ હેત્વધિકરણ-અનુયોગિકત્વ ગણવું. અહીં, ધૂમસંયોગમાં સાધ્યતાવચ્છેદકસંબંધતા છે. આ સંયોગ પોતે સમવાયથી રહેનારો લીધો છે. એટલે સાધ્યતાવચ્છેદક સંબંધતાનો અવચ્છેદકસંબંધ સમવાય બને. એટલે આ ધૂમસંયોગ સમવાયથી જેમાં રહે તદનુયોગિકત્વ એમાં આવે. ધૂમસંયોગ સમવાયથી પર્વતાદિમાં ભલે રહે, પણ અયોગોલકમાં રહેતો નથી. એટલે ધૂમસંયોગમાં સમવાયથી અયોગોલક-વૃત્તિત્વ=અયોગોલકાનુયોગિકત્વ નથી. આમ ધૂમસંયોગમાં ધૂમપ્રતિયોગીકત્વ હોવા છતાં ધૂમપ્રતિયોગીકત્વ+ અયોગોલકાનુયોગિકત્વ ઉભય-અભાવ મળી ગયો. એટલે સાધ્યાભાવ જ લક્ષણઘટક બની જતા અતિવ્યાપ્તિ ન આવે

---

**जागदीशी** **–तदा संयोगेन द्रव्यस्य साध्यतायां द्रव्य-जात्यन्यतरत्वादावतिव्याप्तिः, जातौ समवायेन वृत्तेरप्रसिद्धेः ।**

---

**चन्द्रशेखरीया** : तदा तु **संयोगेन द्रव्यवान् द्रव्यजात्यन्यतरत्वादि**त्यत्रातिव्याप्तिः प्रसज्येत । अत्र हेतुः द्रव्ये जातौ च वर्तते, तत्र जातौ संयोगेन द्रव्यात्मकं साध्यं नास्ति, अतोऽयं व्यभिचारी हेतुः । किन्तु तथापि अत्र न साध्याभावो लक्षणघटको भवति । तथाहि अत्र साध्यतावच्छेदकसम्बन्धनिष्ठसम्बन्धतावच्छेदकः समवायः, समवायेनैव संयोगयुक्तस्य द्रव्यस्य साधनात् । तथा च संयोगसामान्ये द्रव्याभावप्रतियोगिद्रव्य प्रतियोगिकत्वाभावो नास्ति, संयोगेषु द्रव्यप्रतियोगिकत्वसत्वात् । हेत्वधिकरणं च यदि जातिः गृह्येत, तदा तत्र समवायेन कस्याप्यवर्तमानत्वात् संयोगेऽपि समवायेन जातिवृत्तित्वात्मकस्य जात्यनुयोगिकत्वस्याभावो न विवक्षितुं शक्यते । यदि च हेत्वधिकरणं द्रव्यं गृह्येत, तदा संयोगे द्रव्यानुयोगिकत्वस्य सत्वात् संयोगे

उभयस्यापि वर्तमानत्वात् संयोगसामान्ये उभयाभावो दुर्घटः इति अत्र न साध्याभावो लक्षणघटकोऽपि तु घटाभावादिरिति अतिव्याप्तिर्दुवारा स्यात्

**ચન્દ્રશેખરીયા :** પ્રશ્ન : તો પછી, '**संयोगेन द्रव्यवान् द्रव्यजात्यन्यतरत्वात्** આ સ્થલે અતિવ્યાપ્તિ આવશે. દ્રવ્ય-જાતિ અન્યતરત્વ એ દ્રવ્ય+જાતિ બેમાં છે. એમાં જાતિમાં તો સંયોગથી દ્રવ્ય રહેતું નથી માટે તેમાં વ્યભિચાર આવતો હોવાથી આ સ્થાન ખોટું છે. પણ અહીં સાધ્યતાવચ્છેદક સંબંધ સંયોગ છે, એમાં દ્રવ્યપ્રતિયોગીકત્વ તો છે જ. હવે હેત્વધિકરણ તરીકે દ્રવ્ય લઈએ તો આ સંયોગ એ સાધ્યતાવચ્છેદક સંબંધતાવચ્છેદક સમવાયથી દ્રવ્યમાં રહેતો જ હોવાથી દ્રવ્યાનુયોગિકત્વ પણ એમાં મળી જાય. અને જો હેત્વધિકરણ તરીકે જાતિ લઈએ તો જાતિમાં તો સમવાયથી કોઈ જ રહેતું ન હોવાથી સમવાયેન જાતિવૃત્તિત્વરૂપ=જાતિ-અનુયોગિકત્વ જ પ્રસિદ્ધ નથી. અને તો પછી સંયોગમાં તેનો અભાવ પણ લઈ શકાતો નથી. માટે ત્યાં પણ ઉભયાભાવ ન લેવાય, આમ દ્રવ્યાભાવ ન લઈ શકાતા, બીજા કોઈપણ અભાવને લઈને અતિવ્યાપ્તિ આવવાની જ છે.

---

**जागदीशी** **-न च साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नाधिकरणतासामान्ये,-निरुक्तोभयाभाववत्त्वं विवक्षितं, तत्र च हेत्वधिकरणवृत्तित्वं स्वरूपसम्बन्धेनैव वाच्यमिति-साम्प्रतम्,**

---

**चन्द्रशेखरीया :न च** साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नस्य यदधिकरणं तन्निष्ठासु सर्वासु अधिकरणतासु यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिनिष्ठाधेयतानिरूपितत्व-स्वरूपसम्बन्धेन यत्किंचिद्हेत्वधिकरणवृत्तित्वोभयाभावः, तादृशप्रतियोगितानवच्छेदकत्वं एव साध्यतावच्छेदके विवक्षितम्। अत्र संयोगावच्छिन्नद्रव्याणामधिकरणं भूतलादि द्रव्यमेव। तत्र या घटाधिकरणता पटाधिकरणता च वर्तते। तेषु घटादिद्रव्यनिष्ठप्रतियोगितावच्छेदकद्रव्यत्वावच्छिन्नद्रव्यात्मकप्रतियोगिनिष्ठाधेयतानिरूपितत्वं वर्तते। किन्तु सा भूतलादिद्रव्यनिष्ठा प्रतियोगिता स्वरूपेण द्रव्यजात्यन्यतरत्वाधिकरणरुपायां जातौ न वर्तते। अत्र च जातौ जातित्वादिधर्माणामधिकरणता स्वरूपेण प्रसिद्धा एव। अतो भूतलादिनिष्ठाधिकरणतानां स्वरूपेण जातौ वृत्तित्वाभावो वक्तुं शक्यते। इत्थं च भूतलादिनिष्ठाधिकरणतायां स्वरूपेण हेत्वधिकरणजातिवृत्तित्वाभावसत्वात् उभयाभावो मीलितः। तथा च द्रव्याभाव एव लक्षणघटकः इति नातिव्याप्तिः इति **वाच्यम्**

**ચન્દ્રશેખરીયા : ઉત્તરપક્ષ :** સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નાધિકરણતાસામાન્યમાં નિરુક્તોભયાભાવવત્વ લેવાનું છે એટલે કે સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન-સાધ્યોના જેટલાં અધિકરણો હોય, તેમાં રહેલી તમામે તમામ અધિકરણતાઓમાં યાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નસાધ્યતાનિરૂપિતત્વ +યત્કિંચિત્ હેત્વધિકરણમાં સ્વરૂપસંબંધેન વૃત્તિત્વ આ ઉભયનો અભાવ હોય, તાદશપ્રતિયોગિતાનવચ્છેદક એવો સાધ્યતાવચ્છેદક લેવાનો છે.

અહીં, સાધ્યતાવચ્છેદક સંયોગ છે. સંયોગાવચ્છિન્ન દ્રવ્યો બની શકે. અને તેની અધિકરણતા તો માત્ર દ્રવ્યોમાં જ આવવાની છે. આ અધિકરણતા સ્વરૂપસંબંધથી રહેનારી છે. હવે દ્રવ્યાભાવપ્રતિયોગિતા-

વચ્છેદકદ્રવ્યત્વાવચ્છિન્ન એવી આધેયતા તો દ્રવ્યોમાં છે જ. અને સંયોગાવચ્છિન્નાધિકરણતા એ દ્રવ્યત્વાવચ્છિન્નાધેયતાથી નિરૂપિત પણ છે. એટલે સંયોગાવચ્છિન્નાધિકરણતામાં દ્રવ્યત્વાવચ્છિન્નાધેયતા નિરૂપિતત્વ તો પડેલું જ છે. હવે હેત્વધિકરણ તરીકે જાતિ લઈએ તો જાતિમાં તો સ્વરૂપસંબંધથી જાતિત્વધર્મનિરૂપિતાધિકરણતા છે જ. એટલે કે જાતિમાં સ્વરૂપસંબંધથી કોઈક રહે તો છે જ. અને તેથી જ સંયોગાવચ્છિન્નદ્રવ્યાધિકરણતા એ સ્વરૂપથી જાતિમાં નથી રહેતી એમ પણ બોલી શકાય. અર્થાત્ દ્રવ્યાધિકરણતામાં સ્વરૂપેણ જાતિવૃત્તિત્વાભાવ મળી ગયો અને તેથી ઉભયાભાવ જ મળી જતા સાધ્યાભાવ લક્ષણઘટક બની ગયો અને તેથી અવ્યાપ્તિ ન આવે.

**जागदीशी** – 'अत एवे'त्यादिवक्ष्यमाणग्रन्थासङ्गतिप्रसङ्गात्; समवायस्यैकत्वेऽपि तदवच्छिन्नाधिकरणतायां निरुक्तोभयाभावसत्त्वेन 'द्रव्यं जाते' रित्यादावतिव्याप्त्यभावादिति चेन्न,

**चन्द्रशेखरीया :** यतो न एतद्निरूपणं **साम्प्रतं**=युक्तम् । दीधित्यां विंशतितमकारिकायां वक्ष्यमाणेन **'अत एव'** इत्यादिना ग्रन्थेन सह विरोधप्रसङ्गात् । तथा हि एतदुत्तरानन्तरमेव दीधित्यां नूतनः परिष्कारः करिष्यते । पश्चात् दीधित्यामेव **'अत एव'** इत्यादिना वक्ष्यते यत् – 'यदि प्राचीनं लक्षणमेव स्वीक्रियते, तदा तु **द्रव्यं जाते**रित्यादौ अतिव्याप्तिर्भवेत् तस्मात् प्राचीनं लक्षणं परित्यज्य इदं नूतनं लक्षणमावश्यकमिति—अनेन ग्रन्थेनैतद्ज्ञायते, यत् वार्तमानिकं लक्षणं **द्रव्यं जातेः** इत्यादौ अतिव्याप्तं भवदेव ग्रन्थकारेण प्रतिपादितं । यदि च भवत्प्रतिपादिता विवक्षा स्वीक्रियते, तदा तु तत्रातिव्याप्तिरेव न भवेत् । तथा हि **द्रव्यं जाते**रित्यत्र साध्यतावच्छेदकः-समवायः एक एव । अतो य एव समवायः द्रव्येषु वर्तते, स एव समवायः गुणेषु वर्तते । तथा च समवायः द्रव्येषु द्रव्यत्वप्रतियोगिकः जात्यधिकरणगुणादिषु च गुणानुयोगिको भवति । एवं च समवाये द्रव्यत्वाभाव प्रतियोगिद्रव्यत्वप्रतियोगिकत्वहेत्वधिकरणगुणानुयोगिकत्वोभयसत्वात् न द्रव्यत्वाभावो लक्षणघटकः, अतोऽतिव्याप्तिः प्राचीनलक्षणस्य भवति । किन्तु अधुना भवत्कृतविवक्षानुसारेण तु न भवति । साध्यतावच्छेदकसमवायसम्बन्धेनावच्छिन्न-स्याधिकरणता द्रव्यगुणकर्मादिषु वर्तते । तत्र कर्मगुणनिष्ठासु अधिकरणतासु द्रव्यत्वत्वावच्छिन्नद्रव्यत्वनिष्ठाधेयतानिरूपितत्वाभावमादायोभयाभावो वर्तते । द्रव्यनिष्ठासु च समवायावच्छिन्नाधिकरणतासु द्रव्यत्वत्वावच्छिन्नद्रव्यत्वनिष्ठाधेयतानिरूपितत्वसत्वेऽपि हेत्वधिकरणीभूतगुण-वृत्तित्वाभावमादाय निरुक्तोभयाभावो वर्तत एव । तथा चात्र साध्यतावच्छेदकसमवायावच्छिन्न-अधिकरणतासामान्ये द्रव्यत्वनिष्ठप्रतियोगितामादायोभयाभावः प्रसिद्धः, एवं च सा प्रतियोगिता लक्षणघटका, तदवच्छेदकमेव द्रव्यत्वत्वम् साध्यतावच्छेदकमिति नातिव्याप्तिर्भवेत् । तथा चात्रैवानुमानेऽस्य प्राचीनलक्षणस्यातिव्याप्तिप्रतिपादनार्थो विंशतितमकारिकोक्तो ग्रन्थोऽसङ्गतो भवेत् इति चेत्

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** જો આ વિવક્ષા લેશો, તો આગળ ૨૦મી કારિકામાં **"અત એવ....** દ્વારા જે **"દ્રવ્યં જાતેઃ"** એ સ્થાને અતિવ્યાપ્તિની નિરૂપણા કરી છે. તે અસંગત બની જશે. આશય એ કે દીધિતિકારે હમણાં

જે ઉત્તર આપ્યો છે, તે પણ **द्रव्यं जातेः**માં અતિવ્યાપ્ત બને છે. એમ કહેવાના છે. અને તેથી આ ઉત્તર છોડી નવો પરિષ્કાર કરવાના છે. આનો અર્થ એ કે આ ઉત્તર તો "द्रव्यं जातेः" સ્થલે અતિવ્યાપ્ત બનવો જ જોઈએ તો જ "અત એવ... એ ગ્રન્થ સંગત થાય. પણ એમાં વાંધો એ આવે છે કે તમે તો આ નવી વિવક્ષા કરી, તે પ્રમાણે તો અતિવ્યાપ્તિ ઘટતી જ નથી. તે આ પ્રમાણે–દ્રવ્યત્વ એ સમવાયથી સાધ્ય છે. એટલે સાધ્યતાવચ્છેદક સમવાય બન્યો, હવે આ જુના ઉત્તર પ્રમાણે તો અતિવ્યાપ્તિ આવવાની જ. કેમકે સમવાય પોતે એક જ છે. એટલે એમાં દ્રવ્યત્વપ્રતિયોગીકત્વ પણ છે. અને એ જ સમવાય ગુણમાં પણ હોવાથી એ જ સમવાયમાં ગુણાનુયોગિકત્વ પણ છે. આમ ઉભય મળી જતા દ્રવ્યત્વાભાવ નથી મળતો. પરિણામે અતિવ્યાપ્તિ આવે. પણ નવી વિવક્ષા જોઈએ તો સમવાય ભલે એક હોય, તો પણ સમવાયાવચ્છિન્નાધિકરણતા તો જુદી જુદી જ છે. એટલે સમવાયાવચ્છિન્ન એવી દ્રવ્યાદિનિષ્ઠાધિકરણતામાં દ્રવ્યત્વત્વાવચ્છિન્નાધેયતાનિરૂપિતત્વ હોવા છતાં ગુણાનુયોગિકત્વ=સ્વરૂપેણ ગુણવૃત્તિત્વ તો નથી જ. એટલે દ્રવ્યનિષ્ઠ-અધિકરણતામાં ઉભયાભાવ મળી ગયો અને સમવાયાવચ્છિન્ન એવી ગુણ+કર્મનિષ્ઠ જે અધિકરણતા છે, તેમાં તો દ્રવ્યત્વત્વાવચ્છિન્નદ્રવ્યનિષ્ઠ-આધેયતાનિરૂપિતત્વ નથી, કેમકે ગુણમાં સમવાયથી દ્રવ્યત્વ રહેતું જ નથી. આમ તે અધિકરણતાઓમાં પણ ઉભયાભાવ મળી ગયો. આ રીતે, સમવાયાવચ્છિન્ન તમામ અધિકરણતાઓમાં ઉભયાભાવ મળી જતાં સાધ્યાભાવ જ લક્ષણઘટક બની ગયો. પરિણામે અતિવ્યાપ્તિ ન આવે. પરિણામે આગળના ગ્રન્થ સાથે વિરોધ આવે. તે ન આવે તે માટે આ વિવક્ષા ન કરાય. પણ એની પહેલાનું સમાધાન જ માન્ય રાખવું પડે. અને એમાં તો **संयोगेन द्रव्यवान् द्रव्यजात्यन्यतरत्वात्**માં અતિવ્યાપ્તિ આવે જ છે. એટલે એ ઉત્તર સંગત થતો નથી.

---

**जागदीशी** - **'संयोगः पर्वते वह्नेः सम्बन्धो, न तु वह्नौ पर्वतस्ये'त्यादिप्रतीत्या ( हि ) किञ्चित्प्रतियोगिक–किञ्चिदनुयोगिक–सम्बन्धत्वमनुभवसिद्धं कुत्रचिदेव संयोगादौ, न तु सर्वत्र, तच्च स्वरूपसम्बन्धविशेषोऽतिरिक्तो वेत्यन्यदेतत्,**

**तथा च साध्यतावच्छेदकसम्बन्धसामान्ये,–निरूक्त( प्रतियोगि )–प्रतियोगिक-सम्बन्धत्व-हेत्वधिकरणीभूतयत्किञ्चिद्व्यक्त्यनुयोगिकसम्बन्धत्वोभयाभावस्य विवक्षणात्, – धूमसंयोगस्यायोगोलकानुयोगिकसंसर्गत्वविरहादेव नातिप्रसङ्गः,**

**– तत्र यथार्थविशिष्टधीनियामकस्यैव तदनुयोगिकसम्बन्धत्वात् ।**

---

**चन्द्रशेखरीया :** अत्रोच्यते । 'पर्वते वह्नेः संयोगसम्बन्धः' इति प्रतीतिर्भवति, किन्तु वह्नौ पर्वतस्य संयोगः सम्बन्धः इति प्रतीतिर्न भवति । अत्र यद्यपि संयोगस्य द्विष्ठत्वात् स संयोगः पर्वते वह्नौ च एक एव विद्यते । तथापि '**वह्नौ पर्वतस्य संयोगः**' इति प्रतीतिरनुभवविरूद्धैव । तस्मात् न केवलं तद्वृत्तित्वरूपं तदनुयोगिकत्वमभ्युपगन्तुं युक्तं । यतः तदभ्युपगमे 'पर्वते वह्निसंयोगवत् वह्नौ पर्वतसंयोगप्रतीतिप्रसंङ्गः स्फुट एव, संयोगस्य उभयस्मिन् विद्यमानत्वात् । तस्मात् एतद् अभ्युपगन्तव्यम् यत् संयोगसम्बन्धादौ किञ्चित्प्रतियोगिकसम्बन्धत्वं किञ्चिदनुयोगिकसम्बन्धत्वं निरुक्तप्रतीतिबलात् सिद्ध्यति । तदपि न सर्वेषु संयोगेषु, किन्तु केषुचिदेव, वक्ष्यमाणसंयोगे किञ्चित्प्रतियोगिकसम्बन्धत्वाभावस्य

सेत्स्यमानत्वात् । तच्च किञ्चिदनुयोगिकसम्बन्धत्वादिकं स्वरूपसम्बन्धविशेषात्मकं अभ्युपगम्यताम्, अतिरिक्तमेव वा वस्तु अभ्युपगम्यतां, नेदानीं तस्य विमर्शः क्रियते, किन्तु एतावता एतदेव संप्रति सिद्धम् यत् तद्वृत्तित्वात्मकं तदनुयोगिकत्वं नास्ति किन्तु अन्यदेव । कीदृशम् तदितिचेत् यथार्थविशिष्टिधीनियामकसम्बन्धत्वं तदनुयोगिकसम्बन्धत्वम् । यस्मिन् सम्बन्धे यद्धर्मकयथार्थज्ञानविषयीभूतसम्बन्धत्वं वर्तते, तस्मिन् सम्बन्धे तादृशसम्बन्धत्वमेव तदनुयोगिकत्वं बोध्यमिति यावत् । यथा पर्वतो वह्निमानित्यत्र संयोगे पर्वतधर्मिकयथार्थज्ञानविषयीभूतसंसर्गत्वात्मकं पर्वतानुयोगिकत्वं वर्तते । इत्थं च न 'धूमवान् वह्ने' रित्यत्रातिव्याप्तिप्रसङ्गः । साध्यतावच्छेदकसम्बन्धसामान्यान्तर्गतो यः धूमसंयोगः, स न '**धूमवदयोगोलकमिति**' अयोगोलकधर्मिकयथार्थज्ञानविषयीभूतसंसर्गः, अस्य ज्ञानस्य भ्रमत्वात् । अतो न धूमसंयोगे अयोगोलकधर्मिकयथार्थज्ञानविषयीभूत संसर्गत्वात्मकं अयोगोलकानुयोगिकत्वं वर्तते, किन्तु तदभाव एव । तथा च साध्यतावच्छेदकसम्बन्धसामान्ये धूमप्रतियोगिकत्वायोगोलकानुयोगिकत्व-सामान्योभयाभावसत्वात् धूमाभाव एव लक्षणघटकः । अतो नातिव्याप्तिः । अत्र यदि तदनुयोगिकत्वव्याख्यायां यथार्थपदं न निवेश्यते, तदा तु धूमसंयोगेऽपि संयोगेन '**धूमवदयोगोलकमिति**' अयोगोलकधर्मिकभ्रमज्ञानविषयीभूत-संसर्गत्वात्मकं तदनुयोगिकत्वं वर्तेत । तथा च न तादृशसम्बन्धसामान्ये उभयाभावो लभ्येत । एवं च धूमाभावस्य लक्षणाघटकत्वात् पूर्ववदतिव्याप्तिर्भवेत् । तस्मात् यथार्थपदमुपात्तमिति ध्येयम् ।

**ચન્દ્રશેખરીયા : ઉત્તરપક્ષ :** તમે હેત્વધિકરણાનુયોગિકત્વ=હેત્વધિકરણવૃત્તિત્વ એવો અર્થ કરી દીધો એ જ ખોટું છે. ખરી વાત તો એ કે, 'વહ્નિનો સંયોગ પર્વતમાં છે' એમ બોલાય છે, પણ 'પર્વતનો સંયોગ વહ્નિમાં છે' એવું બોલાતું નથી. ખરેખર તો સંયોગ એ પર્વતમાં+વહ્નિમાં બે યમાં છે તો પછી પર્વતમાં વહ્નિસંયોગની જેમ વહ્નિમાં પણ પર્વતસંયોગ કહેવાવો જોઈએ. પણ એવો અનુભવ નથી થતો એટલે એ સંયોગ એ સમવાયથી ભલે પર્વતમાં + વહ્નિમાં રહે, તો પણ એના અનુયોગી બે ય બની શકતા નથી. જો તદ્વ્યક્તિવૃત્તિત્વ એ જ તદ્વ્યક્તિ-અનુયોગિકત્વ માનીએ તો પર્વતસંયોગમાં વહ્નિવૃત્તિત્વ હોવાથી વહ્નિ-અનુયોગિકત્વ માનવું પડે અને તો પછી 'પર્વતસંયોગ વહ્નિમાં છે' એવી પ્રતીતિ પણ થવી જોઈએ, પણ તેવું થતું નથી. એટલે તદ્વ્યક્તિ-વૃત્તિત્વ=તદ્વ્યક્તિ-અનુયોગિકત્વ એ વ્યાખ્યા જ ખોટી છે, પણ ઉપરની પ્રતીતિના બલથી સંયોગાદિમાં 'કિંચિત્પ્રતિયોગીકસંબંધત્વ' અને 'કિંચિત્-અનુયોગિકસંબંધત્વ' એ અનુભવ સિદ્ધ છે. અને એ પણ અમુક સંયોગાદિમાં જ છે. અમુક સંયોગાદિમાં તો એ પણ અનુભવસિદ્ધ નથી. એ વાત અમે પછી કરીશું. આમ કિંચિદ્-અનુયોગિકત્વ=કિંચિદ્-અનુયોગિકસંબંધત્વરૂપ જ છે. અને તે સંબંધત્વ એ સ્વરૂપસંબંધ વિશેષ માનો કે જુદુ માનો એની અત્યારે ચર્ચાની જરૂર નથી. પણ એ કિંચિદ્-વૃત્તિત્વરૂપ તો નથી જ એ નક્કી છે. અને એટલે સાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યમાં નિરુક્તપ્રતિયોગીપ્રતિયોગીકસંબંધત્વ+હેત્વધિકરણ-યત્કિંચિદ્વ્યક્તિ-અનુયોગિકસંબંધત્વોભયાભાવ જ અહીં વિવક્ષિત છે. એટલે **ધૂમવાન્ વહ્નેઃ**માં સાધ્યતાવચ્છેદક એવા ધૂમસંયોગમાં અયોગોલકાનુયોગિકસંબંધત્વ નથી જ. ભલે ધૂમસંયોગ એ કાલિકથી અયોગોલકમાં રહે છતાં ઉપરની પ્રતીતિ પ્રમાણે તે તે સંયોગમાં અમુક જ વસ્તુ અનુયોગી તરીકે હોય છે. ગમે તે ન બને અને એટલે જ અયોગોલકાનુયોગિકત્વ એ અયોગોલકવૃત્તિત્વ રૂપ ન બનતા સ્વરૂપસંબંધાત્મક કે કોઈ જુદો જ પદાર્થ માનેલો છે. અને ધૂમસંયોગમાં એટલે જ અયોગોલકાનુયોગિકત્વનો અભાવ જ સિદ્ધ થાય છે. 'અયોગોલકમાં

ધૂમસંયોગ છે.' એવી પ્રતીતિનો અભાવ જ આ વાતની સાબિતિ છે. આમ સાધ્યાભાવ જ લક્ષણઘટક બની જતા અતિવ્યાપ્તિ ન આવે.

**પ્રશ્ન** : 'તદનુયોગિકસંબંધત્વ'ની વ્યાખ્યા શું ? જો 'પર્વતધર્મિકજ્ઞાનવિષયીભૂતસંસર્ગત્વ'રૂપ પર્વતાનુયોગિકત્વ માનો. તો **'પર્વતો વહ્નિમાન્'** એવા પર્વતધર્મિકજ્ઞાનનો વિષયીભૂત સંસર્ગ સંયોગ હોવાથી એ જેમ પર્વતાનુયોગિક બને તેમ કોઈને **'અયોગોલકં ધૂમવત્'** એવું ભ્રમજ્ઞાન થાય તો એ ભ્રમજ્ઞાન અયોગોલકધર્મિક છે. તેમાં વિષયીભૂત એવો સંસર્ગ તો ધૂમસંયોગ છે જ. આમ ધૂમસંયોગમાં પણ અયોગોલક-અનુયોગિકત્વ સિદ્ધ થઈ જતા પાછી આપત્તિ ઉભી રહે.

**ઉત્તર** : 'જે સંબંધ યદ્ધર્મિકયથાર્થજ્ઞાનવિષયીભૂતસંસર્ગ હોય=યથાર્થ એવી વિશિષ્ટબુધ્ધિનો નિયામક હોય તે સંબંધ તદનુયોગિક ગણાય.' **'અયોગોલકં ધૂમવત્'** એ જ્ઞાન તો ભ્રમ છે. યથાર્થ નથી. એટલે ધૂમસંયોગ એ અયોગોલકધર્મિક એવા યથાર્થજ્ઞાનનો વિષયીભૂત સંસર્ગ તો નથી જ. અર્થાત્ યથાર્થ એવી વિશિષ્ટબુદ્ધિનો નિયામક તો નથી જ. માટે તેમાં અયોગોલકાનુયોગિકત્વનો અભાવ જ સિદ્ધ થતા કોઈ દોષ નથી.

---

**जागदीशी** - **एतेन,–'वह्निमान् वह्निरूपा'दित्यादावतिव्याप्तिः, पर्वत-वह्निसंयोगे एव,– वह्निप्रतियोगिकत्व-हेत्वधिकरणीभूतवह्न्यनुयोगिकत्वोभयाभावविरहेण वह्निसामान्याभावस्य लक्षणाघटकत्वादित्यपास्तम् ।**

---

**चन्द्रशेखरीया** : एवं तदनुयोगिकत्वं तद्वृत्तित्वात्मकमनङ्गीकृत्य तद्धार्मिक-यथार्थज्ञानविषयीभूतसंसर्गत्वात्मकं अस्माभिरभ्युपगतं । यदि नैतद् अभ्युपगम्येत । तदा तु **वह्निमान् वह्निरूपादि**त्यत्रातिव्याप्तिर्भवेत् । वह्निरूपं समवायेन वह्नौ वर्तते । तत्र च संयोगेन वह्निरू पसाध्यस्याभावादयं व्यभिचारी हेतुः । तथापि साध्यतावच्छेदकसम्बन्धः संयोगः, तत्र पर्वतवृत्तिवह्निसंयोगे संयोगसामान्यान्तर्गते वह्निनिष्ठप्रतियोगिता-वच्छेदकवह्नित्वावच्छिन्न-वह्निप्रतियोगिकत्वं वर्तते । एवं तस्य संयोगस्य वह्निवृत्तित्वात् तादृशसंयोगे वह्निवृत्तित्वात्मकं वह्नि-अनुयोगिकत्वमपि वर्तते । इत्थं च वह्निसंयोगे वह्निप्रतियोगिकत्व-वह्न्यनुयोगिकत्वोभयसत्वात् संयोगसामान्ये उभयाभावो न मीलति । तथा च वह्न्यभावस्य लक्षणाघटकत्वात् गगनाद्यभावमादायातिव्याप्तिर्भवेत् ।

**ચન્દ્રશેખરીયા** : આમ તદનુયોગિકસંબંધનો તદ્વૃત્તિસંબંધત્વ અર્થ છોડીને તદ્ધર્મિકયથાર્થજ્ઞાનવિષયીભૂત-સંસર્ગત્વ કરવાથી બીજો પણ ફાયદો થાય છે. જો આ અર્થ ન કરે તો **'વહ્નિમાન્ વહ્નિરૂપાત્'** એમાં પણ અતિવ્યાપ્તિ આવતી હતી. કેમકે અહીં વહ્નિરૂપ સમવાયથી વહ્નિમાં રહે છે અને વહ્નિમાં સંયોગથી વહ્નિ ન રહેતો હોવાથી આ હેતુ વ્યભિચારી છે. પરંતુ સાધ્યતાવચ્છેદક એવા વહ્નિસંયોગમાં વહ્નિ-અભાવપ્રતિયોગિતા-વચ્છેદકવહ્નિત્વ-અવચ્છિન્નવહ્નિપ્રતિયોગીકત્વ અને હેત્વધિકરણ-વહ્નિ= વહ્નિરૂપાધિકરણવહ્નિ-અનુયોગિકત્વ પણ છે કેમકે વહ્નિસંયોગ એ વહ્નિવૃત્તિસંબંધ હોવાથી વહ્નિ-અનુયોગિક પણ ગણાય જ અને વહ્નિ એ આ સંયોગથી પર્વતમાં રહેલો હોવાથી આ સંયોગ વહ્નિપ્રતિયોગીક પણ ગણાય એટલે એમાં ઉભય મળવાથી ઉભયાભાવ ન મળે. અને એટલે વહ્નિ-અભાવ લક્ષણઘટક ન બનતા

અતિવ્યાપ્તિ આવે જ.

**जागदीशी** - **पर्वत-वह्निसंयोगस्य हेतुमद्वह्निवृत्तित्वेऽपि,—वह्न्यनुयोगिकसम्बन्धत्वविरहेण तत्र तादृशोभयाभावसत्वात् ।**

**चन्द्रशेखरीया :** किन्तु तदनुयोगिकत्वस्य तद्वृत्तित्वात्मकार्थकरणे तु न एष दोषः संभवति । यतो यदि 'वह्निः वह्निसंयोगेन वह्निमान् पर्वतमान् वा इति प्रमात्मिका प्रतीतिर्भवेत् तदा वह्निसंयोगे वह्निधर्मिकयथार्थज्ञानविषयी-भूतसंसर्गत्वं भवेत् न च तादृशी प्रमात्मिका प्रतीतिः भवतीति वह्निसंयोगे तादृशसंसर्गत्वात्मकस्य वह्नि-अनुयोगिकत्वस्याभाव एव वर्तते । तथा च संयोगसामान्ये वह्निप्रतियोगिकत्व-वह्निरूपाधिकरणवह्नि-अनुयोगिकत्वोभयाभावस्य वर्तमानत्वात् वह्न्यभाव एव लक्षणघटको भवतीति नातिव्याप्तिः संभवति ।

**ચન્દ્રશેખરીયા :** પણ હવે વહ્નિ-અનુયોગિકત્વ=વહ્નિવૃત્તિત્વ અર્થ કરતા જ નથી. વહ્નિધર્મિક એવી યથાર્થપ્રતીતિનો વિષયીભૂત સંબંધ એ જ વહ્નિ-અનુયોગિક તરીકે લઈએ છીએ. હવે 'વહ્નિઃ સંયોગેન વહ્નિમાન્' કે 'વહ્નિઃ સંયોગેન પર્વતમાન્' આવી પ્રતીતિ સાચી થાય. તો તે પ્રતીતિ વહ્નિધર્મિક બને. અને તેનો વિષયીભૂત સંબંધ વહ્નિ-પર્વતસંયોગ બને. પણ આવી સાચી પ્રતીતિ થતી નથી, માટે પર્વત-વહ્નિસંયોગમાં વહ્નિધર્મિકયથાર્થપ્રતીતિવિષયસંબંધત્વરૂપ વહ્નિ-અનુયોગિકસંબંધત્વનો અભાવ હોવાથી ઉભયાભાવ મળી જતાં વહ્ન્યભાવ જ લક્ષણઘટક બની ગયો. માટે સમવાયેન વહ્નિરૂપહેતુક એવા સંયોગેન વહ્નિસાધ્યકસ્થળે અતિવ્યાપ્તિ ન આવે.

**जागदीशी** - **इदन्त्ववधातव्यं—यत्रैकसंयोगव्यक्त्या यत्पदार्थयोः परस्परं विशिष्टधीः प्रमा, तत्र तयोरेकस्मिन् संयोगेन साध्ये तदीयरूपादौ व्यभिचारिण्यतिव्याप्तिः, तदुभयसंयोगस्य निरुक्तोभयाभावविरहादिति ॥११॥**

**चन्द्रशेखरीया :** एवं तावत् दीधितिकृता पूर्वपक्षखंडनं कृतम् । किन्तु जगदीशोऽत्र लक्षणे त्रुटिं दर्शयति "**इदन्त्ववधातव्यमि**"त्यादिना । अयं भावः **यथा** यदा दक्षिणहस्तप्रथमाङ्गुली वामहस्तप्रथमाङ्गुल्याः उपरिष्टात् स्थाप्यते, तदैव च वामहस्तप्रथमाङ्गुली दक्षिणहस्तप्रथमाङ्गुल्याः उपरिष्टात् स्थाप्यते । तदा "वामप्रथमाङ्गुली दक्षिणप्रथमाङ्गुलीवती" "दक्षिणप्रथमाङ्गुली वामप्रथमाङ्गुलीवती" इति प्रतीतिद्वयं संभवति । अत्र च द्वयोरङ्गुल्योः मध्ये एक एव संयोगः । तस्मिन् संयोगे वामहस्तप्रथमाङ्गुलीधर्मिकयथार्थज्ञानविषयी-भूतसंसर्गत्वात्मकं वामप्रथमाङ्गुली-अनुयोगिकत्वं वर्तते । एवं तस्मिन्नेव संयोगे दक्षिणहस्तप्रथमाङ्गुलीधर्मिक-यथार्थज्ञानविषयीभूतसंसर्गत्वात्मकं दक्षिणप्रथमाङ्गुली-अनुयोगिकत्वं अपि वर्तते । एवं च एतादृक्संयोगे

किञ्चिदनुयोगिकसम्बन्धत्वं-किञ्चित्प्रतियोगिकसम्बन्धत्वं च नास्ति । किन्तु अङ्गुलीद्वयानुयोगिकत्वं अङ्गुलीद्वयप्रतियोगिकत्वं च वर्तते, **तथैव** युध्यमानयोः मेषयोः एतादृशः संयोगो भवति, येन तत्रापि 'प्रथममेषः द्वितीयमेषवान्' 'द्वितीयमेषः प्रथममेषवान्' इति प्रतीतिद्वयमपि यथार्थं भवति । तत्र **द्वितीयमेषवान् द्वितीयमेषरूपादि**त्यत्रातिव्याप्तिर्भवति । अत्र द्वितीयमेषरूपं द्वितीयमेषे समवायेन वर्तते । किन्तु तत्र द्वितीयमेषे संयोगेन द्वितीयमेषरूपं साध्यं नास्ति । अतोऽयं व्यभिचारी हेतुः । किन्तु तथापि साध्यतावच्छेदकसम्बन्धसामान्यान्तर्गते मेषद्वयसंयोगे '**प्रथममेषः द्वितीयमेषवान्**' इति प्रतीतिबलात् द्वितीयमेषाभावप्रतियोगितावच्छेदकावच्छिन्नद्वितीयमेषप्रतियोगिकत्वं '**द्वितीयमेषः प्रथममेषवान्**' इति प्रतीतिबलात् द्वितीयमेषरूपाधिकरणद्वितीयमेषानुयोगिकत्वञ्च वर्तते । तथा च मेषद्वयसंयोगे निरुक्तोभयसत्वात् साध्यतावच्छेदकसम्बन्धसामान्ये तादृशोभयाभावो न वर्तते । अतो न द्वितीयमेषाभावो लक्षणघटकोऽपि तु गगनाद्यभाव एव । तथा चातिव्याप्तिर्दुवारा एव । यस्मादेवं तस्मात् दीधितिप्रोक्तमेतल्लक्षणमतिव्याप्तिदोषग्रस्तं भवतीति बोध्यम् ।

**चन्द्रशेखरीया** : આ રીતે દીધિતિકારે પૂર્વપક્ષની તમામ આપત્તિઓનું ખંડન આ ઉત્તર દ્વારા કર્યું તો ખરું પણ છતાં દીધિતિએ કહેલું એ નિર્વચન એક સ્થળે ઘટતું નથી. તે આ પ્રમાણે - જ્યારે બે મેષ યુદ્ધ કરે છે, ત્યારે તેઓના પગો પરસ્પર એકબીજા ઉપર એવી રીતે ગોઠવાયા છે કે જોનારને' પહેલો મેષ બીજા મેષ ઉપર અને બીજો મેષ પહેલા મેષ ઉપર રહેલો છે' એવી પ્રતીતિ થાય. જેમ બે હાથની ૧લી આંગળીઓ પરસ્પર એકબીજા ઉપર ગોઠવીએ, તો જમણા હાથની પહેલી આંગળી ઉપર છે' એ અને 'ડાબા હાથની પહેલી આંગળી ઉપર છે' એવી બેય પ્રતીતિ થઈ શકે. હવે આ મેષસંયોગમાં પ્રથમ મેષ પ્રતિયોગિકત્વ + દ્વિતીય મેષાનુયોગિકત્વ છે, તેમ દ્વિતીય મેષ પ્રતિયોગિકત્વ + પ્રથમ મેષાનુયોગિકત્વ પણ છે જ. આમ જ્યાં એક જ સંયોગ દ્વારા જે બે પદાર્થોમાં પરસ્પર વિશિષ્ટબુદ્ધિ પ્રમાત્મક તરીકે ગણાય છે. જેમકે "પ્રથમ મેષઃ દ્વિતીય મેષવાન્, દ્વિતીય મેષઃ પ્રથમ મેષવાન્" ત્યાં **દ્વિતીય મેષવાન્ દ્વિતીય મેષ રૂપાત્** આ વ્યભિચારી સ્થાને અતિવ્યાપ્તિ આવે. અહી દ્વિતીય મેષરૂપ સમવાયથી દ્વિતીય મેષમાં છે અને તેમાં સંયોગથી દ્વિતીય મેષ=સાધ્ય તો નથી જ. એટલે હેતુ વ્યભિચારી છે. છતાં અહીં સાધ્યતાવચ્છેદક એવા નં પ્રથમ+દ્વિતીય મેષ સંયોગમાં દ્વિતીય મેષ પ્રતિયોગીકત્વ પણ છે. (પ્રથમ-મેષ : દ્વિતીય-મેષવાન્ એ પ્રતીતિને આધારે) અને દ્વિતીય મેષ અનુયોગિકત્વ પણ છે. (દ્વિતીય મેષઃ પ્રથમ મેષવાન્ એ પ્રતીતિને આધારે) આમ ઉભય હોવાથી ઉભયાભાવ ન મળે. પરિણામે સાધ્યાભાવ લક્ષણઘટક ન બનતા બીજો અભાવ લઈને અતિવ્યાપ્તિ આપી શકાય છે. માટે આ દીધિતિનો ઉત્તર એ આ સ્થાને અતિવ્યાપ્તિનિવારક બનતો નથી. એટલી એની ક્ષતિ છે.

---

## दीधितिः

**धूमसंयोगे–वह्न्यधिकरणायोगोलकानुयोगिकत्वस्य,चैत्रान्यत्वविशिष्टैतद्दण्डसंयोगे–एतद्दण्डाधिकरणचैत्रानुयोगिकत्वस्य,–गुण-कर्मान्यत्वविशिष्टसत्तासमवाये च-जात्यधिकरणगुणानुयोगिकत्वस्य, –विरहान्नातिप्रसङ्गः ॥२०॥**

**जागदीशी** -'यत्किञ्चि'दित्यस्य फलमाह, – धूमसंयोग इति । अन्यथा वह्न्यधिकरण-महानसानुयोगिकत्व-धूमप्रतियोगिकत्वोभयस्यैव 'धूमवान् वह्ने'रित्यादावतिप्रसङ्गः स्यादिति भावः । षष्ठ्यन्तद्वयं, –'विरहा'दित्यन्वयि ।

---

**चन्द्रशेखरीया :** लक्षणे हेत्वधिकरणीभूतयत्किंचित्व्यक्त्यनुयोगिकत्वं प्रविष्टम् । तत्र यदि यत्किंचित्पदं नोपादीयेत, तदा हेत्वधिकरणीभूतसर्वव्यक्त्यनुयोगिकत्वाभावो विवक्षितो भवेत् । तथा च '**धूमवान् वह्नेरि**'त्यादौ महानसीयसंयोगे संयोगसामान्यान्तर्गते धूमप्रतियोगिकत्वस्य महानसानुयोगिकत्वस्य च सत्वात् महानसीयसंयोगे सर्वहेत्वधिकरणानुयोगिकत्वसामान्याभावो न वर्तते । तथा च महानसीयसंयोगे तादृशोभयाभावासत्वात् न धूमाभावो लक्षणघटकोऽपि तु घटाद्यभावः, घटप्रतियोगिकेषु संयोगेषु पर्वतचत्वरायोगोलकादि सर्वाधिकरणानुयोगिकत्वसामान्याभावस्य सत्वात्, पर्वतादि-अनुयोगिकसंयोगेषु च घटाभावप्रतियोगिता वच्छेदकघटत्वावच्छिन्नघटप्रतियोगिकत्वसामान्याभावस्य सत्वात्, तदितरसंयोगेषु चोभयाभावस्य सत्वात् सर्वेषु संयोगेषु तादृशोभयाभावो वर्तते । तथा च घटाभावमादायातिव्याप्तिर्भवेत् । तद्वारणाय यत्किंचित्पदमुपात्तम् । तथा च महानसीयधूमसंयोगेऽपि हेत्वधिकरणीभूतायोगोलकानुयोगिकत्व-सामान्याभावस्य सत्वात् उभयाभावो वर्तते एव । यत्किंचित्पदेन केवलस्यायोगोलकस्य शक्यग्रहणकत्वात् । अयोगोलकानुयोगिकसंयोगेषु च धूमाभावप्रतियोगिधूमप्रतियोगिकत्वसामान्याभावस्य सत्वात् तेष्वपि उभयाभावो वर्तते । धूमप्रतियोगिक-संयोगेभ्यः अयोगोलकानुयोगिकसंयोगेभ्यश्च भिन्ना ये संयोगा तेषु तु उभयाभावस्य सुतरां सत्वात् सर्वत्र संयोगसामान्ये उभयाभावो मीलितः । तथा च साध्याभावस्यैव लक्षणघटकत्वान्नातिव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા :** (૧) દીધિતિમાં જ યત્કિંચિત્ હેત્વધિકરણ....માં રહેલા યત્કિંચિત્ પદનું ફળ બતાવે છે. જો એ પદ ન લખો તો હેત્વધિકરણસામાન્યાનુયોગિકત્વસામાન્યાભાવ લેવો પડે અને તો પછી **ધૂમવાન્ વહ્નેઃ**માં ધૂમસંયોગમાં ધૂમપ્રતિયોગિકત્વ+ધૂમાધિકરણ-પર્વતાદ્યનુયોગિકત્વ બે ય છે. એટલે ધૂમસંયોગમાં તમામહેત્વધિકરણાનુયોગિકત્વનો અભાવ મળવાનો જ નથી. અને તેથી ધૂમાભાવ લક્ષણ ઘટક ન બનતા અતિવ્યાપ્તિ આવે. યત્કિંચિત્ તરીકે તો માત્ર અયોગોલક લઈએ એટલે ધૂમસંયોગમાં અયોગોલકાનુયોગિકત્વસામાન્યનો અભાવ મળી જતા સંયોગસામાન્યમાં ઉભયાભાવ મળી જાય. પરિણામે અતિવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी** - 'निरुक्त'पदस्य छद्मतः फलमाह, – चैत्रान्यत्वेति । 'निरुक्त'पदानुक्तौ 'चैत्रान्यत्वविशिष्टैतद्दण्डवानेतद्दण्डा' दित्यत्र चैत्रवृत्त्येतद्दण्डसंयोग एव,–चैत्रान्यत्वविशिष्टै-तद्दण्डाभावप्रतियोगिप्रतियोगिकत्वहेत्वधिकरणी-भूत-चैत्रानुयोगिकत्वोभयाभावविरहा -त्तादृशदण्डाभावस्य लक्षणाघटकतयाऽतिव्याप्तिः स्यात्–,

---

**चन्द्रशेखरीया :** दीधित्यां निरुक्तपदस्य **छद्मतः** प्रयोजनं प्रतिपादयति **चैत्रान्यत्व**...इत्यादिना । छद्मतः इति अस्य "यदि लक्षणे निरुक्तपदं नोपादीयेत तदा तु"... इत्यादि अनुक्त्यैव इत्यर्थः करणीयः । अयं भावः, निरुक्तप्रतियोगिप्रतियोगिकत्वघटितं लक्षणं प्रतिपादितं । निरुक्तप्रतियोगिकत्वञ्च यादृशप्रतियोगितावच्छेदका वच्छिन्नप्रतियोगिप्रतियोगिकत्वम् । तत्र यदि यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नार्थकं '**निरुक्त**' पदं न गृह्येत, तदा तु साध्यतावच्छेदसम्बन्धसामान्ये यदभावप्रतियोगिकत्व-सामान्याभावघटितं लक्षणं भवेत् । तथा च **चैत्रभेदविशिष्टैतद्दंडवान् एतद्दंडादि**त्यत्रातिव्याप्तिर्भवेत् । अत्र चैत्रमैत्रौ भूतले उपविष्टौ स्तः । तयोर्द्वयोरङ्के एक एव दीर्घो दंडोऽस्ति । एतादक्स्थाने इदमनुमानं क्रियते । यत्र एतद्दंडः तत्र चैत्रभेदविशिष्टैतद्दंडः इति हि व्याप्तिः । सा च न सम्यक् । एतद्दंडवति चैत्रे चैत्रभेदविशिष्टैतद्दंडाभावात्। अतोऽयं व्यभिचारी हेतुः। तथाप्यत्र साध्याभावस्य लक्षणाघटकत्वादतिव्याप्तिर्भवति । तथा हि साध्यतावच्छेदकसंयोग सामान्यान्तर्गतस्चैत्रवृत्येतद्दंडसंयोगोऽस्ति । तस्मिन् चैत्रवृत्येतद्दंडसंयोगे चैत्रभेदविशिष्टतद्दंडाभावप्रतियोगि-शुद्धैतद्दंडप्रतियोगिकत्वं अस्ति, चैत्रवृत्येतद्दंडसंयोगेन शुद्धैतद्दंडस्य चैत्रे वर्तमानत्वात् । तथा तत्रैव संयोगे एतद्दंडाधिकरण-चैत्रानुयोगिकत्वमप्यस्ति । तथा च चैत्रवृत्येतद्दंडसंयोगे तादृशोभयसत्वात् संयोगसामान्ये न तादृशोभयाभावः, अतो न साध्याभावो लक्षणघटकः, तथा चाभावान्तरमादायातिव्याप्तिर्दुवारा ।

**ચન્દ્રશેખરીયા :** જગદીશમાં **छद्मतः फलमाह** લખેલ છે તેનો અર્થ એ કે 'જો નિરુક્તપદ લક્ષણમાં ન લઈએ તો આ સ્થળે અતિવ્યાપ્તિ આવે. 'એવો સ્પષ્ટ ખુલાસો કર્યા વિના જ તે પદનું પ્રયોજન બતાવે છે એને છદ્મતઃ = ગુપ્ત રીતે ફલ બતાવેલું કહેવાય. દીધિતિમાં સાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યમાં નિરુક્ત પ્રતિયોગીપ્રતિયોગિકત્વ... અભાવ લેવાનું કહેલ છે. નિરુક્તપ્રતિયોગિ=યાદશપ્રતિયોગિતાવચ્છેદક અવચ્છિન્ન" અર્થ કરેલો છે. જો માત્ર "યદભાવપ્રતિયોગિપ્રતિયોગિકત્વ-અભાવ" લે તો જ્યાં બે ચૈત્ર-મૈત્ર બેઠા છે અને બે ય ના ખોળામાં એક જ લાંબો દાંડો પડેલો છે. તે **ચૈત્રાન્યત્વવિશિષ્ટૈતદ્દંડવાન્ એતદ્દંડાત્** સ્થાને અતિવ્યાપ્તિ આવે. અહીં એતદ્દંડ તો સંયોગથી ચૈત્ર + મૈત્ર બે યમાં છે. પણ ચૈત્રમાં ચૈત્રભેદવિશિષ્ટ-એતદ્-દંડ રૂપ સાધ્ય ન હોવાથી આ સ્થાન વ્યભિચારી છે. છતાં અતિવ્યાપ્તિ કેવી રીતે આવે? તે જોઈએ. અહીં સાધ્યાભાવ લક્ષણઘટક બનવો જોઈએ. સાધ્યાભાવ=ચૈત્રભેદવિશિષ્ટૈતદ્દંડાભાવ. હવે સાધ્યતાવચ્છેદકસંબંધની અન્તર્ગત ચૈત્રવૃત્તિદંડસંયોગ લઈએ, તેમાં 'ચૈત્રભેદવિશિષ્ટૈતદ્દંડાભાવપ્રતિયોગિ જે શુદ્ધ દંડ છે' તત્પ્રતિયોગીકત્વ છે જ. કેમકે ચૈત્રવૃત્તિ-એતદ્દંડસંયોગસંબંધથી એતદ્દંડ એ ચૈત્રમાં છે જ. એટલે ચૈત્રવૃત્તિ-એતદ્દંડસંયોગમાં સાધ્યાભાવપ્રતિયોગિશુદ્ધૈતદ્દંડ-પ્રતિયોગીકત્વ છે. અને એતદ્દંડાધિકરણ ચૈત્રાનુયોગિકત્વ પણ છે. આમ ચૈત્રવૃત્તિ-એતદ્દંડસંયોગમાં ઉભય મળી જતા સાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યમાં ઉભયાભાવ ન મળ્યો. ભલે બીજા બધા સંયોગોમાં ઉભયાભાવ મળે પણ આ એકમાં નથી મળતો, માટે સાધ્યાભાવ લક્ષણઘટક ન બનતા બીજા અભાવને લઈને અતિવ્યાપ્તિ આવે.

---

**जागदीशी** —तदुपादाने तु चैत्रान्यत्वविशिष्टैतद्दण्डत्वावच्छिन्नप्रतियोगिकत्वस्याभावादेव तत्रोभयाभावसम्भव इति नातिव्याप्तिरिति भावः ।

**चन्द्रशेखरीया :** निरुक्तपदोपादाने तु न एषा अतिव्याप्तिः संभवति । तथा हि चैत्रभेदविशिष्टैतद्दंडाभावप्रतियोगिता-वच्छेदकं चैत्रभेदविशिष्टैतद्दंडत्वमेव, तदवच्छिन्नश्च चैत्रभेदविशिष्टैतद्दंड एव, न तु शुद्धदंडः । तादृशो विशिष्टदंडश्च चैत्रवृत्त्येतद्दंडसंयोगेन न कुत्रापि वर्तते । चैत्रवृत्त्येतद्दंडसंयोगेन तु किमपि द्रव्यं चैत्रे एव वर्तत, न त्वन्यत्र । चैत्रभेदविशिष्टैतद्दंडश्च चैत्रे न तादृशसंयोगेन वर्तते, चैत्रे चैत्रभेदाभावात् । तथा च चैत्रवृत्त्येतद्दंडसंयोगे चैत्रभेदविशिष्टैतद्दंडप्रतियोगिकत्वसामान्याभावमादायोभयाभावो वर्तते । चैत्रानुयोगिकेषु अन्येषु संयोगेषु तु स्फुट एव तादृशदंडप्रतियोगिकत्वाभावो वर्तते । मैत्रानुयोगिकेषु एतद्दंडसंयोगादिषु तु हेत्वधिकरणचैत्रानुयोगिकत्वाभावो वर्तते । अन्येषु सर्वेषु संयोगेषु सुतरामुभयाभावो वर्तते । तथा च संयोगसामान्ये चैत्रभेदविशिष्ट-एतद्दंडप्रतियोगिकत्वसामान्य-एतद्दंडाधिकरणचैत्रानुयोगिकत्व सामान्योभयाभावो प्रसिद्ध्यति । एवं च साध्याभावस्यैव लक्षणघटकत्वात् नातिव्याप्तिरिति भावः ।

**चन्द्रशेखरीया :** પણ યાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન... પદ લેવાથી આ આપત્તિ દૂર થાય. ચૈત્રભેદવિશિષ્ટ-એતદ્દંડાભાવપ્રતિયોગિતાવચ્છેદક તાદશવિશિષ્ટદંડત્વ બને. અને તદવચ્છિન્ન તો ચૈત્રભેદવિશિષ્ટ-એતદ્દંડ જ બને. અને ચૈત્રવૃત્તિ-એતત્દંડસંયોગમાં ચૈત્રભેદવિશિષ્ટ-એતદ્દંડપ્રતિયોગીકત્વ તો નથી જ. કેમકે ચૈત્રભેદવિ. એતદ્દંડ જો ચૈત્રવૃત્તિ-એતદ્દંડસંયોગથી ચૈત્રમાં રહે, તો જ તે સંયોગમાં ચૈત્રભેદ વિ. એતદ્દંડપ્રતિયોગિકત્વ આવે. પણ ચૈત્રમાં ચૈત્રભેદ ન રહેવાથી ચૈત્રભેદ વિ.એતદ્દંડ પણ ન રહે. એટલે તે સંયોગમાં તાદશપ્રતિયોગીકત્વાભાવને લઈને ઉભયાભાવ મળે. બીજા બધા સંયોગસંબંધોમાં તો ઉભયાભાવ છે જ. આમ અહીં સાધ્યાભાવ જ લક્ષણઘટક બની જતા અતિવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी** -**यदि च 'प्रतियोगिता प्रत्याश्रयं नानैव, न त्वेके'ति मतं, तदा चैत्रान्यत्व-विशिष्टदण्डत्वावच्छिन्नं यच्चैत्रावृत्तिदण्डनिष्ठं प्रतियोगित्वं, तदाश्रयप्रतियोगिकत्व,-हेत्वधिकरणीभूतचैत्रानुयोगिकत्वोभयाभावस्य संयोगसामान्य एव सत्त्वात् 'निरुक्त'पदं विनाऽपि नातिव्याप्तिः सम्भवतीति तन्मतसाधारण्येनातिव्याप्तिरक्षणार्थमुक्तम्- एतदिति ।**

---

**चन्द्रशेखरीया :** ननु चैत्रभेदविशिष्टदंड एव साध्यत्वेन कथं नोपात्तः ? चैत्रभेदविशिष्टैतद्दंड एव एतद्पदघटितः कथमुपात्तः ? इति चेत्, यदि हि **चैत्रभेदविशिष्टदंडवान् एतद्दंडा**दित्यनुमानं क्रियेत, तदा तु येषां मते प्रतियोगिता प्रत्याश्रयं भिन्ना, तेषां मतेऽस्मिन्ननुमाने निरुक्तपदानुपादानेऽपि नातिव्याप्तिर्भवेत् । एवं च तेषां मते निरुक्तपदं निरर्थकमेव भवेत् । तथा हि चैत्रभेदविशिष्टदंडाभाव एवात्र साध्याभावः, तस्य प्रतियोगी चैत्रभेदविशिष्टदंडः, प्रतियोगी नाम प्रतियोगिता-आश्रयः, चैत्रभेदविशिष्टदंडाभावप्रतियोगिताश्रयस्तु चैत्रावृत्तिभूतलादिवृत्तिदंडोऽपि भवति । अतः स एव प्रतियोगित्वेन ग्रहीतुं शक्यते । तथा च साध्यतावच्छेदकसंयोगसामान्यान्तर्गते चैत्रवृत्त्येतद्दंडसंयोगेऽपि चैत्रभेदविशिष्टदंडाभावप्रतियोगिताश्रय-चैत्रावृत्तिदंडप्रतियोगिकत्वाभाव एव अस्ति । तथा च संयोगसामान्ये चैत्रावृत्तिदंडप्रतियोगिकत्व-एतद्दंडाधिकरणचैत्रानुयोगिकत्वसामान्योभयाभावस्य सत्वात् साध्याभाव एव लक्षणघटको भवतीति

नातिव्याप्तिर्भवेत् । यदि हि प्रतियोगिता प्रत्याश्रयं भिन्ना न स्यात्, तर्हि चैत्रभेदविशिष्टदंडाभावप्रतियोगितायाः आश्रयत्वेन सर्वे एव दंडा ग्राह्या भवेयुः । तेषु च चैत्रवृत्तिदंडोऽपि गृह्यते । तथा च चैत्रवृत्त्येतद्-दंडसंयोगे संयोगसामान्यान्तर्गते चैत्रभेदविशिष्टदंडाभावप्रतियोगि-चैत्रवृत्त्येतद्दंडप्रतियोगिकत्वस्य एतद्दंडाधिकरण-चैत्रानुयोगिकत्वस्य च सत्वात् सम्बन्धसामान्ये नोभयाभावो भवति । तथा च साध्याभावस्य लक्षणाघटकत्वात् भवत्येवातिव्याप्तिरिति तन्मते निरुक्तपदं सार्थकं भवेत् । किन्तु प्रत्याश्रयं भिन्नप्रतियोगिताङ्गीकर्तृणां मते तु निरुक्तपदं विनापि एतद्पदाघटितनिरूक्तसाध्यकस्थलेऽतिव्याप्त्यसंभवात् निरूक्तपदं तेषां निरर्थकं भवेत् । न चैतदिष्टम्, सर्वसाधारणलक्षणस्याभीष्टत्वात् । अतः एतद्पदघटितसाध्यमेवोपात्तम् । तादृशानुमाने च तेषामपि अतिव्याप्तिः संभवत्येव । तथाहि चैत्रभेदविशिष्टैतद्दंडप्रतियोगी शुद्धैतद्दंड एव, न तु सर्वे दंडाः । चैत्रवृत्त्येतद्दंडसंयोगे च शुद्धैतद्दंडात्मकप्रतियोगिकत्वस्य एतद्दंडाधिकरणचैत्रानुयोगिकत्वस्य च सत्वात्, पूर्ववद् साध्याभावस्य लक्षणघटकत्व-असंभवाद् भवत्येवातिव्याप्तिः । निरुक्तपदोपादाने तु यथा तद्वारणं भवति तथा प्रागेव भावितम् ।

**ચન્દ્રશેખરીયા :** **પ્રશ્ન :** અહીં, એતદ્ પદ મુકવાની જરૂર નથી. માત્ર **'ચૈત્રભેદવિશિષ્ટદંડવાન્ દંડાત્'** આમ કહીએ તો પણ અતિવ્યાપ્તિ આપી શકાતી હતી. કેમકે ચૈત્રવૃત્તિ-દંડસંયોગમાં ચૈત્રભેદવિશિષ્ટદંડાભાવપ્રતિયોગીશુદ્ધદંડ પ્રતિયોગીકત્વ + દંડાધિકરણ-ચૈત્રાનુયોગિકત્વ બે ય હોવાથી સંયોગસામાન્યમાં ઉભયાભાવ ન મળતા અતિવ્યાપ્તિ આવે અને 'નિરુક્ત' પદ મુકવાથી નીકળી જાય તો પછી 'એતદ્' પદ શા માટે મુક્યું ?

**ઉત્તર :** તમારી વાત સાચી છે. પરંતુ જેઓ એમ માને છે કે પ્રતિયોગિતા એ દરેક અધિકરણમાં જુદી જુદી છે એક નથી. એમના મતે આ સ્થાને **'નિરુક્ત'** પદ વિના પણ અતિવ્યાપ્તિ ન સંભવે. કેમકે ચૈત્રભેદવિશિષ્ટદંડાભાવની પ્રતિયોગિતાનો આશ્રય ચૈત્ર-અવૃત્તિદંડ બને. અને જે ચૈત્રવૃત્તિદંડસંયોગ છે તેમાં ચૈત્રભેદવિ.દંડાભાવપ્રતિયોગી-ચૈત્ર-અવૃત્તિદંડપ્રતિયોગીકત્વ તો છે જ નહિ. કેમકે ચૈત્રવૃત્તિદંડસંયોગસંબંધથી ચૈત્ર-અવૃત્તિદંડ રહી શકતો જ નથી. આમ આ ચૈત્રવૃત્તિદંડસંયોગમાં તાદશપ્રતિયોગીકત્વાભાવ દ્વારા ઉભયાભાવ મળે. હવે જે ચૈત્ર-અવૃત્તિદંડસંયોગ છે તેમાં ચૈત્રાવૃત્તિદંડપ્રતિયોગીકત્વ હોવા છતાં દંડાધિકરણ ચૈત્રાનુયોગિકત્વનો અભાવ છે એટલે તેમાં પણ ઉભયાભાવ મળી જાય. એ સિવાયના સંયોગોમાં તો સુતરાં ઉભયાભાવ મળે. આમ સંયોગસામાન્યમાં ચૈત્રભેદવિશિષ્ટદંડાભાવપ્રતિયોગી (ચૈત્રાવૃત્તિદંડ) પ્રતિયોગીકત્વ + દંડાધિકરણચૈત્રાનુયોગિકત્વોભયનો અભાવ મળી જતા સાધ્યાભાવ જ લક્ષણઘટક બને. પરિણામે અતિવ્યાપ્તિ આ મતે ન આવે. 'આ મતમાં પણ અતિવ્યાપ્તિ આવે' એ માટે અમે એતદ્પદવાળું અનુમાન લીધેલ છે. અર્થાત્ ચૈત્રભેદવિશિષ્ટદંડ સાધ્ય નથી. પણ ચૈત્રભેદવિશિષ્ટ - એતદ્દંડ એ સાધ્ય છે અને તેથી તેનો અભાવ જ લેવો પડે. અને તેના અભાવની પ્રતિયોગિતા તો માત્ર ચૈત્રભેદવિશિષ્ટ-એતદ્દંડ= શુદ્ધ-એતદ્દંડમાં જ છે. બીજા દંડોમાં નથી. અને આમ ચૈત્રવૃત્તિ-એતદ્દંડસંયોગમાં ચૈત્રભેદવિશિષ્ટ-એતદ્દંડાભાવપ્રતિયોગિ-એતદ્દંડ-પ્રતિયોગિકત્વ+એતદ્-દંડાધિકરણચૈત્રાનુયોગિકત્વોભય હોવાથી સંબંધ સામાન્યમાં ઉભયાભાવ નથી મળતો અને પરિણામે સાધ્યાભાવ લક્ષણઘટક ન બનતા બીજા અભાવ દ્વારા અતિવ્યાપ્તિ આ મતે પણ આપી શકાય. આ આશયથી જ અમે આવું અનુમાન લીધું છે. **'નિરુક્ત'** પદથી એ આપત્તિ નીકળી જાય છે એ તો આપણે જોઈ જ ગયા.

**जागदीशी** - ( यद्यनुयोगिता प्रत्याश्रयं नानैव, न त्वेकेत्यभिमतं, तदा ) दण्डसामान्यस्य हेतुत्वे, —एतद्दण्डप्रतियोगिकसंयोगसामान्ये दण्डान्तराधिकरणीभूतयत्किञ्चिद्व्यक्त्यनुयोगिकत्वाभावादेवोभयाभावसत्त्वादतिव्याप्तिविरहः स्यादतो हेतौ— एतदिति ।

---

**चन्द्रशेखरीया :** ननु तथापि '**चैत्रभेदविशिष्टैतद्दंडवान् दंडात्**' इति एतद्पदाघटित एव शुद्धदंडः कथं हेतुत्वेन नोक्तः ? कथं एतद्दंडो हेतुत्वेन प्रतिपादित इति चेत् श्रूयतामत्रापि कारणम् । येषां मतेऽनुयोगिता प्रत्याश्रयं भिन्ना, तेषां मते चैत्रवृत्तिदंडभिन्नः भूतलादिवृत्तिदंडोऽपि हेतुत्वेन गृह्यते, तदधिकरणञ्च भूतलम् । तथा च येषु संयोगेषु चैत्रभेदविशिष्टैतद्दंडप्रतियोगिकत्वमस्ति, तेषु भूतलवृत्तिदंडात्मकहेत्वधिकरणभूतलानुयोगिकत्वं नास्ति । येषु च तादृशभूतलानुयोगिकत्वमस्ति, तेषु चैत्रभेदविशिष्टैतद्दंडप्रतियोगिकत्वं नास्ति । इत्थं च संयोगसामान्ये तादृशोभयाभावसत्वात् साध्याभावस्यैव लक्षणघटकत्वात् निरुक्तपदं विनाप्यतिव्याप्तिर्न भवेत् । यदि हि अनुयोगिता प्रत्याश्रयमेकैव स्यात्, तदा तु भूतलवृत्तिदंडात्मकहेत्वधिकरणभूतले या भूतलवृत्तिदंडानुयोगिता, सैव चैत्रेऽपि वर्तते । अतः चैत्रवृत्त्येतद्दंडसंयोगे भूतलवृत्तिदंडाधिकरणभूतलनिष्ठानुयोगितावत्चैत्रानुयोगिकत्वमपि वर्तते । तथा च तस्मिन् उभयाभावासत्वात् साध्याभावो लक्षणघटको न भवेत् । तथा च नातिव्याप्तिः संभवतीति भावः । किन्तु प्रत्याश्रयं भिन्नामनुयोगितामङ्गीकर्तॄणां मते तु निरुक्तपदं विनाऽप्यतिव्याप्त्यादिसंभवाभावात् निरुक्तपदं तेषां मते व्यर्थं भवेत् । अतः सर्वसाधारणं निरुक्तपदप्रयोजनं दर्शयितुमेतद्पदघटित एव दंडहेतुरुपात्तः। एतद्दंडानुयोगिता तु न भूतलादौ किन्तु चैत्रमैत्रयोः एव । तथा च चैत्रवृत्त्येतद्दंडसंयोगे एतद्दंडाधिकरणचैत्रानुयोगिकत्वस्य सत्वात् नोभयाभावो मीलति । तथा च पूर्ववदतिव्याप्तिः दुर्वारा, तद्वारणाय च निरुक्तपदं सार्थकमिति प्रागेव भावितम् ।

**चन्द्रशेखरीया : प्रश्न :** ભલે, ત્યારે **ચૈત્રભેદવિશિષ્ટ-એતદ્દંડવાન્** દંડાત્ એમ અનુમાન કરો. હેતુમાં '**એતદ્**' પદનો નિવેશ શા માટે કરો છો ? અર્થાત્ શુદ્ધ દંડને જ હેતુ રાખો.

ઉત્તર : જો, માત્ર દંડને જ હેતુ માનીએ તો જેઓ અનુયોગિતા એ આશ્રયભેદે જુદી જુદી માને છે. તેમના મતે 'નિરુક્ત' પદ વિના પણ અહીં અતિવ્યાપ્તિ ન આવે. કેમકે એતદ્દંડપ્રતિયોગીકસંયોગસામાન્યમાં બીજા દંડ રૂપ હેતુના અધિકરણ એવા જે ભૂતલાદિ છે, તાદશ ભૂતલાદિ-અનુયોગિકત્વ નથી. અર્થાત્ આ એતદ્દંડસંયોગમાં દંડાન્તરાધિકરણભૂતલાદિ-અનુયોગિકત્વનો તો અભાવ જ છે. એટલે આમાં પણ ઉભયાભાવ મળી જતા સાધ્યાભાવ લક્ષણઘટક બનતાં અતિવ્યાપ્તિ ન આવે. હા જેઓ અધિકરણભેદથી પણ અનુયોગિતા એક જ માને છે, તેમના મતે તો દંડપ્રતિયોગીકસંયોગની ભૂતલ-ચૈત્ર-મૈત્રાદિ તમામમાં રહેલી અનુયોગિતા એક જ બનશે. એટલે એતદ્દંડસંયોગમાં પણ દંડાન્તરાધિકરણભૂતલાદિ-અનુયોગિકત્વ છે કેમકે દંડાન્તરાધિકરણ-ભૂતલાદિમાં રહેલી અનુયોગિતા એ જ આ ચૈત્રમાં છે. એટલે દંડાન્તરાધિકરણની અનુયોગિતાવાળો ચૈત્ર પણ બને. એટલે એતદ્દંડસંયોગમાં ચૈત્રાનુયોગિકત્વ તો છે જ. આમ ઉભયાભાવ ન લેવાતા સાધ્યાભાવ લક્ષણઘટક ન બનતા અતિવ્યાપ્તિ આવે. પણ અનુયોગિતાને આશ્રયભેદે જુદી માનનારાના મતે તો "નિરુક્ત" પદ વિના

પણ અતિવ્યાપ્તિ ન આવે. એટલે તેમના મતમાં પણ અતિવ્યાપ્તિ બતાવવા માટે 'એતદ્દંડ' હેતુ મુકેલો છે. એટલે હવે એતદ્દંડસંયોગમાં ચૈત્રભેદવિશિષ્ટ-એતદ્દંડાભાવપ્રતિયોગિ-એતદ્દંડપ્રતિયોગીકત્વ છે. તેમ એતદ્દંડાધિકરણ-ચૈત્ર-મૈત્રાનુયોગિકત્વ પણ છે જ. આમ ઉભય હોવાથી ઉભયાભાવ ન મળે. પરિણામે સંયોગસામાન્યમાં ઉભયાભાવ ન મળતા સાધ્યાભાવ લક્ષણ ઘટક બનતો નથી અને એટલે જ અતિવ્યાપ્તિ આવે. અને તે દૂર કરવા માટે 'નિરુક્ત' પદ સાર્થક બની જાય છે.

---

**जागदीशी - संयोगेन साध्यतायां निरूक्तपदस्य व्यावृत्तिमुक्त्वा, –समवायेन साध्यतायां तामाह, –गुणकर्मान्यत्वेति । –इदञ्च समवायस्य (अधिकरणभेदेनापि) नानात्वमभिप्रेत्य, तस्यैकत्वेतु तत्र गुणानुयोगिकत्व,– विशिष्टसत्ताप्रतियोगिकत्वोभयसत्त्वेनातिव्याप्तितादवस्थ्यात्।**

---

**चन्द्रशेखरीया :** एवं तावत् संयोगेन यत्र तादृशदंडादि साध्यम् तत्र निरुक्तपद-प्रयोजनं प्रतिपाद्याधुना समवायेन विशिष्टसत्तासाध्यके जात्यात्मकहेतौ तद् दर्शयति दीधितिकारः । **गुणकर्मभेदविशिष्टसत्तावान् जातेरित्यत्र** साध्यतावच्छेदकसमवायसामान्यान्तर्गते द्रव्यवृत्तिसमवाये तु विशिष्टसत्ताऽभावप्रतियोगिताश्रयशुद्ध-सत्ताप्रतियोगिकत्वसत्वेऽपि जात्यधिकरणगुणाद्यनुयोगिकत्वं नास्ति । किन्तु गुणवृत्तिसमवाये तादृशशुद्धसत्ता प्रतियोगिकत्व-गुणानुयोगिकत्वोभयस्य सत्वात् न समवायसामान्ये तादृशोभयाभावः । अतो न साध्याभावो लक्षणघटकत्वेन ग्रहीतुं शक्यः । तथा च गगनाद्यभावमादायातिव्याप्तिः भवति । निरुक्तपदप्रवेशे तु न दोषः। विशिष्टसत्ताऽभावप्रतियोगितावच्छेदकं यत् विशिष्टसत्तात्वम्, तदवच्छिन्ना विशिष्टसत्ता एव, न तु शुद्धसत्ता । गुणवृत्तिसमवाये तु विशिष्टसत्ताप्रतियोगिकत्वं नास्ति । अतः तत्रापि उभयाभावसत्वात्, समवायसामान्ये उभयाभावसत्वात् साध्याभाव एव लक्षणघटकत्वेन ग्रहीतुं शक्यः । तथा च नातिव्याप्तिः । **न च** समवायस्यैकत्वात् गुणवृत्तिसमवायो द्रव्यवृत्तिसमवायादभिन्न एव, तथा च द्रव्यवृत्तिसमवाये वर्तमानं विशिष्ट-सत्ताप्रतियोगिकत्वं गुणवृत्तिसमवायेऽपि वर्तते एव । इत्थं च गुणवृत्तिसमवायादौ सर्वत्रोभयसत्वात् न साध्याभावो लक्षणघटकः । अतो निरुक्तपदोपादानेऽपि अतिव्याप्तिर्दुवारा इति **वाच्यम्** समवायोऽधिकरणभेदेन भिन्न एव इति मतानुसारेणैवातिव्याप्तिविनिवारणस्य क्रियमाणत्वात् । तथा च गुणवृत्तिसमवायो द्रव्यवृत्तिसमवायाद् भिन्न एव । अतो गुणवृत्तिसमवायेऽपि विशिष्टसत्ताप्रतियोगिकत्वाभावमादायोभयाभावो भवत्येव । एवञ्च साध्याभावस्यैव लक्षणघटकत्वेन नातिव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા :** આમ જ્યાં સંયોગસંબંધથી ચૈત્રભેદવિશિષ્ટ-એતદ્દંડ સાધ્ય છે. ત્યાં 'નિરુક્ત' પદ અતિવ્યાપ્તિ નિવારવા જરૂરી છે. એ વાત બતાવી. હવે 'સમવાયથી વિશિષ્ટ સત્તા જ્યાં સાધ્ય છે' ત્યાં પણ નિરુક્ત પદનું પ્રયોજન બતાવે છે.

સાધ્યતાવચ્છેદકસમવાયમાં વિશિષ્ટસત્તા-અભાવપ્રતિયોગી-શુદ્ધસત્તા-પ્રતિયાગિકત્વ છે જ. કેમકે શુદ્ધસત્તા સમવાયથી દ્રવ્ય-ગુણ-કર્મમાં રહે છે અને એ જ સમવાયમાં હેત્વધિકરણ ગુણ-કર્મ-દ્રવ્યાદિ-અનુયોગિકત્વ પણ

છે. એટલે સમવાયસામાન્યમાં ઉભયાભાવ ન મળતા અતિવ્યાપ્તિ આવે જ છે. નિરુક્તપદ મુકવાથી વાંધો ન આવે કેમકે વિશિષ્ટસત્તા-અભાવપ્રતિયોગિતાવચ્છેદક વિશિષ્ટસત્તાત્વ છે અને તદવચ્છિન્ન સમવાય તો દ્રવ્યમાં જ છે. અને એથી એ સમવાયમાં દ્રવ્યાનુયોગિકત્વ છે. પરંતુ ગુણાનુયોગિકત્વનો અભાવ જ છે અને ગુણમાં રહેલા સમવાયમાં ગુણાનુયોગિકત્વ છે પણ ગુણમાં એ સમવાયથી વિ.સત્તા ન રહેતી હોવાથી એ સમવાયમાં વિ.સત્તા-પ્રતિયોગીકત્વાભાવ મળી જાય. આમ દ્રવ્યવૃત્તિસમવાયમાં વિ.સત્તા-પ્રતિયોગીકત્વ હોવા છતાં ગુણાનુયોગિકત્વાભાવથી ઉભયાભાવ મળે અને ગુણવૃત્તિસમવાયમાં ગુણાનુયોગિકત્વ હોવા છતાં વિશિ. સત્તાપ્રતિયોગીકત્વાભાવથી ઉભયાભાવ મળી જાય. આમ સમવાય-સામાન્યમાં ઉભયાભાવ મળે. અર્થાત્ સાધ્યાભાવ જ લક્ષણઘટક બનતા અતિવ્યાપ્તિ ન આવે.

**પ્રશ્ન** : સમવાય તો એક જ છે. એટલે દ્રવ્યમાં કે ગુણમાં રહેલ સમવાય એક જ છે. એટલે જે દ્રવ્યવૃત્તિસમવાયમાં વિ.સત્તાપ્રતિયોગીકત્વ છે. એ જ સમવાય ગુણમાં હોવાથી તેમાં ગુણ-અનુયોગિકત્વ પણ છે. એટલે ઉભયાભાવ નથી મળતો. પરિણામે સાધ્યાભાવ લક્ષણઘટક ન બનતા અતિવ્યાપ્તિ આવે જ છે.

**ઉત્તર** : અધિકરણભેદથી સમવાય જુદા જુદા માનનારાના મતે જ આ અતિવ્યાપ્તિનિવારણ કરેલ છે. બાકી જો અધિકરણભેદ હોવા છતાં પણ સમવાય એક જ માનીએ તો તો **'નિરુક્ત'** પદ મુક્યા પછી પણ તમારા કહેવા પ્રમાણે અતિવ્યાપ્તિ આવવાની જ છે. અને આ જ વાત દીધિતિકાર પોતે જ આગળ કરવાના છે. અને એટલે જ તેઓ આ લક્ષણ છોડી દેશે. એટલે અત્યારે તો 'અધિકરણભેદથી સમવાય પણ ભિન્ન છે' એ મત પ્રમાણે જ આ અતિવ્યાપ્તિનિવારણ જાણવું.

---

**जागदीशी - यद्यपि 'यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्ने'त्याद्युक्तौ, –'वह्नि-धूमोभयवान् धूमा'दित्यत्राव्याप्तिः, संयोगसामान्य एव वह्नि-धूमोभयत्वावच्छिन्नप्रतियोगिकत्व-धूमाधिकरणपर्वतानुयोगिकत्वोभयाभावसत्त्वात्,–**

---

**चन्द्रशेखरीया :** अत्रान्तरे जगदीशः स्वोत्प्रेक्षां निरूपयति (**यद्यपि**) इत्यादिना । अयमाशयः । यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिकत्वघटितलक्षणं '**वह्निधूमोभयवान् धूमादित्यत्र**' अव्याप्तं भवति । यतः कुत्रापि एकेनैव संयोगेन वह्निधूमोभयं न वर्तते । किन्तु वहनेस्संयोगो भिन्न एव, धूमस्य संयोगो भिन्न एव । तथा च कस्मिन्नपि संयोगे वह्निधूमोभयप्रतियोगिकत्वं नास्ति । अतः संयोगसामान्ये एव वह्नि-धूमोभयाभावप्रतियोगितावच्छेदकवह्निधूमोभयत्वावच्छिन्नवह्निधूमोभय-प्रतियोगिकत्वाभावमादाय उभयाभावो वर्तते । तथा च साध्याभावस्यैव लक्षणघटकत्वेनाव्याप्तिः भवति ।

**ચન્દ્રશેખરીયા :** જગદીશજી કહે છે કે, આ લક્ષણ **'વહ્નિધૂમોભયવાન્ ધૂમાત્'** અહીં અવ્યાપ્ત બને છે. અહીં સાધ્યતાવચ્છેદક સંયોગસંબંધ છે. હવે તમે તો યાદશપ્રતિયોગિતા-અવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગીકત્વાદિ...ની વિવક્ષા કરી છે. તો વહ્નિધૂમોભયાભાવપ્રતિયોગિતાવચ્છેદક-અવચ્છિન્ન તો વહ્નિધૂમોભય જ બને. હવે વહ્નિને રહેવાનો સંયોગ જુદો છે, ધૂમને રહેવાનો સંયોગ જુદો છે. બે ય એક સંબંધથી તો રહેવાના જ નથી. એટલે કોઈપણ સંયોગમાં ધૂમપ્રતિયોગીકત્વ કે વહ્નિપ્રતિયોગીકત્વ હજી મળે. પણ કોઈપણ સંયોગમાં વહ્નિ-

ધૂમોભયપ્રતિયોગીકત્વ તો મળવાનું જ નથી. કેમકે એક સંયોગથી બે જણ રહેતા જ નથી. આમ સંયોગસામાન્યમાં વહ્નિધૂમોભયપ્રતિયોગિકત્વ-સામાન્યાભાવ મળી જતા ઉભયાભાવ મળી જાય અને તેથી સાધ્યાભાવ જ લક્ષણઘટક બનતા અવ્યાપ્તિ આવે જ.

---

**जागदीशी- न च निरुक्तप्रतियोगितावच्छेदकावच्छिन्नवत्ताप्रमायाः सांसर्गिकविषयत्वमेव–निरुक्तप्रतियोगिकत्वं–वक्तव्यं, –**

**– तच्च पर्वते वह्नि-धूमयोः प्रत्येकसंयोगस्याप्यस्तीति नाव्याप्तिः,**

**अन्यथा 'संयोगेन पर्वतो वह्नि-धूमोभयवा'नित्यादिप्रमाया दुर्घटत्वापत्तेरिति वाच्यम्,**

---

**चन्द्रशेखरीया :** ननु निरुक्तप्रतियोगिकत्वं निरुक्तप्रतियोगितावच्छेदकावच्छिन्नवत्ताप्रमाज्ञान सांसर्गिकविषयत्वमेव, न त्वन्यत् । तथा च यथा **'वह्निमान् पर्वतः'** इति वह्न्यभावप्रतियोगितावच्छेदकवह्नित्वावच्छिन्नवह्निमत्ताप्रमाज्ञानस्य सांसर्गिक-विषयत्वम् संयोगे अस्ति, अतः संयोगे निरुक्तवह्निप्रतियोगिकत्वं वर्तते । तथैव **'संयोगेन वह्निधूमोभयवान् पर्वतः'** इति वह्निधूमोभयवत्ताप्रमाज्ञान-सांसर्गिक विषयतासंयोगे केवलवह्निसंयोगे केवले च धूमसंयोगेऽपि वर्तते एव । अतो धूमाधिकरणपर्वतानुयोगिकत्वमप्यस्ति । अतः उभयाभावासत्वात् न साध्याभावो लक्षणघटकः, अतो नाव्याप्तिः । यदि हि केवले वह्निसंयोगे केवले धूमसंयोगे च वह्निधूमोभयप्रतियोगिकत्वं निरूक्तरूपं न स्वीक्रियेत, तदा **संयोगेन वह्निधूमोभयवान् पर्वतः** इति प्रमात्मिका प्रतीतिः कथं घटेत ? यतः अत्र प्रत्येकसंयोगे एव वह्निधूमोभयप्रतियोगिकत्वं भासते, न तु वह्निसंयोगे वह्निप्रतियोगिकत्वं धूमसंयोगे च धूमप्रतियोगिकत्वं । तथा च प्रमात्मकप्रतीतिबलात् वह्निसंयोगे धूमसंयोगे च वह्नि-धूमोभयप्रतियोगिकत्वं मन्तव्यम् । तच्चानायत्या निरुक्तरूपमेव मन्तव्यम् इति चेत् ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** યાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગીકત્વ એટલે યાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન- વત્તાપ્રમાજ્ઞાનસ્ય સાંસર્ગિકવિષયત્વ' એવો જ અર્થ કરવાનો છે. અહીં "વહ્નિધૂમોભયત્વાવચ્છિન્ન વહ્નિધૂમોભયવાન્ પર્વતઃ" આવું જે તાદશોભયત્વાવચ્છિન્ન-વહ્નિધૂમોભયવત્તાનું પ્રમાત્મક જ્ઞાન છે. તેમાં સંબંધ તરીકે વિષય બનનારા ધૂમસંયોગ+વહ્નિસંયોગ છે. અર્થાત્ તેઓમાં તાદશસાંસર્ગિકવિષયત્વ રહેલું છે. આમ એકલા ધૂમસંયોગ કે એકલા વહ્નિસંયોગમાં પણ તાદશસાંસર્ગિકવિષયત્વરૂપ= વહ્નિધૂમોભયપ્રતિયોગીકત્વ છે જ. તેનો અભાવ નથી અને તેથી સંયોગસામાન્યમાં ઉભયાભાવ ન મળવાથી સાધ્યાભાવ લક્ષણઘટક બને જ નહી. પરિણામે અવ્યાપ્તિ ન આવે.

બાકી જો નિરુક્તપ્રતિયોગીકત્વની આવી વ્યાખ્યા ન માનો તો **'સંયોગેન વહ્નિધૂમોભયવાન્ પર્વતઃ'** એવી પ્રમાત્મક પ્રતીતિ જ નહીં ઘટી શકે, કેમકે અહીં એક જ સંયોગથી તો પર્વતમાં વહ્નિ-ધૂમોભય રહેતા જ નથી. એટલે એ રીતે એક જ સંયોગમાં તો વહ્નિધૂમોભયપ્રતિયોગીકત્વ આવતું જ નથી. જ્યારે અહીં તો એક સંયોગમાં તો વહ્નિધૂમોભયપ્રતિયોગીકત્વ વિષય તરીકે દેખાય છે તો આ પ્રતીતિ શી રીતે ઘટે ? એટલે ઉપર કહ્યા પ્રમાણે **'તદ્વત્તાપ્રમાજ્ઞાનસાંસર્ગિક વિષયત્વ=તદ્પ્રતિયોગિકત્વ'** માની લેવું. એટલે વહ્નિધૂમોભયવત્તા-

પ્રમાજ્ઞાનસાંસર્ગિકવિષયત્વ તો આ એક વગેરે સંયોગમાં પણ છે જ. એટલે તેમાં તાદશોભયપ્રતિયોગીકત્વ રહેલું જ હોવાથી વાંધો આવતો નથી. આ પ્રતીતિ ઘટી શકે છે.

---

**जागदीशी** - **तथा सति 'अत एवे'त्यादिना वक्ष्यमाणाया 'वह्नि-धूमोभयवान् वह्ने'-रित्यात्रातिव्याप्तेरसङ्गत्यापत्तेः,**

**वह्नि-धूमोभयवत्ताप्रमानियामकसंयोगमात्रस्यैव हेत्वधिकरणीभूताऽयोगोलकानु-योगिकत्वाभावेन वह्निधूमोभयत्वावच्छिन्नाभावमादायातिव्याप्य-सम्भवात्,–**

---

**चन्द्रशेखरीया** : न, तथा सति विंशतितमकारिकाप्रतिपादितेन **'अत एव'** इत्यादिग्रन्थेन सह विरोधप्रसङ्गो भवेत् । तत्र **वह्निधूमोभयवान् वह्नेरि**त्यत्र अस्य लक्षणस्यातिव्याप्तिः प्रदर्शयिष्यते दीधितिकारेण । यदि तु भवदुक्तं निरुक्तप्रतियोगिकत्वं स्वीक्रियते, तदा तु तत्रातिव्याप्तिर्नभवेत् । तथा हि 'अयोगोलकं संयोगेन वह्निधूमोभयवत्' इति प्रमात्मकं ज्ञानं न भवति । अतो अयोगोलकवृत्तिवह्निसंयोगे वह्निधूमोभयप्रतियोगिकत्वं वह्निधूमोभयवत्ताप्रमाज्ञानसांसर्गिक-विषयत्वरूपं नास्ति, पर्वतवृत्तिवह्निसंयोगादिषु तु वह्निधूमोभय-वत्ताप्रमाज्ञानसांसर्गिकविषयत्वरूपस्य वह्निधूमोभयप्रतियोगिकत्वस्य सत्वेऽपि अयोगोलक-अनुयोगिकत्वं नास्ति । शेषेषु तु संयोगेषु तादृशोभयमेव नास्ति इति संयोगसामान्ये उभयाभावसत्वात् साध्याभाव एव लक्षणघटको भवति । तथा चातिव्याप्तिर्न भवति । एवञ्च दीधितिग्रन्थेन सह विरोधापत्तिर्दुवारा । अतो न भवदुक्तः परिष्कारः स्वीकारार्हः । तदस्वीकारे च पूर्ववत् '**वह्निधूमोभयवान् धूमादि**'त्यत्राव्याप्तिः सुलब्धप्रतिष्ठा भवति ।

**ચન્દ્રશેખરીયા : જગદીશ :** જો આમ માનીએ તો પછી દીધિતિકાર જે **'વહ્નિધૂમોભયવાન્ વહ્નેઃ'**માં આ લક્ષણ અવ્યાપ્ત બને છે' એમ કહેવાના છે. એ ગ્રન્થની સાથે હવે વિરોધ આવે, કેમકે તમારી આ વિવક્ષા પ્રમાણે તો તેમાં અતિવ્યાપ્તિ ન આવે, કેમકે જેટલા સંયોગો છે એમાં જે સંયોગો વહ્નિધૂમોભયવત્તાપ્રમાજ્ઞાનના સાંસર્ગિક વિષયત્વવાળા છે. તેઓ જ વહ્નિધૂમોભયપ્રતિયોગીક ગણાશે અને **'વહ્નિધૂમોભયવત્ અયોગોલકં'** એવું તો પ્રમાજ્ઞાન થતું જ નથી. એટલે **'વહ્નિધૂમોભયવાન્ પર્વતઃ'** ઈત્યાદિ પ્રમાજ્ઞાનસાંસર્ગિક વિષયતાવાળા જે સંયોગો છે, તેઓમાં વહ્નિધૂમોભયપ્રતિયોગીકત્વ છે. અને પર્વતાદિ-અનુયોગિકત્વ છે. પણ અયોગોલકાનુયોગિકત્વ તો નથી જ કેમકે આવી ઉભયવત્તાપ્રમાપ્રતીતિ અયોગોલકમાં થતી જ નથી. અને જે સંયોગોમાં અયોગોલકાનુયોગિકત્વ છે તેઓમાં વહ્નિધૂમોભયવત્તાપ્રમાજ્ઞાનસાંસર્ગિકવિષયત્વ= તાદશોભયપ્રતિયોગિકત્વ નથી. બાકીના સંયોગોમાં તો બે યનો અભાવ છે. આમ તમામ સંયોગોમાં વહ્નિધૂમો-ભયવત્તાપ્રમાજ્ઞાનસાંસર્ગિકવિષયત્વ+અયોગોલકાનુયોગિકત્વોભયાભાવ મળી જ જાય છે. એટલે સાધ્યાભાવ જ લક્ષણઘટક બનતા ત્યાં અતિવ્યાપ્તિ ન આવે. તો પછી દીધિતિકારનો આ સ્થળે અતિવ્યાપ્તિ દર્શાવતો **અત એવ....** એ ૨૦મી કારિકાનો ગ્રન્થ નિરર્થક થાય. માટે તમારે આ ખુલાસો માન્ય ન રખાય અને તેથી **'વહ્નિ-ધૂમોભયવાન્ ધૂમાત્** સ્થાનની અવ્યાપ્તિ હજી ઉભી જ છે. (**વહ્નિધૂમોભયવાન્ વહ્નેઃ**માં આવતી અતિવ્યાપ્તિ આગળ બતાવીશું.)

**जागदीशी** –तथाऽपि-साध्यसाधनभेदेन व्याप्तेर्भेदाद्व्यासज्यवृत्तिधर्मेण साध्यताया निरुक्त 'पदमपहाय, – तादृशप्रतियोगिताश्रयप्रतियोगिकत्वघटितस्यैव प्रवेशान्नोक्त-स्थलाऽव्याप्तिः ।

---

**चन्द्रशेखरीया :** तथापि साध्यसाधनभेदेन व्याप्तिभेदस्याभिमतत्वात् यत्र व्यासज्यवृत्तिः धर्मः= उभयवृत्तिधर्मः साध्यतावच्छेदकः भवति, तत्र यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्न-प्रतियोगिकत्वघटितलक्षणं परित्यज्य यादृशप्रतियोगिताश्रयप्रतियोगिकत्वघटितमेव लक्षणं वाच्यम् । इत्थं च वह्निधूमोभयाभावस्य प्रतियोगितायाः आश्रयो वह्निः धूमश्च, प्रतियोगितायाः प्रत्याश्रयं भिन्नत्वात् । तथा च यदि हेत्वधिकरणं पर्वतो गृह्यते, तदा तु पर्वतीयवह्निसंयोगे वह्निधूमोभयाभावप्रतियोगिताश्रयवह्निप्रतियोगिकत्वपर्वतानुयोगिकत्वोभयसत्वात् संयोगसामान्ये तादृशोभयाभावासत्वात् न साध्याभावो लक्षणघटकः । अतोऽभावान्तरमादाय लक्षणघटनात् नाव्याप्तिः । एवं पर्वतीयधूमसंयोगादिषु अपि तादृशोभयं वर्तते इति स्वयं विभावनीयम् अनुपयोगित्वान्नेह प्रतन्यते ।

**ચન્દ્રશેખરીયા :** છતાં સાધ્ય-સાધન બદલાય, એમ વ્યાપ્તિલક્ષણ પણ બદલાય એમ માનેલું હોવાથી જ્યાં વ્યાસજ્યવૃત્તિધર્મ=ઉભયવૃત્તિધર્મ=વહ્નિ-ધૂમોભયત્વાદિ એ સાધ્યતા-અવચ્છેદક ધર્મ તરીકે હોય. ત્યાં લક્ષણમાં **'નિરુક્ત'** પદ ન મુકવું. પણ યાદશપ્રતિયોગિતા-આશ્રયપ્રતિયોગીકત્વ-હેત્વધિકરણયત્કિંચિદ્-અનુયોગિકત્વોભયાભાવઘટિત લક્ષણ કહેવું. એટલે અવ્યાપ્તિ ન આવે. વહ્નિધૂમોભયાભાવની પ્રતિયોગિતાનો આશ્રય વહ્નિ અને ધૂમ બને. અને પર્વતીયવહ્નિ સંયોગમાં વહ્નિપ્રતિયોગીકત્વ છે, તેમાં ધૂમાધિકરણપર્વતાદિ-અનુયોગિકત્વ પણ છે અને પર્વતીયધૂમ સંયોગમાં ધૂમપ્રતિયોગિકત્વ છે, તેમાં ધૂમાધિકરણપર્વતાદિ-અનુયોગિકત્વ પણ છે. આમ પર્વતીયવહ્નિસંયોગ વગેરેમાં વહ્નિધૂમોભયાભાવપ્રતિયોગિતા-આશ્રયપ્રતિયોગીકત્વ + હેત્વધિકરણ પર્વતાનુયોગિકત્વ' બે ય છે. એટલે સંયોગસામાન્યમાં ઉભયાભાવ ન મળતા સાધ્યાભાવ લક્ષણઘટક ન બને. માટે બીજા અભાવને લઈને લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी** – न चैवमुभयत्वेन साध्यतायां व्यभिचारिण्यतिव्याप्तिस्तदवस्थैव स्यात्, 'अत एवे' त्यादिना 'वह्नि-धूमोभयवान् वह्ने'रित्यादौ ग्रन्थकृतैवाग्रे तद्दोषस्य वक्ष्यमाणत्वादिति ।

---

**चन्दशेखरीया : न च** तथा सति **वह्निधूमोभयवान् वह्नेरि**त्यत्रातिव्याप्तिः । अयोगोलकवृत्तिवह्निसंयोगे एव वह्निधूमोभयाभावप्रतियोगिताश्रयायोगोलकीयवह्निप्रतियोगिकत्व-वह्न्यधिकरणायोगोलकानुयोगिकत्वोभयस्य सत्वात् न संयोगसामान्ये तादृशोभयाभावः । तथा च साध्याभावस्य लक्षणाघटकत्वाद् अतिव्याप्तिः भवति इति **वाच्यम्** । इष्टत्वात्, अनन्तरमेवास्माभिरुक्तं यदत्रानुमाने दीधितिकारः स्वयमेवास्य लक्षणस्यातिव्याप्तिं प्रदर्शयिष्यति इति ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** પણ તો પછી **'વહ્નિધૂમોભયવાન્ વહ્નેઃ'** એ સ્થળે અતિવ્યાપ્તિ આવશે. અહીં પણ ઉભયવૃત્તિ એવો જ વહ્નિધૂમોભયત્વ ધર્મ જ સાધ્યતાવચ્છેદક હોવાથી યાદશપ્રતિયોગિતાશ્રય-

પ્રતિયોગીકત્વઘટિત જ લક્ષણ બનાવવું પડશે. હવે સાધ્યતાવચ્છેદક એવા અયોગોલકવહ્નિસંયોગમાં વહ્નિ-ધૂમોભયાભાવપ્રતિયોગિતાશ્રય વહ્નિપ્રતિયોગીકત્વ+હેત્વધિકરણ-અયોગોલક-અનુયોગિકત્વોભય હોવાથી સંયોગસામાન્યમાં ઉભયાભાવ ન મળતા સાધ્યાભાવ લક્ષણઘટક ન બને. પરિણામે અતિવ્યાપ્તિ આવે.

ઉત્તર : સાચી વાત છે. અમે કહી જ ગયા છીએ કે દીધિતિકાર પોતે જ 'આ અનુમાનમાં આ લક્ષણ અતિવ્યાપ્ત બને છે' એમ કહેવાના છે અને તેથી દીધિતિકાર પોતે જ એનો ઉત્તર આપવાના છે. એટલે અત્યારે તો એ અતિવ્યાપ્તિ અમને માન્ય જ છે.

---

**जागदीशी - वस्तुतः—सम्बन्धमात्रस्यैकप्रतियोगिकत्वापरानुयोगिकत्वनियमेन वह्निधूमोभयत्वावच्छिन्नप्रतियोगिकसम्बन्धत्वाप्रसिद्ध्यैव,—तदुभयत्वावच्छिन्नाभावस्य लक्षणाघटकत्वान्नाव्याप्तिः, अत एवाग्रे,—'वह्नि-धूमोभयवान् वह्ने' रित्यादावतिव्याप्तिर्दास्यते ।**

---

**चन्द्रशेखरीया** : ननु यत्र व्यासज्यवृत्तिधर्मः साध्यतावच्छेदकः तत्र भिन्नलक्षणस्वीकारे तु सर्वत्र अनुगतव्याप्तिव्यवहारो न स्यात् । स च भवति । अतः तद्व्यवहाररक्षणायात्रापि सामान्यमेव व्याप्तिलक्षणं वक्तव्यं । तच्चाव्याप्तमेवेति चेत् न वस्तुतः योऽपि सम्बन्धो भवति, स सर्वोऽपि एकप्रतियोगिकत्ववान् अपरानुयोगिकत्ववांश्च भवति इति नियमः । तथा च वह्निधूमोभयं कुत्राप्येकेनैव केनापि सम्बन्धेन न वर्तते । अतः कस्मिन्नपि सम्बन्धे वह्निधूमोभयप्रतियोगिकसम्बन्धत्वस्यैवाप्रसिद्धत्वात् संयोगसामान्ये वह्निधूमोभयप्रतियोगिकसम्बन्धत्व-हेत्वधिकरणीभूतपर्वताद्यनुयोगिकत्वसामान्याभावोऽपि न ग्रहीतुं शक्यते, 'यस्य कुत्रापि प्रसिद्धिर्भवति तस्यैवान्यत्राभावो ग्रहीतुं शक्यते' इति नियमात् । तथा च न वह्निधूमोभयाभावो लक्षणघटकोऽपि तु घटाद्यभावः इति लक्षणसमन्वयात् नाव्याप्तिः । अत एव= वह्निधूमोभयत्वावच्छिन्नप्रतियोगिकसम्बन्धत्वस्याप्रसिद्धत्वेन तादृशसम्बन्धत्वाभावस्य लक्षणघटकत्वासंभवादेव अग्रे दीधित्यां वह्नि-धूमोभयवान् वह्नेरित्यत्रातिव्याप्ति-र्दास्यते । यतः तत्रापि वह्निधूमोभयत्वावच्छिन्नप्रतियोगिकसम्बन्धत्व-हेत्वधिकरणायोगोलकानुयोगिकत्व-सामान्योभयाभावः न ग्रहीतुं शक्यते । तथा च 'साध्याभावस्य लक्षणाघटकत्वेनाभावान्तरम् आदायातिव्याप्तिर्दुवारा' इति अग्रे वक्ष्यते ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** 'બધામાં વ્યાપ્તિ એક જ છે.' એવો વ્યવહાર થાય છે તેને સાચો ઠેરવવા માટે તો બધે જ એક પ્રકારનું લક્ષણ કહેવું આવશ્યક છે. જો લક્ષણ જુદા પડે તો અનુગતવ્યાપ્તિનો વ્યવહાર ન ઘટે એટલે ઉભયવૃત્તિધર્મ જ્યાં સાધ્યતાવચ્છેદક હોય, ત્યાં જુદું અને તે સિવાયના સ્થળે જુદું લક્ષણ માનવું એ ઉચિત લાગતું નથી.

**ઉત્તરપક્ષ : વસ્તુતસ્તુ**=ખરી વાત તો એ કે તમામે તમામ સંબંધોમાં એકપ્રતિયોગિકત્વ+અપરાનુયોગિકત્વ હોય છે. હવે અહીં તો કોઈપણ સંબંધમાં વહ્નિધૂમોભયપ્રતિયોગીકસંબંધત્વ તો પ્રસિદ્ધ જ નથી કેમકે વહ્નિ-ધૂમોભય ક્યાંય પણ એક જ સંબંધથી તો રહેતા જ નથી. એટલે જ્યારે વહ્નિધૂમોભયપ્રતિયોગિકસંબંધત્વ જ અપ્રસિદ્ધ છે તો પછી 'સંયોગસામાન્યમાં તેનો અભાવ છે' એમ પણ કહી ન શકાય. અને તેથી સંયોગ

સામાન્યમાં વહ્નિધૂમોભયપ્રતિયોગીકત્વ (પ્રતિયોગિક સંબંધત્વ)+પર્વતાદ્યનુયોગિકત્વોભયાભાવ લઈ શકાતો જ ન હોવાથી સાધ્યાભાવ લક્ષણઘટક બનવાનો જ નથી. અને તેથી બીજા અભાવને લઈ લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ ન આવે. આમ પ્રતિયોગિતાવચ્છેદક-અવચ્છિન્નપ્રતિયોગીકત્વઘટિત લક્ષણ પણ અવ્યાપ્ત બનવાનું જ નથી.

અને આ જ કારણે **વહ્નિધૂમોભયવાન્ વહ્નેઃ** સ્થલે આગળ અતિવ્યાપ્તિ આપશે. કેમકે ત્યાં પણ વહ્નિધૂમોભયપ્રતિયોગીકસંબંધત્વ જ અપ્રસિદ્ધ હોવાથી સંયોગસામાન્યમાં તેનો અભાવ પણ બોલી ન શકાય. પરિણામે તાદશોભયાભાવ સંયોગસામાન્યમાં ન લેવાય. અને તેથી સાધ્યાભાવ લક્ષણઘટક ન બનતા ત્યાં અતિવ્યાપ્તિ આવે જ. એટલે જ આગળ આ સ્થાને અતિવ્યાપ્તિ બતાવશે.

---

**जागदीशी - न च वह्नि-धूमोभयत्वावच्छिन्नप्रकारित्वादावेव तादृशोभयत्वावच्छिन्न-प्रतियोगिक-सम्बन्धत्वप्रसिद्धिसम्भवः, प्राचां मते प्रकारित्वादेः सम्बन्धत्वाभावात्, विशिष्टधीनियामकस्यैव तथात्वादिति ध्येयम् ।**

---

**चन्द्रशेखरीया : न च 'वह्निधूमोभयवान् पर्वतः'** इति ज्ञाने प्रकारितासम्बन्धेन विषयिताभिधानेन वह्निधूमोभयं वर्तते । तथा च प्रकारितासम्बन्धे एव वह्निधूमोभयप्रतियोगिकसम्बन्धत्वस्य प्रसिद्धत्वात्, संयोगसामान्ये तदभावग्रहणस्य शक्यत्वात् वह्निधूमोभयाभाव एव लक्षणघटको भवतीति अव्याप्तिस्तत्र इति **वाच्यम्** प्राचां मते प्रकारितादीषु सम्बन्धत्वं न स्वीक्रियते । तथा च न प्रकारितादिषु अपि वह्निधूमोभय-प्रतियोगिकसम्बन्धत्वप्रसिद्धिः इति पूर्ववत् लक्षणसमन्वयः । ननु कथं न प्रकारितादयः सम्बन्धत्वेन नेष्यन्ते इति चेत् विशिष्टधीनियामकस्यैव सम्बन्धत्वाभिधानात्, प्रकारितादौ च विशिष्टधीनियामकत्वाभावादेव सम्बन्धत्वं नेष्यते इति भावः ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન : 'વહ્નિ-ધૂમોભયવાન્ પર્વતઃ'** આ જ્ઞાન પ્રમાણે વહ્નિધૂમોભય એ પ્રકારિતા=વિષયિતાસંબંધથી જ્ઞાનમાં રહે જ છે. અહીં પ્રકારિતાસંબંધમાં વહ્નિધૂમોભયપ્રતિયોગીકત્વ પ્રસિદ્ધ જ હોવાથી સંયોગમાં તેનો અભાવ લઈ જ શકાય છે.

**ઉત્તર :** પ્રાચીનો એ પ્રકારિતા વગેરેને સંબંધ માનતા નથી. વિશિષ્ટબુદ્ધિનો નિયામક જે બને, તે જ સંબંધ કહેવાય. પ્રકારિતાદિ એ વિશિષ્ટબુદ્ધિના નિયામક ન હોવાથી તે સંબંધ જ નથી. એટલે તેમાં વહ્નિધૂમોભયપ્રતિયોગીકસંબંધત્વ પ્રસિદ્ધ જ ન હોવાથી સંયોગસામાન્યમાં તેનો અભાવ ન લઈ શકાતા અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी - न चैवमपि 'घटवान्नित्यज्ञानत्वा' दित्यत्राऽव्याप्तिः, विषयितासम्बन्धे गगनीयत्व, -नित्यज्ञानानुयोगिकत्वोभयसत्त्वेन (गगनत्वेन) गगनाभावमादायापि प्रसिद्ध्यसम्भवादिति वाच्यम्,**

**चन्द्रशेखरीया :** ननु तथापि **'घटवान् नित्यज्ञानत्वात्'** इत्यत्राव्याप्तिः । अत्र घटः विषयितासम्बन्धेन साध्यः, यत्र नित्यज्ञाने नित्यज्ञानत्वहेतुः तत्र विषयितासम्बन्धेन घटो वर्तत एव, अतः अयं सद्धेतुरस्ति । किन्तु साध्यतावच्छेदकविषयितासम्बन्धेन सर्वेषामपि पदार्थानां नित्यज्ञाने वर्तमानत्वात् आस्तां तावत् अन्योऽभावः, गगनाभावोऽपि न लक्षणघटकः, तर्हि अन्येषामभावानां तु का वार्ता । तथा चाभावमात्रस्यैव लक्षणाघटकत्वात् लक्षणसमन्वयो न भवतीति अव्याप्तिः भवति इति **चेत्**

**चन्द्रशेખરીયા : પ્રશ્ન :** તો પણ **ઘટવાન્ નિત્યજ્ઞાનત્વાત્** આમ જ્યાં વિષયિતાસંબંધથી ઘટ એ સાધ્ય છે, ત્યાં અવ્યાપ્તિ આવશે. કેમકે નિત્યજ્ઞાનમાં તો તમામ પદાર્થો વિષયિતાસં.થી રહે છે. એટલે વિષયિતાસંબંધમાં ગગનપ્રતિયોગીકત્વ + નિત્યજ્ઞાનાનુયોગિકત્વ બે ય હોવાથી ગગનાભાવ લઈને પણ લક્ષણસમન્વય થઈ શકતો નથી.

---

**जागदीशी-** तादृशसम्बन्धेन घटादेर्व्याप्यवृत्तितया तत्साध्यके प्रतियोगिवैयधिकरण्यस्याप्रवेशादिति ध्येयम् ।

---

**चन्द्रशेखरीया :** न, व्याप्यवृत्तिपदस्य प्रथमविवक्षानुसारेण विषयितासम्बन्धेन घटस्य व्याप्यवृत्तिसाध्यत्वात् तत्र प्रतियोगि-व्यधिकरणपदाघटितमेव लक्षणं वाच्यम् । तथा च हेत्वधिकरणवृत्त्यभावस्य साध्यतावच्छेदकसम्बन्धभिन्नसम्बन्धावच्छिन्नत्व-साध्यतावच्छेदकव्यापकतो-भयाभाववती या प्रतियोगिता, तदनवच्छेदकं साध्यतावच्छेदकमित्येव लक्षणमत्र स्थले वक्तव्यम् । एवञ्च नित्यज्ञानत्वाधिकरणे नित्यज्ञाने समवायेन घटाभावो वर्तते, किन्तु तस्य घटनिष्ठप्रतियोगिता विषयिताभिन्नसम-वायावच्छिन्नत्व-घटत्वव्यापकता-उभयवती अस्ति, यत्र घटत्वं तत्र सर्वत्र घटाभावप्रतियोगिता इति कृत्वा । अतो न सा प्रतियोगिता गृह्यते, किन्तु नित्यज्ञाने समवायेन पटाभावो वर्तते । तस्य प्रतियोगिता नु पटमात्रनिष्ठा यद्यपि विषयिताभिन्नसमवायावच्छिन्नत्ववती अस्ति, तथापि साध्यतावच्छेदकघटत्वव्यापकतावती नास्ति, यत्र घटे घटत्वं तत्र पटाभावप्रतियोगितायाः अभावः इति कृत्वा । तथा च सा प्रतियोगिता तादृशोभयाभाववती भवति । अतः सा लक्षणघटकत्वेन गृह्यते, तदनवच्छेदकञ्च घटत्वमिति लक्षणघटनात् नाव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા : ઉત્તર :** વિષયિતાસંબંધથી તો ઘટ એ વ્યાપ્યવૃત્તિ સાધ્ય જ છે. (પહેલી વિવક્ષા પ્રમાણે) એટલે ત્યાં તો પ્રતિયોગીવ્યધિકરણપદ વિનાનું જ લક્ષણ લેવાનું છે. અને એ તો ત્યાં ઘટી જ જાય છે. ત્યાં હેત્વધિકરણવૃત્તિ-અભાવની સાધ્યતાવચ્છેદકસંબંધભિન્નસંબંધત્વ+સાધ્યતાવચ્છેદકવ્યાપકતોભયાભાવવાળી પ્રતિયોગિતા જ લેવાની છે. અને તેનો અનવચ્છેદક સાધ્યતા-અવચ્છેદક કહેવાનો છે. જ્ઞાનમાં સમવાયથી પટાભાવ છે. અને તેની પ્રતિયોગિતા એ વિષયિતાભિન્નસમવાયાવચ્છિન્નત્વવાળી છે. પરંતુ એ સાધ્યતાવચ્છેદક ઘટત્વને વ્યાપક નથી. કેમકે આ પ્રતિયોગિતા તો પટમાં છે, ઘટમાં નથી. એટલે આ પ્રતિયોગિતામાં ઘટત્વવ્યાપકતાનો અભાવ હોવાથી ઉભયાભાવવાળી આ પ્રતિયોગિતા બને. એટલે તે લેવાય. તેનો અનવચ્છેદક

ઘટત્વ છે. આમ લક્ષણ ઘટી જાય. જ્ઞાનમાં જો કે સમવાયથી ઘટાભાવ છે. પરંતુ તેની પ્રતિયોગિતા એ વિષયિતાભિન્નસમવાયાવચ્છિન્નત્વ +ઘટત્વવ્યાપકતાઉભયવાળી છે માટે એ લઈ શકાતી નથી.

અહીં વ્યાપ્યવૃત્તિની બીજી વ્યાખ્યા વિચારીએ તો વિષયિતા સંબંધથી ઘટનું અધિકરણ જન્ય એવું ઘટજ્ઞાન પણ મળે. તેમાં પટમાં રહેલો વિષયિતાવચ્છિન્નપ્રતિયોગિક-ઘટાભાવ એ કાલિકથી રહે જ છે. તેની પ્રતિયોગિતા એ વિષયિતાવચ્છિન્ન પણ છે. અને તે ઘટમાં રહેલી છે. આમ હોવાથી બીજી વ્યાખ્યા પ્રમાણે તો તે ઘટ વ્યાપ્યવૃત્તિસાધ્ય નથી બનતો. માટે પહેલી વ્યાખ્યા પ્રમાણે જ વ્યાપ્યવૃત્તિ ગણવાનો અને તેમાં ઉપર મુજબ લક્ષણ સમન્વય કરવો.

---

**जागदीशी** -( **केचित्तु–"घटनिरूपितविषयितात्वेन घटस्य सम्बन्धत्वं स्वीक्रियते, न तु विषयितात्वेनेति पटनिष्ठतादृशप्रतियोगिताकत्वमादायैव नाव्याप्तिः ।**

---

**चन्द्रशेखरीया :** अत्र केचित् इत्थं व्याचक्षते – व्याप्यवृत्तिपदस्य द्वितीयविवक्षानुसारेण तु विषयितासम्बन्धेन घटात्मकं साध्यमपि अव्याप्यवृत्ति एव । तथाहि विषयितासम्बन्धेन घटाधिकरणं जन्यं घटज्ञानमपि भवति । इत्थञ्च पटे विषयितासम्बन्धेन घटाभावः स्वरूपेण वर्तते । स एव विषयितावच्छिन्नप्रतियोगिताकः पटनिष्ठो घटाभावो कालिकेन जन्ये घटज्ञाने वर्तते । तस्य च विषयितावच्छिन्नैव प्रतियोगिता, सा च घटे वर्तते, अतो घटोऽप्यव्याप्यवृत्तिरेव । तथा च तत्र प्रतियोगिव्यधिकरणपदघटितमेवानन्तरोक्तं लक्षणं वाच्यम् । 'तच्चाव्याप्तं भवति' इति पूर्वपक्षेणोक्तमेव । तद्वारणायात्र साध्यतावच्छेदकसम्बन्धो न विषयितात्वावच्छिन्नविषयितारूपो ग्राह्यः किन्तु घटनिरूपितविषयितासम्बन्ध एव ग्राह्यः । तत्र च घटनिरूपित-विषयितासम्बन्धसामान्ये पटाभावप्रतियोगिपटप्रतियोगिकत्वाभावस्य सत्वात् तादृशसम्बन्धसामान्ये निरुक्तोभयाभावो वर्तते । घटनिरूपित-विषयितासम्बन्धेन तु घट एव नित्यज्ञाने वर्तते, न तु पटः । अतो घटनिरूपितविषयितासम्बन्धेन पटप्रतियोगिकत्वाभावः सुलभ एव । तथा च निरुक्तरीत्या पटाभावस्यैव लक्षणघटकत्वात् नाव्याप्तिः ।

**चन्द्रशेखरीया :** અહીં કેટલાકો એમ કહે છે કે બીજી વ્યાખ્યા પ્રમાણે તો આ વિષયિતાસંબંધથી ઘટ સાધ્ય એ અવ્યાપ્યવૃત્તિ હોવાથી ત્યાં પ્રતિયોગીવ્યધિકરણઘટિત પ્રસ્તુત લક્ષણ જ લેવું પડે. અને તે અહીં અવ્યાપ્ત ન બને. તે માટે અહીં સાધ્યતાવચ્છેદક તરીકે માત્ર વિષયિતાસંબંધ ન માનતા ઘટનિરૂપિતવિષયિતા જ માનવો. અને ઘટનિરૂપિતવિષયિતાસંબંધમાં તો પટાભાવપ્રતિયોગીપટપ્રતિયોગીકત્વનો અભાવ જ મળે છે. એટલે પટાભાવને લઈને ઉભયાભાવ મળી જાય છે. આમ પટાભાવ જ લક્ષણઘટક બની જતા અવ્યાપ્તિ આવવાની જ નથી. ઘટનિરૂપિતવિષયિતાસંબંધથી માત્ર ઘટ જ રહે, પટાદિ ન રહે એ ખ્યાલ રાખવો.

---

**जागदीशी- नवीनास्तु – "विषयितात्वेनैव सम्बन्धता, किन्तु निरुक्त-**

**प्रतियोगिकत्वहेत्वधिकरणीभूतयत्किञ्चिद्व्यक्त्यनुयोगिकत्व-साध्यनिरूपितत्वैतत्त्रितयाऽभावघटितत्वेन न कोऽपि दोषः सम्भवतीति–" वदन्ति )**

---

**चन्द्रशेखरीया :** अत्र नव्यास्तु इत्थं अव्याप्तिं निवारयन्ति – केषाञ्चित् मतेनापि यद्यपि अव्याप्तिवारणं भवति । किन्तु साध्यतावच्छेदकसम्बन्धः को ग्राह्यः ? इति तु अनुमातुरेवाधीनम् न तु अस्माकम् । तथा च योऽनुमाता यत्र विषयितात्वावच्छिन्नविषयितासम्बन्धमेव साध्यतावच्छेदकसम्बन्धत्वेन कल्पयित्वा घटसाध्यकानुमानं करोति । तत्र तदनुमानेऽस्य लक्षणस्याव्याप्तिवारणं कथं भवेत् इति चिन्तनीयम् भवति । अतः तादृशानुमाने लक्षणस्य विषयितासम्बन्धसामान्ये यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिकत्वहेत्वधिकरणीभूतयत्किंचिद्व्यक्त्यनु-योगिकत्व-साध्यनिरूपितत्वैतत्त्रितयाभावो वर्तते, तादृशप्रतियोगितानवच्छेदकं साध्यतावच्छेदकमिति लक्षणं वक्तव्यम् । तथा च यदि घटाभावो गृह्येत, तदा तु विषयितासम्बन्धे घटप्रतियोगिकत्वनित्यज्ञानानुयोगिकत्वघट-निरूपितत्वैतत्त्रितयसत्वात् न घटाभावो ग्रहीतुं शक्यः । यदि पटाभावो गृह्येत, तदा विषयितासम्बन्धे पटप्रतियोगिकत्व-नित्यज्ञानानुयोगिकत्वद्वयसत्त्वेऽपि घटनिरूपितत्वाभावात् एतत्त्रितयाभावो वर्तते । तथा च पटनिष्ठप्रतियोगिता लक्षणघटकत्वेन ग्रहीतुं शक्या । तदनवच्छेदकमेव साध्यतावच्छेदकमिति न तत्राव्याप्तिर्भवति इति ।

**ચન્દ્રશેખરીયા : નવીનો :** ભલે, જ્યાં ઘટનિરૂપિતવિષયિતાને સાધ્યતાવચ્છેદક માનશો, ત્યાં તો વાંધો ન આવે. પણ જે અનુમાનકાર વિષયિતાત્વાવચ્છિન્ન વિષયિતાને જ સાધ્યતાવચ્છેદક તરીકે માનશે તેના મતે તો વાંધો ઉભો જ રહે છે. એટલે તે સ્થલે અવ્યાપ્તિ દૂર કરવા માટે એમ કહેવું કે, સાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યમાં (૧) નિરુક્તપ્રતિયોગીકત્વ (૨) હેત્વધિકરણીભૂતયત્કિંચિત્વ્યક્તિ-અનુયોગિકત્વ (૩) સાધ્યનિરૂપિતત્વ આ ત્રણેયનો અભાવ લેવાનો. વિષયિતા સંબંધમાં (૧) ઘટપ્રતિયોગીકત્વ (૨) નિત્યજ્ઞાનત્વાધિકરણ-નિત્યજ્ઞાનાનુયોગિકત્વ (૩) ઘટનિરૂપિતત્વ એ ત્રણેય છે. એટલે ઘટાભાવ ન લેવાય. પણ પટાભાવ લઈએ તો વિષયિતામાં (૧) પટાભાવપ્રતિયોગી-પટપ્રતિયોગીકત્વ (૨) નિત્યજ્ઞાનાનુયોગિકત્વ છે. પરંતુ ઘટનિરૂપિતત્વ તો નથી જ. એટલે ત્રિતયાભાવ મળી જાય. આમ પટાભાવની પ્રતિયોગિતા યાદશપ્રતિયોગિતા પદથી લઈ શકાશે. તેનો અનવચ્છેદક ઘટત્વ બની જતા અવ્યાપ્તિ આવતી નથી.

હવે જગદીશજી દીધિતિકારે કરેલા નિરૂપણમાં કેટલાંક દોષો બતાવવા માટે નિરૂપણ કરે છે.

---

**जागदीशी** - **अत्र ब्रूमः,–साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रकृतसाध्याधिकरणता-निरूपितस्व-रूपसम्बन्धेन,–यदभावप्रतियोगितावच्छेदकावच्छिन्नाधिकरणता-सामान्याभाववत्त्वं हेतुमतस्तदभावप्रतियोगितानवच्छेदकत्वस्य साध्यतावच्छेदके विवक्षणेनैव सामञ्जस्ये, –निरुक्त 'प्रतियोगिकत्वे' त्यादिखण्डशः प्रसिद्धिर्विफला,**

---

**चन्द्रशेखरीया :** अत्रान्तरे जगदीशः स्वयं प्रकारान्तरेण लघुभूतं व्याप्तिलक्षणं प्रदर्श्य दीधितिलक्षणे गौरवदोषं दर्शयति **अत्र ब्रूमः** इत्यादिना । जगदीशस्यायमशयः– साध्यतावच्छेदकसम्बान्धावच्छिन्नप्रकृतसाध्याधिकरणता-निरूपितस्वरूपसम्बान्धेन यदभावप्रतियोगितावच्छेदकावच्छिन्नाधिकरणतासामान्य-अभाववान् हेतुमान्, तदभाव-प्रतियोगितानवच्छेदकं साध्यतावच्छेदकं इत्येव लक्षणं वक्तुं युक्तं । **वह्निमान् धूमादित्यत्र** साध्यतावच्छेदकसम्बन्धः संयोगः, तदवच्छिन्नः प्रकृतसाध्यः वह्निः । तस्याधिकरणता महानसे पर्वते चत्वरादौ च स्वरूपसम्बन्धेन वर्तते । अतः स स्वरूपसम्बन्धः तादृशाधिकरणतानिरूपितो भवति । इतश्च यदि वह्न्यभावो गृह्येत, तदा तत्प्रतियोगितावच्छेदकवह्नित्वावच्छिन्नस्य पर्वतीयवह्नेः निरूक्तस्वरूपसम्बन्धेनाधिकरणतावान् एव हेतुमान् पर्वतः, न तु तादृशाधिकरणतासामान्याभाववान् । अतो वह्न्यभावो न लक्षणघटकः, किन्तु घटाभावः, तत्प्रति योगितावच्छेदकघटत्वावच्छिन्नघटाधिकरणता निरुक्तस्वरूपसम्बन्धेन पर्वते नास्ति । अतः पर्वतः तादृशसम्बन्धेन तादृशाधिकरणतासामान्याभाववान् भवतीति घटाभावप्रतियोगितामादाय लक्षणसमन्वयः ।

**ચન્દ્રશેખરીયા :** अत्र ब्रूमः । સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નપ્રકૃતસાધ્યાધિકરણતાનિરૂપિતસ્વરૂપસંબંધથી યદભાવપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નાધિકરણતાસામાન્યાભાવવાન્ હેતુમાન્ બને. તદભાવપ્રતિયોગિતાનવચ્છેદક સાધ્યતાવચ્છેદક હોવો જોઈએ. આવું લક્ષણ બનાવવાથી જ બધું ઘટી જાય છે. અને તેથી સા.અવ. સંબંધોમાં અમુકમાં તાદશપ્રતિયોગીકત્વના અભાવ દ્વારા, અમુકમાં તાદશાનુયોગિકત્વના અભાવ દ્વારા ઉભયાભાવ મેળવવા વગેરે રૂપ નિરૂપણ (ખંડશઃ પ્રસિદ્ધિ) નિરર્થક જ બની જાય છે.' આ લક્ષણ કેવી રીતે ઘટે છે ?' તે જોઈએ.

---

**जागदीशी** -'कालो घटवान् महाकालत्वा' दित्यादौ, –कालिकसम्बन्धावच्छिन्नघटा-धिकरणतानिरूपितस्वरूपसम्बन्धेन-पटत्वावच्छिन्नाधिकरणत्वसामान्याभावस्यैव हेतुमति सत्त्वेन-पटत्वावच्छिन्नाभावस्यैव निरुक्तप्रतियोगिव्यधिकरणस्य सुलभत्वादिति ध्येयम्

---

**चन्दशेखरीया : कालिकेन घटवान् महाकालत्वादित्यत्र** तु साध्यतावच्छेदककालिकसम्बन्धावच्छिन्नस्य प्रकृतिसाध्यस्य घटस्याधिकरणता महाकाले पर्वते पटादौ च वर्तते, सर्वत्र कालिकेन घटस्य वर्तमानत्वात् । तत्र यदि घटाभावो गृह्येत, तदा तत्प्रतियोगितावच्छेदकघटत्वावच्छिन्नघटाधिकरणता तु निरुक्तस्वरूपसम्बन्धेन महाकाले वर्तते । अतः तादृशसम्बन्धेन तादृशाधिकरणतासामान्याभाववान् महाकालो न भवति । तथा च न घटाभावो ग्रहीतुं शक्यते, किन्तु पटाभावः। तत्प्रतियोगितावच्छेदकपटत्वावच्छिन्नपटाधिकरणता महाकाले कालिकावच्छिन्नपटा-धिकरणतानिरूपितस्वरूपसम्बन्धेनैव वर्तते । कालिकावच्छिन्नघटाधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेन तु पटाधिकरणतायाः अभाव एव महाकाले वर्तते । तथा च तादृशसम्बन्धेन तादृशाधिकरणतासामान्याभाववान् महाकालो भवतीति पटाभावप्रतियोगितामादाय लक्षणसमन्वयः । एवं **विषयितासम्बन्धेन घटवान्**

**नित्यज्ञानत्वादि**त्यत्रापि विषयितावच्छिन्न-घटाधिकरणतानिरूपितस्वरूपसम्बन्धेन पटाभावप्रतियोगिता-वच्छेदक-पटत्वावच्छिन्न-पटाधिकरणतासामान्यस्य अभाव एव नित्यज्ञाने वर्तते । विषयितावच्छिन्नपटाधिकरणतानिरूपित-स्वरूपसम्बन्धेनैव पटाधिकरणताया: नित्यज्ञाने वर्तमानत्वात् । अत: तत्रापि पटाभावप्रतियोगितामादाय लक्षणसमन्वय: । एवमन्यत्रापि यथायोगमव्याप्ति-अतिव्याप्तिनिवारणं सङ्गमनीयम् ।

**चन्द्रशेखरीया : ક્ષ કાલિકેન ઘટવાન્ મહાકાલત્વાત્** અહીં સાધ્યતાવચ્છેદક કાલિકસંબંધ છે અને તે કાલિકાવચ્છિન્ન પ્રકૃતસાધ્ય ઘટ છે. તે ઘટની અધિકરણતા મહાકાલાદિમાં સ્વરૂપસંબંધથી રહે છે. હવે ગગનાભાવપ્રતિયોગતાવચ્છેદકગગન ત્વાવચ્છિન્નગગનની અધિકરણતાસામાન્યનો કાલિકાવચ્છિન્નઘટાધિકરણતાનિરૂપિતસ્વરૂપસંબંધથી મહાકાલમાં=હેતુમાન્‌માં અભાવ જ છે. કેમકે મહાકાલમાં જો ગગન કાલિકથી રહેતું હોત, તો મહાકાલમાં ગગનાધિકરણતા એ સ્વરૂપસંબંધથી રહેત. પણ તે રહેતું ન હોવાથી તાદૃશાધિકરણતાસામાન્યનો અભાવ મળી જાય છે. અને તેથી ગગનાભાવ લેવાય તેની પ્રતિયોગિતાનો અનવચ્છેદક ઘટત્વ છે જ. એટલે અવ્યાપ્તિ નથી આવતી.

આ લક્ષણમાં કેટલાક પદોનું પ્રયોજન જોઈએ. અહીં જો અધિકરણતાસામાન્યાભાવમાં **સામાન્યપદ** ન મૂકો તો **વહ્નિમાન્ ધૂમાત્** સ્થલે વહ્ન્યભાવપ્રતિયોગિતાનો અવચ્છેદક વહ્નિત્વ છે અને તદવચ્છિન્ન એવા વહ્નિઓ છે. તેમાં મહાનસીયવહ્નિની અધિકરણતા મહાનસમાં છે અને એ નિરુક્તસ્વરૂપસંબંધથી હેતુમાન્‌માં=પર્વતમાં તો રહેતી જ નથી. એટલે વહ્ન્યભાવપ્રતિયોગિતા જ લક્ષણઘટક બનતા અવ્યાપ્તિ આવે. સામાન્યપદથી આ આપત્તિ નીકળી જાય. કેમકે વહ્નિત્વાવચ્છિન્ન એવા પર્વતીયવહ્નિની અધિકરણતા એ તો નિરુક્તસ્વરૂપ-સંબંધથી=સાધ્યતાવચ્છેદકસંયોગાવચ્છિન્ન-અધિકરણતા-નિરૂપિતસ્વરૂપસંબંધથી હેતુમાન્=પર્વતમાં છે જ એટલે પર્વતમાં સ્વરૂપથી તાદૃશાધિકરણતાસામાન્યનો અભાવ મળતો નથી. અમુકનો જ અભાવ મળે છે એટલે વહ્ન્યભાવ ન લેવાય. પણ ઘટાભાવાદિ લેવાય. જ્યાં વિષયિતાસંબંધથી ઘટ સાધ્ય છે. ત્યાં નિત્યજ્ઞાનત્વહેતુમાં પણ અવ્યાપ્તિ ન આવે. વિષયિતાસંબંધાવચ્છિન્નઘટાધિકરણતાનિરૂપિતસ્વરૂપસંબંધથી પટાભાવપ્રતિયોગિતાવચ્છેદક-પટત્વાવચ્છિન્ન-પટાધિકરણતા-સામાન્યનો અભાવ નિત્યજ્ઞાનમાં છે જ. નિત્યજ્ઞાનમાં પટાધિકરણતા એ વિષયિતાવચ્છિન્નપટાધિકરણતાનિરૂપિતસ્વરૂપથી તો ન જ રહે. વિષયિતાવચ્છિન્ન બની જતા અવ્યાપ્તિ ન આવે. એ રીતે બીજા સ્થાનોમાં પણ વિચારી લેવું.

---

**जागदीशी - एवं-यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिकसम्बन्धसामान्ये,-साध्यतावच्छेदकसम्बन्धत्वहेत्वधिकरणीभूतयत्किञ्चिद्व्यक्त्यनुयोगिकसम्बन्धत्वोभयाभाव:, -तादृशप्रतियोगिता कथं नोक्तेति चिन्तनीयम् ॥२०॥**

---

**चन्द्रशेखरीया** : अथवाऽस्मादनन्तरोक्तादपि लक्षणाद् लघुतरं लक्षणं संभवति । तथाहि यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिकसम्बन्धसामान्ये साध्यतावच्छेदकसम्बन्धत्व-हेत्वधिकरणीभूत

यत्किंचित्व्यक्त्यनुयोगिकसम्बन्धत्वोभयाभावः तादृशप्रतियोगितानवच्छेदकं साध्यतावच्छेदकमिति हि लक्षणम्। **घटवान् महाकालत्वादि**त्यत्र गगनाभावप्रतियोगितावच्छेदकं गगनत्वं, तदवच्छिन्नं गगनं, तत्प्रतियोगिकः सम्बन्धः तादात्म्यादिः, न तु कालिकः, कालिकेन गगनस्य कुत्रापि वृत्तित्वाभावात्। तादात्म्यसंयोगादिषु तु साध्यतावच्छेदककालिकसम्बन्धत्वाभावः स्फुट एव। अतः तादृशसम्बन्धसामान्ये तादृशोभयाभावो विद्यते। तथा च यादृशप्रतियोगितापदेन गगननिष्ठा प्रतियोगिता गृह्यते। तदनवच्छेदकं घटत्वमिति लक्षणसमन्वयः। **वह्निमान् धूमादि**त्यत्रापि यादृशप्रतियोगितापदेन यदि वह्निनिष्ठा प्रतियोगिता गृह्येत, तदा तु तदवच्छेदकं वह्नित्वं, तदवच्छिन्नः वह्निः, तत्प्रतियोगिकाः सम्बन्धाः संयोग-समवाय-तादात्म्यकालिकादयः। तत्र संयोगसम्बन्धे साध्यतावच्छेदकसम्बन्धत्व-हेत्वधिकरणीभूतपर्वतानुयोगिकत्वोभयसत्वात् तादृशसम्बन्धसामान्ये तादृशोभयाभावो न विद्यते। तथा च न वह्निनिष्ठा प्रतियोगिता ग्रहीतुं शक्या। किन्तु घटनिष्ठा प्रतियोगिता एव, तदवच्छेदकं घटत्वं, तदवच्छिन्नः घटः, तत्प्रतियोगिकाः संयोग-समवाय-तादात्म्यकालिकादयः, तत्र समवायादिषु तु साध्यतावच्छेदकसंयोगत्वाभावमादायैवोभयाभावः, संयोगे तु हेत्वधिकरणीभूतपर्वताद्यनुयोगिकत्वाभावमादायो भयाभावः, घटप्रतियोगिकसंयोगस्य पर्वतादौ वर्तमानत्वाभावात्। तथा च सम्बन्धसामान्ये तादृशोभयाभावसत्वात् घटीयप्रतियोगिता एव लक्षणघटकत्वेन ग्रहीतुं शक्या। तदनवच्छेदकं च वह्नित्वमिति भवति लक्षणसमन्वयः। अनयैव रीत्याऽन्यत्रापि यथायोगं भावनीयम्। इत्थंञ्च निरुक्तरीत्याऽपि लक्षणस्य संभवात् साध्यतावच्छेदकसम्बन्धसामान्ये यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिकत्वसामान्य-हेत्वधिकरणीभूत यत्किंचिद्व्यक्त्यनुयोगिकत्वसामान्योभयाभावघटितं लक्षणं गुरुभूतं कथं दीधितिकृताऽङ्गीकृतमिति सम्यग् नावबुध्यामः। अत्र बहु वक्तव्यम् तत्तु नोच्यते। विस्तरभयात्, अनुपयोगित्वाच्च।

**ચન્દ્રશેખરીયા :** આના કરતા પણ લાઘવ કરવું હોય તો એમ પણ કહી શકાય કે યાદશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્ન-પ્રતિયોગિકસંબંધસામાન્યમાં સાધ્યતાવચ્છેદકસંબંધત્વ-હેત્વધિકરણીભૂત-યત્કિંચિત્વ્યક્તિ-અનુયોગિક-સંબંધત્વોભયાભાવ મળે. તાદશપ્રતિયોગિતા લક્ષણઘટક બને.

**'વહ્નિમાન્ ધૂમાત્'**માં વહ્નિનિષ્ઠપ્રતિયોગિતાવચ્છેદકવહ્નિત્વાવચ્છિન્નવહ્નિ-પ્રતિયોગીક એવા સંબંધો તો વહ્નિસંયોગ, વહ્નિસમવાય, વહ્નિતાદાત્મ્યાદિ બને. એમાં વહ્નિસંયોગમાં સાધ્યતાવચ્છેદકસંબંધત્વ + ધૂમાધિકરણપર્વતાનુયોગિકસંબંધત્વ બે ય છે. એટલે સંબંધસામાન્યમાં ઉભયાભાવ ન મળતા યાદશપ્રતિયોગિતા તરીકે વહ્નિનિષ્ઠપ્રતિયોગિતા ન લેવાય. ઘટાભાવીયપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વાવચ્છિન્ન ઘટપ્રતિયોગિક એવા ઘટસંયોગ, ઘટસમવાયાદિ છે. તેમાં ઘટસંયોગમાં સાધ્યતાવચ્છેદકસંબંધત્વ છે. પણ પર્વતાનુયોગિકત્વ ન હોવાથી ઉભયાભાવ મળી જાય. કાલિકાદિ તમામ ઘટપ્રતિયોગિકસંબંધોમાં તો સા.અ.સંબંધત્વ જ ન હોવાથી તેમાં પણ ઉભયાભાવ મળે. આમ ઘટાભાવીયપ્રતિયોગિતા જ લક્ષણઘટક બની જતા અવ્યાપ્તિ ન આવે.

**કાલિકેન ઘટવાન્ મહાકાલત્વાત્**માં ઘટપ્રતિયોગીક એવા કાલિકમાં જ સા.અવ. સંબંધત્વ + મહાકાલાનુયોગિકત્વ બે ય છે. એટલે સંબંધસામાન્યમાં ઘટાભાવને લઈને ઉભયાભાવ ન મળે. પણ ગગનાભાવપ્રતિયોગિતાવચ્છેદકગગનત્વાવચ્છિન્ન ગગનપ્રતિયોગીક તરીકે તો તાદાત્મ્ય-સંયોગાદિ લેવાય. એ

બધામાં સા.અવ.કાલિકસંબંધત્વનો જ અભાવ હોવાથી ઉભયાભાવ મળી જાય. આમ ગગનપ્રતિયોગીકસંબંધ-સામાન્યમાં તાદૃશોભયાભાવ મળી જવાથી ગગનાભાવ જ લક્ષણઘટક બની જતા અવ્યાપ્તિ ન આવે. એમ બીજા પણ સ્થાનોમાં યથાયોગ્ય રીતે સમજી લેવું.

આ રીતે વિવક્ષા કરવી શકય હોવા છતાં દીધિતિકારે જે સાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યમાં યાદૃશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગિકત્વસામાન્ય + હેત્વધિકરણીભૂતયત્કિંચિત્વ્યક્ત્યનુયોગિકત્વ-સામાન્યોભયાભાવની વિવક્ષા કરી છે. તે ગુરુભૂત છે. માટે એ એમનો દોષ માનવો. અહીં ઘણી લાંબી ચર્ચા થઈ શકે છે. પણ એ અમે વિસ્તારના ભયથી કરતા નથી.

## दीधितिः

**"स्वरूपसम्बन्धेन गगनादेर्वृत्तिमत्वे तु, –निरुक्तप्रतियोग्यनधिकरणहेतुमन्निष्ठाभाव-प्रतियोगितासामान्ये,–**

**यत्सम्बन्धावच्छिन्नत्व,–यद्धर्मावच्छिन्नत्वोभयाभावः,–**

**–तेन सम्बन्धेन तद्धर्मावच्छिन्नस्य व्यापकत्वं बोध्यम् ।**

**जागदीशी - कालस्य जगदाधारत्वप्रवादमनुसृत्याह, –स्वरूपसम्बन्धेनेति । कालिकविशेषण-तयेत्यर्थः । गगनादेरवृत्तित्वप्रवादस्तु संयोग-समवायपरः,**

**तथा चोक्तप्रणाल्याऽपि गगनाभावो न प्रतियोगिव्यधिकरण इति,– 'घटवान् महाकालत्वा'दित्यादावव्याप्तिस्तदवस्थैवेति भावः ।**

**चन्द्रशेखरीया :** ननु 'महाकालो जगतामाधारः' इति प्रवादानुसारेण तु गगनमपि कालिकेन महाकाले वर्तत एव । तथा च साध्यतावच्छेदककालिकसम्बन्धे गगनप्रतियोगिकत्व-महाकालानुयोगिकत्व-उभयसत्वात् न गगनाभावोऽपि लक्षणघटको भवतीति अव्याप्तिस्तदवस्थैव इति चेत् न एवं सति विभुपदार्थाः न कुत्रापि वर्तन्ते इति प्रवादो व्याहन्येत । आकाशस्य विभुद्रव्यस्य कालिकेन महाकालवृत्तित्वाभ्युपगमात् । ननु विभुपदार्थानां कुत्रापि वृत्तिताऽभावप्रवादस्तु समवाय-संयोगादिना एव उपपद्यते । अर्थात् विभुपदार्थाः समवायसंयोगादिना न कुत्रापि वर्तन्ते इति पदार्थमाश्रित्यैव स प्रवादः प्रवृत्तः । तथा च विभुपदार्थानां कालिकेन वृत्तित्वाभ्युपगमेऽपि तेषां समवायादिनाऽवृत्तित्वप्रवादस्य न काऽपि क्षतिः संभवति । तथा च गगनस्य कालिकेन महाकाले वृत्तित्वात् भवत्येव अव्याप्तिः इति चेत् अत्रोच्यते । एवं यदि गगनं कालिकेन महाकालवृत्ति भवेत् तदा तु न निरुक्तरीत्याऽपि गगनाभावमादाय लक्षणसमन्वयो भवति । अतोऽव्याप्तिस्तदवस्थैव भवति । तद्वारणाय वयं परिष्कारं कुर्मः

**चन्द्रशेखरीया : પ્રશ્ન :** પણ મહાકાલ એ આખાય જગતનો આધાર છે. એ મતે તો ગગન પણ કાલિકથી મહાકાલમાં રહે જ છે. અને તેથી કાલિકમાં ગગનપ્રતિયોગીકત્વ +મહાકાલાનુયોગિકત્વ બે ય હોવાથી ઉભયાભાવ નથી. આમ ગગનાભાવ દ્વારા પણ લક્ષણ સમન્વય ન થાય.

**ઉત્તરપક્ષ :** દીધિતિમાં આથી જ કહે છે કે, જો ગગન એ સ્વરૂપસંબંધથી=કાલિક સંબંધથી મહાકાલમાં રહે છે એવું માનીએ તો પછી આ લક્ષણ ન ચાલે અને તેથી નવું લક્ષણ બનાવશું. જો કે આમ તો 'વિભુપદાર્થો ક્યાંય રહેતા નથી' એ પ્રવાદને અનુસારે તો આકાશ એ મહાકાલમાં કાલિકથી રહેનારો ન માની શકાય. પણ એ પ્રવાદ તો 'વિભુપદાર્થો સમવાય-સંયોગાદિસંબંધથી ક્યાંય રહેતા નથી.' એમ જ સુચવનાર છે. કાલિકથી તો ગગનને રાખવામાં કોઈ વાંધો નથી.

---

**जागदीशी-** निरुक्तेति । **प्रतियोगितावच्छेदक-सम्बन्धेन यादृश-प्रतियोगितावच्छेदकावच्छिन्नासम्बन्धित्वं हेतुमतस्तादृशप्रतियोगितासामान्य इत्यर्थः ।**

**तथा च संयोगादिना घटाद्यभावमादायैव 'घटवान् महाकालत्वा'दित्यत्र लक्षणसङ्गतिः ।**

---

**चन्द्रशेखरीया :** तथा हि प्रतियोगितावच्छेदकसम्बन्धेन यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नासम्बन्धी हेतुमान् भवति । तादृशप्रतियोगितासामान्ये यत्साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्व-यत्साध्यतावच्छेदकधर्मावच्छिन्नत्वोभयाभावः, तेन साध्यतावच्छेदकसम्बन्धेन, तेन च धर्मेण अवच्छिन्नं साध्यं व्यापकत्वेन गृह्यते । तादृशसाध्यसामानाधिकरण्यमेव हेतुनिष्ठा व्याप्तिरिति लक्षणम् । तथा च **घटवान् महाकालत्वादित्यत्र** संयोगेन घटाभावमादायैव लक्षणसमन्वयः । प्रतियोगितावच्छेदकसंयोगेन घटनिष्ठप्रतियोगितावच्छेदकघटत्वावच्छिन्नघटसंबंधि भूतलादि, तद्भिन्नः महाकालो भवति । तथा च घटीयप्रतियोगिता तादृशप्रतियोगितापदेन ग्रहीतुं शक्या । तस्यां घटत्वावच्छिन्नत्वसत्त्वेऽपि कालिकावच्छिन्नत्वाभावात् उभयाभावो वर्तते । अतः कालिकेन घटो महाकालत्वव्यापको भवति । अतो न अव्याप्तिः ।

**चन्द्रशेखरीया :** અને તેથી **'ઘટવાન્ મહાકાલત્વાત્'**માં પાછી અવ્યાપ્તિ ઊભી રહે. તે માટે નવું લક્ષણ આ પ્રમાણે **પ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી યાદૃશપ્રતિયોગિતાવચ્છેદકાવચ્છિન્નનો અસંબંધી એવો હેતુમાન્ હોય. તાદૃશપ્રતિયોગિતાસામાન્યમાં જો સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ + સાધ્યતાવચ્છેદક-ધર્માવચ્છિન્નત્વોભયનો અભાવ મળે. તો તે સંબંધથી તે સાધ્ય એ હેતુને વ્યાપક ગણાય અને તેવા સાધ્યનું સામાનાધિકરણ્ય એ હેતુમાં રહેલી વ્યાપ્તિ ગણાય.** હવે સંયોગથી જ ઘટાભાવ લઈએ તો પ્રતિયોગિતાવચ્છેદક સંયોગ સંબંધ બને, હવે સંયોગથી તો ઘટનિષ્ઠપ્રતિયોગિતાવચ્છેદકઘટત્વાવચ્છિન્નઘટ એ મહાકાલમાં નથી રહેતો, પણ ભૂતલાદિમાં રહે એટલે સંયોગથી ઘટનો સંબંધી ભૂતલાદિ અને તેનાથી ભિન્ન એવો મહાકાલ બને. અને તેમાં રહેલ આ સંયોગાવચ્છિન્નઘટાભાવની જે પ્રતિયોગિતા છે. એમાં સંયોગાવચ્છિન્નત્વ + ઘટત્વાવચ્છિન્નત્વ છે. પરંતુ કાલિકાવચ્છિન્નત્વ ન હોવાથી કાલિકાવચ્છિન્નત્વ+ ઘટત્વાવચ્છિન્નત્વોભયનો તો અભાવ જ છે. એટલે કાલિકથી ઘટ એ મહાકાલત્વને વ્યાપક બની જાય છે.

**जागदीशी** -घटाभावप्रतियोगितायां धूमत्वावच्छिन्नत्व-संयोगसम्बन्धावच्छिन्नत्वोभयाभावसत्त्वेन धूमादेः संयोगेन वह्न्यादिव्यापकत्वापत्तिवारणाय-

-सामान्येति । तथा च, -धूमनिष्ठतादृशप्रतियोगितायामेव तदुभयसत्त्वाददोषः ।

---

**चन्द्रशेखरीया :** अत्र लक्षणे यदि सामान्यपदं नोपादीयते । तदा धूमवान् वहनेरित्यत्र प्रतियोगितावच्छेदकसंयोगेन घटीयप्रतियोगितावच्छेदकावच्छिन्नघटसंबंधि भूतलादिभिन्नमेव अयोगोलकं भवति, अयोगोलके संयोगेन घटस्यासत्वात् । तथा च घटीयप्रतियोगिता गृह्यते । तस्याञ्च धूमत्वावच्छिन्नत्वाभावात् उभयाभावो वर्तते । अतो लक्षणघटनात् अतिव्याप्तिर्भवेत् । तद्वारणाय-सामान्यपदोपादानं कृतं । तथा च यथा घटीयप्रतियोगिता लक्षणघटका, तथैव प्रतियोगितावच्छेदकसंयोगेन धूमनिष्ठप्रतियोगितावच्छेदकधूमत्व-अवच्छिन्नधूमसंबंधि-पर्वतादिभिन्नमेवायोगोलकम् । अतो धूमीयप्रतियोगिताऽपि प्रतियोगितासामान्यान्तर्गता । तस्याञ्च धूमत्वावच्छिन्नत्वसंयोगावच्छिन्नत्वोभयसत्वात् न प्रतियोगितासामान्ये तादृशोभयाभावो वर्तते । तथा च नातिव्याप्तिः इति सार्थकं सामान्यपदम् ।

**ચન્દ્રશેખરીયા** :અહીં પ્રતિયોગિતાસામાન્યે... એમ સામાન્યપદ મુકેલ છે. એમાં અયોગોલકમાં રહેલ એ ઘટાભાવની પ્રતિયોગિતામાં ધૂમત્વાવચ્છિન્નત્વનો અભાવ હોવાથી સંયોગાવચ્છિન્નત્વ હોવા છતાં ઉભયાભાવ મળી જાય અને તેથી સંયોગથી ધૂમ એ વહ્નિવ્યાપક બનવાની આપત્તિ આવે. 'સામાન્યપદ' મુકવાથી આ આપત્તિ ન આવે, કેમકે સંયોગથી ધૂમાભાવ અયોગોલકમાં છે અને પ્રતિયોગિતાવચ્છેદક સંયોગથી ધૂમનો સંબંધી પર્વતાદિ બને. તદ્ભિન્ન તરીકે અયોગોલક બને. તેમાં આ ધૂમાભાવ છે. આમ આ ધૂમાભાવની પ્રતિયોગિતા પણ પ્રતિયોગિતાસામાન્યની અંદર આવી ગઈ અને તે પ્રતિયોગિતામાં તો ધૂમત્વાવચ્છિન્નત્વ+સંયોગાવચ્છિન્નત્વોભય હોવાથી પ્રતિયોગિતાસામાન્યમાં ઉભયાભાવ નથી મળતો. એટલે અતિવ્યાપ્તિ ન આવે.

**પ્રશ્ન :** સાધ્યતાવચ્છેદક તો ધર્મ અને સંબંધ બે ય બનવાના જ છે. તો પછી "સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ +સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વોભયાભાવ" એવું લખવાની શી જરૂર ? એમ જ કહો કે સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નત્વાભાવ મળવો જોઈએ. અહીં સાધ્યતાવચ્છેદકો જેટલા હોય, તદવચ્છિન્નત્વાભાવનો નિવેશ કરવાથી જ કોઈ વાંધો ન આવે. **'વહ્નિમાન્ ધૂમાત્'**માં સાધ્યતાવચ્છેદક વહ્નિત્વ + સંયોગ બે છે. અને લક્ષણઘટક તરીકે સમવાયથી વહ્ન્યભાવ મળે તો પણ તેની પ્રતિયોગિતામાં સંયોગાવચ્છિન્નત્વ ન હોવાથી યાવત્સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નત્વનો અભાવ મળી જ જાય. એટલે અવ્યાપ્તિ આવવાનો પ્રશ્ન જ નથી.

---

**જાગદીશી** -यत्सम्बन्धेति । -समवायिनः संयोगेन साध्यतायां घटत्वादिहेतावव्याप्तिः, साधनवन्निष्ठस्य समवायेन संयोगिसामान्याभावस्य प्रतियोगितायां-संयोग-समवायोभयावच्छेद्यतासत्त्वादतो 'धर्म्म-सम्बन्ध'-योरुपादानं,

**तथा च-तदभावप्रतियोगितायाः,-धर्म्मविधया समवायेन, सम्बन्धविधया संयोगेन चावच्छेद्यत्वाभावान्नाव्याप्तिरिति भावः ।**

**चन्द्रशेखरीया :** ननु साध्यतावच्छेदकौ धर्मसम्बन्धौ सर्वत्र भवत एव, अतः साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्व-साध्यतावच्छेदकधर्मावच्छिन्नत्वघटितलक्षणं परित्यज्य धर्मसम्बन्धपदाघटितमेव साध्यतावच्छेदकावच्छिन्नत्वा भावघटितम् लक्षणं वक्तव्यम् । **न च** तथा सति समवायेन वह्नित्वावच्छिन्नवह्निसंबंधिभिन्नः एव पर्वतः । अतः समवायेन वह्न्यभावप्रतियोगिताऽपि सामान्यान्तर्गता भवति । तस्याञ्च साध्यतावच्छेदकवह्नि-त्वावच्छिन्नत्वसत्वात् तदभावो न विद्यते । तथा चाव्याप्तिः भवति वह्निमान् धूमादित्यत्रानुमाने इति **वाच्यम्।** यावन्तः साध्यतावच्छेदकाः, तदवच्छिन्नत्वाभावस्य विवक्षितत्वात् । अत्र च संयोगसम्बन्धोऽपि साध्यतावच्छेदको अस्ति । समवायेन वह्न्यभावप्रतियोगितायां संयोगावच्छिन्नत्वासत्वात् यावत्साध्य-तावच्छेदकावच्छिन्नत्वस्याभावो वर्तत एव । तथा च प्रतियोगितासामान्ये यावत्साध्यतावच्छेदकावच्छिन्नत्व-अभावस्य सत्वात् लक्षणसमन्वयो भवत्येव । तत्कथं सम्बन्धधर्मोपादानं कृतमिति न सम्यग् जानीमहे इति चेत् अत्रोच्यते । एवं सति '**संयोगेन समवायिमान् घटत्वादि**'त्यत्र यत्र समवायेन घटत्वं तत्र सर्वत्र घटादौ संयोगेन पवनाद्यात्मकसमवायिनां सत्वात् अयं सध्धेतुः, किन्तु अत्राव्याप्तिर्भवेत् । तथाहि समवायेन संयोगिसामान्याभावो गृह्यते, तत्र प्रतियोगितावच्छेदकसमवायसम्बन्धेन संयोगिनिष्ठप्रतियोगितावच्छेदक-संयोगित्वावच्छिन्नसंयोगी कपालादौ वर्तते, न तु घटे । घटस्यान्त्यावयवित्वात् तस्मिन् किमपि संयोगिद्रव्यं न समवायेन वर्तते । किन्तु कपालादौ एव घटादिस्वरुपसंयोगिद्रव्यमेव समवायेन वर्तते । तथा च समवायेन संयोगिसंबंधि कपालादि, तद्भिन्नः घटः हेत्वधिकरणम्, तत्र च समवायेन संयोग्यभावो वर्तते । तत्प्रतियोगिता च समवायसम्बन्धावच्छिन्ना संयोगधर्मावच्छिन्ना च अस्ति । साध्यतावच्छेदकौ अपि समवायसंयोगौ एव । तथा चास्यां प्रतियोगितायां यावत् साध्यतावच्छेदकावच्छिन्नत्वसत्वात् प्रतियोगितासामान्ये न उभयाभावो वर्तते । एवञ्चाव्याप्तिर्भवेत् । सम्बन्धधर्मपदोपादाने तु नायं दोषः, यतः संयोगिनिष्ठा प्रतियोगिता समवायसम्बन्ध-अवच्छिन्ना यद्यपि अस्ति, तथापि साध्यतावच्छेदकसमवायधर्मावच्छिन्ना नास्ति । समवायोऽत्र साध्यतावच्छेदकधर्मः, न तु सम्बन्धः इति ध्येयम् । एवं इयं प्रतियोगिता संयोगधर्मावच्छिन्ना यद्यप्यस्ति, तथापि साध्यतावच्छेदकसंयोगसम्बन्धावच्छिन्ना नास्ति । संयोगोऽत्र साध्यतावच्छेदकसम्बन्धः न तु धर्मः इत्यपि ध्येयम् । एवञ्च तस्यामपि सुतरामुभयाभावस्य सत्वात्, प्रतियोगितासामान्ये निरुक्तोभयाभावसत्वात् नाव्याप्तिः भवति । अत्र यदि प्रतियोगितासामान्ये साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वमात्राभावो विवक्ष्यते । तदा तु '**समवायेन समवायिमान् घटत्वादि**त्यत्राव्याप्तिः भवेत् । यत्र समवायेन घटत्वं तत्र समवायेन गुणकर्मजात्यादिरूपं समवायि साध्यं वर्तत एव । अतोऽयं सद्धेतुः किन्तु तथापि साध्यतावच्छेदकसमवायेन घटीयप्रतियोगितावच्छेदक-घटत्वावच्छिन्नघटसंबंधि कपालं, तद्भिन्नश्च घटो भवति । अतो घटनिष्ठा प्रतियोगिता गृह्यते, तस्याञ्च साध्यतावच्छेदकसमवायावच्छिन्नत्वं वर्तते, इत्थञ्च प्रतियोगितासामान्ये

साध्यतावच्छेदकसमवायावच्छिन्नत्वाभावासत्वात् अव्याप्तिः भवत्येव । साध्यतावच्छेदकधर्मावच्छिन्नत्वोपादाने तु न दोषः । समवायेन घटीयप्रतियोगितायां साध्यतावच्छेदकसमवायित्वावच्छिन्नत्वं नास्ति, किन्तु घटत्वावच्छिन्नत्वमस्ति । अतः तस्यामपि प्रतियोगितायामुभयाभावसत्वात् प्रतियोगितासामान्ये उभयाभावो लभ्येत । तथा च नाव्याप्तिर्भवति । नहि समवायेन समवायिसम्बन्धी घटो न भवति, येन समवायेन समवायि-संबंधिभिन्नो घटो भवेत् । समवायावच्छिन्नप्रतियोगितासामान्ये साध्यतावच्छेदकधर्मावच्छिन्नत्वाभाव एव यदि विवक्ष्यते, तदा तु **संयोगेन संयोगिमान् धूमादि**त्यत्राव्याप्तिर्भवेत् । यत्र धूमः संयोगेन वर्तते, तत्र सर्वत्र संयोगेन वह्न्यादिरूपं संयोगि वर्तत एव, अतोऽयं सद्धेतुः । किन्तु समवायेन संयोग्यभावोऽत्र गृह्यते । तत्प्रतियोगितावच्छेदकसमवायेन तु संयोगिनिष्ठप्रतियोगितावच्छेदकसंयोगित्वावच्छिन्नसंयोगिसंबंधि कपालादि एव । अन्त्यावयविभूते पर्वतादौ किमपि संयोगिद्रव्यं समवायेन न वर्तते । अतः समवायेन संयोगिसंबंधि कपालादि एव भवति, न किमपि संयोगेन धूमाधिकरणं पर्वतादि । तथा च धूमाधिकरणं पर्वतादि समवायेन संयोगिसंबंधिभिन्नम् भवति । अतः संयोगिनिष्ठा प्रतियोगिताऽपि प्रतियोगितासामान्यान्तर्गता । तस्याञ्च साध्यतावच्छेदकसंयोगावच्छिन्नत्वस्य सत्वात् प्रतियोगितासामान्ये तदभावो न विद्यते । अतोऽत्राव्याप्तिः भवेत् । साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वोपादाने तु न दोषः । समवायेन संयोगिनिष्ठप्रतियोगितायां साध्यतावच्छेदकसंयोगावच्छिन्नत्वाभावात् उभयाभावो वर्तते । तथा च प्रतियोगितासामान्ये उभयाभावसत्वात् नाव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા : ઉત્તર : સંયોગેન સમવાયિમાન્ ઘટત્વાત્** આ સ્થાને અવ્યાપ્તિ આવે. અહીં ઘટત્વ ઘટમાં રહે અને ત્યાં સંયોગથી વાયુ વગેરે સમવાયી પદાર્થો રહેલા જ છે એટલે આ હેતુ સાચો છે. પણ અહીં ઘટત્વાધિકરણ ઘટ છે. તેમાં કોઈપણ દ્રવ્ય સમવાયથી રહેતું જ નથી. દ્રવ્ય એ સંયોગી કહેવાય. એટલે 'ઘટમાં સંયોગીનો સમવાયથી અભાવ છે' એમ કહેવાય. હવે આ પ્રતિયોગિતાવચ્છેદકસમવાયથી સંયોગીનો સંબંધી જે કપાલાદિ છે, તેનાથી ભિન્ન તરીકે ઘટ છે અને તેમાં આ સમવાયથી સંયોગીનો અભાવ રહેલો છે. હવે આ અભાવની પ્રતિયોગિતા સંયોગિત્વ=સંયોગ + સમવાયાવચ્છિન્ન છે અને સાધ્યતાવચ્છેદક પણ સંયોગ+સમવાય જ છે. આમ આ પ્રતિયોગિતામાં યાવત્સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નત્વ મળી જાય છે. તેનો અભાવ નથી મળતો. માટે લક્ષણસમન્વય ન થતા અવ્યાપ્તિ આવે. પણ સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ+સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્ન-ત્વોભયાભાવનો નિવેશ કરવાથી=સાધ્યતાવચ્છેદક સંબંધ + ધર્મ એ બે પદોનો નિવેશ કરવાથી વાંધો ન આવે, કેમકે અહીં સાધ્યતાવચ્છેદકસંબંધ=સંયોગ છે. અને સાધ્યતા-અવચ્છેદક ધર્મ=સમવાય છે. અને લક્ષણમાં જે સમવાયથી સંયોગી-અભાવ લીધો. તેની પ્રતિયોગિતા એ સમવાયસંબંધથી અવચ્છિન્ન છે. પણ સમવાયધર્મથી=સાધ્યતાવચ્છેદકધર્મથી અવચ્છિન્ન નથી. અર્થાત્ આ પ્રતિયોગિતામાં સમવાયાવચ્છિન્નત્વ હોવા છતાં સાધ્યતાવચ્છેદકસમવાયધર્માવચ્છિન્નત્વનો તો અભાવ જ છે. એમ આ પ્રતિયોગિતામાં સંયોગધર્માવચ્છિન્નત્વ હોવા છતાં સંયોગસંબંધાવચ્છિન્નત્વનો તો અભાવ છે. આમ સુતરાં ઉભયાભાવ મળી જતા સંયોગથી સમવાયિસાધ્ય એ ઘટત્વવ્યાપક બની જશે.

જો માત્ર સા.અવ.સંબંધાવચ્છિન્નત્વનો જ અભાવ કહે તો **'સમવાયેન સમવાયિમાન્ ઘટત્વાત્'** અહીં અવ્યાપ્તિ આવે. અહીં ઘટત્વ ઘટમાં છે અને સમવાયિ=ગુણકર્મજાતિ વગેરે ઘટમાં સમવાયથી હોય જ છે. એટલે આ હેતુ સાચો છે પણ અહીં સમવાયથી ઘટાભાવ લઈએ તો સમવાયથી ઘટસંબંધી એવો કપાલ, તેનાથી ભિન્ન

એવો ઘટ, તેમાં સમવાયથી ઘટાભાવ છે અને તેની પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકસમવાયાવચ્છિન્નત્વ છે. એટલે લક્ષણઘટક પ્રતિયોગિતાસામાન્યમાં સાધ્યતાવચ્છેદકસમવાયાવચ્છિન્નત્વનો અભાવ ન મળતા અવ્યાપ્તિ આવે. ઉભયાભાવ લેવાથી વાંધો ન આવે, કેમકે આ ઘટાભાવીયપ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદક સમવાયિત્વધર્માવચ્છિન્નત્વ નથી. પરંતુ ઘટત્વધર્માવચ્છિન્નત્વ જ છે. એટલે આ પ્રતિયોગિતામાં પણ ઉભયાભાવ તો મળી જ જવાથી પ્રતિયોગિતાસામાન્યમાં ઉભયાભાવ મળી જાય. પરિણામે અવ્યાપ્તિ ન આવે. એમ જો માત્ર સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વાભાવ જ લખે. સા.અવ.સંબંધાવચ્છિન્નત્વાભાવ ન લખે તો **संयोगेन संयोगिमान् धूमात्** અહીં અવ્યાપ્તિ આવે. અહીં પણ સંયોગથી ધૂમ એ પર્વતાદિમાં છે અને ત્યાં ધૂમ + વૃક્ષાદિ (સંયોગી) પદાર્થો સંયોગથી છે. એટલે હેતુ સાચો છે. પણ તો ય સમવાયથી સંયોગી-અભાવ લઈને અતિવ્યાપ્તિ આવે. તે આ પ્રમાણે સંયોગી=સંયોગવાળો તો દ્રવ્ય જ હોય. અને પર્વતાદિમાં તો સમવાયથી કોઈપણ દ્રવ્ય રહેતું નથી. અર્થાત્ પર્વતમાં સમવાયથી સંયોગી-અભાવ છે અને તે લક્ષણઘટક પણ બની જાય છે. તેની પ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકસંયોગધર્માવચ્છિન્નત્વ છે. એટલે પ્રતિયોગિતાસામાન્યમાં સા.અવ.ધર્માવચ્છિન્નત્વાભાવ ન મળતા અવ્યાપ્તિ આવે. ઉભયાભાવ લેવાથી વાંધો ન આવે. કેમકે આ સમવાયેન સંયોગી-અભાવની પ્રતિયોગિતા એ સમવાયાવચ્છિન્ન છે, તેમાં સાધ્યતાવચ્છેદક સંયોગાવચ્છિન્નત્વનો તો અભાવ જ છે. એટલે એ રીતે એમાં પણ ઉભયાભાવ મળી જતા લક્ષણઘટકપ્રતિયોગિતાસામાન્યમાં ઉભયાભાવ મળી જતા લક્ષણસમન્વય થઈ જાય છે. આ રીતે જુદા જુદા પદોનું પ્રયોજન સ્વયં વિચારી લેવું.

---

**जागदीशी - अत्र च क्वचित् –'यादृशसम्बन्धावच्छिन्ने'त्यपि दृष्टव्यं, शब्दैक्यस्याऽनुपादेयत्वात्,**

**तेन धूमवति तत्तत्संयोगसम्बन्धेन वह्निसामान्याभावसत्त्वेऽपि नाव्याप्तिः, तत्तत्संयोगाद्यवच्छिन्नप्रतियोगितायाः संयोगसामान्यानवच्छिन्नत्वात्, संयोगत्वस्य सम्बन्धविधयावच्छेदकतावच्छेदकत्वस्थल एव तथात्वात् ।**

---

**चन्द्रशेखरीया :** न च तथापि महानसीयसंयोगेन वह्निनिष्ठप्रतियोगितावच्छेदकवह्नित्वावच्छिन्नवह्निसंबंधि महानसं एव भवति, तद्भिन्नश्च धूमाधिकरणं पर्वतः, तथा च वह्निनिष्ठा निरुक्तप्रतियोगिता गृह्यते, तस्यांञ्च साध्यतावच्छेदकमहानसीयसंयोगावच्छिन्नत्व-साध्यतावच्छेदकवह्नित्व-अवच्छिन्नत्वोभयं वर्तते । अतः प्रतियोगितासामान्ये उभयाभावस्यावर्तमानत्वात् **वह्निमान् धूमादि**त्यादौ अव्याप्तिः दुर्वारा । अत्र साध्यतावच्छेदकसम्बन्धः संयोगः, अतः तदन्तर्गतो महानसीयसंयोगोऽपि साध्यतावच्छेदकसम्बन्धपदेन ग्रहीतुं शक्यते । अतोऽव्याप्ति र्भवति इति वाच्यम् एतादृशि अनुमाने **यत्सम्बन्ध**पदम् अपहाय यादृशसम्बन्धपदं ग्राह्यम् । सर्वत्र व्याप्तिलक्षणे पदानामैक्यं त्वनुपादेयम् । अतः कुत्रचित् स्थाने यत्सम्बन्धपदघटितं लक्षणम्, कुत्रचिच्च यादृशसम्बन्धपदघटितं लक्षणं न दोषाय । तथा च यद्धर्मावच्छिन्ना साध्यतावच्छेदकसम्बन्धता, तद्धर्मविशिष्टः यः साध्यतावच्छेदकसम्बन्धः, तदवच्छिन्नत्वघटितं लक्षणं इति फलितोऽर्थः । अत्र संयोगनिष्ठा साध्यता-अवच्छेदकसम्बन्धता संयोगत्वावच्छिन्नाऽस्ति । अतः प्रतियोगितासामान्ये

संयोगत्वावच्छिन्नसंयोगावच्छिन्नत्वाभावो विवक्षितो भवति । तथा च महानसीयसंयोगेन वह्न्यभावप्रतियोगितायां महानसीयसंयोगत्वावच्छिन्नसंयोग-अवच्छिन्नत्वसत्वेऽपि, संयोगत्वावच्छिन्नसंयोगा वच्छिन्नत्वं नास्ति । अत: तस्यामपि उभयाभावस्य सत्वात् प्रतियोगितासामान्ये निरुक्तोभयाभावोऽक्षत एव । इत्थञ्च नाव्याप्ति: इति भाव: ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન : વહ્નિમાન્ ધૂમાત્** એ સ્થલે હેતુમાન્ તરીકે પર્વત લો. તો એમાં મહાનસીયસંયોગથી જે વહ્નિ-અભાવ છે, તેમાં વહ્નિપ્રતિયોગિતા એ મહાનસીયસંયોગાવચ્છિન્નત્વ+વહ્નિત્વાવચ્છિન્નત્વવાળી છે. આમ એ મહાનસીયસંયોગથી વહ્ન્યભાવની પ્રતિયોગિતા લક્ષણઘટક બને. અને તે સાધ્યતા-અવચ્છેદક એવા મહાનસીયસંયોગથી જ અવચ્છિન્ન +વહ્નિત્વથી જ અવચ્છિન્ન છે. એટલે ઉભયાભાવ ન મળતા અવ્યાપ્તિ આવે.

**ઉત્તર :** આવા સ્થાનોમાં યત્સંબંધાવચ્છિન્નત્વ=સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ નથી લેવાનું પરંતુ યદ્ધર્મવિશિષ્ટસાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ=(યાદૃશસંબંધાવચ્છિન્નત્વ) લેવાનું. અહીં સંયોગ એ સાધ્યતા-અવચ્છેદક છે. પણ એ સંયોગત્વાવચ્છિન્નસંયોગ સાધ્યતા-અવચ્છેદક તરીકે છે. હવે તમે જે મહાનસીયવહ્નિ-સંયોગથી વહ્ન્યભાવ લીધો. તેની પ્રતિયોગિતા તો મહાનસીયવહ્નિસંયોગત્વાવચ્છિન્નમહાનસીયસંયોગથી અવચ્છિન્ન છે. પરંતુ એ પ્રતિયોગિતામાં યાદૃશસંબંધાવચ્છિન્નત્વનો=સંયોગત્વવિશિષ્ટસંયોગાવચ્છિન્નત્વનો તો અભાવ જ છે. એટલે ઉભયાભાવ મળી જતા અવ્યાપ્તિ ન આવે. અહીં 'લક્ષણમાં શબ્દો એક જ હોવા જોઈએ' એવો એકાન્ત તો છે જ નહીં. એટલે અમુકમાં યાદૃશસાધ્યતાવચ્છેદક લઈએ, અને અમુકમાં યત્સાધ્યતાવચ્છેદક લઈએ તો ય દોષ નથી.

---

**जागदीशी** - **एवं 'यद्धर्मावच्छिन्ने'त्यत्रापि, —क्वचित् 'यादृशधर्मावच्छिन्ने'ति बोध्यं ।**

**तेन 'दण्डिमान् दण्डिसंयोगा' दित्यादौ तादृशप्रतियोगितायां तद्दण्डावच्छेद्यत्व-संयोगसम्बन्धावच्छेद्यत्वोभयाभावासत्त्वेऽपि नाव्याप्ति: ।**

---

**चन्द्रशेखरीया :** ननु तथापि **दंडिमान् दंडिसंयोगादित्यत्र** संयोगेन प्रासादनिष्ठदंड्यभावो गृह्यते । प्रतियोगितावच्छेदकसंयोगसम्बन्धेन प्रासादनिष्ठदंड्यभावप्रतियोगिता-अवच्छेदकप्रासादनिष्ठदंडावच्छिन्न-प्रासादनिष्ठदंडिसम्बन्धी प्रासादो भवति । तद्भिन्नं तु भूतलीयदंडिमत् भूतलं । तथा च प्रासादनिष्ठदंडीयप्रतियोगिता अपि लक्षणघटका भवति । तस्यां साध्यतावच्छेदकसंयोगावच्छिन्नत्व-साध्यतावच्छेदक-प्रासादनिष्ठदंडावच्छिन्नत्वोभयसत्वात् प्रतियोगितासामान्ये निरुक्तोभयभावो न प्रसिद्ध्यति । तथा चाव्याप्ति: भवति । अत्र साध्यं दंडी अस्ति, अत: दंड: साध्यतावच्छेदकत्वेन ग्रहीतुं शक्यत एव इति ध्येयम् इति **चेत्** अत्रोच्यते । अत्रानुमाने यत्धर्मावच्छिन्नपदं परित्यज्य यादृशधर्मावच्छिन्नपदघटितम् लक्षणम् वाच्यम् । साध्यतावच्छेदकधर्मनिष्ठाया: साध्यतावच्छेदकताया: अवच्छेदको यो धर्म:, तद्धर्मावच्छिन्न: य: साध्यतावच्छेदक:, तदवच्छिन्नत्वघटितं लक्षणमिति फलितोऽर्थ:। तथा चात्र साध्यतावच्छेदकदंडनिष्ठाया: साध्यतावच्छेदकताया: अवच्छेदकं दंडत्वम् अस्ति । अतो दंडत्वावच्छिन्नदंडावच्छिन्नत्वाभाव: प्रतियोगितायां वक्तव्य: । प्रासादीयदंड्यभावप्रतियोगितायां तु प्रासादीयदंडत्वावच्छिन्न-दंडावच्छिन्नत्वात्

लक्षणघटकप्रतियोगितासामान्ये निरुक्तोभयाभावस्याक्षततत्वात् नाव्याप्तिः भवतीति ।

**चन्द्रशेखरीया : प्रश्न :** तो પણ **दंडिमान् दंडिसंयोगात्** માં પ્રથમ દંડિસંયોગાધિકરણ એવા ભૂતલમાં દ્વિતીયદંડી-અભાવ મળી જાય છે. અને તેની પ્રતિયોગિતા એ સંયોગાવચ્છિન્નત્વ +સાધ્યતાવચ્છેદક દ્વિતીયદંડાવચ્છિન્નત્વવાળી છે. આમ ઉભયાભાવ ન મળતા અવ્યાપ્તિ આવે.

**ઉત્તર :** આવા સ્થળે 'યદ્ધર્માવચ્છિન્નત્વ'ને બદલે 'યાદશધર્માવચ્છિન્નત્વ' લેવું. અર્થાત્ સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકધર્માવચ્છિન્ન એવો જે સાધ્યતાવચ્છેદક ધર્મ હોય. તદવચ્છિન્નત્વ લેવાનું. અહીં સાધ્યતાવચ્છેદક દંડ છે. તેમાં રહેલી સાધ્યતાવચ્છેદકતાનો અવચ્છેદક તો દંડત્વ છે. અને તેથી અહીં દંડત્વાવચ્છિન્નદંડાચ્છિન્નત્વ... લેવાનું છે. દ્વિતીયદંડની પ્રતિયોગિતામાં દ્વિતીયદંડત્વવિશિષ્ટદંડાવચ્છિન્નત્વ છે. પણ દંડત્વાવચ્છિન્નદંડાવચ્છિન્નત્વનો અભાવ જ છે. આમ ઉભયાભાવ મળી જતા લક્ષણ ઘટી જાય છે. પરિણામે અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी** - **प्रमेयत्वावच्छेद्यत्वविशिष्ट-स्वरूपसम्बन्धावच्छिन्नत्वाप्रसिद्धया 'प्रमेयवान् वाच्यत्वा' दित्यादावव्याप्तिरत –'विशिष्टभाव'–मपहाय तादृशोभयाभाव उक्तः ।**

---

**चन्द्रशेखरीया :** ननु प्रतियोगितासामान्ये साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वविशिष्टस्य साध्यतावच्छेदकधर्मावच्छिन्नत्वस्याभावः कथं नोक्तः ? इति चेत् **प्रमेयवान् वाच्यत्वादि**त्यत्राव्याप्तिप्रसङ्गभयेन नोक्तः इति ज्ञातव्यम् । तथाहि एकस्यामेव प्रतियोगितायां साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वं साध्यतावच्छेदकधर्मावच्छिन्नत्वं यदा प्रसिद्धं भवति, तदैव सामानाधिकरण्यसम्बन्धेन तादृशधर्मावच्छिन्नत्वं तादृशसम्बन्धावच्छिन्नत्वविशिष्टं भवति । यदैव च तादृशं विशिष्टं प्रसिद्धं भवति, तदैव प्रतियोगितायां तदभावो वक्तुं शक्येत, न त्वन्यथा । अप्रसिद्धस्याभावो वक्तुं न शक्यते इति कृत्वा । अत्र च प्रमेयं स्वरूपसम्बन्धेन साध्यं । प्रमेयत्वञ्च साध्यतावच्छेदकधर्मः, तथा च लक्षणघटकप्रतियोगितासामान्ये स्वरूपावच्छिन्नत्वविशिष्टप्रमेयत्वावच्छिन्नत्वस्याभावो यदि मीलति, तदा लक्षणसमन्वयो भवेत् । तदर्थञ्च स्वरूपेण प्रमेयस्याभावो कुत्रापि ग्राह्य एव । यदि तादृशोऽभावो प्रसिद्ध्येत्, तदा तत्प्रतियोगितायां स्वरूपावच्छिन्नत्वविशिष्टं प्रमेयत्वावच्छिन्नत्वं प्रसिद्धं भवेत् । तत्प्रसिध्धौ च लक्षणघटकप्रतियोगितासामान्ये तदभावो ग्रहीतुं शक्येत । किन्तु सर्वेषु पदार्थेषु स्वरूपेण पदार्थत्वमेयत्वादयः प्रमेयाः वर्तन्ते एव । अतः कुत्रापि स्वरूपसम्बन्धेन प्रमेयाभावो न प्रसिद्ध्यति । तदप्रसिद्धौ च कस्यामपि प्रतियोगितायां स्वरूपावच्छिन्नत्वविशिष्टं प्रमेयत्वावच्छिन्नत्वं न प्रसिद्ध्यति । तदप्रसिद्धौ च लक्षणघटकप्रतियोगितासामान्येऽपि तदभावो न ग्रहीतुं शक्येत । तथा च दुर्वारा भवेदव्याप्तिः । अतो विशिष्टाभावं परित्यज्य उभयाभावः उक्तः । तथा च जातौ समवायेन प्रमेयवस्तु नास्ति । अतः तत्र समवायेन प्रमेयाभावः प्रसिद्धः, ततश्च तत्प्रतियोगितायां प्रमेयात्वावच्छिन्नत्वं प्रसिद्धम् । एवं घटे स्वरूपेण गगनत्वाभावोऽस्ति, अतः

तत्प्रतियोगितायां स्वरूपावच्छिन्नत्वं प्रसिद्धम् । अत्र च विशिष्टस्याविवक्षितत्वात् एकस्यामेव प्रतियोगितायां तदुभयप्रसिद्धिरनावश्यिकी । अतो भिन्नभिन्नप्रतियोगितायां तत्प्रसिद्धिं गृहीत्वा, निरुक्तप्रतियोगितासामान्ये तादृशोभयाभावो वक्तुं शक्यः, तथा च नाव्याप्तिः भवति ।

**चन्द्रशेखरीया : પ્રશ્ન :** 'यद्संबंधावच्छिन्नत्वविशिष्ट-यद्धर्मावच्छिन्नत्वाभाव' કહે તો શું વાંધો ? **વહ્નિમાન્ ધૂમાત્**માં લક્ષણઘટક એવા સમવાયથી વહ્ન્યભાવની પ્રતિયોગિતામાં સંયોગાવચ્છિન્નત્વવિશિષ્ટ-વહ્નિત્વ-અવચ્છિન્નત્વનો અભાવ છે જ. સંયોગથી વહ્ન્યભાવની પ્રતિયોગિતામાં સંયોગાવચ્છિન્નત્વવિશિષ્ટવહ્નિત્વ-અવચ્છિન્નત્વ પ્રસિદ્ધ હોવાથી તેનો અભાવ સમવાયથી વહ્ન્યભાવની પ્રતિયોગિતામાં લઈ શકાય છે.

**ઉત્તર :** તો પછી **'પ્રમેયવાન્ વાચ્યત્વાત્'** આમાં અવ્યાપ્તિ આવે. અહીં સાધ્યતાવચ્છેદક સ્વરૂપસંબંધ+પ્રમેયત્વધર્મ છે. હવે કોઈપણ પદાર્થમાં સ્વરૂપથી પ્રમેયનો અભાવ મળતો નથી. બધાયમાં છેવટે પદાર્થત્વ=મેયત્વાદિ પ્રમેયો તો સ્વરૂપથી રહેલા જ છે. એટલે સ્વરૂપથી પ્રમેયાભાવ ક્યાંય ન હોવાથી કોઈપણ પ્રતિયોગિતામાં પ્રમેયત્વાવચ્છિન્નત્વ +સ્વરૂપાવચ્છિન્નત્વ બે નથી મળતા. અને તેથી સ્વરૂપાવચ્છિન્નત્વવિશિષ્ટ પ્રમેયત્વાવચ્છિન્નત્વ પ્રસિદ્ધ બનતું નથી. એ પ્રસિદ્ધ ન બનવાથી લક્ષણઘટક એવા ઘટાભાવની પ્રતિયોગિતામાં તેનો અભાવ પણ લઈ ન શકાય. આમ અવ્યાપ્તિ આવે એટલે જ અમે વિશિષ્ટાભાવ ન લેતા ઉભયાભાવ લીધો. હવે જાતિમાં સમવાયથી પ્રમેયમાત્રનો અભાવ હોવાથી ત્યાં રહેલ પ્રમેયાભાવની પ્રતિયોગિતામાં પ્રમેયત્વાવચ્છિન્નત્વ તો પ્રસિદ્ધ જ છે, અને બીજી બાજુ ઘટમાં સ્વરૂપથી ગગનત્વનો અભાવ છે. એટલે એની પ્રતિયોગિતામાં સ્વરૂપાવચ્છિન્નત્વ પ્રસિદ્ધ છે. અહીં વિશિષ્ટ બનાવવાનું ન હોવાથી એક જ પ્રતિયોગિતામાં બે લેવાની જરૂર નથી. જુદી જુદી પ્રતિયોગિતામાં તેની પ્રસિદ્ધિ થવી જોઈએ. અને એ થઈ એટલે પછી વાચ્યત્વાધિકરણ એવા જાતિમાં સમવાયથી પ્રમેયાભાવ લક્ષણઘટક લઈ શકાય. અને તેની પ્રતિયોગિતામાં પ્રમેયત્વાવચ્છિન્નત્વ હોવા છતાં સ્વરૂપાવચ્છિન્નત્વનો તો અભાવ જ હોવાથી ઉભયાભાવ મળી જાય. આ રીતે તમામ લક્ષણઘટક પ્રતિયોગિતામાં ઉભયાભાવ મળી જવાથી અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी - न च 'निरुक्तप्रतियोग्यनधिकरणहेतुमन्निष्ठाभावीय-यद्धर्मावच्छिन्न-प्रतियोगितासामान्ये,-यत्सम्बन्धावच्छिन्नत्वाभावस्तत्सम्बन्धेन तद्धर्मावच्छिन्नं व्यापक' मित्यर्थोऽस्तु, धर्मान्तरावच्छिन्नाभावाप्रवेशेन लाघवादिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीया :** ननु लाघवात् स्वप्रतियोगितावच्छेदकसम्बन्धेन साध्यतावच्छेदकयद्धर्मावच्छिन्नानधिकरणं हेत्वधिकरणं तद्वृत्त्यभावप्रतियोगितासामान्ये साध्यतावच्छेदकयत्सम्बन्धावच्छिन्नत्वाभावः, तेन धर्मेण तेन सम्बन्धेन तत्साध्यं हेतुव्यापकमित्येव उच्यताम् । तावतैव सर्वत्र लक्षणसमन्वयसंभवात् । तथाहि **घटवान् महाकालत्वात्** इत्यत्र महाकाले कालिकेन घटस्याभावो नास्ति । किन्तु समवाय-संयोगादिना घटस्य अभावोऽस्ति । अतः समवायादिना घटाभाव एव

गृह्यते, तत्प्रतियोगितावच्छेदकः संयोगसमवायादिः, तेन सम्बन्धेन घटत्वावच्छिन्नघटानधिकरणमेव महाकालः। तद्वृत्तिनां तादृशाभावानां संयोगसमवायादि-अवच्छिन्नाः याः प्रतियोगिताः, तासु सर्वासु कालिकावच्छिन्नत्वाभावसत्वात् घटत्वेन कालिकेन च घटो महाकालत्वव्यापकः भवतीति न कोऽपि दोषः। न च किमत्र लाघवं इति वाच्यम् भवदुक्तलक्षणे तु समवाय-संयोग-तादात्म्यादिना घटाभावो यथा लक्षणघटको भवति। तथैव समवायादिना पटाभावोऽपि लक्षणघटकत्वेन ग्राह्य एव, प्रतियोगितासामान्यस्य विवक्षितत्वात्। तथा च तत्रानन्ताभावानामनन्ताः प्रतियोगिताः लक्षणघटकत्वेन ग्राह्याः, तदेव महत् गौरवम्। अस्मत्पक्षे तु साध्यतावच्छेदकधर्मावच्छिन्न- प्रतियोगिताकाभावस्यैव लक्षणघटकत्वेन विवक्षितत्वात् समवाय-संयोग-तादात्म्यादिसम्बन्धेन घटाभाव एव लक्षणघटकत्वेन ग्राह्यः, तथा च समवाय-अवच्छिन्ना संयोगावच्छिन्ना तादात्म्यावच्छिन्ना चैव घटीयप्रतियोगिता लक्षणघटकत्वेन ग्राह्या। न तु पटादीनामपि प्रतियोगिता। तथा च अनन्तप्रतियोगिताऽनिवेशकृतं महल्लाघवं समस्ति अस्मत्पक्षे। अतः तदेव वक्तव्यम्। साध्यतावच्छेदकभिन्नधर्मावच्छिन्नाभावानां लक्षणेऽनिवेशप्रयुक्तं महल्लाघवम् इति तु समुदितार्थः इति चेत्

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** આના કરતા તો "પ્રતિયોગિતાવચ્છેદકસંબંધથી સાધ્યતાવચ્છેદકયદ્ધર્માવચ્છિન્નાનધિકરણ-હેત્વધિકરણવૃત્તિ-અભાવપ્રતિયોગિતાસામાન્યમાં સાધ્યતાવચ્છેદક-યત્સંબંધાવચ્છિન્નત્વાભાવ મળે. તે સંબંધથી તદ્ધર્માવચ્છિન્નસાધ્ય એ તે હેતુને વ્યાપક ગણાય." એમ પણ કહી શકાય. **ઘટવાન્ મહાકાલત્વાત્** અહીં મહાકાલમાં સમવાયથી ઘટાભાવ છે. પ્રતિયોગિતાવચ્છેદકસમવાયથી સાધ્યતાવચ્છેદકઘટત્વાવચ્છિન્નઘટનું અનધિકરણ એવો હેત્વધિકરણ તરીકે મહાકાલ છે જ. અને તેમાં રહેલ તે અભાવની પ્રતિયોગિતાસામાન્યમાં કાલિકાવચ્છિન્નત્વાભાવ છે જ. એટલે કાલિકથી ઘટ એ મહાકાલત્વને વ્યાપક બની જાય છે. આ રીતે દરેક સ્થાને સમજી લેવું.

**ઉત્તર :** આમ કરવાથી લાભ શું ?

**પ્રશ્ન :** મોટો લાભ છે. આમાં સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નપ્રતિયોગિતાક એવા જ અભાવો લેવાના છે. બીજા લેવાના નથી. પછી એ સંયોગ-સમવાય-તાદાત્મ્યાદિ સંબંધથી લઈએ તો પણ ત્રણ-ચાર જ લક્ષણઘટક બને જેમકે અહીં મહાકાલમાં સમવાય +સંયોગ+તાદાત્મયથી ઘટત્વાવચ્છિન્નઘટનો અભાવ છે. તો આ ત્રણચાર પ્રકારના ઘટાભાવ જ લેવા પડે. અને તેની પ્રતિયોગિતાસામાન્યમાં તાદશાભાવ લેવાનો રહે. અહીં જો પ્રતિયોગિતાસામાન્યને બદલે માત્ર પ્રતિયોગિતા લખે તો **ધૂમવાન્ વહ્નેઃ**માં વહ્નિ-અધિકરણ-અયોગોલકમાં સમવાયથી ધૂમાભાવ લેવાય, અને એની પ્રતિયોગિતામાં સંયોગ-અવચ્છિન્નત્વનો અભાવ મળી જ જવાથી અતિવ્યાપ્તિ આવે. પણ સામાન્યપદ લેવાથી વાંધો ન આવે. કેમકે અયોગોલકમાં સંયોગથી પણ ધૂમાભાવ છે. એટલે તેની પ્રતિયોગિતા પણ લક્ષણઘટક બને. અને તેમાં તો સંયોગાવચ્છિન્નત્વ હોવાથી અતિવ્યાપ્તિ આવતી નથી. પ્રસ્તુતમાં પણ મહાકાલમાં સમવાય-સંયોગાદિથી ઘટનો જ અભાવ લક્ષણઘટક બને, કેમકે સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નપ્રતિયોગિતા જ લક્ષણઘટક તરીકે લીધી છે. એટલે પ્રતિયોગિતાસામાન્ય તરીકે સમવાયાવચ્છિન્ન ઘટપ્રતિયોગિતા સંયોગાવચ્છિન્નઘટપ્રતિયોગિતાદિ અમુક જ લેવાશે જ્યારે તમારા લક્ષણમાં તો કોઈપણ અભાવ લેવાનો હોવાથી સમવાયથી પટાભાવ, સંયોગથી પટાભાવ, તાદાત્મ્યથી પટાભાવ.... એ રીતે જુદા જુદા પટત્વાદિધર્માવચ્છિન્ન-અનંત-અભાવોની પ્રતિયોગિતાઓ લક્ષણઘટક તરીકે લેવી પડે, કેમકે પ્રતિયોગિતાસામાન્યની વિવક્ષા છે. આમ તેમાં તો ઘણું ગૌરવ છે. એના કરતા તો આ પક્ષમાં ઘણું લાઘવ છે.

**जागदीशी** - 'घटवृत्तित्वविशिष्टद्रव्यत्ववान् घटत्वा' दित्यादावव्याप्तेः, तादृशद्रव्यत्वभेदमादाय कथञ्चित्तत्र लक्षणसमन्वयेऽपि, –'दधित्वविशिष्टप्रमेयवान्स्थूलदधित्वा' दित्यत्राव्याप्तिः, केनापि सम्बन्धेन हेतुमतः साध्यतावच्छेदकावच्छिन्नानधिकरणत्वासम्भवात्,

---

**चन्द्रशेखरीया :** न तथा सति **घटवृत्तित्वविशिष्टद्रव्यत्ववान् घटत्वादित्यत्र** अव्याप्तिप्रसंगात् । तथाहि यत्र घटत्वं तत्र घटवृत्तित्वविशिष्टद्रव्यत्वं वर्तते एव इति अयं सद्धेतुः, भवदुक्तन्यायेन तु घटवृत्तित्वविशिष्टद्रव्यत्वाभाव एव लक्षणघटकत्वेन ग्राह्यः स च न शक्यते ग्रहीतुं । यतो यदि समवायेन निरुक्तद्रव्यत्वस्य अभावो गृह्यते, तदा प्रतियोगितावच्छेदकसम्बन्धः समवायः, तेन सम्बन्धेन साध्यतावच्छेदकावच्छिन्नस्य घटवृत्तित्वविशिष्टद्रव्यत्वस्याधिकरणमेव घटत्वाधिकरणं घटः इति न तेन सम्बन्धेन तदभावो ग्रहीतुं शक्यः । यदि पटानुयोगिकसमवायेन घटवृत्तित्वविशिष्टद्रव्यत्वाभावो गृह्यते, तदा तु प्रतियोगितावच्छेदकः पटानुयोगिकसमवायः, तेन सम्बन्धेन घटवृत्तित्वविशिष्टद्रव्यत्वस्याधिकरणमेवाप्रसिद्धम् । अतः तेन सम्बन्धेन तदनधिकरणं हेत्वधिकरणमेव घटः इति न सोऽपि गृह्यते । इत्थञ्च केनापि प्रकारेण लक्षणसमन्वयासंभवात् अव्याप्तिर्भवेत् । **न च** तादात्म्येन घटवृत्तित्वविशिष्टद्रव्यत्वाभावो गृह्यताम्, तथा च प्रतियोगितावच्छेदकतादात्म्येन साध्यतावच्छेदकावच्छिन्नघटवृत्तित्वविशिष्टद्रव्यत्वाधिकरणं तादृशद्रव्यत्वम् एव, तदनधिकरणं घटः, तद्वृत्तिनः तादात्म्येन तादृशविशिष्टद्रव्यत्वाभावस्य प्रतियोगितायां कालिकावच्छिन्नत्वाभावोऽस्ति, अतो नाव्याप्तिः भवतीति **वाच्यम्** अनया रीत्या लक्षणसमन्वयसंभवेऽपि **दधित्वविशिष्टप्रमेयवान् स्थूलदधित्वात्** इत्यत्र तादात्म्येन साध्यतायामव्याप्त्यापत्तिः दुर्वारा भवति । अस्यानुमानस्य विस्तरतो निरूपणमत्रैव ग्रन्थेऽष्टादशकारिकायां प्रतिपादितम् । अतो न पुनः विस्तरावश्यकता । तथापि स्थानाशून्यार्थं मुग्धजनविबोधनार्थञ्च किञ्चिदुच्यते । अत्र यत्र समवायेन दधित्वं, समवायेनैव चान्यत् किमपि प्रमेयं वर्तते । तत्र तत्प्रमेयं समवायघटितसामानाधिकरण्येन दधित्वविशिष्टप्रमेयं भवति । तदेव तादात्म्येन साध्यमिति तु फलितोऽर्थः । यथा द्व्यणुके समवायेन वर्तमानं त्र्यणुकदधि निरुक्तसम्बन्धेन (द्व्यणुकदधिवृत्ति) दधित्वविशिष्टं प्रमेयं भवति । तच्च तादात्म्येन स्थूलदधित्ववति त्र्युणकदध्नि वर्तते । एवं चतुरणुकदध्यादिष्वपि तादात्म्येन तादृशविशिष्टं चतुरणकदध्यादिस्वरूपं प्रमेयं वर्तमानं अस्ति । अतो यत्र स्थूलदधित्वं तत्र सर्वत्र दधित्वविशिष्टप्रमेयस्य सत्वात् अयं सद्धेतुः । किन्तु भवदुक्तरीत्याऽत्र लक्षणसमन्वयो दुःशकः । तथा हि-यदि समवायेन दधित्वविशिष्टप्रमेयाभावो गृह्यते, तदा प्रतियोगितावच्छेदकः समवायः, तेन सम्बन्धेन साध्यतावच्छेदकावच्छिन्नस्य दधित्वविशिष्टप्रमेयस्य चतुरणुकपञ्चाणुकादिस्वरूपस्याधिकरणमेव त्र्यणुकचतुरणुकदध्यात्मकं हेत्वधिकरणम् इति न स अभावो गृह्यते । यदि तादात्म्येन तदभावो गृह्यते, तदा तादात्म्येनापि दधित्वविशिष्टप्रमेयस्य त्र्यणुकद्ध्यादिरूपस्याधिकरणमेव त्र्यणुकचतुरणुकादिदधिस्वरूपं हेत्वधिकरणम् । तथा च लक्षणसमन्वयासंभवात् अव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા :** ઉત્તર : **ઘટવૃત્તિત્વવિશિષ્ટદ્રવ્યત્વવાન્ ઘટત્વાત્** આ સ્થાને અવ્યાપ્તિ આવે. અહીં ઘટવૃત્તિત્વવિશિષ્ટદ્રવ્યત્વ એ ઘટાનુયોગિક-સમવાયથી જ રહે છે. એટલે એનો જો એ સંબંધથી અભાવ લો,

તો પ્રતિ. અવચ્છેદક ઘટાનુયોગિકસમવાય બને. એ સંબંધથી તાદશદ્રવ્યનું અધિકરણ એવું જ ઘટત્વાધિકરણ ઘટ બને છે. માટે એ સંબંધથી તેનો અભાવ ન લેવાય. સંયોગ-સ્વરૂપાદિ સંબંધથી એ દ્રવ્યત્વ કશે રહેતું જ નથી. કાલિકથી તો એનું અધિકરણ જ ઘટ બને છે. આમ અહીં એનો કોઈપણ સંબંધથી અભાવ લક્ષણઘટક બની શકતો જ નથી. અને તમે તો સાધ્યાભાવને લક્ષણઘટક બનાવવાની વાત કરી છે. એ ન મળતા અવ્યાપ્તિ આવે.

**પ્રશ્ન :** તાદાત્મ્યથી આ વિ.દ્રવ્યત્વ એ વિ.દ્રવ્યત્વમાં રહે જ છે. એટલે અહીં તાદાત્મ્યથી વિ.દ્રવ્યત્વાભાવ લઈએ, તો પ્રતિયોગિતાવચ્છેદકતાદાત્મ્યથી વિ.દ્રવ્યત્વનું અધિકરણ વિ.દ્રવ્યત્વ મળે, અને તેથી તેનું અનધિકરણ તરીકે ઘટ લઈ શકાય. અને તે ઘટમાં તાદાત્મ્યથી વિ.દ્રવ્યત્વાભાવ છે. તેની પ્રતિયોગિતામાં ઘટાનુયોગિકસમવાયાવચ્છિન્નત્વનો અભાવ છે જ આમ લક્ષણ ઘટી જાય છે.

**ઉત્તર : દધિત્વવિશિષ્ટપ્રમેયવાન્ સ્થૂલદધિત્વાત્**માં વાંધો આવશે. અહીં તાદાત્મ્યસંબંધ સાધ્યતાવચ્છેદક છે. આગળ જોઈ ગયા તેમ સમવાયઘટિતસામાનાધિકરણ્યથી જે દધિત્વવિશિષ્ટ હોય તેવો જ પ્રમેય અહીં તાદાત્મ્યથી સાધ્ય છે. સ્થૂલદધિત્વ ત્ર્યણુકમાં છે તો એ ત્ર્યણુક સમવાયથી દ્વ્યણુકમાં છે, ત્યાં સમવાયથી દધિત્વ છે. એટલે ત્ર્યણુક એ સમવાયઘટિતસામાન્યથી દધિત્વવિશિષ્ટપ્રમેય કહેવાય અને તે પોતે ત્ર્યણુકમાં તાદાત્મ્યથી છે. એ રીતે ચતુરણુક એ ત્ર્યણુકદધિમાં, દધિત્વવિશિષ્ટ પ્રમેય બને અને તે તાદાત્મ્યથી ચતુરણુકદધિમાં રહે. આમ સર્વત્ર જાણવું. પણ તમારી વ્યાખ્યા પ્રમાણે તો અહીં વાંધો આવશે, કેમકે જો તાદાત્મ્યથી આનો અભાવ લો તો પ્રતિ. અવ. તાદાત્મ્ય સં. બને. અને તે સંબંધથી દધિત્વવિશિષ્ટપ્રમેયનું અધિકરણ જ સ્થૂલદધિ બને છે. એટલે આ અભાવ ન લેવાય. જો સમવાયથી અભાવ લો તો ય ન ઘટે કેમકે પ્રતિ. અવ.સમવાયથી દધિત્વવિશિષ્ટપ્રમેયનું= ચતુરણુકનું અધિકરણ ત્ર્યણુક બને. દધિત્વવિશિષ્ટપ્રમેયનું=પંચાણુકનું અધિકરણ ચતુરણુક બને. ચરમાવયવી રૂપ દધિમાં દધિત્વવિશિષ્ટપૃથ્વીત્વાદિજાતિરૂપ પ્રમેય એ સમવાયથી છે જ. એટલે અહીં સમવાયથી સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્ન એવા દધિત્વવિશિષ્ટપ્રમેયનું અનધિકરણ એવું કોઈપણ હેત્વધિકરણ મળતું જ નથી. માટે લક્ષણ ન ઘટતા અવ્યાપ્તિ આવે.

---

**जागदीशी - तत्रापि दध्यन्तरानुयोगिकसमवायादिसम्बन्धेन हेतुमतः प्रकृतसाध्यानधिकरणत्वे तूक्तक्रमेणापि व्यापकत्वं सुवचमिति तु-विभावनीयमिति ।**

---

**चन्द्रशेखरीया :** ननु यदि हेत्वधिकरणं पञ्चाणुकदधि गृह्यते, तदा त्र्यणुकदध्यनुयोगिकसमवायेन दधित्वविशिष्टप्रमेयाभावो लक्षणघटकत्वेन ग्रहीतुं शक्यते । तथा हि अत्र प्रतियोगिता-अवच्छेदकः त्र्यणुकदध्यनुयोगिकसमवायः, तेन सम्बन्धेन दधित्वविशिष्टप्रमेयं त्र्यणुकदध्नि एव वर्तते । न त्वन्यत्र । तथा च तेन सम्बन्धेन दधित्वविशिष्टप्रमेयस्याधिकरणं त्र्यणुकदधि, अनधिकरणं तु स्थूलदधित्ववत्पञ्चाणुकदधि भवति । तथा च तद्वृत्तिनः त्र्यणुकदध्यनुयोगिकसमवायेन दधित्वविशिष्टप्रमेयाभावस्य प्रतियोगितायां तादात्म्यावच्छिन्नत्वाभावसत्वात् भवत्येव लक्षणसमन्वयः । एवं संयोगसम्बन्धेनापि दधित्वविशिष्टप्रमेयाभावमादाय लक्षणसमन्वयो भवति । तत्तु प्रागेव विस्तरतः प्रतिपादितं न पुनः प्रतन्यते इति चेत् अत्रोच्यते । **तत्त्र्यणुकदधिवृत्तित्वविशिष्टदधिमान् तत्त्र्यणुकदधित्वादि**त्यत्राव्याप्ते र्विवक्षितत्वात् ।

अत्र तु तादृशं दधि तादात्म्येन साध्यम्। तत्र्यणुकदधिवृत्तित्वं तु समवायतादात्म्यादिना विवक्षितम्। तथा च समवायेन तत्र्यणुकदधिवृत्ति चतुरणुकदधि, तादात्म्येन तत्र्यणुकदधिवृत्ति तु तत्र्यणुक दध्येव भवति। इत्थञ्च यदि समवायेन साध्याभावो गृह्यते, तदा प्रतियोगितावच्छेदकः समवायः, तेन सम्बन्धेन तत्र्यणुकदधिवृत्तित्वविशिष्टदधि तच्चतुरणुकदधिरू पं तत्र्यणुकदध्नि वर्तते। अतो न स अभावो लक्षणघटकः। यदि तादात्म्येन साध्याभावो गृह्यते, तथा तु तादात्म्येन तत्र्यणुकदधिवृत्तित्वविशिष्टदधि तत्र्यणुकदधिरूपं तत्र्यणुकदध्नि वर्तते। अतो न सोऽपि ग्रहीतुं शक्यते। पञ्चाणुकदधि-अनुयोगिकसमवायेन तु तत्र्यणुक-दधि वृत्तित्वविशिष्टदधि न कुत्रापि वर्तते। यथा हि द्रव्यत्वं समवायेन सर्वत्र द्रव्ये वर्तते, किन्तु घटवृत्तित्वविशिष्टद्रव्यत्वं तु समवायेनापि घटे एव वर्तते। पटानुयोगिकसमवायेन तु न कुत्रापि वर्तते। एवं तद्त्र्यणुकदधिवृत्तित्वविशिष्टदधि पञ्चाणुकदध्यनुयोगिकसमवायादिना न कुत्रापि वर्तते। अतः तेन सम्बन्धेन तदनधिकरणमपि ग्रहीतुं अशक्यम्। एतच्च बहुशः प्राग् निरूपितम्। ततः ततोऽवगन्तव्यम्। इत्थञ्च भवदुक्त लक्षणमत्राव्याप्तं भवेत्। अतः तत्परिहरणीयम्। अस्माकं तु न दोषः। तादात्म्येन तत्र्यणुकदधिवृत्तित्वविशिष्टदध्नोऽभावो यदि गृह्यते, तदा प्रतियोगितावच्छेदकं तादात्म्यं, तेन सम्बन्धेन तत्र्यणुकदधिवृत्तित्वविशिष्टदधिसंबंधि एव तत्र्यणुकदधि, न त्वसंबंधि इति नेयं प्रतियोगिता लक्षणघटकाऽपि तु समवायेन घटाभावीयादिप्रतियोगिताः लक्षणघटकाः, तासु तु उभयाभावसत्वात् भवति लक्षणसमन्वयः।

इदमत्रावधेयम्। व्यभिचारिहेतुकस्थले साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकः साध्याभावो लक्षणघटकः भवत्यैव। यदि न भवति, तदाऽतिव्याप्तिः। एवं सद्धेतुस्थले साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नप्रतियोगिताकः साध्याभावो लक्षणघटको न भवत्येव। यदि भवति तदाऽव्याप्तिः। इत्थञ्च सर्वत्र प्रथम साध्यतावच्छेदकसम्बन्धेन साध्याभावमादाय विमर्शः कर्तव्यः। सद्धेतुकस्थले तस्य लक्षणघटकत्वेऽव्याप्तिः, व्यभिचारिहेतुकस्थले तस्य लक्षणाघटकत्वेऽतिव्याप्तिः ज्ञातव्या।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** હેત્વધિકરણ તરીકે પંચાણુક લઈએ તો ત્ર્યણુકાનુયોગિકસમવાયથી દધિત્વવિશિષ્ટ પ્રમેયનો અભાવ લક્ષણઘટક લઈ શકાય, કેમકે પ્રતિયોગિતાવચ્છેદક સંબંધ અહીં ત્ર્યણુકાનુયોગિક સમવાય બને, અને તે સંબંધથી તો દધિત્વવિશિષ્ટપ્રમેયનું અધિકરણ ત્ર્યણુકદધિ જ બને અને તેથી તેનું અનધિકરણ એવો પંચાણુકદધિ લઈ શકાય. અને તેમાં રહેતા આ અભાવની પ્રતિયોગિતામાં તાદાત્મ્યસંબંધ-અવચ્છિન્નત્વનો અભાવ છે જ. આમ લક્ષણ ઘટી જાય છે. એ ઉપરાંત સંયોગસંબંધથી પણ આનો અભાવ લક્ષણઘટક તરીકે લઈ શકાય છે એની ચર્ચા આગળ કરી જ ગયા છીએ. (૧૮મી કારિકા)

**ઉત્તર :** ભલે તો પણ **ત્ર્યણુકાદિવૃત્તિત્વવિશિષ્ટદધિમાન્ ત્ર્યણુકદધિત્વાત્** આ સ્થલે અવ્યાપ્તિ આવશે અહીં સાધ્યતાવચ્છેદક તાદાત્મ્ય છે. ત્ર્યણુકદધિમાં તાદાત્મ્યથી ત્ર્યણુકદધિ અને સમવાયથી ચતુરણુકદધિ રહે એટલે આ બે ય દધિ એ ત્ર્યણુકદધિવૃત્તિત્વવિશિષ્ટ દધિ તરીકે ગણાય. એમાં એ ત્ર્યણુકદધિમાં ત્ર્યણુકદધિત્વ છે અને દધિવૃત્તિત્વવિશિષ્ટદધિ=ત્ર્યણુકદધિ તાદાત્મ્યથી રહેલો જ છે. એટલે આ હેતુ સાચો છે. પરંતુ લક્ષણ ઘટતું નથી. જો તાદાત્મ્યથી સાધ્યાભાવ લો તો પ્રતિયોગિતાવચ્છેદકતાદાત્મ્યથી તો ત્ર્યણુકદધિવૃત્તિત્વવિશિષ્ટદધિનું અધિકરણ જ ત્ર્યણુકદધિ બને છે. એટલે આ અભાવ ન લેવાય. જો સમવાયથી અભાવ લો તો સમવાયથી ત્ર્યણુકદધિવૃત્તિત્વવિશિષ્ટદધિ=ચતુરણુકનું અધિકરણ જ ત્ર્યણુકદધિ બને છે. એટલે એ પણ ન લેવાય. એમ

સંયોગથી જો સાધ્યાભાવ લો તો ત્ર્યણુકદધિવૃત્તિવિશિષ્ટ દધિ એ ત્ર્યણુકાનુયોગિકસંબંધથી જ કશે પણ રહે તે સિવાય ન રહે. જેમ માત્ર દ્રવ્યત્વ એ સમવાયથી બધામાં રહે. પણ એ ઘટવૃત્તિત્વવિશિષ્ટદ્રવ્યત્વ તો પછી સમવાય કે ઘટાનુયોગિકસમવાયથી જ રહે. પટાનુયોગિકસમવાયાદિથી ન રહે, કેમકે એ સંબંધ ઘટાનુયોગિક બનતો નથી. તેમ અત્રે પણ જાણવું. જો સમવાયથી ત્ર્ય.દધિવૃત્તિત્વવિશિષ્ટદધિ=ચતુરણુક લેશો તો એ સમવાય + કાલિક + ત્ર્યણુકદધિ-અનુયોગિકસમવાયાદિથી જ ત્ર્યણુકદધિમાં રહેશે. કેમકે આ જ સંબંધો ત્ર્યણુકદધિ-અનુયોગિક બને છે. એટલે સંયોગથી જો અભાવ લેવા જાઓ તો આ સમવાયેન ત્ર્ય.દધિવૃત્તિત્વવિશિષ્ટદધિનું તો સંયોગથી અધિકરણ પ્રસિદ્ધ જ નથી. એટલે તદનધિકરણ ત્ર્યણુકદધિ પણ ન મળે. આ બધી ચર્ચા આગળ કરી ગયા છીએ. આમ અવ્યાપ્તિ આવે. અમને તો અહીં વાંધો નથી. કેમકે અમારે સાધ્યાભાવ જ લેવાની વિવક્ષા નથી. એટલે ઘટાભાવ લઈએ અને પ્રતિયોગિતાવચ્છેદકસંયોગથી ઘટાભાવપ્રતિયોગિતાવચ્છેદક ઘટત્વાવચ્છિન્ન ઘટનું અનધિકરણ ત્ર્યણુકદધિ મળે. તેમાં રહેલ સંયોગથી ઘટાભાવની પ્રતિયોગિતામાં તાદાત્મ્યાવચ્છિન્નત્વ + ત્ર્યણુકદધિવૃત્તિત્વવિશિષ્ટદધિત્વાવચ્છિન્નત્વોભયાભાવ છે જ. આમ લક્ષણ સમન્વય થઈ જાય એટલે તમારું લાઘવ એ અવ્યાપ્તિદોષગ્રસ્ત બનતું હોવાથી અમે તેનો ત્યાગ કરેલો છે.

---

**जागदीशी - तेन सम्बन्धेनेति ।–न चैवं संयोगेनापि रूपस्य पृथिवीत्वव्यापकत्वापत्तिः, तेन सम्बन्धेन रूपाभावप्रतियोग्यधिकरणाप्रसिद्धेरिति वाच्यम्;**

---

**चन्द्रशेखरीया :** ननु **संयोगेन रूपवान् पृथ्वीत्वात्** इत्यत्र संयोगेन रूपस्य पृथ्वीत्वव्यापकत्वप्रसङ्गो भवेत् । तथाहि संयोगेन रूपाभावो यदि लक्षणघटको भवेत्, तदा तु तत्प्रतियोगितायां संयोगावच्छिन्नत्व-रूपत्वावच्छिन्नत्वोभयसत्वेनातिव्याप्तिः न भवेत् । किन्तु प्रतियोगितावच्छेदकसंयोगसम्बन्धेन रूपनिष्ठप्रतियोगितावच्छेदकरूपत्वावच्छिन्नरूपसंबंधिनः एवाप्रसिद्धत्वात् तत्संबंधिभिन्नं हेत्वधिकरणमपि अप्रसिद्धं भवति । इत्थञ्च साध्याभावस्य लक्षणाघटकत्वात् घटाभावीयादिप्रतियोगिताः एव गृह्यन्ते, तासु तु उभयाभावसत्वात् संयोगेन रूपं पृथ्वीत्वव्यापकं भविष्यतीति चेत्

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** પણ આ રીતે તો **'સંયોગેન રૂપવાન્ પૃથ્વીત્વાત્'** અહીં સંયોગથી રૂપ એ પૃથ્વીત્વને વ્યાપક બનવાની આપત્તિ આવશે. જ્યારે ખરેખર તો રૂપ સંયોગથી કશે જ રહેતું ન હોવાથી આ સ્થાન જ ખોટું છે. અતિવ્યાપ્તિ આ રીતે આવે કે અહીં સંયોગથી રૂપાભાવ લક્ષણઘટક બને, તો તેની પ્રતિયોગિતામાં સંયોગાવચ્છિન્નત્વ + રૂપત્વાવચ્છિન્નત્વ બે ય મળતા પ્રતિયોગિતાસામાન્યમાં ઉભયાભાવ ન મળે અને તો જ અતિવ્યાપ્તિ ન આવે. એટલે સંયોગથી રૂપાભાવ લક્ષણઘટક બને તો જ અતિવ્યાપ્તિ ન આવે. પરંતુ એ બનવાનો નથી. કેમકે પ્રતિયોગિતાવચ્છેદક સંયોગ બને. અને તે સંબંધથી રૂપત્વાવચ્છિન્નરૂપનું અધિકરણ જ પ્રસિદ્ધ ન હોવાથી તેનું અનધિકરણ પણ લઈ ન શકાય. માટે આ રૂપાભાવ લક્ષણઘટક ન જ બને. એટલે પછી બીજા અભાવોની પ્રતિયોગિતા સામાન્યમાં તો ઉભયાભાવ મળી જ જવાનો છે. એટલે સંયોગથી રૂપ પૃથ્વીત્વને વ્યાપક બનવાની આપત્તિ આવશે. ખ્યાલ રાખવો કે, ખોટા સ્થાનમાં સાધ્યતાવચ્છેદકસંબંધથી સાધ્યનો અભાવ લક્ષણઘટક બનવો જ જોઈએ. ન બને તો અતિવ્યાપ્તિ આવે અને સાચા સ્થાનમાં સા.અવ. સંબંધથી સાધ્યનો અભાવ લક્ષણઘટક ન જ બનવો જોઈએ. બને તો અવ્યાપ્તિ આવે.

**जागदीशी** - **तथात्वेऽपि तेन सम्बन्धेन रूपसामानाधिकरण्याप्रसिद्ध्यैव व्याप्ति लक्षणातिव्याप्तिविरहात्, 'यद्धर्मे' त्यत्र धर्म्मस्य साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्ना धिकरणतानिरूपकतावच्छेदकत्वेनापि विशेषणीयत्वाद्वा ।**

**( तेन वह्न्याकाशोभयत्वादिनाऽपि न व्यापकत्वमिति ।)**

---

**चन्द्रशेखरीया :** भवतु । तथापि व्याप्तिलक्षणस्यातिव्याप्तिः न भवति । यतः साध्यतावच्छेदकसंयोगेन रूपाधिकरणस्यैवाप्रसिद्धत्वात् पृथ्वीत्वे रूपसामानाधिकरण्यरूपा व्याप्तिः न विद्यते । तथा चात्र व्याप्तिलक्षणमतिव्याप्तं न भवति । अतः संयोगेन रूपस्य पृथ्वीत्वव्यापकत्वेऽपि व्याप्तिलक्षणातिव्याप्त्यभावात् न दोषः । ननु तथापि संयोगेन रूपस्य कुत्रापि वर्तमानत्वाभावात् संयोगेन रूपस्य पृथ्वीत्वव्यापकत्वमसमञ्जसमिवाभाति इति चेत् तर्हि यद्धर्मावच्छिन्नत्वमित्यत्र साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नाधिकरणतानिरूपकतावच्छेदकत्वविशिष्टो यः साध्यतावच्छेदकधर्मः तदवच्छिन्नत्वघटितं लक्षणं वाच्यम् । रूपं संयोगेन यदि कुत्रापि वर्तते । तदा रूपे संयोगावच्छिन्नाधिकरणतानिरूपकता भवेत् तदा च रूपत्वं तदवच्छेदकं भवेत् । किन्तु संयोगेन तु केवलं द्रव्यमेव घटादौ वर्तते । तदा रूपे संयोगावच्छिन्नाधिकरणतानिरुपकता भवेत् । तदा च रुपत्वं तदवच्छेदकं भवेत् । किन्तु संयोगेन तु केवलं द्रव्यमेव घटादौ वर्तते । तथा च साध्यतावच्छेदकसंयोगावच्छिन्नस्य जलस्याधिकरणता घटे वर्तते, तन्निरूपकतायाः जलनिष्ठाया अवच्छेदकं जलत्वं भवति, न तु रूपत्वं । अतोऽत्र तादृशनिरूपकतावच्छेदकतावच्छेदक-साध्यतावच्छेदकधर्मस्यैवाप्रसिद्धत्वात् न तादृशधर्मावच्छिन्नत्व-घटितलक्षणस्य समन्वयो भवति । एवञ्च न संयोगेन रूपं पृथ्वीत्वव्यापकं भवति । इत्थञ्च **वह्निधूमोभयवान् वह्नेरि**त्यादावपि नातिव्याप्तिः । साध्यतावच्छेदकसंयोगसम्बन्धेन वह्निधूमोभयं न कुत्रापि वर्तते, तदधिकरणतानिरूपकता वह्न्यादौ, तदवच्छेदकं वह्नित्वं, तादृशनिरूपकतावच्छेदकं वह्निधूमोभयत्वं न भवति । अतः, तादृशनिरूपकतावच्छेदकसाध्यतावच्छेदकवह्निधूमोभयत्वस्यैव अप्रसिद्धत्वात्, तादृशधर्मावच्छिन्नत्वाभावघटितं लक्षणमपि न समन्वितं भवति । तथा च नातिव्याप्तिः । अत्र **वह्निधूमोभयवान् धूमादि**त्यत्रापि संयोगावच्छिन्नधूमाद्यधिकरणतानिरूपकतावच्छेदकस्य वह्निधूमोभयत्वस्याप्रसिद्धत्वात् तत्रापि तादृशधर्मावच्छिन्नत्वाभावघटितलक्षणसमन्वयासंभवाद समुत्पद्यमानाऽव्याप्तिः कथंकारेण वारणीया इति चिन्त्यम् ।

**चन्द्रशेखरीया : ઉત્તર :** ભલે, આ રીતે સંયોગથી રૂપ એ વ્યાપક બને પણ તો ય વ્યાપ્તિનું લક્ષણ તો અતિવ્યાપ્તિવાળું નહીં જ બને. કેમકે સંયોગથી રૂપના અધિકરણમાં સમવાયથી વૃત્તિતાવાળા પૃથ્વીત્વમાં તાદશરૂપસામાનાધિકરણ્ય સ્વરૂપ વ્યાપ્તિ મળે. પરંતુ એ તો અહીં મળવાનું જ નથી. કેમકે રૂપનું સંયોગથી અધિકરણ પ્રસિદ્ધ જ નથી એટલે પૃથ્વીત્વમાં રૂપસામાનાધિકરણ્યસ્વરૂપ વ્યાપ્તિ તો નથી જ ઘટવાની. એટલે અતિવ્યાપ્તિ ન આવે.

**પ્રશ્ન :** આ તો વિચિત્ર વાત છે. સંયોગથી રૂપ વ્યાપક બને, એનો સ્વીકાર તો શી રીતે કરી શકાય ?

કેમકે સંયોગથી રૂપ રહેતું જ નથી.

**ઉત્તર :** તો પછી, અહીં યદ્ધર્માવચ્છિન્નત્વ=સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન-અધિકરણતાનિરુપકતાવચ્છેદકત્વવિશિષ્ટ એવો જે સાધ્યતાવચ્છેદક ધર્મ, તદવચ્છિન્નત્વ એવો અર્થ કરવો. અહીં સાધ્યતાવચ્છેદક સંયોગ છે. એ સંયોગથી જો રૂપ રહેતું હોત તો સંયોગાવચ્છિન્નરૂપની અધિકરણતા ઘટાદિમાં આવત અને તે અધિકરણતાનો નિરુપક રૂપ બનત અને તે નિરૂપકતાનો અવચ્છેદક રૂપત્વ બનત. અને તેથી તાદૃશાવચ્છેદકતાવિશિષ્ટ એવો રૂપત્વ ધર્મ બનત. પણ સંયોગથી રૂપ રહેતો જ નથી એટલે અહીં રૂપત્વ એ તાદૃશવિશિષ્ટધર્મ તરીકે લઈ શકાતો નથી અને તેથી તે ધર્મ જ પ્રસિદ્ધ ન હોવાથી તાદૃશધર્મઘટિત લક્ષણ જ અહીં ન ઘટે. આમ વ્યાપકતાનું લક્ષણ પણ અતિવ્યાપ્ત ન બને.

આમ કરવાથી, **વહ્નિધૂમોભયવાન્ વહ્નેઃ** એમાં પણ અતિવ્યાપ્તિ ન આવે. જો આ વિવક્ષા ન કરીએ તો અતિવ્યાપ્તિ આવે, કેમકે સંયોગ સંબંધથી વહ્નિધૂમોભયાભાવ લક્ષણઘટક બને તો જ અતિવ્યાપ્તિ ન આવે. પણ પ્રતિયોગિતાવચ્છેદકસંયોગથી વહ્નિધૂમોભયનું અધિકરણ જ પ્રસિદ્ધ નથી. એક જ સંયોગથી વહ્નિધૂમોભય કશેં રહેતા જ નથી, માટે અને તેથી તેનું અનધિકરણ પણ હેત્વધિકરણ ન લેવાય એટલે ઘટાભાવાદિ જ લક્ષણઘટક બને અને તેમાં તો તાદૃશોભયાભાવ મળી જતા અતિવ્યાપ્તિ આવે જ. પણ આ વિવક્ષા કરવાથી વાંધો ન આવે. કેમકે સાધ્યતાવચ્છેદકસંયોગસંબંધાવચ્છિન્ન-અધિકરણતાની નિરૂપકતા આ વહ્નિધૂમોભયમાં આવવાની જ નથી. કેમકે તે બે ય સંયોગથી કશે રહેતા જ નથી. એટલે આવી નિરૂપકતાનો અવચ્છેદક એવો વહ્નિધૂમોભયત્વધર્મ જ પ્રસિદ્ધ ન બનવાથી તદ્ઘટિત આ લક્ષણ પણ ન ઘટે. માટે અતિવ્યાપ્તિ ન આવે. જો કે આમ કરીએ તો પછી **'વહ્નિધૂમોભયવાન્ ધૂમાત્'** ત્યાં પણ આવો ધર્મ પ્રસિદ્ધ ન બનવાથી અવ્યાપ્તિ આવીને ઉભી જ રહે છે એટલે આ વાત વિચારણીય બની જાય છે.

---

**जागदीशी** - **न च वृत्त्यनियामकसम्बन्धेन साध्यतायामव्याप्तिः, तादृशसम्बन्धस्य प्रतियोगितानवच्छेदकतया तत्सम्बन्धावच्छिन्नत्वस्याप्रसिद्धेः,-**

---

**चन्द्रशेखरीया :** ननु स्वामित्वेन **धनवान् चैत्रत्वादि**त्यत्र सद्धेतौ अव्याप्तिः ? अत्र साध्यतावच्छेदकसम्बन्धः स्वामित्वं वृत्यनियामकोऽस्ति । वृत्यनियामकसम्बन्धश्च प्रतियोगितावच्छेदको न भवति इति नियमः । एवञ्च कस्यामपि प्रतियोगितायां साध्यतावच्छेदकस्वामित्वसम्बन्धावच्छिन्नत्वस्याप्रसिद्धत्वात् लक्षणघटकप्रतियोगिता-सामान्ये स्वामित्वावच्छिन्नत्वाभावोऽपि ग्रहीतुं न शक्यते । अतो लक्षणसमन्वयाभावादव्याप्तिर्भवेत् इति चेत्

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન : ધની ચૈત્રત્વાત્** અહીં સ્વામિત્વસંબંધથી ધન એ સાધ્ય છે. આ સ્વામિત્વ સંબંધ એ વૃત્તિ-અનિયામક સંબંધ છે. અને વૃત્તિ-અનિયામકસંબંધ એ પ્રતિયોગિતાવચ્છેદક બનતો નથી. અને તેથી સ્વામિત્વાવચ્છિન્નપ્રતિયોગિતા પ્રસિદ્ધ જ નથી. અર્થાત્ કોઈપણ પ્રતિયોગિતામાં સ્વામિત્વાવચ્છિન્નત્વ પ્રસિદ્ધ જ ન હોવાથી તેનો અભાવ પણ ન લઈ શકાય. અને તો પછી ઉભયાભાવઘટિત આ લક્ષણ અહીં ન ઘટતા અવ્યાપ્તિ આવે.

**जागदीशी –तादृशसम्बन्धस्यापि प्रतियोगितावच्छेदकत्वपक्ष एव एतन्निरूक्त्यादरात् ।**

**चन्द्रशेखरीया :** न वृत्यनियामकस्वामित्वादिसम्बन्धोऽपि प्रतियोगिवच्छेदको भवति इति मतमङ्गीकृत्यैवैतद्लक्षणकरणात् न दोषः । तथा च घटादौ स्वामित्वेन धनाभावो वर्तते । अतः तत्प्रतियोगितायां स्वामित्वावच्छिन्नत्वं प्रसिद्धमस्ति । प्रकृते तु स्वामित्वसम्बन्धेन धनसम्बन्धी एव चैत्रः इति धनाभावो न ग्रहीतुं शक्यते, किन्तु समवायादिना धनाभावो गृह्यते, तत्प्रतियोगितावच्छेदकसमवायेन धननिष्ठप्रतियोगितावच्छेदकधनत्वावच्छिन्नधनसंबंधिनो धनावयवाः, तादृशधनसंबंधिभिन्नश्च चैत्रः, अतः समवायेन धनादिनिष्ठप्रतियोगिताः लक्षणघटकाः भवन्ति । तासु च स्वामित्वावच्छिन्नत्वाभावो वर्तते इति लक्षणसमन्वयात् नाव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા : ઉત્તર :** વૃત્તિ-અનિયામકસંબંધ પણ પ્રતિયોગિતાવચ્છેદક બને જ છે એ મતને અનુસારે જ અમે આ લક્ષણ બનાવેલ છે. એટલે પ્રતિયોગિતાઓમાં સ્વામિત્વાવચ્છિન્નત્વ પ્રસિદ્ધ હોવાથી લક્ષણઘટક પ્રતિયોગિતામાં તેનો અભાવ પણ લઈ શકાય છે અને તેથી અવ્યાપ્તિ ન આવે

**जागदीशी – "निरूक्तप्रतियोगितासामान्ये,–यत्सम्बन्धातिरिक्तसम्बन्धानवच्छिन्नत्व-यद्धर्माव-च्छिन्नत्वोभयाभावस्तत्सम्बन्धेन तद्धर्मावच्छिन्नस्य व्यापकत्व"-मिति तु न युक्तम्; वृत्त्यनियामकसम्बन्धेन साध्यतायां व्यभिचारिण्यतिव्याप्त्यापत्तेः ।**

**चन्द्रशेखरीया :** ननु वृत्यनियामकसम्बन्धः प्रतियोगितावच्छेदको न भवतीति नियमाङ्गीकारेऽपि निरुक्तप्रतियोगितासामान्ये साध्यतावच्छेदक-यत्सम्बन्धभिन्नसम्बन्धानवच्छिन्नत्व-साध्यतावच्छेदकयद्धर्मावच्छिन्नत्वोभयाभावः, तत्सम्बन्धेन तद्धर्मावच्छिन्नस्य व्यापकत्वं इति विवक्षणे नात्राव्याप्तिः भवेत् । तथाहि समवायेन धनाभावीयादिप्रतियोगिताः लक्षणघटकाः । तासु च साध्यतावच्छेदकस्वामित्वसम्बन्धभिन्नसमवायसम्बन्धावच्छिन्नत्वं अस्ति, समवायाद्यनवच्छिन्नत्वं नास्ति । अतः प्रतियोगितासामान्ये उभयाभावसत्वात् नाव्याप्तिः इति चेत् न, एवं सति स्वामित्वेन धनाभावो यदि लक्षणघटकत्वेन गृह्येत, तदैवातिव्याप्तिः न भवेत् । किन्तु धनाभावप्रतियोगिताया अवच्छेदकः स्वामित्वसम्बन्धो भवदुक्तरीत्या न भवति । 'वृत्यनियामकसम्बन्धः प्रतियोगितावच्छेदको न भवतीति' नियमाङ्गीकारात् । तथा च स्वामित्वस्य प्रतियोगितानवच्छेदकतया "प्रतियोगितावच्छेदकेन स्वामित्वसम्बन्धेन धननिष्ठप्रतियोगितावच्छेदक-धनत्वावच्छिन्नधनसंबंधिभिन्नं हेत्वधिकरणमित्यादि न वक्तुं शक्यते । एवञ्च स्वामित्वेन धनाभावप्रतियोगिता न लक्षणघटका, किन्तु समवायादिना धनाभावप्रतियोगिता एव । तस्याञ्च साध्यतावच्छेदक-स्वामित्वभिन्नसमवायावच्छिन्नत्वसत्वात् तदनवच्छिन्नत्वाभावात् उभयाभावो वर्तते । तथा चात्रातिव्याप्तिः भवेत् । तस्मात् भवन्मतं न समुचितम् । अतो वृत्यनियामकस्वामित्वादिसम्बन्धः प्रतियोगितावच्छेदको भवतीति मतमङ्गीकृत्यैव सर्वं सुसङ्गतं कर्तव्यम् ।

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** એના કરતા તો "નિરુક્તપ્રતિયોગિતાસામાન્યમાં સાધ્યતાવચ્છેદકસંબંધભિન્નસંબંધ-અનવચ્છિન્નત્વ + સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વોભયાભાવ લેવાનો. અને એ મળે ત્યાં તે સંબંધથી, તે ધર્મથી અવચ્છિન્ન સાધ્ય વ્યાપક બને." એમ જ કહી શકાય. હવે વૃત્તિ-અનિયામકસંબંધને પ્રતિયોગિતાવચ્છેદક ન માનીએ તો ય વાંધો ન આવે. લક્ષણઘટક તરીકે સંયોગથી ઘટાભાવાદિ બને. તેની પ્રતિયોગિતામાં સ્વામિત્વભિન્ન-સંયોગાવચ્છિન્નત્વ છે પણ સ્વામિત્વભિન્નસંયોગાનચ્છિન્નત્વનો અભાવ જ છે. આમ ત્યાં ઉભયાભાવ મળી જાય. સંયોગથી ધનાદિ-અભાવ પણ લક્ષણઘટક બને ખરા. તેની પ્રતિયોગિતામાં ધનત્વાવચ્છિન્નત્વ હોવા છતાં સ્વામિત્વભિન્ન-સંયોગાવચ્છિન્નત્વ પણ હોવાથી સ્વામિત્વભિન્નસંયોગાનવચ્છિન્નત્વનો તો અભાવ જ છે. એટલે પ્રતિયોગિતાસામાન્યમાં ઉભયાભાવ મળી જતા લક્ષણસમન્વય થઈ જાય છે.

**ઉત્તર :** તો પછી વૃત્તિ-અનિયામકસ્વામિત્વસંબંધથી જ્યાં ધન સાધ્ય હશે અને દ્રવ્યત્વ હેતુ હશે ત્યાં વ્યભિચારી સ્થાનમાં અતિવ્યાપ્તિ આવશે. અહીં સ્વામિત્વથી ધનાભાવ લક્ષણઘટક બનવો જોઈએ પણ પ્રતિયોગિતાવચ્છેદક એવો સ્વામિત્વસંબંધ બનતો જ નથી. (તમારા મતે) એટલે તે સંબંધથી ધનનું અનધિકરણ=અધિકરણભિન્ન=સંબંધીભિન્ન ઈત્યાદિ લઈ શકાતું જ નથી. અને તે ન લેવાવાથી બીજા જ અભાવો લેવાય અને તેમની પ્રતિયોગિતાઓમાં તો ઉભયાભાવ મળી જાય અને તેથી અતિવ્યાપ્તિ આવે. માટે તમારી આ વિવક્ષા નથી માનવી. પરંતુ વૃત્તિ-અનિયામકસંબંધ પણ પ્રતિયોગિતાવચ્છેદક બને છે. એ મતાનુસારે અમે અમારું જ લક્ષણ રાખશું. એમાં અતિવ્યાપ્તિ ન આવે કેમકે પ્રતિયોગિતાવચ્છેદકસ્વામિત્વસંબંધથી ધનનો સંબંધી ચૈત્ર બને, અને તેનાથી ભિન્ન ઘટાદિ દ્રવ્યો=દ્રવ્યત્વાધિકરણો=હેત્વધિકરણો. તેમાં આ સ્વામિત્વથી ધનાભાવ છે અને તેની પ્રતિયોગિતામાં સ્વામિત્વાવચ્છિન્નત્વ + ધનત્વાવચ્છિન્નત્વ બે ય હોવાથી પ્રતિયોગિતાસામાન્યમાં ઉભયાભાવ ન મળતા અતિવ્યાપ્તિ ન આવે. આમ અમારી વાત જ વધુ ઉચિત છે.

## दीधितिः

**समवायसम्बन्धेन मेयसामान्याभावस्य सामान्यादौ सत्त्वान्मेयत्वादेरप्यभावप्रतियोगितावच्छेदकत्वं सुलभम्,**

**अत एव – समवायस्यैकत्वेन द्रव्यत्वादिप्रतियोगिकत्व-गुणाद्यनुयोगिकत्वोभयसत्त्वेऽपि,–'द्रव्यं जाते' रित्यादौ,–**

**–'वह्नि-धूमोभयवान् वह्ने'रित्यादौ संयोगस्य द्वित्वावच्छिन्न-प्रतियोगिकत्वविरहेऽपि च,—नातिव्याप्ति'' रित्यपि-वदन्ति ॥२१॥**

**जागदीशी** –यद्वा, –''स्वावच्छेदकताघटकसम्बन्धेन यादृशप्रतियोगितावच्छेदकानधिकरणं हेत्वधिकरणं, तादृशप्रतियोगितासामान्ये,–

**यद्धर्मावच्छिन्नावच्छेकताकत्व-यत्सम्बन्धावच्छिन्नावच्छेदकताकत्वोभयाभावस्तेन सम्बन्धेन तद्धर्मावच्छिन्नस्य व्यापकत्वं विवक्षितं,**

**वृत्त्यनियामकसम्बन्धस्य प्रतियोगितावच्छेदकत्वाभावेऽपि, –प्रतियोगितावच्छेदकताघटकसम्बन्धत्वं सर्वसम्मतमेव,–**

**''चैत्रो न पचती' त्यादौ वृत्त्यनियामकाऽनुकूलत्वसम्बन्धेन पाकविशिष्टायाः कृतेरभावस्य चैत्रादावन्वयदर्शनात् ।**

---

**चन्द्रशेखरीया :** अथवा अस्तु तावत् ''वृत्यनियामकसम्बन्धः प्रतियोगितावच्छेदको न भवतीति'' नियमः। तथापि वृत्यनियामकसम्बन्धस्य प्रतियोगितावच्छेदकतावच्छेदकत्वं तु सर्वेषां अभिमतमेव । अतः स्वावच्छेदकताघटकसम्बन्धेन यादृशप्रतियोगितावच्छेदकानधिकरणं हेत्वधिकरणं, तादृशप्रतियोगितासामान्ये यद्धर्मावच्छिन्नावच्छेदकताकत्व-यत्सम्बन्धावच्छिन्नावच्छेदकताकत्वोभयाभावस्तेन सम्बन्धेन तद्धर्मावच्छिन्नस्य हेतुव्यापकत्वं बोध्यम् । इत्थञ्च वृत्यनियामकसम्बन्धस्य प्रतियोगितानवच्छेदकत्वेऽपि न क्षतिः । प्रथमं तावदस्यार्थो निरूप्यते । स्वं=अभावीयप्रतियोगिता, तदवच्छेदकता प्रतियोगितावच्छेदकधर्मनिष्ठा, तस्याः घटकः=अवच्छेदकसम्बन्धः, तेन सम्बन्धेन यादृशप्रतियोगिता-अवच्छेदकस्यानधिकरणं हेत्वधिकरणं, तादृशप्रतियोगितासामान्ये साध्यतावच्छेदकधर्मावच्छिन्ना या प्रतियोगितावच्छेदकता, तन्निरूपकत्वस्य साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्ना या प्रतियोगितावच्छेदकता तन्निरूपकत्वस्य च एतदुभयस्याभावः वर्तते । साध्यतावच्छेदकेन तेन सम्बन्धेन साध्यतावच्छेदकधर्मावच्छिन्नं साध्यं व्यापकं भवति । अत्र **स्वामित्वेन धनवान् चैत्रत्वादित्यत्र** स्वपदेन स्वामित्वेन धनवद्-अभावस्य प्रतियोगिता गृह्यते यदि, तदा तदवच्छेदकतायाः धननिष्ठायाः अवच्छेदकसम्बन्धः स्वामित्वम् । तेन सम्बन्धेन धनवन्निष्ठप्रतियोगितावच्छेदकधनस्याधिकरणमेव चैत्रः, अतः सा प्रतियोगिता न गृह्यते । किन्तु समवायेन धनवान् यः धनावयवः, तदभावस्य प्रतियोगिता स्वपदेन गृह्यते । तदवच्छेदकतायाः धननिष्ठायाः अवच्छेदकसम्बन्धः समवायः, तेन सम्बन्धेन धनवन्निष्ठप्रतियोगितावच्छेदकधनस्यानधिकरणमेव चैत्रः, तथा च तादृशप्रतियोगितापदेन समवायेन धनवन्निष्ठा प्रतियोगिता गृह्यते, तस्याञ्च धनत्वावच्छिन्नायाः, धननिष्ठायाः अवच्छेकतायाः निरूपकत्वं यद्यपि अस्ति, तथा पि स्वामित्वावच्छिन्नायाः धननिष्ठायाः अवच्छेकतायाः निरूपकत्वं नास्ति । अतः तस्यां धनत्वावच्छिन्नावच्छेदकताकत्व-स्वामित्वावच्छिन्नावच्छेदकताकत्वोभयाभावसत्वात् स्वामित्वेन धनत्वावच्छिन्नधनं चैत्रत्वव्यापकं भवति । एवं **स्वामित्वेन धनवान् द्रव्यत्वादित्यत्र स्वामित्वेन** धनवच्चैत्राभावस्य प्रतियोगिता स्वपदेन गृह्यते । तत्प्रतियोगितावच्छेदकतायाः धनवन्निष्ठायाः अवच्छेदकसम्बन्धः स्वामित्वं, तेन सम्बन्धेन धनवन्निष्ठप्रतियोगितावच्छेदकधनस्यानधिकरणमेव द्रव्यत्वाधिकरणं घटादि । तथा च स्वामित्वेन धनवन्निष्ठायाः प्रतियोगितायाः लक्षणघटकत्वात्, तस्याञ्च धनत्वावच्छिन्नायाः धननिष्ठायाः अवच्छेदकतायाः निरूपकत्वस्य च सत्वात् लक्षणघटकप्रतियोगितासामान्ये धनत्वावच्छिन्नावच्छेदकताकत्व-स्वामित्वावच्छिन्नावच्छेदकताकत्वोभयाभावो न वर्तते । तथा च नातिव्याप्तिः

। न च वृत्यनियामकसम्बन्धस्य प्रतियोगितावच्छेदकतावच्छेदकत्वं कथं सर्वसंमतत्वेन सिद्धम् इति वाच्यम् चैत्रो न पचतीत्यत्र पाकः स्वानुकूलत्वसम्बन्धेन कृतौ वर्तते । तस्याश्चाभावो चैत्रे वर्तते । तथा च 'स्वानुकूलत्वसम्बन्धेन पाकविशिष्टा या कृतिः, तदभाववान् चैत्रः' इति शाब्दबोधो भवति । अत्र पाकविशिष्टकृत्यभावस्य प्रतियोगितायाः पाकविशिष्टकृतिनिष्ठायाः अवच्छेदकः पाको भवति । पाकनिष्ठायाश्च तादृशप्रतियोगितावच्छेदकताया अवच्छेदकः सम्बन्धः स्वानुकूलत्वरूपो वृत्यनियामकसम्बन्धो भवति । इत्थञ्च निरुक्तप्रतीतिबलात् वृत्यनियामकसम्बन्धे प्रतियोगितावच्छेदकतावच्छेदकत्वं सर्वसंमतं भवति । तथा च तदनुसारेणानन्तरोक्तलक्षणं निर्दुष्टं भवति ।

**चन्द्रशेखरीया :** અથવા તો ભલે વૃત્તિ-અનિયામકસંબંધ એ પ્રતિયોગિતાવચ્છેદક ન બને એમ માનીએ તો પણ વૃત્યનિયામક સંબંધ એ પ્રતિયોગિતાવચ્છેદકતાનો અવચ્છેદક તો માનેલો જ છે. એમાં કોઈનો નિષેધ નથી. તો એ અનુસારે આ પ્રમાણે લક્ષણ બનાવવું કે સ્વાવચ્છેદકતાવચ્છેદકસંબંધથી યાદશપ્રતિયોગિતાવચ્છેદકાનધિકરણ એવું હેત્વધિકરણ બને. તાદશપ્રતિયોગિતાસામાન્યમાં યદ્ધર્માવચ્છિન્નાવચ્છેદકતાકત્વ+ યત્સંબંધાવચ્છિન્નાવચ્છેદકતાકત્વોભયનો અભાવ હોય. તે સંબંધથી તદ્ધર્માવચ્છિન્ન સાધ્ય એ હેતુવ્યાપક ગણાય.

અહીં સ્વામિત્વેન ધનવાળા એવા ચૈત્રનો અભાવ લઈએ, તો ધનવાન્માં રહેલી પ્રતિયોગિતા એ સ્વશબ્દથી લેવાય તેનો અવચ્છેદક ધનવત્વ બને=ધન બને. એ ધન એ ચૈત્રમાં સ્વામિત્વથી રહેલ છે. એટલે ધનમાં રહેલી પ્રતિયોગિતાવચ્છેદકતાનો અવચ્છેદકસંબંધ સ્વામિત્વ બને છે. હવે અહીં સ્વામિત્વથી ધનવદ્-અભાવ લીધો છે. એટલે યાદશપ્રતિયોગિતા તરીકે ધનવદ્માં રહેલી પ્રતિયોગિતા લેવાશે. તેનો અવચ્છેદક ધન બનશે. અને સ્વામિત્વથી તો તે ધનનું અધિકરણ (સંબંધિ) જ ચૈત્રત્વાધિકરણ ચૈત્ર બને છે. એટલે આ અભાવ તો ન જ લેવાય. આ અભાવની જે પ્રતિયોગિતા છે એ ધનાવચ્છિન્ન હતી. અને તેથી આ પ્રતિયોગિતાની અવચ્છેદકતા એ ધનમાં હતી અને તે અવચ્છેદકતાની નિરૂપક આ પ્રતિયોગિતા હતી. એટલે કે આ પ્રતિયોગિતા એ ધનત્વધર્માવચ્છિન્ન એવી ધનનિષ્ઠાવચ્છેદકતાની નિરૂપક=ધનત્વાવચ્છિન્ન (ધનનિષ્ઠપ્રતિયોગિતા)વચ્છેદકતાક હતી. તેમ એ ધનમાં રહેલી આ પ્રતિ.તા-અવચ્છેદકતા સ્વામિત્વાવચ્છિન્ન હતી એટલે કે આ પ્રતિયોગિતા એ સ્વામિત્વાવચ્છિન્નાવચ્છેદકતા (નિરૂપ)ક હતી. આમ આ એક જ પ્રતિયોગિતામાં ધનત્વાવચ્છિન્નાવચ્છેદકતાકત્વ + સ્વામિત્વાવચ્છિન્નાવચ્છેદકતાકત્વોભય છે. હવે આ પ્રતિયોગિતા તો પ્રતિયોગિતાસામાન્યમાં અન્તર્ગત થતી નથી. એટલે હવે બાકીની જે પ્રતિયોગિતાઓ લક્ષણઘટક બનશે તે તમામમાં ધનવાળા એવા ધનાવયવોનો અભાવ લઈએ તો સ્વ=ધનવદ્માં રહેલી (ધનવદ્-એવા ધનાવયવોમાં રહેલી) આ પ્રતિયોગિતાનો અવચ્છેદક ધન છે. અને સમવાયથી એ ધનનું અનધિકરણ એવો મૈત્ર છે જ. એટલે આ પ્રતિયોગિતા લક્ષણઘટક બને. અને તેમાં ધનત્વાવચ્છિન્ન (ધનનિષ્ઠ) અવચ્છેદકતાકત્વ છે પરંતુ સ્વામિત્વાવચ્છિન્નાવચ્છેદકતાકત્વ નથી. અર્થાત્ ઉભયાભાવ મળી ગયો. આ રીતે લક્ષણઘટક બનનારી તમામ પ્રતિયોગિતાઓમાં વિચારી લેવું. એટલે અવ્યાપ્તિ આવતી નથી. વૃત્તિ-અનિયામકસંબંધ ભલે પ્રતિયોગિતા-અવચ્છેદક ન બને. પણ પ્રતિયોગિતાવચ્છેદકતાનો અવચ્છેદક તો બને જ છે. એ ન્યાયે આ બધું ઘટી જાય છે. અને આ ન્યાય બધાને માન્ય જ છે, કેમકે **'ચૈત્રો ન પચતિ'** અહીં 'પાકાનુકૂલકૃતિ-અભાવવાન્ ચૈત્રઃ' એવો શાબ્દ બોધ થાય છે, અહીં પાક એ અનુકૂલત્વ સંબંધથી કૃતિમાં રહે છે. અર્થાત્ સ્વાનુકૂલત્વસંબંધથી પાકવિશિષ્ટ એવી જે કૃતિ છે, તેના અભાવવાળો ચૈત્ર એવો બોધ થાય છે. અહીં કૃતિમાં જે પ્રતિયોગિતા આવી તેનો અવચ્છેદક પાક છે. અને તેમાં

પ્રતિયોગિતાવચ્છેદકતા છે. તેનો અવચ્છેદક સંબંધ વૃત્યનિયામક એવો અનુકૂલત્વસંબંધ બને છે કેમકે પાક એ કૃતિમાં સ્વાનુકૂલત્વસંબંધથી રહે છે. આમ આ પ્રતીતિને અનુસારે વૃત્યનિયામક સંબંધ એ પ્રતિયોગિતાવચ્છેદકતાવચ્છેદક બને છે એ વાત સર્વમાન્ય બનવાથી આ મારું લક્ષણ નિર્દોષ ઠરે છે.

---

**जागदीशी-** व्यभिचारिणि तु, –साध्यवत्सामान्याभावप्रतियोगितायामेव तादृशोभयाभावविरहान्नातिव्याप्तिरिति तु''–नव्याः ।

---

**चन्दशेखरीया :** अत्र लक्षणे यदि सामान्यपदं न निवेश्यते, तदा तु संयोगेन घटवदभावप्रतियोगितावच्छेदकतायाः घटनिष्ठायाः अवच्छेदकसम्बन्धः संयोगः, तेन सम्बन्धेन घटवन्निष्ठ-प्रतियोगितावच्छेदकघटानधिकरणं हेत्वधिकरणमयोगोलकं भवति । तथा च तादृशप्रतियोगितापदेन संयोगेन घटवन्निष्ठप्रतियोगिता गृह्यते । तस्यां च धूमत्वावच्छिन्नायाः धूमनिष्ठायाः प्रतियोगितावच्छेदकतायाः निरूपकत्वं नास्ति । अतः तस्यां संयोगावच्छिन्नायाः प्रतियोगितावच्छेदकतायाः निरूपकत्वे सत्वेऽपि धूमत्वावच्छिन्ना वच्छेदकताकत्व-संयोगावच्छिन्नावच्छेदकताकत्वोभयाभावो वर्तते, अतोऽतिव्याप्तिः भवति । अतः सामान्यपदमुपात्तम् । तथा च संयोगेन धूमवदभावप्रतियोगिता स्वपदेन गृह्यते, तत्प्रतियोगितावच्छेदकतायाः धूमनिष्ठायाः अवच्छेदकसम्बन्धः संयोगः, तेन सम्बन्धेन संयोगेन धूमवन्निष्ठप्रतियोगितावच्छेदक-धूमस्यानधिकरणमयोगोलकं भवति । तथा च संयोगेन धूमवन्निष्ठा प्रतियोगिताऽपि लक्षणघटकप्रतियोगिता-सामान्यान्तर्गता । तस्याञ्च धूमत्वावच्छिन्नायाः धूमनिष्ठायाः प्रतियोगितावच्छेदकतायाः निरूपकत्वं संयोगावच्छिन्नायाः धूमनिष्ठायाः प्रतियोगितावच्छेदकतायाः निरूपकत्वञ्च वर्तते । इत्थं च तादृशप्रतियोगितायां धूमत्वावच्छिन्नावच्छेदकताकत्व-संयोगावच्छिन्नावच्छेदकताकत्वोभयसत्वात् निरूक्तप्रतियोगितासामान्ये निरुक्तोभयाभावो न विद्यते । अतो नातिव्याप्तिः इति सामान्यपदं सार्थकं भवति ।

ननु **'दंडिमान् दंडिसंयोगात्'** इत्यत्र व्याप्यवृत्तिपदस्य प्रथमव्याख्यानुसारेण दंडि साध्यं व्याप्यवृत्ति अस्ति । किन्तु तत्र यदि हेतुमन्निष्ठाभावस्य साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नायाः प्रतियोगितायाः अनवच्छेदकं साध्यतावच्छेदकमित्यादिरुपमेव प्रतियोगिव्यधिकरणपदाघटितं लक्षणमुच्येत । तदा तु दंडिसंयोगवान् प्रासादः भूतलञ्च, तत्र भूतले प्रासादीयदंड्यभावः, प्रासादे च भूतलीय-दंड्यभावः, तयोः द्वयोः प्रतियोगिता साध्यतावच्छेदकसंयोगावच्छिन्नाऽपि अस्ति । तत्प्रतियोगितावच्छेदकश्च क्रमशः प्रासादीयदंडः भूतलीयदंडश्च भवति इत्येवंरीत्या सर्वेषां दंडानां साध्यतावच्छेदकानां निरुक्तलक्षणघटकप्रतियोगितावच्छेदकत्वसंभवाद व्याप्तिर्भवेत् । तद्वारणाय व्याप्यवृत्तिसाध्यकस्थलेऽपि प्रतियोगिव्यधिकरणघटितमेव वक्ष्यमाणं लक्षणं वक्तव्यम् । तल्लक्षणञ्च **'दंडिमान् दंडिसंयोगादि'**त्यत्राव्याप्तं यद्यपि न भवति । लक्षणघटकप्रासादीयदंड्यादि-अभावप्रतियोगितासु दंडत्वावच्छिन्नदंडात्मकेन यादृशधर्मेण अवच्छिन्नत्वाभावात् लक्षणसमन्वयसंभवात् । किन्तु **'प्रमेयवान् घटत्वादि'**त्यत्र अव्याप्तिर्भवेत् । यतो यदि कुत्रापि पदार्थे प्रमेयाभावो वर्तेत, तदा तत्प्रतियोगितायां प्रमेयत्वावच्छिन्नत्वं प्रसिद्धं भवेत् । किन्तु सर्वत्र प्रमेयाभावाभावात् कस्यामपि प्रतियोगितायाम्

प्रमेयत्वावच्छिन्नत्वं न प्रसिद्ध्यति । अतो लक्षणघटकीभूते प्रतियोगितासामान्ये प्रमेयत्वावच्छिन्नत्वाभावो न ग्रहीतुं शक्यते । तथा च प्रमेयत्वावच्छिन्नत्वाभावघटितलक्षणसमन्वयस्यासंभवादत्राव्याप्तिः दुर्वारा । **न च** प्रमेयत्वविषयके ज्ञाने विषयितासम्बन्धेन प्रमेयत्वं वर्तते । तथा च प्रमेयत्वविशिष्टं यत् ज्ञानं, तस्मिन् वर्तमाना या विषयिता, सा प्रमेयत्वावच्छिन्ना भवति । एवं विषयितादौ प्रकारित्वापराभिधानादौ प्रमेयत्वावच्छिन्नत्वस्य प्रसिद्धत्वात् निरुक्तप्रतियोगितासामान्ये प्रमेयत्वावच्छिन्नत्वाभावोऽपि वक्तुं शक्यते इति **वाच्यम्** प्रतियोगितानिष्ठस्यैव प्रमेयत्वावच्छिन्नत्वस्याभावोऽत्र विवक्षितः, अन्यथा '**धूमवान् वह्नेरि**त्यत्रातिव्याप्तिप्रसङ्गो भवेत् । तथाहि यद्यपि धूमनिष्ठा प्रतियोगिता लक्षणघटका भवति । किन्तु धूमत्वावच्छिन्नत्वं धूमनिष्ठप्रतियोगितायां धूमत्वज्ञाननिष्ठप्रकारितायां च भिन्नं भिन्नं वर्तते, न त्वेकं । अतो धूमनिष्ठप्रतियोगितायां लक्षणघटकीभूतायां धूमत्वज्ञाननिष्ठप्रकारितायां वर्तमानस्य धूमत्वावच्छिन्नत्वस्याभाव एव वर्तते । तथा च तस्यामपि उभयाभावसत्वात् निरूक्तप्रतियोगितासामान्ये निरूक्तोभयाभावसत्वात् संयोगेन धूमो वह्निव्यापको भवेत्। तद्वारणाय प्रतियोगितायां प्रसिद्धस्यैव साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वस्याभावो लक्षणघटकीभूतायां प्रतियोगितायां अङ्गीकर्तव्यः, न त्वन्यः । एवञ्च धूमाभावीयप्रतियोगितायां धूमाभावप्रतियोगिताप्रसिद्धस्य धूमत्वावच्छिन्नत्वस्य सत्वात् संयोगावच्छिन्नत्वस्य च सत्वात् उभयाभावो न वर्तते । अतोऽतिव्याप्तिर्न भवेत् । एवञ्चात्रापि प्रतियोगितायां प्रसिद्धस्यैव प्रमेयत्वावच्छिन्नत्वस्याभावो लक्षणघटकीभूतायां प्रतियोगितायां वाच्यः, न त्वन्यः, किन्तु कस्यामपि प्रतियोगितायां प्रमेयत्वावच्छिन्नत्वमप्रसिद्धमिति तदभावो न ग्रहीतुं शक्यते, अन्यत्र प्रसिद्धस्यैव वस्तुनः अभावोऽन्यत्र ग्रहीतुं शक्यते इति नियमात् । तथा च भवत्यत्राव्याप्तिः । न च विषयितासम्बन्धेन प्रमेयत्वविशिष्टस्य ज्ञानस्य गगनेऽभावो वर्तते । तदभावप्रतियोगिता तु ज्ञाननिष्ठा ज्ञाने विषयितासम्बन्धेन वर्तमानेन प्रमेयत्वेनावच्छिन्ना । इत्थञ्च गगने निष्ठस्य प्रमेयत्वविशिष्टज्ञानाभावस्य प्रतियोगितायां प्रमेयत्वावच्छिन्नत्वस्य प्रसिद्धत्वात्, लक्षणघटकीभूतप्रतियोगितासामान्ये तदभावो वक्तुं शक्यते इति लक्षणघटनात् नाव्याप्तिरिति **वाच्यम्** एवमत्र विषयितासम्बन्धेन प्रतियोगितायां प्रमेयत्वावच्छिन्नत्वस्य प्रसिद्धत्वेऽपि साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धेन स्वरूपसम्बन्धात्मकेन प्रमेयत्वावच्छिन्नत्वस्याप्रसिद्धत्वात् भवत्यव्याप्तिः । लक्षणे च साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धेन साध्यतावच्छेदकावच्छिन्नत्वस्यैव कुत्रापि प्रसिद्धस्याभावो इष्यते न त्वन्यः । अन्यथा विषयितासम्बन्धेन धूमत्वविशिष्टज्ञानाभावस्य गगनादिनिष्ठस्य या प्रतियोगिता, तस्यां धूमत्वावच्छिन्नत्वं प्रसिद्धम् । लक्षणघटकीभूतायां धूमाभावीयप्रतियोगितायां तु निरुक्तज्ञाननिष्ठप्रतियोगिताप्रसिद्धस्य धूमत्वावच्छिन्नत्वस्याभाव एव वर्तेत । अतः तस्यामपि निरुक्तोभयाभाव सत्वात् पूर्ववदेवातिव्याप्तिर्भवेत् । साध्यतावच्छेदकतावच्छेदकसम्बन्धेन साध्यतावच्छेदकसम्बन्धावच्छिन्नत्वस्य कुत्रचित् प्रसिद्धस्याभावविवक्षणे तु न दोषः । धूमत्वनिष्ठायाः साध्यतावच्छेदकतायाः अवच्छेदकः सम्बन्धः समवायः, धूमत्वस्य धूमे समवायेन वर्तमानत्वात् । तेन सम्बन्धेन तु धूमत्वं धूमे एव वर्तमानं सत् धूमनिष्ठप्रतियोगितायाः अवच्छेदकं भवितुमर्हति । तथा च संयोगेन धूमाभावीयप्रतियोगितायां साध्यतावच्छेदकतावच्छेदकसमवायेन धूमत्वावच्छिन्नत्वं तु वर्तते एव । अतस्तत्रोभयसत्वात् न प्रतियोगितासामान्ये निरुक्तोभयाभावो भवति । तथा चातिव्याप्तिः । एवमत्रापि

साध्यतावच्छेदकतावच्छेदकः सम्बन्धः स्वरूपः प्रमेयत्वस्य साध्यतावच्छेदकस्य स्वरूपेण प्रमेये वर्तमानत्वात् । स्वरूपेण तु प्रमेयत्वं प्रमेये वर्तमानं सत् प्रमेयनिष्ठप्रतियोगिताया अवच्छेदकं भवितुमर्हति । किन्तु कुत्रापि प्रमेयाभावस्यासत्वात् प्रमेये प्रतियोगिता एव न विद्यते । अतः स्वरूपेण प्रमेयत्वावच्छिन्नत्वं कुत्रापि प्रतियोगितायाम् न प्रसिद्ध्यति । विषयितासम्बन्धेन प्रमेयत्वावच्छिन्नत्वं तु प्रमेयत्वविशिष्टज्ञाननिष्ठप्रतियोगितायां प्रसिद्धम् अत्रानुपयोगि । तथा च साध्यतावच्छेदकतावच्छेदकस्वरूपसम्बन्धेन प्रमेयत्वावच्छिन्नत्वस्य कुत्रापि प्रतियोगितायामप्रसिद्धत्वात् लक्षणघटकीभूतप्रतियोगितासामान्ये प्रमेयत्वावच्छिन्नत्वाभावो न ग्रहीतुं शक्यते । तथा च लक्षणसमन्वयाभावात् भवत्यव्याप्तिः । अत्र '**समवायसम्बन्धेन मेयसामान्याभावस्य**' इत्यादि दीधितिग्रन्थस्योत्थापकः जगदीशोक्तः पूर्वपक्षः समाप्तः । अयं पूर्वपक्षः दीधितिग्रन्थमाश्रित्यैव प्रतिपादितः इति ध्येयम् तेन जगदीशोक्ताः परिष्काराः अत्र न चिन्तनीयाः, किन्तु केवलं दीधितिग्रन्थ एवात्राश्रयणीयः । अधुना दीधितिकारः तं पूर्वपक्षं समादधाति । जातौ समवायेन न किमपि वस्तु वर्तते । तथा च जातौ समवायेन प्रमेयाभावो वर्तते । तत्प्रतियोगिता प्रमेयनिष्ठा साध्यतावच्छेदकतावच्छेदकेन स्वरूपसम्बन्धेनैव अवच्छिन्ना अस्ति । तथा च जातौ वर्तमानस्य प्रमेयाभावस्य प्रतियोगितायां स्वरूपेण प्रमेयत्वावच्छिन्नत्वस्य प्रसिद्धत्वात्, लक्षणघटकप्रतियोगितासामान्ये तदभावोऽपि ग्रहीतुं शक्यत एव । इत्थञ्च प्रतियोगितासामान्ये प्रमेयत्वावच्छिन्नत्वस्वरूपावच्छिन्नत्वोभयाभावसत्वात् नाव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા** : અહીં, જો સામાન્યપદ ન મુકે તો '**ધૂમવાન્ વહ્નેઃ**'માં વાંધો આવે, ત્યાં ઘટવદ્-અભાવપ્રતિયોગિતાવચ્છેદક ઘટ બને. તેમાં આવેલી પ્રતિયોગિતાવચ્છેદકતાનો અવચ્છેદક સંબંધ સંયોગ છે, કેમકે સંયોગથી ઘટવદ્ એવા પટાદિનો અભાવ લીધો છે. હવે ઘટવદ્અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક ઘટ બને. અને સંયોગથી એ ઘટનું અનધિકરણ એવો પર્વત છે જ. અને તેથી આ ઘટવદ્નિષ્ઠપ્રતિયોગિતા લક્ષણઘટક બની અને તેમાં તો ધૂમત્વાવચ્છિન્ના (ધૂમ)વચ્છેદકતાકત્વનો અભાવ જ છે, કેમકે અહીં ઘટ જ અવચ્છેદક હોવાથી આ પ્રતિયોગિતા એ ઘટત્વાવચ્છિન્ન એવી ઘટનિષ્ઠ (પ્રતિયોગિતા) અવચ્છેદકતાની જ નિરૂપક છે. આમ ઉભયાભાવ મળી જવાથી લક્ષણ ઘટી જાય. પણ **પ્રતિયોગિતાસામાન્ય** પદ મુકવાથી આ વાંધો ન આવે. ધૂમવદ્-અભાવની પ્રતિયોગિતાનો અવચ્છેદક ધૂમ છે અને તે અહીં સંયોગથી લીધો હોવાથી ધૂમમાં રહેલી પ્રતિયોગિતાવચ્છેદકતાનો અવચ્છેદક સંયોગસંબંધ બને છે. હવે ધૂમવદ્નિષ્ઠપ્રતિયોગિતાનો અવચ્છેદક ધૂમ છે અને સંયોગથી ધૂમનું અનધિકરણ એવો અયોગોલક છે જ. એટલે ધૂમવન્નિષ્ઠપ્રતિયોગિતા=સ્વની અવચ્છેદકતાના અવચ્છેદક એવા સંયોગ સં.થી ધૂમવહ્નિનિષ્ઠપ્રતિયોગિતાવચ્છેદકધૂમનું અનધિકરણ એવો અયોગોલક મળી જવાથી સંયોગથી ધૂમવદ્નિષ્ઠપ્રતિયોગિતા પણ પ્રતિયોગિતાસામાન્યની અન્તર્ગત છે અને તે પ્રતિયોગિતા એ "ધૂમત્વાવચ્છિન્ન એવી ધૂમનિષ્ઠ જે પ્રતિયોગિતાવચ્છેદકતા છે" તેની નિરૂપક છે જ. અને 'સંયોગાવચ્છિન્ન એવી જે ધૂમનિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદકતા છે' તેની નિરૂપક પણ છે જ. સંયોગથી ધૂમવાળો જે હોય તેનો અભાવ લો. એટલે ધૂમમાં ધૂમવત્નિષ્ઠપ્રતિયોગિતાવચ્છેદકતા આવે અને તે સંયોગાવચ્છિન્ન+ધૂમત્વાવચ્છિન્ન બને જ છે. આમ આ ધૂમવત્નિષ્ઠપ્રતિયોગિતામાં તાદૃશોભય હોવાથી પ્રતિયોગિતાસામાન્યમાં ઉભયાભાવ ન મળ્યો. માટે અતિવ્યાપ્તિ ન આવે. (હવે પાછું દીધિતિમાં જોઈએ.)

**પ્રશ્ન** : જ્યાં વ્યાપ્યવૃત્તિ સાધ્ય હોય, ત્યાં પણ ઉપર પ્રમાણે જ લક્ષણ કહેવું જોઈએ. જો એમ ન કહો તો **દંડિમાન્ દંડિસંયોગાત્** ઈત્યાદિ સ્થલે દંડિત્વેન દંડીની દંડિયસંયોગવ્યાપકતા ઘટે જ નહિ. અહીં દંડી એ

વ્યાપ્યવૃત્તિની પહેલી વ્યાખ્યા પ્રમાણે વ્યાપ્યવૃત્તિ સાધ્ય છે. હવે ત્યાં જો ઉપર પ્રમાણે ન કહો તો **'હેતુમત્-નિષ્ઠાભાવની સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન પ્રતિયોગિતાનું અનવચ્છેદક એવું સાધ્યતાવચ્છેદક'** આ પ્રમાણે લક્ષણ બને અને દંડિસંયોગવત્ ભૂતલ+પ્રાસાદાદિમાં ચાલનીન્યાયથી સંયોગથી પ્રાસાદીય દંડિ-અભાવ, ભૂતલીય દંડિ-અભાવ વગેરે મળી જાય અને તેની સંયોગાવચ્છિન્નપ્રતિયોગિતાના અવચ્છેદક દંડો એ જ સાધ્યતાવચ્છેદક બનવાથી અવ્યાપ્તિ આવે. માટે ત્યાં ઉપર પ્રમાણે જ કહેવું પડે. અને આ રીતે વ્યાપ્યવૃત્તિસાધ્યકસ્થલે પણ જ્યારે ઉપર પ્રમાણે જ લક્ષણ બનાવવાનું છે. એટલે પછી **'પ્રમેયવાન્ ઘટત્વાત્'** અહીં અવ્યાપ્તિ આવશે. અહીં દીધિતિના લક્ષણ પ્રમાણે પ્રતિયોગિતામાં ઉભયાભાવ લેવાનો છે. પરંતુ કોઈપણ સ્થાને પ્રમેયનો અભાવ ન હોવાથી પ્રમેયત્વાવચ્છિન્ન એવી પ્રતિયોગિતા જ પ્રસિદ્ધ નથી. અને તેથી પ્રતિયોગિતામાં પ્રમેયત્વાવચ્છિન્નત્વ ક્યાંય પ્રસિદ્ધ જ ન હોવાથી તેનો અભાવ પણ ન લઈ શકાય. આમ ઉભયાભાવ ન લઈ શકાતા અવ્યાપ્તિ આવે. (વચ્ચેની બધી ચર્ચાઓ જગદીશમાં આવી છે. આ પ્રશ્ન એ દીધિતિની પંક્તિને નજર સામે રાખીને કરાય છે, એ જાણવું જેનો ઉત્તર દીધિતિ જ આપશે.)

**મધ્યસ્થ :** 'પ્રમેયવાન્' એવું જ્ઞાન થાય. તેમાં જ્ઞાનમાં વિષયિતાસંબંધથી પ્રમેયત્વવિશિષ્ટ પ્રમેય રહી જાય છે. આમ જ્ઞાનમાં રહેલી વિષયિતા એ પ્રમેયત્વાવચ્છિન્ન બને છે. આમ તેમાં પ્રમેયત્વાવચ્છિન્નત્વ પ્રસિદ્ધ હોવાથી લક્ષણઘટકપ્રતિયોગિતામાં તેનો અભાવ પણ લઈ શકાતા વાંધો ન આવે.

**પૂર્વપક્ષ :** ના, અહીં તો પ્રતિયોગિતામાં પ્રસિદ્ધ એવા જ પ્રમેયત્વાવચ્છિન્નત્વનો લક્ષણમાં નિવેશ છે. વિષયિતા વગેરેમાં પ્રસિદ્ધ એવા જ પ્રમેયત્વાવચ્છિન્નત્વને લઈ ન શકાય. **જો આમ ન માનો તો ધૂમવાન્ વહ્નેઃ** ઇત્યાદિમાં જ અતિવ્યાપ્તિ આવે. તે આ પ્રમાણે—અહીં પ્રતિયોગિતાવચ્છેદકસંયોગથી ધૂમાભાવપ્રતિયોગિતાવચ્છેદકધૂમત્વ-અવચ્છિન્નધૂમનું અનધિકરણ અયોગોલક મળી જતા તે ધૂમમાં રહેલી પ્રતિયોગિતા પણ લક્ષણઘટક બને ખરી. પણ પ્રતિયોગિતામાં રહેલ ધૂમત્વાવચ્છિન્નત્વ અને 'ધૂમત્વવાન્ ધૂમઃ' એ જ્ઞાનનિષ્ઠવિષયિતામાં રહેલ ધૂમત્વાવચ્છિન્નત્વ એ બે ય જુદા જુદા જ છે. હવે ધૂમનિષ્ઠપ્રતિયોગિતામાં વિષયિતાનિષ્ઠ એવા ધૂમત્વ-અવચ્છિન્નત્વનો તો અભાવ જ છે. એટલે આ ધૂમનિષ્ઠપ્રતિયોગિતામાં પણ સંયોગાવચ્છિન્નત્વ + ધૂમત્વાવચ્છિન્નત્વોભયનો તો અભાવ મળી જ જાય છે. અને આમ પ્રતિયોગિતા સામાન્યમાં ઉભયાભાવ મળતા અતિવ્યાપ્તિ આવે. આ આપત્તિ નિવારવા એમ જ કહેવું પડે કે પ્રતિયોગિતામાં પ્રસિદ્ધ એવા જ ધૂમત્વાવચ્છિન્નત્વનો અભાવ લેવાનો. હવે ધૂમનિષ્ઠપ્રતિયોગિતામાં ભલે વિષયિતામાં રહેલ ધૂમત્વાવચ્છિન્નત્વનો અભાવ હોય પણ એની કોઈ જરૂર જ નથી. આ પ્રતિયોગિતામાં પ્રતિયોગિતાનિષ્ઠ એવું ધૂમત્વાવચ્છિન્નત્વ તો છે જ. અને સંયોગાવચ્છિન્નત્વ પણ હોવાથી ઉભયાભાવ ન મળે. પરિણામે અતિવ્યાપ્તિ ન આવે. આમ અહીં પ્રતિયોગિતામાં પ્રસિદ્ધ એવા જ સાધ્યતાવચ્છેદકધર્માવચ્છિન્નત્વનો અભાવ લેવાનો છે. હવે કોઈપણ પ્રતિયોગિતામાં પ્રમેયત્વાવચ્છિન્નત્વ તો પ્રસિદ્ધ જ નથી. માટે તેનો અભાવ ન લઈ શકાતા **'પ્રમેયવાન્ ઘટત્વાત્'**માં અવ્યાપ્તિ આવે.

**મધ્યસ્થ :** પ્રમેયત્વનું જ્ઞાન થાય, ત્યારે તે જ્ઞાન વિષયિતાસંબંધથી પ્રમેયત્વવિશિષ્ટ બને. આ જ્ઞાન એ ગગનમાં સમવાયાદિસંબંધથી રહેતું નથી. એટલે ત્યાં પ્રમેયત્વવિશિષ્ટ જ્ઞાનનો અભાવ મળે. આ જ્ઞાનમાં પ્રતિયોગિતા આવી અને એ પ્રમેયત્વાવચ્છિન્ન બની. આમ આ પ્રતિયોગિતામાં પ્રમેયત્વાવચ્છિન્નત્વ પ્રસિદ્ધ જ હોવાથી **'પ્રમેયવાન્ ઘટત્વાત્'** વગેરેમાં પણ લક્ષણઘટક એવી ઘટીયપ્રતિયોગિતાદિમાં પ્રમેયત્વાવચ્છિન્નત્વનો

અભાવ લઈ શકાય. આમ ઉભયાભાવ મળી જતા અવ્યાપ્તિ ન આવે.

**પૂર્વપક્ષ** : વિષયિતાસંબંધથી રહેલા એવા પ્રમેયત્વથી અવચ્છિન્ન પ્રતિયોગિતા તમે બનાવી. અર્થાત્ વિષયિતાસંબંધથી પ્રમેયત્વવિશિષ્ટજ્ઞાનાભાવની પ્રતિયોગિતામાં જો કે પ્રમેયત્વાવચ્છિન્નત્વ પ્રસિદ્ધ છે. પરંતુ સાધ્યતાવચ્છેકતાના અવચ્છેદક એવા સ્વરૂપથી પ્રમેયત્વાવચ્છિન્નત્વ તો કોઈપણ પ્રતિયોગિતામાં પ્રસિદ્ધ નથી જ. અને લક્ષણમાં તો સાધ્યતાવચ્છેદકતાવચ્છેદકસંબંધથી સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નત્વનો જ અભાવ લેવાનો છે અને એ તો ક્યાંક પ્રસિદ્ધ હોવું જ જોઈએ. જો આ વિવક્ષા ન કરો તો **ધૂમવાન્ વહ્નેઃ**માં અતિવ્યાપ્તિ આવે. ધૂમનિષ્ઠપ્રતિયોગિતા લક્ષણઘટક તો બની જાય. પણ ધૂમત્વવિષયકજ્ઞાનાભાવની પ્રતિયોગિતામાં જે વિષયિતાસંબંધથી ધૂમત્વાવચ્છિન્નત્વ પ્રસિદ્ધ છે. તે ધૂમત્વાવચ્છિન્નત્વનો તો આ લક્ષણઘટક એવી ધૂમપ્રતિયોગિતામાં અભાવ જ છે. કેમકે જુદી જુદી પ્રતિયોગિતાઓમાં તત્તદ્ધર્માવચ્છિન્નત્વ જુદું જુદું જ હોય. આમ આ ધૂમપ્રતિયોગિતામાં પણ ઉભયાભાવ જ મળી જાય. અને તો પછી સંયોગથી ધૂમ એ વહ્નિવ્યાપક માનવાની આપત્તિ આવે. પરંતુ ઉપર પ્રમાણે કહેવાથી આ વાંધો ન આવે. કેમકે ધૂમત્વમાં સાધ્યતાવચ્છેદકતા છે. એ ધૂમત્વ ધૂમમાં સમવાયથી રહીને સાધ્યતાનો અવચ્છેદક બને છે. એટલે સાધ્યતાવચ્છેદકતાવચ્છેદક સમવાય બને. અને તે સંબંધથી ધૂમાભાવની પ્રતિયોગિતા એ જ ધૂમત્વાવચ્છિન્નત્વવાળી બને. અને લક્ષણઘટક ધૂમાભાવની પ્રતિયોગિતામાં તો એ સંબંધથી ધૂમત્વાવચ્છિન્નત્વ છે જ. અને સંયોગાવચ્છિન્નત્વ પણ છે. માટે અતિવ્યાપ્તિ ન આવે. કેમકે પ્રતિયોગિતાસામાન્યમાં ઉભયાભાવ ન મળ્યો. એટલે સાધ્યતાવચ્છેદકસંબંધથી જ સાધ્યતાવચ્છેદકાવચ્છિન્નત્વ-અભાવ એ લક્ષણઘટક તરીકે લેવાનો છે. પ્રસ્તુતમાં તાદૃશસ્વરૂપથી પ્રમેયત્વાવચ્છિન્નત્વ તો કોઈપણ પ્રતિયોગિતામાં પ્રસિદ્ધ ન હોવાથી પ્રતિયોગિતામાં તેનો અભાવ પણ ન લઈ શકાતા અવ્યાપ્તિ આવે.

**ઉત્તરપક્ષ** : તમારી ભુલ થાય છે. જાતિ વગેરેમાં સમવાયથી પ્રમેયસામાન્યનો અભાવ છે. આ અભાવની પ્રતિયોગિતામાં પ્રમેયત્વાવચ્છિન્નત્વ છે. અને એ પ્રમેયત્વ અહીં સ્વરૂપથી પ્રમેયમાં રહીને પ્રતિયોગિતાવચ્છેદક બને છે. એટલે અહીં સ્વરૂપથી પ્રમેયત્વાવચ્છિન્નત્વ પ્રસિદ્ધ છે જ. અને તેથી લક્ષણઘટક એવી ઘટીયપ્રતિયોગિતા વગેરેમાં સ્વરૂપેણ પ્રમેયત્વાવચ્છિન્નત્વનો અભાવ પણ લઈ શકાય. આમ નિરુક્તપ્રતિયોગિતાસામાન્યમાં ઉભયાભાવ મળી જતા અવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी** - **ननु व्याप्यवृत्तिसाध्यकस्थलेऽप्युक्तक्रमेणैव व्यापकत्वं निर्वाच्यम्,–**

**–अन्यथा 'दण्डिमा'नित्यादौ दण्डित्वादिप्रकारेण व्यापकत्वानुपपत्तेः,**

**तथा च 'प्रमेयवान् घटत्वा'दित्यादावव्याप्तिः, प्रमेयत्वावच्छिन्नत्वस्याप्रसिद्धेः ।**

**न च प्रकारित्वादौ तत्प्रसिद्धिः –,**

**–प्रतियोगितानिष्ठाया एवावच्छेद्यताया: प्रकृते निवेशनीयत्वात्,**

**अन्यथा प्रकारित्व-प्रतियोगित्वसाधारणैकावच्छेद्यत्वविरहेण व्यभिचारिण्यति-व्याप्त्यापत्तेः,–**

**(विषयितया प्रमेयत्वविशिष्टस्य ज्ञानादेरभावप्रतियोगितायां प्रमेयत्वावच्छिन्नत्वस्य प्रसिद्धावपि स्वरूपसम्बन्धेन साध्यतावच्छेदकतावच्छेदकेन तदवच्छिन्नत्वस्याप्रसिद्धेः,–) अत आह, –समवायेति ।**

**ननु स्वरूपसम्बन्धेन गगनादेर्वृत्तिमत्त्वेऽपि, –प्रकृतसाध्यीयसाध्यतावच्छेदक-सम्बन्धसामान्ये,–तादृशोभयाभावविवक्षयैव सर्वसामञ्जस्ये कृतं विवक्षान्तरेण ?**

**'घटवान् महाकालत्वा'दित्यत्र घटीयतादृशविशेषणतायां पटत्वावच्छिन्नप्रतियोगि-कत्वविरहेण पटाभावस्यैव प्रतियोगिवैयधिकरण्यसम्भवात्,**

**'कालः प्रमेयवान्महाकालत्वा'दित्यत्र च कालिकसम्बन्धेन प्रमेयसामान्यस्य व्याप्यवृत्तितया तत्र प्रतियोगिवैयधिकरण्यस्यैवानुपादेयत्वेन निर्दोषादतः पूर्वकल्पे दोषान्तरमाह, –अत एवेति ।**

---

**चन्द्रशेखरीया :** ननु कालिकात्मकेन स्वरूपसम्बन्धेन गगनं महाकालादौ वर्तते इति मतम् अङ्गीकृत्य भवता नूतनपरिष्कारः कृतः । किन्तु प्राचीनलक्षणं एव 'प्रकृतसाध्यीयसाध्यतावच्छेदकसम्बन्धसामान्ये निरुक्तप्रतियोगि-प्रतियोगिकत्व-हेत्वधिकरणयत्किंचिद्व्यक्त्यनुयोगिकत्वोभयाभाव' इत्यादिपरिष्कारसमन्वितं उच्यताम् । तावतैवाव्याप्तिदोषनिवारण-संभवात् । अत्र "**प्रकृतसाध्यीय**" इति पदं अधिकं निवेशितम् । तथा च घट एवात्र प्रकृतसाध्यः इति घटप्रतियोगिकः साध्यतावच्छेदककालिकसम्बन्ध एवात्र ग्राह्यः । तस्मिन् च घटप्रतियोगिक-कालिकसामान्ये पटाभावप्रतियोगिता-अवच्छेदकपटत्वावच्छिन्न-पटप्रतियोगिकत्वाभावात् निरुक्तोभयाभावो वर्तते । अतः पटीयप्रतियोगिता लक्षणघटकत्वेन गृह्यते, तदनवच्छेदकं तु घटत्वं भवतीति लक्षणसमन्वयो संभवति । तत् किमर्थं प्राचीनलक्षणं लेशपरिष्कारसमन्वितं परित्यज्य नूतनलक्षणं क्रियते इति **चेत् न** प्राचीनलक्षणं **द्रव्यं जातेः** इत्यादौ अतिव्याप्तं भवति । तथा हि-अत्र द्रव्यत्वप्रतियोगिकसमवायसम्बन्धः प्रकृतसाध्यीय-साध्यतावच्छेदक-सम्बन्धः, स च सर्वत्र एक एव, समवायस्यैकत्वाभ्युपगमात् । तथा च य एव समवायः द्रव्ये वर्तते, स एव गुणे वर्तते कर्मणि च वर्तते । तथा च द्रव्यत्वप्रतियोगिकसमवायसामान्ये यथा द्रव्यत्वाभावप्रतियोगिद्रव्यत्व प्रतियोगिकत्वं वर्तते, तथैव जात्यधिकरणगुणादि-अनुयोगिकत्वमपि वर्तत एव । इत्थञ्च निरुक्तसमवायसामान्ये द्रव्यत्वाभावमादायोभयाभावो न वर्तते । अतो गगनाभावप्रतियोगिगगन-प्रतियोगिकत्वाभावमादाय उभयाभावो गृह्यते । तथा च गगनीयप्रतियोगिता एव लक्षणघटका, तदनवच्छेदकं च द्रव्यत्वत्वमिति अतिव्याप्तिः प्राचीनलक्षणस्य भवेत् । तस्मात् नूतनलक्षणं समादृतं । तेन च नातिव्याप्तिः । प्रतियोगितावच्छेदकसमवायेन द्रव्यत्वाभावप्रतियोगितावच्छेदकद्रव्यत्वत्वावच्छिन्न-द्रव्यत्वानधिकरणमेव गुणः, अतः समवायेन द्रव्यत्वाभावीयप्रतियोगिता लक्षणघटका भवति । तस्याञ्च समवायावच्छिन्नत्व-द्रव्यत्वत्वावच्छिन्नत्वोभयसत्वात् निरूक्त-प्रतियोगितासामान्ये उभयाभावो न वर्तते । अतो नातिव्याप्तिः । अत्र यद्यपि **कालः प्रमेयवान् महाकालत्वादित्यत्र** प्राचीनलक्षणमव्याप्तं भवति । यतः साध्यतावच्छेदककालिक-सामान्ये सर्वपदार्थ-

प्रतियोगिकत्व महाकालानुयोगिकत्वोभयसत्वात् न कोऽपि अभावो लक्षणघटकत्वेन ग्रहीतुं शक्यते । तथा च दुर्वारोऽव्याप्तिः । किन्तु तथापि तत्राव्याप्तिदोषः दीधितिकृता न प्रतिपादितः, तत्कारणं तु इदमेव यत् प्रमेयस्य कालिकेन व्याप्यवृत्तितया तत्साध्यकेऽनुमाने प्रतियोगिव्यधिकरणपदाघटितमेव लक्षणं वाच्यम् । तच्च हेतुमन्निष्ठाभावस्य साध्यतावच्छेदकसम्बन्धभिन्नसम्बन्धावच्छिन्नत्व-साध्यतावच्छेदकव्यापकतो-भयाभाववत्याः प्रतियोगिताया अनवच्छेदकं साध्यतावच्छेदकमित्याकारम् अस्ति । तादृशं लक्षणञ्चात्र नाव्याप्तम् । महाकालत्ववन्महाकाले समवायेन घटाभावो वर्तते । तत्प्रतियोगिता च कालिकभिन्नसमवायावच्छिन्ना अस्ति, किन्तु साध्यतावच्छेदकप्रमेयत्वव्यापिका नास्ति । अतः समन्वयसंभवात् अव्याप्तिः न भवति । अतो दीधितिकृता तत्राव्याप्तिप्रदानं न कृतं । किन्तु प्राचीनलक्षणस्य **द्रव्यं जातेरित्यादौ** अतिव्याप्तिरेव दोषत्वेन प्रतिपादिता भवति । तथाहि - अत्र द्रव्यत्वं साध्यं, साध्यतावच्छेदकसम्बन्धश्च द्रव्यत्वप्रतियोगिकसमवायः, किन्तु समवायस्य एकत्वात् अनेनैव समवायेन गुणादौ गुणत्वादिजातयः विद्यन्ते । ततश्च अस्मिन् समवाये द्रव्यत्वप्रतियोगिकत्व-गुणानुयोगिकत्वोभयसत्वात् अतिव्याप्तिः भवति । नूतनलक्षणे तु सा न भवति । समवायेन द्रव्यत्वाभावप्रतियोगितावच्छेदकेन समवायसम्बन्धेन द्रव्यत्वाभावप्रतियोगिद्रव्यत्वानधिकरणं हेत्वधिकरणं गुणः, तथा च सा प्रतियोगिता गृह्यते । तत्र द्रव्यत्त्वत्वावच्छिन्नत्व-समवायावच्छिन्नत्वोभयसत्वात् नातिव्याप्तिः । एवं साध्यतावच्छेदकसंयोगसामान्ये वह्निधूमोभयत्वावच्छिन्नवह्निधूमोभयप्रतियोगिकत्वविरहात् **वह्निधूमोभयवान् वह्नेः** इत्यत्र प्राचीनलक्षणस्य अतिव्याप्तिः भवति ।

**चन्द्रशेखरीया : प्रश्न :** આ મોટી વિવક્ષા કરવાની જરૂર જ ન હતી. ગગનને કાલિકસંબંધથી મહાકાલમાં વૃત્તિ માનીએ, તો પણ "પ્રકૃતસાધ્યીયસાધ્યતાવચ્છેદકસંબંધસામાન્યમાં નિરુક્ત-પ્રતિયોગીપ્રતિયોગીકત્વ+ હેત્વધિકરણયત્કિંચિત્વ્યક્ત્યનુયોગિકત્વોભયાભાવની વિવક્ષા કરવાથી જ **'ઘટવાન્ મહાકાલત્વાત્'**માં લક્ષણ ઘટી જાય. ૧૮મી કારિકામાં પ્રકૃતસાધ્યીય... એટલું પદ ઉમેરી એ જ ઉત્તર લેવાની વાત છે. અહીં ઘટ એ પ્રકૃત સાધ્ય છે. એટલે ઘટસાધ્યીય એવો કાલિક સંબંધ તો ઘટપ્રતિયોગીકકાલિક જ થાય. અને તેમાં તો પટપ્રતિયોગીકત્વાભાવ છે જ. આમ પટાભાવ જ લક્ષણઘટક તરીકે લઈ શકાતા લક્ષણ ઘટી જાય. તો પછી નિરુક્તપ્રતિયોગિતાસામાન્યમાં સાધ્યતાવચ્છેદક ધર્મ+સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વોભયાભાવની વિવક્ષા કરવાની કોઈ જરૂર જ નથી.

**મધ્યસ્થ :** તો પછી **કાલિકેન પ્રમેયવાન્ મહાકાલત્વાત્** ત્યાં અવ્યાપ્તિ આવે. અહીં પ્રકૃતસાધ્ય તરીકે પ્રમેય છે, અને તેથી પ્રમેયપ્રતિયોગીક કાલિકમાં તાદશોભય-અભાવ લેવો પડે. હવે પ્રમેયપ્રતિયોગીકકાલિકથી તો તમામ પ્રમેયો કાલમાં રહેતા જ હોવાથી આ કાલિકમાં ઘટ-પટાદિપ્રમેયસામાન્યપ્રતિયોગીકત્વ+ મહાકાલાનુયોગિકત્વ ઉભય હોવાથી ઉભયાભાવ ન મળતા અવ્યાપ્તિ આવે.

**પ્રશ્ન :** આ આપત્તિ ન આવે કેમકે કાલિકથી પ્રમેય તો વ્યાપ્યવૃત્તિ સાધ્ય છે. વ્યાપ્યવૃત્તિની બીજી વ્યાખ્યા લઈએ તો પણ સાધ્યતાવચ્છેદક કાલિકથી પ્રમેયાધિકરણ એવા મહાકાલાદિ બને અને તેમાં કોઈપણ રીતે પ્રમેયાભાવ લઈ શકાવાનો નથી. કેમકે ક્યાંય કાલિકથી પ્રમેયાભાવ મળતો નથી. આમ કાલિકથી પ્રમેય એ વ્યાપ્યવૃત્તિ જ હોવાથી ત્યાં આ લક્ષણ લેવાનું જ નથી. પણ પ્રતિયોગીવ્યધિકરણ-અઘટિત લક્ષણ જ લેવાનું છે. એટલે મહાકાલમાં સમવાયથી ઘટાભાવ છે. અને તેની પ્રતિયોગિતા સાધ્યતાવચ્છેદક-સંબંધભિન્નસમવાયાવચ્છિન્નત્વવાળી હોવા છતાં સાધ્યતાવચ્છેદકપ્રમેયત્વવ્યાપકતાવાળી નથી. અર્થાત્ ઉભયાભાવ

છે. એટલે તે પ્રતિયોગિતા લેવાય અને તેનો અનવચ્છેદક પ્રમેયત્વ બની જાય એટલે અવ્યાપ્તિ ન આવે. અહીં – હેતુમદ્નિષ્ઠાભાવની સાધ્યતાવચ્છેદકસંબંધભિન્નસંબંધાવચ્છિન્નત્વ+સાધ્યતાવચ્છેદકવ્યાપકતા-ઉભયાભાવવાળી પ્રતિયોગિતાનો અનવચ્છેદક સાધ્યતાવચ્છેદક – એ લક્ષણ લીધું છે. આમ અહીં કોઈ દોષ રહેતો નથી.

**ઉત્તરપક્ષ :** તો ય વાંધો છે. જો પેલું જૂનું જ લક્ષણ માનીએ, તો પછી **'द्रव्यं जातेः'** સ્થલે વાંધો આવે. અહીં દ્રવ્યત્વ સાધ્ય છે. સાધ્યતાવચ્છેદક તરીકે દ્રવ્યત્વપ્રતિયોગીકસમવાય મળે. પણ સમવાય એક જ હોવાથી આ જ સમવાયથી ગુણાદિમાં ગુણત્વાદિ જાતિઓ છે. એટલે આ સમવાયમાં દ્રવ્યત્વપ્રતિયોગિકત્વ +ગુણાનુયોગિકત્વ બેય હોવાથી અતિવ્યાપ્તિ આવે. આ નવા લક્ષણમાં વાંધો ન આવે. સમવાયેન દ્રવ્યત્વાભાવ લઈએ એટલે પ્રતિયોગિતાવચ્છેદક સમવાયથી દ્રવ્યત્વાભાવપ્રતિયોગીદ્રવ્યત્વાનધિકરણ એવું ગુણ=હેત્વધિકરણ મળે અને તેથી આ પ્રતિયોગિતા લેવાય અને તેમાં દ્રવ્યત્વત્વાવચ્છિન્નત્વ+સમવાયાવચ્છિન્નત્વ બે ય હોવાથી ઉભયાભાવ ન મળતા અતિવ્યાપ્તિ ન આવે.

એ રીતે એ જૂનું લક્ષણ **વહ્નિધૂમોભયવાન્ વહ્નેઃ**માં અતિવ્યાપ્ત બને. સાધ્યતાવચ્છેદક સંયોગમાં વહ્નિધૂમોભયપ્રતિયોગીકત્વ તો રહેવાનું જ નથી, કેમકે વહ્નિ+ધૂમ એ એક જ સંયોગથી રહેવાના નથી. એટલે સંયોગસામાન્યમાં વહ્નિધૂમોભય=(દ્વિત્વાવચ્છિન્ન) પ્રતિયોગીકત્વાભાવ દ્વારા ઉભયાભાવ મળી જતા અતિવ્યાપ્તિ આવે.

---

**जागदीशी** - **यद्यपि संयोगमात्रस्यैव द्वित्वावच्छिन्नप्रतियोगिकत्वविरहाद्वह्निधूमोभयत्वावच्छिन्नाभावमादायैव नातिव्याप्तिसम्भावना,**

---

**चन्द्रशेखरीया :** ननु असमञ्जसमिदं यदि हि संयोगसामान्ये वह्निधूमोभयप्रतियोगिकत्वाभावो वर्तते । तर्हि संयोगसामान्ये तमादाय निरुक्तोभयाभाव एव वर्तते । इत्थञ्च वह्निधूमोभयनिष्ठप्रतियोगिता एव लक्षणघटका भवति । तदवच्छेदकं तु वह्निधूमोभयत्वमिति अतिव्याप्तिः न भवति । तत्कथं अतिव्याप्तिनिरूपणं क्रियते इति चेत्

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** આ તો વિચિત્ર વાત છે. જ્યારે સંયોગસામાન્યમાં વહ્નિધૂમોભયપ્રતિયોગીકત્વ અભાવ મળી જાય છે. ત્યારે તો સંયોગસામાન્યમાં વહ્નિધૂમોભયાભાવને લઈને જ ઉભયાભાવ મળી જતા, વહ્નિધૂમોભયાભાવ જ લક્ષણઘટક બની જાય છે અને તેની પ્રતિયોગિતાનો અવચ્છેદક વહ્નિધૂમોભયત્વ=સા.અવચ્છેદક જ બની જતા અતિવ્યાપ્તિ આવવાની જ નથી. તો પછી આ અતિવ્યાપ્તિની વાત શી રીતે ઘટે ?

---

**जागदीशी** – **तथाऽपि 'वह्निधूमोभयवान् वह्ने'रित्यादौ संयोगस्य द्वित्वावच्छिन्नप्रतियोगिकत्व -विरहेऽपि समवायस्यैकत्त्वेन द्रव्यत्वप्रतियोगिकत्व-गुणानुयोगिकत्त्वोभयवत्त्वेन 'द्रव्यं जाते' रित्यादौ नातिव्याप्तिरिति–योजना । विरहेऽपि चेति । "चकारस्तु प्रामादिक" इति प्राञ्चः ।**

**चन्द्रशेखरीया :** सत्यं यद्यपि संयोगसामान्ये वह्निधूमोभयत्वावच्छिन्नवह्निधूमोभयप्रतियोगिकत्वविरहात् वह्निधूमोभयत्वावच्छिन्नाभावमेव लक्षणघटकत्वेन गृहीत्वाऽतिव्याप्तिनिरासो भवति । तथा च दीधितिग्रन्थो न सम्यग् घटते । किन्तु दीधितिग्रन्थस्यायमर्थः करणीयः–'**वह्निधूमोभयवान् वह्नेः**' इत्यादौ संयोगसामान्ये द्वित्वावच्छिन्नप्रतियोगिकत्वविरहेण= वह्निधूमोभयत्वावच्छिन्न-वह्निधूमोभयप्रतियोगिकत्वविरहेण नातिव्याप्तिस्तत्र प्राचीनलक्षणस्य, तथापि समवायस्य एकत्वेन **द्रव्यं जातेरित्यत्र** साध्यतावच्छेदकसमवाय-सामान्ये द्रव्यत्वप्रतियोगिकत्व गुणानुयोगिकत्वोभयसत्वात् तत्र साध्याभावस्य लक्षणाघटकत्वात् प्राचीन-लक्षणस्य तत्र याऽतिव्याप्तिः प्रागभवत्, सा अधुना नूतनलक्षणकरणेन न भवतीति – इत्थञ्च दीधितिकारः इत्थमेव प्रतिपादयति यत् वह्निधूमोभयसाध्यके मा भवत्वतिव्याप्तिः तथापि **द्रव्यं जातेरि**त्यादौ तु भवत्येवातिव्याप्तिः प्राचीनलक्षणस्य । तद्वारणाय नूतनलक्षणं कृतम् इति । ननु दीधितौ "**च**" पदमपि अस्ति। तच्च समुच्चयार्थकम् । तदनुसारेण तु अयमेवार्थो भवति यत् – **वह्निधूमोभयवान् वह्नेः** इत्यत्र **द्रव्यं जातेः** इत्यत्र च प्राचीनलक्षणस्य अतिव्याप्तिः भवति । किन्तु नूतनलक्षणेन स्थानद्वयेऽपि अतिव्याप्तिर्न भवति । – भवता च "**च पदं**" त्यक्त्वैवार्थः प्रतिपाद्यते । तत्कथं जाघटीति ? इति चेत् न दीधित्यां "**चकारः**" प्रामादिकः, अतः स परित्याज्य एव । अन्यथा दीधितिग्रन्थस्यासङ्गतिः भवेत् । तस्मात् यथोक्तमेव सम्यग् ।

**ચન્દ્રશેખરીયા : ઉત્તર :** આ બાબતમાં પ્રાચીનો એમ કહે છે કે, **અત એવ... નાતિવ્યાપ્તિ** એ દીધિતિગ્રન્થનો અર્થ તમે એવો કર્યો છે કે → જૂનું લક્ષણ **द्रव्यं जातेः** અને **વહ્નિધૂમોભયવાન્ વહ્નેઃ** આ બે સ્થલે અતિવ્યાપ્તિદોષવાળું બને છે. પરંતુ **"અત એવ"** લક્ષણ બનાવવાથી તેમાં અતિવ્યાપ્તિ નથી આવતી – હવે તમારું એમ કહેવું છે કે જૂનું લક્ષણ તો **વહ્નિધૂમોભયવાન્ વહ્નેઃ** માં અતિવ્યાપ્ત બનતું જ નથી. તો પછી દીધિતિની વાત શી રીતે સંગત થાય ?" તો એનો ઉત્તર એ કે, દીધિતિનો અર્થ આ પ્રમાણે કરવો પડે – **વહ્નિધૂમોભયવાન્ વહ્નેઃ** આ સ્થલે સંયોગસામાન્યમાં વહ્નિધૂમોભયત્વાવચ્છિન્નવહ્નિધૂમોભયપ્રતિયોગીકત્વાભાવ હોવાથી ત્યાં ભલે જૂનું લક્ષણ અતિવ્યાપ્ત ન બને તો પણ સમવાય એક હોવાથી **द्रव्यं जातेः** એ સ્થલે તો અતિવ્યાપ્તિ આવશે જ. તે નિવારવા નવું લક્ષણ છે ← આ અર્થ કરવાથી કોઈ વાંધો ન આવે. પંક્તિ આ પ્રમાણે – **वह्निधूमोभयवान् वह्नेः इत्यादौ संयोगस्य द्वित्वावच्छिन्नप्रतियोगिकत्वविरहेऽपि समवायस्यैकत्वेन द्रव्यत्वादि-प्रतियोगिकत्वगुणाद्यनुयोगिकत्वोभयसत्वेऽपि अत एव ( नूतन लक्षणकरणादेव ) नातिव्याप्तिः ।** -

**પ્રશ્ન :** તમે લુચ્ચાઈ કરી. દીધિતિમાં 'ચ' શબ્દ લખેલો છે. એ તો એમ જ સુચવે છે કે, નં.૧ અને નં. ૨ અનુમાનમાં અતિવ્યાપ્તિ જુના લક્ષણની આવે છે. પણ નવું લક્ષણ બનાવવાથી એ અતિવ્યાપ્તિ હવે નહીં આવે. તમે તો એ 'ચ'નો અર્થ કાઢતા જ નથી. એનો ઉલ્લેખ જ નથી કરતા.

---

**जागदीशी** -वस्तुतस्तु–"**संयोगस्य=सम्बन्धमात्रस्य, द्वित्वावच्छिन्नप्रतियोगिकत्व-विरहेऽपि=द्वित्वावच्छिन्नप्रतियोगिकत्वाप्रसिद्धावपीत्यर्थः । तथा च सम्बन्धमात्रस्य एकप्रतियोगिकापरानुयोगिकसम्बन्धत्वनियमेन वह्निधूमोभयत्वावच्छिन्नप्रतियोगिक**-

**सम्बन्धस्याप्रसिद्धया तादृशप्रतियोगिकत्वस्य लक्षणाघटकत्वेऽपि–'वह्नि-धूमोभयवान् वह्ने'रित्यादौ नाऽतिव्याप्तिः, प्रकारित्वादेः सम्बन्धत्वे मानाभावादिति" तु प्रागेव प्रपञ्चितमस्माभिः ।**

---

**चन्द्रशेखरीया :** एवं तावत् प्राचीनाः दीधितिग्रन्थसमन्वयं प्रतिपादितवन्तः । जगदीशस्तु **वस्तुतः** इत्यादिना स्वमतं प्रतिपादयति । तस्यायमाशयः विद्यमानस्य चकारस्य प्रामादिकत्वकथनं न सङ्गच्छते । अतः चकारमादायैव ग्रन्थार्थो प्रतिपादितव्यः । स च इत्थं–**संयोगस्य**=सम्बन्धसामान्यस्य **द्वित्वावच्छिन्नप्रतियोगिकत्वविरहेऽपि**= वह्निधूमोभयत्वावच्छिन्नप्रतियोगिकत्व.... अप्रसिद्धावपि.... तथा च सम्बन्धमात्रे एकप्रतियोगिक परानुयोगिकसम्बन्धत्वनियमात् प्रकृते च कस्मिन्नपि सम्बन्धे वह्निधूमोभयप्रतियोगिकत्वस्य अप्रसिद्धत्वात् संयोगसामान्ये तदभावोऽपि न ग्रहीतुं शक्यते । तथा च संयोगसामान्ये वह्निधूमोभयप्रतियोगिकत्वपर्वताद्यनुयोगिकत्वोभयाभावो न वक्तुं शक्यते । इत्थं च साध्याभावो लक्षणघटको न भवतीति अभावान्तरमादाय भवत्यतिव्याप्तिः प्राचीनलक्षणस्य । एवञ्च यदि नूतनलक्षणं न क्रियते तथा **द्रव्यं जाते**रित्यादौ वह्निधूमोभयवान् वह्नेरित्यादौ च अतिव्याप्तिः भवति । इत्थञ्च "च"पदमपि सम्यग् घटते । प्रकारित्वादेः सम्बन्धत्वे मानाभावात् तत्र वह्निधूमोभयप्रतियोगिकसम्बन्धत्वप्रसिद्धिः न भवति इत्यादि तु प्रागेव प्रपञ्चितम् अस्माभिः । तथा च दीधितिग्रन्थार्थः **अत एव**=नूतनलक्षणकरणेनैव समवायस्यैकत्वेन द्रव्यत्वादिप्रतियोगिकत्वगुणाद्यनुयोगिकत्व-सत्वेऽपि **द्रव्यं जाते**रित्यादौ **वह्निधूमोभयवान् वह्ने**रित्यादौ च संयोगस्य **द्वित्वावच्छिन्नप्रतियोगिक त्वविरहेऽपि**=द्वित्वावच्छिन्नप्रतियोगिकत्वाप्रसिद्धया साध्याभावस्य लक्षणाघटकत्वेऽपि च नातिव्याप्तिः, नूतनलक्षणेनैव सर्वत्र दोषनिवारणसंभवादिति भावः ।

**ચન્દ્રશેખરીયા : પ્રાચીનો :** 'ચ' શબ્દ પ્રમાદથી લખાયેલો જાણવો એટલે તે ખોટો છે.

**પ્રશ્ન :** 'ચ' હોવા છતાં એને પ્રમાદથી લખાયેલો શી રીતે માની શકાય ?

**ઉત્તર : વસ્તુતસ્તુ :** ખરી વાત એ છે કે **સંયોગસ્ય દ્વિત્વાવચ્છિન્નપ્રતિયોગીકત્વવિરહેઽપિ**નો અર્થ એવો છે કે કોઈપણ સંબંધમાં વહ્નિધૂમોભયત્વાવચ્છિન્નપ્રતિયોગીકત્વની પ્રસિદ્ધિ જ નથી. અર્થાત્ દરેક સંબંધમાં એક પ્રતિયોગીકત્વ+અપરાનુયોગિકસંબંધત્વ હોય જ છે. હવે કોઈપણ સંબંધમાં વહ્નિધૂમોભયપ્રતિયોગીકસંબંધત્વ પ્રસિદ્ધ જ નથી અને તેથી સંયોગસામાન્યમાં વહ્નિધૂમોભયપ્રતિયોગીકસંબંધત્વનો અભાવ પણ ન લઈ શકાય. અને તેથી સાધ્યાભાવ એ લક્ષણઘટક બનતો જ નથી. અને તેથી ત્યાં ઘટાભાવાદિ લઈને અતિવ્યાપ્તિ આવે જ છે. પણ હવે **"અત એવ"**=નવું લક્ષણ કરવાથી અતિવ્યાપ્તિ બે ય સ્થાને નીકળી જશે. આમ 'ચ' પદનો અર્થ પણ સંગત થઈ જાય છે.

**પ્રશ્ન :** વહ્નિધૂમોભયજ્ઞાનમાં પ્રકારિતાસંબંધથી તાદશોભય રહે જ છે. એટલે તે પ્રકારિતાસંબંધમાં તાદશોભયપ્રતિયોગીકત્વ તો પ્રસિદ્ધ છે જ.

**ઉત્તર :** પ્રકારિતાદિ એ સંબંધ તરીકે માનવામાં કોઈ પ્રમાણ નથી. આ વાતની વિસ્તૃત ચર્ચા અમે કરી ગયા છીએ એટલે ફરી ચર્ચા કરતા નથી.

**जागदीशी-** केचित्तु-"वह्नेः" इत्यत्र "धूमात्" इति, "नाऽतिव्याप्तिः" इत्यनन्तरञ्च "अव्याप्तिर्वा" इति पाठं कल्पयन्तो -'द्रव्यं जाते'रित्यादावतिव्याप्तिं, 'वह्नि-धूमोभयवान् धूमा' दित्यत्र चाऽव्याप्तिमेव पूर्वलक्षणे दोषं'—सङ्गमयन्ति ॥२०॥

---

**चन्द्रशेखरीया :** केचित् तु इत्थं दीधितिग्रन्थं प्रतिपादयन्ति-'**वह्नेः**' इति अत्र **धूमात्** इति पदं दृष्टव्यम् । "नातिव्याप्तिः" इति पदानन्तरं तु "**अव्याप्तिर्वा**" इति पदं कल्पनीयं । तथा च प्राचीनलक्षणं वह्निधूमोभयवान् धूमादित्यत्राव्याप्तं भवति, संयोगसामान्ये वह्निधूमोभयप्रतियोगिकत्वाभावमादाय साध्याभावस्यैव लक्षणघटकत्वसंभवात् । नूतनलक्षणे तु नायं दोषः । संयोगेन वह्निधूमोभयाभावो यदि गृह्येत, तदा प्रतियोगितावच्छेदकः संयोगसम्बन्धो भवति । तेन वह्निधूमोभय-अधिकरणस्यैवाप्रसिद्ध्या तदनधिकरणमपि न ग्रहीतुं शक्यते । अतो वह्निधूमोभयनिष्ठा संयोगावच्छिन्नप्रतियोगिता न लक्षणघटका, किन्तु अन्याः एव, तासु च संयोगावच्छिन्नत्व-वह्निधूमोभयत्वावच्छिन्नत्वोभयाभावसत्वात् लक्षणसमन्वयो भवति ।

अत्र चिन्तनीयमिदं यत् '**वह्निधूमोभयवान् वह्नेरि**त्यत्र नूतनलक्षणेनापि अतिव्याप्तिवारणं कथं भवेदिति' यतः संयोगेन वह्निधूमोभयाभावो गृह्येत । तदा तु प्रतियोगितावच्छेदकसंयोगेन वह्निधूमोभयाधिकरणस्यैवाप्रसिद्धत्वात् तदनधिकरणमपि न ग्रहीतुं शक्यते । तथा च अन्यासु लक्षणघटकप्रतियोगितासु उभयाभावसत्वात् भवत्येवातिव्याप्तिः ।

**ચન્દ્રશેખરીયા :** કેટલાંકો વળી એમ કહે છે કે દીધિતિમાં જે **વહ્નેઃ** હેતુ લખેલો છે તેને બદલે **ધૂમાત્** એમ શબ્દ સમજવો. અને **નાતિવ્યાપ્તિઃ** એ પદની પછી તરત જ **અવ્યાપ્તિર્વા** એ પાઠ માની લેવો. એટલે હવે આ પ્રમાણે અર્થ થશે કે "જુનું લક્ષણ **દ્રવ્યં જાતેઃ** માં અતિવ્યાપ્ત અને **વહ્નિધૂમોભયવાન્ વહ્નેઃ**માં અવ્યાપ્ત બનતું હતું. પણ અત એવ=નવું લક્ષણ કરવાથી આ અતિવ્યાપ્તિ કે અવ્યાપ્તિ નહીં આવે. સંયોગસામાન્યમાં વહ્નિધૂમોભયપ્રતિયોગિકત્વાભાવ હોવાથી સાધ્યાભાવ જ લક્ષણઘટક બનવાથી ત્યાં અવ્યાપ્તિ આવે. પણ આ નવા લક્ષણમાં તે દોષ નથી. કેમકે સંયોગથી વહ્નિધૂમોભયાભાવ લો તો પ્રતિયોગિતાવચ્છેદકસંયોગથી વહ્નિધૂમોભયાભાવપ્રતિયોગીવહ્નિધૂમોભયનું અધિકરણ જ પ્રસિદ્ધ ન હોવાથી આ અભાવ ન લેવાય. અને તે સિવાયની બીજા લક્ષણઘટક અભાવની પ્રતિયોગિતામાં તો ઉભયાભાવ મળી જ જાય છે. એટલે લક્ષણ ઘટી જતા અવ્યાપ્તિ ન આવે.

અહીં જો કે બીજું લક્ષણ એ **વહ્નિધૂમોભયવાન્ વહ્નેઃ** માં અતિવ્યાપ્ત તો બનવાનું જ છે. કેમકે સંયોગથી વહ્નિધૂમોભયાભાવ લક્ષણઘટક બની શકતો નથી. કેમકે સંયોગથી તાદશોભયનું અધિકરણ જ પ્રસિદ્ધ નથી. તો અનધિકરણ કેવી રીતે લેવાય ? એટલે ત્યાં અતિવ્યાપ્તિ તો ઉભી જ છે. માટે એ વાત વિચારણીય છે.

## दीधितिः

प्रतियोगित्वादिश्च स्वरूपसम्बन्धविशेषो, न तु सम्बन्धत्वेन निविष्टः,

सामानाधिरण्येऽपि सम्बन्धः,–संयोगत्वादिनैव निविशते ।

दर्शितञ्च नियमाघटितमपि सम्बन्धत्वम् ।

अभावत्वञ्चेदमिह नास्तीदमिदं न भवतीति प्रतीतिनियामको भावाऽभावसाधारणः स्वरूपसम्बन्धविशेषः,–

अतो नाभावसाध्यक-व्यभिचारिण्यतिप्रसङ्गः,

तदपि व्याप्तिलक्षणे वा नोपादेयं, प्रयोजनविरहात्,

विषयता-तत्त्वादिवत् प्रतियोगित्वाधिकरणत्व-तत्त्व-सम्बन्धत्वादयोऽप्यतिरिक्ता एव पदार्था इत्येकदेशिनः ॥२२॥

॥ इति ॥

महामहोपाध्याय-श्रीरघुनाथ-शिरोमणि-भट्टाचार्य्यविरचितायां दीधितौ सिद्धान्तलक्षणम् ।

---

**जागदीशी** - ननु स्वरूपसम्बन्धविशेषात्मकप्रतियोगित्वस्य विशिष्टधीजनकत्वरूपसम्बन्धताघटकनियमघटितत्वादात्माश्रयत्वमत आह, प्रतियोगित्वादिरिति । –आदिनाऽ (नुयोगित्वनिरूपितत्ववृत्तित्वाऽ)वच्छेदकत्वपरिग्रहः । न तु सम्बन्धत्वेनेति । – प्रतियोगितात्वादिधर्मान्तरप्रकारेण हेतुमन्निष्ठाभावीयत्वप्रकारेणैव वा तत्प्रवेशादिति भावः । संयोगत्वादिनैवेति ।

---

**चन्द्रशेखरीया :** ननु निरुक्तप्रतियोगितायां तादृशोभयाभावघटितमिदं लक्षणम् । तथा चात्र लक्षणे प्रतियोगिता घटकीभूताऽस्ति । प्रतियोगिता च स्वरूपसम्बन्धविशेषरूपा एव । सम्बन्धत्वं नाम विशिष्टज्ञानकारणत्वं। कारणत्वञ्च अनन्यथासिद्धत्वे सति नियतकार्याव्यवहितपूर्ववर्तित्वम् । तथा च नियत-विशिष्टज्ञानाव्यवहितपूर्ववर्तित्वे सति अनन्यथासिद्धत्वमेव सम्बन्धत्वम् । विशिष्टज्ञाननियताव्यवहितपूर्ववर्तित्वञ्च **'यत्र विशिष्टज्ञानं तत्र अवश्यं पूर्ववर्तित्वम्'** इतिवाक्यप्रतिपाद्यं विशिष्टज्ञानव्यापकत्वरूपमेव । इत्थञ्च विशिष्टज्ञानव्यापकत्वविशिष्टं अनन्यथासिद्धत्वमेव सम्बन्धत्वं इति फलितोऽर्थः । तस्मिंश्च व्यापकता घटकीभूता । तथा च व्यापकतालक्षणघटकीभूतायां प्रतियोगितायां सम्बन्धविशेषरूपायां व्यापकतायाः घटकत्वात्

व्यापकतालक्षणं व्यापकताघटितं अत्र भवति । इत्थं च आत्माश्रयदोषः । अत्र तादृशप्रतियोगितानवच्छेदक-साध्यतावच्छेदकावच्छिन्नत्वपर्यन्तं व्यापकत्वलक्षणम्, तादृशव्यापक-सामानाधिकरण्यञ्च व्याप्तिलक्षणम् । अतो व्यापकतालक्षणे आत्माश्रयदोषः भवति इति बोध्यम्, न तु व्याप्तिलक्षणे इति चेत् अत्रोच्यते प्रतियोगिताऽनुयोगितानिरूपितत्ववृत्तित्वावच्छेदकत्वादयो ये केचित् पदार्थाः अत्र लक्षणे प्रविष्टाः, ते सर्वे यद्यपि स्वरूपसम्बन्धविशेषा एव । तथापि ते सम्बन्धत्वेन रूपेण न प्रविष्टाः, किन्तु प्रतियोगितादिरूपेण प्रविष्टाः। तथा च सम्बन्धत्वस्य व्यापकत्वघटितस्य लक्षणाघटकत्वात् नात्माश्रयः । अथवा 'अत्र प्रतियोगिता हेतुमन्निष्ठाभावीयत्वेन प्रकारेण प्रविष्टा' इत्यपि वक्तुं शक्यते। तथा च सम्बन्धत्वस्याप्रवेशात् नात्माश्रयः संभवति। न च तथापि तादृशव्यापकसामानाधिकरण्यरूपा व्याप्तिः हेतुनिष्ठा प्रतिपाद्यते । सा च साध्यतावच्छेदकसम्बन्धेन यत् साध्याधिकरणं तत्र वृत्तित्वरूपा एव, तत्र च साध्यतावच्छेदकसम्बन्धपदेन संयोगादि-सम्बन्धस्य सम्बन्धत्वेनावश्यं निवेश्यत्वात् लक्षणं सम्बन्धत्वघटितमेव भवति । अतः पूर्ववद् आत्माश्रयदोषो भवति इति वाच्यम् सामानाधिकरण्ये प्रविष्टाः संयोगादयः सम्बन्धा अपि सम्बन्धत्वेन न निवेश्यन्ते, किन्तु संयोगत्वादिनैव निवेश्यन्ते । अतः सम्बन्धत्वस्य लक्षणाघटकत्वात् नात्माश्रयः ।

**चन्द्रशेखरीया : पूर्वपक्ष** : તમારા લક્ષણમાં 'પ્રતિયોગિતા' પદ છે. અને પ્રતિયોગિતા= સ્વરૂપસંબંધ વિશેષ જ છે. આશય એ કે, પ્રતિયોગિતાસામાન્યમાં તાદશોભયાભાવ લેવાનો છે. હવે એ પ્રતિયોગિતા એક જાતનો સ્વરૂપસંબંધ જ છે. એટલે લક્ષણમાં સ્વરૂપસંબંધવિશેષ એ ઘટક છે અને સંબંધત્વ='વિશિષ્ટજ્ઞાન વ્યાપકતા વિશિષ્ટ એવું જે અનન્યથાસિદ્ધત્વ' તે રૂપ જ છે. અને આને જ વિશિષ્ટજ્ઞાનજનકત્વ કહેવાય છે. જેમ **વહ્નિમાન્ પર્વતઃ** આ વિશિષ્ટજ્ઞાન છે. હવે સંયોગ એ આ જ્ઞાનનો જનક છે. વહ્નિ + પર્વતના સંયોગસંબંધ વિના આ જ્ઞાન ન થાય. એટલે જ્યાં જ્યાં વિશિષ્ટજ્ઞાન થાય, ત્યાં ત્યાં પૂર્વે સંયોગાદિ સંબંધ અવશ્ય હાજર હોય. એટલે સંબંધમાં વિશિષ્ટજ્ઞાનવ્યાપકત્વ છે. અને એ સંબંધમાં વિશિષ્ટજ્ઞાનનિરૂપિત કોઈ અન્યથાસિધ્ધિ નથી એટલે કે તેમાં અનન્યથાસિદ્ધત્વ પણ છે. આમ સંબંધમાં વિશિષ્ટજ્ઞાનવ્યાપકતાથી વિશિષ્ટ એવું અનન્યથાસિદ્ધત્વ છે. અને એ જ વિશિષ્ટજ્ઞાનકારણત્વ કહેવાય છે. અહીં કારણત્વં=અનન્યથાસિદ્ધત્વે સતિ નિયતાવ્યવહિતપૂર્વવૃત્તિત્વમ્ (કાર્યવ્યાપકત્વમ્) અને સંબંધમાં વિશિષ્ટજ્ઞાનની આવી કારણતા રહેલી જ છે. આમ **સંબંધત્વ=વિશિષ્ટજ્ઞાનવ્યાપકતાવિશિષ્ટં અન્યથાસિદ્ધત્વં** એવું લક્ષણ બન્યું. આ લક્ષણમાં વ્યાપકતાનો નિવેશ છે જ. અને એ વ્યાપકત્વ એ આપણે ઉપર બનાવેલા લક્ષણસ્વરૂપ જ માનવું પડે. અર્થાત્ નિરુક્તપ્રતિયોગિતાસામાન્યમાં તાદશોભયાભાવથી ઘટિત એવું જ વ્યાપકત્વ માનવું પડે. બીજી તો કોઈ તેની વ્યાખ્યા ન કરી શકાય. આમ વ્યાપકતાના લક્ષણમાં પ્રતિયોગિતા= સ્વરૂપસંબંધ વિશેષનો નિવેશ છે. અને તેમાં વ્યાપકતાનો નિવેશ છે. એટલે આ વ્યાપકતાલક્ષણ વ્યાપકતાથી જ ઘટિત બનવાથી આત્માશ્રય દોષ આમાં આવે છે (જગદીશ પંક્તિનો અર્થ આ પ્રમાણે છે - વિશિષ્ટધીજનકત્વરૂપ જે સંબંધત્વ, એમાં ઘટક તરીકે જે નિયમ=વ્યાપકતા, એનાથી ઘટિત એવી આ સંબંધત્વરૂપ પ્રતિયોગિતા છે અને એ પ્રતિયોગિતા વ્યાપકતાનો ઘટક છે. આમ આત્માશ્રય આવે.)

**ઉત્તરપક્ષ :** લક્ષણમાં જે પ્રતિયોગિતા-અનુયોગિતા-નિરૂપિતત્વ-વૃત્તિત્વ અવચ્છેદકત્વાદિનો નિવેશ કરેલો છે. તે બધા સ્વરૂપસંબંધવિશેષ રૂપ ભલે હો. પણ તેઓનો સંબંધ તરીકે નિવેશ કરેલો નથી. પરંતુ પ્રતિયોગિતાત્વાદિ ધર્મોને લઈને નિવેશ કરેલો છે. અથવા તો હેતુમન્નિષ્ઠ-અભાવીયત્વ ધર્મને લઈને જ તેમનો નિવેશ કરેલો છે. એટલે લક્ષણમાં સંબંધત્વનો નિવેશ ન હોવાથી આત્માશ્રય દોષ ન આવે.

**પ્રશ્ન :** ભલે, પણ એ વ્યાપકવહ્નિનું હેતુનિષ્ઠ સામાનાધિકરણ્ય એ વ્યાપ્તિ છે. એ તો સંયોગથી વહ્નિના અધિકરણમાં સંયોગથી ધૂમની વૃત્તિતા રૂપ જ છે. હવે આ સંયોગાદિ એ પણ સંબંધ રૂપ હોવાથી વ્યાપ્તિના લક્ષણમાં સંબંધત્વનો નિવેશ થયો. અને તો પાછો આત્માશ્રય દોષ આવે.

**ઉત્તરપક્ષ :** એ સામાનાધિકરણ્યમાં પણ સંયોગાદિનો નિવેશ એ સંબંધત્વને લઈને નથી કરતા. પણ સંયોગાદિ તરીકે જ કરીએ છીએ, એટલે આત્માશ્રયદોષ આવતો નથી.

---

**जागदीशी- ननु प्रतियोगितात्वमपि स्वरूपसम्बन्ध एवेत्युक्तदोषतादवस्थ्यम्;किञ्च वृत्यनियामकसम्बन्धेन हेतुतास्थले, –तेन सम्बन्धेन हेतुसम्बन्धित्वस्याऽवश्यं प्रवेश एवेत्यतः**

---

**चन्द्रशेखरीया :** ननु तथापि प्रतियोगितात्वेन प्रतियोगितानिवेशेऽपि आत्माश्रयो दुर्वारः । यतः प्रतियोगितात्वमपि स्वरूपसम्बन्धविशेष एव, अतः प्रतियोगितात्वेन तत्प्रवेशेऽपि स्वरूपसम्बन्धविशेषेणैव तत्प्रवेशः कृतो भवति । एवञ्च लक्षणे सम्बन्धत्वनिवेशस्य दुष्परिहरत्वात् भवत्यात्माश्रयः । किञ्च यत्र स्वामित्वादिना वृत्यनियामकसम्बन्धेन धनादिकं साध्यं, तत्र तत्सम्बन्धेन साध्याधिकरणस्यैवाप्रसिद्धत्वात् साध्यतावच्छेदकसम्बन्धेन यत्साध्यसंबंधि तद्वृत्तित्वरूपमेव साध्यसामानाधिकरण्यं हेतौ व्याप्तिलक्षणं सम्बन्धघटितमेव भवतीति आत्माश्रयस्तदवस्थ एव इति चेत्

**चन्द्रशेखरीया : પ્રશ્ન :** તમે પ્રતિયોગિતાનો સંબંધ તરીકે નિવેશ ન કરીને પ્રતિયોગિતાત્વનો નિવેશ કરો છો.. પણ એ પ્રતિયોગિતાત્વ એક જાતનો સ્વરૂપસંબંધ જ હોવાથી પાછું લક્ષણ એ સંબંધત્વઘટિત બને અને તેથી આત્માશ્રય તો ઉભો જ રહે.

વળી બીજી વાત એ કે વૃત્તિ-અનિયામક એવા સ્વામિત્વાદિસંબંધથી જ્યાં ધનાદિ સાધ્ય હશે ત્યાં તો સ્વામિત્વસંબંધથી સાધ્યનું અધિકરણ જ પ્રસિદ્ધ ન હોવાથી 'સ્વામિત્વ સંબંધથી સાધ્યના સંબંધિમાં હેતુની વૃત્તિતા' એ જ 'હેતુનિષ્ઠ સામાનાધિકરણ્ય' કહેવું પડશે. આમ આ સ્થલે તો તમારે "સંબંધિ" પદનો સ્પષ્ટ નિવેશ કરવો જ પડવાનો. અને એ સંબંધત્વેન જ કરવો પડે. અને તેથી લક્ષણ સંબંધત્વઘટિત= વ્યાપકતાઘટિતસંબંધત્વઘટિત બની જતા આત્માશ્રય ઉભો જ રહે છે.

---

**जागदीशी - सम्बन्धत्वेन निवेशेऽपि न क्षतिरित्याशयेनाह,–दर्शितञ्चेति । –विशेष्य-विशेषणत्वान्यविशिष्टधीविषयत्वमेव सम्बन्धत्वमिति भावः ।**

---

**चन्द्रशेखरीया :** न सम्बन्धत्वं नाम न विशिष्टज्ञानव्यापकत्वविशिष्टानन्यथासिद्धत्वरूपमपि तु विशेषणा-विशेष्यताभिन्ना या विशिष्टज्ञानविषयता, तद्रूपमेवोच्यताम् । '**वह्निमान् पर्वतः**' इति ज्ञानस्य विषयता वह्नौ, संयोगे, पर्वते च वर्तते । तत्र वह्नौ वर्तमाना विषयता विशेषणतारूपा, पर्वते वर्तमाना विषयता विशेष्यतारूपा, संयोगे च वर्तमाना विषयता विशेषणता-विशेष्यताभिन्ना । अतः सा एव सम्बन्धत्वं इति वक्तुं शक्यते । तथा

च एतादृशे सम्बन्धत्वे व्यापकतायाः अप्रवेशात् लक्षणे सम्बन्धत्वनिवेशेऽपि व्यापकताघटितत्वात्मकः आत्माश्रयः व्यापकतालक्षणे न भवति इति न दोषः ।

**ચન્દ્રશેખરીયા :ઉત્તરપક્ષ :** ખરી વાત એ કે સંબંધત્વની તમારી વ્યાખ્યા જ ખોટી છે. અમે તો વિશેષ્યતા-વિશેષણતાભિન્ન એવી જે વિશિષ્ટબુદ્ધિવિષયતા એને જ સંબંધત્વ તરીકે માનીએ છીએ. **વહ્નિમાન્ પર્વતઃ** માં વહ્નિ +સંયોગ+પર્વત એ ત્રણમાં વિષયતા છે. એમાં વહ્નિનિષ્ઠવિષયતા એ વિશેષણતા રૂપ છે. પર્વતનિષ્ઠ વિષયતા એ વિશેષ્યતા રૂપ છે. અને સંયોગનિષ્ઠવિષયતા એ વિશેષ્યતા-વિશેષણતાભિન્ન એવી વિષયતા છે અને તે જ સંબંધત્વ કહેવાય છે અને આ લક્ષણ એકદમ યોગ્ય છે. આમ આ સંબંધત્વ તો વ્યાપકતાથી ઘટિત નથી. એટલે હવે પ્રતિયોગિતાદિનો સંબંધ તરીકે નિવેશ કરીએ તો પણ એ સંબંધત્વ વ્યાપકતાઘટિત જ ન હોવાથી આત્માશ્રય દોષ આવતો નથી.

---

**जागदीशी - भावभिन्नत्वस्वरूपस्याभावत्वस्य प्रवेशे च 'घटत्वाभाववान् द्रव्यत्वा'दित्या-दावतिव्याप्तिरित्याह, – अभावत्वञ्चेति ।**

---

**चन्द्रशेखरीया :** ननु लक्षणे योऽभावः प्रविष्टः, स यदि भावभिन्नरूपो गृह्येत, तदा **घटत्वाभाववान् द्रव्यत्वात्** इत्यत्र घटत्वाभावाभावो लक्षणघटकत्वेन न ग्रहीतुं शक्येत, यतो घटत्वाभावाभावो घटत्वरूपो भावभिन्नो नास्ति । अतो भावभिन्नार्थकेनाभावपदेन घटत्वाभावाभावो न गृह्यते । किन्तु भावभिन्नो घटाभावादिरेव । तत्प्रतियोगितासामान्ये च घटत्वाभावत्वावच्छिन्नत्व-स्वरूपावच्छिन्नत्वोभयाभावः वर्तत एव इति लक्षणसमन्वयादतिव्याप्तिर्भवेत् इति चेत्

**ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** અહીં લક્ષણમાં અભાવનો નિવેશ કરેલો છે. પરંતુ એ અભાવત્વ=ભાવભિન્નત્વ એવો અર્થ કરીએ. તો **ઘટત્વાભાવવાન્ દ્રવ્યત્વાત્** અહીં અતિવ્યાપ્તિ આવે. આ સ્થાન ખોટું હોવાથી સાધ્યાભાવ લક્ષણઘટક બનવો જોઈએ. સાધ્યાભાવ=ઘટત્વાભાવાભાવ એ તો ઘટત્વરૂપ છે. અર્થાત્ ભાવભિન્ન નથી અને લક્ષણમાં તો ભાવભિન્ન રૂપ જ અભાવ લેવાનો કહ્યો છે એટલે ભાવાત્મક એવો ઘટત્વાભાવાભાવ ન લેવાતા બીજો જ ભાવભિન્ન રૂપ એવો ઘટાભાવાદિ લેવો પડે અને તેની પ્રતિયોગિતામાં તો ઘટત્વાભાવત્વાવચ્છિન્નત્વ +સ્વરૂપાવચ્છિન્નત્વોભયાભાવ મળી જતા અતિવ્યાપ્તિ આવે.

**ઉત્તરપક્ષ :** અભાવત્વ એ ભાવભિન્નત્વરૂપ છે જ નહિ. પરંતુ **'ઇદં ઇહ નાસ્તિ'** અને **'ઇદં ઇદં ન ભવતિ'** એવી પ્રતીતિનો નિયામક એવો ભાવાભાવસાધારણ અભાવત્વ છે અને તે સ્વરૂપસંબંધવિશેષસ્વરૂપ છે. **"નાસ્તિ"** એ અભાવની પ્રતીતિ ગણાય. 'ભૂતલે ઘટો નાસ્તિ' અહીં ઘટાભાવમાં અભાવત્વ આવ્યું અને એ જ આ પ્રતીતિનો નિયામક છે. એમ **ભૂતલે ઘટાભાવો નાસ્તિ** એવી પ્રતીતિ પણ થાય છે. અહીં ઘટાભાવાભાવ=ઘટમાં અભાવત્વ આવ્યું. અને એ જ આ પ્રતીતિનો નિયામક સ્વરૂપસંબંધ વિશેષ છે. એમ આ અભાવત્વ ભાવાભાવસાધારણ છે.

**પ્રશ્ન :** ઈદં ઈદં ન ભવતિ એ પ્રતીતિનો ઉલ્લેખ કેમ કર્યો ?

**जागदीशी** - इदमिहेत्यादि । 'इदमिह नास्ती'ति प्रतीतिसाक्षिकभावाऽभावसाधारणाऽभावत्वप्रवेशे तादात्म्येन साध्यतायां व्यभिचारिण्यतिव्याप्तिस्तादृशप्रतीतिनियामकाभावप्रतियोगितायास्तादात्म्यावच्छिन्नत्वाभावेनोभयाभावसत्त्वात्, अत-'इदं इदं न भवती'त्युक्तम् ।

---

**चन्द्रशेखरीया :** न, अभावत्वञ्च **इदमिह नास्ति इदमिदं न भवति** इति प्रतीतिनियामकः भावाभावसाधारणः स्वरूपसम्बन्धविशेष एव । 'भूतले घटो नास्ति' इति प्रतीतिनियामको घटाभावः । अतः तस्मिन् अभावत्वं वर्तते । एवं भूतले घटाभावो नास्ति इति प्रतीतिनियामको घटाभावाभावो घटरूपः । अतः तस्मिन् भावरूपेऽपि पदार्थे निरुक्ताभावत्वं वर्तते । तथा च 'घटे घटत्वाभावो नास्ति' इति प्रतीतिनियामको घटत्वाभावाभावो भवतीति लक्षणघटकत्वेन सोऽपि ग्रहीतुं शक्यते । तत्प्रतियोगितावच्छेदकस्वरूपसम्बन्धेन घटत्वाभाव-अनधिकरणं द्रव्यत्वाधिकरणं घटो भवति । तथा च घटत्वाभावनिष्ठा प्रतियोगिता लक्षणघटकत्वेन गृह्यते । तस्याञ्च स्वरूपावच्छिन्नत्व-द्रव्यत्वाभावत्वावच्छिन्नत्वोभयसत्वात् निरुक्तप्रतियोगितासामान्ये तादृशोभयाभावासत्वात् नातिव्याप्तिः भवति । ननु "इदमिह नास्ति" इति प्रतीतिनियामकः एव भावाभावसाधारणः स्वरूपसम्बन्धविशेषो अभावत्वेन प्रतिपाद्यताम्, तावतैवातिव्याप्तिनिवारणसंभवात् । इदमिदं न भवति इति प्रतीतिः कथं गृहीता इति चेत् यदि सा न गृह्यते । तदा **तादात्म्येन गोमान् घटत्वादित्यत्र** व्यभिचारिण्यतिव्याप्तिः भवेत् । यतो **'घटे गौः नास्ति'** इति प्रतीतिनियामकः समवायादिनैव गवाद्यभावः भवति । अत्र तु लक्षणघटकत्वेन तादात्म्यावच्छिन्नप्रतियोगिताक एव गवाभावो गोभेदरूपो ग्रहीतुमावश्यकः । यतः तत्प्रतियोगितायामेव तादात्म्यावच्छिन्नत्व-गोत्वावच्छिन्नत्वोभयसत्वात् अतिव्याप्तिः न भवेत् । किन्तु 'इदमिह नास्ति, घटे गौः नास्ति' इत्यादिप्रतीतिनियामकः समवायादिनैव गवाभावो भवति, न तु तादात्म्येन गवाभावः । अतो **'इदमिह नास्ति'** इति प्रतीतिनियामकत्वेन तु समवायेन गवाद्यभाव एव ग्रहीतुं शक्यते । तत्प्रतियोगितासामान्ये निरुक्तोभयाभावात् भवत्येवातिव्याप्तिः । अतः **इदं इदं न भवतीति** प्रतीतिरपि गृहीता, अतस्तत्प्रतीतिनियामकोऽपि यो भवति, स लक्षणघटकत्वेन गृह्यते । तथा च **'घटः गौः न भवति'** इति प्रतीतिनियामकः तादात्म्येन गवाभावो गोभेदरूपोऽपि लक्षणघटक-अभावपदेन ग्रहीतुं शक्यते । तत्प्रतियोगितावच्छेदकतादात्म्येन गोभेदप्रतियोगितावच्छेदकगोत्वावच्छिन्न-गो-अनधिकरणमेव घटत्वाधिकरणं घटः, तथा च गोभेदस्य गोनिष्ठा-प्रतियोगिताऽपि लक्षणघटकत्वेन ग्रहीतुं शक्यते । तस्याञ्च गोत्वावच्छिन्नत्वस्वरूपावच्छिन्नत्वोभयसत्वात् निरुक्तप्रतियोगितासामान्ये निरुक्तोभयाभावासत्वात् अतिव्याप्तिर्न भवति ।

**चन्द्रशेखरीया :** ઉત્તર : જો એ ન કરો તો એમ જ અર્થ થાય કે 'ઇદમિહ નાસ્તિ' એવી પ્રતીતિનો નિયામક એવો સ્વરૂપસંબંધવિશેષ જ અભાવત્વ છે બીજો નહિ અને તો પછી **તાદાત્મ્યેન ગોમાન્ ઘટત્વાત્** એ સ્થાને અતિવ્યાપ્તિ આવે. અહીં તાદાત્મ્યથી ગો-અભાવ=ગોભેદ જ અભાવ તરીકે લેવો પડે. કેમકે તેની જ પ્રતિયોગિતામાં તાદાત્મ્યાવચ્છિન્નત્વ+ગોત્વાવચ્છિન્નત્વોભય મળવાથી પ્રતિયોગિતાસામાન્યમાં ઉભયાભાવ ન

મળવાથી અતિવ્યાપ્તિ ન આવે. કેમકે "ઘટઃ ગૌઃ ન" આવી પ્રતીતિનો નિયામક એવો જ એ ગોભેદ છે. "ઘટે ગૌઃ નાસ્તિ" ઇત્યાદિ પ્રતીતિનો નિયામક તો સમવાયાદિ સંબંધથી ગવાભાવ જ બને અને એમાં તો તાદાત્મ્યાવચ્છિન્નત્વાભાવ જ હોવાથી ઉભયાભાવ જ મળી જાય. હવે આપણે તો 'ઇદં ઇહ નાસ્તિ' એવી પ્રતીતિના નિયામક સ્વરૂપસંબંધને જ અભાવ તરીકે લીધો છે. એટલે એવી પ્રતીતિનો નિયામક ન બનતો એવો ગોભેદ તો લક્ષણઘટક-અભાવ તરીકે લેવાય જ નહિ અને બીજા અભાવોની પ્રતિયોગિતાઓમાં ઉભયાભાવ મળવાથી અતિવ્યાપ્તિ આવે. એ ન આવે તે માટે "ઇદં ઇદં ન ભવતિ" એ આકાર પણ લીધો છે. એટલે **'ઘટઃ ગૌઃ ન ભવતિ'** આ પ્રતીતિનો નિયામક તો તાદાત્મ્યથી ગો-અભાવ (ગોભેદ) છે જ. એટલે અભાવપદથી તે લઈ શકાય અને તાદાત્મ્યથી ગોનું અનધિકરણ એવો ઘટ બને છે. અને તેથી ગોભેદ-પ્રતિયોગિતા લક્ષણઘટક બને. તેમાં તો તાદાત્મ્યાવચ્છિન્નત્વ + ગોત્વાવચ્છિન્નત્વ બે ય હોવાથી ઉભયાભાવ ન મળતા અતિવ્યાપ્તિ ન આવે.

---

**जागदीशी– यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणत्वं हेतुमतस्तादृशप्रतियोगितायां उभयाभावविवक्षयैव सामञ्जस्ये तदुपादानमपि न कर्तव्यमत आह, –तदपि वेति । –अभावत्वमपि वेत्यर्थः, अपिरवधारणार्थः ।**

---

**चन्द्रशेखरीया :** अथवा यादृशप्रतियोगिता-वच्छेदकावच्छिन्नानधिकरणं हेत्वधिकरणम् तादृशप्रतियोगितासामान्ये उभयाभावघटितलक्षणस्यापि सम्यक्त्वात् अभावपदोपादानमेव न कर्तव्यम्, प्रयोजनाभावात् । तथा हि **घटत्वाभाववान् द्रव्यत्वादि**त्यत्र यादृशप्रतियोगितापदेन स्वरूपेण घटत्वाभावाभावस्य घटत्वाभावनिष्ठा प्रतियोगिता गृह्यते । तदवच्छेदक-घटत्वाभावत्वावच्छिन्नस्य घटत्वाभावस्यानधिकरणमेव द्रव्यत्वाधिकरणं पटादिः । तथा च तादृशप्रतियोगितापदेन घटत्वाभावनिष्ठा प्रतियोगिता गृह्यते । तस्याञ्च घटत्वाभावत्वावच्छिन्नत्व-स्वरू पावच्छिन्नत्वोभयसत्वात् नातिव्याप्तिः । एवं **तादात्म्येन गोमान् घटत्वादि**त्यत्रापि तादात्म्येन गवाभावस्य प्रतियोगिता यादृशप्रतियोगितापदेन गृह्यते । तदवच्छेदकगोत्वावच्छिन्नगो-अनधिकरणमेव घटः, तथा च तादृशप्रतियोगितापदेन गोभेदस्य गोनिष्ठा प्रतियोगिता ग्रहीतुं शक्यते, तस्याञ्च तादात्म्यावच्छिन्नत्व-गोत्वावच्छिन्न-त्वोभयसत्वात् नातिव्याप्तिः । अत्र दीधित्यां **तदपि वा नोपादेय**मित्यत्र तत्पदस्य **'अभावपदम्'** इति अर्थः कर्तव्यः । **''अपि''** इति अस्य ''एव'' इत्यर्थः कर्तव्यः । तथा च लक्षणे अभावपदमेव नोपादेयम् । यदि अभावपदमपि नोपादेयमिति यथाश्रुतार्थो गृह्येत, तदा तु **''अन्यद् किंचित् पदं तु नोपादेयमेव, अभावपदमपि नोपादेयमिति''** विवक्षा भवेत् । अत्र तु अन्यानि सर्वपदानि गृहीतानि एव । ततः तादृशोऽर्थो न घटेत । अतोऽपिपदस्य एवकारार्थो धर्तव्यः । अत्र यः अभावपदनिषेधः क्रियते । स तु दीधित्यां ग्रन्थारंभे एव प्रतिपादितस्य लक्षणस्यान्तर्गताभावपदनिषेधो ज्ञातव्यः । तल्लक्षणस्यार्थस्तु इह यावत् विस्तरतो निरुपित एव ।

**ચન્દ્રશેખરીયા :** અથવા તો અભાવપદ મુકવાની જરૂર જ નથી. કેમકે યાદશપ્રતિયોગિતાવચ્છેદક-અવચ્છિન્ન-અનધિકરણ હેત્વધિકરણ મળે. તાદશપ્રતિયોગિતામાં તાદશોભયાભાવ જ લઈ લેવાથી લક્ષણસમન્વય થઈ જાય એટલે અભાવપદ લેવાની જરૂર જ નથી. તાદાત્મ્યથી ગવાભાવની પ્રતિયોગિતા એ

યાદશપ્રતિયોગિતાપદથી લેવાની. તદવચ્છિન્નગોનું અનધિકરણ એવું હેત્વધિકરણ ઘટ છે અને તાદશપ્રતિયોગિતામાં તાદાત્મ્યાવચ્છિન્નત્વ+ગોત્વાવચ્છિન્નત્વોભય છે માટે અતિવ્યાપ્તિ ન આવે. આમ સર્વત્ર સમજી લેવું. અહીં, જે **'અભાવપદ'**નો નિષેધ કરે છે, તે આ ગ્રન્થની શરૂઆતમાં જ ચિન્તામણિ ગ્રન્થનું જે લક્ષણ આપેલ છે, તેમાં રહેલ **'અભાવ'** પદ સમજવું. અથવા તો ત્યાં જ દીધિતિમાં જે લક્ષણ આપેલ છે તેમાં રહેલ 'અભાવ'પદ સમજવું. એ આખા લક્ષણનો અહીં સુધી વિસ્તારથી અર્થ કહી જ ગયા છીએ.

---

**जागदीशी** - **ननु घटाभावप्रतियोगित्वमभावस्वरूपं ? घटस्वरूपं वा ?**

**आद्ये, –'घटोऽभावप्रतियोगी'त्यस्य 'घटोऽभाववा'नित्यर्थः स्यात्,**

**द्वितीये, –'घटवान्' इत्याकारः स्यात् । एवमधिकरणत्वमपि न संयोगरूपं बदरस्यापि कुण्डाधारत्वप्रसङ्गादत आह, –विषयेति ।**

---

**चन्द्रशेखरीया :** ननु घटाभावप्रतियोगिता घटनिष्ठा किं घटरूपा उताभावरूपा । यदि अभावरू पा मन्येत, तदा 'घटः प्रतियोगितावान्' इत्यस्य 'घटोऽभाववान्' इति वक्तव्यं स्यात् । तच्चानुभवविरुद्धम् । यदि सा प्रतियोगिता घटरूपा मन्येत, तदा तु 'घटो घटवान्' इति वक्तव्यं स्यात् । तदपि नोचितम् । तस्मात् प्रतियोगिता किंस्वरूपा वक्तव्या इति वद समाधानम् । एवं 'कुण्डे बदरः' इत्यत्र कुण्डे या बदराधिकरणता वर्तते । सा यदि संयोगसम्बन्धरूपा एव इष्यते । तदा तु यथा कुण्डे बदरसंयोगसत्वात् कुण्डो बदराधिकरणतावान् प्रतिपाद्यते तथैव बदरेऽपि कुण्डसंयोगसत्वात् **'बदरो कुण्डाधिकरणतावान्'** इत्यपि वक्तव्यं स्यात् । तदपि न समुचितम् इति चेत् दीधितिकारः समादधाति-दीधितकारः यथा विषयिता-विषयितात्वादयः पदार्थाः सप्तपदार्थभिन्ना स्वतंत्रा एव इष्यन्ते । तथैव प्रतियोगिताऽधिकरणता प्रतियोगितात्वाधिकरणतात्वादयः पदार्था अपि स्वतन्त्रा एव मन्तव्याः, न तु संयोगादिरूपाः । तथा च न पूर्वोक्तदोषापत्तिः इत्येकदेशिनः प्रतिपादयन्ति । **ચન્દ્રશેખરીયા : પ્રશ્ન :** ઘટાભાવની પ્રતિયોગિતા એ અભાવસ્વરૂપ છે કે ઘટસ્વરૂપ છે ? જો અભાવસ્વરૂપ માનો તો 'ઘટઃ પ્રતિયોગિતાવાન્= ઘટો અભાવવાન્ એવો અર્થ માનવાની આપત્તિ આવે. જો પ્રતિયોગિતા ઘટરૂપ માનો તો ઘટઃ પ્રતિયોગિતાવાન્= ઘટઃ ઘટવાન્ એમ માનવાની આપત્તિ આવે.

એમ કુંડમાં બદરની અધિકરણતા છે એ અધિકરણતા એ જો તે બેના સંયોગરૂપ માનો. તો એ સંયોગ તો બે ય માં રહેલો હોવાથી કુંડઃ બદરસંયોગવાન્=બદરાધિકરણતાવાન્' એની જેમ 'બદરઃ કુંડસંયોગવાન્=કુંડાધિકરણતાવાન્' એમ માનવાની આપત્તિ આવે અર્થાત્ કુંડે બદરઃ એની જેમ બદરે કુંડઃ એવી પ્રતીતિ થવાની આપત્તિ આવે.

ઉત્તર : જેમ વિષયતા +વિષયિતાત્વ (દીધિતિના તત્ત્વ પદનો અર્થ) એ તદ્દન સ્વતંત્રપદાર્થો માન્યા છે તેમ પ્રતિયોગિતા, અધિકરણતા, પ્રતિયોગિતાત્વ, અધિકરણતાત્વ, સંબંધત્વ વગેરે બધા પદાર્થો તદ્દન સ્વતંત્ર છે. સંયોગાદિ રૂપ નથી. એટલે ઉપરના પ્રશ્નોનો કોઈ અવકાશ જ નથી. દીધિતિમાં વિષયિતા, તત્વાદિ.... એ આદિપદથી પ્રકારિતા વગેરે લેવા.

**जागदीशी**- अतिरिक्तविषयतापक्षस्य नैयायिकेनापि केनचित्स्वीकारात्तस्य दृष्टान्तता । तत्त्वादीति । -विषयतात्वादीत्यर्थः । आदिना प्रकारित्वादेः परिग्रहः ।

---

**चन्द्रशेखरीया :** अत्र केचित् नैयायिकाः विषयतादिपदार्थान् सप्तपदार्थभिन्नत्वेन स्वीकुर्वन्ति । अतः अत्र विषयतादिपदार्थाः दृष्टान्तत्वेन गृहीताः । दीधित्यां यत् विषयता-तत्वादि....इति पदमस्ति, तत्र तत्वं=विषयतात्वं । आदिपदेन प्रकारित्वादीनां सङ्ग्रहः कर्तव्यः । एवं **प्रतियोगित्वाधिकरणत्व-तत्वसम्बन्धत्वादयो** इत्यत्र तत्वं= 'प्रतियोगितात्वाधिकरणतात्वादि' इत्यर्थः कर्तव्यः ।

**ચન્દ્રશેખરીયા :** આ વિષયિતા વગેરે પદાર્થો કેટલાંક નૈયાયિકોએ પણ સ્વતંત્ર પદાર્થ તરીકે સ્વીકારેલા હોવાથી દીધિતિકારે તેમને દૃષ્ટાન્ત તરીકે લીધા છે.

---

**जागदीशी** - **केचित्तु - "तत्त्वं तत्ता, आदिना चेदन्त्वस्योपग्रहः, तत्त्वेदन्त्वयोः पदार्थान्तरत्वं विना दुर्वचत्वात्तत्रैव पर्य्यवसानादित्याहुः ) ।**

**तत्त्वेति । -प्रतियोगितात्वाधिकरणतात्वेत्यर्थः ॥२२॥**

**॥ इति ॥**

**श्री जगदीशतर्कालङ्कारविरचितायामनुमानखण्डदीधिति-व्याख्यानभूतायां जागदीश्याख्यया प्रसिद्धायां विवृतौ सिद्धान्तलक्षणम् ।**

---

**चन्द्रशेखरीया :** केचित् तु इत्थं कथयन्ति 'विषयतातत्वादिवत्' इत्यत्र तत्वं नाम तत्ता एव । आदिपदेन इदन्त्वं ग्रहीतव्यम् । तथा च इदन्त्वतत्तयोः पदार्थान्तरत्वं अवश्यमेवाभ्युपगन्तव्यम् । अन्यथा इदन्त्वादीनां प्रकारान्तरेण निर्वचनं कर्तुं न शक्यं भवति । अतः विषयतात्वेदन्त्वादीनां यथा सप्तपदार्थभिन्नत्वं अवश्यं अभ्युपेयते । एवं प्रतियोगित्वादीनामपि पदार्थान्तरत्वं मन्तव्यम् । तथा च न पूर्वोक्तदोषावकाशः । अत्र यद्यपि केषाञ्चित् मतं सम्यक् । तथापि इदन्त्वस्य पदार्थान्तरत्वं विनैव कथंचित् निर्वचनस्य कर्तुं शक्यत्वात् आदिपदेनेदन्त्वग्रहणं कृत्वा तस्य भिन्नपदार्थत्वाङ्गीकारो न समुचितो भाति । अतः **"आहुः"** इत्यनेन अस्वरसो जगदीशेन व्यक्तीकृतः । समाप्तोऽयं सिद्धान्तलक्षणाभिधानो ग्रन्थः । अत्र व्याप्यवृत्तिसाध्यकस्थले प्रतियोगिव्यधिकरणपदाघटितमेव लक्षणं । तच्च **हेतुमन्निष्ठाभावस्य साध्यतावच्छेदकसम्बन्धभिन्नसम्बन्धावच्छिन्नत्व-साध्यतावच्छेदकव्यापकतोभयोभाववती या प्रतियोगिता, तदनवच्छेदकं यत् साध्यतावच्छेदकं, तदवच्छिन्नं यत् साध्यं, तत्सामानाधिकरण्यं हेतुनिष्ठा व्याप्तिः"** इत्याकारं दृष्टव्यम् । अव्याप्यवृत्तिसाध्यकस्थले तु **"यादृशप्रतियोगितावच्छेदकावच्छिन्नानधिकरणं हेत्वधिकरणं, तादृशप्रतियोगितायां**

**साध्यतावच्छेदकयत्सम्बन्धावच्छिन्नत्वसाध्यतावच्छेदक यद्धर्मावच्छिन्न-त्वोभयाभावः, तत्सम्बन्धेन तद्धर्मावच्छिन्नसाध्यसामानाधिकरण्यं हेतुनिष्ठा व्याप्तिः''** इति लक्षणं दृष्टव्यम् । अत्र तत्तत्स्थलानुसारेण यथायोगं परिष्कारोऽपि स्वयमेव विभावनीयः ।

इति सिद्धान्तमहोदधि-सच्चारित्रचूडामणि-सुविहितश्रमणगच्छाधिपतिपूज्यपाद-प्रेमसूरीश्वरविनेय-पंन्यासश्रीमच्चन्द्रशेखरविजयाभिधानसुविहितमुनिनामानुसारिणी चन्द्रशेखरीया टीका समाप्ता ।

**चन्द्रशेखरीया :** અહીં, કેટલાકો વિષયતા-તત્ત્વાદિ....માં તત્ત્વ=તત્તા અને આદિપદથી ઈદન્ત્વને લે છે તેઓ કહે છે કે તત્ સર્વનામને અનુસારે જે તત્ત્વધર્મ છે. અને ઈદન્ત્વધર્મ છે. એ તદ્દન સ્વતંત્રપદાર્થ માનવા જ પડે. તે વિના તેમનું નિર્વચન=વ્યાખ્યા કરવી શક્ય નથી અને તેથી તે અતિરિક્તપદાર્થ તરીકે જ સિદ્ધ થાય છે. અને તેની જેમ પ્રતિયોગિતા વગેરે પણ જુદા પદાર્થ માનવા.

એમની વાત આમ ભલે બરાબર હોય, પણ ઈદન્ત્વની વ્યાખ્યા અમુક રીતે શક્ય હોવાથી એને જુદો પદાર્થ માનવાની જરૂર નથી. અને તેથી 'આદિ' પદથી ઈદન્ત્વને લેવાની વાત બરાબર નથી. આ જ કારણસર જગદીશ **આહુઃ** પદથી અસ્વરસ સુચવે છે.

આમ અહીં સિદ્ધાન્ત લક્ષણ ગ્રન્થ પુરો થાય છે. વ્યાપ્યવૃત્તિસાધ્યક સ્થલીય લક્ષણ પ્રતિયોગીવ્યધિકરણ પદ વિનાનું છે. અને તે (i) હેતુમન્નિષ્ઠાભાવની સાધ્યતાવચ્છેદકસંબંધાવચ્છિન્નત્વ+સાધ્યતાવચ્છેદક-વ્યાપકતોભયાભાવવાળી પ્રતિયોગિતાનો અનવચ્છેદક એવો જે સાધ્યતાવચ્છેદક, તદવચ્છિન્ન સાધ્યનું સામાનાધિકરણ્ય એ હેતુનિષ્ઠ વ્યાપ્તિ રૂપ છે.

અને અવ્યાપ્યવૃત્તિસાધ્યક સ્થલે

(ii) યાદશપ્રતિયોગતાવચ્છેદકાવચ્છિન્નાનધિકરણ-હેત્વધિકરણ હોય. તાદશપ્રતિયોગિતામાં સાધ્યતાવચ્છેદકયત્સંબંધાવચ્છિન્નત્વ-સાધ્યતાવચ્છેદકયત્ધર્માવચ્છિન્નત્વોભયાભાવ હોય. તત્સંબંધથી તદ્ધર્માવચ્છિન્ન સાધ્ય એ હેતુવ્યાપક ગણાય અને તે સાધ્યનું સાધ્યતાવચ્છેદકસંબંધથી જે અધિકરણ હોય, તેમાં વૃત્તિત્વ એ હેતુમાં રહેલ વ્યાપ્તિ ગણાય.

આમ આ બે લક્ષણો બને છે. આમાં પણ તે તે સ્થાને જરૂર પ્રમાણે ફેરફારો કરી શકાય છે.

અહીં સિદ્ધાન્તમહોદધિ આચાર્યશ્રી પ્રેમસૂરીશ્વરજીના વિનેય શિષ્ય પંન્યાસ શ્રી ચન્દ્રશેખરવિજયજીના નામને અનુસારે ચન્દ્રશેખરીયા નામનું ગુજરાતી વિવેચન પૂર્ણ થયું.

●

**ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના**

**સોપાન સર કરવાના લક્ષને વરેલા**

# તપોવનમાં ભણતા બાળકો

**અતિથિઓને નમોનમઃ કરે છે.**

...રોજ નવકારશી કરે છે.

...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.

... રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

...રોજ ગુરુવંદન કરે છે.

...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.

...રોજ નવા સ્તવનના રાગ શીખે છે.

...કોમ્પ્યુટર શીખે છે ...કરાટે શીખે છે...

...સ્કેટીંગ શીખે છે ...યોગાસન શીખે છે...

...સંગીતકળા શીખે છે... નૃત્યકળા શીખે છે...

...લલીતકળા શીખે છે ...ચિત્રકળા શીખે છે...

...વક્તૃત્વકળા શીખે છે ...અભિનયકળા શીખે છે...

...અંગ્રેજીમાં **Speech** આપતાં પણ શીખે છે...

**માતાપિતાના સેવક બને છે.**

**પ્રભુના ભક્ત બને છે.**

**ગરીબોના બેલી બને છે.**

**પ્રાણીઓના મિત્ર બને છે.**

**શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.**

યોગી અને ભોગી સૌને ખૂબ ઉપયોગી

**પૂ. પાદ પં. પ્રવરશ્રી ચન્દ્રશેખર વિજયજી**

**મ. સાહેબ**ના પુસ્તકો

ઘરઘરમાં વસાવો શુભ પ્રસંગે ભેટ આપો

- આપશ્રી પ્રખર વક્તા બનવા માંગો છો ?
- આપશ્રી યશસ્વી વ્યાખ્યાનકાર બનવા માંગો છો ?
- આપશ્રી સફળ શિબિરકાર બનવા માગો છો ?
- આપના ઘરમાં સાસુ-વહુના ઝઘડા ચાલે છે ?
- આપના દીકરા આપનું કહ્યું માને છે ખરા ?
- આપનાં ઘરમાં સ્વર્ગ ઉતારવું છે ખરું ?
- આપ તત્ત્વજ્ઞાનનાં રસિક છો ખરા ?
- આપશ્રી રાજકારણની આંટીઘુંટી જાણવા માંગો છો ખરા ?
- ભારતનું ભાવિ આપ જાણવા માંગો છો ?
- સંસારની અસારતા આપે જાણવી છે ?
- સંસાર છોડવાની આપને ઈચ્છા છે ?
- આપને સાચા સાધુ બનવું છે ?

તો, જરૂરથી આજે જ પૂજ્યશ્રીના પુસ્તકો આપનાં ઘરમાં વસાવી લો.